View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Vaghela, Virbhadrasinh J., 2011, “"શ્રી જોરાવરસિંહ જાદવ : એક અધ્યયન"”, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/854

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં
પીએચ. ડી. (Ph.D.) ની પદવી માટે પ્રસ્તુત

મહાશોધ નિબંધ

દદદ

<u>શીર્ષક</u>

# "શ્રી જોરાવરસિંહ જાદવ : એક અધ્યયન"

દદદ


<u>પ્રસ્તુત કર્તા</u>

**વાઘેલા વિરભદ્રસિંહ જે.**

એમ.એ. બી.એડ્.

દદદ

<u>માર્ગદર્શક</u>

**શ્રી ડૉ. અંબાદાન રોહડિયા**

પ્રોફેસર

ગુજરાતી ભાષા – સાહિત્ય ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

**રાજકોટ – ૩૬૦ ००૫**

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે વાઘેલા વિરભદ્રસિંહે મારા માર્ગદર્શન હેઠળ અને મારાં સલાહ સૂચન પ્રમાણે "શ્રી જોરાવરસિંહ જાદવ : એક અધ્યયન" નામનો મહાશોધ નિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે તૈયાર કર્યો છે. મહાશોધ નિબંધમાં તેને આ વિષય પર સ્વતંત્ર અધ્યયન – સંશોધન કરી તેમાં મૌલિક નિરૂપણ કર્યું છે.

વિશેષમાં આ મહાશોધ નિબંધ કે તેનો કોઈ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

**તારીખ :**

**સ્થળ : રાજકોટ**

**ડૉ. અંબાદાન રોહડિયા**

પ્રોફેસર

ગુજરાતી ભાષા – સાહિત્ય ભવન,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ – ૩૬૦ ००૫

# ઋણ સ્વીકાર

અનુસ્નાતક થયા પછી માનનીય ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ અને ડૉ. દક્ષાબા ગોહિલે મારી લોકસાહિત્ય પરત્વેની રસ –રુચિ જાણી, સંશોધન માટે ડૉ. અંબાદાન રોહડિયા સાહેબને મળવા સુચન કરેલું. ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ અને ડૉ. દક્ષાબા ગોહિલ જેવા વડીલ જનોએ રોહડિયા સાહેબ સાથે પ્રથમ પરિચય કરાવેલો. એટલે પ્રથમ આભાર હું એ બે વ્યક્તિઓનો માનવા ચાહું છું. જેમણે માર્ગદર્શક સુધી પહોંચવા માટે માર્ગદર્શન કર્યું. માનનીય ડૉ. અંબાદાન રોહડિયા સાહેબના માર્ગદર્શનને માટે ઋણ શબ્દ કરતા કૃપા શબ્દ વાપરવો મને વધુ ઉચિત જણાય છે. કેમકે ઋણ ફેડવા માટે પ્રયત્ન થઈ શકે છે, કૃપાને ફેડી શકાતી નથી. તેમના પ્રેમ પૂર્વકના માર્ગદર્શનને શિષ્ય ભાવે સદા સ્મરણમાં રાખીશ.

મારા આ સંશોધનમાં અંગત રસ લઈને મને હરહંમેશ મદદરૂપ થયા છે એવા શ્રી જોરાવરસિંહ જાદવ, ડૉ. બળવંત જાની અને  ડૉ. હસુ યાજ્ઞિકનો હું આભાર માનું તેટલો ઓછો છે.

આ ઉપરાંત કુટુંબના દરેક સભ્યનો સહયોગ એ કાર્યની પ્રથમ જરૂરિયાત હતી. દરેક કુટુંબીજને મને આ કાર્ય માટે સતત પ્રોત્સાહન આપ્યું છે. દાજીરાજશ્રી સ્વ. કનુભા, દાદીશ્રી મયાબા, પિતાશ્રી જીતુભા અને માતાશ્રી હુલાસબાના આશિષ વગર આ કાર્ય પૂર્ણ ન થઈ શક્યું હોત. સુલોચનાબા, હરપાલ અને હરદીપસિંહના હસતા ચહેરાથી મારા કાર્યને ઊર્જા મળતી રહી છે. આ ઉપરાંત પ્રહલાદસિંહ જાડેજા, ડૉ. ચૌધરી સાહેબ, તે બધાનો ઓશિંગણ છું.

જેમના નામોનો સમાવેશ આ યાદીમાં નથી કરી શક્યો તેવા, મારા કાર્યમાં ઉપયોગી થનારા તમામ સ્નેહીજનો – સ્વજનોનો દિલગીરી સહ આભાર માનું છું.

**વિરભદ્રસિંહ જે. વાઘેલા**

# <u>અનુક્રમણિકા</u>


| ક્રમ | પ્રકરણ | પાના નંબર |
|---|---|---|
| ૧ | જોરાવરસિંહ જાદવનું જીવન અને કવન | ૧ થી ૪૨ |
| ૨ | લોકસાહિત્ય, લોકવિદ્યા અને લોકસંસ્કૃતિની વિભાવના | ૪૩ થી ૧૩૨ |
| ૩ | જોરાવરસિંહ જાદવનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન | ૧૩૩ થી ૨૪૧ |
| ૪ | જોરાવરસિંહ જાદવનું લોકવિદ્યા ક્ષેત્રે પ્રદાન | ૨૪૨ થી ૨૮૭ |
| ૫ | જોરાવરસિંહ જાદવનું લોકસંસ્કૃતિ ક્ષેત્રે પ્રદાન | ૨૮૮ થી ૩૯૪ |
| ૬ | તારણો અને ઉપસંહાર | ૩૯૫ થી ૪૦૮ |

# <u>પ્રકરણ – ૧</u>

# જોરાવરસિંહ જાદવનું જીવન અને કવન

# <u>અનુક્રમણિકા</u>


| ક્રમ | વિગત |
|---|---|
| ૧. ૧ | જન્મ અને કૌટુંબિક માહિતી |
| ૧. ૨ | સ્નેહ અને સંસ્કારનું ઝરણું – માતા- પિતા |
| ૧. ૩ | બાળપણ અને બાળમિત્રો |
| ૧. ૪ | શિક્ષણ અને શિક્ષકો |
| ૧. ૫ | લગ્ન અને સંસારજીવન |
| ૧. ૬ | સાહિત્યિક પ્રતિભાને ઘડનારા પરિબળો |
| ૧. ૭ | વ્યવસાય અને સાહિત્ય સર્જનની શરુઆત |
| ૧. ૮ | જોરાવરસિંહની સર્જનયાત્રા |
| ૧. ૯ | મળેલા પારિતોષિકો, ઍવોર્ડ્સ અને માનસન્માન |
| ૧. ૧૦ | જોરાવરસિંહના પુસ્તકો વિવિધ અભ્યાસક્રમોમાં |
| ૧. ૧૧ | વિવિધ સંસ્થાઓ સાથે સંલગ્ન |
| ૧. ૧૨ | મનોભાવો અને સ્વપ્નઘર |
| ૧. ૧૩ | પ્રિય મિત્ર – ખોડીદાસ પરમાર |
| ૧. ૧૪ | નિર્વ્યાજ મૈત્રી – મોહનભાઈ પાંચાણી |
| ૧. ૧૫ | અન્ય મિત્રો અને સાહિત્યિક મિત્રો |
| ૧. ૧૬ | ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક : જોરાવરસિંહ |

## પ્રકરણ – ૧ જોરાવરસિંહ જાદવનું જીવન અને કવન

### ૧. ૧ જન્મ અને કૌટુંબિક માહિતી

ગુજરાત અને સૌરાષ્ટ્રના સિમાડા સામસામા જયાં આંકડા ભીડીને ઉભા છે એવી ભાલપ્રદેશની ભાતીગળ ભોમકા માથે વસેલું રૂડું – રૂપાળું આકરું ગામ (તા. ધંધુકા, જિ. અમદાવાદ)જોરાવરસિંહ જાદવનું જન્મ સ્થળ. "જોરાવરસિંહનો જન્મ પાંચમાં પૂછાતા મોભાવાળા રાજપૂત ખાનદાન ખેડૂત શ્રી દાનુભાઈ હાલુભાઈ જાદવના ખોરડે ૧૦ જાન્યુઆરી ૧૯૪૦ ના રોજ મધરાતે થયો હતો. પિતાનું નામ દાનુભાઈ અને માતાનું નામ પામબા. બે દીકરીઓનું બાળમરણ થયા પછી અરણેજ બુટભવાની માતાની બાધા રાખ્યા પછી પામબાને પેટે જોરાવરસિંહનો જન્મ થયો. તે સમયે ઘણા લાંબા સમયે અથવા બે - ત્રણ સંતાનોના મૃત્યુ બાદ કોઈ સંતાન જન્મે તો તેને ભીખલો(ભીખારી) કરતાં એટલે કે, તે સંતાન પાંચ વર્ષનું થાય ત્યાં સુધી ઘરના કપડા કે જોડા પહેરાવતા નહીં. આવી બાધા રાખતા. સગા – વહાલા કે પાડોશી તેને કપડા કે જોડા લઈ આપે તે પહેરાવતા. તેનું અન્ય નામ ન પાડતા ભીખલો નામથી બોલાવતા. બાળક ચાર પાંચ વર્ષનું થાય ત્યારે જ નામકરણ કરતાં હતાં. બે દીકરીઓના મૃત્યુ પછી ઘણા લાંબા સમયે જોરાવરસિંહનો જન્મ થયેલો, તેથી તેમને પણ ભીખલો કર્યા હતા. ચાંદીના મંકોડાની માળા પહેરાવતા, પણ ઘરનું કશું જ પહેરાવતા નહીં. તેમનું નામકરણ પણ મોડેથી થયું. સામાન્યપણે ફોઈબા બાળકનું નામ પાડતા હોય છે. પરંતુ જોરાવરસિંહનું નામકરણ ચાર વર્ષની ઉંમરે વઢવાણથી આવેલા બારોટે કર્યું."[1]

દાનુભાઈના પ્રથમ લગ્ન અંદાજે ૧૯૧૯ માં લીંબડી તાલુકાના મોજીદડ ગામના અમરસંગ પરમારના દીકરી પામબા સાથે થયા હતા. પામબા થકી દાનુભાઈને ત્રણ સંતાનો થયા. એમાં સૌથી મોટા ધનુબા પછી જોરાવરસિંહ

અને સૌથી નાના બળવંતસિંહ. પામબાના અવસાન બાદ ૧ વર્ષ પછી ઈ.સ. ૧૯૫૧ માં દાનુભાઈએ વડોદ ગામના સોલંકી ભાણજીભાઈના દીકરી ગંગાબા સાથે લગ્ન કર્યા. ગંગાબા થકી દાનુભાઈને ત્રણ સંતાનો થયા. જેમાં સૌથી મોટા અજીતસિંહ પછી માધવસિંહ અને સૌથી નાના વિમળાબા. આમ જોરાવરસિંહ છ ભાઈ બહેનોમાં બીજા નંબરના

## ૧. ૨ સ્નેહ અને સંસ્કારનું ઝરણું : માતા- પિતા

### ★ પિતા :– દાનુભાઈ જાદવ

દાનુભાઈનો જન્મ ૧૯૦૫ માં આકરું ગામે થયો હતો. તેઓ ૩ ગુજરાતી પાસ હતા. તેમને લખતા, વાંચતા અને સહી કરતા આવડતું હતું. પિતાનો પરિચય આપતા જોરાવરસિંહે તેમને ક્રોધમૂર્તિ ગણાવ્યા છે. અત્યંત ક્રોધી સ્વભાવ, ગમે તેને મોઢા-મોઢ સાચું કહી દેવામાં કશો શરમ સંકોચ ન કરે. દાનુભાઈની શાખ પહેલેથી જ સારી. એમનો રોટલો ઘણો મોટો અને આબરૂ તો એનાથી પણ મોટી. એમનું કુટુંબ આબરૂદાર ગણાતું. એ પોતે રોડ કોન્ટ્રેક્ટર હતા, ઉપરાંત ઘરની પાંચ છ સાંતીની ખેતીવાડી પણ હતી. તેથી પોતે આ બન્ને વ્યવસાયમાં જોડાયેલા હતા.

પિતાની એવી ઈચ્છા હતી કે જોરાવરસિંહ ભણીગણીને આઈ.એ.એસ. ઓફિસર બને અથવા તો પછી રાજકારણમાં ઝંપલાવે, પણ જોરાવરસિંહને લોકસાહિત્ય, લોકકલા, લોકવિદ્યા અને લોકકલાકારોમાં વિશેષ રુચિ હતી. આ બાબતને લઈને બાપ દીકરા વચ્ચે ઘણીવાર નાનીમોટી ચકમક ઝરતી અને ચડભડ થતી. જોરાવરસિંહનું કામ જાણ્યા પછી દાનુભાઈનો પૂર્વગ્રહ ઓગળી ગયો. એ કહેતા પણ ખરા કે, “પહેલાં જોરુ મારા દીકરા તરીકે

ઓળખાતો પણ હવે હું જોરુના પિતા તરીકે જાણીતો થઈ ગયો છું. અને એ વાતનો મને ગર્વ છે."[૨]

ભાલપ્રદેશમાં દાનુભાઈ જેવા અચ્છા નિશાનબાજ એકેય નહોતા. એ હંમેશા એક જ ધડાકે નિશાન વીંધી નાખતા. બીજો ધડાકો એમણે ક્યારેય કરવો પડતો નહોતો. લીંબડી સ્ટેટે તો એમની નિશાનબાજીની નિપુણતા જોઈને ૧૨ બોરનો જોટો એટલે કે બે નાળીવાળી બંદૂક ભેટમાં આપેલી... અને આ નિશાન વીંધવાની આવડતને લીધે જ ગામના લોકો પણ લગ્નપ્રસંગોમાં અત્યંત માનથી એમને જાનમાં લઈ જતા. એ વખતે લગ્નપ્રસંગે જમણવાર પહેલાં જાનૈયાઓએ નિશાન વીંધવાનો રિવાજ હતો. એ સમયે રજપૂત કોમના લગ્નના રીતરિવાજો અને નિશાનબાજીની અનોખી પદ્ધતિ હતી. ગામના પાદરમાં એક ઊંચા ઝાડ પર બે વાંસ બાંધવામાં આવે. એ વાંસની ટોચ પર ધાતુના તારથી તીરકામઠાં બંધાય. ધનુષ્યની પણછની સાથે લોખંડનો તાર જોડીને એમાં કાણું પાડેલી સોપારી બાંધે. હવાને કારણે તીરકામઠું સોપારી સાથે હલતું રહે, અને એ સોપારી નિશાન તાકીને પાડવાની. જાનમાં આવેલો નિશાનબાજ ઝૂલતી સોપારી વીંધી નાખે પછી જ જાનને જમાડવાની એવો રિવાજ હતો.

નિશાનબાજ સોપારીનું નિશાન લેતો હોય ત્યારે બૂંગિયા ઢોલ વગાડીને એને પાનો ચડાવવામાં આવતો. નિશાનબાજ સોપારી વીંધી ન શકે તો સામા પક્ષવાળા એની ઠઠ્ઠામશ્કરી કરતા. પરંતુ જાનમાં દાનુભાઈ હોય એટલે આવી નોબત આવે જ નહીં. તે ઘોડા પર સવાર થઈને અથવા તો થડ નીચે ઊભા રહીને ચકોર નજરે સોપારી ક્યાં અટકે છે તે જોઈ લે. પછી નિશાન તાકીને બંદૂકનો એક જ ભડાકો કરે એટલે કાં તો કામઠું પડી જાય, સોપારી ઊડી જાય અથવા તો પછી વાંસ તૂટી જાય... પણ નિશાન વીંધાય ખરું.

"દાનુભાઈ નિશાનબાજીના જેટલા જાણકાર હતા તેટલા જ જાણકાર ઘોડાના પણ હતા. એ ઘોડાની ૫૫ જાતો, ૩૬ પ્રકારો, ઘોડાની

વંશાવલિ, શુભઅશુભ ચિહ્નો તથા એના કૂળ વિશે સચોટ માર્ગદર્શન અને માહિતી આપી શકતા. તે ઘોડાના એવા અસવાર હતા કે લોકો શરતો લગાવતા. એ શેરીના નાકેથી ઘોડાને છુટ્ટો મૂકી દે, અને ઘોડો બીજે છેડે પહોંચે તે પહેલાં, અધવચ્ચે એ છલાંગ મારીને ઘોડા પર ચડી જતા. પછી ઘોડા પર ઊભા રહીને ઘોડો દોડાવતા."[3]

કહેવત છેને કે મોરના ઈંડાને ચીતરવા ન પડે... દાનુભાઈ અચ્છા નિશાનબાજ અને સારા અસવાર હતા એટલે જોરાવરસિંહને સ્વાભાવિક જ એનો વારસો મળ્યો. આકરું ગામમાં દાનુભાઈએ ઘણી પહેલ કરેલી. ગામમાં સાઈકલ, પેટ્રોમેક્સ અને રેડિયો પહેલવહેલી વાર તે જ લાવેલા. ઉપરાંત ગામ બહાર સંતાનોને ભણવા મોકલવામાં પણ દાનુભાઈએ પહેલ કરીને જોરાવરસિંહને ધોળકા ભણવા મોકલેલા.

આમ પિતા પાસેથી જોરાવરસિંહને અનેક મંત્ર અને સંસ્કાર મળ્યા છે, તથા પોતે સારા અસવાર અને અચ્છા નિશાનબાજ પણ છે. દાનુભાઈનું અવસાન ૧૯૯૪ માં થયું.

### ★ સ્નેહનું ઝરણું, માતા :– પામબા અને ગંગાબા

દાનુભાઈની પ્રતિષ્ઠા વધારવામાં એમની બન્ને પત્નીઓએ સાથસહકાર આપ્યો. પહેલાં પામબાએ અને એમના મૃત્યુ પછી ગંગાબાએ. જોરાવરસિંહ ૧૦ વર્ષના હતા ત્યારે તેમને જન્મ આપનાર માતા પામબાને ઈ.સ. ૧૯૫૦ માં ડિલિવરી માટે ભાવનગર તખ્તસિંહજી હોસ્પિટલમાં દાખલ કર્યાં. ત્યાં થોડી સારવાર બાદ તેમનું અવસાન થયું. તે સમયે જોરાવરસિંહની ઉંમર નાની હોવાથી પામબા વિશે કોઈ ખાસ સ્મૃતિ નથી.

પામબાના અવસાન પછી બીજા વર્ષે એટલે કે ઈ. સ. ૧૯૫૧ માં દાનુભાઈએ ગંગાબા સાથે લગ્ન કર્યા. ગંગાબા પોતે અભણ છે, પણ તેમની પાસે કોઠાસૂઝ ગજબની છે. ગંગાબા પરણીને આવ્યા એ જ વર્ષે જોરાવરસિંહને ધોળકા ભણવા મૂક્યા. તે જયારે રજાઓમાં ઘરે આવતા તે સમયે રાત્રે જમીને ફળિયામાં ખાટલા નાખીને સૂતા હોય ત્યારે ગંગાબા કંઠસ્થ લોકકથાઓ, વિક્રમ વેતાળની વાર્તાઓ અને સ્થાનિક વીર વીરાંગનાઓની વાર્તાઓ કહેતા. અહીંથી જ તેમનામાં લોકકથાના સંસ્કારનું પ્રથમ બીજ રોપાયું. ત્રણ વર્ષ જોરાવરસિંહ ધોળકામાં સૂરસિંહજી રાજપૂત છાત્રાલયમાં રહીને ભણતા ત્યારે ગંગાબા તેમના માટે નાસ્તો મોકલતા. નાસ્તામાં સુખડી, ઢેબરા, ખોખાપાક, બરફીચૂરમું, પેંડા વગેરે બનાવીને મોકલતા.

ગંગાબાનો સ્વભાવ માયાળું અને પ્રેમાળ છે. તે ખૂબ જ લાગણીશીલ પણ છે. તેમના ઉછેરમાં ક્યાંય અપરમા જેવું દેખાતું જ નથી. તેમને ત્રણ નહી પણ છ સંતાનો છે એમ માની દરેક સંતાન પ્રત્યે સમભાવ રાખી ઉછેર કર્યો છે. ગંગાબા આજે પણ હયાત છે. જેમ કૃષ્ણ ભગવાનને બે માતાનો પ્રેમ મળ્યો હતો, તેમ જોરાવરસિંહને પણ બે માતાનો પ્રેમ મળ્યો છે. આમ માતા-પિતા તરફથી જોરાવરસિંહને ખૂબ જ લાડકોડ, સારા સંસ્કાર અને પ્રેમ મળ્યો છે.

“જોરાવરસિંહ ૮ અને ૯ ધોરણ ધોળકામાં ભણતા ત્યારે ગાંધીવાદી જયંતિભાઈ શાહ અને દેવીબહેન શાહના ઘરે રહેતા. આ બંનેએ જોરાવરસિંહના જીવનનું ઘડતર કર્યું. તેથી જોરાવરસિંહ આ બંનેને પોતાના પાલક માતા- પિતા ગણે છે. જયંતિભાઈ અને દેવીબહેન અમદાવાદ ગાંધીઆશ્રમમાં રહેતા. દેવીબહેન ધોળકા રામજી મંદિરના મહંત ગોવિંદદાસના એક માત્ર સંતાન હતા. ગોવિંદદાસ રબારીના ગુરુ હતાં અને તે સમયમાં જયંતિભાઈ વણિક હોવા છતાં આંતરજ્ઞાતિય લગ્ન દેવીબહેન સાથે કરેલા હતાં. ગાંધીવાદી વિચારથી રંગાયેલા એટલે તેઓનું જીવન ખૂબ જ સાદગી ભરેલું અને

સ્વાશ્રયવાળું હતું. જયંતિભાઈના સસરા ધોળકામાં રામજી મંદિરની ગાદી સંભાળતા. તેમના અવસાન પછી વારસો મળતા ધોળકા રહેવા આવેલા. આ બે વર્ષ દરમિયાન જોરાવરસિંહને સ્વાશ્રયના પાઠો તેમની પાસેથી શીખવા મળ્યા. જયંતિભાઈનો ભત્રીજો હસમુખ શાહ પણ જોરાવરસિંહ સાથે રહીને ભણતો હતો."[૪]

ગાંધીવાદી માણસો ઘરમાં નોકર ન રાખે. જોરાવરસિંહ જયાં રહેતા ત્યાં પાણીની સમસ્યા હતી. થોડે દૂર પાણીનો ટાંકો હતો ત્યાંથી પાણી લાવવું પડે. દિવસે પાણી ભરવા જવાની શરમ આવે, તેથી રાત્રે બે વાગ્યે દેવીબહેન, જોરાવરસિંહ અને હસમુખ શાહ ડોલે ડોલે પાણી લાવી કપડા ધોવાની પાણીની ટાંકી ભરતા. રાત્રે ૨ થી ૪ નો આ નિત્યક્રમ. તેઓ ત્યાં રહીને જાતે કપડા ધોતા, કચરો કાઢતા, ગાયો દોહતા, ફાનસમાં કેરોસીન પુરતા શીખી ગયા તથા રાત્રે રસોઈમાં મદદ પણ કરતા. જયંતિભાઈ પ્રગતિશિલ વિચારસરણીવાળા હતા. તે જોરાવરસિંહને કહેતા કે, "તું સારો જર્નાલીસ્ટ, પત્રકાર કે છાપાનો તંત્રી થા તો મને સંતોષ થાય." ત્યારે જોરાવરસિંહ પોતે લખેલા નાના નાના લેખો બતાવે. લેખ સારો હોય તો જયંતિભાઈ પ્રોત્સાહન પણ આપતા. અહીં જોરાવરસિંહે લેખનકાર્યના શ્રીગણેશ કર્યા હતા.

આમ જોરાવરસિંહના જીવનના ઘડતરમાં પિતા, બંને માતા સિવાય જયંતિભાઈ અને દેવીબહેનનો સિંહ ફાળો રહ્યો છે.

## ૧. ૩ બાળપણ અને બાળમિત્રો

જોરાવરસિંહે પોતાનું બાળપણ આકરું ગામમાં પસાર કરેલું. ઘરે ખેતીવાડી સારી અને તેમનું ઘર પાંચમાં પુછાતું તેથી તેમનું બાળપણ ખૂબ જ જાહોજલાલીમાં પસાર થયું છે. તેઓ બાળપણમાં ખૂબ જ તોફાની હતા.

તેમના પરાક્રમોમાં જોઈએ તો, તે ગફોલમાં જઈને ગલુડિયાં રમાડતા, વગડામાં ચણીબોર કે ઓળાપોંક ખાવા નાસી જતા, ઘોડાને પાટીઓ લેવરાવતા, ખીજડે ચડીને ખોખા ખાતા, લીમડે ચડીને ઓળકામટી દાવ રમતા. આ ઉપરાંત પિતાની બંદૂક લઈને ઉડતા કાગડા પાડતા, છત્રી ઉઘાડીને ગામની ભેંસો ભડકાવતા, રાતું લૂગડું બતાવી ગામના ખૂંટડાને ઉશ્કેરતા, વડના વાંદરા હેઠા પાડતા કે આકરું ગામના ગોંદરે આવેલાં ઝાડવાની ડાળે ઝૂલા લઈને તળાવનાં લહેરાતા નીરમાં ઘૂબાકા દેતા. આવા તો કેટકેટલા પરાક્રમો તેમણે બાળપણમાં કરેલા. આખા ગામમાંથી જોરાવરસિંહ જ એવા વ્યક્તિ હતા કે જેમને સૌથી પહેલા બહારગામ ભણવા જવાનો મોકો મળેલો.

કૉલેજ કાળમાં જોરાવરસિંહે ગુજરાતી ફિલ્મોમાં કામ કરવાનું મનોહર સ્વપ્ન સેવ્યું. તેમના પિતાને જાણ થઈ એટલે સ્પષ્ટપણે કહ્યું : ‘સિનેમામાં જઈને તારે શું આપણી સાત પેઢીનું અને બાપનું નામ બોળાવું છે? ખબરદાર ! જો, દીકરા ઈ રવાડે ચડ્યો છું ને તો આપણા હોકા-પાણી બંધ થઈ જશે.’ તે દિવસથી જોરાવરસિંહે નાટક- ફિલ્મનું સોણલું હૈયાના અગોચર ખૂણે દબાવી દીધું.

અભ્યાસ પૂરો કર્યા સિવાય લોકસાહિત્યના રવાડે ચડવાની પિતાજીની કડક મનાઈ હતી, એટલે લોકસાહિત્યની પ્રવૃત્તિ કરવા માટે જોરાવરસિંહે ઉનાળાની રજાઓનો ઉપયોગ કરવા માંડ્યો. ચકોર પિતાજીને એ વાતનો ખ્યાલ આવી ગયો. પિતાને પાંચ છ સાંતીની ખેડ અને મોભો મોટો, એટલે સાંતીએ કે ખેતરે ભાત દેવા જવામાં ક્યારેક - ક્યારેક માણસો ઘટતા, ત્યારે પિતાજી એમને ગામમાં શોધવા નીકળતા. એ સમયે જોરાવરસિંહ મઢે બેસીને ડાકલા ઉપર ગવાતી માતાની આણ્યું સાંભળતા હોય, કુટુંબની સ્ત્રીઓના ટોળા વચ્ચે બેસીને ગાણાંફટાણાં લખતા હોય, મીર-ઢાઢી પાસે રાવણહથ્થા પર બહારવટિયાના રાસડા સાંભળતા હોય, સમુ સુચાણી પાસે બેસીને ‘ડોશીશાસ્ત્ર’ની વાતડિયું સાંભળતા હોય, કાંગસિયા કે ગાડલિયાના

દંગામાં બેસી એની સંસ્કૃતિને સમજતા હોય કે પછી વાદી-મદારીના ખેલ જોતા હોય. બાળપણના મસ્ત જીવનની આ બધી વાતો જોરાવરસિંહે 'આપણા કસબીઓ'માં લખી છે. ન ભૂલાય એવો એક સરસ રમૂજી પ્રસંગ તેમના બાળપણનો છે, જે જોરાવરસિંહે કહેલો.

ઘાંચીની ઘાણી જેવા, અભ્યાસના એકધારા કામમાંથી કંઈક નવું વાતાવરણ મળે એ માટે દસેક દિવસની રજાઓ મૂકીને બંદા વતન આકરું ઉપડયા. બીજે દિવસે વહેલી સવારના પ્રાગવડના દોરા ફૂટ્યા ત્યાં ખાટલો ખંખોળતા મારા બાપા આવ્યા ને મને જગાડીને મીઠા સાદે બોલ્યા : 'જોરુ, બેટા! ખારવીના માર્ગે સોનીવાડામાં આપણાં સાંતી ગયા છે. આંટો દેતો આવ્ય ને જોતો આવ્ય કે સાંતી હાંકવાનું ચેટલુંક બાકી છે ?' મને મનમાં થયું કે આ બાપાને શું કહેવું ? અતારમાં ચા નહીં, નાસ્તો નહીંને જા સીધો ખેતર. આમને તો બસ હુકમો મારતા જ આવડે છે. તોય મારાથી ન રહેવાયું મેં ફટ દઈને એમનું વેણ વાઢતા ઉત્તર દીધો : 'હમણા શિરાવા ટાંણે તો સાંતી ઘરે આવતા રહેશે ત્યારે નહીં ખબર પડે કે કેટલું હાંકવાનું બાકી છે ? નાહકનો ત્રણ ગાઉ લાંબો કરીને મારા ટાંટિયાનું તોરણ શું લેવા કરો છો ?'

પહેલી જ વખત મોઢામાં લીમડાનું દાતણ આવી ગ્યું હોય ને જેવું મોં થઈ જાય એવું જ કટાણું મોં કરીને મારા બાપાએ ટાઢી (કટાક્ષ) વાણી ઉચ્ચારી : 'અમે આટલા વરહ સીમશેઢે લાંબા થિયા ત્યારે તમે ભણવા ભેગા થયા છો સમજ્યા કરમી પુતર ! તારે રળી ખાવાને બદલે હાથમાં રામૈયું ઝાલીને ભીખ માગવી હોય તો લાંબો નો થઈશ.'

મને થયું અત્યારના ટાઢા પહોરે સૂવાનું મૂકીને ડોહાએ આંય ક્યાં ભેખડે ભરાવ્યો ? નક્કી આજ ટાંટિયાનું તોરણ થઈ જવાનું એમ બબડતો બબડતો કોઈની કાણ્યે(ખરખરે) જવા નીકળ્યો હોય તેમ સોગિયું મોં કરીને ખેતર જવા નીકળ્યો. ત્યાં ચોરાની રાંગમાં ડુગ ડુગ ડુગાક, ડુગ ડુગ ડુગાક કરતું મદારીનું ડુગડુગિયું સાંભળ્યું. ઢુંકડા જઈને જોયું તો પિલાજ

મદારી એક હાથમાં ડુગડુગિયું ને બીજા હાથમાં લાકડીનો કટકો લઈ માંકડાના ગળે બાંધેલી દોરી ઝાલીને ઠમ્મક ઠમ્મક નચાવતો હતો. 'આ તારું માકડું કેટલા વરસનું હશે ?' એમ કહેતા મેં માંકડાના ગળે બાંધેલી દોરી ઝાલીને આંચકો માર્યો, એવું જ માંકડું કૂદીને સડપ દેતું મારા ખભા પર આવીને બેસી ગયું ને મારા માથામાં ટોલા છે કે નહીં એની બે હાથે તપાસ કરવા માંડ્યું. ત્યાં તો મારા બાપા હાથમાં ગેડિયો લઈને ઢોરા પાવા નીકળ્યા. મને ખભે માંકડું લઈને મદારી પાસે ઉભેલો જોતાની સાથે જ કોસું રમકાવ્યું :

'તને દીકરા, ખેતીબેતી નંઈ ફાવે. ભણવાનું છોડીને માંકડા રમાડવાનો બીઝનેસ શરુ કર. બે ચાર માંકડા લાવી દઉં. અમથો તો તું અહૂરહવાર લૂંગી તો પહેરે જ છે. લૂંગી લગાવીને ગામોગામ ખેલ કરવાના શરુ કર. આનીપા ભાલપંથકમાં આપણાં સગાવાલાનાં ગામેય ઘણાં છે લોકો તને આ બધા મદારી કરતા વધુ લોટ આલશે. આની ખબર્ય તારા હાહરાનેય કહેવરાવી દઉં.'

'પણ હું ખેતરે જ જઉં છું. હવે આંય બજાર માથે તો ગરજવાનું બંધ કરો.'

'હવે ગરજવાવાળા! બેસ છાનોમાનો. તું મને શિખામણ દેવાવાળો કોણ ? દીકરા મારાને ખેતર જવા મોકલ્યો તાંણે આંયા મદારી ભેગો આવીને માંકડાં રમાડવા બેહી ગયો! નફ્ફટ, તને ભણાવીને પંદર હજાર રૂપિયાનું પાણી કર્યું ઈના કરતા તો સીમ-શેઢે એકાદ તળાવડી ગળાવી હોત તોય મૂંગા ઢોર પાણી પીને આશીર્વાદ આલેત અને મારું નામ અમર થઈ જાત!'

અમારા બાપ દીકરાના મહાભારતનો અધ્યાય લાંબો ચાલે ઈ પહેલા જ મેં ખભેથી માંકડાનો ભડીમ દઈને ઘા કર્યો. ચતુર માકડું લોંકી ખાતુંકને મારા બાપાએ પહેરેલી મસમોટી પાઘડી પર જઈને ટેસથી બેસી ગયું. આ દ્રશ્ય જોઈને હુંય હસી પડયો. બાપા બડુંગા વડે તાંડવ આરંભે તે પહેલા જ

ઊભી બજારે પાણીના રેલાની જેમ બંદાએ ખેંતાળી મૂક્યા. મોર્ય બંદા ને પાછળ બાપા. પછી તો ગામના લોકોને અને છોકરાઓને મદારીના ખેલ કરતા અમારા બાપ દીકરાનો ખેલ જોવાની વધુ મજા પડી ગઈ.

બાળમિત્રોમાં જોઈએ તો લગભગ એમના પિતરાઈ ભાઈઓ કલ્યાણસિંહ જાદવ, દિપસિંહ જાદવ, મેરુભાઈ જાદવ વગેરે તેમના બાળમિત્રો હતા.

## ૧. ૪ શિક્ષણ અને શિક્ષકો

જોરાવરસિંહે ૧ થી ૪ ધોરણનું શિક્ષણ એમના જ ગામ આકરુંમાં પ્રાપ્ત કર્યું. તે સમયે એમને ભણાવનાર શિક્ષકોમાં કરશનદાસ પટેલ, જીલુભાઈ પટગીર, મોહનલાલ મહેતા વગેરે હતા.

મોહનલાલ મહેતા જોરાવરસિંહના મામાના ગામ મોજીદડ પાસેના છલાળા ગામના હતા. તેથી જોરાવરસિંહ તેમને મામા કહેતા. મહેતા સાહેબના પત્ની અંધ હતા. મહેતા સાહેબ જોરાવરસિંહના કામમાં ખૂબ જ રસ લેતા. ભાણેજ તરીકે અભ્યાસમાં અંગત રીતે રસ લઈને ભણાવતા હતા. જોરાવરસિંહ તેમના ઘરે ટ્યુશનમાં જતા હતા. તે પોતે ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિવાળા માણસ હતા, તેથી લેશન આપી પૂજા કરવા બેસી જતા. પૂજા કર્યા બાદ તે ચા પીવે પછી ખીંટીએ ટીંગાડેલ શીશીમાંથી શેકેલા સુવાદાણાનો મુખવાસ ખાય અને વિદ્યાર્થીઓને પણ આપે. ક્યારેક તે પૂજા કરવામાં મશગુલ હોય ત્યારે જોરાવરસિંહ છાનામાના શીશીમાંથી મુખવાસ કાઢીને ખાતા.

એકવાર શાળા પાસે કોઈએ ખટારો ઉભો રાખેલો. તે સમયે ગામમાં ખટારો આવે એ ખૂબ જ નવાઈની વાત લાગતી. ખટારો ચાલતા જોરાવરસિંહ તેની પાછળ ટીંગાઈ ગયા. થોડે દૂર જઈ નીચે કૂદી પડયા. આમ

કરતા મહેતા સાહેબ તેમને જોઈ ગયેલા, ત્યારે ખીજાઈને કહેલું કે ટાયરમાં આવી ગયો હોત તો ? એમ કહીને બે સોટી મારેલી તે હજુ પણ તેમને યાદ છે.

એક વખત શાળામાં વર્ગખંડની બારીમાંથી જોરાવરસિંહને કંઈક કરડયું. તેમણે બૂમાબૂમ કરી તેથી બધા શિક્ષકો ભેગા થઈ ગયા. મહેતા સાહેબે જોયું કે વીંછી કરડયો છે એટલે તરત જ તેમને વીંછીને મારી નાંખી જોરાવરસિંહને ગામના ભરવાડ પાસે વીંછી ઉતરાવવા લઈ ગયેલા. આમ ૧ થી ૪ ધોરણ દરમિયાન મોહનલાલ મહેતા સાહેબ જોરાવરસિંહના પ્રિય અને આદર્શ શિક્ષક રહ્યા હતા.

જોરાવરસિંહે પ થી ૯ ધોરણનું શિક્ષણ ધોળકામાં શેઠ હસનઅલી હાઈસ્કૂલમાં પ્રાપ્ત કર્યું. પ થી ૭ ધોરણ સુધી ધોળકામાં સૂરસિંહજી રાજપૂત છાત્રાલયમાં રહ્યા. ૮ થી ૯ ધોરણ સુધી જયંતિભાઈ અને દેવીબહેનના ઘરે રહીને ભણ્યા હતા. એ સમયે તેમને ભણાવનાર શિક્ષકોમાં દિનાનાથ મહેતા, ખત્રી સાહેબ, ઠક્કર સાહેબ, વિનુબહેન પટેલ, ધોળકિયા સાહેબ, મોહનલાલ મહેતા વગેરે હતા.

દિનાનાથ મહેતાને જોરાવરસિંહ પ્રત્યે ખૂબ જ પ્રેમ અને લાગણી હતી. જોરાવરસિંહ તેમના ઘરે ટ્યુશનમાં જતા હતા. તેઓ અંગત રીતે અભ્યાસમાં રસ લઈને જોરાવરસિંહને ભણાવતા. એકવાર પરીક્ષામાં જોરાવરસિંહ બાજુમાં બેઠેલા વિદ્યાર્થીમાંથી જોતા હતા ત્યારે દિનાનાથ સાહેબ જોઈ ગયેલા. ગુસ્સે થઈને તેમણે જોરાવરસિંહને એક થપ્પડ મારેલી અને ઠપકો આપ્યો કે ચોરી કરીને પાસ થવું એ સારું ન કહેવાય.

જોરાવરસિંહે ધોરણ ૧૦ અને ૧૧ નું શિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાંથી મેળવ્યું. જયંતિભાઈ શાહના કહેવાથી દાનુભાઈએ જોરાવરસિંહને ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા માટે મોકલ્યા. ત્યાં એમને ભણાવનાર શિક્ષકોમાં આચાર્ય તરીકે ચંદ્રકાન્ત ઉપાધ્યાય, રમેશ ભટ્ટ, ચીમનભાઈ પટેલ(સ્વ. માજી

મુખ્યમંત્રી, ગુજરાત), અંગ્રેજી વિષયમાં કનુભાઈ પટેલ, હિન્દી વિષયમાં અંબાશંકર નાગર વગેરે હતા.

જોરાવરસિંહને ગણિત અને સંસ્કૃત એમ બે વિષયમાંથી એક વિષય રાખવાનો હતો. તેમને ગણિત આવડતું નહોતું, તેથી સંસ્કૃત વિષય રાખેલો. સંસ્કૃતમાં ચાર વિદ્યાર્થિનીઓ અને જોરાવરસિંહ એમ કુલ પાંચ વિદ્યાર્થીઓ હતા. ચંદ્રકાન્તભાઈ સંસ્કૃત ભણાવતા. તેઓ પ્રશ્ન પૂછે અને ન આવડે તો જોરાવરસિંહને વિદ્યાર્થિનીઓ વચ્ચે બેસાડી દેતા. ગુજરાતી વિષય પણ ચંદ્રકાન્તભાઈ જ ભણાવતા. ગુજરાતીમાં જોરાવરસિંહને જોડણીનું કોઈ ખાસ જ્ઞાન નહોતું. એકવાર ઉપાધ્યાય સાહેબે ૧૦ માર્કસનો નિબંધ લખવા આપેલો. જોરાવરસિંહે ઉત્સાહથી નિબંધ લખ્યો. સાહેબે નિબંધ તપાસ્યો ત્યારે તેમાં તેમને −૨ માર્કસ આવેલા. આ બે વર્ષમાં જોરાવરસિંહ અઢી માર્કસે પહોંચેલા. આમ તેમને જોડણીનું જ્ઞાન આપવામાં ચંદ્રકાન્ત સાહેબનો સિંહ ફાળો હતો. એસ. એસ. સી. માં તેઓ ૫૫% માર્કસ સાથે પાસ થયેલા.

જોરાવરસિંહ ધોરણ ૧૧ પછી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણવા માટે દાખલ થયા. બી. એ.માં જોરાવરસિંહે ગુજરાતી- સંસ્કૃત વિષય રાખ્યો હતો. ત્યાંના શિક્ષકોમાં આચાર્ય તરીકે ડિસોઝા સાહેબ, અર્થશાસ્ત્ર વિષયમાં ચીમનભાઈ પટેલ, ગુજરાતી વિષયમાં શિવલાલ જેસલપુરા અને ચીમનભાઈ ત્રિવેદી, મનોવિજ્ઞાન વિષયમાં રજનીકાન્ત પટેલ, સંસ્કૃત વિષયમાં ડૉ. ગૌતમ પટેલ, અંગ્રેજી વિષયમાં પારસી વકીલ સાહેબ વગેરે હતા.

ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ જોરાવરસિંહને ગુજરાતી વિષયમાં જોડણીના નિયમો શીખવેલા. એ નિયમો શીખ્યા પછી જોરાવરસિંહના લખાણમાં જોડણી વિશે સભાનતા આવી હતી. બી.એ. માં જોરાવરસિંહ ૫૫% માર્કસ સાથે પાસ થયેલા.

જોરાવરસિંહે ભો.જે. વિદ્યાભવનમાંથી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ વિષય લઈને એમ. એ. કર્યું. ત્યાં તેમને ભણાવનાર શિક્ષકોમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, રસિકલાલ પરીખ, ડૉ. પ્રિયબાળા શાહ, બામણિયા સાહેબ, ડૉ. સોલોમનબહેન વગેરે હતા.

બી. એ. માં ગુજરાતી વિષય હતો અને એમ. એ. માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ વિષય પસંદ કરવાનું મુખ્ય કારણ રસપ્રદ છે. જોરાવરસિંહ બી. એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે આકરું ગામ પાસે ખાડવીનો ટીંબો છે, ત્યાં હડપ્પન સંસ્કૃતિનું દટાયેલું સેન્ટર છે. તેની તપાસ માટે એચ. કે. કૉલેજના ડૉ. પ્રિયબાળાબહેન શાહ તેના સંશોધન માટે આકરું ગામે જોરાવરસિંહના ઘરે ઉતરેલા. દાનુભાઈએ તેમનો અભિપ્રાય માંગ્યો કે, જોરાવરસિંહ અમદાવાદમાં કૉલેજના છેલ્લા વર્ષમાં ભણે છે તો તેને આગળ શું ભણાવવું. ડૉ. પ્રિયબાળાબહેને કહ્યું કે, તેમને કહેજો કે મને કૉલેજમાં આવી મળી જાય. પછી જોરાવરસિંહ મળવા ગયા ત્યારે તેમણે કહ્યું કે પુરાતત્ત્વ ખાતામાં અત્યારે નોકરીની તકો વધુ છે. ગુજરાતીમાં આગળ ભણશો તો કૉલેજમાં કે ગમે ત્યાં જઈ સ્થિર રહી નોકરી કરશો, પણ પુરાતત્ત્વ ખાતામાં તમને એક ગાડી મળે અને પુરાતત્ત્વ ખાતાના જ્યાં સંશોધનો થતા હોય ત્યાં ફરવા જવાનું મળે. જોરાવરસિંહને વિવિધ જગ્યાએ ફરવાનું, કંઈક નવીન સંશોધન કરવાનું આવી પ્રવૃત્તિ ખૂબ જ ગમતી. તેથી આ વાત સાંભળી જોરાવરસિંહે એમ. એ. માં આ વિષય પસંદ કર્યો અને ૫૫% માર્ક્સ સાથે પાસ થયા.

જોરાવરસિંહે એમ.એ. ની સાથે સાથે સર એલ.એ. શાહ કૉલેજમાંથી ફર્સ્ટ એલ. એલ. બી. કર્યું. ત્યાંના શિક્ષકોમાં આચાર્ય તરીકે પંડિત સાહેબ, મગનભાઈ બારોટ, જાણીતા એડવોકેટ દરુ સાહેબ વગેરે હતા.

## ૧.૫ લગ્ન અને સંસારજીવન

માતા-પિતાની ઈચ્છાનુસાર જોરાવરસિંહના પ્રથમ લગ્ન મે, ૧૯૬૩ માં દાંતા તાલુકાના ભવાનગઢ ગામના વદનસિંહ ચાવડાના દીકરી સજ્જનબા સાથે થયા હતા. સજ્જનબા સાતમી ફાઈનલ પાસ હતા. આ લગ્ન વખતે લીંબડી સ્ટેટના રાજકવિ શંકરદાન ગઢવીએ શુભેચ્છા પાઠવવા એક દુહો લખીને મોકલ્યો હતો. સજ્જનબા થકી જોરાવરસિંહને બે સંતાનો થયા. જેમાં મોટા ચિત્રાદેવી અને નાના રાજશ્રીબા. આ બંને દીકરીઓના લગ્ન તેમના પ્રિય મિત્ર ખોડીદાસ પરમારના બંને દીકરાઓ કિરણસિંહ પરમાર અને અમૂલભાઈ પરમાર સાથે કર્યા છે.

સજ્જનબા સ્વભાવે શાંત, ઠરેલ અને વિનયી હતા. રાજસ્થાનની બોર્ડર પાસેના ગામના હોવાથી તેમના રીત રિવાજોમાં, તેમની બોલીમાં રાજસ્થાનની સંસ્કૃતિ દેખાતી હતી. તે પરોપકારી અને મિલનસાર સ્વભાવના હતા. ૨૮-૫-૧૯૬૮ ના રોજ એક અકસ્માતમાં સજ્જનબાનું અવસાન થયું.

બંને સંતાનોના ઉછેર માટે જોરાવરસિંહે ૬-૩-૧૯૬૯ ના રોજ આકરું ગામના પેથાભાઈ સોલંકીના દીકરી હેમકુંવરબા સાથે બીજા લગ્ન કર્યા. હેમકુંવરબા ૩ ગુજરાતી પાસ છે. તેમના થકી જોરાવરસિંહને ત્રણ સંતાનો થયા. જેમાં સૌથી મોટા સુપ્રિયાદેવી પછી રાજકુમારીબા અને સૌથી નાના નરેન્દ્રસિંહ. સુપ્રિયાદેવીના લગ્ન જસકા ગામના ચાવડા ભરતસિંહ ગોવિંદસિંહ સાથે થયા છે. તેઓ હાલ કેનેડામાં રહે છે. રાજકુમારીબાના લગ્ન કોડીનાર પાસેના કડોદરા ગામના વાળા અશ્વિનસિંહ પ્રતાપસિંહ સાથે થયા છે. તેઓ હાલ રાજકોટમાં રહે છે. સૌથી નાના દીકરા નરેન્દ્રસિંહના લગ્ન બાંટવા ગામના હાલ

આમદાવાદમાં રહેતા જવલીકાબા ભગવાનજી ચાવડા સાથે થયા છે. નરેન્દ્રસિંહને અંશુમાનસિંહ નામના એક દીકરા છે.

હેમકુંવરબાના સ્વભાવની વાત કરીએ તો તે ખૂબ જ પ્રેમાળ અને માયાળું છે. જોરાવરસિંહ તેમની લોકકલાની પ્રવૃત્તિઓ, લેખનકાર્ય અને પુસ્તક લેખન જેવી વિવિધ પ્રવૃત્તિઓ વર્ષોથી ચલાવી રહ્યા છે. પરંતુ "દરેક સફળ પુરુષની પાછળ કોઈ સ્ત્રી પણ સહયોગ આપી રહી હોય છે." એ ઉક્તિ મુજબ તેમની સફળતામાં સહધર્મચારિણી શ્રીમતી હેમકુંવરબા સતત તેમની સાથે જ હોય છે. જોરાવરસિંહનું કાર્યાલય ઘરે જ ચાલે એટલે દરરોજ સાહિત્યકારો, કલાકારો વગેરે ઘણા બધા લોકો મળવા- વાતચીત કરવા આવે જ તે સ્વાભાવિક છે. આ બધા માટે હેમકુંવરબાની ચાની પરબ ચાલુ જ હોય. ચાના ટાઈમે ચા, જમવાના ટાઈમે જમવાનું નોતરું આ બધું તો હોય જ છે. "શિયાળામાં તેમના ઘરે જાઓ એટલે મેથીના લાડું, અડદીયા તો મળે જ. ખૂબ જ કાળજીપૂર્વક, ભાવથી બધાની આગતા- સ્વાગતા જાતે જ કરે, નોકર કે રામો હોય જ નહિ. તે મહેમાનોથી કોઈ દિવસ કંટાળે જ નહિ. તેમનો સરળ-સહજ સ્વભાવ અને સૌજન્યથી સૌ મુલાકાતી અનુગ્રહીત થઈને જાય. હેમકુંવરબા ઘર સાચવી લે એટલે જોરાવરસિંહ નિશ્ચિંત બની કામગીરીમાં મશગુલ રહે. પરિણામે તેમની સિદ્દિઓ અને સફળતામાં હેમકુંવરબાના મૂલ્યવાન પ્રદાનની અવશ્ય નોંધ લેવી પડે."[૫] અર્થશાસ્ત્રીઓ એમ કહે છે કે, મહિલાઓની સેવાઓને રૂપિયામાં મૂલવીએ તો તેની મોટી રકમ ચૂકવવી પડે, પરંતુ મહિલાઓ ઘરમાં જે કામ કરે છે તેનું મૂલ્ય જરાય નીચું આંકી શકાય નહિ. હેમકુંવરબાની મૂલ્યવાન સેવાઓને શબ્દસ્થ કરી તેમને જેટલા ધન્યવાદ પાઠવીએ તેટલા ઓછા છે. આજે પણ વિનમ્રભાવે, સહજ રીતે તેઓ જોરાવરસિંહની પ્રવૃત્તિઓના ખરા સહાયક બની ખડે પગે કામગીરી બજાવી રહ્યાં છે.

સામાન્ય રીતે એવું કહેવાય છે કે, 'મા નવી માનવી બને તો ઘણું.' એટલે કે માં નવી તે ખરેખર માનવી(માનવતાવાળી) હોતી નથી.

ઓરમાન માને પરાયા સંતાન પ્રત્યે કોઈ મમત્વ કે માનવતા હોતી નથી. પરંતુ અહિંયા હેમકુંવરબા એ વાતને ખોટી સાબિત કરતા હોય તેમ સજ્જનબાની બંને દીકરીઓને સગી મા કરતા પણ વધારે હેત-પ્રેમ અને લાડકોડથી ઉછેરી છે. તેમને સગી મા જેવો જ પ્રેમ આપ્યો છે. પોતાના કે પારકા જેવું વર્તન એમના વ્યવહારમાં ક્યારેય જોવા મળ્યું નથી. ચિત્રાદેવીબા અને રાજશ્રીબાને ક્યારેય એવો આભાસ થવા દીધો નથી કે પોતે તેમના ઓરમાન મા છે.

## ૧.૬ સાહિત્યિક પ્રતિભાને ઘડનારાં પરિબળો

જોરાવરસિંહને લોકસાહિત્ય પ્રત્યેનો અનુરાગ વતનની માટીની મ્હેંકમાંથી જન્મ્યો છે. ઉનાળો બેસવા આવે ને ઘઉંના ખળાં પડે ત્યારે તેમના ગામમાં વાદી, મદારી, નટ, બજાણિયા, બહુરૂપી, રાવણહથ્થાવાળા ભરથરી, રામલીલા અને ભવાઈના કલાકારો પેટિયું (રોટલો) રળવા માટે ઉતરી પડતા ને ગ્રામ પ્રજાને મનોરંજન પૂરું પાડતા. નાનપણમાં મનભરીને માણેલા આ કલાકારોની કલાની છબી તેમના બાળમાનસ પર સુરેખ રીતે અંકિત થઈ.

આખા ભાલ પંથકમાં દાનુભાઈની આબરૂ મોટી. રોટલો મોટો એટલે તેમની ડેલી ભાટ, બારોટ, ચારણો, ભરથરીઓ અને અનેક મહેમાનોથી કાયમ હાંકતી રહેતી. સૌરાષ્ટ્ર ઉપરાંત છેક શિરોહી (રાજસ્થાન)થી કવિઓ તેમના આંગણે આવતા. બાળવયે જોરાવરસિંહ એમની પાસે બેસી દુહા, છંદ, વાર્તાઓ સાંભળતા. ભરથરીઓ આવીને રાવણહથ્થા માથે કામઠી રમાડતા રમાડતા રાસડાને ભજનો ગાતાં અને લોકસાહિત્ય, લોકસંગીતની રસલ્હાણ રજૂ કરતા. તેમના જ ગામનો અમરો ઢોલી ઢોલ માથે ત્રીસ ત્રીસ જાતના તાલ વગાડીને જાનૈયાઓને આનંદવિભોર કરી મૂકતો. આવા ભર્યાભાદર્યા

લોકસાંસ્કૃતિક વાતાવરણે તેમના લોકસાહિત્ય, લોકસંગીત અને લોકકલાઓ માટે તેમના અંતરમાં ઊંડી અભિરૂચિ પ્રગટાવી.

જોરાવરસિંહ ધોળકાની શેઠ હસનઅલી હાઈસ્કૂલમાં ભણતા ત્યારે તેમના મિત્ર વિઠ્ઠલ પ્રજાપતિને ચોક્કસ જાતિ વિશે મહાનિબંધ લખવાનો હતો, તે માટે લોકગીતો અને લોકકથાઓ ભેગી કરવાની હતી. આ મૂંઝવણ જોરાવરસિંહને કહી તો તેમણે કહ્યું, 'આ કામ તો સાવ સહેલું છે.' તેમને જુસ્સાથી ૧૦ લગ્નગીતો ભેગા કરવાનો પડકાર ઝીલી લીધો.

આ વાતચીત થયા પછી થોડા જ સમયમાં વેકેશન પડી ગયું. જોરાવરસિંહે ઘરે આવી તેમની બા, ફોઈબા અને કુટુંબની અન્ય સ્ત્રીઓને ભેગી કરીને તેમની પાસેથી લગ્નગીતો, હાલરડાં, રાસડા, ફટાણા વગેરે મળી કુલ દોઢસો ગીતો લખ્યા. ઉત્સાહમાં આવી જઈ લગ્નગીતો તો લખી નાખ્યાં, પણ પછી તે બીજે ભણવા જતા લખેલા ગીતો પોતાની નોટબુકમાં જેમનાં તેમ પડી રહ્યાં. વિઠ્ઠલ પ્રજાપતિએ આપેલો પડકાર જોરાવરસિંહ જીતી ગયેલા, પણ એનાથી બે ઘડી અહમ્ પોષવા સિવાય બીજો કંઈ ફાયદો થયો નહોતો. છતાં તેમના મનમાં દશને બદલે દોઢસો લોકગીતોનો સંગ્રહ કર્યાનો સંતોષ હતો.

સને ૧૯૫૬ માં જોરાવરસિંહ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં દસમા ધોરણમાં દાખલ થયા. વિનયમંદિરના આચાર્ય ચંદ્રકાન્ત ઉપાધ્યાય મેઘાણીના પરમ ચાહક. એ ગુજરાતી વિષય ભણાવતા ભણાવતા મોજપૂર્વક મેઘાણીના ગીતો ગાઈને રજૂ કરતાં. આ સાહિત્ય જોરાવરસિંહને આનંદવિભોર કરી દેતું. એ અરસામાં દુલેરાય કારાણીનું 'ઝારાનું મયદાને જંગ' કાવ્ય ભણતાં, એમાં આવતા લડાઈના વર્ણનથી તેમનાં રૂવાડાં ખડાં થઈ જતાં. ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય એ સમયથી જ ખૂબ સમૃધ્ધ. એમાંથી મેઘાણીના સંગ્રહો 'યુગવંદના' અને 'રઢિયાળી રાત' શોધી કાઢી એના ગીતો જોરાવરસિંહ ગણગણતા.

એ અરસામાં જોરાવરસિંહને સાબરમતી ગાંધી આશ્રમમાં દુલા ભાયા કાગ, મેરુભા ગઢવી અને રતિકુમાર વ્યાસનો કાર્યક્રમ સાંભળવાનો અવસર મળ્યો. કાગબાપુના કંઠે ચારણી સાહિત્યની રમઝટ, રતિકુમારના કામણગારા કંઠે લોકગીત સાંભળી કાગવાણીના ગીતોમાં તેમને રસ પડયો. 'ઝનક ઝનક પાયલ બાજે' ફિલ્મના કલાકાર ગોપીકૃષ્ણ કથ્થક નૃત્યનો કાર્યક્રમ લઈને અમદાવાદ આવ્યા. એ પછી સિતારાદેવી કાર્યક્રમ લઈને અમદાવાદ આવ્યા. એ જોયા પછી લોકનૃત્યમાં જોરાવરસિંહની અભિરુચિ વધી.

એ વખતે સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી તરફથી હરકાન્ત શુક્લ અને જયમલ્લ પરમાર સૌરાષ્ટ્રના રાસગરબા, રાણાગઢના પઢારો અને ચોરવાડની ટીપ્પણી રમનાર બહેનોની મંડળીઓ લઈને પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લેવા માટે દિલ્હી જતા. આવી રંગબેરંગી વેશભૂષાવાળા કલાકારોની દૈનિકપત્રોમાં તસવીરો છપાતી એ જોઈને જોરાવરસિંહને એમ થતું કે એકવાર દિલ્હી આવી મંડળી જોડે કાર્યક્રમમાં જવાનું થાય તો ધન્ય થઈ જવાય. ત્યારબાદ તે લોકસાહિત્ય અને લોકકલા તરફ આકર્ષિત થયેલા.

એ પછી સને ૧૯૫૭ માં જોરાવરસિંહ અભ્યાસઅર્થે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં આવ્યા. અહીં પણ જોગાનુજોગ ઝવેરચંદ મેઘાણીની કૃતિ 'સૌરાષ્ટ્રની રસધાર' ભણવામાં આવી. તળપદી શૈલીની આ વાર્તાઓ તેમના હૃદયને સ્પર્શી ગઈ. એ રસધારમાં વહેતાં વહેતા એમના દિમાગમાં એક સવાલ ઉઠયો, 'મેઘાણીની જેમ હુંય ગામડામાંથી જ આવું છું, જો એ આવી સરસ વાર્તાઓ લખી શકે તો પછી હું પણ પ્રયત્ન કરું તો ?' આ સવાલનો જવાબ મળ્યો ન મળ્યો એવામાં એક પ્રસંગ બની ગયો. એકવાર ડૉ. શિવલાલ જેસલપુરા ગુજરાતીનો પાઠ ભણાવી રહ્યા હતા. એ પાઠમાં એક વાક્ય હતું કે ખેડૂત સાંતી હાંકતો હતો...

'સાંતી એટલે હળ...' ડૉ. જેસલપુરાએ તળપદા શબ્દનો અર્થ સમજાવ્યો.

'ના સાહેબ... સાંતી એટલે તો ખેતરના સાધનો. દા. ત. રપટો, કળિયું, બેલી, વાવણિયો, હળ...' જોરાવરસિંહે સાંતી શબ્દની સાચી સમજણ આપી.

ડૉ. જેસલપુરાએ જોરાવરસિંહની પીઠ થાબડીને શાબાશી આપી. પુરો પરિચય લઈ પછી મળવા આવવાનું કહ્યું. જ્યારે જોરાવરસિંહ મળવા આવ્યા ત્યારે ડૉ. જેસલપુરાએ તેમના રસ વિશે જાણી એક દિવસ જાણીતા સાહિત્યકાર શ્રી પુષ્કર ચંદરવાકર સાથે તેમની ઓળખાણ કરાવી. શ્રી ચંદરવાકરે લોકસાહિત્યમાં તેમનો રસ પારખીને સલાહ આપી કે, "તારે ગામડે ગામડે ફરીને લોકગીતો અને લોકકથાઓનો સંગ્રહ કરવો જોઈએ." ત્યારબાદ જોરાવરસિંહે લોકસાહિત્યના ક્ષેત્રમાં ખેડાણ કરવાનો મક્કમ નિર્ધાર કરી લીધો. આ બધામાંથી પ્રેરણા લઈ જોરાવરસિંહની લોકસાહિત્ય શોધયાત્રાનો શુભારંભ થયો.

### ૧. ૭ વ્યવસાય અને સાહિત્ય સર્જનની શરુઆત

### ★ જોરાવરસિંહે કરેલા વ્યવસાયો

ઈ. સ. ૧૯૬૩ માં એમ. એ. પછી પંચશીલ હાઈસ્કૂલ સરસપુરમાં ગુજરાતી વિષયના શિક્ષક તરીકે જોડાયા. ત્યાંથી છૂટા થઈ ફેબ્રુઆરી ૧૯૬૪ માં સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં જનરલ નોલેજનું પેપર આવતું, તેના અઠવાડિયામાં ત્રણ લેક્ચર લેવા માટે જતા.

જોરાવરસિંહને તેમના ફોટોગ્રાફર મિત્ર રામ રાતડિયાએ કહ્યું કે, 'સહકાર' સાપ્તાહિકમાં પ્રકાશન અધિકારીની એક જગ્યા ખાલી છે તો

તમે અરજી કરો. અરજી કરી અને ઈન્ટરવ્યુંમાં ગયા તો ત્યાં ચાલીસ ઉમેદવારો હતા. ઈન્ટરવ્યું કમિટિમાં નવલભાઈ અને કાંતિલાલ હતા તે બંને દાનુભાઈને ઓળખતા હતા. જોરાવરસિંહે અત્યાર સુધી જેટલા પણ લેખો લખ્યા હતા તે બધા જ લેખો બતાવ્યા. આ રીતે તેમની પસંદગી થઈ. ૨૧-૪-૧૯૬૪ થી ૧૯૯૪ એટલે કે ૩૦ વર્ષ સુધી 'સહકાર' સાપ્તાહિકના પ્રકાશન અધિકારી તરીકે સેવા આપી. ત્યાંથી તેઓ 'ગ્રામસ્વરાજ' માસિક અને 'સહકાર' સાપ્તાહિક પ્રસિધ્ધ કરતા. ૧૯૯૪ માં ચીફ એજયુકેટીવ તરીકે પ્રમોશન મળ્યું.

મે, ૧૯૯૮ માં તેઓ નિવૃત્ત થવાના હતા, પરંતુ કમિટિએ અનુકૂળતા હોય ત્યાં સુધી નોકરી ચાલુ રાખવા કહ્યું. થોડા સમય બાદ નોકરી ન કરવાના વિચારથી ૧૯૯૮ માં જ નિવૃત્તિ લઈ લીધી. ત્યારબાદ પોતાનું સમગ્ર ધ્યાન સાહિત્યની સેવામાં કેન્દ્રિત કર્યું.

## ★ જોરાવરસિંહની સાહિત્ય સર્જનની શરુઆત

જોરાવરસિંહને કૉલેજમાં મેઘાણીની વાર્તાઓ ભણવામાં આવતી. આ વાર્તાઓ તેમના હૃદયને સ્પર્શી ગઈ. એમાંથી તેમની લોકસાહિત્ય શોધયાત્રાનો આરંભ થયો. વિદ્યાર્થી કાળે શરૂ થયેલા તેમના આ કાર્યને ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, પુષ્કર ચંદરવાકર, મનુભાઈ જોધાણી, જયમલ્લ પરમાર, દુલેરાય કારાણી, બચુભાઈ રાવત અને હરકાન્ત શુક્લ જેવા વિદ્વાનોએ રસપૂર્વક આવકાર્યું. એમના પ્રોત્સાહને જોરાવરસિંહને કલમ પકડાવી.

જોરાવરસિંહ કૉલેજમાં વેકેશન પડતાં વતનમાં ગયા. કુટુંબની બહેનો દીકરીઓને દિવસે ફુરસદ ન હોય પણ રાતની વેળાએ ભેગી કરી એમની પાસે લગ્નગીતો, ફટાણાં, રાંદલગીતો, રાસડા વગેરે ગવરાવીને લખવા માંડયા. મહિનામાસમાં દોઢસો બસો ગીતો નોટબુકમાં ઉતારી લીધા. ત્યાં

સુધીમાં તો તેમની ગણતરી ગામ આખામાં 'બૈરાના બારોટ' તરીકે થવા માંડી. ઊડતી ઊડતી વાત તેમના પિતાના કાને પહોંચી. કૉલેજમાં ભણતા રાજપૂતના દીકરાને આવા ખેલ પોષાય નહીં એમ તેઓ માનતા. બાપ દીકરા વચ્ચે આ વાતને લઈને ઘણીવાર ચડભડ થતી, પણ જોરાવરસિંહે પોતાનું આ કામ એકાગ્ર થઈ ચાલુ રાખ્યું.

જોરાવરસિંહ લોકગીતો એકઠા કરતાં ત્યારે તેમના કાકી પાસેથી રામાયણ કથાનું સુંદર લોકગીત મળ્યું. એ લોકગીત તેમને ખૂબ જ ગમી ગયું. જોરાવરસિંહે એ ગીતનું વિવેચન કરીને રામનો વનવાસ, સીતાહરણ તથા રામરાવણના યુદ્ધનું રસદર્શન કરાવતો લેખ તૈયાર કર્યો. લેખ તૈયાર થઈ ગયા પછી એમને અખંડ આનંદ અને નવચેતન જેવાં સામાયિકોને એ લખાણ મોકલી આપ્યું, પણ બન્ને સામાયિકોએ એ લખાણ સાભાર પરત કર્યું. પરંતુ જોરાવરસિંહ હિંમત હાર્યા નહીં. એમણે એ લખાણ 'બુદ્ધિપ્રકાશ'માં મોકલ્યું અને પાસા પોબાર પડ્યા. એમનું એ પહેલવહેલું લખાણ 'બુદ્ધિપ્રકાશ'માં ત્રણથી ચાર હપ્તામાં પ્રગટ થયું.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજના ગુજરાતીના અધ્યાપક ચિમનલાલ ત્રિવેદીએ લેખ વાંચ્યો અને ખુશ થઈ ગયા. એમણે જોરાવરસિંહની પીઠ થાબડીને પ્રશંસા કરી: 'અમે ગુજરાતીનો એક વિષય વર્ષોથી ભણાવીએ છીએ તોય અમારા લેખો બુદ્ધિપ્રકાશ સ્વીકારતું નથી ને તારા લેખો એમાં પ્રગટ થાય છે. એ અમારા માટે અને કૉલેજ માટે ગૌરવની વાત છે.' અધ્યાપકના શબ્દો સાંભળીને જોરાવરસિંહનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધી ગયા. 'બુદ્ધિપ્રકાશ' સામયિકની દીર્ઘ કારકિર્દીમાં તેઓ કદાચ સૌથી નાના લેખક હશે !

એ વખતે શ્રી ઉમાશંકર જોશી ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિના અધ્યક્ષ હતા. એમણે જોરાવરસિંહનું હીર પારખ્યું અને તેમને લખેલા ભાલપ્રદેશના દોઢસો લોકગીતોના સંગ્રહમાંથી કેટલાંક ગીતો તારવીને 'લોકસાહિત્યના માળામણકા : ૨' માં પ્રગટ કર્યાં.

સને ૧૯૫૯ માં મુંબઈમાં "ઓલ ઈન્ડિયા ફોકલોર કોન્ફરન્સ" યોજાઈ. એમાં ગુજરાત રાજ્યમાંથી ત્રણ પ્રતિનિધિઓ પસંદ થયા. સર્વશ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી એલ. ડી. જોશી અને જોરાવરસિંહ જાદવ. એ વખતે જોરાવરસિંહની ઉંમર માત્ર ઓગણીસ વર્ષની જ હશે! "ભાલપ્રદેશની લોકસંસ્કૃતિ" વિશે અંગ્રેજીમાં તલસ્પર્શી નિબંધ રજૂ કરીને એમણે પ્રતિનિધિઓને મંત્ર-મુગ્ધ કરી દીધા. સૌએ એમની પીઠ થાબડી.

એ અરસામાં કલાગુરુ શ્રી રવિશંકર રાવળ અને 'પથિક' ના તંત્રીશ્રી માનસંગજી બારડે પંડે આકાશવાણી પર જઈ જોરાવરસિંહ માટે ભલામણ કરી. ઉત્સાહી પ્રોગ્રામ એક્ઝીક્યુટિવ શ્રી સાગરભાઈ મિસ્ત્રીએ બીજે જ અઠવાડિયે જોરાવરસિંહને રૂબરૂ બોલાવી લોકકથાની માંગણી કરી. એ રીતે આકાશવાણીના 'જન જાગે' કાર્યક્રમમાં એમની પ્રથમ લોકકથા "લીલુડાં માથાનું બલિદાન" પ્રસારિત થઈ. લોકકથાની માંડણી કરવાની છટા તો એમની જ. પછી તો આકાશવાણીને જાણે કે એમની લોકકથાઓનું બંધાણ થઈ ગયું ! આકાશવાણી પરથી દર મહિને તેમની એક પછી એક શૌર્યકથાઓનું પ્રસારણ થયા પછી જોરાવરસિંહે એને પુસ્તકાકારે પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું. વિવેકાનંદ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી મણિશંકર પંડ્યાએ સચિત્ર પુસ્તક પ્રગટ કરવાની જવાબદારી લીધી. પરિણામે ૧૯૬૮ માં જોરાવરસિંહ જાદવનું પ્રથમ પુસ્તક 'મરદ કસુંબલ રંગ ચડે' હરિ ઓમ આશ્રમવાળા સદ્‌ગત પૂજ્ય શ્રી મોટાના શુભ હસ્તે ટાઉનહોલમાં પ્રકાશનવિધિ પામ્યું. પ્રકાશન ક્ષેત્રે આ સંગ્રહે નવી ભાત પાડી. ત્યારથી જોરાવરસિંહની સાહિત્યયાત્રા શરૂ થઈ.

આ પુસ્તકથી પ્રભાવિત થઈને 'સંદેશે' એમને લોકકથાઓ લખવા માટે આમંત્રણ આપ્યું. "ગઈ સદીના આપણા મરજીવાઓ" નામક લોકકથાઓની સમર્થ કટાર દર રવિવારે પ્રગટ થતી. તેમાંથી "મરદાઈ માથા સાટે" ભાગ ૧, ૨ અને ૩ ને અક્ષરદેહ મળી. આ પછી 'ગુજરાત સમાચાર'માં "એવા વીરલા કોક" નામક કોલમ શરૂ કરી. દોઢેક વર્ષ પછી 'જનસત્તા'માં

“સોહામણું સૌરાષ્ટ્ર” નામની કોલમ શરૂ કરી. ફરીથી ‘ગુજરાત સમાચાર’ માં “આપણા કસબીઓ” નામક સમર્થ લેખમાળા શરૂ કરી. બસ ત્યારથી જોરાવરસિંહનું નામ સાહિત્ય જગતમાં ગુંજતું બની ગયું.

જોરાવરસિંહનો ઉછેર ગ્રામજીવનમાં થયો હોવાથી એ લોકજીવનની નાડ પારખી શકે છે. લોકજીવનના અનેક પાસાને જોયાં, જાણ્યાં ને માણ્યાં છે. તેથી જ તે લોકકથાઓમાં તાદૃશ્ય ચિતાર, સજીવ વર્ણનો, મનોવ્યાપાર, અંતરની ઊર્મિનો ધબકાર, કલા-સંસ્કાર અને કારીગરીની નકશીને યોગ્ય રીતે રજૂ કરી શક્યા છે.

એ પછી સંશોધનયાત્રાના પરિપાકરૂપે ‘ગુજરાતની લોકસંસ્કૃતિ લોકકલાઓ’, ‘પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો’, ‘લોકસંસ્કૃતિમાં પશુઓ’, ‘આપણા કસબીઓ’, ‘મનોરંજન કરાવનારી લોકજાતિઓ’, ‘ગુજરાતનો લોકકલા વૈભવ’, ‘ગુજરાતના લોકમેળાઓ’ જેવા ૯૧ ગ્રંથો પ્રગટ થયા. બધા જ સચિત્ર છે.

## ૧. ૮ જોરાવરસિંહની સર્જનયાત્રા

"જોરાવરસિંહે અત્યાર સુધીમાં ૮૬ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે.

| ક્રમ | નામ | પ્રકાર | પ્રકાશન વર્ષ |
| --- | --- | --- | --- |
| ૧. | મરદ કસૂંબલ રંગ ચડે | લોકકથાઓ | ૧૯૬૮-૧૯૭૯ |
| ૨. | મરદાઈ માથા સાટે ૧-૨-૩ | લોકકથાઓ | ૧૯૭૦-૧૯૭૬-૧૯૯૧ |
| ૩. | આપણા કસબીઓ: ૧-૨ | રેખાચિત્રો | ૧૯૭૨-૧૯૮૨-૨૦૦૪ |
| ૪. | સાડા ત્રણ દિ'ની પનોતી | લોકવાર્તા | ૧૯૭૩ |
| ૫. | ડોશીનો દીકરો બાયડી લાવ્યો | લોકવાર્તા | ૧૯૭૩ |
| ૬. | મોટું કોણ ? | લોકવાર્તા | ૧૦૭૪-૧૯૮૮ |
| ૭. | લોકજીવનનાં મોતી | લોકસંસ્કૃતિ | ૧૯૭૫-૨૦૦૯ |
| ૮. | ગુજરાતની લોકસંસ્કૃતિ | લોકસંસ્કૃતિ | ૧૯૭૬-૧૯૮૩ |
| ૯. | કનક ચાવડો | લોકવાર્તા | ૧૯૭૭ |
| ૧૦. | રાણી અનારદે | લોકવાર્તા | ૧૯૭૭ |
| ૧૧. | ઢાંકી માલણ | લોકવાર્તા | ૧૯૭૭ |
| ૧૨. | ભાલપ્રદેશની લોકકથાઓ | લોકવાર્તા | ૧૯૭૯-૧૯૮૯ |

| | | | |
|---|---|---|---|
| | (સહસંપાદક : કાલિદાસ સોલંકી) | | |
| ૧૩. | લોકસંસ્કૃતિમાં પશુઓ | લોકસંસ્કૃતિ | ૧૯૭૯ |
| ૧૪. | પ્રાચીન ભારતમાં પશુપાલન | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૧૫. | પ્રાચીન ભારતમાં પશુયુદ્ધો | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૧૬. | લોકજીવનમાં પૂજનીય : ગાય | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૧૭. | કૃષિ સંસ્કૃતિનો છડીદાર : બળદ | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૧૮. | રણનો બેતાજ બાદશાહ : ઊંટ | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૧૯. | માનવીનો વિશ્વાસુ સાથીદાર : કૂતરો | લોકસંસ્કૃતિ | ૧૯૮૦ |
| ૨૦. | સિંધુ રાગ સોહામણા | રાજપૂતકથાઓ | ૧૯૮૦ |
| ૨૧. | નવા નાકે દિવાળી | હાસ્યકથાઓ | ૧૯૮૧ |
| ૨૨. | પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો | ભારતીય શસ્ત્રો | ૧૯૮૧ |
| ૨૩. | મારી પ્રિય લોકકથાઓ | લોકથાઓ | ૧૯૮૩ |
| ૨૪. | પ્રાચીન ભારતની લોકરમતો | લોકરમતો | ૧૯૮૩ |
| ૨૫. | મનોરંજન કરાવનારી લોકજાતિઓ | લોકમનોરંજન | ૧૯૯૧ |
| ૨૬. | ગુજરાતનો લોકલા વૈભવ | લોકકલા | ૧૯૯૨ |
| ૨૭. | દિવ્ય મંદિર મારા દેવના રે | લોકદેવો | ૧૯૯૨ |
| ૨૮. | કસૂંબલ લોકકથા માળા ૧ થી ૫ | લોકવાર્તા | ૧૯૯૭ |
| ૨૯. | ગુજરાતનું સંસ્કૃતિ દર્શન | લોકસંસ્કૃતિ | ૨૦૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૦. | કૃષિ સંસ્કાર અને સંસ્કૃતિ | સંસ્કૃતિ | ૨૦૦૧ |
| ૩૧. | લોકકલાના વૈતાલિકો | લોકકલાકારો | ૨૦૦૩ |
| ૩૨. | લોકજીવન : કલા અને કસબ | લોકકલા | ૨૦૦૪ |
| ૩૩. | જોરાવરસિંહ જાદવની શ્રેષ્ઠ લોકકથાઓ સંપાદક:ડો. હસુ યાજ્ઞિક | લોકકથાઓ | ૨૦૦૪ |
| ૩૪. | લોકજીવનની કહેવતકથાઓ ભા. ૧-૨ | કહેવતો | ૨૦૦૬-૨૦૦૮ |
| ૩૫. | પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા | વિદ્યા-કલા | ૨૦૦૬ |
| ૩૬. | ગુજરાતની લોકકલા લોકસંસ્કૃતિ | લોકસંસ્કૃતિ | ૧૯૯૨-૧૯૯૬-૨૦૦૨ |
| ૩૭. | ગુજરાતના લોકવાદ્યો | લોકવાદ્યો | ૧૯૯૭ |
| ૩૮. | ગુજરાતના લોકમેળા | મેળા | ૧૯૯૧ |
| ૩૯. | આપણા લોકકલાકારો | લોકકલાકારો | ૧૯૯૧ |
| ૪૦. | ભાલપ્રદેશની લોકકથાઓ | લોકકથા | ૧૯૮૯ |
| ૪૧. | તારો બાપ કાબરાના કાંધાવાળો | લોકકથા | ૧૯૯૦ |
| ૪૨. | મનોરંજક લોકકથામાળા ભાગ ૧ થી ૫ | લોકકથા | ૧૯૯૭ |
| ૪૩. | ખોડીદાસ પરમાર : ચિત્રકાર | પરિચય | ૧૯૯૧ |
| ૪૪. | પ્રાણલાલ પટેલ : તસવીરકાર | પરિચય | ૧૯૯૧ |
| | સંપાદનો | | |

| | | | |
|---|---|---|---|
| ૪૫. | કસૂંબલ રંગના કસબી સર્જક જોરાવરસિંહ કાલિદાસ સોલંકી | | ૧૯૭૯ |
| ૪૬. | લોકકથા વિશેષાંક : અંજલિ માસિક | લોકકથા | ૧૯૭૧ |
| ૪૭. | સજે ધરતી શણગાર | લોકકથા | ૧૯૭૨-૧૯૭૫ — ૧૯૯૧ |
| ૪૮. | પ્રણયકથા વિશેષાંક : સ્ત્રીજીવન માસિક | પ્રણયકથાઓ | ૧૯૭૨ |
| ૪૯. | વર્ષા વિશેષાંક : અભિષેક માસિક | વર્ષાસાહિત્ય | ૧૯૭૨ |
| ૫૦. | કારાણીકુંજ | કચ્છી લોકસાહિત્ય | ૧૯૭૨ |
| ૫૧. | કવિ શ્રી દુલેરાય કારાણી અમૃત મહોત્સવ ગ્રંથ | અભિનંદન ગ્રંથ | ૧૯૭૨ |
| ૫૨. | રતિકુમાર વ્યાસ સન્માન સ્મરણિકા | અભિનંદન ગ્રંથ | ૧૯૭૨ |
| ૫૩. | નાગકથા વિશેષાંક : અંજલિ માસિક ભા.૧-૨ | નાગકથાઓ | ૧૯૭૨ |
| ૫૪. | લોકસાહિત્યની નાગકથાઓ | નાગકથાઓ | ૧૯૭૩-૧૯૮૬ |
| ૫૫. | સોનપૂંછો નાગ | નાગકથાઓ | ૧૯૭૩ |
| ૫૬. | ભેરિયો ગારૂડી | નાગકથાઓ | ૧૯૭૩ |
| ૫૭. | બાર માથા વાળો નાગ | નાગકથાઓ | ૧૯૭૩ |
| ૫૮. | ભાગ્યવાન મૂર્ખ | નાગકથાઓ | ૧૯૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૫૯. | લોકસાહિત્યની ચતુરાઈકથાઓ | ચાતુરીકથાઓ | ૧૯૭૬-૧૯૯૧ |
| ૬૦. | સાજણ આયા હે સખિ ! | પ્રણયકથાઓ | ૧૯૭૪-૧૯૮૬ |
| ૬૧. | ટહૂકે સાજણ સાંભરે | પ્રણયકથાઓ | ૧૯૭૨ |
| ૬૨. | લોકસાહિત્યની અશ્વકથાઓ | અશ્વની લોકકથા | ૧૯૭૪ |
| ૬૩. | રાજપૂત કથાઓ | ઐતિ. કથાઓ | ૧૯૭૯ |
| ૬૪. | રૂપેણ : અનિયતકાલીન માસિક લોકસાહિત્ય શબ્દકોશ વિશેષાંક | શબ્દકોશ માહિતી | ૧૯૭૯ |
| ૬૫. | ગુજરાતની સહકારી પ્રવૃત્તિના ૭૫ વર્ષ | સહકાર | ૧૯૮૦ |
| ૬૬. | ગુજરાતનું લોકજીવન | સચિત્ર ડાયરી | ૧૯૮૨ |
| ૬૭. | પ્રદક્ષિણા : અન્ય સંપાદકો સાથે | અભિનંદન ગ્રંથ | ૧૯૮૩ |
| ૬૮. | લગ્નમાંગલ્ય | લગ્નવિષયક | ૧૯૮૩ |
| ૬૯. | રીડ પડે રજપૂત છૂપે નહીં | ઈતિ. કથાઓ | ૧૯૮૪ |
| ૭૦. | ગુજરાતની લોકકથાઓ | લોકકથાઓ | ૧૯૮૪ |
| ૭૧. | શ્રી રતિકુમાર વ્યાસ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા | જીવન પરિચય | ૧૯૮૪ |
| ૭૨. | શ્રી માધવ ચૌધરી ષષ્ટિપૂર્તિ ગ્રંથ : અન્ય સંપાદકો સાથે | જીવન પરિચય | ૧૯૮૭ |
| ૭૩. | દ. ગો. પટેલ સહકારી તાલીમકેન્દ્ર | સહકાર | ૧૯૮૯ |

| | | | |
|---|---|---|---|
| | ઉદ્‌ઘાટન સ્મૃતિગ્રંથ | | |
| ૭૪. | સંતસુધા ભા.૧ | ભજનસંગ્રહ | ૧૯૮૯ |
| ૭૫. | શ્રી મનસુખ સ્વામી ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ : અન્ય સંપાદકો સાથે | અભિનંદન ગ્રંથ | ૧૯૮૯ |
| ૭૬. | લોકસાહિત્યની પ્રેમકથાઓ | પ્રણયકથાઓ | ૧૯૯૦ |
| ૭૭. | કચ્છી કલાસંસ્કૃતિના વૈતાલિક : રામસિંહજી રાઠોડ | સ્મૃતિગ્રંથ | ૨૦૦૪ |
| ૭૮. | ધરતીના ચિત્રકાર : શ્રી ખોડીદાસ પરમારને સ્મરણાંજલિ (કિરણકુમાર પરમાર સાથે) | સ્મરણાંજલિ | ૨૦૦૫ |
| ૭૯. | ભારતીય લોકકલા મહોત્સવસ્મરણિકા | લોકનૃત્ય | ૨૦૦૮ |
| ૮૦. | લોકસાહિત્યની વિરાસત | લોકસાહિત્ય | ૨૦૦૯ |
| ૮૧. | અંધારાના આગિયા... | લોકકલા સ્મરણિકા | ૨૦૦૯ |
| ૮૨. | ગુજરાતના લોકઉત્સવો | લોકસંસ્કૃતિ | ૨૦૧૦ |
| ૮૩. | ગુજરાતની લોકકલાઓ | લોકસંસ્કૃતિ | ૨૦૧૦ |
| ૮૪. | Folk Culture of Gujarat | લોકસંસ્કૃતિ | ૧૯૮૯ |
| ૮૫. | Folk Culture and Folk art of Gujarat | લોકસંસ્કૃતિ | ૧૯૯૨ |
| ૮૬. | Cultural Artistic Heritage of Gujarat : With Renuka Desai | લોકસંસ્કૃતિ | ૨૦૦૧ |

આ ઉપરાંત આજે પણ એમની સાહિત્યસેવા અવિરતપણે ચાલુ જ છે.[૬]

### ૧. ૯ મળેલા પારિતોષિકો, ઍવોર્ડ્સ અને માનસન્માન

### ★ જોરાવરસિંહના ગ્રંથોને પ્રાપ્ત થયેલા પારિતોષિકો

(૧) લોકજીવનના મોતી : મેઘાણી સુવર્ણચંદ્રક. લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન નગરશ્રી ચૂરુ – રાજસ્થાન.

(૨) ગુજરાતનું લોકજીવન : રાષ્ટ્રપતિ ઍવોર્ડ.

(૩) આપણા કસબીઓ : એન. સી. ઈ. આર. ટી નવી દિલ્હીનું પ્રથમ પારિતોષિક.

(૪) લોકસંસ્કૃતિમાં પશુઓ : ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ ઈનામ.

(૫) મનોરંજન કરાવનારી લોકજાતિઓ: ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક.

(૬) નવા નાકે દિવાળી : ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ ઈનામ.

(૭) ભાલપ્રદેશની લોકકથાઓ : ગુજરાત સાહિત્ય અકાદમીનું દ્વિતીય ઈનામ.

(૮) રાણી અનારદે : ગુજરાત સરકારનું દ્વિતીય ઈનામ.

(૯) નવચેતન માસિકમાં ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન પ્રગટ થયેલ લેખોમાં ‘સૌરાષ્ટ્રનું સંસ્કૃતિ દર્શન’ શ્રેષ્ઠ લેખ માટે નાનુભાઈ સુરતી પારિતોષિક.

★ જોરાવરસિંહને મળેલ ઍવોર્ડ્સ

“(૧) મેઘાણી સુવર્ણચંદ્રક : લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન નગરશ્રી ચુરુ રાજસ્થાન સને ૧૯૭૮.

(૨) ત્રિવેણી ઍવોર્ડ : ત્રિવેણી કલા સંસ્થા : વડોદરા – સને ૧૯૮૪.

(૩) મેઘાણી રજતચંદ્રક : ઉપલેટા નગરપાલિકા: ઉપલેટા – સને ૧૯૮૫.

(૪) સંસ્કાર ઍવોર્ડ : સંસ્કાર પરિવાર : વડોદરા – સને ૧૯૮૬.

(૫) લોકનૃત્ય ઍવોર્ડ : જામનગર નગરપાલિકા- જામનગર સને ૧૯૮૮.

(૬) મધુરજ્યોતિ લોકકલા ઍવોર્ડ : ‘મધુર જ્યોતિ’ વડોદરા સને ૧૯૯૦.

(૭) અભિનવ આર્ટ એકેડેમી ઍવોર્ડ : વડોદરા સને ૧૯૯૫.

(૮) દુલેરાય કારાણી ઍવોર્ડ : દુલેરાય કારાણી જન્મશતાબ્દી સમિતિ : ભૂજ(કચ્છ) એપ્રિલ- ૧૯૯૭.

(૯) ઉજાસ ઍવોર્ડ : ‘ઉજાસ’ માસિક, સુરત સને ૧૯૯૮.

(૧૦) લોકકલા ઍવોર્ડ : ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, કોટા (રાજસ્થાન) સને ૨૦૦૦.

(૧૧) લોકકલા ગૌરવ ઍવોર્ડ : ગુલમહોર કલા સંસ્થા, સુરત સને ૨૦૦૨.

(૧૨) સરદાર ગૌરવ સમાજસેવા ઍવોર્ડ : સરદાર પટેલ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ ઓફ સુરત સને ૨૦૦૩.

(૧૩) ગુજરાત લોકસેવા ઍવોર્ડ : ગુજરાત લોકસેવા ફાઉન્ડેશન, અમદાવાદ સને ૨૦૦૪.

(૧૪) નાનભા ગઢવી સાહિત્ય ઍવોર્ડ : સને ૨૦૦૪.

(૧૫) લોકકલા ઍવોર્ડ : ગુજરાતી સમાજ, મસ્કત (ઓમાન.)

(૧૬) ગૌરવ પુરસ્કાર : કેમેરા કલબ ઓફ રાજકોટ સને ૨૦૦૪.

(૧૭) પૂર્વાઈ પ્રેમશાંતિ ઈન્ટરનેશનલ ઍવોર્ડ : પૂર્વાઈ, પ્રેમશાંતિ હ્યુમન મિશન સને ૨૦૦૫.

(૧૮) મેઘાણી વંદના સારસ્વત ઍવોર્ડ : રઘુરાજસિંહ ઝાલા ચેરિટેબલ ટ્રસ્ટ - ભાવનગર સને ૨૦૦૫.

(૧૯) ગુર્જર રત્ન ઍવોર્ડ : પદ્મા ગાંધી ફાઉન્ડેશન, અમદાવાદ સને ૨૦૦૭.

(૨૦) કલાપથ લોકકલા ઍવોર્ડ : કલાપથ સંસ્થા, ભાવનગર સને ૨૦૦૭.

(૨૧) પ્રાઈડ ઓફ ગુજરાત ઍવોર્ડ : ફિલિંગ્સ ઈન્ટરનેશનલ મેગેઝિન વડોદરા સને ૨૦૦૭.

(૨૨) ઝવેરચંદ મેઘાણી ઍવોર્ડ : હ્યુમન સોસાયટી ઓફ ઈંડિયા સને ૨૦૦૮.

(૨૩) મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર : શ્રીમતી સુશીલા મ્હેસ્કે કલ્ચરલ એકેડેમી, મુંબઈ સને ૨૦૦૯.

(૨૪) એક્ટિવ કલાવૃંદ ઍવોર્ડ : ભાવનગર."[૭]

## ★ જોરાવરસિંહને મળેલાં માનસન્માન

(૧) લોકસંસ્કૃતિ શોધસંસ્થાન નગરશ્રી ચુરુ(રાજસ્થાન) સને ૧૯૭૮.

(૨) ગુજરાત ક્ષત્રિય સભા – અમદાવાદ સને ૧૯૭૮.

(3) કાવ્યગોષ્ઠિ, અમદાવાદ સને ૧૯૭૮.

(૪) ગુજરાતી કેળવણી હિતવર્ધક મંડળ, પુના સને ૧૯૮૬.

(૫) કલાગૂર્જરી (સ્થાપક સંસ્થા) મુંબઈ સને ૧૯૯૨.

(૬) વિશ્વગૂર્જરી, અમદાવાદ સને ૧૯૯૩.

(૭) કર્મચારી કો.ઓપરેટિવ બેંક લિ. અમદાવાદ સને ૧૯૯૮.

(૮) અમદાવાદમાં યોજાયેલ ૨૫મી જાયન્ટ ઈન્ટરનેશનલ વર્લ્ડ કોન્ફરન્સ પ્રસંગે સન્માન સને ૧૯૯૯.

(૯) વિશ્વ ગુજરાતી સમાજ તરફથી વડોદરામાં યોજાયેલ વિશ્વગુજરાતી મિલન પ્રસંગે 'ગૌરવવંતા ગુજરાતી' તરીકે સન્માન સને ૧૯૯૯.

(૧૦) ઈન્ડિયન મેડિકલ એસોસિએશન તરફથી સન્માન સને ૧૯૯૯.

(૧૧) નૂતન વિકાસ મંડળ, વડોદરા સને ૧૯૯૯.

(૧૨) સાહિત્ય પરિવાર (બોટાદ) તરફથી સન્માન સને ૨૦૦૦.

(૧૩) ગાયત્રી પરિવાર ટ્રસ્ટ(કોટા- રાજસ્થાન) તરફથી સન્માન સને ૨૦૦૦.

(૧૪) અખિલ ભારતીય કપોળ અધિવેશન, મુંબઈ સને ૨૦૦૧.

(૧૫) રાજપૂત ગૌરવ સન્માન : કારડિયા રાજપૂત સમાજ, અમદાવાદ સને ૨૦૦૧.

(૧૬) ગુજરાત રાજપૂત વિદ્યા તરફથી સન્માન સને ૨૦૦૧.

(૧૭) કલાગૂર્જરી (સ્થાપક સંસ્થા) મુંબઈ તરફથી બીજી વાર સન્માન સને ૧૯૯૨.

(૧૮) 'ફૂલછાબ' દૈનિક દ્વારા લેખક સન્માન સને ૨૦૦૨.

(૧૯) શેઠ ગિરધારીલાલ સંસ્કાર કેન્દ્ર, દાહોદ દ્વારા સન્માન સને ૨૦૦૩.

(૨૦) રાજ બેંક(રાજકોટ) તરફથી રજતજયંતી પ્રસંગે સન્માન સને ૨૦૦૪.

(૨૧) સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર સન્માન સને ૨૦૦૪.

(૨૨) ગૂર્જર ગ્રંથરત્ન સાહિત્ય પરિવાર સન્માન સને ૨૦૦૪.

(૨૩) સરદાર ગૌરવ સેવા સન્માન : કાઉન્સિલ ઓફ આર્ટ એન્ડ કલ્ચર, સુરત

સને ૨૦૦૪.

(૨૪) કેમેરા ક્લબ ઓફ રાજકોટ દ્વારા સન્માન સને ૨૦૦૪.

(૨૫) 'માવતર' સિનિયર સિટિજન સંસ્થા ભાવનગર દ્વારા સન્માન સને ૨૦૦૫.

(૨૬) સ્વ. શ્રી સુરગભાઈ વરુ એજ્યુકેશન ટ્રસ્ટ(નાગેશ્રી જિ. અમરેલી) દ્વારા પૂજ્ય મોરારિબાપુના શુભ હસ્તે સન્માન સને ૨૦૦૬.

(૨૭) 'દિવ્યભાસ્કર' દૈનિક દ્વારા પસંદ કરાયેલા વિવિધ ક્ષેત્રના "૧૦૦ સમર્થ ગુજરાતીઓ"માં સ્થાન પામી ઉડ્ડયન મંત્રીશ્રી પ્રફુલ્લ પટેલ દ્વારા વિશિષ્ટ સન્માન સને ૨૦૦૬.

## ૧.૧૦ જોરાવરસિંહના પુસ્તકો વિવિધ અભ્યાસક્રમોમાં

### ★ જોરાવરસિંહના ગ્રંથો યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં

(૧) જોરાવરસિંહ જાદવની શ્રેષ્ઠ લોકકથાઓ :- (ડૉ. હસુ યાજ્ઞિક સંપાદિત) એમ. એ. માં ટેક્સબુક : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ.

(૨) નવા નાકે દિવાળી :- બી. એ. માં લોકસાહિત્ય વિષયમાં ટેકસબુક : ભાવનગર યુનિવર્સિટી.

(૩) લોકસાહિત્યની પ્રણયકથાઓ :- બી. એ. ના લોકસાહિત્ય વિષયમાં ટેકસબુક : ભાવનગર યુનિવર્સિટી.

(૪) ગુજરાતની લાકસંસ્કૃતિ લોકકથાઓ :- લોકસંસ્કૃતિના બી. એ. ના અભ્યાસક્રમમાં : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**★ શાળાઓના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં**

"(૧) અમરો ઢોલી :- ધોરણ -૬ ની ગુજરાતી ટેકસબુક.

(૨) ગુજરાતની પાઘડીઓ :- ધોરણ -૭ ની ગુજરાતી ટેકસબુક.

(૩) ઘોડીની સ્વામીભક્તિ :- ધોરણ -૯ ની ગુજરાતી ટેકસબુક.

(૪) દુશ્મનની દિલાવરી :- મહારાષ્ટ્ર સરકારની ધોરણ -૧૦ ની ગુજરાતી ટેકસબુક."[૮]

## ૧. ૧૧ વિવિધ સંસ્થાઓ સાથે સંલગ્ન

**★ વિવિધ સંસ્થાઓ સાથે હાલમાં કાર્યરત**

(૧) સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી :- ગુજરાત લોકકલા ફાઉન્ડેશન.

(૨) માનદ્‌મંત્રી :- ગુજરાત લોકકલા કેન્દ્ર, અમદાવાદ.

(૩) સભ્ય :- એડવાઈઝરી અને પ્રિવ્યૂ કમિટિ, દૂરદર્શન, અમદાવાદ.

(૪) માનાર્હ સભ્ય :- વિશ્વ ગુજરાતી સમાજ, અમદાવાદ.

(૫) પરામર્શક :- લોકકલા વિભાગ : બિનનિવાસી ભારતીય પ્રભાગ, અમદાવાદ.

(૬) સભ્ય :- સામાન્ય સભા, ગુજરાત સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન, ગાંધીનગર.

(૭) સભ્ય :- વિશ્વકોશ નિર્માણ કમિટિ, અમદાવાદ.

(૮) કમિટિ સભ્ય :- ભારતીય સાહિત્ય સંસદ, અમદાવાદ.

(૯) કમિટિ સભ્ય :- સરદાર વલ્લભભાઈ પટેલ ફાઉન્ડેશન, અમદાવાદ.

(૧૦) ડિરેક્ટર :- કાંકરિયા મણિનગર નાગરિક સહકારી બેંક લિ. અમદાવાદ.

(૧૧) ટ્રસ્ટી :- ગૂર્જર ગ્રંથભવન ટ્રસ્ટ, રાંધેજા.

(૧૨) ટ્રસ્ટી :- સાર્વજનિક કેળવણી મંડળ, સાણંદ.

(૧૩) સભ્ય :- ઓડીશન કમિટી : આકાશવાણી, અમદાવાદ સને ૨૦૦૮.

(૧૪) સભ્ય :- શાખા વિકાસ કમિટી કાલુપુર કોમ.કો.—ઓ.બેંક લિ.

(૧૫) સભ્ય :- ગૂર્જર ટૂરિઝમ ડેવલપમેન્ટ સોસાયટી, અમદાવાદ.

(૧૬) સભ્ય :- ઍથિક્સ કમિટી — બાવીસી ફર્ટિલિટી ઈન્સ્ટિટ્યુટઃ અમદાવાદ.

**★ વિવિધ સંસ્થાઓમાં પૂર્વે આપેલ સેવાઓ**

(૧) પૂર્વ તંત્રી : વિશ્વનિડમ્ — વિશ્વ ગુજરાતી સમાજનું મુખપત્ર.

**પૂર્વ કમિટિ સભ્ય :**

(૧) ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

(૨) લાખ રૂપિયા ઍવોર્ડ કમિટિ, ગુજરાત રાજ્ય.

(૩) ગુજરાત સંગીત નૃત્ય, નાટ્ય અકાદમી, ગુજરાત રાજ્ય.

(૪) કન્વીનર : લોકકલા - લોકનૃત્ય સમિતિ, ગુજરાત સંગીત નૃત્ય, નાટ્ય અકાદમી.

(૫) ગુજરાત લોકકલા પરિષદ.

(૬) રશિયન ઉત્સવ : ગુજરાત.

(૭) પતંગ ઉત્સવ કમિટિ.

(૮) શ્રેયસ લોકકલા સંગ્રહસ્થાન.

(૯) ઓડિશન કમિટિ, ઓલ ઈન્ડિયા રેડિયો, અમદાવાદ.

(૧૦) સભ્ય : લોકસાહિત્ય સમિતિ, ગુજરાત રાજ્ય.

(૧૧) સંપાદક : 'સહકાર' સાપ્તાહિક અને ગ્રામસ્વરાજ્ય માસિક. (૩૫ વર્ષ)

(૧૨) પ્રકાશન અધિકારી – ૧૯૬૪ થી ૧૯૯૪

ચીફ એક્ઝિક્યુટિવ – ૧૯૯૪ થી ૧૯૯૯

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.

(૧૩) નિર્માણ : દસ્તાવેજી ફિલ્મ, "ગુજરાતનું લોકભરત અને મોતીકામ."

(૧૪) ટ્રસ્ટી : શ્રદ્ધા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ.

(૧૫) મંત્રી : કવિ સાક્ષર જેઠાલાલ ત્રિવેદી અમૃતમહોત્સવ સમિતિ.

(૧૬) મંત્રી : શ્રી રતિકુમાર વ્યાસ ષષ્ઠિપૂર્તિ સમિતિ.

(૧૭) સભ્ય : શાખા વિકાસ સમિતિ વિજય કો.-ઓ.બેંક લિ.

(૧૮) સભ્ય : લોનકમિટી, કાંકરિયા મણિનગર નાગરિક બેંક.

## ૧. ૧૨ મનોભાવો અને સ્વપ્નઘર

### ★ સંશોધકની જોરાવરસિંહ સાથેની રૂબરૂ મુલાકાતના અંશો/મનોભાવો

"પ્રશ્ન:- આપનો આદર્શ કોણ છે ?

જવાબ:- સ્વ. ઝવેરચંદ મેઘાણી, જેમની પ્રેરણા મને લોકકલા, લોકસંસ્કૃતિ સંશોધનમાં ખેંચી લાવી.

પ્રશ્ન:- આપને કઈ ચીજનો સૌથી વધુ ડર લાગે છે ?

જવાબ:- કોઈથી બીવું નહીં એ અમારો રાજપૂતોનો ગળથૂથીનો સંસ્કાર છે. લોહીનો વારસો છે.

પ્રશ્ન:- આપે જોયેલું ખરાબ સ્વપ્ન.

જવાબ:- ખરાબ વિચારતો નથી એટલે એવાં સ્વપ્નો મારાથી દૂર રહે છે.

પ્રશ્ન:- આપ છેલ્લે ક્યારે રડ્યા હતા ?

જવાબ:- સને ૧૯૯૨ માં મારી ચિ. સુપુત્રીઓ સુપ્રિયા અને રાજકુમારીને સાસરે વળાવતાં. એમના લગ્ન પ્રસંગે.

પ્રશ્ન:- ઘેલછા કહી શકાય તેવો આપનો કોઈ શોખ ખરો ?

જવાબ:- ગામડાંની ધરતીની ધૂળમાં રમનારા લોકકલાકારોને રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય તખ્તા પર મૂકી આપવાનો.

પ્રશ્ન:- આપને કોઈ વહેમ ખરો ?

જવાબ:- વહેમોમાં વિશ્વાસ રાખતો નથી. વહેમી માણસ જીવનમાં કંઈ ધોળકું ધોળતો નથી.

પ્રશ્ન:- આપને અન્યના વ્યક્તિત્ત્વની કઈ ખૂબી ગમે ?

જવાબ:- નિર્દોષ હાસ્ય, નરદમ નિખાલસતા, વાણી અને વિવેકમાં નીતરતી વિનમ્રતા.

પ્રશ્ન:- આપને અન્યના વ્યક્તિત્ત્વની કઈ ખામી ખટકે ?

જવાબ:- મહેમાન બની યજમાનને એના ઘરે ઊંચોનીચો કરાવી મૂકે તે.

પ્રશ્ન:- આપનો મનપસંદ પોશાક કયો છે ?

જવાબ:- દરબારી સૂટ, ખાદીનો ઝભ્ભો લેંઘો તથા પેન્ટ બુશર્ટ. કાર્યક્રમોમાં ભરત ભરેલી ખાપું અને ફૂમતાંવાળી કાઠિયાવાડી ટોપી પણ પહેરી લઉં.

પ્રશ્ન:- આપ ભારત દેશ વિશે શું વિચારો છો ?

જવાબ:- ભારત દેશનું ભાવિ અત્યંત ઊજળું છે. એની સંસ્કૃતિ અને કલાનો જોટો જગતભરમાં જડવો મુશ્કેલ છે.

પ્રશ્ન:- આપની દ્રષ્ટિએ પ્રેમ એટલે... ?

જવાબ:- ઈશ્વરીય આનંદની અનુભૂતિ.

પ્રશ્ન:- આપની દ્રષ્ટિએ લગ્ન એટલે... ?

જવાબ:- પિતૃઓ દ્વારા પ્રાપ્ત થયેલ વંશવેલાને આગળ વધારવાનો પવિત્ર યજ્ઞ.

પ્રશ્ન:- પુનર્જન્મ કન્ફર્મ કરવાનો હોય તો આપ શું બનવા માગો ?

જવાબ:- માત્ર ને માત્ર જોરાવરસિંહ જાદવ જ.

પ્રશ્ન:- આપની સફળતાનું રહસ્ય શું છે ?

જવાબ:- કર્મમાં કુશળતા અને ફળની આશા વગર નિષ્ઠાપૂર્વક કરોળિયાની જેમ કરેલું કર્મ.

પ્રશ્ન:- આપ અન્ય લોકોને આપવા ઈચ્છતા હોય તેવો સંદેશ એક વાક્યમાં જણાવો.

જવાબ:- સાહિત્ય કે કળામાં પારંગત બનનાર અલૌકિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે.

પ્રશ્ન:- આપનો મનપસંદ કોમેડિયન કોણ છે ?

જવાબ:- ભવાઈ વેશનો ડાગલો.

પ્રશ્ન:- આપના વિશે એક વાક્યમાં આપનો અભિપ્રાય શું હોઈ શકે ?

જવાબ:- લોકજીવનના માધુર્યની લિજ્જતની ખુમારીમાં કલમ ઝબકોળી ઝબકોળીને મસ્ત જીવનનો કલામંડિત ઘટના પ્રવાહ આલેખનાર અલગારીઓ માંહેના એક.

પ્રશ્ન:- આપ આ ક્ષેત્રમાં ના હોત તો કયા ક્ષેત્રમાં હોત ?

જવાબ:- નૃત્ય કે નાટકની દુનિયામાં હોત!

પ્રશ્ન:- આપ ઘરની બહાર નીકળો ત્યારે અનિવાર્યપણે આપની પાસે હોય તેવી ચીજ કઈ ?

જવાબ:- ઈશ્વર.

પ્રશ્ન:- આપ સૌથી વધુ ખુશ ક્યારે થાવ છો ?

જવાબ:- મારો પૌત્ર ચિ. અંશુમાનસિંહ પાછળથી આવીને ખડખડાટ રમતિયાળ હાસ્ય વેરે ત્યારે.

પ્રશ્ન:- આપની જિંદગીને એક વાક્યમાં વર્ણવવી હોય તો... ?

જવાબ:- માનવ જિંદગી ઈશ્વરે આપેલી મહામૂલી અનુપમ દેણગી છે.

પ્રશ્ન:- આપને ગમતા ગુજરાતી લેખક – કવિ કોણ છે ?

જવાબ:- ર. વ. દેસાઈ - ભક્ત કવિ દુલા ભાયા કાગ."[૯]

### ★ જોરાવરસિંહના સ્વપ્નઘર વિશે

આધુનિક નગર અમદાવાદના નવરંગપુરા જેવા સમૃધ્ધ વિસ્તારમાં ફરતા ફરતા વિજય ચાર રસ્તા તરફના ખાંચામાં વળો તો એક એકથી ચડિયાતા બેનમુન બંગલાઓની વચ્ચે તદ્દન જૂદું પડી જતું, દેશી ઢબવાળું, જાજરમાન ઘર જોવા મળે તો વગર કહે સમજી જવાનું કે આ ઘર લોકકલા અને લોકસંસ્કૃતિના અભ્યાસી શ્રી જોરાવરસિંહની પરિકલ્પનાનું મૂર્ત સ્વરૂપ છે.

પગથિયું ચડતાં જમણા હાથે આપણી સંસ્કૃતિના પ્રતીકો તુલસીક્યારો, પોઠિયો અને ગણેશની મૂર્તિ છે. ઊભા ઘાટની હાથકારીગીરીવાળી દેશી જાળીઓ છે, અને સામે સો વર્ષ કરતાંય વધું પૂરાણું કાષ્ટકંડારણથી ઓપતું ઈમારતી સાગનું બારણું હસીને આવકાર આપતું ઉભું છે. ડોર બેલને શોધતી તમારી દ્રષ્ટિને બટન નથી મળતું પણ દેખાય છે બારણાની સાંકળે લટકતો બળદના ગળે બાંધવાનો પિત્તળનો ઘૂઘરો. એને હલાવોને ઘૂઘરાનો મધુર રણકતો અવાજ તમારા આગમનની આલબેલ પોકારે. બારણું ખુલે ને ક્ષણાર્ધ માટે અચંબો પામી જાઓ કે તમે મ્યુઝિયમમાં નથી પહોંચી ગયા ને ! પરંતુ જોરાવરસિંહ કે એમના પત્ની હેમકુંવરબાના છલકતા હૈયાનો આવકાર પામીને સાનંદ ખાત્રી થાય કે આ ઘર છે.

ચારેબાજુ નજર ફરી વળે ને એક એક વસ્તુને ઝીણવટથી જુઓ એ પહેલાં ત્યાંનું વાતાવરણ આપણા હૃદયમનનો કબજો લઈ લે. વાઘ

વગાડતી રંગભરી પૂતળીઓનાં નેજવાં, માથે દૂધનાંબોઘરાં લઈ જતી ગોવાલણોનાં ચિત્રો, રાજસ્થાનના કારીગરોએ બનાવેલા ગોખલા, પાબુજીની શૌર્યગાથા કહેતા પટનાં ચિત્રો, રાજપૂત શૈલીના કાચ પરના પેઈન્ટીંગ, હાથીના અંકુશ, ભીંતે લટકતી વાઘના મોંની પિત્તળની મૂઠની કોતરણીવાળી તલવાર, મ્યાન, ઢાલ, બરછી, ભાલા, તાંબાકુંડી, દેગડા, ગંગાજળિયા લોટા જેવા ધાતુપાત્રો, મોટી અનેક દીવાની પિત્તળની દીવીઓ, ટેરાકોટાની ગણેશજીની સુંદર મૂર્તિ, લાકડાના ઝરુખા, જોરાવરસિંહને મળેલા માનસન્માનના પત્રોની કલાત્મક ફ્રેમો, રજવાડી સ્ટાઈલની મુખવાસની ટ્રે, પચાસ સાઈઠ વરસ પહેલાની કલાત્મક કચ્છી સૂડી, મોતીભરતનો પોપટ, આવી તો કંઈ કેટલીય ચીજો ઘર સુશોભન સાથે એકરૂપ થઈ ઘરનું નીજી સૌંદર્ય પ્રગટાવે છે. સૌરાષ્ટ્રના કોઈ કલાપ્રેમી રાજપૂતના ખોરડાના ઓરડે આવી ચડ્યા હોઈએ એવી આશ્ચર્યાનુભૂતિ થાય.

સવાલ થયો આજનો નગરવાસી અદ્યતન ફર્નિચરવાળા ઘરમાં રહેવાનું પસંદ કરે છે તો આપને આવી કલ્પના ક્યાંથી આવી ?

જોરાવરસિંહ કહે : 'ગામડાની ધરતીમાં મારો જન્મ અને એ ધરતીની ધૂળમાં આળોટીને મોટો થયો. દેશી ઘર, ખોરડાં, ઓરડા, બારી, બારણાં, ઘરના શણગારો, પેટી-પટારા, વાસણો,માંડ્ય (છાજલીઓ) નું મને અદમ્ય આકર્ષણ હતું. એ બધુ મારા ભીતરમાં ઊતરીને એકરૂપ થઈ ગયું હતું. ૧૯૫૬ માં વિદ્યાપીઠમાં ભણવા આવ્યો ત્યારે શાહીબાગ વિસ્તારમાં મિલમાલિકોના દેશી દરવાજા અને બારણાવાળાં મકાનો જોયાં ત્યારે મનમાં એક વિચાર ઝબક્યો આવું મારા ઘેર હોય તો ! પણ પછી થયું, આવા બંગલા તો મિલમાલિકો સિવાય બીજા કોણ બનાવી શકે ? આપણું ગજુ છે ?

મારા જેવા ગામડાના ખેડૂતના દીકરા માટે આ દિવાસ્વપ્ન હતું, પરંતુ દિલમાં ઊઠેલી આ આરત દિવસ જતાં તીવ્રતર થતી ગઈ અને ઈશ્વરે અંતરની એ વાત સાંભળી. મારા પિતાજીએ પ્રોફેસર્સ કોલોનીમાં આ મકાન મને

ખરીદી આપ્યું એ વખતે પિતાજીએ ગામમાં પણ પાકું નવું મકાન બનાવડાવ્યું અને જૂનાં ઘરના એ દેશી બારણાં કાઢીને નવી ફેશનના બારણાં નંખાવ્યા. '

મેં પિતાજીને પૂછ્યું, 'આ કાઢી નાખેલાં બારણાંનું તમે શું કરશો ?' 'કોઈ ભરવાડ કે હરિજન ઘર કરવા લઈ જશે અને ગાડાના પૈંડા જેવા પાંચસો રૂપિયા આપી જશે.' એ બારણાંની સાચી કિંમત, ખરું મૂલ્ય પિતાજીને નહિ પણ મને તો સમજાતું હતું. મેં કહ્યુ, 'બારણાં વેચી દેવાને બદલે મને આપો.' 'તારે શું કરવા છે ?' 'મારે મારા બંગલામાં લગાડવા છે.' "ગાંડો થયો છું, આ કચરો મેં માંડ કાઢ્યો છે. નવા સારા મકાનમાં આ લગાડીને બગાડવા નહિ દઉં." બે ત્રણ વરસ પછી વળી પાછું પૂછ્યું, તો કહે, ઘર બગાડવાનું નથી. મેં કહ્યું, 'બારણાંથી ઘર શોભી ઊઠશે.' તો કહે, 'હું ટેમ્પામાં સુથાર અને બારણું લઈને આવીશ, બેસાડાવીશ, જો સારું લાગશે તો રાખીશ નહિ તો એ જ ટેમ્પામાં પાછું લાવીશ.'

તેઓ બારણું અને સુથારને લઈને આવ્યા. બારણું બેસાડયું પછી સોસાયટીના લોકો કહે : 'બહુ સારું બારણું છે, ક્યાંથી લાવ્યા ? બહુ કિંમત આપી હશે.' આ સાંભળ્યું એટલે પિતાજીને સંતોષ થયો ને પછી બીજું બારણું લાવીને પણ ફીટ કરી આપ્યું પછી દેશી બનાવટની બે જાળીઓ બારણાં સાથે મળી ને આ આગળનો ભાગ તૈયાર થયો.

એ પછી થયું, 'દેશી બારણાં અને દેશી જાળીઓની સાથે લીંપણકામ થાય તો શોભા વધે. લીંપણકામ કરનારની શોધ ચલાવી, અંતે ભૂધરપુરામાંથી કેસરબેન પરમાર અને બાબુભાઈ પરમારને બોલાવીને કચ્છમાં રબારી અને હરિજનોના ઘરમાં થાય છે એવું આભલાં જડેલું પારંપરિક લીંપણકામ વરન્ડામાં અને ઉપરના રૂમમાં કરાવ્યું.'

"અને આ રાચરચીલું ?"

ભારતીય ઢબનું સંખેડાનું લાકડાકામ મને પહેલેથી ગમતું હતું ખાસ ડીઝાઈન આપીને સોફા અને હીંચકો બનાવડાવ્યા. મોર પોપટવાળી સાંકળો શિહોરમાંથી મળી ગઈ.

"ચિત્રો ક્યાંથી મળ્યા ?"

ભાવનગરના ખ્યાતનામ ચિત્રકાર ખોડીદાસ પરમાર મારા પ્રિય મિત્ર. એમણે મારા ઘરનું દેશીપણું જોયું એટલે સૌરાષ્ટ્ર શૈલીના ખાસ પ્રકારનાં ચિત્રો કરીને મોકલી આપ્યાં.

"પણ આ ગુલાબી કલરના પથ્થરની જાળીઓ ? એ તો અતિ ખર્ચાળ હોય છે."

જાણીતા શીલ્પી પ્રભાશંકર સોમપુરા મારા અંગત મુરબ્બી, જેમણે સોમનાથનું મંદિર બાંધ્યું છે તેઓ આ ઘરનું રીનોવેશન ચાલતું હતું ત્યારે આવ્યા, મેં કહ્યું : 'તમે કોઈ સૂચન કરો.' જવાબમાં બીજા દિવસે એમણે ગુલાબી પથ્થરની કોરેલી છ કલાત્મક જાળીઓ મોકલી આપી. મેં કહ્યું, 'આની કિંમત મને ના પોષાય.' તો એ વત્સલ મુરબ્બી કહે, 'એની કિંમત નથી આપવાની. કાલે હું ના હોઉં તો મારા સ્નેહના સંભારણાં રૂપે તારા ઘરમાં એ રાખવાની છે. ' બીજા ચિત્રકાર મિત્રોએ સારાં ચિત્રો કરીને ભેટ આપ્યાં. મારી આ કોતરણીવાળી ટિપોઈ જોઈને ખોડીદાસભાઈએ એમની પાસેનું સો વર્ષ જૂનું એમનાં બાનું પટોળું ટિપોઈ પર લગાડવા મોકલી આપ્યું. વડોદરા વિસ્તારના આદિવાસી કલાકાર માનસિંગે દિવાલ પર પીઠોરાના પેઈન્ટીંગ કરી આપ્યાં.
"તમારે ત્યાં દરેક ચીજ યથાયોગ્ય રીતે મૂકાઈ છે એ કેવી રીતે શક્ય બન્યું? "

લોકકલા મારો રસનો વિષય છે, એટલે લોકકલાની જે ચીજ વસ્તુઓ મને મળી એનું ઔચિત્ય જાણી શકતો, એના સૌંદર્યને પ્રમાણી શકતો. ક્યાં મૂકું તો ઉત્તમ રીતે શોભી ઊઠે એ જાણતો હતો. નાની નાની ચીજની ગોઠવણી પાછળ મેં ખંતપૂર્વક કામ કર્યું છે. ક્યારેક તો મારી ચીકાશ જોઈને આર્કીટેક કામ મૂકીને જતા રહ્યા છે.

"બારીક કોતરણીમાં ધૂળ કચરો ભરાઈ જાય, તમારા ઘેર ગમે ત્યારે આવીએ ત્યારે ઘર એકદમ ચોખ્ખું આભલા જેવું હોય છે એ કેવી રીતે શક્ય બન્યું છે ?"

એ મારા પત્ની હેમકુંવરની ચીવટનો પ્રતાપ. સફાઈકામ માટે નોકર રાખ્યો છે, છતાં સવારથી ઊઠે ત્યારથી એનું ચિત્ત ઝાપટઝૂપટમાં જ હોય. કેરોસીન નાંખીને જાતે ફર્શનું એક વાર પોતું કરે તો જ એને સંતોષ થાય. એકેએક ચીજ રોજ એનો જીવંત સ્પર્શ પામે છે. આ ઘર, આ ચીજો એનાંથી અલગ નથી.

લોકકલાને જીવન સમર્પિત કરનાર લબ્ધપ્રતિષ્ઠિત લોકસાહિત્યકારનું દેશી સૌંદર્યથી છલકતું ઘર જોવું એ પણ જીવનનો એક લ્હાવો ગણાય છે. આ ઘર કલાકારોનું પિયર ગણાય છે. એમની ખ્યાતિ 'ઘર' દ્વારા દેશવિદેશના ગુજરાતીઓ સુધી પહોંચી છે.

## **૧. ૧૩ પ્રિય મિત્ર :- ખોડીદાસ પરમાર**

અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા ખોડીદાસ પરમારનું વતન વાળુકડ. એમની જન્મભૂમિ અને કર્મભૂમિ ભાવનગર. તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ચિત્રકાર હતા.

આ બંનેની મિત્રતાની શરૂઆત કેવી રીતે થઈ એ એક રસપ્રદ બાબત છે. કૉલેજકાળમાં જોરાવરસિંહે રામાયણના કથાગીતનું સુંદર વિવેચન કર્યું, અને એ લેખ 'બુદ્ધિપ્રકાશ' માસિક મેગેઝીને પ્રકાશિત કર્યો. તેમાં લખ્યું હતું કે, 'કેંગા કરોધમાં બોલ્યા....' આ લેખ ખોડીદાસ પરમારે

વાંચ્યો પછી જોરાવરસિંહને પત્ર દ્વારા જણાવ્યું કે, આપે 'બુધ્ધિપ્રકાશ' માં લખેલ લેખમાં 'કેંગા' લખ્યું છે તેની જગ્યાએ 'ખેંગા' આવે છે. ખેંગા એટલે કૈકેયી એવો અર્થ થાય છે. આ રીતે ઈ.સ. ૧૯૫૮ માં પત્ર દ્વારા પ્રથમ મુલાકાત ખોડીદાસ પરમાર જોડે થયેલી. ત્યાર પછી અવાર નવાર પત્ર દ્વારા મળતા રહેતાં અને પત્ર મૈત્રી શરૂ થયેલી.

૧૯૬૫ માં પહેલીવાર ખોડીદાસભાઈ અમદાવાદમાં જોરાવરસિંહ પંચભાઈની પોળમાં રહેતાં હતાં ત્યાં મળવા આવ્યા હતા. તે સમયે જોરાવરસિંહ ઓટે બેઠા બેઠા દાંતણ કરતાં હતાં. તેઓને પૂછ્યું 'જોરાવરસિંહનું ઘર આજ કે?' તેનો જવાબ હકારમાં આપી તેમણે પૂછ્યું 'તમે કયાંથી આવો છો? તમારું નામ શું?' ત્યારે ખોડીદાસભાઈ તેમને જોરાવરસિંહના દીકરા સમજી પોતાનું નામ જણાવતા કહ્યું 'હું ભાવનગરથી આવું છું, તમારા બાપુજી કયાં છે?' એટલે તેમણે કહ્યું 'હું જ જોરાવરસિંહ છું.' ત્યારે આશ્ચર્યથી તે જોરાવરસિંહ સામે જોતા જ રહી ગયેલા. જોરાવરસિંહ વિશેની એમની કલ્પના એવી હતી કે, મોટી મૂછો, પાઘડી અને કોઈ મોટી ઉંમરની વ્યકિત હશે. જયારે વીસ પચીસ વર્ષના દુબળી કાયાવાળા યુવાનને જોઈને સહેજે તેમને નવાઈ લાગી હશે. તેથી તેમને ફરીથી પૂછ્યું કે,'તમે જ જોરાવરસિંહ છો?' તેમણે કહ્યું કે, 'હા હું જ છું.' પછી તેમને રૂમમાં લઈ જઈને બેસાડયા અને મનભરીને વાતો કરી. સાત વર્ષ સુધી પત્રથી મળતા રહેલા બે મિત્રોને આજે રૂબરૂ મળ્યાનો અનહદ આનંદ હતો.

ખોડીદાસભાઈ સારા ચિત્રકાર હતા, પરંતુ ચિત્રોનું ધંધાકીય કામ કરતાં ન હતા. જોરાવરસિંહના પ્રથમ 'મરદ કસુંબલ રંગ ચડે' પુસ્તકમાં એક પણ પૈસો લીધા વગર તમામ ચિત્રો દોરી આપેલા, માત્ર એક મિત્રતાના કારણે. આમ જોરાવરસિંહના તમામ પુસ્તકોમાં ચિત્રોનું કામ ખોડીદાસભાઈએ કરી આપેલ છે. જયારે ખોડીદાસભાઈએ લખેલા પંદરેક જેટલા પુસ્તકોના

પ્રકાશન કાર્યમાં જોરાવરસિંહે મદદ કરેલી. આમ બંને મિત્રો એકબીજાને સતત મદદ કરવા માટે તત્પર રહેતા.

ખોડીદાસભાઈએ પોતાના મોટા પુત્રના સંબંધ માટે જોરાવરસિંહને ભલામણ કરેલ કે કોઈ સારા કુટુંબની દીકરી હોય તો બતાવજો. એકબીજાના ઘરે અવાર નવાર આવવા જવાનું રહેતું તેને કારણે બંને એકબીજાના કુટુંબથી પરિચિત હતાં. તેથી ખોડીદાસભાઈએ જોરાવરસિંહના મોટા દીકરી ચિત્રાદેવીની માંગણી કરી અને બંને મિત્રોની મિત્રતા વેવાઈમાં પરિણમી.

ઈ. સ. ૧૯૮૫ માં જોરાવરસિંહના દીકરી ચિત્રાદેવીના લગ્ન ખોડીદાસભાઈના પુત્ર કિરણસિંહ સાથે કર્યા. થોડા સમય બાદ બીજી દીકરી રાજશ્રીબાના લગ્ન પણ તેમના બીજા દીકરા અમૂલભાઈ સાથે કર્યા. આ બંને મિત્રોના સંબંધો હૃદયથી બંધાયેલા હતા. તેમને એકબીજા પર ખૂબ જ પ્રેમ, લાગણી અને આદર હતો. જોરાવરસિંહના પ્રિય મિત્ર ખોડીદાસભાઈ ઈ.સ. ૨૦૦૪ માં અવસાન પામ્યા. તેમના અવસાનથી જોરાવરસિંહને પોતાના વેવાઈ અને એક પ્રિય મિત્રની જુદાઈનું દુઃખ હજુ પણ સાલે છે.

### ૧. ૧૪ નિર્વ્યાજ મૈત્રી :- મોહનભાઈ પાંચાણી

મોહનભાઈ પાંચાણી અમરેલી જીલ્લા સહકારી બેંકના નિવૃત્ત મેનેજર હતા. મોહનભાઈ સાહિત્યનો રસિક તથા સંશોધન પ્રેમી જીવ. સૌરાષ્ટ્રના તમામ પ્રવાસમાં જોરાવરસિંહની સાથે જ હોય. ગમે તે ઋતુ હોય, પરિસ્થિતિ હોય, સાજા- માંદા હોય તો પણ જોરાવરસિંહની સાથે જવાનું જ. સૌરાષ્ટ્રમાં જયાં જાઓ ત્યાં એમનું ઘર. એટલા બધા સારા સંબંધો એમણે વિકસાવેલા. ઉનાળામાં ગાડી લઈને સૌરાષ્ટ્રના પ્રવાસે જતા ત્યારે જોરાવરસિંહ ગાડી ચલાવતા અને રસ્તામાં મોહનભાઈ ઘણી બધી નવી જાણવા જેવી વાતો કરે. પોતે

ગાડી ચલાવતા હોવાથી નવી વાતોની નોંધ કરી શકતા નહીં. તેથી રસ્તામાં ઝાડ નીચે ગાડી ઉભી રાખી બધી જ વાતોનું ફરીથી પુનરાવર્તન કરાવે. પોતે એ બધી જ વાતો નોટમાં લખી લે. મોહનભાઈના મનમાં નવી વાત આવે, નવું જાણે કે તરત જ જોરાવરસિંહને બાપુનગરથી ટપાલ લખે, ફોન કરે અથવા રૂબરૂ આવીને જણાવે. એમની યાદશક્તિ અને કોઠાસૂઝ ખૂબ જ સારી.

એકવાર જોરાવરસિંહને બાજરીના રોટલા વિશે લખવાનું હતું. તેમણે લખવાની શરૂઆત કરી અને મોહનભાઈ આવ્યા. તેમને આ વિશે ખબર પડતા બાજરી કઈ રીતે ઉગે, કઈ રીતે બાજરી દળવી, કઈ રીતે લોટ બાંધવો, વગેરે જેવી માહિતી ચાર કલાક સુધી આપેલી. આ લેખ છપાયા પછી જોરાવરસિંહ પર ઘણા બધા પત્રો આવ્યા. નિરંજન શાહ હજુ પણ પૂછે છે કે, આ રોટલો ખાવા ક્યારે આવું ? ચોવીસ કલાક પડછાયાની જેમ સાથે રહેનાર મોહનભાઈના મૃત્યુથી જોરાવરસિંહને મોટો ફટકો પડ્યો. આવા દિલાવર માણસની ખોટ હજુ પણ તેમને વરતાય છે.

## ૧. ૧૫ અન્ય મિત્રો અને સાહિત્યિક મિત્રો

### ★ જોરાવરસિંહના અન્ય મિત્રો

જોરાવરસિંહના અન્ય મિત્રોમાં હસમુખ શાહ, પરસોત્તમ વાટલિયા, હિંમતભાઈ ઠક્કર, ચિનુભાઈ મોદી (જેમણે આકરું ગામ અને અમદાવાદમાં જોરાવરસિંહનું મકાન બનાવવામાં સિંહ ફાળો આપેલો.) અરવિંદ ભટ્ટ, જીતેન્દ્ર દેસાઈ, લાલુ પટેલ (આ ત્રણેય ગૂજરાત વિદ્યાપીઠમાં જોરાવરસિંહના રુમ પાર્ટનર હતા.) લાલુ પટેલ સારા ચિત્રકાર હતા, ઉપરાંત તેના અક્ષર મોતીના દાણા જેવા સુંદર હતા. તેમાંથી જોરાવરસિંહને ચિત્રમાં રસ પડ્યો અને અક્ષરો સારા કરવાની પ્રેરણા મળી. અરવિંદ ભટ્ટના પિતા બોર્ડિંગમાં રસોડાના

મહારાજ હતા, એટલે રાત્રે ગમે ત્યારે ભૂખ લાગે તો રસોડામાં એમના માટે તે કંઈને કંઈ ખાવાનું રાખી મૂકતા. ગીતા શાહ, મોહનભાઈ મેઘાણી, અમૃત પંચાલ, નરેન્દ્ર બોરણિયા, નટુભાઈ પટેલ, કે.કે. વેદ, દીનુભાઈ ડોડિયા, શંકરભાઈ પટેલ, પરેશભાઈ પઢિયાર, ઠાકોરભાઈ પટેલ, બકુલાબહેન પરીખ, ચારુબહેન પટેલ, રમાબહેન પટેલ, રહેમાન પરમાર, ડૉ. રજનીકાંત જોશી, યશવંત શાહ, ડૉ. ભારતીબહેન, ડૉ. હરેશ જમીનદાર, ઊર્મિલા શાહ, શંકરસિંહ વાઘેલા (માજી મુખ્યમંત્રી ગુજરાત રાજય અને માજી કેન્દ્રિય કાપડમંત્રી), રશ્મિન મહેતા, મોહનભાઈ પાંચાણી, વાડીભાઈ પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

### ★ જોરાવરસિંહના સાહિત્યિક મિત્રો

જોરાવરસિંહના સાહિત્યિક મિત્રોમાં ઉમાશંકર જોશી, રઘુવીર ચૌધરી, પિતામ્બર પટેલ, ઈશ્વર પેટલીકર, પુષ્કર ચંદરવાકર, કે.કા. શાસ્ત્રી, ડૉ. હસુ યાજ્ઞિક, ડૉ. શિવલાલ જેસલપુરા, ભોગીલાલ સાંડેસરા, ડૉ. મંજુલા મજમુદાર, મનુભાઈ જોધાણી, ડૉ. હરિભાઈ ભુંગાણી, વિનોદ ભટ્ટ, નિરંજન ત્રિવેદી વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચિત્રકાર મિત્રોમાં ખોડીદાસ પરમાર, રવિશંકર રાવળ વગેરેનો સમાવેશ થાય છે. તંત્રી મિત્રોમાં માનસંગજી બારડ, ત્રિભોવન ઠક્કર, ચાંપશીભાઈ વગેરેનો સમાવેશ થાય છે.

## ૧. ૧૬ ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ના સ્થાપક : શ્રી જોરાવરસિંહ

શ્રી જોરાવરસિંહ જાદવે ૩૦ મે, ૧૯૭૯ માં લોકકલા કેન્દ્રની સ્થાપના કરી. તેમની લોકકલા ક્ષેત્રની પાયાની આ સંસ્થાને કે.કા. શાસ્ત્રી, દુલેરાય કારાણી, રતિકુમાર વ્યાસ, ગુજરાતના કલાપ્રેમી સાંસ્કૃતિક ખાતાના પ્રધાન પોપટલાલ વ્યાસ તથા તેમના અન્ય મિત્રોએ ઉમંગભેર સાથ, સહકાર

આપી ઉમળકાભેર વધાવી લીધો. આ સંસ્થાનો થયેલો વિકાસ, લોકકલા કેન્દ્રની પ્રવૃત્તિઓને કલાપ્રિય જનતાના મળેલા સુંદર પ્રતિસાદથી ઉત્સાહિત થયેલા ટ્રસ્ટીઓએ ૧૯૯૩ માં લોકકલા ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના કરી. જોરાવરસિંહે રાત-દિવસ અથાક પરિશ્રમ કરી આ સંસ્થાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચાડી. લોકસાહિત્યના ક્ષેત્રે જે કામ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ કર્યું, તેવું જ કાર્ય લોકકલા ક્ષેત્રે શ્રી જોરરાવરસિંહ જાદવે કર્યું છે.

ગુજરાત, સૌરાષ્ટ, કચ્છ, રાજસ્થાનના બે હજાર ઉપરાંત ચીંથરે વીંટયા રતન જેવા કલાકારોને તેમણે શોધ્યા છે. “આજે દેશભરના ૫૦૦૦ જેટલા કલાકારો સંસ્થાની સાથે કામ કરતા થયા છે અને દેશવિદેશોમાં કાર્યક્રમો આપતા થયા છે.”[૧૦] જે લોકકલાકારો અત્યંત નાણાંકીય ભીડમાં રહેતા હતા, જેઓનું સામાજિક અવમૂલ્યન થયેલું હતું, તેઓને આ સંસ્થાએ માન-સન્માન અપાવ્યાં તેટલું જ નહીં, તેઓનો સામાજિક-આર્થિક મોભો ઊંચો લાવ્યા. આ બધા કરતાં પણ સૌથી મોટી બાબત એ છે કે લોકકલા ક્ષેત્રની ગ્રામ્ય પ્રજાને તેમની કલા વિકસાવવાની, આત્મવિશ્વાસ ઊભો કરવાની, તેઓ લોકસંસ્કૃતિના અગત્યના સ્થંભો છે. તેઓ સામાન્ય ગામડિયા નથી તેવી સચ્ચાઈપૂર્વકની ભાવના વિકસાવવામાં તેમણે સંનિષ્ઠ ભૂમિકા ભજવી છે.

સરકારની મદદ વગર ફક્ત ખાનગી પેઢીઓ અને સંસ્થાઓના દાન તથા સહકારથી આટલા બધા કાર્યક્રમો કરવા તથા ઉત્તરોત્તર લોકકલાનું સ્તર ઊંચું લઈ જવું અને વધુ ને વધુ મનોરંજક બનાવવાનું અઘરામાં અઘરું કાર્ય લગભગ સંપૂર્ણતાથી તેમણે એકલવીર બનીને પરિપૂર્ણ કર્યું છે. તેમણે એકલે હાથે લોકકલા ફાઉન્ડેશનનો વડલો સિંચ્યો છે, વિકસાવ્યો છે અને ગુજરાત, રાજસ્થાન તથા ભારતના લાખો લોકોને લોકનૃત્યો, લોકસંગીત, લોકસાહિત્યનો અનેરો આસ્વાદ કરાવ્યો છે અને હજુ પણ સતત કરાવી રહ્યાં છે.

## સંદર્ભસૂચિ


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક / સંપાદક/તારીખ | આવૃત્તિ | પ્રકાશક | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૪/૦૫/૨૦૧૦ | | | |
| ૨ | એજન | તા. ૧૪/૦૫/૨૦૧૦ | | | |
| ૩ | નરેન્દ્રસિંહ જાદવ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૪/૦૫/૨૦૧૦ | | | |
| ૪ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૪/૦૫/૨૦૧૦ | | | |
| ૫ | ડૉ. હસુ યાજ્ઞિક સાથે રૂબરૂ મુલાકાત | તા. ૨૬/૦૭/૨૦૧૦ | | | |
| ૬ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૪૪૧ |
| ૭ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. નરેન્દ્રસિંહ જાદવ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૪૩૮ |
| ૮ | રૅજન | | | | ૪૩૭ |
| ૯ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૪/૧૨/૨૦૧૦ | | | |
| ૧૦ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. નરેન્દ્રસિંહ જાદવ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૪૩૪ |

# પ્રકરણ – ૨

# લોકસાહિત્ય, લોકવિદ્યા અને લોકસંસ્કૃતિની વિભાવના

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત |
|---|---|
| ૨. ૧ | લોકસાહિત્યની વિભાવના |
| ૨. ૨ | લોકસાહિત્યના લક્ષણો |
| ૨. ૩ | લોકસાહિત્ય અને અભિજાત સાહિત્ય વચ્ચેનો તફાવત |
| ૨. ૪ | લોકસાહિત્યનું મહત્વ |
| ૨. ૫ | લોકસાહિત્યનું સ્વરૂપ |
| ૨. ૬ | લોકવિદ્યાની વિભાવના |
| ૨. ૭ | લોકવિદ્યાની શરૂઆત |
| ૨. ૮ | લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર |
| ૨. ૯ | લોકવિદ્યાના વિભાગો |
| ૨. ૧૦ | લોકસંસ્કૃતિની વિભાવના |
| ૨. ૧૧ | લોકસંસ્કૃતિનો ઉદ્ભવ અને વિકાસ |
| ૨. ૧૨ | લોકસંસ્કૃતિની લાક્ષણિકતાઓ |
| ૨. ૧૩ | લોકસંસ્કૃતિના વિભાગો |

## *પ્રકરણ – ૨ લોકસાહિત્ય, લોકવિદ્યા અને લોકસંસ્કૃતિની વિભાવના*

### *૨. ૧ લોકસાહિત્યની વિભાવના*

*લોકસાહિત્ય એ સમાજની આરસી છે. તેમાં લોકજીવનનું વૈવિધ્ય પ્રતિબિંબિત થાય છે. લોકસાહિત્યમાં પ્રવાહિતા, સરળતા, સાદાઈ, વેધકતા, નિખાલસતા અને સાર્વજનિકતાના દર્શન થાય છે. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ જેને ધરતીનું ધાવણ કહ્યું છે એ લોકસાહિત્ય ખરા અર્થમાં ધરતીનું સાહિત્ય છે. લોકસાહિત્યમાં માનવજીવનના ભાવો આજપર્યંત લોકહૃદયમાં સંગ્રહાયા છે અને પરંપરાથી પેઢી દર પેઢીએ મૌખિક પરંપરામાં ઊતરી આવ્યા છે. દુનિયાના કોઈપણ ખૂણામાં વસતિ જાતિને પોતાનું આગવું લોકસાહિત્ય છે. તેમાં માનવજીવનની પ્રાથમિકતાના દર્શન થાય છે.*

*લોકવ્યવહારના મૂળમાં એક અર્થપૂર્ણ ભાવ હોય છે. જે સ્વભાવ પ્રત્યક્ષરૂપમાં નથી હોતો પણ ગૂઢ અને ગોપન અવસ્થામાં હોય છે. આ ગૂઢ અને ગોપન અવસ્થામાં રહેલા લોકસ્વભાવના ચેતન-અચેતન તત્ત્વો જ્યારે શબ્દ દ્વારા પ્રગટે ત્યારે લોકસાહિત્યનું સર્જન થાય છે. લોકસાહિત્યમાં જીવન અને જગતનું મિલન થાય છે. પ્રાચીન સમયથી અનેક ફેરફારો સાથે આજે આપણી સામે આપણા જેવું બનીને લોકસાહિત્ય ઊભું છે. વેદો જ્યારે શ્રુતિરૂપે લોકમાં હતા ત્યારે પણ લોકસાહિત્ય હતું. પરંતુ લોકસાહિત્ય મૌખિક રહ્યું અને વેદ લિપિબદ્ધ થયા. લોકસાહિત્યમાં પણ વેદ જેટલું જ મૂલ્યવાન ઘણું બધું હશે, પણ માનવ સ્વભાવ તો સરળતાને જ સ્વીકારે છે એટલે ઘણું બધું ભુલાયું હશે. પરંપરાથી ચાલ્યા આવતા આ સાહિત્યમાં આજના અને આદિ સમયના અંશો જોવા મળશે.*

*લોકસાહિત્ય પ્રાચીન છે. માનવીને જ્યારથી વાણી પ્રાપ્ત થઈ ત્યારથી લોકસાહિત્ય પરંપરાગત ઊતરતું રહ્યું છે. તેથી લોકસાહિત્ય ઓછામાં ઓછું માનવવાણી જેટલું તો પ્રાચીન કહી શકાય. માનવના ભાવો ગદ્ય કરતાં પદ્યમાં સારી રીતે વ્યક્ત થઈ શકે તેથી જ તો ગીતો સર્જાયા હશે. આજે લોકો લોકસાહિત્યને મર્યાદિત અર્થમાં જૂએ છે, તેને ગ્રામ્ય સાહિત્ય કહે છે. પરંતુ તે ગ્રામ્ય સાહિત્ય નથી પણ ગામડાં પ્રાચીન છે તેથી ગામડાંના લોકો પાસેથી વિશેષ પ્રાપ્ત થાય છે. લોકસાહિત્ય એ લોકોનું જ સાહિત્ય છે. તેનો રચયિતા અજ્ઞાત છે. લોકસાહિત્ય એ કોઈ*

એક વ્યક્તિની સર્જક શક્તિનું પરિણામ નથી પરંતુ સમગ્ર લોકસમુદાયની સર્જક શક્તિનું પરિણામ છે. લોકસાહિત્ય એ માનવીની અમૂલ્ય મૂડી છે. લોકસાહિત્યમાં સમાઈ જતી લોકકલાઓ માનવીની મોટામાં મોટી સિદ્ધિ છે. જ્યારે ઘરેઘરે ઘંટીના નાદમાં લોકસાહિત્યના ગીતો સંભળાતા, પ્રભાતિયાં સંભળાતા, દાદા દાદીની વાતો સાંભળી પૌત્રોની આંખો ઘેરાતી એ યુગ લોકસાહિત્યનો સુવર્ણયુગ હતો.

લોકસાહિત્યમાં 'લોક' અને 'સાહિત્ય' એમ બે શબ્દો રહેલા છે. આ બન્ને શબ્દોને સમજવા જરૂરી છે. લોકસાહિત્યમાં 'લોક' શબ્દનો અર્થ અને સામાન્ય 'લોક' શબ્દનો અર્થ બંનેમાં અર્થની અભિવ્યક્તિ અલગ છે. 'લોક' શબ્દ પ્રાચીનકાળથી પ્રયોજાતો આવ્યો છે. સામાન્ય રીતે 'લોક' શબ્દનો અર્થ માણસ એવો થાય, પણ 'લોક' શબ્દનો ગ્રામ્યજન એવો સંકુચિત અર્થ કરવામાં આવે છે.

"સંસ્કૃતમાં 'લોક' શબ્દની ઉત્પત્તિ અનુસાર 'લોક્તે' અને તેનો અર્થ 'જોવાવાળો' એવો થાય છે. તે રીતે સમસ્ત જનસમુદાય જોવાવાળો છે તે 'લોક' પરંતુ જોવાવાળો સમગ્ર માનવસમાજ જૂએ છે. એટલે અહીંયા એ અભિપ્રેત અર્થ નથી. "[1] 'લોક' શબ્દ વિવિધ સ્થાને વિવિધ અર્થોમાં પ્રયોજાતો રહ્યો છે. પ્રાચીનકાળથી આપણા દેશમાં આ શબ્દ પ્રયોજાતો આવ્યો છે. તેનો સામાન્ય અર્થ તો જનસમૂહ એવો કરવામાં આવ્યો છે.

"'લોક' શબ્દને અંગ્રેજીમાં 'Folk' કહે છે. એંગ્લોસેક્સન 'Folc' પરથી અંગ્રેજી 'Folk' અને જર્મન 'Volk' બન્યા છે. તેના અર્થ બે : 'સુસંસ્કૃત રાષ્ટ્રના બધા લોકો' અને 'સામાન્ય કે અસંસ્કૃત જનસમુદાય.'"[2] ગુજરાતી વિશ્વકોશ મુજબ " 'લોક' એટલે સમાન પરંપરા ધરાવતો નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્રમાં નિવાસ કરતો માનવસમૂહ."[3]

ભારતમાં આર્યોના આગમન પછી આર્ય અને અનાર્ય સંસ્કૃતિ સાથે સંઘર્ષ થયો. તેના કારણે બે પરિસ્થિતિ જન્મી. આર્યોની 'વૈદિક સંસ્કૃતિ' અને અનાર્યોની 'વેદેત્તર સંસ્કૃતિ' એને કારણે 'લોક' નો અર્થ બદલાયો. 'લોક' એટલે વેદવિરોધી, વેદને નહીં માનનારો સમાજ. "'લોક' શબ્દ વિવિધ પુરાણોમાં પ્રાચીનકાળમાં પ્રયોજાયો છે. મહાભારતમાં 'લોકયાત્રા' ભગવદ્‌ગીતામાં 'લોક', 'લોકસંગ્રહ' એટલું જ નહીં પણ મહાન વિદ્વાનોએ પણ 'લોક' શબ્દ

પ્રયોજેલો છે. પાણિનીએ અષ્ટાધ્યાયીમાં 'લોક' અને 'સર્વલોક', વરુરુચિએ 'લોક' શબ્દ પ્રયોજેલો છે. 'લોક' શબ્દના વિવિધ અર્થ હોવા છતાં જે અભિપ્રેત અર્થ છે તે પુરાણોમાં પણ પ્રાપ્ત નથી. "અશોકના શિલાલેખોમાં 'લોક' શબ્દનો પ્રયોગ સમસ્ત પ્રજાજનો માટે થયો છે. "[૪]

લોકસાહિત્યમાં 'લોક' શબ્દનો અર્થ સામાન્ય પ્રજા નથી. તેનો અર્થ વિશિષ્ટ છે – ગામડામાં અને નગરમાં રહેતો સામાન્ય કે નીચલા થરનો, મોટેભાગે અશિક્ષિત એવો જનસમૂહ. એમાં મુખ્યત્વે નિરક્ષર ગ્રામવાસી કૃષકો, શ્રમિકો અને પશુપાલકોનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રમાં 'લોક' શબ્દનો અર્થ ખેડવાયા જાતિ પૂરતો મર્યાદિત થાય છે. દેશ અને સમાજના અન્ય જનોએ આવા 'લોક' ની હાંસી પણ ઉડાવી છે.

" 'લોક ફોક ને લવારિયાં, ઈ મન ફાવે ઈમ ગાયે.' "[૫]

જયમલ્લ પરમાર કહે છે કે, "લોક એ પોતે કોઈ બંગાળી, મરાઠી, હિન્દી, ગુજરાતી, તામીલ, તેલુગુ, મલયાલી કે અસમી કોઈ ચોક્કસ વિસ્તારની પ્રાદેશિક ભાષા નથી. તેમ 'લોક' એ અંગ્રેજી, જર્મની, ફ્રેન્ચ, રશિયન કે ચીની જેવી ભાષાનો સ્થળભેદ પણ નથી."[૬]

હિન્દી સાહિત્યમાં પણ 'લોક' નો અર્થ અંગ્રેજી ભાષાના 'ફોક' જેવો જ મર્યાદિત લેવાયો છે. પરંતુ ડૉ. શ્યામ પરમાર 'લોક' નો અર્થ આપતા જણાવે છે કે " શહેરના અને ગામડાના તમામ વાસીઓ એમાં સમાઈ જાય છે."[૭]

વાસુદેવ શરણ અગ્રવાલ લોક માટે કહે છે કે "'લોક' આપણા જીવનનો મહાસમુદ્ર છે. તેમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન સર્વ કાંઈ સમાયેલા છે. લોક રાષ્ટ્રનું અમર સ્વરૂપ છે." [૮]

ડૉ. સત્યેન્દ્ર લોક માટે કહે છે કે " 'લોક' જનસમાજનો એક એવો વર્ગ છે જે અભિજાત સંસ્કાર, શાસ્ત્રીયતા અને પાંડિત્યની ચેતના અથવા અહંકાર શૂન્ય છે અને તે પરંપરાના પ્રવાહમાં જીવીત રહે છે."[૯]

ઘણા બધા વિદ્વાનોએ 'લોક' ની વ્યાખ્યા પોતપોતાના મત મુજબ આપી છે. આથી તેની સ્પષ્ટતા બરાબર થઈ શકતી નથી. પરંતુ 'લોક' એટલે એવા લોક કે જેની પાસે પરંપરાથી ચાલી આવતી કેટલીક મૌખિક સામગ્રી છે. પોતાના જીવન દરમિયાન વારંવાર મૌખિક અભિવ્યક્તિ રૂપે એનો એ ઉપયોગ કરે છે. આવા લોકો ગ્રામીણ અને નગર સંસ્કૃતિમાં પણ છે. પરંપરાથી ચાલી આવેલ વિશિષ્ટ પ્રણાલિવાળો જનસમૂહ તે લોક. તે યંત્રયુગની સંસ્કૃતિ કરતાં જૂદી પ્રણાલિ ધરાવે છે.

આમ આપણે લોક શબ્દના વિવિધ અર્થો જોયા પછી સાહિત્યના અર્થને સમજીએ. ભાષાની દ્રષ્ટિએ આપણે સાહિત્યને હિન્દી સાહિત્ય, મરાઠી સાહિત્ય, અંગ્રેજી સાહિત્ય, ગુજરાતી સાહિત્ય વગેરે અલગ-અલગ ભેદ આપીએ છીએ. સ્થળ પ્રમાણે પણ સાહિત્યનું વિભાજન કરી શકાય. જેમ કે ભારતીય સાહિત્ય, યુરોપીય સાહિત્ય, રશિયન સાહિત્ય, ચીની સાહિત્ય વગેરે.

સાહિત્ય માટે અંગ્રેજીમાં 'Literature' શબ્દ વપરાય છે. સાહિત્યનો મૂળ અર્થ તો સામગ્રી પણ 'Literature' ના પર્યાય તરીકે પ્રચલિત થયો છે. એનું કારણ એ છે કે એ શબ્દ અર્થક્ષમતાવાળો છે. અંગ્રેજી લિટરેચરની વિભાવના મુજબ સાહિત્ય તો શબ્દની કળા છે. એટલે શબ્દને અર્થનું ભાવાનુસારી સાયુજ્ય તે કળા એમ લઈ શકાય. સાહિત્ય એ અનેક કળાઓમાંની એક કળા છે. સાહિત્ય એ લિખિત પરંપરામાં આવે છે. જે લખી અને વાંચી શકાય છે. સંસ્કૃતમાં સાહિત્યનો અર્થ કાવ્યશાસ્ત્ર એવો કરવામાં આવ્યો છે. એ આ સાહિત્યની અંતર્ગત છે. લખી વાંચી શકાય તે કૃતિઓ સાહિત્યમાં આવી શકે તો લોકસાહિત્ય તેની અંતર્ગત આવી શકે નહી, પરંતુ સાહિત્યનો વિશાળ અર્થ કરવામાં આવે આવે તો જે મૌખિક પરંપરાગત અભિવ્યક્તિ રૂપે સચવાયેલ છે તે પણ સાહિત્ય.

સાહિત્ય એના નામ પ્રમાણે 'સહિતતા' નો  ગુણ ધરાવે છે. શબ્દ અને અર્થની સહિતતા, શબ્દ અને અર્થની સહિતતા થવા સમ્પૃક્તિ જેમાં હોય તે 'સાહિત્ય.' ડૉ. હસુ યાજ્ઞિક જણાવે છે કે "સાહિત્ય એટલે વાણીના માધ્યમે ભાવને સંવેદ્યરૂપ આપતી કલા. સાહિત્યનું માધ્યમ ભાષા છે, એનું લિખિતરુપ છે, એમ છતાં એ છે કાનની કલા. એનું માધ્યમ એ રીતે વાણી જ છે. "[૧૦] સાહિત્યના મુખ્ય બે પ્રકારો પાડવામાં આવે છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.

(૧) લલિત સાહિત્ય :- આમાં ગદ્ય અને પદ્યના સ્વરુપોનો સમાવેશ થાય છે.

(૨) લલિતેતર સાહિત્ય :- આમાં શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને ચિત્રકલાનો સમાવેશ થાય છે.

આ બન્ને પ્રકારોએ જમાને-જમાને બદલાતી વિભાવના મુજબ વિકસીને સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આ બન્ને સાહિત્યમાં કલ્પના કરતાં વાસ્તવિકતા વધારે આલેખાય છે. સાહિત્ય એ અનેક કળાઓમાંની એક કળા છે. એમાં શબ્દને ઉપાદાનની જેમ એક કલાકાર વાપરે અને ભાવને વ્યક્ત કરવા માટે કોઈ શબ્દની કલાકૃતિ સર્જે, એમાં એક કલાકાર હોય, એનો મૌલિક એક ભાવ હોય, એની પોતાની મૌલિક અભિવ્યક્તિ હોય, એ અભિવ્યક્તિ એક મૌલિક આકારમાં બંધાઈ હોય, આ રીતે સાહિત્યમાં કોઈ મૌલિક કૃતિનું સર્જન થાય છે.

લોકસાહિત્યમાં ‘લોક’ અને ‘સાહિત્ય’ આ બન્ને શબ્દોનો યોગ છે. તે સાહિત્ય ખરું, પરંતુ લોકોનું સાહિત્ય. લોકોનું સાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં રચાયેલું, લોકોનું કંઠસ્થ સાહિત્ય. લોકસાહિત્યને ચોક્કસ વ્યાખ્યામાં બાંધી ન શકાય. પરંતુ વિવિધ વિદ્વાનોએ પોતાના જ્ઞાનને આધારે તેની વ્યાખ્યાઓ આપી છે જે નીચે મુજબ છે. કાકાસાહેબ કાલેલકર “લોકસાહિત્યને સમાજની બાલ્યાવસ્થા કહે છે.”[૧૧]

ગુજરાતી સાહિત્યકોશ-૩ માં લોકસાહિત્યની વ્યાખ્યા આ રીતે આપી છે: “લોકસાહિત્ય એ હકીકતે લોકવાણીનો આગવો જે ખુલ્લો પ્રદેશ છે; એમાં ત્રણેય પ્રકારની વાણી આવે : બોલાતી, ગવાતી અને કેવળ સઘોષ નાદ.”[૧૨]

ગુજરાતી વિશ્વકોશ મુજબ “કોઈપણ પ્રદેશ અને એની ભાષાબોલીઓમાંની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાતી-ગવાતી રચનાઓ જે લોકમાનસમાંથી ઉદ્‌ભવેલી, લોકમાનસમાંથી ઘડાયેલી અને લોકલક્ષી હોય તે લોકસાહિત્ય.”[૧૩]

ડૉ. સત્યેન્દ્રએ લોકસાહિત્ય એ ‘લોક’ નું પ્રતિનિધિત્ત્વ કરનાર સાહિત્ય છે એમ જણાવી “લોકમાનસની પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરનાર સાહિત્ય, તે લોકસાહિત્ય.”[૧૪] એમ જણાવ્યું છે.

ડૉ. બાર્કરના મતે લોકસાહિત્ય એટલે "અસંસ્કૃત લોકોનું જ્ઞાન સંસ્કૃતિથી દૂર રહેવાવાળી જાતિ – સમૂહોનું જ્ઞાન તે લોકસાહિત્ય."[૧૫]

એલેક્ઝાન્ડર એચ. ક્રેપ કહે છે કે "લોકસાહિત્ય એટલે લોકોની અલિખિત પરંપરાની સામગ્રી, નાગરિક સંસ્કૃતિ અને શૈક્ષણિક સંસ્કૃતિથી જૂદું એવું નિરક્ષરોનું સાહિત્ય."[૧૬]

ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય કહે છે કે "ચિત્તની પ્રસન્નતા, મનના આહ્લાદક ભાવ અને હૃદયની વ્યથામાંથી જે ભાવો વ્યક્ત થાય તે સ્વર શબ્દ રૂપે કે નર્તન, અભિનય કે કથા – વાર્તાનો જે સ્વરૂપે પ્રગટ થતા તે લોકસાહિત્ય."[૧૭]

શ્રી સરોજની રોહતગીના મતે "લોકસાહિત્ય એ છે કે જેમાં આપણા અભણ સમાજ માટે મનોરંજનની પૂરતી સામગ્રી મળે છે. માણસ કઠોર મહેનત પછી થોડો સમય પોતાના મનોરંજન માટે પણ ગાળે છે. એ મનોરંજન માનવ ગીત ગાઈને અને કથા સાંભળીને - સંભળાવીને મેળવે છે."[૧૮]

શ્રી રામચંદ્ર બોડા નોંધે છે કે "સાંસ્કૃતિક વળાં, સામાજિક પ્રસંગો અને સામાજિક ઉપકરણોના માધ્યમથી જીવંત રહેનારું સાહિત્ય છે. એવા સાહિત્યને લોકસાહિત્ય કહી શકાય." [૧૯]

શ્રી જયમલ્લ પરમારના મતે "લોકસાહિત્ય એટલે જેને કોઈની કૃતિ ન કહેવાય જે શ્રુતિમાં હોય અને જેનો લોકમાનસની પ્રકૃતિમાં સમાવેશ થતો હોય તે."[૨૦]

શ્રી ઉમાશંકર જોષી નોંધે છે કે "લોકસાહિત્ય એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય, કોણ જાણે તે કૃતિ ક્યારે ક્યારે રચાઈ હશે. જમાને – જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવ્યું. કોઈ અત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે, અલબત્ત લોકસાહિત્ય એ લોકકંઠની હલક દ્વારા – અને નહિ કે પોથીઓમાં જીવતું કોઈ, સ્થળ-સ્થળની જૂદી-જૂદી બોલીઓમાં એ મળવાનું."[૨૧]

શ્રી ઝવેરચંદ મેઘાણી નોંધે છે કે "લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નીચોડ છે. સાહિત્યવાણીને વારંવાર એ લોકવાણીએ પોતાના મેઘજળ પિવડાવીને વહેતી રાખી છે."[૨૨]

શ્રી કનુભાઈ જાની કહે છે કે, "લોકસાહિત્યની ઓળખ હું આમ આપું, તળપદી ભાષામાં તળપદા સંસ્કાર મૂર્ત કરતી, અજ્ઞાત કર્તૃત્વવાળી, પેઢી દર પેઢી મુખ પરંપરાથી ઉતરી આવેલી, સર્જકના સભાન વ્યક્તિમતાનાં લક્ષણો વિનાની, લોકસમાજની મુગ્ધ નૈસર્ગિકતાવાળી, ગીત હોય તો ક્યારેક ટેક-ઠેક, નૃત્ય રમતને લાવતી, સહેજે યાદ રહી જાય એવા શબ્દપ્રયોગોની રચના કે શબ્દલાઘવવાળી, ઉપદેશવૃત્તિના અભાવવાળી, જે તે સમાજના પ્રાણ ધબકારવાળી, નિર્દંભ, સરળ અને ભાવ સુંદર, મોટે ભાગે સંઘોર્મિઓ વહેતી, મોટે ભાગે નિરલંકૃત છતાં જો હોય તો લોકકલ્પનાને જ સૂઝે એવા અલંકારોથી ઓપતી, જે રચનામાં લોકસમૂહને ઘટાડવા-વધારવાની અનુકૂળતા કે છૂટ હોય છે ને એથી જેનાં પાઠાંતરો અનેક કે અગણ્ય હોય તેવી અથવા જેનો એક નિશ્ચિત અફર પાઠ ન જ હોય તેવી, શબ્દના કે ભાવ-વિચાર લાગણીના પ્રભુત્વમાત્રથી ધ્યાન ખેંચે તેવી નહિ બલકે જેમાં ઉપરથી લદાતું કોઈ જ પ્રભુત્વ કે દેખાડો ન હોય Complete absence of all officialdom, all in fluence exercised from above. તેવી સૂક્ષ્મ અંગત સંવેદનો કે વિચાર-મંથન-આત્મનિરીક્ષણ-પરીક્ષણ પૃથક્કરણ આ બધું ન હોય ને તરત પરખાઈ જાય તેવી ઘેરી લાગણીઓ હોય તેવી, આંટીઘૂંટી વિનાની અત્યંત સરળ રચનાવાળી, મૂળમાં લિખિત કે લિપિબદ્ધ નહિ પણ મુખ પરંપરાગત કથ્ય કે ગેયના વારસારૂપે સાંપડેલી શબ્દકળા તે લોકસાહિત્ય."[૨૩] કનુભાઈ જાનીએ આપેલી આ વ્યાખ્યામાં લોકસાહિત્યના તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.

શ્રી જશવંત શેખડીવાલા કહે છે કે "પરંપરાગત સાહિત્ય એટલે મૌખિક પરંપરાથી ઊતરી આવેલું, લોકોના કંઠમાં જળવાયેલું અને લોકો દ્વારા કંઠોપકંઠ પ્રસાર પામેલું સાહિત્ય. લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં સર્જાયેલું, લોકસંસ્કૃતિ અને પ્રાકૃતિક પરિવેશનું પ્રતિબિંબ ઝીલતું, લોકોનું કંઠસ્થ સાહિત્ય અર્થાત્ લોકસાહિત્ય."[૨૪]

શ્રી જોરાવસિંહ જાદવ લોકસાહિત્યને લોકવાણીમાં આ રીતે સમજાવે છે. “બરોબર ઊતરતો ઉનાળો હોય ને બેહતું ચોમાહું હોય, જેઠ અને અહાઢ મહિનાની ગડાહાંઘ હોય, ખેડૂતો આંખ્યું માથે હાથના નેજવાં કરી આકાશભણી મીટું માંડતા હોય. ઈમાં ગાયની ખરી જેવી એક નાનકડી એવી વાદળી દેખાય. ઈ વધીને હાથી જેવડી થાય. વધતી વધતી ડુંગર જેવડી થાય ને પછી એકબીજીયુંને ભેટતી હોય, પણ કેવી રીતે ?

નાનપણમાં ઘાઘરી પોલકા પહેરી, ઢીંગલે પોતિયે રમનારી બે સહિયરો, ઉંમરનો ઉંબરો ઓળંગીને પરણીને સાસરે જઈ હોય ને બાર બાર વરસનાં વહાણાં વાયા હોય પછી એક દિ’ પિયરના પાદરના વડલા હેઠ કાર્યમીક ભેગી થઈ જાય ને ગડગડતી દોટ મૂકી એકબીજીને બાથમાં લઈ સાંયામાયા ભેટે ઈમ બાર બાર મઈનાની વિજોગણ વાદળિયું ભેટતી હોય, આકાશી વીજળી સમવરળક સમવરળક કરતી ધરતીના ઓવારણાં લેતી હોય. આકાશમાં મેઘાડંમર જોઈને મોરલા ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરી મેઆવ મેઆવ મેઆવ કરતા મલ્હાર રાગ ગાતા હોય. બરાબર ઈ વખતે મેઘરાજા ઉનાળાની તપેલી ધરતી માથે વરસાદનું સરવડું નાખે ને ભીંજાયેલી ધરતીમાંથી માટીની ફટકેલી ફોરમ છૂટે, ઈ સૂંઘતા જ માનવીના બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટી જાય. ઈમ ગામડા ગામના અભણ પણ ઊર્મિશીલ માનવીના અંતરમાંથી કુંવારી કલ્પનાના વીરડા વછૂટે ને એમાંથી પ્રગટેલા ગીતો, વારતાઓ, કહેવતો અને દૂહા લોકહૈયાને ભીંજવી દે એનું નામ લોકસાહિત્ય.”[૨૫]

આમ વિવિધ વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ જોતા મારી દ્રષ્ટિએ લોકસાહિત્ય એ પરંપરામાંથી ઉદ્‌ભવેલું છે. જેને કોઈ ભાષા કે વ્યાકરણ સાથે કોઈ સંબંધ હોતો નથી. એ તો લોકો વચ્ચેથી જ ઉદ્‌ભવે છે અને લોકોમાં જ સમાઈને લોકોના હૃદયમાં વસે છે. તે લોકોના જીવનધોરણ, રહેણીકહેણી અને વિચારોનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યક્તિ જ્યારે આનંદમાં કે શોકમાં હોય ત્યારે તેના મનમાંથી જે વિચારો ઉદ્‌ભવે તેને ગદ્યમાં, પદ્યમાં કે અભિનયરૂપે બહાર લાવે છે અને આ રીતે તે વિચારો ધીમે-ધીમે લોકસાહિત્યનું રૂપ ધારણ કરી લે છે. જે લોકો પ્રકૃતિના ખોળે જીવન ગાળતા તેઓ આનંદ મેળવવા માટે પોતાના હૃદયને સ્પર્શતી લાગણીઓને બોલી રૂપે રજૂ કરતા, જે લોકસાહિત્યની સામગ્રી રૂપે આપણને મળે છે. પેઢી દર પેઢી ઉતરી આવેલા લોકસાહિત્યમાં સ્થળ, કાળ અને સમય મૂજબ ફેરફાર થતા રહે છે. અર્થાત્ કુદરતને

ખોળે જીવતા, નિરક્ષર પણ લાગણીશીલ એવા લોકસમૂહના લાગણી, કલ્પના-વિચાર-આદર્શ-ઝંખના આદિને સીધી, સરળ, મધુર અને જીવંત બોલીમાં પ્રગટ કરતું સાહિત્ય તે લોકસાહિત્ય. તેથી લોકસાહિત્ય એ લોકહૃદયની વાણી બની રહે છે. જેમાં હૃદયનાં પ્રત્યેક ભાવનું અને જીવનની દરેક અવસ્થાનું આલેખન થાય છે.

લોકસાહિત્યનો વિસ્તાર ખૂબ વ્યાપક છે. તેમાં સામાન્ય જનસમાજની તમામ સ્થિતિઓ વિવિધ ભાવે મૌખિક અભિવ્યક્તિ પામેલી છે. તેને કોઈ સીમામાં બાંધી શકાય નહીં. લોકસાહિત્ય 'સાહિત્ય' તરીકે રસિક હોવાથી લોકસંસ્કૃતિનાં અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી છે. તેમાં લોકમાનસ ઉપરાંત લોકજીવનનું પ્રતિબિંબ ઝિલાયું છે. તેમાં લોકોના આશા-ઈચ્છા, શ્રધ્ધા, નીતિ-સદાચાર વિષયક ખ્યાલ, ઈશ્વર પ્રકૃતિ, જગત વિશેના વિચાર, સંવેદના, કલ્પના, આદર્શ, પાપ-પુણ્યનું દર્શન, વીરપૂજાની ભાવના, અને જીવનની વિવિધ અવસ્થાઓનાં અનુભવ વગેરેનું નિરૂપણ થયું છે. તેમાં ગ્રામજીવનના ધબકારમાં પ્રાકૃતિક પરિવેશ આલેખાયા છે. ગામડાના ઘર, ફળિયા, તળાવ, ખેતર, મંદિર, વન, ઝાડ, પાન, પશુ-પંખી, ડુંગર, વિવિધ ઋતુઓ, દુષ્કાળ અને લોકહિત માટે બલિદાન દેનારા માનવીઓ, ઈશ્વર પાછળ ઘેલા થતાં ભક્તો, પ્રેમ પાછળ ફના થતાં પ્રેમીઓ વગેરે સમભાવપૂર્વક નિરૂપાયા છે.

લોકસાહિત્યનો સર્જક અજ્ઞાત છે પણ તેનો કોઈ ને કોઈ સર્જક તો હતો જ એ પણ એક હકીકત છે. કદાચ એ સમયે વાર્તા, લોકગીત કે લોકકથાને અંતે પોતાનું નામ લખવાનો રિવાજ નહિં હોય. શરૂઆતમાં લોકો એના રચયિતાનું નામ જાણતા હશે પણ કાળક્રમે એ સર્જક ભૂલાયો હશે. લોકસાહિત્ય કંઠોપકંઠ ઉતરે છે એનો અર્થ એ થયો કે હવે સર્જાતું નથી. પણ એવું નથી. કેટલાક ફિલ્મી ગીતોના ઢાળ પરથી આજે પણ નવા-નવા લગ્નના ગીતો સર્જાતા જ જાય છે. કહેવતો, કથાવાર્તાઓનું સર્જન પણ થાય જ છે.

અંતે લોકસાહિત્ય વિશે એમ કહી શકાય કે 'લોકો થકી, લોકો માટે અને લોકો વચ્ચે રહીને જે રચાયું તે લોકસાહિત્ય.' લોકસાહિત્યની આ વ્યાખ્યાઓમાં લોકભાવનું પ્રતિબિંબ ઝિલાય છે. જેમાં વ્યક્તિ પ્રતિભાનો સાવ અભાવ હોય, લોકભાવ, લોકસંવેદન અને લોકવિચાર જેમાં વ્યક્ત થતો હોય તે લોકસાહિત્ય બની રહે છે.

## ૨. ૨ લોકસાહિત્યના લક્ષણો

લોકસાહિત્યની આટલી ચર્ચા કર્યા પછી તેના લક્ષણો જોઈએ. ગુજરાતી સાહિત્યકોશ-૩ માં લોકસાહિત્યના લક્ષણો નીચે મુજબના આપવામાં આવ્યા છે.

"(૧) એ લોકરચના છે, વૈયક્તિક રચના નથી.

(૨) એનો કોઈ એક કર્તા ન હોય કે એનું નામ ન હોય.

(૩) એ જે તે લોકસમાજની સહિયારી સંપતિ હોવાથી, એમાં સમાજ આપજોગ ફેરફાર કરી જ લેતો હોય છે તેથી, એ પાઠાન્તરક્ષમ જ હોય છે, લવચીક હોય છે. એનાં સંખ્યાતીત પાઠાન્તરો હોવાનાં જ.

(૪) એ મૂળે બોલવા – સાંભળવા માટેની રચના હોવાથી કંઠપરંપરામાં હોવાની.

(૫) એ મૌલિકતા/ અલૌકિકતા/ રસિકતા ખાતર ન આવે, કલાકૃતિ બનવાનાં ખ્યાલથી ન આવે. જીવનની અનિવાર્યતામાંથી આવે. એનાં વિભિન્ન પ્રયોજનો હોય.

(૬) એ ભાષામાં નહિ, બોલીમાં હોય.

(૭) એને સ્મૃતિ રૂપે ટકવાનું હોવાથી એ સરળ હોય, લાઘવયુક્ત હોય, ચોટદાર પણ હોય, અનેક પ્રકારની લયલીલાઓવાળી હોય.

(૮) એ સાંઘિક વૃત્તિ-વલણો-વિચારો-ઊર્મિઓ રજૂ કરે.

(૯) એનું મૂળ-કૂળ લોકવિદ્યાનું.

(૧૦)એ પ્રસંગનિર્ભર પ્રયોગ માટેની વસ્તુ હોવાથી એમાં ત્રિવિધ સહોપસ્થિતિ અનિવાર્ય : વક્તા જોઈએ, શ્રોતા જોઈએ અને પ્રસંગ જોઈએ."[૨૬]

ડૉ. નરેશ વેદ લોકસાહિત્યના અભિલક્ષણો આ રીતે આપે છે.

" (૧) લોકસાહિત્યનું પ્રથમ લક્ષણ એ છે કે તે અપૌરુષેય સાહિત્ય છે.

(૨) સરળ અને અકૃત્રિમ અભિવ્યક્તિ એ સાહિત્યનું બીજું લક્ષણ છે.

(૩) મૌખિક અભિવ્યક્તિ આ સાહિત્યનું ત્રીજું લક્ષણ છે.

(૪) રચનાગત માળખામાં અને રજૂઆતમાં રૂઢિચુસ્તતા અને પરંપરાગતતા એ લોકસાહિત્યનું ચોથું લક્ષણ છે.

(૫) કૃતિપાઠની પરિવર્તનશીલતા એ લોકસાહિત્યનું પાંચમું લક્ષણ છે.

(૬) ધંધાદારી અને અર્ધ-ધંધાદારી કુશળ પરંપરાધારકો લોકસાહિત્યનું છઠ્ઠું લક્ષણ છે."[૨૭]

## ૨. ૩ લોકસાહિત્ય અને અભિજાત સાહિત્ય વચ્ચેનો તફાવત

લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્ય બન્ને સાહિત્ય તો લાગે છે, છતાં પણ સિદ્ધાંત, સ્વરૂપ અને કલાની દ્રષ્ટિએ જોતાં ઘણી બાબતોમાં આ બન્ને પ્રકારના સાહિત્યમાં ભેદ જોવા મળે છે. આ બન્ને સાહિત્ય વચ્ચેનો તફાવત નીચે પ્રમાણે જણાવી શકાય.

**(૧)** અભિજાત સાહિત્યની દરેક કૃતિ અચલ, નિશ્ચિત અને સ્થિર છે. તેમાં ફેરફારને અવકાશ નથી, જ્યારે લોકસાહિત્યનો આકાર સતત બદલાતો રહે છે, એના આંતરબાહ્ય તત્ત્વો પણ બદલાતાં રહે છે. તેથી લોકસાહિત્યની કૃતિ ચલ, અનિશ્ચિત અને અસ્થાયી છે.

**(૨)** અભિજાત સાહિત્યની કૃતિ અચલ હોવાથી એનો એક જ પાઠ હોય છે, જ્યારે લોકસાહિત્યની કૃતિમાં સદાપરિવર્તન થતું હોવાથી એના અનેક પાઠાંતરો જોવા મળે છે.

**(૩)** અભિજાત સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ તો એક ઉત્તમ કલાકૃતિ આપવાનો અને કલાને પ્રગટાવવાનો હોય છે, જ્યારે લોકસાહિત્ય એ જીવનની વિદ્યા છે. જીવનમાં જ્યાં જરૂર પડે ત્યાં એની કૃતિ ખપમાં આવે છે. જન્મથી માંડીને મૃત્યુ સુધીના પ્રસંગોમાં એનો ખપ પડે છે.

(૪) અભિજાત સાહિત્યનો સર્જક ચોક્કસ છે. તેમાં કૃતિ અને કર્તા બન્નેના નામ હોય છે, જ્યારે લોકસાહિત્યનો કોઈ કર્તા હોતો નથી. તે અજ્ઞાત છે. લોકસાહિત્યની કૃતિને નામ તો પાછળથી અપાયું હોય છે.

(૫) અભિજાત સાહિત્યમાં વ્યક્તિગત ઊર્મિની અભિવ્યક્તિ હોય છે, જ્યારે લોકસાહિત્યમાં સમૂહગત ઊર્મિની અભિવ્યક્તિ હોય છે.

(૬) અભિજાત સાહિત્યનું વહન મોટે ભાગે શિષ્ટ અને સંસ્કારી ભાષામાં થતું હોય છે, જ્યારે લોકસાહિત્યની અભિવ્યક્તિ માત્ર લોકભાષા કે બોલીમાં થાય છે. એટલા માટે તો લોકસાહિત્યમાં કૃત્રિમતા જરા પણ આવતી નથી. જ્યારે અભિજાત સાહિત્યમાં કૃત્રિમતા આવવાનો પૂરેપૂરો સંભવ છે.

(૭) અભિજાત સાહિત્ય મોટે ભાગે સૌંદર્યની ઉપાસના કરે છે, જ્યારે લોકસાહિત્ય મુખ્યત્વે જીવતા જીવનની ઉપાસના કરે છે. શિષ્ટ કૃતિમાં ગમે તેટલી કલાસિદ્ધિ હાંસલ કરવામાં આવે પણ તેમાં લોકસાહિત્યમાં જેવી ચેતના હોય છે તેવા પ્રકારની ચેતના આવી શકતી નથી.

(૮) અભિજાત સાહિત્યમાં સંગીતતત્ત્વ કવિતા – ગીતમાં વણાયેલું હોય છે, જ્યારે બીજી બાજુ લોકસાહિત્યને સંગીત વગર જરા પણ ચાલતું નથી. અલબત્ત, લોકસાહિત્યના ગદ્ય સ્વરૂપોમાં પણ સંગીત, લય, ઢાળ, રિધમ, આવર્તન આવે જ છે.

(૯) લોકસાહિત્ય કહેવાવા-સાંભળવા માટેનું હોવાથી એમાં બોલનાર-સાંભળનાર એમ બન્નેની ઉપસ્થિતિ અપેક્ષિત છે, જ્યારે અભિજાત સાહિત્ય વાંચીને ઉપભોગી શકાય તેવું હોવાથી એ એકાંગીપણે ઉપભોગાય છે.

(૧૦) અભિજાત સાહિત્ય ભણેલાને આનંદ આપી શકે, જ્યારે લોકસાહિત્ય અબાલવૃદ્ધ-ભણેલ, અભણ સૌ કોઈને આનંદ આપે છે.

(૧૧) અભિજાત સાહિત્યના સર્જનનો ચોક્કસ સમય હોવાથી તત્કાલીન સમયનું પ્રતિબિંબ તે કૃતિમાં પડશે, જ્યારે લોકસાહિત્યના સર્જનનો ચોક્કસ સમય હોતો નથી.

**(૧૨)** *અભિજાત સાહિત્યના ગદ્ય અને પદ્યના વિવિધ સ્વરૂપો તેનાં ઉદ્ભવ અને વિકાસરેખા છે, જ્યારે એવી વિકાસરેખા લોકસાહિત્યના કોઈપણ સ્વરૂપની આંકી શકાતી નથી.*

## ૨. ૪ લોકસાહિત્યનું મહત્ત્વ

*કોઈપણ લોકજાતિના લોકસાહિત્યમાં જે તે લોકોના લોકજીવનને સમજી શકાય તેવી ભરપૂર સામગ્રી પડેલી હોય છે. ઐતિહાસિક ખ્યાલો તથા સ્થાનિક ભૂગોળનો પરિચય પણ તેમાંથી પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યના મહત્ત્વને નીચે મૂજબના વિભાગમાં વહેંચી શકાય.*

**(૧) ઐતિહાસિક મહત્ત્વ :-** *કોઈપણ દેશનો ઈતિહાસ તેના લોકજીવનના ખ્યાલ વગર અધૂરો છે. ઈતિહાસ રાજા-મહારાજાના યુદ્ધો અને રાજયના વિસ્તારનો ખ્યાલ આપે છે, પરંતુ સામાન્ય જનસમુદાય કેવો હતો, લોકજીવન કેવું હતું તેનો સાચો ખ્યાલ તો લોકસાહિત્ય જ આપી શકે. લોકસાહિત્યમાંથી એવા ઘણાં પાત્રો મળે છે કે જેના માટે ઈતિહાસ મૌન છે, જેને લોકસંસ્કૃતિમાં શ્રેષ્ઠ સ્થાનના અધિકારી બનાવ્યા છે.*

**(૨) સામાજિક મહત્ત્વ :-** *લોકસાહિત્યમાંથી કોઈપણ સમાજનું સાચું ચિત્ર પ્રાપ્ત થાય છે. ભાઈ બહેનના હેતના ગીતો, નણંદ ભોજાઈના સંબંધો, સાસુ વહુના સંબંધો, પતિ પત્નીના સબંધો, સાસુ સસરાની ખાસિયતો વગેરેના સરસ ચિત્રો લોકસાહિત્યમાંથી ઉપસે છે. એમના રીતરિવાજ, આચાર વિચાર અને ખાનપાનનો લોકસાહિત્ય દ્વારા ખ્યાલ આવે છે. એમનો પહેરવેશ, માન્યતાઓ, શ્રદ્ધા અશ્રદ્ધાઓનો ખ્યાલ એમના લોકગીતો, લોકકથા દ્વારા આવે છે. આમ માનવ જીવનની સામાજિક પ્રતિષ્ઠાનો ખ્યાલ એમનું લોકસાહિત્ય આપે છે.*

**(૩) ધાર્મિક મહત્ત્વ :-** *સમાજના કેન્દ્રમાં ધર્મ છે. લોકજાતિઓ જેટલી યંત્રયુગના ચળકાટથી દૂર તેટલી ધાર્મિક વિશેષ. દેવ દેવીઓની પૂજા, વ્રત, તપ, ઉપવાસ, મરતા માનવીના મુખમાં ગંગાનું પવિત્ર પાણી મૂકવું, ગાયોના દાન દેવા, પવિત્ર સ્થળોએ શ્રાદ્ધ ક્રિયા, ભજનો, શ્રમગીતો વગેરેમાં ધાર્મિકતાનું દર્શન થાય છે. આમ ધર્મ એમના લોકજીવનમાં વણાઈ ગયો છે પણ લોકગીતોમાં એ વધારે પુષ્ટ થયો છે. શીતળા વખતે બળિયા બાપજીના ગીતો ગાય, હોળી વખતે*

હોળી માતાના ગીતો ગાય છે. કથાવાર્તામાં પણ ધાર્મિકતા આવે છે. દૈવ દૈવીઓના ચમત્કારોમાં ધર્મ સમાયેલો છે.

***(૪) ભૌગોલિક મહત્ત્વ :-*** *કાળક્રમે ભૌગોલિક સ્થિતિ પરિવર્તન પામતી હોય છે પણ માનવને વારસામાં મળેલી જે તે સ્થળની માહિતી અકબંધ રહેતી હોય છે. અમુક ગામો આજુબાજુના ગામોથી સાવ અલગ પડી ગયા છે. વચમાં નાની મોટી ખાડીઓ આવેલી છે. અમુક વર્ષો પૂર્વે આ ગામો એકબીજા સાથે જમીનથી જોડાયેલા હતા, પરંતુ ઘસારો અને નવરચનાની પ્રક્રિયા સતત ચાલુ હોવાથી એ ગામો એકબીજાથી અલગ પડી ગયા છે. પરંતુ લોકવાર્તાઓમાં આજ પૂર્વેની સ્થિતિ કેવી હતી એનો ખ્યાલ મળે છે. ભૌગોલિક સ્થિતિ પલટાતા અડાબીડ ઝાડી ઓછી થતા ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ આજે જોવા મળતા નથી પણ લોકસાહિત્યમાં એવા પક્ષીઓ અને પ્રાણીઓના ઉલ્લેખો મળે છે.*

***(૫) નૈતિક શિક્ષા વિષયક મહત્ત્વ :-*** *નીતિ વિષયક અને ચરિત્ર્ય નિર્માણને લગતી મૂલ્યવાન સામગ્રી લોકસાહિત્યમાં પડી છે. પ્રાચીન સમયના લોકો કેટલા નીતિવાળા, કેટલા ચારિત્ર્યવાન હતા તેનો ખ્યાલ એમાંથી આવે છે. માનવી આદર્શ જીવન કેવી રીતે જીવી શકે તે લોકસાહિત્યમાં કહેવતોની દ્રષ્ટાંતકથાઓ દ્વારા, લોકોક્તિ અને રૂઢિપ્રયોગો દ્વારા ખ્યાલ અપાતા હોય છે. ઉપદેશની વાતો લોકસાહિત્યમાં વાર્તાના માધ્યમ દ્વારા વ્યક્ત થાય છે.*

***(૬) ભાષાશાસ્ત્ર સંબંધી મહત્ત્વ :-*** *લોકસાહિત્ય લોકબોલી દ્વારા ઉતરી આવે છે તેને કારણે ગુજરાતી ભાષાના કેટલાક શબ્દો પ્રાથમિક તબક્કાના પણ લોકસાહિત્યમાં પ્રયોજાતા આવે છે. લોકગીતોમાં આવા શબ્દો વધારે જોવા મળે છે. તેના પરથી લોકગીતોનો ઉદ્ભવકાળ ભાષાશાસ્ત્રના અભ્યાસ દ્વારા જાણી શકાય છે. લોકગીતોમાં એવા ઘણા શબ્દો મળે છે કે જેના પરથી ગુજરાતી ભાષાનો વિકાસ ક્રમ જાણી શકાય છે.*

## ૨. ૫ લોકસાહિત્યનું સ્વરૂપ

લોકસાહિત્યના મુખ્ય બે સ્વરૂપ છે. (૧) કથ્ય સ્વરૂપ (૨) ગેય સ્વરૂપ. લોકસાહિત્યના આ બન્ને સ્વરૂપોનો સામાન્ય પરિચય નીચે પ્રમાણે આપી શકાય.

### (૧) કથ્ય સ્વરૂપ

જે સ્વરૂપો કહેણી દ્વારા વ્યક્ત થાય છે તેને કથ્ય સ્વરૂપ કહેવામાં આવે છે. લોકસાહિત્યના "કથ્ય સ્વરૂપમાં લોકકથા, લોકનાટ્ય, કહેવતો, ઓઠા, ટૂચકા, સમસ્યાઓ અને રૂઢિપ્રયોગો વગેરે જોવા મળે છે."[૨૮] આ દરેકનો સામાન્ય પરિચય નીચે પ્રમાણે આપી શકાય.

### ૧. લોકકથા

કથ્ય સ્વરૂપમાં લોકકથા એ સૌથી વધારે લોકપ્રિય પ્રકાર છે. સંસ્કૃતમાં 'કથ' ધાતુનો અર્થ કહેવું થાય છે. તેથી વાર્તમાં કથ ધાતુનો શબ્દાર્થ 'કથા' કહી શકાય. વાર્તા શબ્દનો સંસ્કૃતમાં સામાન્ય અર્થ સમાચાર એવો થાય છે. વૃત પરથી વાત – વારતા શબ્દ આવ્યો. લોકકથાને અંગ્રેજીમાં Folk Tale કહે છે. સમાજમાં બનતી વાસ્તવિક ઘટનાઓમાંથી લોકકથાનું કાઠું બંધાય છે. લોકકથા એ માત્ર કથ્ય સ્વરૂપ છે. લોકકથા પરંપરાથી તળપદા સંસ્કારો પ્રાપ્ત કરીને કંઠોપકંઠ સંચરતી વાચિક કથા છે, પરંતુ એ મુદ્રિત થતાં લોકકથા મટી જતી નથી. જો કે એના એક મહત્ત્વના સ્વરૂપ તત્ત્વ પ્રવાહિતાનો અંત આવે છે. સમાજમાં બનતી ઘટનાઓ ઉપર કોઈપણ ભાવકને ગમે તેવા ભાષા અલંકારો, રસ અને રજૂઆતનો ઢોળ ચડે છે. અને એમાંથી લોકકથા ઘડાય છે. લોકકથાને આપણે નિશ્ચિત તત્ત્વો કે નિર્માણક તંતુથી બાંધી ન શકીએ, કારણ કે તેનો આકાર, રજૂઆત ભાષા, અલંકાર વગેરે બદલાતા રહેશે.

ઐતિહાસિક, પ્રાચીન, કલ્પિત કથાવસ્તુની આસપાસ કથાની ગૂંથણી થતી હોય છે. લોકકથામાં વિપુલ વૈવિધ્ય જોવા મળે છે. પ્રાચીન ધર્મકથા, પૌરાણિક કથાથી માંડીને છેલ્લા દાયકા સુધીની ઘટનાનો સમાવેશ થાય છે. લોકજીવન અને લોકસંસ્કૃતિના દર્શન આપણને લોકકથામાં થાય છે.

ગુજરાતી ભાષામાં " 'લોકકથા' (૧૯૮૫) નામ વાપરનાર તો છે રૂસ્તમ ખુરશેદ ઈરાની."[૨૯] તેમણે ૧૯૮૫ માં આ શબ્દનો પ્રથમ વખત પ્રયોગ કર્યો હતો. લોકકથા આપણી સંસ્કૃતિના વિકાસની સાથે આગળ વધી છે. જ્યારે લિપિ કે ચિત્રોનો જન્મ નહોતો થયો ત્યારે કૂતુહલની વાતો કહેવાની શરૂ થઈ. જેમંથી ધીરે-ધીરે અભિનય શરૂ થયો. મોહે જો દડો

અને હડપ્પાના અવશેષોમાંથી ચિત્રબદ્ધ વાર્તના અવશેષો મળ્યા છે. સૌ પ્રથમ લોકકથાનું સ્વરૂપ 'બૃહત્કથા' માંથી મળે છે. પંચતંત્રની કથાઓ પણ એના મૂળમાં છે.

શરૂઆતમાં લોકકથાનું સ્વરૂપ સત્યકથા પર આધારિત હતું, પરંતુ ત્યાર પછી આ કથા સમયના પ્રવાહમાં વહી અનેક રૂપો ધારણ કરતી રહી. જગતમાં સૌથી વધુ પ્રાચીન કથા જલપ્રલયની હોવાનું સંશોધન થયું છે. ભારતમાંથી જઈને ઈરાકમાં વસેલા આર્યોના વસવાટમાં અનરાધાર વરસાદથી જલપ્રલય થયેલો. તેમાંથી બચેલા આર્યો પાછા ભારતમાં આવીને વસ્યા. આ રીતે આ કથા અહીં પ્રચલિત થઈ.

મહાભારતમાં અને પુરાણોમાં અનેક પ્રકારની કથાઓ આલેખાયેલી છે. બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્યમાં ઘણી બધી લોકકથાઓ છે. તેની શૈલી સરળ, સ્વાભાવિક અને આડંબર વગરની હોય છે. તેમાં પાત્રો મિતભાષી, વાક્યપ્રયોગો લાક્ષણિક, શબ્દપ્રયોગો વિશિષ્ટ, કથાનો પ્રવાહ ચેતનવંતો, સંવાદો ટૂંકા અને વ્યંજનાત્મક અને ભાષા સાંકેતિક હોય છે.

લોકકથા સ્વરૂને સ્પષ્ટ કરવા માટે ઘણાબધા વ્યાખ્યાનો થયા છે. પરંતુ એ અંગેની પદ્ધતિસરની વિચારણા ઓછી થઈ છે. આ વ્યાખ્યાનોમાંથી લોકકથાની વિભાવના અને સ્વરૂપ કંઈક અંશે સ્પષ્ટ થાય છે. વિવિધ વિદ્વાનોએ આપેલી લોકકથાની વિભાવના નીચે પ્રમાણે છે.

ડૉ. હસુ યાજ્ઞિક કહે છે કે "વિશ્વની પ્રત્યેક પ્રજા પાસે પરંપરાગત કથા-વાર્તાનો ખજાનો પડ્યો છે. આ કથા-વાર્તા આધુનિક ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, એકાંકીના સ્વરૂપે ઢળીને આવતી મૌલિક કલ્પિત કથાઓ નથી, પરંતુ પરંપરાગત પ્રવાહમાં ચલણી બનીને વિવિધ કાળે, વિવિધ રૂપે પ્રગટ થતી કથાઓ છે. એનો રચયિતા કોણ છે, એ કોઈ જાણતુ નથી, અને જે સ્વરૂપે આવી કથા-વાર્તા અસ્તિત્વ ધરાવતી હોય છે, તે સ્વરૂપે તો એનો કોઈ એક રચયિતા હોતો નથી. આથી આવી પરંપરાગત કથા-વાર્તાનો રચયિતા પરંપરા છે, લોક પરંપરા છે, તેથી એને લોકકથા અથવા લોકવાર્તા એવું નામ આપીએ છીએ."[30]

ડૉ. હસુ યાજ્ઞિક કહે છે કે "જે કથા કોઈ એક જ વ્યક્તિની કલ્પનામાંથી જન્મી નથી પરંતુ વિવિધ લોકો દ્વારા વિવિધ તબક્કે અને વિવિધ રીતે સંસિદ્ધ થઈ છે તે લોકકથા."[૩૧]

હરિવલ્લભ ભાયાણી નોંધે છે કે "ભિન્ન ભિન્ન સમાજોના લોકસાહિત્ય અને લોકકલામાં તે સમાજના જીવનનું અમુક પ્રમાણમાં સાચું પ્રતિબિંબ ઝિલાતું હોય છે, એ સુવિદીત છે પણ કેટલુક લોકસાહિત્ય- ખાસ કરીને કેટલીક લોકકથાઓ અમુક લોકો કે દેશની જ ન રહેતાં, આખા વિશ્વની, આખા માનવસમાજની બની ગઈ હોય છે. એકની એક કથા ભિન્ન-ભિન્ન કાળાન્તરે પ્રચલિત હોવાના પુષ્કળ ઉદાહરણો છે."[૩૨]

## ❋ લોકકથાના હેતુ

લોકસાહિત્ય પુસ્તકમાં જયમલ્લ પરમારે લોકકથાના હેતુઓ નીચે પ્રમાણે આપ્યા છે.

"(૧) વાર્તાનો પ્રથમ ઉદ્દેશ તો આનંદ જ છે.

(૨) વાર્તાનો બીજો ઉદ્દેશ તે શિક્ષણ છે.

(૩) વાર્તાનો ત્રીજો ઉદ્દેશ છે કલ્પના શક્તિનો વિકાસ.

(૪) વાર્તાનો ચોથો ઉદ્દેશ છે ભાષા-શુદ્ધિનો.

(૫) વાર્તાનો પાંચમો ઉદ્દેશ છે લોક-સંસ્કૃતિનો પરિચય આપવાનો.

(૬) વાર્તાનો છઠ્ઠો ઉદ્દેશ છે સમભાવ અને પ્રેમભાવ.

(૭) વાર્તાનો સાતમો ઉદ્દેશ છે સ્મરણશક્તિ ખિલવવાનો.

(૮) વાર્તાનો આઠમો ઉદ્દેશ છે લેખનશક્તિ ખિલવવાનો.

(૯) વાર્તાનો નવમો ઉદ્દેશ છે લાગણીઓની કેળવણીઓનો."[33]

## ❋ લોકકથાના લક્ષણો

ડૉ. હસુ યાજ્ઞિક લોકકથાના લક્ષણો નીચે મુજબ જણાવે છે.

"(૧) ગદ્યમાં કથન એ લોકકથાનું પ્રાથમિક લક્ષણ છે.

(૨) મૌખિક પરંપરા એ બીજું મહત્ત્વનું લક્ષણ છે.

(૩) લોકવાર્તાને લગતો પ્રાદેશિકતાનો સ્પર્શ એ તેનું આગવું લક્ષણ છે.

(૪) લોકમાનસની અંતઃવ્યાપ્તિ અનિવાર્ય છે.

(૫) લોકવાર્તાની કથનશૈલી સાદી અને સરળ હોય છે.

(૬) લોકકથાનું અગત્યનું લક્ષણ છે તેનું મોઢિયું.

(૭) લોકવાર્તાની માંડણી.

(૮) લોકવાર્તાનો વળોટ.

(૯) લોકકથામાં આવતા ઓઠાઓ.

(૧૦) લોકકથામાં આડકથાઓનો વિનિયોગ.

(૧૧) લોકકથાનો નાદવૈભવ.

(૧૨) લોકકથામાં હુંકાર.

(૧૩) લોકકથાનો અંત."[૩૪]

## ❋ લોકકથાનું વર્ગીકરણ

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકકથાનું વર્ગીકરણ આ રીતે કરે છે. "(૧) પરીકથા (૨) રંજકકથા (૩) પશુકથા (૪) સ્થાનિક દંતકથા."[૩૫]

*કનુભાઈ જાની લોકકથાનું વર્ગીકરણ આ રીતે કરે છે. "(૧) દંતકથા - ઈતિહાસકથા (૨) પુરાકલ્પનકથા (૩) ઘરઘથ્થુ કહાણીઓ."*[૩૬]

*પુષ્કર ચંદરવાકર લોકકથાનું આ રીતે વર્ગીકરણ કરે છે. "(૧) દંતકથા વા કથાવાર્તા વા ધર્મકથા (૨) જીવનકથા વા વૃત્તાંતો (૩) વ્રતકથાઓ (૪) ગીતકથા (૫) પ્રેમશૌર્યની ગદ્ય/ પદ્ય કલ્પિત/ ગંભીર/ ઐતિહાસિક કથાઓ (૬) પરીકથા (૭) રૂપકથા (૮) રાસડા."*[૩૭]

*જોરાવરસિંહ જાદવ આ રીતે વર્ગીકરણ કરે છે. "(૧) સામાજીક અને કૌટુંબક પ્રકારની કથાઓ (૨) ઐતિહાસિક અર્ધ –ઐતિહાસિક અને દંતકથાઓ (૩) કાલ્પનિક કથાઓ (૪) પશુ-પ્રાણીઓની કથાઓ (૫) સ્થાનિક વિર-વિરાંગનાઓની શૌર્યકથાઓ (૬) પૌરાણિક કથાઓ (૭) નદી અને સરોવરની કથાઓ (૮) વનસ્પતિ જીવનની કથાઓ (૯) કુદરતના બનાવો સંબંધની કથાઓ (૧૦) વારતહેવાર અને વ્રતની કથાઓ (૧૧) ધર્મકથાઓ (૧૨) મનોરંજન કથાઓ (૧૩) કહેવત કથાઓ (૧૪) બાળ કથાઓ (૧૫) ભૂત-પ્રેતની કથાઓ (૧૬) વિનોદ અને ચતુરાઈની કથાઓ (૧૭) કામણ-ટૂમણની કથાઓ (૧૮) ઓઠામાં મળતી કથાઓ (૧૯) જાતિ ઉત્પત્તિની કથાઓ (૨૦) ધંધાનું રહસ્ય અને કસબ દર્શાવતી કથાઓ."*[૩૮]

***૨. લોકનાટ્ય***

*લોકનાટ્યને અંગ્રેજીમાં* Folk Drama *કહેવામાં આવે છે. માનવ જ્યારથી સમૂહમાં રહેતા શીખ્યો ત્યારથી લોકનાટ્યનો ઉદ્‌ભવ થયો હશે. સાહિત્ય અભિનય, ગાયન, વાદન જેવી કલાઓના મિશ્રણથી લોકનાટ્ય એ લોકજીવનને મનોરંજન અને જ્ઞાન પરું પાડે છે. મધ્યકાળમાં અસ્તિત્ત્વમાં આવેલા લોકનાટ્ય-ભવાઈના વેશો આજે અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. આજે ભવાઈ એ માત્ર તરગાળા કોમનો વ્યવસાય બની ગઈ છે.*

*ઉત્તર ગુજરાતના અસાઈત નામનો બ્રાહ્મણ હેમળા પટેલની દીકરીને મુસ્લિમ પાસેથી બચાવવા જાય છે ત્યારે અસાઈતને તેમની સાથે એક ભાણામાં ભોજન કરવું પડે છે. ત્યારબાદ આ વાતની જાણ બીજા બ્રાહ્મણોને થાય છે અને અસાઈતને બ્રાહ્મણની નાત બહાર મૂક્યો. આ રીતે વટલાઈ ગયા પછી અસાઈતે ભવાઈના વેશો ભજવવાનું શરૂ કર્યું. અસાઈતે*

લખેલા વિવિધ વેશો પરથી ભવાઈ જેવો લોકપ્રિય લોકનાટ્ય પ્રકાર વિકસ્યો. અસાઈતના ત્રણ પુત્રોના ઘર ઉપરથી 'તરગાળા' શબ્દ આવ્યો.

ગામમાં કોઈ મંદિરના ચોકમાં કે પાદરમાં આ ભવાઈના ભજવવામાં આવે છે. તેના સંવાદમાં મોટે ભાગે તળપદા શબ્દો હોય છે. રંગલા દ્વારા થતી મજાકમાં ક્યારેક અશ્લિલતા પણ જોવા મળે છે. લોકનાટ્યમાં સાધનો સાદા હોય છે. પહેરવેશ અને પ્રસાધનની જ મહત્તા રહેલી છે. ભવાઈના વેશોમાં મુખ્યત્ત્વે સામાજિક વેશો (બાવાનો વેશ), દંતકથાત્મક વેશો (બાલાજી મણિયારા), ધાર્મિક વેશો (ગણપતિનો વેશ) હોય છે. મધ્યકાળમાં ભવાઈ ખૂબ જ લોકપ્રિય હતી.

**3. કહેવતો**

કોઈપણ પ્રદેશિક વિસ્તારની જાતિ કે જાતિઓનો જીવન અને જગતને જોવાનો અભિગમ કેવો છે તે જાણવાનું સાધન એ પ્રજાની કહેવત છે. કહેવતોને અંગ્રેજીમાં Proverbs કહેવામાં આવે છે. પરંપરાથી લોકોમાં કહેવાતા દ્રષ્ટાંતરૂપ વાક્યો કે વચનોને કહેવત કહેવામાં આવે છે. કહેવતો એ જીવંત ભાષાનું એક મહત્ત્વનું અંગ છે. આ કહેતોની રચના કોણે કરી ? તે ક્યારે રચાઈ હશે ? તેના વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. માનવજીવનના ચિંતનો – અનુભવોમાંથી તેનો ઉદ્‌ભવ થયો હશે એમ માની શકાય. કોઈપણ અનુભવને નિરસ રૂપે રજૂ કરવાને બદલે સર્જકોની જેમ કલાત્મક રીતે રજૂ કરવાની વૃતિમાંથી કહેવતોનો જન્મ થયો હશે. કહેવતો એકથી ચાર લીટીની હોઈ શકે છે. કેટલીક કહેવતો ગંભીર, વિનોદાત્મક, કટાક્ષગર્ભ, પરસ્પર વિરોધી પણ હોય છે. ગુજરાતી સાહિત્યમાં દરેક વિષયોની કહેવતો જોવા મળે છે. ઝવેરચંદ મેઘાણી કહે છે કે, "એક એક કહેવત એટલે અનુભવના પુંજ પુંજમાંથી નીચોવેલ એક એક અર્ક બિંદુ."[૩૮] પ્રજાના અનુભવ અને ડહાપણનો સાર માત્ર એક જ વાક્યમાં વ્યક્ત થાય છે. કેટલાક દુહાઓ કહેવતરૂપે પણ જોવા મળે છે. દા. ત.

- ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો.

- ઝાઝા હાથ રળિયામણા.

- ગોળ વિના મોળો કંસાર, માં વિના સૂનો સંસાર.

## ૪. ઓઠાં

ઓઠા એ લોકસાહિત્યનો એક પ્રકાર છે. આ એક વિલક્ષણ પ્રકાર છે. ઓઠાં અને ટૂચકા વચ્ચે થોડો ભેદ છે. ઓઠામાં મુખ્યત્વે બોધ હોય છે, જ્યારે ટૂચકામાં મુખ્યત્ત્વે મનોરંજન હોય છે. સાહિત્યમાં આવતા નવેનવ રસના ઓઠાં જોવા મળે છે. મનુષ્યને શિખામણ આપવી ગમે છે, પરંતુ શિખામણ સાંભળવી ગમતી નથી. લોકોએ કોઈને ઉપદેશ આપવા માટે ઓઠાંનો ઉપયોગ કર્યો છે. અન્યના ઉદાહરણ દ્વારા જે તે વ્યક્તિને આડકતરી શીખામણ કે ચેતવણી અપાય છે. ઓઠા એ ગ્રામ્યસમાજની સમજદારી અને ચાતુરીનો આપણને પરિચય કરાવે છે.

## ૫. ટૂચકા

ટૂચકાઓ લોકસાહિત્યના કથ્ય સ્વરૂપમાં ઉલ્લેખનીય સ્થાન ધરાવે છે. ટૂચકાઓમાં મુખ્ય રસ હાસ્ય જોવા મળે છે. ટૂચકાઓમાં પ્રત્યક્ષ રીતે તો મનોરંજન હોય છે, પણ પરોક્ષ રીતે કંઈક બોધ પણ જોવા મળે છે. તેમાં મર્યાદિત અને અમર્યાદિત હાસ્યરસ હોય છે. જે ટૂચકામાં મર્યાદિત હાસ્ય રસ હોય ત્યાં નિર્દોષતા હોય અને જ્યાં મર્યાદા વગરના ટૂચકા હોય ત્યાં વિકૃતિ જોવા મળે છે. લોકસાહિત્યને સમૃદ્ધ કરતાં આવાં ટૂચકાઓ આપણો અમૂલ્ય ખજાનો છે અને આપણે તેનું જતન કરવું જોઈએ.

## ૬. સમસ્યાઓ

સમસ્યા દ્વારા સામાન્ય જ્ઞાનની પરીક્ષા લેવાય છે. ફક્ત ગમ્મત માટે માનવીનું મૂલ્યાંકન કરવાની વિશિષ્ટ પદ્ધતિ એટલે સમસ્યા. "જે સમાસાર્થો એટલે જેનો અર્થ પૂર્ણ કરવાનો હોય છે તે, અથવા કવિની શક્તિની પરીક્ષા કરવા માટે તેને અપૂર્ણ અર્થનું વાક્ય આપવામાં આવે છે તેને 'સમસ્યા' કહે છે."[૪૦]

આવી સમસ્યાઓ ગદ્ય અને પદ્ય બન્નેમાં જોવા મળે છે. લોકો નવરાશની પળોમાં કે હળવા શ્રમમાં રોકાયેલા હોય ત્યારે પોતાની બુદ્ધિક્ષમતાને તપાસવા સમસ્યાઓનો

પ્રયોગ કરતા. તેની ખાસિયત એ છે કે તેમાં સવાલ અને જવાબ બન્ને હોય છે. શામળે આ સમસ્યાઓનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. દા. ત.

ચાર પગો ને ચોસલો, નરને નામે નામ;

અમે મંગાવીએ જેઠવા, જે હોય તમારે કામ.

- જવાબમાં હલામણ બાજોટ મોકલે છે.

પ્રો. મંજુલાલ સમસ્યાના ચાર પ્રકાર પાડે છે.

" (૧) એકચરણ સમસ્યા :- જે સમસ્યાનું એક ચરણ પૃચ્છકે આપ્યા પછી ત્રણ ચરણો કવિ પૂરે છે તે એકચરણ સમસ્યા.

(૨) દ્વિચરણ સમસ્યા :- જેના બે ચરણ પૃચ્છક આપે છે, અને બે ચરણો કવિ ઉમેરીને અર્થ પૂર્ણ કરે છે તે દ્વિચરણ સમસ્યા.

(૩) ત્રિચરણ સમસ્યા :- ત્રણ ચરણો પૃચ્છક આપે અને એક ચરણ કવિ ઉમેરીને અર્થ પૂર્ણ કરે તે ત્રિચરણ સમસ્યા.

(૪) વાક્ય સમસ્યા :- છૂટાં વચનો આપીને સમસ્યા પુછવામાં આવે છે તેને વાક્ય સમસ્યા કહે છે."[૪૧]

**૭. રૂઢિપ્રયોગો**

રૂઢિપ્રયોગોને અંગ્રેજીમાં Proverbial Expressions કહેવામાં આવે છે. જે કંઈ જાતિગત પ્રદેશિક અનુભવ હોય છે, રૂઢ એવી માન્યતા હોય છે, પ્રજાના ધારાધોરણ અને વૃત્તિવલણ હોય છે, તેનું સીધું જ પ્રતિબિંબ રૂઢિપ્રયોગોમાં પડે છે. રૂઢિપ્રયોગમાં બોધ વગર જ સ્પષ્ટ રીતે કથન થાય જ્યારે કહેવતમાં બોધના હેતુથી કથન થાય છે. રૂઢિપ્રયોગનો ઉપયોગ શિષ્ટ સાહિત્યના ગદ્યમાં થાય છે. દા. ત.

- દુ:ખે છે પેટ ને કુટે છે માથું.

*(૨) ગેય સ્વરૂપ*

જે સ્વરૂપો ગાવાથી વ્યક્ત થાય છે તેને ગેય સ્વરૂપ કહેવામાં આવે છે. લોકસાહિત્યના "ગેય સ્વરૂપમાં લોકગીત, કથાગીત, દુહા, જોડકણાં, સુભાષિત, ઉખાણાં વગેરેનો સમાવેશ થાય છે."[૪૨] આ દરેકનો સામાન્ય પરિચય નીચે પ્રમાણે આપી શકાય.

*૧. લોકગીત*

શ્રી ખોડીદાસ પરમાર જણાવે છે કે "ગુજરાતની સ્ત્રીઓમાં મુખ પાટીએ ગવાતા કંઠ્યગીતોનું લોકગીત નામાભિધાન શ્રી રણજીતરામ બાવાભાઈએ ઈ.સ. ૧૯૦૫ ની પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું."[૪૩] લોકગેયના બધા પ્રકારોમાં લોકગીત એ સૌથી વધુ લોકપ્રિય પ્રકાર છે. તેને અંગ્રેજીમાં Folk Song કહેવામાં આવે છે. તેમાં કોઈ કર્તાની છાપ ન હોવાથી તે ઊંચ-નીચ, ગરીબ-ધનવાન બધાનું સહિયારું ધન બને છે. તેમાં હાલરડાં, લગ્નગીતો, મરશિયા, વ્રતગીતો, રાંદલના ગીતો, ભજન, રાસડાં વગેરેનો સમાવેશ થાય છે. લોકસમાજનું કલાત્મક પ્રતિબિંબ લોકગીતમાં ઝિલાયેલું છે.

લોકગીતનો સામાન્ય અર્થ જોઈએ તો લોકોનું ગીત એટલે લોકગીત, લોકની સંવેદના અને ભાવને વ્યક્ત કરતું ગીત. "સભ્યતાના પ્રભાવથી મુક્ત એવી સહજ અવસ્થામાં જીવતા લોકોની આશા-નિરાશા, હર્ષ-વિષાદ, લાભ-હાનિ, સુખ-દુઃખ અને જન્મ-મરણ આદિ ગીત દ્વારા વ્યક્ત થાય તેને લોકગીત કહે છે."[૪૪] જેનામાં શિષ્ટ, સંસ્કાર, અહંકાર નથી અથવા ઓછા પ્રમાણમાં છે અને જે એક પરંપરાના પ્રવાહમાં જીવે છે. એવા લોકોની અભિવ્યક્તિમાંથી જે ગીત મળે તેને લોકગીત કહેવાય.

લોકગીત વ્યક્તિ કે વ્યક્તિઓ માટે પ્રયોજાયેલું લાગે પરંતુ એવું સંવેદન સમગ્ર સમાજને અનુલક્ષતું હોય છે. આદિમાનવ પ્રકૃતિ સાથે જ જોડાયેલો હતો. પ્રકૃતિ જ એની રખેવાળ હતી. પ્રકૃતિએ જેમ માનવીને પોષણ અને રક્ષણ આપ્યા તેમ ધ્વનિના સંસ્કારો પણ આપ્યા. શબ્દ શોધાયો ને એ પણ ધ્વનિથી જ ઉચ્ચારાયો. ધ્વનિથી લોકો જેવો ભાવ વ્યક્ત કરી શકે એવો ભાવ શિષ્ટ સમાજના કોઈ વક્તા કે ગાયક અથાગ પરિશ્રમે પણ વ્યક્ત નથી કરી શકતા. જેવા ભાવ એવા સ્વરો અને જેવા સ્વરો એવા જ શબ્દોના સુંદર મેળમાંથી લોકગીત

સર્જાયા. માનવીના જીવનનો દરેક પ્રસંગ આનંદ ઉત્સવનો બની રહેતો અને તે ગીતોથી વ્યક્ત થતા. ગીત એટલે ગીત, સંગીત અને નૃત્યની સુભગ ત્રિવેણી, બદલાતી ઋતુઓએ લોકોને વિવિધ ભાવોનો વૈભવ ઠાલવી દીધો છે.

જેમ લોકોના જીવનનો વિકાસ થતો ગયો તેમ તે કોઈ પરાશક્તિનો અનુભવ કરવા લાગ્યો. માનવ એક સંવેદનશીલ પ્રાણી છે. જીવનમાં કોઈ હર્ષ કે વિષાદની ઘટના બને છે ત્યારે તે પોતાના આવેગોને કાબૂમાં રાખી શકતો નથી. તેનું અંતર અભિવ્યક્તિ માટે વ્યાકૂળ બની જાય છે. આવા સમયે માનવીની રાગાત્મક વૃતિના કારણે સ્વર અને શબ્દોની સહાયથી લયબદ્ધ ગીતોનું સર્જન થાય છે. ધીમે-ધીમે દેવ-દેવીઓની પૂજા, સ્તવનો શરૂ થયા. નાની મોટી લડાઈઓમાંથી શૂરવીરતાના ગીતો રચાયા. ઋતુમાં આવતા પરિવર્તનોથી ઋતુગીતો રચાયા. લોકગીતોનો જન્મ સહજ હોવાથી તેમાં કૃત્રિમતાને સ્થાન નથી. તે સ્વાનુભૂતિનું સર્જન હોવાથી તેમાં અનુભવની સચ્ચાઈ અને સાદગી અનુભવાય છે. લોકગીત વિશેના વિવિધ વિદ્વાનોના અભિપ્રાયો જોઈએ.

ડૉ. હસુ યાજ્ઞિક લોકગીતની વ્યાખ્યા આપતા કહે છે કે, "જે રચનાઓ વિશ્વના મોટાભાગના બધા જ પ્રદેશોમાં એમાં વસતી જાતી કે જાતિઓ દ્વારા ગવાતી આવે છે અને જેમનો કોઈ એક રચયિતા નિશ્ચિત કરી શકતો નથી, તેવી રચનાઓને લોકગીતો કહેવામાં આવે છે."[૪૫]

ઝવેરચંદ મેઘાણી લોકગીતની વ્યાખ્યા આપતા કહે છે કે, "જેના રચનારાએ કદી કાગળ અને લેખણ પકડ્યાં નહિ હોય, રચનારાં કોણ તેની જ કોઈને ખબર નહિ હોય; અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ વિંધીને આ સ્વરો ચાલ્યા આવે છે તેનીય કોઈ ભાળ નહિ લઈ શક્યું હોય એનું નામ લોકગીત."[૪૬] ડૉ. બળવંત જાની નોંધે છે કે "લોકગીતના અભ્યાસમાંથી ખ્યાલ આવે છે કે લોકગીત લોકશિક્ષણનું અસરકારક માધ્યમ છે તથા એમાં લોકજીવન સાચી રીતે પડઘાતું હોય છે."[૪૭]

"લોકગીતોમાં મનોભાવો એટલા વ્યાપક રીતે પ્રસરેલા છે કે ત્યાં જડ અને ચેતન, માનવ અને અમાનવનો ભેદ જ જોવા મળતો નથી. માનવમાં તેના 'અહમ્' તરફ તેના

'સ્વ' તરફ જે સહાનુભૂતિની ભાવના છે તે લોકની સાથે માનવેત્તર સૃષ્ટિ તરફ પણ એટલી જ સંવેદનશીલ છે."[૪૮] "લોકગીતો સમાજની માનસિક ભૂમિકા પર તે બાલ્યાવસ્થા સૂચવે છે. બાળપણનું ભોળપણ અને બળ તેમાં જોવા મળે છે. માણસ જેમ-જેમ સંસ્કારી બનતો જાય છે, તેમ-તેમ તેનામાં કૃત્રિમ વિવેક, શિષ્ટાચારના નિયમોનું અસલી સ્વરૂપ તેને ઢાંકી દે છે. તેથી જ કોઈપણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીત તરફ જોવું પડે છે."[૪૯] મેઘાણી નોંધે છે કે "ધરતીના કોઈ અગમ્ય અંધારા પડોમાંથી વહ્યાં આવતા ઝરણાનું મૂળ જેમ કદાપિ શોધી શકાયું નથી તેમ આ લોકગીતોના ઉત્પત્તિ સ્થાન પણ અશોધ્યા જ રહ્યા છે."[૫૦]

લોકગીતનો રચયિતા અજ્ઞાત છે. લોકગીતનો સર્જનકાળ નક્કી કરવો અશક્ય છે. લોકગીતનું સર્જન સમાજ કે એના એક વર્ગની કોઈ સામાજિક અનિવાર્યતામાંથી થયું હોય છે. સમૂહના દરેક સભ્યનો એના પર સમાન અધિકાર હોય છે. એ સભ્ય ધારે તો તેમાં સુધારો કે વધારો કરી શકે છે. આ સુધારો કે વધારો લોકગીતમાં આડખીલીરૂપ ન જ ગણાવી શકાય. આમ ગીતમાં અનેક વ્યક્તિના સુધારા વધારા હોવાથી તેના વિવિધ પાઠાંતરો મળે છે. આ પાઠાંતરોમાં મૂળ પાઠાંતર કયું તે નિશ્ચિતરૂપે ન કહી શકાય. મોટે ભાગે આવી રચનામાં સંઘોર્મિ બળવત્તર હોય છે.

### ✱ લોકગીતના લક્ષણો

લોક પોતાના ભાવો સાહજિકરૂપે વ્યક્ત કરે છે. નૃત્ય, અભિનય અને ગાન દ્વારા એ અભિવ્યક્ત થાય છે. આ અભિવ્યક્તિ પોતાના રોજિંદા કાર્યની સાથે પણ થતી હોય છે. આથી આપણે એમ વિચારી શકીએ કે ભાષાના જન્મની સાથે જ લોકગીતનો જન્મ થયો છે. લોકજીવનને ગીતો વગર તો ચાલતું જ નથી. જીવનના વિવિધ પ્રસંગો, તહેવારો, ઉત્સવો, ક્રિયાકાંડ, લોક રમતો આ બધામાં ગીતની હાજરી તો હોય જ છે. મૃત્યુ જેવા આઘાતજન્ય પ્રસંગે પણ રાજીયા-છાજીયા અને મરશિયાં ગવાય છે. હવે આપણે લોકગીતોના લક્ષણો જોઈએ.

જયમલ્લ પરમાર લોકગીતના લક્ષણો નીચે મુજબ જણાવે છે.

"(૧) એના રચનારા બહુધા અજ્ઞાત હોય છે.

(૨) એ સહજ સ્ફુરિત છે.

(૩) એમાં યત્ન વિનાનું કલાવિધાન છે.

(૪) એમાં પ્રકૃતિનો મહિમા છે.

(૫) એમાં માનવ હ્રદયની ઊર્મિઓ છે.

(૬) એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલાં હ્રદયનો ધબકાર છે.

(૭) એમાં વ્યક્તિત્ત્વનો સર્વથા અભાવ છે.

(૮) એમાં શબ્દ, સ્વર, ગતિન્તાનનો સમન્વય છે.

(૯) એમાં સમૂહને હૈયે ને સમૂહને કંઠે ચડે તેવી રચના છે. જેના સંસ્કાર અને સંવેદન સાર્વજનિક છે.

(૧૦) એ રચના મુક્ત પણ આંતરિક લયવાળી હોય છે.

(૧૧) જે કંઠોપકંઠ વહેતા આવ્યા છે અને વહેતા આવે છે. મૂળમાં કોઈ સર્જક કે ગાયક હોય પછી એનું સંવેદન સામૂહિક અને સાર્વજનિક સ્વરૂપ પામે છે."[૫૧]

લોકગીતની આટલી ચર્ચા કર્યા પછી હું લોકગીતના નીચે પ્રમાણેના લક્ષણો જણાવું છું.

(૧) લોકગીતો ઊર્મિપ્રધાન હોય છે.

(૨) લોકગીતો મોટે ભાગે નારી હ્રદયને વધારે સ્પર્શે છે.

(૩) લોકગીતોમાં સંગીતનું તત્ત્વ અનિવાર્યપણે આવે છે.

(૪) કેટલાંક લોકગીતો સાથે નૃત્ય-નર્તન પણ સંકળાયેલું હોય છે.

(૫) લોકગીતોમાં પણ અનેક પાઠાંતરો જોવા મળે છે.

(૬) લોકગીતોમાં સરળતા-નૈસર્ગિકતા વિશેષ છે.

(૭) તમામ લોકગીતમાં ધ્રુવપંક્તિ હોય છે.

(૮) લોકગીતમાં લાઘવની સાથે-સાથે પુનરાવર્તન પણ છે.

(૯) લોકગીત અજ્ઞાત સાંઘિક સર્જન છે.

(૧૦) લોકગીતમાં લોકમાનસની સાહજિક અભિવ્યક્તિ થયેલી હોય છે.

(૧૧) લોકગીતમાં માનવસંસ્કૃતિની છાપ હોય છે.

### ❋ લોકગીતના પ્રકારો

લોકગીતો અનેક વિષયોના અને અસંખ્ય સંખ્યામાં મળી આવે છે. એના પ્રકારો પણ અસંખ્ય પાડી શકાય તેટલી માત્રામાં લોકગીતના વિષયો મળે છે. લોકગીતના પ્રકારોનું વિશ્લેષણ અનેક દ્રષ્ટિએ કરી શકાય. આવા વિપુલ સંખ્યામાં મળી આવતા લોકગીતોનું વર્ગીકરણ કરવું ઘણું જ કપરું કામ છે. લોકગીતોનું વૈજ્ઞાનિક વર્ગીકરણ પશ્ચિમના દેશોમાં થયું છે અને થઈ રહ્યું છે. આપણા દેશમાં સૌ પ્રથમ બંગાળમાં એવા પ્રયાસો થયા અને ત્યારબાદ ઉત્તર ભારતમાં લોકગીતના વિભાજનનું ક્ષેત્ર ખેડાતું રહ્યું છે. ગુજરાતમાં લોકગીતોના વર્ગીકરણના પ્રયાસો ખૂબ ઓછા થયા છે તેનું મહત્ત્વનું કારણ આપણા લોકગીતો હજારોની સંખ્યામાં છે. ઝવેરચંદ મેઘાણીએ લોકગીતના પ્રકારોની ચર્ચા કરી છે. તેને મુદ્દાવાર નીચે પ્રમાણે ગોઠવી શકાય.

"(૧) **સ્ત્રીઓમાં ગવાતા ગીતો :-** ● અઘરણીના ગીતો કે રન્નાદેના ગીતો ● હાલરડાં ● બાળ-જોડકણાં ● લગ્નગીતો ● ફટાણા કે પરિહાસ ગીતો ● મૃત્યુગીતો ● ઘંટી દળતાં ગવાતાં ગીતો ● ખેતરની પાક કાપણીના ગીતો ● ગરબા ગીતો કે રાસડાં

(૨) **પુરુષોમાં ગવાતા ગીતો :-** ● હીજડા-પાવૈયાના ગીતો ● ભજન-વાણી ● લુવારિયાં, ગાડલીયાંનાં પુરુષ-લગ્નગીતો ● ખેડૂતના કોસગીતો અને હોળી ગીતો ● નવરાત્રીની ગરબીઓ ● જૈન સજ્જાય અને રાસા ● ખોજાઓના ગીતો ● ચારણોના દુહા, રાસા અને

પ્રશસ્તિપદો ● ભવાઈનું લોકસાહિત્ય ● રાવણહથ્થાવાળા કે નાથબાવાઓના ગીતો ● તુરીઓની સતાર કે સુંદરીના સૂર સાથે."[૫૨]

મારી દ્રષ્ટિએ લોકગીતોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય.

(૧) **જ્ઞાતિ આધારિત લોકગીતોઃ-** જેમાં રબારી, મેર, ખારવા, ભરવાડ, કોળી, રાજપૂત, કાઠી, તુરી, બારોટ, ચારણ વગેરે જ્ઞાતિના ગીતોનો સમાવેશ થાય છે.

(૨) **વિવિધ રસ આધારિત લોકગીતોઃ-** જેમાં શૃંગારરસ, વીરરસ, હાસ્યરસ, કરુણરસ, શાંતરસ વગેરે રસના ગીતોનો સમાવેશ થાય છે.

(૩) **જુદી-જુદી અવસ્થા પ્રમાણેના લોકગીતોઃ-** જેમાં બાળગીતો, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થાના ગીતોનો સમાવેશ થાય છે.

(૪) **ધાર્મિક લોકગીતોઃ-** જેમાં જન્મ સંબંધી, લગ્નસંબંધી, મરણસંબંધી, વ્રત સંબંધી, પૂજન સંબંધી, ગોકુલાષ્ટમીના ગીતોનો સમાવેશ થાય છે.

(૫) **પ્રાદેશિકભેદ પ્રમાણેના લોકગીતોઃ-** જેમાં ઝાલાવાડ, હાલાર, સોરઠ, ગોહિલવાડ, કચ્છ, ભાલના લોકગીતો વગેરે ગીતોનો સમાવેશ થાય છે.

(૬) **લિંગભેદ પ્રમાણેના લોકગીતોઃ-** જેમાં સ્ત્રીઓમાં, પુરુષોમાં અને હીજડાઓમાં ગવાતા ગીતોનો સમાવેશ થાય છે.

(૭) **માનવક્રિયા પર આધારિત લોકગીતોઃ-** જેમાં રોપણીના, કાપણીના, પાણીના, પશુ ચારતી વખતના વગેરે પ્રકારના ગીતોનો સમાવેશ થાય છે.

(૮) **ઋતુ પ્રમાણેના લોકગીતોઃ-** જેમાં ફાગણ, વસંત, ચોમાસાના ગીત વગેરે ઋતુ પ્રમાણેના ગીતોનો સમાવેશ થાય છે.

**૨. કથાગીત**

*કથાગીતને અંગ્રેજીમાં* Ballad *કહેવામાં આવે છે. લોકકથા અને કથાગીતમાં માત્ર એટલો જ ભેદ છે કે લોકકથામાં મુખ્ય ગદ્ય છે અને તે કથ્ય સ્વરૂપે છે, જ્યારે કથાગીતમાં મુખ્ય પદ્ય છે અને તે ગેય સ્વરૂપમાં છે. વીર, શૃંગાર આવા રસો કથાગીતમાં મુખ્ય હોય છે. ક્યારેક સમગ્ર કથા ગીત કે દુહામાં પણ કહેવાતી હોય છે. દા. ત.*

*ગામમાં પિયર ગામમાં સાસરું રે,*

*બહું ગીયા છે બાપને ઘેર બેસવા રે,*

*કરો દીકરી સુખ - દુઃખની વાત રે....*

**૩. દુહા**

*દુહો માત્ર બે જ લીટીમાં ઘણુ બધું કહી જાય છે. એને કારણે જ દુહાને દશમો વેદ કહેવામાં આવે છે. તેના પ્રથમ ચરણમાં ૧૩ માત્રા અને બીજા ચરણમાં ૧૧ માત્રા હોય છે. દુહા પ્રેમકથા, લોકકથાના ભાગ રૂપે રચાય છે. ક્યારેક તે સ્વતંત્ર કાવ્યરૂપે પણ જોવા મળે છે. દુહા આપણને જ્ઞાન, શિખામણ અને બોધ આપે છે. દુહામાં તમામ રસો જોવા મળે છે. દા. ત.*

*- દુહો દશમો વેદ જાણે એને સાલે,*

*નવિયાતણની વ્હેણ ઓલી વાંઝણી શું જાણે.*

*- "ઈશર ઘોડા ઝોકિયા, મહા સાગર કે માંય,*

*તારણ હારાં તારશે, સાચાં પકડી બાંય."*[43]

**૪. જોડકણાં**

*ફક્ત લય અને પ્રાસ સિવાય પદ્યના બીજા અંશો ઓછા હોય, ઊર્મિનું તત્ત્વ ન હોય અને બાલસહજ શબ્દરમત કરવામાં આવી હોય તેને જોડકણાં કહેવાય. જોડકણાંને બાળકાવ્યનો એક પ્રકાર ગણાવી શકાય. જોડકણામાં સાદો તાલ અને એક અનુપ્રાસ તેને મસ્તી*

આપે છે. બાળકો તેનો અર્થ સમજવાની બહુ ખટપટમાં પડતા નથી. ઘરની તથા શેરીની રમતમાં રમત સાથે બોલાતાં આવાં ગીતો અત્યંત પ્રાસયુક્ત અને આદિ વર્ણાનુપ્રાસથી મંડિત હોય છે. દા. ત.

(૧) મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે:
દીવો મેં તો દીઠો, મામો લાગે મીઠોઃ
મામે સામું જોયું, મારા પર મન મોહ્યું:
મામી બેઠી માળે, ભાણેજડાંને ભાળે:
ભાવે મામી ભેટી, દહીંથરાં ઘી દેતી.

(૨) અડી કડી વાવ ને નવઘણ કૂવો,
ન જૂએ તે જીવતો મૂઓ.

**૫. સુભાષિતો**

સુભાષિતો સંસ્કૃત સાહિત્યમાંથી આવેલા છે. "સુભાષિત એટલે 'સુષ્ઠુ ભાષિત' સુંદર રીતે બોલાયેલો, કહેવાયેલો વિચાર."[૫૪] સુભાષિતોમાં સચોટ અને ધારી અસર ઉપજાવવાની અજબ શક્તિ રહેલી છે. વર્ણ્ય પ્રસંગને અલંકૃત કરવા માટે સુભાષિતો યોજાય છે. આવા સુભાષિતો આપણી પુરાણકથાથી અતિરિક્ત લોકકથાઓમાં વિશેષ પ્રમાણમાં ગૂંથાયેલા જોઈ શકાય છે. એને સાંભળતાવેંત , કોઈ 'ઠીક કહ્યું', 'બરાબર', 'સરસ કહ્યું' એવો ઉદ્‌ગાર ન કાઢે તો એ પશુ જેવો અબૂધ હોવો જોઈએ એમ કહેવાય છે. સુભાષિતોની શૈલી સર્વવ્યાપક છે. સુભાષિતોના સાહિત્યનો ઉદ્‌ભવ પ્રથમ ઉપયોગી કલા તરીકે થયો સંભવે છે. એ ઉપયોગમાં જેમ કલાનો અંશ વધારે તેમ તેનો સર્વકાલીન ગુણ વધારે. યુગયુગના સાહિત્યોનાં સચવાઈ રહેલ સુભાષિતો એ ભવિષ્યની પ્રજાનો કાયમનો વારસો છે.

સુભાષિતો બે થી ચાર પંક્તિમાં જ્ઞાન અને ઉપદેશ આપી જાય છે. દા. ત.

(૧) તુલસી યહ સંસારમેં ભાત ભાતકે લોક,

સબસે હિલમિલ ચાલિયે નદી – નાવ સંજોગ.

(૨) સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુ:ખ,

ખીજ્યું કરડે પીંડીએ, રીઝયું ચાટે મુખ.

**૬. ઉખાણાં**

સૌરાષ્ટ્રમાં ઉખાણાંને ‘વરત’ કહે છે. ઉખાણાંનો જન્મ લોક-અનુભવમાંથી થયેલો છે, અનુભવમાંથી ચળાઈ ચળાઈને એવાં વચનો સમાજમાં કાળે કરીને રૂઢ થતા ગયા અને ચલણી સિક્કાની જેમ વપરાશમાં આવતા ગયા. દુનિયાની દરેક ભાષામાં, લોકોના પ્રત્યક્ષ અનુભવ ઉપરથી મળેલું જ્ઞાન, આવી ‘કહેતી’ રૂપે સચવાઈ રહ્યું છે. તેના પરથી તે ભાષા બોલનાર લોકોની સંસ્કૃતિ, રહેણીકરણી, જનસ્વભાવ અને શિષ્ટતાનો ખ્યાલ બાંધી શકાય છે.

ઉખાણાં એ વિશાળ જનતાના ઊંડા ડહાપણની આબાદ નિરીક્ષણની, ઊંડા અનુભવની અને સચોટ શબ્દસૌંદર્યની મોંઘી સંપત્તિ છે. ઉખાણાં એ અનુભવથી ઘડાયેલા અને સંસાર વ્યવહારમાં પલોટાયેલા ડાહ્યા માણસોએ ઉચ્ચારેલાં ટૂંકા અને સચોટ વચનબાણ છે. મધ્યકાલિન ગુજરાતી કવિતામાં ઉખાણાંનું સાહિત્ય ઠીક-ઠીક પ્રતિબિંબત થયેલું છે. ઉખાણાંનો જન્મ લોક-અનુભવોમાંથી થયેલો છે. “સવંતના સોળમાં શતકના પૂર્વાર્ધમાં માંડણ બંધરાએ પ્રબોધબત્રીશી નામથી ઉખાણાંનો સંગ્રહ કર્યો છે. માંડણ પછી ઉખાણાંનો કવિતામાં પ્રગટ ઉપયોગ કરનાર જૂનાગઢનો શ્રીધર છે.”[૫૫] પ્રશ્ન પુછનારને પ્રાસ મેળવીને પદ્યમાં જવાબ આપવાનો હોય છે. દા. ત.

પોથી કેરા પાન સડે, વિદ્યા વિસર જાય,

ચુલે પે રોટી જલે, કહો ચેલા કેમ થાય.

જવાબ :- ફેરવ્યા વિના.

અંતે લોકસાહિત્ય વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે લોકસાહિત્ય એટલે એક એવું વહેણ, જેને નથી આરો, નથી ઓવારો, જેને નથી કાંઠો નથી કિનારો, જેને નથી સીમ નથી સીમાડો, જેને નથી હદ, નથી સરહદ, જેને નથી દેશ-પરદેશના ભેદ, લોકકંઠેથી

પ્રસ્ફુટિત થઈ અજસ્ત્ર ધારા રૂપે સ્થળ-કાળના બંધન વગર વહેતું ભાવના જળ. લોકહૃદય એનું ઉદ્‌ગમ સ્થાન છે. લોક-લાગણી એનો પ્રાણવાયુ છે અને લોકભાવનાને વરેલી સરલતા એની જીવનશૈલી છે.

## ૨. ૬ લોકવિદ્યાની વિભાવના

પશ્ચિમના દેશોમાં ૧૭મી ૧૮મી સદીથી શરૂ થયેલ જુદી-જુદી વિદ્યાશાખાઓમાં લોકવિદ્યા એ મહત્ત્વની વિદ્યાશાખા છે. છેલ્લા ૩૦૦ વર્ષમાં લોકવિદ્યા વિશે ઘણું સંશોધન થયું છે. તેથી તેની વિભાવના પણ સતત બદલાતી રહી છે. લોકસાહિત્ય એ લોકવિદ્યાનો એક ભાગ છે. લોકવિદ્યા એ પરંપરાગત જ્ઞાનનું એક નવું ક્ષેત્ર છે, જે ૧૯ મી સદીથી ઉદય પામ્યું છે. તેમાં મૌખિક પરંપરા એનું મહત્ત્વનું તત્ત્વ છે. પેઢી દર પેઢી વારસાગત એ પ્રક્રિયા નિરંતર ચાલી આવે છે. જેમાં લોકમાનસનું પ્રતિબિંબ ઝિલાયેલું હોય છે. આપણી લોકવિદ્યામાં સૌ પ્રથમ અંગ્રેજોને રસ પડ્યો. અંગ્રેજોના આગમન પછી લોકવિદ્યાના અભ્યાસની શરૂઆત થઈ. લોકવિદ્યા એ લોકજીવનની સામગ્રી છે.

લોકસાહિત્યના શાસ્ત્રીય અભ્યાસનું નિમિત્ત 'ફોકલોર' બન્યું. યુરોપમાં અઢારમી સદીમાં 'રોમાન્ટિસિઝમ'નો યુગ આવ્યો. આ યુગમાં લોકોને તુલનાત્મક ભાષાશાસ્ત્રના અભ્યાસમાં પ્રાચીન ભારતીય ભાષાઓમાં અને પુરાતન વસ્તુઓમાં રસ જાગ્યો. તેના કારણે પ્રજાના લક્ષણો માટે તાગ મેળવવાના પ્રયત્નો થયા. ધર્મયુદ્ધોને લીધે નાશ પામેલી સંસ્કૃતિના અવશેષોની શોધ ચાલી. આ બધા પરિબળોને કારણે ફોકલોર એક સ્વતંત્ર વિદ્યાશાખા તરીકે અસ્તિત્વમાં આવી.

લોકવિદ્યાનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ અને વ્યાપક છે. એનું કારણ સમગ્ર જીવનને વ્યક્તિગત, કૌટુંબિક અને સાજિક રીતે જોડવાના અને પારસ્પરિક રૂપમાં ટકાવવાના માનવીય અભિગમોનું એ પરિણામ છે. આદિ કાળથી મનુષ્યએ જે અનુભવો મેળવ્યા અને એનો આધાર લઈને જીવનની વ્યવસ્થા ગોઠવી તેમાંથી લોકવિદ્યાઓ જન્મી છે. સામાજિક બનતા

મનુષ્યને બીજા મનુષ્ય સાથે અને પ્રકૃતિ સાથે અનુકૂલન સાધવું પડે છે. આમાં સભ્યતાથી શરૂ કરીને સંસ્કૃતિ સુધીના વિકાસમાં લોકવિદ્યાઓ ઉપયોગી બની છે.

કલાથી લોકવિદ્યાઓ જુદી પડે છે. જીવનનિર્વાહ સાથે-તે માટેની પ્રવૃતિ સાથે લોકવિદ્યા પ્રત્યક્ષ રીતે સંકળાયેલી છે. યુગ પ્રમાણે લોકવિદ્યામાં પણ રૂપાંતર થતું રહે છે. પહેલા જે સ્થાન કંઠ-પરંપરાનું હતું એ આજે ઓછું છે, પણ આધુનિક સમૂહમાધ્યમના દૂરદર્શન, રેડિયો, તેના દ્રશ્ય-શ્રાવ્ય રૂપ પણ કંઠ-પરંપરાનો જ વિસ્તાર છે. લોકવિદ્યા એ જીવનસંલગ્ન મુખ્ય અંગ છે. એ રૂપ જરૂર બદલે છે, પરંતુ સર્વથા લુપ્ત તો ક્યારેય થતી જ નથી.

## ૨. ૭ લોકવિદ્યાની શરૂઆત

પ્રાચીન વસ્તુઓ પ્રત્યેનો પ્રેમ જાગ્રત થતાં ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, યુરોપમાં કેટલાક વિદ્વાનોએ ઈ. સ. ૧૮૦૦ ની આસપાસ 'Folk-Lore ' ની દિશામાં કામ આરંભી દીધું. તેઓએ શિલ્પ, સિક્કા, અલંકારો, રાચરચિલું એકઠું કરીને સંશોધન શરૂ કર્યું. તુલનાત્મક અભ્યાસો શરૂ થયા. ઈતિહાસકારોએ યુરોપની પ્રજાઓ અને એની જૂની નામશેષ થયેલી સંસ્કૃતિ વિશે કેટલાક તારણો તારવ્યાં. પૂર્વજો વિશે, જીવન પ્રણાલી વિશે રસ જાગ્યો. તેમની મહાકથાઓ પણ લખાવવાની શરૂ થઈ ગઈ.

આ સમયે ભારતમાં અંગ્રેજો દ્વારા વ્યવસ્થિત કેળવણીનો પાયો નંખાયો. ઈ. સ. ૧૮૫૭ માં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના થઈ. જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓ ખુલી. આથી બધાની મીટ ભારતીય સંસ્કૃતિ પર મંડાણી. તેની સંસ્કૃતિ, ધર્મ, ભાષા, ધર્મગ્રંથો તરફ અંગ્રેજ વિદ્વાનોની જીજ્ઞાસા વધી, સંશોધનો થયા. આ બધાના પરિણામ સ્વરૂપે ભારતની પ્રાંતીય ભાષામાં રહેલ લોકવિદ્યાના અભ્યાસની દિશા ખુલી. 'Folk-Lore ' એટલે પારંપારિક ઉતરી આવેલી જાણકારી. આ જાણકારી અનેક વિષયોની હોઈ શકે. દા. ત. મકાન કેમ બાંધવું, કાપડ કેમ વણવું ત્યાંથી માંડીને વિચારો, વહેમો, રીત-રિવાજો વગેરેનો સમાવેશ લોકવિદ્યામાં થાય.

લોકવિદ્યા માટે અંગ્રેજીમાં 'Folk-Lore' શબ્દ વપરાય છે. " 'Folk-Lore' શબ્દ સૌ પ્રથમ વિલિયમ જોહન થોમસે (માર્ટીન-તખલ્લુસવાળાં) તા. ૨૨-૮-૪૬ના રોજ 'એથેનિયમ' નામના માસિકમાં તંત્રીને લખેલા પત્રમાં પ્રયોજેલો. આ પૂર્વે આ સંદર્ભે 'Popular antiquities' કે 'Volkskynde' જેવા શબ્દો પ્રયોજાતા, તેના બદલે આ શાખા માટે 'Folk-Lore' શબ્દ વાપરવો વધારે ઉચિત છે તેમ તેણે સમજાવ્યું."[૪૬] "ઈ. સ. ૧૮૧૨ માં ગ્રિમબંધુઓએ જર્મન લોકકથાઓ આપી ત્યારે ઘોડિયાનું નામ બદલ્યું અને Volkskunde એવું નામ આપ્યું. આ પર્યાય જર્મન ભાષાનો છે. Volk નો એંગ્લો-સેક્શન પર્યાય Folk છે અને Kunde નો જ્ઞાન છે. 'એથેનિયમ' સાપ્તાહિકમાં વિલિયમ જહોન થોમસે પોપ્યુલર એન્ટિક્વિટીઝ અને જર્મન પર્યાય Volkskunde ની ચર્ચા મર્ટન એવા ઉપનામે કરી અને તેમાં સ્પષ્ટ કર્યું કે આ બન્ને પર્યાયો બરાબર નથી. એણે એમાં Folklore  એવી સંજ્ઞા સૂચવી. બ્રિટિશ સંગ્રહાલયની હસ્તપ્રતોના સંગ્રાહક સર હેનરી એલિસ દ્વારા ઈ. સ. ૧૮૧૩ માં 'પોપ્યુલર એન્ટિક્વિટીઝ'ના ત્રણ ભાગ પ્રગટ થયા, ત્યારે ફરી વિલિયમ જોન થોમસે ઈ. સ. ૧૮૪૬ માં Folklore પર્યાય સૂચવ્યો. એ પછી જ 'ફોકલોર' વ્યાપક રીતે સ્વીકારાયો અને વપરાતો થયો. ઈ. સ. ૧૮૭૮ માં નૃવંશશાસ્ત્રના વિદ્વાન ઈ.બી. ટેલરે 'ફોકલોર સોસાયટી'ની સ્થાપના કરી. એના અધ્યક્ષસ્થાને અનુગામીઓ તરીકે એંડ્રયુ લેંગ, સિડની હાર્ટલેંગ વગેરે આવ્યા. એમણે આ પર્યાય આગળ વધાર્યો."[૪૭]

લોકવિદ્યામાં બે શબ્દો રહેલા છે - 'લોક' અને 'વિદ્યા.' 'લોક' શબ્દનો અર્થ આપણે આગળ જોઈ ચૂક્યા. હવે 'વિદ્યા' એટલે કે 'Lore' શબ્દનો અર્થ જોઈએ. " 'Lore' શબ્દ એંગ્લોસેક્સન Lar માંથી ઉતરી આવ્યો છે. Lar એટલે શિખવવામાં આવતી વિદ્યા અને Lor એટલે પરંપરા."[૪૮] 'Folk-Lore' એટલે પારંપરિક ઉતરી આવેલી જાણકારી કે વિદ્યા, લોકજીવનની વિદ્યા અથવા લોકવિદ્યા. ગુજરાતીમાં 'ફોકલોર' ના પર્યાયરૂપે 'લોકવિદ્યા' એવો પર્યાય પ્રયોજાય છે, તે યોગ્ય છે. પરંતુ 'લોકવિદ્યા' એવા શબ્દના કારણે બે પ્રકારની ભૂલ થતી આવી. લોકવિદ્યા એવા શબ્દનો અર્થ 'એ માટેનું શાસ્ત્ર' પણ કરવામાં આવ્યો. પરંતુ પછી સ્પષ્ટ થયું કે આ તો સામગ્રી છે અને અને એને આધારે જે અભ્યાસ થાય તેને Folkloristics કહેવું જોઈએ.

" 'ફોકલોર' અંગ્રેજી પર્યાયને હિંદીમાં 'લોકવાર્તા' રૂપે પ્રયોજવામાં આવે છે. અહીં 'વાર્તા' નો અર્થ કથા નથી. સંસ્કૃત શબ્દ 'વાર્તા'નો એક અર્થ અમરકોશમાં

આજીવો, જીવિકા, વાર્તા, વૃત્તિવર્તનજીવને

એવો આપ્યો છે. એ રીતે વાર્તાનો એક અર્થ જીવિકા કે આજીવિકા પણ છે. કૃષિ, વેપાર, ગોપાલન વગેરે જીવિકા માટેના વ્યવસાય છે. એનો અર્થ વૃત્તિઃ વર્તન જીવને પણ છે. એટલે કે વાર્તા એટલે 'વૃત્તિ' અર્થાત્ પ્રવૃત્તિ, કાર્ય, વ્યવસાય અને વર્તન એટલે એ દ્વારા થતી પ્રાપ્તિ કે વેતન. 'વાર્તા' એટલે એવી વૃત્તિ-પ્રવૃત્તિ જેના દ્વારા માણસ આજીવિકા મેળવે છે. વિવિધ વ્યવસાય અને એ માટેની પ્રવૃત્તિ માટે આજીવિકાની જે પદ્ધતિ છે, આયોજન છે તે વાર્તા. એમાંથી જ જ્ઞાન, કૌશલ્ય અને પરંપરા જન્મ્યા. માન્યતાઓ બંધાઈ, રીતરિવાજ આવ્યા. સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થયો."[૫૯]

"જેમ્સ ફોર્બ્સ ગુજરાતી લોકવિદ્યાની ભૂમિકા રચનાર પહેલા વિદ્વાન ઠરે."[૬૦] " 'લોર' એટલે જ્ઞાન-કૌશલ્ય-પરંપરાનો એવો પ્રાથમિક કે પૂર્વ તબક્કો જ્યાં નથી રચાયું એનું શાસ્ત્ર કે નથી જરૂરી એ માટેનો અભ્યાસ. એમાં પરંપરાનું અનુકરણ જ મુખ્ય છે."[૬૧] આજે જે કલા, વિજ્ઞાન, શાસ્ત્ર વગેરે છે તેનો પ્રારંભિક તબક્કો 'લોર' છે. કોઈ વ્યક્તિને જીવનોપયોગી કાંઇ નવું સૂઝે તો એની વ્યક્તિથી વ્યક્તિની પરંપરા ચાલે અને પછી તે આખા માનવ-સમુદાયમાં વિસ્તરે. આમ આ 'લોર' અનેક મનુષ્યના અનુભવ- કૌશલ્યથી સિદ્ધ થાય છે. તેમાંથી શાસ્ત્રોનો જન્મ થાય અને તેનું અધ્યયન થાય. આજે આપણી પાસે આયુર્વેદ, રસાયણશાસ્ત્ર, ભાષા-સ્થાપત્ય-શિલ્પ-ચિત્ર-નૃત્ય-સાહિત્ય-સંગીત જેવી લલિતકલાઓ છે, તેના મૂળમાં 'લોર' છે.

'લોકવિદ્યા'ની મુખ્ય આવશ્યકતા પરંપરાગત હોવું તે છે. એટલે કે જે કાંઇ પરંપરાથી ઊતરી આવે છે તે 'લોકવિદ્યા'. લોકવિદ્યા માનવજીવન સાથે વણાયેલી વિદ્યા છે. જેમાં માન્યતા, પ્રથાઓ, લોકોક્તિઓ, રીતરિવાજ, કહેવતો, મંત્ર, દંતકથાઓ આદીનો સમાવેશ કરવામાં આવે છે. આદિ માનવજાતિઓની બુદ્ધિની નૈસર્ગિકતા સહજ અને પ્રત્યક્ષ અભિવ્યક્તિમાં જોવા મળે છે. 'લોકવિદ્યા' એ માનવજાતિના યુગો યુગોથી થતા આવેલા અનુભવો અને જાણેલી વાતોનો વારસો છે. 'લોકવિદ્યા' એ મૌખિક પરંપરામાં જીવે છે, મૌખિક પરંપરા અને

અનુકરણાત્મક પ્રક્રિયાથી ચાલી આવે છે. આદીકાળથી તે આ જ રીતે વહેતી આવે છે. આમાં લોકમાનસ પ્રતિબિંબિત થયેલું હોય છે.

લોકવિદ્યામાં રહેલા 'વિદ્યા'નો સર્વસામાન્ય અર્થ પહેલી જ અસરે કોઈની પાસે બેસીને વ્યવસ્થિત શિક્ષણ લેવું એવો સમજાય છે. જ્યાં વિદ્યા છે ત્યાં તેને ભણાવાતું શાસ્ત્ર છે. એમ માની લેવાતું હોય છે. પરંતુ Lore છે તે શાસ્ત્ર વગરની વિદ્યા છે. એ તો પરંપરાગત રીતે જ મળતું જ્ઞાન છે. એમાં શાસ્ત્રની નહીં, પરંપરાની, કોઠાની, આંતરસૂઝની જરૂર છે. આમ હોવા છતાં Lore ને શાસ્ત્રબદ્ધ વિદ્યા સાથે કોઈ જ સંબંધ નથી એવું નથી. લિખિતરૂપના કોઈપણ શાસ્ત્રનો વિકાસ તો Lore રૂપે જ થાય છે. આમ જે જે શાસ્ત્રો છે, પ્રશિષ્ટ રૂપ પામેલી કલાઓ છે તે શરૂઆતમાં તો લોકવિદ્યા જ હતી. લોકવિદ્યાઓમાંથી કાળક્રમે વિવિધ શાસ્ત્રો ઘડાયા અને વિદ્યાશાખાઓ જન્મી.

વિવિધ વિદ્વાનોએ પોતપોતાની રીતે લોકવિદ્યાની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. જે આ મુજબ છે.

ગુજરાતી સાહિત્યકોશ-૩ માં આર્થર ટાઈલર લોકવિદ્યાની વ્યાખ્યા આપતા કહે છે કે "કહેણીથી કરણીથી જે કાંઈ સામગ્રી પરંપરાગત પેઢી દર પેઢી ઊતરી રહેતી હોય તે લોકવિદ્યા."[૬૨]

વિલિયમ બાસ્કોમ લોકવિદ્યાની વ્યાખ્યા આપતાં કહે છે કે "તે શાબ્દિક કલા છે, જેમાં લોકકથા, પુરાકથા, દંતકથા, કથાગીત, લોકમહાકાવ્ય, કહેવત, સમસ્યા વગેરેનો સમાવેશ થાય છે."[૬૩]

ડૉ. હસુ યાજ્ઞિક કહે છે કે "લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકચિત્રકલા, લોકસ્થાપત્ય કે ગૃહનિર્માણ, લોકરંજક કલાઓ અને લોકકસબો વગેરે જે કંઈ લોકજીવન સાથે પરંપરાગત રીતે સંકળાયેલું છે તેને લોકવિદ્યા કહેવામાં આવે છે."[૬૪]

કનુભાઈ જાની કહે છે કે "લોકવિદ્યા એટલે મુખપરંપરાની કે રીતરિવાજથી પરંપરાગત ઊતરતી આવેલી સામગ્રી અને તે અંગેની બધી જાણકારી કે વિદ્યા."[૬૫]

ડૉ. અમૃત પટેલ નોંધે છે કે "આદિમાનવ જાતિઓની બુદ્ધિની નૈસર્ગિક, સહજ અને પ્રત્યક્ષ અભિવ્યક્તિ લોકવિદ્યામાં જોવા મળે છે. લોકવિદ્યા એ માનવજાતિના યુગો યુગોથી થતા આવેલા અનુભવો અને જાણેલી વાતોનો વારસો છે."[૬૬]

આમ વિવિધ વિદ્વાનોએ આપેલી લોકવિદ્યાની વ્યાખ્યાઓ પરથી એમ કહી શકાય કે લોકવિદ્યા એ વિજ્ઞાનનું દ્વાર છે. આધુનિક સગવડતાઓ જેવી કે વિજ્ઞાનની નવી નવી શોધખોળો, કોમ્પ્યુટર, મોબાઈલ, વિમાન, મકાન વગેરે લોકવિદ્યાને જ આભારી છે. લોકવિદ્યામાં લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, કહેવતો, ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી પરંપરાઓ, નટ-બજાણિયા, મદારી અને કઠપુતળીવાળાના ખેલ, ડોશીવૈદું, મંત્રતંત્ર, ભરતગૂંથણ, લીંપણ, લોકમાનસને વ્યક્ત કરતી માન્યતાઓ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આધુનિક પ્રશિષ્ટ અને લિખિત પ્રવાહમાં જે શાસ્ત્રો અને વિદ્યાઓ છે, તેના મૂળમાં લોકવિદ્યાઓ છે. સભ્ય અને સંસ્કૃત બનેલા માનવસમાજની સુદીર્ઘ પરંપરામાં જ લોકવિદ્યાનો પિંડ બંધાય છે અને કાળક્રમે એમાંથી શાસ્ત્ર કે વિજ્ઞાન જન્મે છે. લોકવિદ્યા એટલે માત્ર તળપદી એવી જીવનરીતિ અને માન્યતા નથી પરંતુ એ સાંસ્કારીત એવી પ્રક્રિયા છે. "લોકવિદ્યામાં જે તે સમાજ અને તેની બોલી તથા તેની સમગ્ર સંસ્કૃતિનો ભૂમિકારૂપ અભ્યાસ અનિવાર્ય બને, એટલે લોકવિદ્યાને કેટલાક સંસ્કૃતિનો એક ભાગ ગણે છે."[૬૭]

## ૨. ૮ લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર

પ્રાચીન સમયથી માનવજીવન અનેક પરિવર્તનો સાથે આજ સુધી પહોંચ્યું છે. માનવજીવનમાંથી આજ સુધી ઘણું સર્જાયું છે. લોકસમાજના સહિયારા સર્જનથી લોકજીવનમાં જે ઉમેરાયું છે, તે લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર છે. લોકોની વિવિધ અભિવ્યક્તિઓમાંથી લોકકલાઓ જન્મી છે. ડૉ. નરેશ વેદ લોકવિદ્યાના કાર્યક્ષેત્ર વિશે નોંધે છે કે " 'ફોકલોર'નું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ છે. એનુ મુખ્ય કામ ઐતિહાસિક કે પ્રાકૃતિક કોઈપણ જાતના વિજ્ઞાનમાં અનિવાર્ય છે એવી સામગ્રીના સંગ્રહ-સંચય અને સંપાદનનું તથા વર્ગીકરણ-વિશ્લેષણ અને અધ્યયનનું છે.

કહો કે એ મનુષ્યોનો અંતરંગ ઈતિહાસ પુનઃ સર્જે છે. સર્જકો અને ચિંતકોની અસાધારણ કૃતિઓમાં જે રહેલો છે તેને આધારે નહીં પણ સામાન્ય લોકની કાલીઘેલી વાણીમાં જે રીતે પ્રસ્તુત થયો છે તેને આધારે!’’[૬૮] માનવજીવનના તમામ પ્રકારના વર્તન પાછળ લોકમાનસ રહેલું છે. આ લોકમાનસનો અભ્યાસ પણ લોકવિદ્યામાં જ કરવો પડશે. આ ઉપરાંત સૂર અને સંગીત, ઘરઘથ્થુ ઈલાજ જેને આપણે વૈદુ કહીએ છીએ તે, રીતરિવાજ, માન્યતાઓ, શ્રદ્ધા-અશ્રદ્ધા, લોકરમતો, ધર્મ, સંસ્કૃતિ પણ લોકવિદ્યાના અભ્યાસનો વિષય છે. લોકવિદ્યા પોતે જ લોકજીવન જેટલી જ વ્યાપક, વિશદ છે. એટલે તો પુરાતત્ત્વ, નૃવંશવિજ્ઞાન, દર્શનશાસ્ત્ર, સમાજવિદ્યા, મનોવિજ્ઞાન એમ જુદા જુદા દ્રષ્ટિબિંદુએ જ જોઈ તપાસી શકાય.

પ્રાચીન સમયથી આજ સુધીમાં લોકજીવનમાં જે કાંઈ આવ્યું, ગયું અને ટક્યું એને લોકવિદ્યામાં સમાવિષ્ટ કરવા વિદ્વાનો પ્રયત્નો કરશે. લોકવિદ્યાનો સરળ અર્થ થાય છે, વિશેષ સંપાદન કરવું. પરંપરાથી ચાલ્યું આવતું જે કાંઈ આપણી પાસે છે, પ્રાચીન સમયથી જે પ્રમાણે આપણે જીવ્યા છીએ, જીવવા માટે જે -જે નીતિ રીતિની આપણને જરૂર પડી છે અને આજ સુધી જે-જે સાધનોની વચ્ચે, સાધનોની સાથે આપણું જીવન સુધર્યું, વિકસ્યું કે બગડ્યું એ તમામ બાબતોનો સમાવેશ લોકવિદ્યામાં થશે. લોકવિદ્યાનું ક્ષેત્ર જીવન જેટલું જ વિશાળ, વ્યાપક અને વૈવિધ્યસભર છે. આમ લોકવિદ્યા એ એક વિશાળ શાસ્ત્ર છે.

### ૨. ૯ લોકવિદ્યાના વિભાગો

લોકજીવનમાં જેટલું વૈવિધ્ય છે તેટલું લોકવિદ્યાઓમાં પણ છે. લોકવિદ્યા કોઈપણ સમાજના એકમ કે પેટા એકમના જીવનને ઘડનારું એક બળ છે, તે સાથે એના કૌટુંબિક અને સામાજિક જીવનને આકાર આપવાનું જીવનસંલગ્ન સાધન પણ છે. તેથી લોકવિદ્યા સ્વરૂપે, પ્રકારે અને વર્ગે વૈવિધ્યસભર છે. લોકવિદ્યા એટલે લોકોની, જનસમાજની વિદ્યા. માનવજીવન અનેક પરિવર્તનો સાથે આજ સુધી પહોંચ્યું છે. આમ છતાં લોકોની અભિવ્યક્તિ જુદા-જુદા સમયે, સંદર્ભે જુદી-જુદી રીતે પ્રગટી છે. એમાં શબ્દ, નૃત્ય, ગાન, અભિનય, રીત-રિવાજ, સંસ્કૃતિ ઈત્યાદીના સમયે સમયે વિકાસનો વિસ્તાર થયો છે. આ બધું પરંપરાથી ચાલ્યું આવતું અને લોક

સમાજમાં સતત પ્રવર્તમાન રહેલું એવું અંગ છે. તેથી લોકવિદ્યા એ એક વિશાળ શાસ્ત્ર છે. લોકવિદ્યાને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.

"ડોર્સનના મતે લોકવિદ્યાના ચાર મહત્ત્વના ક્ષેત્રો છે. જેમાં (૧) મૌખિક સાહિત્ય (૨) ભૌતિક લોકજીવન (૩) સામાજિક લૌકિક રીતરિવાજ (૪) રજૂઆત પામતી લોકકલાઓ."[૬૯] નો સમાવેશ થાય છે. આ ચારેય ક્ષેત્રોની સમજ નીચે પ્રમાણે આપી શકાય.

**(૧) મૌખિક સાહિત્ય :-** મૌખિક રીતે વહન થયેલા વધારાના ઉચ્ચારણોના સ્વરૂપોનો આમાં સમાવેશ થાય છે. તેમાં લોકકથાનકો, ગીતો, કહેવતો, મંત્રાક્ષરો, ઉખાણાંનો પણ સમાવેશ થાય છે.

**(૨) ભૌતિક લોકજીવન :-** ભૌતિક લોકજીવનમાં કલાકૌશલ્યો તેમજ મકાનો બાંધવાની કુશળતા, રાંધણકળા, કાપડ બનાવવાની આવડત, ઓજારો અને હથિયારો વગેરે બનાવવાની આવડતનો સમાવેશ થાય છે.

**(૩) સામાજિક લૌકિક રીતરિવાજ :-** આમાં તહેવારો અને ઉત્સવોનો અભ્યાસ થાય છે. આ તહેવારો અને ઉત્સવો ધાર્મિક અને સંપ્રદાય નિરપેક્ષ હોઈ શકે છે. આ ઉપરાંત આમાં લોક-ઔષધિઓને પણ આવરી લેવાઈ છે.

**(૪) રજૂઆત પામતી લોકકલાઓ :-** વ્યક્તિગત રીતે અથવા તો સામૂહિક રીતે લોકવિદ્યા, લોકવેશભૂષા, લોકનૃત્યો, આવી પ્રત્યક્ષ રજૂઆત કે ભજવણી લોકવિદ્યારૂપે અનૌપચારિક સાહજિક પ્રકૃતિની હોય છે. પ્રશિષ્ટ કલાની જેમ એની સહેતુક સભાનતા ધરાવતી રજૂઆત હોતી નથી. આવી લોકકલાઓનો આમાં સમાવેશ થાય છે.

કનુભાઈ જાનીએ લોકવિદ્યાના વિભાગો વિશે આ રીતે નોંધ કરી છે.

"(૧) લોકોના ભૌતિક જીવનને લગતો વિભાગ કે જેમાં માનવીની મકાનરચના, પહેરવેશ, અન્નાદિની ટેવો, વ્યવસાય, રાચરચીલું વગેરે આવે છે.

(૨) સામાજિક જીવનને લગતો વિભાગ કે જેમાં રીતરિવાજ, ધાર્મિક વિધિઓ, લગ્ન-મરણની ક્રિયાઓ, ઓસડિયાં મૂળિયાં, ટૂચકા, મંત્રોનું વૈદુ, શુકન-અપશુકન, સ્વપ્નો, માન્યતાઓ વગેરે આવે છે.

(૩) લોકકળાઓનો વિભાગ કે જેમાં સંગીત, નૃત્ય, નાટક અને ચિત્ર આવે છે.

(૪) લોકસાહિત્યનો વિભાગ કે જેમાં વાઙ્‌મય કળાનો સમાવેશ થાય છે."[૭૦]

કનુભાઈ જાનીએ લોકવિદ્યાને જે ચાર વિભાગમાં વર્ગીકૃત કર્યું તે ચારેય વિભાગોને વિસ્તારથી સમજીએ.

(૧) ભૌતિક જીવનમાં મનુષ્ય શિકારી તરીકે જીવતો હતો, ત્યારે શિકાર કરવાના સાધનો, શસ્ત્રો કયા-કયા હતા ? કેવા પ્રકારની ગુફા કે ઝૂંપડામાં રહેતો હશે ? ખેતી અને પશુપાલન અવસ્થામાં શું શું ઉમેરાયું હશે ? આની સાથે અન્ય વ્યવસાયની પણ જરૂરિયાત ઉભી થયેલી. આમ વ્યવસાયની સાધન-સંપતિ, આવાસના પ્રકારો, વિવિધ વસ્ત્રો, અલંકારો, ખોરાકની જુદી-જુદી વસ્તુઓના પ્રકારો, વ્યસનની વસ્તુઓ ટૂંકમાં લોકોના ભૌતિક જીવન સાથે સંકળાયેલી તમામ સામગ્રીનો સમાવેશ આ વિભાગમાં થશે.

(૨) માનવ એ એક સામાજિક પ્રાણી છે. માનવમાંથી સમાજજીવનને અલગ પાડી શકાય નહીં. સમાજજીવનથી લોકજીવન વિકસે છે. એટલે લોકોના સમાજજીવનને લગતી બાબતો જેવી કે લગ્ન, ધાર્મિક વિધિઓ, સામાજિક રીતરિવાજો, વ્યવહારો, શુકન-અપશુકનના ખ્યાલો, વગેરે બાબતોનો અભ્યાસ આ વિભાગમાં કરવામાં આવે છે.

(૩) લોકકલાઓનું ક્ષેત્ર પણ વિસ્તૃત છે. પેટ ભરાયા પછી મન ભરાવવાના સાચા દીલના પ્રયાસોમાંથી લોકકલાઓનો જન્મ થયો છે. ઉત્સવ, રમત-ગમત, લીંપણ, લોકસંગીત, ખાટલાભરત, ભવાઈ, ભરત-ગૂંથણ, લોકચિત્રો, રામલીલા, ગાયન-વાદનની કલા, વિશેષ શક્તિઓ પ્રગટ કરતી કલા વગેરે ઘણી બાબતોનો સમાવેશ લોકકલામાં કરવામાં આવે છે.

(૪) આ ચોથા વિભાગમાં વાઙ્‌મયકલાનો એટલે કે મુખ્ય પરંપરાગત કલા પર ભાર મુકવામાં આવે છે. જેને "Oral Art's" પણ કહે છે. તેમાં હર્ષનો, શોકનો ભાવ વ્યક્ત કરતાં ધ્વનિઓનો

સમાવેશ થાય છે. ઢોર હાંકવાનો, બોલાવવાનો, ડચકારો, સાદ વગેરેનો સમાવેશ થાય છે. ભુવાઓ જ્યારે ધુણતા હોય ત્યારે જે અવાજ કાઢે છે, જે હાકલા – પડકારા કરે છે, હાલરડામાં પણ આવા ધ્વનિઓ છે. લોકસાહિત્ય એ લોકોની શાબ્દિક અભિવ્યક્તિ છે. તેની અભિવ્યક્તિ ગદ્ય અને પદ્યમાં થાય છે. તે રીતે ગદ્યમાં લોકકથા, ટૂચકા, રૂઢિપ્રયોગો, ઓઠા, કહેવતો, ટુચકાઓ, સમસ્યાઓ અને પદ્યમાં લોકગીતો, દુહાઓ, ગીતકથાઓ, ઉખાણાં, સુભાષિતો, જોડકણાં વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

ગુજરાતી સાહિત્યકોશ-૩ માં લોકવિદ્યાના મોટા ચાર પ્રકારો આ રીતે દર્શાવ્યા છે. "લોકવિદ્યાના મોટા ચાર પ્રકારો છે. (૧) લોકવાડ્મય કે લોકસાહિત્ય (૨) લોકોનું સમાજજીવન (૩) લોકકલાઓ (નૃત્ય, નાટક, સંગીત અને ચિત્ર) (૪) લોકકારીગરી"[૯૧]

"પ્રો. બ્રુન્વાદે લોકવિદ્યાના ત્રણ વિભાગો આપ્યા છે. (૧) શાબ્દિક લોકવિદ્યા (૨) અંશતઃ શાબ્દિક લોકવિદ્યા (૩) અશાબ્દિક લોકવિદ્યા."[૯૨]

હવે આ ત્રણેય વિભાગો વિશે ટૂંકમાં જોઈએ.

**(૧) શાબ્દિક લોકવિદ્યા :-** આમાં લોકકથા, કહેવતો અને રૂઢિપ્રયોગો, ટૂચકા, લોકનાટ્ય, લોકગીત, ગીતકથા, ભડલી વર્તારા વગેરેનો સમાવેશ થાય છે.

**(૨) અંશતઃ શાબ્દિક લોકવિદ્યા :-** આમાં લોકનૃત્ય, લોક રીતરિવાજ અને લોકોત્સવનો સમાવેશ કરવામાં આવે છે.

**(૩) અશાબ્દિક લોકવિદ્યા :-** આમાં લીંપણ, શિલ્પ, લોકસ્થાપત્ય, ચિત્રનો સમાવેશ કરવામાં આવે છે.

ડૉ. હસુ યાજ્ઞિક લોકવિદ્યાના પ્રકારો નીચે મુજબ જણાવે છે.

"૧. લોકસાહિત્ય : Folk-Literature

૨. લોકસંગીત : Folk Music

૩. લોકનાટ્ય : Folk-Drama

૪. લોકનૃત્ય : Folk-Dance

૫. લોકસ્થાપત્ય : Folk-Architecture

૬. લોકવસ્ત્રાભૂષણ : Folk-Costume

૭. લોકકલા : Folk-Art , ચિત્રકલાદિ

૮. લોકકસબ : Folk-Craft

૯. લોકમનોરંજન : Folk-Recreation

૧૦. લોકમાન્યતા : Folk-Belief "[93]

હવે આ પ્રકારો વિશે ટૂંકમાં જોઈએ તો લોકવિદ્યાના વિવિધ પ્રકારોમાં જોઈએ તો લોકસાહિત્યનું ક્ષેત્ર વિશેષ વ્યાપક છે. એનું માધ્યમ વાણી હોવાથી સંગીત, કલા, કસબ, નૃત્ય, સ્થાપત્ય, મનોરંજન એમ વિવિધ પ્રકારોમાં જે કંઈ હતું તેનું સીધું પ્રતિબિંબ એમાં ઝિલાયું છે. લોકસાહિત્યના મુખ્ય બે પ્રકારો તે લોકકથા અને લોકગીત છે. લોકસંગીત એટલે લોકોના સર્વમાન્ય એવા પ્રવાહમાં, લોકવિદ્યાના એક વિશિષ્ટ અંગરૂપે, પરંપરાથી ગવાતું રહ્યું છે તે સંગીત. તે માત્ર અનુકરણ અને સહભાગીપણાથી જ ગવાતું રહે છે. તેમાં હાલરડું, રાસ-ગરબા, પદભજન, લગ્નગીત, મરસિયા, શ્રમગીત, ઉત્સવ ગીત, બારમાસી વગેરેનો સમાવેશ થાય છે. લોકનાટ્યનો અર્થ નાટ્યરૂપી લોકવિદ્યા એવો થાય છે અને તેમાં વિવિધ કથાઓને જ મુખ્યત્વે વાચિક અને આંગિક અભિનય વડે રજૂ કરવામાં આવે છે. લોકનાટ્યમાં સંવાદની સાથે

ગાયન, વાદન અને નૃત્ય પણ સંકળાયેલા છે. તેના મોટા ભાગના પ્રકારો અને સ્વરૂપોને કથા સાથે સંબંધ છે. રામલીલા, કૃષ્ણલીલા, ભવાઈ વગેરે તેના પ્રકારો છે.

વિશ્વની જુદી જુદી જાતિઓમાં લોકનૃત્યોના અનેક પ્રકારો છે, પરંતુ લોકવિદ્યા તરીકે સાર્વત્રિક સામ્ય એ છે કે તે જીવનનો ભાગ હોય છે અને ધર્મ સાથે, વિવિધ ઋતુઓ સાથે, વિવિધ સંસ્કારો સાથે અને સામાજિક ધાર્મિક ઉત્સવો અને પર્વો સાથે જોડાયેલા છે. ગુજરાતમાં જે લોકનૃત્યો છે તેમાં રાસ-ગરબા, ટિપ્પણી, ટીટોડો, રાંદલનો ઘોડો વગેરે મુખ્ય છે. લોકસ્થાપત્ય અને લોકકસબની લોકવિદ્યાઓનો પ્રત્યક્ષ સંબંધ લોકજીવનની ભૌતિક જરૂરત સાથે છે. તર્ક કરી શકતા પ્રાણી તરીકે માણસનો બૌદ્ધિક વિકાસ થયો, તે સાથે જ નિવાસ અને ભોજન માટે તથા ટાઢ-તડકાથી શરીરને રક્ષવા માટેની કૂનેહ મેળવી. હિંસક પ્રાણી, ટાઢ-તડકાથી, પૂર કે આગ વગેરેથી મૂક્ત થવા એણે વસ્ત્રો શોધ્યા, ગુફાઓ શોધી અને ગૃહનિવાસ કર્યો. લોકકલા અને કસબમાં લોકચિત્ર, લોકભરત, લોકશિલ્પ, હસ્તોદ્યોગના હુન્નર, લોકસ્થાપત્ય, વિવિધ કલાઓ વગેરેનો સમાવેશ થાય છે. આવી કલાઓ અને કસબોને મુખ્ય ત્રણ વર્ગમાં વહેંચી શકાય. દેહ વિષયક, નિવાસ વિષયક અને વ્યવહાર-ધર્માદિ વિષયક. લોકમનોરંજનમાં વિવિધ પ્રકારના ખેલ મુખ્ય છે. મદારી-વાદી, બહુરૂપી, ભાંડ, ભવાયા, મલ્લ, નટ-બજાણિયા, કઠપૂતળીના ખેલવાળા લોકમનોરંજનનું કાર્ય કરે છે. લોકમાન્યતા લોકજીવનનાં જગત અને જીવનના અનુભવને અને ગૃહિત એવી ધારણાઓને તેમના વ્યક્તિગત, કૌટુંબિક, જાતિગત જીવનને સાંકળતું તત્ત્વ છે. એમાં નીતિ, ધર્મ, ધારણાઓ તેમજ આધુનિક શિક્ષિત દ્રષ્ટિએ જેને અંધશ્રદ્ધા અને વહેમ કહીએ છીએ તે બધું જ સંકળાય છે. તેના મૂળ આંતરિક હોય છે. તે બધાંની પાછળ પણ કોઈ તર્ક, જ્ઞાન હોય છે, એનાં પ્રવર્તનનો હેતુ પણ હોય છે.

આમ લોકવિદ્યા પરંપરાગત સાંસ્કૃતિક પ્રક્રિયા અને પરંપરા તરીકે વ્યાપક છે. એમાં પુરાકથા, લોકકથા, દંતકથા, કહેવતો, ઓઠાં, પહેરવેશના વસ્ત્રાભૂષણ, નિવાસ નિર્માણ માટેની કલાઓ, લોકસંગીત, રીતરિવાજ વગેરે એમ અનેક પ્રકારની સામગ્રી છે. એમની આવી લોકવિદ્યાઓ દ્વારા જ્ઞાન કે જાણકારી, જીવન અને જગતને જાણવા સમજવાની દ્રષ્ટિ, ધારણા કે માન્યતા અને એમની સંસ્કૃતિ ઘડાય છે. આ એમના સાંસ્કૃતિક જીવનનો વારસો છે અને એમના

અસ્તિત્વને આકાર આપતો પાયો છે. જેમ-જેમ સમય બદલાય તેમ-તેમ લોકવિદ્યાની સામગ્રી અને સંક્રમણની પદ્ધતિ પણ બદલાય છે.

## ૨. ૧૦ લોકસંસ્કૃતિની વિભાવના

મનુષ્ય એ સામાજિક પ્રાણી હોવાથી તેને બીજા માનવી પર આધાર રાખવો પડે છે. મનુષ્યો વચ્ચેના આ સંબંધ સમાજના પાયાની રચના કરે છે. મનુષ્યો સમાજનું સર્જન કરે છે અને તેના બદલામાં સમાજ તેમને એકસાથે ભેગા રાખે તેવા સામાજિક સંબંધોનું માળખું પૂરુ પાડે છે. આમ, મનુષ્ય વગર સમાજની કલ્પના થઈ શકતી નથી અને સમાજ વગર મનુષ્યની સંસ્કૃતિ અસ્તિત્વ ન ધરાવી શકે. આપણી લોકસંસ્કૃતિના મૂળોનો તાગ મેળવવા જઈએ તો તેનું પગેરું છેક વેદો સુધી જાય છે. લોકસંસ્કૃતિ એ તો લોકોનું આપેલું નામ છે. આ વેદ સંસ્કૃતિ હતી, ઋષિ સંસ્કૃતિ હતી. લોકસંસ્કૃતિને સમજતા પહેલા 'લોક' અને 'સંસ્કૃતિ' આ બે શબ્દોને સમજવા પડે. 'લોક' શબ્દને આપણે આગળ જોઈ ચૂક્યા છીએ. 'સંસ્કૃતિ' ની સમજ નીચે પ્રમાણે આપી શકાય.

સરળ શબ્દોમાં કહેવું હોય તો 'સંસ્કૃતિ' એટલે જીવન જીવવાની રીત. તેમાં જ્ઞાન, કાયદો, રિવાજ, કલા, માન્યતા અને સમાજના સભ્ય તરીકે માનવીએ પ્રાપ્ત કરેલ કોઈ યોગ્યતાઓ અને ટેવોનો સમાવેશ થાય છે. સંસ્કૃતિ એ એવું માધ્યમ છે કે જેના દ્વારા માનવી અને સમાજ વચ્ચેનો સંબંધ ઘડાય છે. સંસ્કૃતિ આપણા જીવન સાથે મજબૂત રીતે બંધાયેલી છે અને આપણા રોજબરોજના અસ્તિત્વનો એક ભાગ છે. સંસ્કૃતિ એક સમૂહ પાસેથી બીજો સમૂહ અને એક પેઢી પાસેથી બીજી પેઢી શીખે છે અને હસ્તાંતર કરે છે.

વિભિન્ન ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ સંસ્કૃતિ વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા છે. આ મંતવ્યો વિશે વિચારીએ તે પહેલા વિભિન્ન શબ્દકોશોમાં 'સંસ્કૃતિ' સંજ્ઞાનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જોઈ લઈએ.

કે. કા. શાસ્ત્રી સંપાદિત 'બૃહદ્ ગુજરાતી કોશ' માં 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ આ રીતે આપેલો છે.

"૧. ઊંચા સંસ્કાર, સંસ્કારિતા

૨. વિભિન્ન કલાઓ અને વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતાઓ (રહેણીકરણી અને સભ્યતાના સંસ્કારોની જેમાં છાપ પડી હોય છે.)"[૭૪]

સાર્થ જોડણી કોશમાં 'સંસ્કૃતિ' નો અર્થ નીચે મુજબ આપેલ છે.

"સંસ્કૃતિઃ સામાજિક પ્રગતિ, સભ્યતા, સુધારો."[૭૫]

'ગુજરાતનું સંસ્કૃતિદર્શન' નામના ગ્રંથમાં 'સંસ્કાર, સંસ્કૃતિ, સંસ્કારિતા, સભ્યતા' નામના પ્રકરણમાં 'સંસ્કૃતિ' નો અર્થ આ પ્રમાણે આપેલો છે.

"સંસ્કાર અને સંસ્કૃતિ બન્ને શબ્દો સમ્ + કૃ એ એક જ ધાતુમાંથી આવ્યા છે. સમ્યગત્ + કૃતિઃ સંસ્કૃતિ સંસ્કારિતા શબ્દ પણ સમ્ + કૃ ધાતુમાંથી આવ્યો છે અને સંસ્કારીપણું એવો તેનો અર્થ છે."[૭૬]

'સંસ્કૃતિ' માટે અંગ્રેજીમાં Culture અને 'સભ્યતા' માટે અંગ્રેજીમાં Civilization શબ્દ છે. 'ભગવદ્ ગોમંડલ' માં 'સંસ્કૃતિ' ના વિવિધ અર્થો આપેલા છે, જે નીચે મુજબ છે.

"૧. અભિમંત્રણ

૨. અમુક વિશિષ્ટ સંસ્કારોનો સમુદાય

૩. ઊંચા સંસ્કાર, સંસ્કારિતા

૪. કેળવણી

૫. ચોખ્ખાઈ, શુદ્ધિ

૬. જીવનવિદ્યા

૭. રહેણીકરણી, રીતરિવાજ

૮. સભ્યતા, સંસ્કાર પામેલા હોવાની સ્થિતિ

૯. સારાપણું

૧૦. સુધારણાઃ ઉત્કર્ષ, ઉન્નતિ

૧૧. સ્વભાવ"[૭૭]

'ભારતીય સંસ્કૃતિની ઝલક' નામના ગ્રંથમાં શ્રી થોમસ પરમાર 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ આપતા જણાવે છે કે,

"સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત ધાતુ સમ + કૃ સાથે સંબંધ ધરાવે છે. અને તે ઉપરથી મનુષ્યની બધી પ્રકારની ક્રિયાઓનો તેમાં સમાવેશ થાય છે. સંસ્કૃતિ એ માનવસમાજની પેદાશ છે. સમાજના એકમ તરીકે પોતાના જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે મનુષ્ય જે કંઈ બૌદ્ધિક કે ભૌતિક ખેડાણ કરે છે તેનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે. "[૭૮]

કાકા સાહેબ કહે છે કે,

"જીવનને શુદ્ધ, સમૃદ્ધ, સફળ અને સમર્થ બનાવવાના પ્રયત્નને અંતે જીવનપદ્ધતિ અને જીવન વિસ્તાર કેળવાય છે તે આપણી સંસ્કૃતિ છે. સંસ્કૃતિનો સ્વભાવ સમન્વયકારી છે. જીવનની પરિપૂર્ણતા તે સંસ્કૃતિ. "[૭૯]

શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી 'સંસ્કૃતિ' ની વ્યાખ્યા આપતા કહે છે કે,

"જ્યારે કોઈપણ પ્રજાના સમર્થક અને પ્રભાવશાળી દ્રષ્ટાઓ અપૂર્વ આર્ષદ્રષ્ટિથી માનવજીવનને અજવાળે અને ઉચ્ચતર કરે એવાં આધ્યાત્મિક, ધાર્મિક, શીલ વિષયક અને સૌંદર્ય વિષયક સત્યોનું દર્શન કરીને સંસ્કારનો એક આદર્શ ઉભો કરે અને તદાનુસાર કેળવણી આપીને જનતાને પામરતામાંથી ઉદ્ધારી સંસ્કારી જીવનને માર્ગે દોરે અને એવા સંસ્કારી જીવનની નવી દ્રષ્ટિરૂપી ફિલસુફીથી અનુપ્રાણિત કવિઓ, કલાકારો, વિદ્વાનો અને વૈજ્ઞાનિકો જ્યારે અનેકવિધ વિદ્યાઓ અને કલાકૃતિઓનું અભૂતપૂર્વ ભવ્ય સર્જન કરે ત્યારે એ

સમગ્ર સર્જન સમૂહને તથા એ સૃષ્ટિની અધિષ્ઠાનભૂત જીવનદ્રષ્ટિને અનુસરતી એ પ્રજાની જીવનચર્યાને સંસ્કૃતિ કહીએ તો ખોટું નહીં. "[૮૦]

વિશ્વપ્રસિદ્ધ માનવશાસ્ત્રી મેલિનોવસ્કિએ 'સંસ્કૃતિ' ની વ્યાખ્યા આ રીતે આપી છે.

"સંસ્કૃતિ એ વારસામાં મળેલા ઓજાર, સાધનો, હથિયારો, ચીજવસ્તુઓ, ટેક્નિકી પ્રક્રિયાઓ, વિચારો, ટેવો અને મૂલ્યોની બનેલી છે. "[૮૧]

ટાઈલરના મત મુજબ "સમાજના સભ્ય તરીકે મનુષ્યે મેળવેલાં જ્ઞાન, માન્યતા, કલા, કાયદા, કાનુન, નીતિનિયમો, રીતરિવાજો તથા અન્ય સર્વ શક્તિઓ અને ટેવોનો બનેલો સમગ્ર સંકુલ એટલે સંસ્કૃતિ. "[૮૨]

દિનકર જોષીના મતે "સંસ્કૃતિ એટલે માનવ સમૂહના આચાર તથા વિચારનો સરવાળો. "[૮3]

રાજુલ દવેના મતે "માનવ સમૂહોએ પોતાના આંતર્જીવનનો વિચાર કરતાં જે નિર્માણ થયું તેને સંસ્કૃતિ કહેવામાં આવે છે. "[૮૪]

આ રીતે 'સંસ્કૃતિ' વિશે વૈશ્વિક સ્તરના અનેક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. સામાન્ય રીતે આપણે 'સંસ્કાર' શબ્દને 'સંસ્કૃતિ' ની નજીક ગણીએ છીએ. સંસ્કારને સંસ્કૃતિના સંદર્ભમાં તપાસીએ છીએ. આમ 'સંસ્કૃતિ' શબ્દની ઉત્પત્તિ 'સંસ્કાર' શબ્દ પરથી થઈ હોવાનું મનાય છે. સંસ્કાર મનુષ્ય અને જાતિ બન્નેમાં હોય છે. 'સંસ્કૃતિ' માં સમનો અર્થ થાય છે 'સારી રીતે' અને 'કૃતિ' એટલે 'કરવું' આમ, સંસ્કૃતિ શબ્દનો સામાન્ય અર્થ થાય છે સંસ્કરણ, પરિષ્કરણ અને પરિમાર્જન. સંસ્કૃતિ શબ્દ સુસંસ્કૃત અર્થાત્ પરિષ્કૃત અને પરિમાર્જિત સ્થિતિનો બોધ કરે છે. સંસ્કૃતિ શબ્દ સ્ત્રીલીંગ છે તે ભાવવાચક સંજ્ઞા તથા વ્યાપક અને સમૂહવાચક શબ્દ છે. માનવી જ્યારે સામુદાયિક રીતે સાથે રહે છે ત્યારે તેના પરિણામે એક એવું તત્ત્વ તેના સમૂહમાં અન્ય પશુઓથી અલગ અનોખું નિરાળું પડી ઓળખાઈ આવે છે, જેને આપણે સંસ્કાર, સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ.

સંસ્કૃતિ પ્રાકૃતિક નથી, માનવીય રચના છે, જેને માનવીએ પોતાની જીવન જીવવાની પ્રણાલી સંબંધી ઉપયોગી તત્ત્વોને વિકસિત કરી રૂપ આપ્યું છે. માનવીની પાર્થિવ અને અપાર્થિવ બન્ને સિદ્ધિઓ એમાં સમાઈ જાય છે. સંસ્કૃતિના તત્ત્વોમાં જોઈએ તો ભાષા, ઉદ્યોગ, શિક્ષણ, લિપી, લગ્ન વ્યવસ્થા, પ્રેમ, રીતવિાજો, કળા, જ્ઞાતિપ્રથા, કુટુંબરચના, જાહેર જીવન, કાયદા, યુદ્ધ, સંસ્થાઓ મુખ્ય છે. સંસ્કૃતિ એ એક વ્યાપક શબ્દ છે, જેની અંતર્ગત કોઈ વિશેષ માનવ સમુદાયના રીતરિવાજ અને સામૂહિક આચરણની અભિવ્યક્તિ આવે છે.

આદિકાળમાં માનવીની જીવન વિધિથી સંસ્કૃતિનો ઉદ્‌ભવ થયો. તે પછી જેમ જેમ માનવનો વિકાસ થતો ગયો, તેમ તેમ માન્યતાઓ, આસ્થાઓ, પ્રયાસો અને પરંપરાઓ સ્થાપિત થવા લાગી. આ બધા પણ સંસ્કૃતિના આધારભૂત અંગ બની ગયા. સંસ્કૃતિ માનવીની જીવનવિધિઓને એ સમાજ સ્વીકૃત આદર્શોથી પરિચય કરાવી નિયંત્રિત કરવા લાગી. સામાજિક વ્યવસ્થા સ્થાપિત કરવા માટે સંસ્કૃતિ માનવીને સમાજના એક વિશેષ ઢાંચામાં ઢાળી દે છે. સંસ્કૃતિ માનવીના સ્વભાવ અને આચરણને નિર્ધારિત નિયમોના આધાર પર એક વિશિષ્ટ દિશામાં વિકસિત કરે છે. સંસ્કૃતિના વિષયમાં એ પણ સત્ય છે કે તે કોઈ માનવીના પ્રયાસોનું ફળ નથી તે કોઈ એક કાળનું પ્રતિકૂળ પણ નથી. સંસ્કૃતિ તો એક અવિરત ધારા છે. જેમાં યુગ યુગની માન્યતાઓ સામેલ હોય તેનો તે વિકાસ કરતી રહે છે. જીવનસંબંધી પ્રત્યેક વિષયોનો સમાવેશ સંસ્કૃતિ અંતર્ગત આવે છે. એ દ્રષ્ટિએ સંસ્કૃતિનો એક નિશ્ચિત વિસ્તાર બતાવવો કપરું છે. આમ છતાં કહી શકાય કે સંસ્કૃતિનું ક્ષેત્ર સમાજ હોય છે તેનો વિસ્તાર વિશદ, વિસ્તૃત અને સામાજિક હોય છે. સંસ્કૃતિનો સંબંધ એક દેશ, જાતિ યા કોઈ વિશિષ્ટ સમાજ અથવા જન સમુદાયમાં પ્રચલિત ધાર્મિક પ્રવૃત્તિઓ, આસ્થાઓ, રુચિઓ, સ્વભાવ, વિચાર, વ્યવહારો અને રહેવાની ઢબ સાથે હોય છે. સંસ્કૃતિના વર્તુળમાં ત્યાંની દાર્શનિક, સાહિત્યિક, સામાજિક, કલાત્મક માન્યતાઓનાં તત્ત્વો આવી જાય છે. ભારતીય પરંપરા મુજબ સંસ્કૃતિના પાંચ અવયવ છે : ધર્મ, દર્શન, ઈતિહાસ, વર્ણ અને સંસ્કાર. આ તત્ત્વો ખાસ કરીને ધાર્મિક અનુષ્ઠાનો કે ઉત્સવો વખતે પ્રગટ થાય છે.

સંસ્કૃતિ માનવીના સુસંસ્કૃત સંસ્કારો, આદર્શ વિચારો અને કમનીય કળાઓની અભિવ્યક્તિ છે. તે માનવજીવનનાં એ બધાં તત્ત્વોના સમૂહનું નામ છે જે ધર્મ અને

દર્શનથી શરૂ થઈ કલા-કૌશલ, સમાજ તથા વ્યવહાર વગેરેમાં પૂર્ણ થાય છે. આ તત્ત્વોની સમગ્રતાને જ સંસ્કૃતિ સંજ્ઞા આપી શકાય. સંસ્કૃતિ અંતર્ગત માનવીના વ્યક્તિગત જીવનથી માંડી, સમાજમાં તેના સમસ્ત કાર્ય કલાપો અને આચરણની ગતિવિધિઓ આપી જાય છે. સંસ્કૃતિનું એક અંગ 'જીવન-દર્શન' હોય છે. તેના અંતર્ગત એ સંસ્કૃતિમાં માનવીય આદર્શો, માન્યતાઓ, સદ્‌ગુણો અને રાષ્ટ્રીય મૂલ્યોનું પ્રસ્થાપન કરી શકાય છે.

સંસ્કૃતિના વિશાળ અર્થમાં બે પ્રકાર પાડી શકાય ભૌતિક સંસ્કૃતિ અને અભૌતિક સંસ્કૃતિ.

***(૧) ભૌતિક સંસ્કૃતિ :-*** ભૌતિક સંસ્કૃતિમાં આપણી આસપાસની જોઈ-સ્પર્શી શકાય તેવી બાબતોનો સમાવેશ થાય છે. ભૌતિક સંસ્કૃતિમાં મકાનો, ખોરાક, વસ્ત્રો, વાહનવ્યવહારના સાધનો વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્યના જીવનમાં આ વસ્તુઓ મહત્ત્વનો ભાગ ભજવે છે.

***(૨) અભૌતિક સંસ્કૃતિ :-*** ભૌતિક અને સામાજિક જરૂરિયાતો સિવાય પણ મનુષ્યને અન્ય પ્રકારની જરૂરિયાત હોય છે. ખોરાક, કપડા અને મકાન મેળવવા ઉપરાંત મનુષ્યને ધર્મમાં શ્રદ્ધા હોય છે, અને તેને માર્ગદર્શન આપવા માટે કેટલાક ધોરણો તથા કાયદાની જરૂર પડે છે. સાહિત્ય, વિજ્ઞાન, કલા, ભાષા, ધર્મ, કાયદો જેવા પરિબળો અભૌતિક સંસ્કૃતિના ઘટકો છે. સંસ્કૃતિના આ બન્ને પાસાં પરસ્પર આધારિત છે. ભૌતિક સંસ્કૃતિ જ્યારે અભૌતિક સંસ્કૃતિને નવું વાતાવરણ પૂરું પાડે છે, ત્યારે અભૌતિક સંસ્કૃતિ ભૌતિક સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરે છે.

સંસ્કૃતિ વિશે આટલી સમજ મેળવ્યા પછી લોકસંસ્કૃતિ વિશે જોઈએ. લોકસંસ્કૃતિ એ પ્રકૃતિના ખોળે વસતી વિવિધ લોકજાતિયોના સમૂહનું પેઢી પરંપરાનું સહિયારું સર્જન છે. હજારો, લાખો વર્ષથી સંસ્કૃતિનો પીંડ બંધાતો આવ્યો છે. સમાજનો એ મહામૂલો વારસો છે. લોકસમાજનો માનવી પોતાની સવલતો, સુવિધાઓ અને રુચિઓ અનુસાર જીવનમાં કેટલાક રિવાજો અને પ્રણાલિકાઓ આરંભે છે. જે આગળ જતાં રીતરિવાજ અને રૂઢિરૂપે લોકજીવનનું મુખ્ય અંગ બની જાય છે. જીવનને માત્ર જીવવાનું સાધન જ નહીં પણ સુખમય જીવવાનું સાધન બનાવવા જે પ્રજા ઈચ્છે અને જીવનને શણગાર તથા ઉલ્લાસભર્યું બનનાવવા પ્રયત્નશીલ થાય તે

સમાજમાં સંસ્કાર અને સંસ્કૃતિનો ઉદ્‌ભવ થાય છે. લોકસંસ્કૃતિના મહત્વના આધાર સ્તંભો ગણાતા સાહિત્ય, કળા, ધર્મ એ ઈશ્વરના હાથનું નહીં પણ માનવીના હાથે થયેલું સર્જન છે.

ડૉ. હસુ યાજ્ઞિક લોકસંસ્કૃતિ વિશે કહે છે કે "આ લોકસંસ્કૃતિને હું મૂળભૂત સંસ્કૃતિ તરીકે ઓળખાવવી પસંદ કરું છું. કેમકે માત્ર પ્રદેશ જ નહીં જાતિ, જ્ઞાતિ અને ધર્મ પ્રમાણે એ જોવા મળે છે."[5] લોકસંસ્કૃતિના મૂળ પણ એકથી વધારે છે. કોઈ એક જ બોલીગત અને પ્રદેશગત મુખ્ય મૂળ સાથે જે પેટા મૂળ છે તેમાં જાતિ, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, પંથ વગેરે છે. માનવજીવનથી એની લોકસંસ્કૃતિને અલગ પાડી શકાય નહીં. કોઈપણ લોકસમાજની પ્રગતિની પારાશીશી માપવી હોય તો એની સભ્યતા, સંસ્કાર અને સંસ્કૃતિ પરથી માપી શકાય. આમ માનવજીવનના ઘડતરમાં અને વિકાસમાં લોકસંસ્કૃતિનો ફાળો ઘણો જ મૂલ્યવાન રહ્યો છે.

લોકસંસ્કૃતિ એ સંસ્કૃતિનો જ એક વિભાગ છે. ભારતની પ્રજા સદીઓથી લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. આ પરંપરા મોટેભાગે મૌખિક રહી અને પુસ્તકોનો સીધો આધાર તેના વિકાસમાં નથી જોવા મળતો. ભૌગોલિક રીતે વિશાળ પ્રદેશ અને જુદી જુદી આબોહવા ધરાવતા ભારતમાં ભૌગોલિક વાતાવરણ અને લોકસંસ્કૃતિને નજીકનો સંબંધ છે. કૃષિ અર્થવ્યવસ્થાવાળા દેશમાં અને ગ્રામ્ય પરિવેશમાં લોકગીતો, ચિત્રકળા અને નાટ્ય સ્વરૂપો વિકસ્યા છે.

જુદા-જુદા પરિવેશ, રોજિંદા ભોજનનું વૈવિધ્ય, શૃંગારનાં જુદા-જુદા સ્વરૂપો અને સેંકડો બોલીઓ ભારતીય સંસ્કૃતિના ભાગ રૂપે આપણે ભારતમાં વિવિધ ધર્મો અને જ્ઞાતિઓના સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક રીતરિવાજો છે તે જોઈ શકીએ છીએ. લગ્ન, મૃત્યુ, જન્મ એવા જુદા-જુદા પ્રસંગોએ વિવિધ જ્ઞાતિઓમાં રિવાજોમાં તફાવત જોવા મળે છે. લોકસંસ્કૃતિનો સીધો સંબંધ ગ્રામજીવન સાથે છે. કૌટુંબિક અને સામાજિક ઉત્સવોમાં સમગ્ર સમૂહની સામેલગીરી લોકસંસ્કૃતિની વિશેષતા છે. લોકસંસ્કૃતિમાં ગ્રામ્યજનોના રીતરિવાજ, વિશ્વાસ, આચરણ વગેરેનો સમાવેશ થાય છે. લોકસંસ્કૃતિ સાથે લોકમાનસ, લોકધર્મ, લોકશ્રદ્ધા, લોકમર્મ અને લોકજીવન અભિન્ન રીતે સંકળાયેલું હોય છે.

શિષ્ટ સંસ્કૃતિ કરતાં લોકસંસ્કૃતિ વધારે ઉદાર રહી છે. આપણા દેશમાં બહારથી આવતી સંસ્કૃતિઓને લોકસંસ્કૃતિ જ સૌથી પહેલા અપનાવતી રહી છે. લોકસંસ્કૃતિની સૌથી મોટી દેણ એ આત્મીયતા છે. તેનું પ્રધાન લક્ષ્ય આત્મસાક્ષાત્કારનું છે. લોકસંસ્કૃતિ લોકોના સામાજિક, રાજકીય, પ્રાકૃતિક અને ધાર્મિક જીવનને આવરી લે છે. લોકસંસ્કૃતિએ ભારતીય જનજીવન અને ભારતીય સંસ્કૃતિને સશક્ત અને પ્રાણવાન બનાવી છે. લોકસંસ્કૃતિનું પાલન પ્રકૃતિના ખોળે થયું છે.

લોકસંસ્કૃતિ એ લોકવિદ્યાનો આધારસ્તંભ છે. તેથી લોકવિદ્યાનું મૂળ લોકસંસ્કૃતિમાં છે એમ કહી શકાય. તે  જ રીતે લોકસંસ્કૃતિને એનું કેટલુંક રૂપ લોકમાન્યતા બાંધી આપે છે. તેથી એમ કહી શકાય કે લોકસંસ્કૃતિ જો લોકવિદ્યાનો પાયો છે તો લોકમાન્યતા લોકસંસ્કૃતિનો પાયો છે. લોકસંસ્કૃતિ લોકવિદ્યા દ્વારા પ્રગટ થાય છે. લોકવિદ્યાને ઘડનારું, બાંધનારું, રૂપરંગ આપનારું મુખ્ય અંગ લોકસંસ્કૃતિ છે. લોકસંસ્કૃતિમાં સહજતાનો સ્વીકાર અને કૃત્રિમતાનો અભાવ જોવા મળે છે. તે ધર્મ, નીતિ અને સમાજના ધોરણો અને નિયંત્રણો પાળે છે. એક સાંસ્કૃતિક છત્રમાં રહેતા સમુદાયનું જીવન પરંપરાગત હોય છે. સ્વાશ્રય એ લોકસંસ્કૃતિનું મુખ્ય અંગ છે. નિવાસ, કૃષિ, પશુપાલન, અન્નવસ્ત્રાદિની જરૂરિયાત વગેરેમાં લોકસંસ્કૃતિ સ્વાશ્રયી છે.

ડૉ. અંબાદાન રોહડિયા માનવ સંસ્કૃતિની વ્યાખ્યા આ રીતે આપે છે. “માનવ સંસ્કૃતિ એટલે આદિ માનવે અરણ્યાવસ્થામાંથી બહાર નીકળીને રાજકીય, સામાજિક, આર્થિક, સાહિત્યિક, વૈજ્ઞાનિક અને કલાના ક્ષેત્રમાં શોધેલી પ્રક્રિયા અને વિકાસ. ”[૬૬]

ડૉ. હસુ યાજ્ઞિક લોસંસ્કૃતિની વ્યાખ્યા આપતા કહે છે કે “લોકસંસ્કૃતિ એટલે તળપદી જીવનપદ્ધતિવાળા જનસમૂહનો સર્વ સામાન્ય એવો જીવન અને જગતને જોવા-જાણવા-સમજવાનો પરંપરાવલંબી અભિગમ.”[૬૭]

ડૉ. હસુતાબેન સેદાણી લોકસંસ્કૃતિની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. “આચારમાં ને વિચારમાં કોઈ પણ પ્રજાની જે લાક્ષણિકતાઓ કે જીવનરીતિ પરંપરાગત પેઢી દર-પેઢી ઊતરતી રહેતી હોય તે એમની સંસ્કૃતિ. ”[૬૮]

## ૨. ૧૧ લોકસંસ્કૃતિનો ઉદ્‌ભવ અને વિકાસ

ભારતીય સંસ્કૃતિ એ તો મૂળે સંત સંસ્કૃતિ છે. તે આધ્યાત્મિક ચેતનાથી છલોછલ ભરેલી છે. તે અનેક પવિત્ર ઝરણામાંથી વહેતી રહી છે અને બહુમુખી છે. તેના કોઈ એક સ્થાપક નથી. ઋષિ-મુનિઓ, મહર્ષિઓ તથા તપસ્વીઓને લાધેલા જ્ઞાનનો નિચોડ છે, સંત સાધુઓની વાણી દ્વારા સતત લોક જીવનમાં તે સિંચાતો આવ્યો છે. જ્ઞાનની વાણી મોટેભાગે પદ્યમાં રચાતી જેથી બાળપણથી બાળકને કંઠસ્થ કરવામાં સરળતા રહે. આમ હજારો શ્લોકો પરંપરાગત કંઠસ્થ થતા આવ્યા છે અને તે દ્વારા જ્ઞાનના સ્રોત લોકસંસ્કૃતિને ઘડતા રહ્યા છે. આ ઉપરાંત વેદો, ઉપનિષદોનું જ્ઞાન અલંકારિક અને રસમય કથારૂપે પણ પુરાણોમાં વ્યક્ત થતું રહ્યું છે. આ રીતે શ્લોક ચેતના લોકસંસ્કૃતિમાં વહેતી રહી.

માનવજાત જેટલી પ્રાચીન છે એટલી જ પ્રાચીન એની લોકસંસ્કૃતિ પણ છે. આ લોકસંસ્કૃતિના નિર્માણમાં અને એની વિવિધતામાં ભુસ્તર અને ભૂગોળે ઘણો મોટો ફાળો આપ્યો છે. માનવજાતનો પ્રથમ સંસ્કાર તે કૃષિ સંસ્કાર છે. કૃષિ, અગ્નિ અને ઓજારોએ મળીને માનવીને ઘર આપ્યુ, ધર્મ આપ્યો, હુન્નર ઉદ્યોગો આપ્યાં અને કલાજીવનમાં પ્રવેશ કરાવ્યો. માનવીની પ્રાથમિક જંગલી અવસ્થા, ગોપસંસ્કૃતિ અને સાગર સંસ્કૃતિ લોકસંસ્કૃતિરૂપી ઈમારતના સ્થંભો બની રહી.

ગુજરાતની લોકસંસ્કૃતિના ઉગમ વિશે કહેવું હોય તો કહી શકાય કે સાબરમતીના તીરે કૂબા બાંધીને રહેતા આદિ માનવના હાથે સંસ્કૃતિનું પારણું બંધાયું હશે. જ્યારે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું પારણું નેસડાઓમાં રહીને પશુપાલન કરનાર વન્યજાતિયોના હાથે બંધાયું હશે. ડૉ. હસમુખ સાંકળિયાએ કરેલું સાબરમતી ખીણની સંસ્કૃતિનું સંશોધન આ વાતને સમર્થન આપે છે કે મોહેં જો દડો અને હડપ્પાની નગરસંસ્કૃતિ હતી જ. આ સંસ્કૃતિના સ્પષ્ટ અવશેષો આજે આદિવાસીઓની પશુપૂજામાં, વૃક્ષપૂજામાં, એના હથિયારો, દેવદેવતાઓ, વાજિંત્રો, જંતરમંતર અને ભુવામાં જોવા મળે છે. “મોહેં જો દડો અને હડપ્પાની નગરસંસ્કૃતિનો વિકાસ થયો એ પહેલા અહીં ભટકતી જાતિઓની સંસ્કૃતિ પાંગરેલી હતી. સાગરકાંઠે વસવાટ કરતી અને માછીમારનું કામ કરતી નિષાદ પ્રજાએ ઈ. સ. પૂર્વે પાંચમી-છઠ્ઠી સહસ્ત્રાબ્દીમાં અહીં એમની સંસ્કૃતિ આપી હતી. એ પછી શ્રીકૃષ્ણની સાથે મથુરા-વૃંદાવનથી દ્વારકા આવી વસેલા યાદવોએ

*ગોપાલકોની ગોપ-સંસ્કૃતિ પ્રસરાવી હશે અને ત્યાર બાદ કૃષિ-સંસ્કૃતિએ અહીં પગરણ માંડ્યા હશે.”*[૪૯]

*જૂના કાળે સૌરાષ્ટ્ર એક હજાર માઈલ લાંબો સાગરકાંઠો ધરાવતો સમૃદ્ધ પ્રદેશ હોવાથી અહીં સાગર સંસ્કૃતિનો ઉદય થયો. જળ અને સ્થળ માર્ગેથી અનેક જાતિઓ અહીં આવીને સ્થિર થઈ. બહારની પ્રજા જેટલી ગુજરાતમાં આવીને વસી છે એટલી અન્યત્ર ક્યાંય વસી નથી. આ બધી જાતિઓ સાથે એમના પરંપરાગત એવા પહેરવેશ, પોતાના ઈષ્ટ દેવદેવીઓ, સાહિત્ય, કળા, માન્યતોઓ, લોકરિવાજો, રહેણીકરણી, સંગીત, નૃત્ય અને ખાનપાન પણ આવ્યા. અનેક જાતિઓના સહવસવાટ અને ભાતીગળ સંસ્કૃતિના આદાનપ્રદાનથી લોકસંસ્કૃતિના વહેણનો આછોપાતળો પ્રવાહ જાણે કે હિલોળા મારતો ભરપેટ વહેવા માંડ્યો. આમ ઘણી બધી નદીઓ મળીને મહાનાદ ઉભો થાય એમ અનેક લોકજાતિયોના સમન્વયમાંથી લોકસંસ્કૃતિના વિશિષ્ટ રૂપો સર્જાણાં છે.*

*પ્રકૃતિના ખોળે વસતા લોકજીવનમાં અને એમાં પાંગરેલી લોકસંસ્કૃતિમાં નિસર્ગના અનેક તત્ત્વો આવિષ્કાર પામ્યા છે. સૌરાષ્ટ્રના અડીખમ ડુંગરાઓમાંથી વહેતી નદીયોએ લોકજીવનમાં ખુમારીને, પ્રેમ અને શૌર્યને પોષ્યા છે. લોકસંસ્કૃતિને આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ પણ કહી શકાય. તેમાં પ્રચલિત ધર્મ, વશીકરણ, વિશ્વાસ, તાવીજ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા ઉપરાંત પશુપાલન, ખેતી, હથિયારો તથા લોકજીવને ભૌતિક અને માનસિક રીતે જે કંઈ મેળવ્યું છે તે બધુ જ લોકસંસ્કૃતિના સીમાડામાં સમાઈ જાય છે. ભારતમાં અત્યાર સુધી ઘણાં યુદ્ધો ખેલાયા, વિનાશ સર્જાયા, રાજ્યોની સીમાઓ સતત બદલાતી રહી, આક્રમણકારોના ધાડા આવતાં રહ્યા પણ લોકસંસ્કૃતિનો આત્મા નિર્લેપ જ રહ્યો. સમગ્ર ભારતમાં છેક કન્યાકુમારીથી માંડીને કાશ્મીર સુધી અને દ્વારકાથી માંડીને આસામ, ત્રિપુરા અને બ્રહ્મદેશની સરહદ સુધીમાં વસતા અનેકવિધ પ્રજાકીય જૂથોમાં લોકસંસ્કૃતિ પલતી રહી છે.*

## ૨. ૧૨ લોકસંસ્કૃતિની લાક્ષણિકતાઓ

આપણી લોકસંસ્કૃતિની લાક્ષણિકતાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

- જીવજંતુ કે પશુ-પંખીઓ પ્રત્યે દયા રાખી એમનું જતન કરવું.
- અતિથિ સત્કાર અને માનવપ્રેમ જોવા મળે છે.
- જુદા - જુદા ઉત્સવોની ઉજવણીમાં આપણી લોકસંસ્કૃતિના વિવિધ મંગળ સ્વરૂપો પ્રગટે છે.
- લોકમેળાઓ આપણી સંસ્કૃતિની આરસી છે.
- નવરાત્રીના તહેવારોમાં યોજાતા રાસ-ગરબા મહોત્સવો આપણી લોકસંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે.
- આપણી પ્રદેશિક લાક્ષણિકતાઓ પ્રગટ કરતી બોલીઓના ઉચ્ચાર-ભેદો અને લહેકા આપણી સંસ્કૃતિના મેઘધનુષી રંગોનો ભાસ કરાવે છે.
- કલા-કારીગરી એ આપણી લોકસંસ્કૃતિનું સબળ અંગ છે.
- જુદા - જુદા વસ્ત્રાભૂષણો આ પ્રદેશની સાંસ્કૃતિક વિવિધતા છતી કરે છે.
- ગુજરાતના લોકનૃત્યો, લોકસંગીત અને લોકનાટ્યે તો લોકસંસ્કૃતિને ધબકતી રાખી છે.
- માનવીમાં નેક, ટેક, શીલ, સૌંદર્ય, ખાનદાની, દાતારી અને પરોપકાર જોવા મળે છે.
- આપણી પ્રજાની જવાંમર્દી અને શૂરવીરતાની છડી પોકારતા પાળિયા લોકસંસ્કૃતિના સાચા આધારસ્તંભો છે.
- આપણી સંસ્કૃતિમાં અનેકતામાં એકતાના દર્શન થાય છે.

## ૨. ૧૩ લોકસંસ્કૃતિના વિભાગો

" 'લોક'માં મુખ્યત્વે નગરવાસીથી ઈતર એવા સમૂહોનો જ આરંભમાં સમાવેશ થતો હતો, એથી લોકસંસ્કૃતિને પણ ગ્રામજીવનમાં વસવાટ કરતી પ્રજાઓની જીવનદ્રષ્ટિ અને પરંપરા સાથે સાંકળવામાં આવી અને લોકસંસ્કૃતિ એટલે ગ્રામનિવાસી સમુદાયની તળપદી સંસ્કૃતિ એવો સીમિત અર્થ કરીને તેને આદિવાસીઓની અને નગરવાસીઓની સંસ્કૃતિથી જુદી પાડીને જાનપદી સંસ્કૃતિ રૂપે ઓળખવામાં આવી. આથી સંસ્કૃતિને વનવાસી, જાનપદી અને નાગરિક કે ભદ્ર એવા ત્રણ વર્ગમાં વહેંચી શકાય. "[૬૦]

ડૉ. હસુતાબેન લોકસંસ્કૃતિના વિભાગો પાડતા કહે છે કે, "એને ચાર વિભાગોમાં વહેંચી શકાય : (૧) લોકસાહિત્ય (૨) લોકોનું સમાજજીવન (૩) લોકકલાઓ (નૃત્ય, નાટ્ય, સંગીત, ચિત્રકલા) અને (૪) લોકકારીગરી (ભરત, ગૂંથણ વગેરે) "[૬૧]

આ ચારેય વિભાગોની સમજ આ પ્રમાણે આપી શકાય.

### (૧) લોકસાહિત્ય

કોઈ પણ પ્રદેશ અને એની ભાષાબોલીઓમાંની કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાતી કે ગવાતી રચનાઓ જે લોકમાનસમાંથી ઉદ્‌ભવેલી, ઘડાયેલી અને લોકલક્ષી હોય તેને લોકસાહિત્ય કહેવામાં આવે છે. તેની રચનાઓ લોકપરંપરામાં જ જન્મતી, વિકસતી અને તરતી રહે છે. સમય, જૂથ, પ્રદેશ જેમ બદલાય તેમ આવી રચનાઓનું આંતર અને બાહ્ય રૂપ બદલાય છે. જેમ મધપૂડામાં તૈયાર થઈ નીકળેલું મધ કોઈ એક મધમાખીનું નથી હોતું તેમ આ સાહિત્ય કોઈ એક વ્યક્તિનું સર્જન નથી, એ સાહિત્ય સંચિત કરેલું છે અને એ સર્વ કોઈનું છે. દરેક પ્રજા અને પ્રદેશને આવું સાહિત્ય વારસામાં મળે છે.

લોકસાહિત્યનો ઉદ્‌ગમ ક્યારે થયો હશે ? વિવિધ જ્ઞાતાઓએ આ વિશેના તારણો કાઢ્યા છે. ગુજરાતના લોકગીતોના સગડ છેક સામવેદ સુધી નીકળે છે. લોકસાહિત્યની ભાષા, કલ્પના, અલંકારો, અભિવ્યક્તિ આ બધું જ મૌલિક છે. હૃદયના ઊર્મિ અને આવેગોને વાણી દ્વારા વ્યક્ત કરવાની મનુષ્યને મળેલી કુદરતી શક્તિઓ પ્રત્યેક પ્રજાએ પોતાની સમજણ પ્રમાણે ઉપયોગ કર્યો છે. ખેડૂતોએ ખેતર ખૂંદતાં, ગોવાળોએ ગાયો ચરાવતાં,

સ્ત્રીઓએ ગૃહકામ કરતાં કરતાં કે ઉત્સવોમાં સાથે મળીને જે ગાયું એ લોકગીત બનીને લોકસાહિત્યમાં ઊતરી આવ્યું. તો બીજાઓએ શૂરવીરોની વીરતાને બિરદાવી કથાઓ કહી એ લોકથારૂપે ઊતરી આવી. તેથી લોકસાહિત્યમાં સરળતા અને સ્વાભાવિક્તા છે, તેમાં ક્યાંય કૃત્રિમતા નથી. લોકસાહિત્યના કતૃત્વમાં સામૂહિક્તા છે, એમ તેના ઉપભોગમાં સહભોગિતા છે. આ સાહિત્ય સાહજિક, અનાયાસ પ્રગટ થયેલું છે અને પછી ક્રમશઃ વિસ્તરતું અને વિકસતું ગયું છે. આવા સાહિત્યને મુખ્ય કથ્ય અને ગેય એમ બે પ્રકારોમાં વહેંચી શકીએ.

**૧. કથ્ય :-** કથ્ય એટલે જેનું કથન થાય છે તેવી રચનાઓ. તેમાં લોકકથા, લોકનાટ્ય, ઓઠા, ટૂચકા વગેરેનો સમાવેશ થાય છે. એમાં ઘટના અને ક્રમ નિશ્ચિત હોય છે. એ કયા શબ્દોમાં મૂક્વાં તે કથન કરનારનાં સૂઝ-શક્તિ અને કથન માટેના હેતુ અને સમય પર આધાર રાખે છે. આ પ્રકારોમાં પાઠ શાબ્દિક રીતે નિયત હોતો નથી પરંતુ યાદ આવે તેમ કહેવાતો હોય છે.

**૨. ગેય :-** ગેય એટલે જે વિશિષ્ટ લયમાં બોલાય છે અને સ્વર સાથે ગવાય તેવી રચનાઓ. તેમાં રાસ, ગરબા, ભજન, જોડકણાં, લોકગીત, કથાગીત, મહાકાવ્ય વગેરેનો સમાવેશ થાય છે. લોકગીમાં મુખ્ય માળખું નિશ્ચિત હોય છે અને એમાં સ્થળ, કાળ, પ્રસંગ, જાતિ, પ્રદેશ વગેરે પ્રમાણે શબ્દપરિવર્તનો અને પાઠફેરો થાય છે. વળી કથાગીત અને ગીતકથામાં પણ પદ્યનો પાઠ નિશ્ચિત જેવો હોય છે, પરંતુ જે તે પ્રસંગ અને સમયને અનુરૂપ બનાવાતાં એનું સ્વરરૂપ પણ અનિયત શબ્દરરૂપ જેવું બની રહે છે.

લોકસાહિત્યની સમાંતરે ચારણી સાહિત્યની પરંપરા પણ વિકસતી રહી. તત્કાલીન રાજાઓનાં સમયમાં શૂરવીરોની શૂરતાને બિરદાવવાનું કામ ચારણોની કવિતાઓએ કર્યું. આ ચારણ પ્રજાએ લોકસાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. લોકસાહિત્યમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું યોગદાન વધારે છે. લોકસાહિત્ય આખરે તો આપણી લોકસંસ્કૃતિનું જ અંગ છે અને દરેક પ્રદેશની લોકસંસ્કૃતિને મોટે ભાગે સ્ત્રીઓએ જ સાચવી છે.

### (૨) લોકોનું સમાજજીવન

લોકોના સમાજજીવનમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.

## ❋ લોકધર્મો અને દેવીદેવતા

સામાન્ય રીતે લોકધર્મ એટલે ગ્રામ્ય વિસ્તારના ખાસ કરીને અર્ધશિક્ષિત કે અશિક્ષિત વર્ગના લોકો જે પ્રકારની ધાર્મિક માન્યતાઓને વળગીને પોતાનું જીવન જીવતા હોય છે તેમને લોકધર્મ તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે પૂર્ણ પ્રસ્થાપિત ધર્મો જેવા કે જૈન ધર્મ, વૈષ્ણવ ધર્મ, સ્વામિનારાયણ ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરે તેમના અનુયાયીઓને ચોક્કસ દિશા તેમજ માર્ગદર્શન પૂરું પાડતા હોય છે. તેવી કોઈ વ્યવસ્થા કે સગવડ લોકધર્મોનું પાલન કરનાર વર્ગના લોકો પાસે હોતી નથી. તેમને માટે ધર્મનું આચરણ એટલે દૈનંદિનીના વ્યવહારોમાં સ્વચ્છતા એ પણ એક ધર્મ જ છે.

## ➡ ધાર્મિક માન્યતાઓ અને તેની સાથે જોડાયેલ વ્રતો

કોઈપણ ધાર્મિક માન્યતાઓ સાથે રોજિંદા આચાર તેમજ આહાર વિહાર સાથે ગાઢપણે સંકલિત એવી અમૂક માન્યતાઓ જોડાયેલી હોય જ છે. આખાય સમાજમાં આવી માન્યતાઓ દ્રઢિભૂત થઈ શકે તે હેતુથી તેને વ્રતનું સ્વરૂપ આપવામાં આવ્યું. સમાજના લોકો જો નિયમિત રીતે આવા વ્રતોનું પાલન કરતાં થાય તો તેની મદદ વડે ધર્મમાં તેમની આસ્થા ઉત્તરોત્તર દ્રઢ થતી જાય છે. પરિણામે નહીં કરવા જેવા આચાર વિચારથી દૂર રહેવા લોકો પ્રેરાય છે અને તેને કારણે સમાજજીવનમાં સંવાદિતા જળવાઈ રહે છે.

ચોક્કસ સ્થળે અને સમયે અમુક શુભકાર્ય કરવાથી તે વધારે ફળદાયી નીવડે છે એવી શ્રદ્ધા સર્વ પ્રજામાં હોય છે. એમાંથી વ્રતોનો જન્મ થયો. વ્રતોમાં એકટાણાં, ઉપવાસ, દેવીની પૂજા, જાગરણમાં સમય ગાળવાનો હોય છે. વ્રત પૂજામાં કંકુ, ચોખા, દીપ, ફૂલ, નૈવેદ્યનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત તલ, જવ, તુલસી પણ વપરાય છે. દેવની સાથે વડ, પીપળો, શ્રીફળ વગેરે વૃક્ષો ને ફળો પણ જોડાયા. આ રીતે તુલસીવિવાહ, કેવડાત્રીજ, ધરોઆઠમ, વટસાવિત્રી વગેરે વ્રતો વિકસ્યા છે. લોકો આ વ્રતો પોતાના ભાઈ, પતિ, પુત્ર, ગામ, પશુઓ, ખેતી, સુખની વૃદ્ધિ માટે કરે છે. શાપના નિવારણ અર્થે અમૂક પ્રાયશ્ચિત વ્રતો પણ વિકાસ પામ્યા.

માતા પોતાના સંતાનો, પતિ માટે આવા વ્રતો કરે છે, જેમાં શીતળા સપ્તમીનું વ્રત, આવરણમાંનું વ્રત, હડકમોઈ માતાનું વ્રત, જયા પાર્વતિ વ્રત, મોળા વ્રત, ફૂલકાજળીનું વ્રત, દશામાંનું વ્રત વગેરે છે. ગુજરાતના લોકસમુદાયે આ પરંપરાને પ્રેમ અને શ્રદ્ધાથી અપનાવી છે.

### ➡ જાત્રા

પવિત્ર તીર્થમાં જઈને શુભ કર્મ કરવાથી તે ફળદાયી બને છે તેવી લોકોમાં ધાર્મિક માન્યતા પ્રવર્તે છે. ભારતમાં નદીના પવિત્ર સંગમો, પર્વતો, કુંડો વગેરે તીર્થરૂપ ગણાય છે. ભાવિકો ગિરનાર, પાવાગઢ, નર્મદા નદી વગેરે શિખરોની યાત્રા કે પરિક્રમા કરવાની પરંપરા આજે પણ જોવા મળે છે. કોઈ પણ માણસ જ્યારે વૃદ્ધ થાય ત્યારે તેને મનમાં જાત્રા કરવાની ઈચ્છા થાય છે. ગુજરાતના અનેક ગામડામાંથી ચૈત્ર મહિનામાં ઘણાં બધા સ્ત્રી પુરૂષો જાત્રા કરવા જાય છે. આ લોકો જાત્રા કરવા નીકળે ત્યારે તેમના સગા વહાલા અને ગામના લોકો વધાવવા આવે છે અને આ રીતે આખા ગામમાં એકજાતનો ભક્તિભાવ ઉછળી રહે છે.

જાત્રા કરીને પાછા ફરતા લોકોના સ્વાગત કરાય છે. સ્વાગત માટે ઘરને ચોખ્ખુ રાખે, ઘરના પ્રવેશદ્વારે જાત્રાના પગલા આંકવામાં આવે છે. ઘરે આવ્યા બાદ પોતાની શક્તિ પ્રમાણે બ્રહ્મભોજન કરાવે છે. જાત્રા એ આત્માને પવિત્ર કરવાની ક્રિયા છે તેથી જાત્રા કરીને આવેલા માણસના મનમાં પાપ કે કપટ રહેવું જોઈએ નહિ. લોકો એમ માને છે કે જાત્રા કરીને આવેલા જાત્રાળુઓ સ્વર્ગના અધિકારી બની ગયા છે. આ રીતે ગુજરાતમાં જાત્રાનું ઘણું વિશેષ મહત્ત્વ જોવા મળે છે.

### ➡ ધાર્મિક પ્રતીકો

ભારતમાં પ્રતીકોની પૂજા ઘણી જૂની છે. ઘણા પ્રતીકો પ્રાગૈતિહાસિક યુગથી માંડીને હડપ્પાની સંસ્કૃતિમાં પણ જોવા મળે છે. ત્યાર બાદ પુરાણકાળ, બૌદ્ધકાળથી માંડીને અત્યાર સુધી જોવા મળે છે. દિવાળીના પર્વમાં દરેક ઘરે ઉંબરા પૂજન થાય છે. ઉંબરાને નૃસિંહ ભગવાનનું સિંહાસન માનવામાં આવે છે. તેથી તેના પર સાથિયો દોરી તેને જુવાર કે ચોખાથી વધાવવામાં આવે છે. તેના નીચેના ભાગમાં ઓસરીમાં લક્ષ્મીજીના પગલા, ખંપાળી,

સાથિયા દોરે છે. તેનો અર્થ એમ થાય કે આ આખું વર્ષ શુભ અને મંગલકારી જાય. વેપારરીવર્ગ નવા વર્ષે પોતાના ચોપડામાં લક્ષ્મીજી અને ગણપતિના પ્રતીકો દોરી આશીર્વાદ માંગે છે.

કૂળવધુઓ મકરસંક્રાતિએ બારસાખ પાસે ભીંત પર પૂજાપ્રતીક ઘોડીયું દોરીને ત્યાં રાંદલમાંનું વ્રત કરે છે. રાંદલમાં પ્રસન્ન થઈ તેમને ત્યાં પારણું બંધાવશે એમ તેઓ માને છે. આ બધા પ્રતીકો મોટા ભાગે સ્ત્રીઓ જ આલેખે છે, પણ કેટલાંક પ્રતીકો પુરુષો પણ આલેખે છે. તેઓ સિંદૂરને ઘીમાં કાલવીને આંગળીથી ચિત્રો દોરે છે. નૈવેદ્યના દિવસે પુરુષ ત્રિશૂળને સિંદૂર લગાડે છે અને બાકી વધેલા સિંદૂરથી ઘરના કમાડ ઉપર એના પ્રતીકરૂપે ત્રિશૂળ આલેખે છે. કોઈ શુભ પ્રસંગે ગોર ગોત્રીજની સ્થાપના કરે છે. અમુક જગ્યાએ ગોર, ફૂલ, પાંદડા, મોર વગેરેના પ્રતીકો આલેખીને આખા ગોત્રીજને સુંદર રીતે શણગારવામાં આવે છે.

પુરુષો અને સ્ત્રીઓએ દોરેલા પ્રતીકોમાં માધ્યમ અને આકાર બન્નેમાં ફેર પડે છે. સ્ત્રીઓએ દોરેલા પ્રતીકોમાં મૂર્ત પ્રતીક આકૃતિઓ વધારે હોય છે, તેમના આલેખનો માત્ર પાણીમાં ભીંજવેલાં કંકુથી કે બીજો રંગ લઈને કરેલા હોય છે, તે કોઈકવાર દાતણ પર રૂ વીંટીને તેનો પીંછી તરીકે ઉપયોગ કરે છે. જ્યારે પુરુષોએ દોરેલા આલેખનોમાં મુખ્યત્ત્વે માત્ર એકથી બે પ્રકારની જ આકૃતિઓ હોય છે, તે ફક્ત સિંદૂરને ઘીમાં કાલવીને તેના દ્વારા જ દોરે છે, પુરુષો હાથની આંગળી વડે જ પ્રતીકો દોરે છે. ગુજરાતમાં આવા વિવિધ પ્રતીકો જોવા મળે છે. આ બધાની પાછળ કંઈ ને કંઈ અર્થ કે ભાવના સમાયેલી હોય છે. સદીઓના વહાણા વહી ગયા છતાં આ આલેખન હજુ પણ એ જ રીતે ઘૂંટાતાં આવ્યાં છે.

લોકધર્મોની અંદર વિવિધ પ્રકારના દેવીદેવતાઓમાં લોકો આસ્થા ધરાવતા તેમજ ઉક્ત દેવીદેવતાઓના નામ પાછળ જોડાયેલી માન્યતાઓ તેમજ પરંપરાઓને વળગીને રોજીંદુ જીવન વ્યતિત કરતા હોય છે. પ્રકૃતિના તત્ત્વો જેવા કે ભૂકંપ, અતિવૃષ્ટિ, વા-વંટોળ, પર્વતો, મહાસાગરે માણસના મનમાં ડર ઉત્પન્ન કર્યો એટલે માણસે કુદરતના આ તત્ત્વોની પૂજા કરી. એમાંથી દૈવી તત્ત્વોની શોધ થઈ. તેમને પ્રસન્ન કરવા પૂજા, નૈવેદ્ય, આરતી શરૂ કરી. વેદકાળમાં આર્યો પાસે સૂર્ય, અગ્નિ, વિષ્ણુ, સોમ, સવિતા, વરુણ અને ઋતુઓના દેવોનું મંડળ હતું. આગળ ઉલ્લેખ થઈ ગયેલા વર્ગ અને સ્તરના લોકો સામાન્ય રીતે નીચે આપેલ દેવીદેવતાઓમાં અતૂટ અને અચૂક શ્રદ્ધા ધરાવતા જોવા મળે છે.

➡ **શ્રી ગણપતિ**

પ્રાચીનકાળથી ગણપતિનું પૂજન દરેક શુભકાર્યના પ્રારંભે થતું આવ્યું છે. મોટા પેટવાળા, બાળક જેવા દેખાતા, ભગવાન શંકર અને પાર્વતીના પુત્ર ગણપતિનું સ્મરણ કરવાથી જ બધા વિઘ્નો દૂર થાય છે. ગણપતિ એ રિદ્ધિ, સિદ્ધિના પતિ છે એટલે એમનું સ્મરણ કરવાથી બે બન્ને પ્રાપ્ત થાય છે. ગણપતિને બધા દેવોમાં વધારે બુદ્ધિશાળી માનવામાં આવે છે. ગુજરાતમાં ગણપતિના સ્વતંત્ર મંદિરો પ્રમાણમાં ઘણાં ઓછા છે પણ દરેક મંદિરોમાં ગણપતિની એક મૂર્તિ તો અવશ્ય રાખવામાં આવે છે. ગણપતિ એ લોકસમુદાયના અતિ પ્રિય દેવ મનાય છે.

ગણપતિને ગજાનન, વિનાયક, લંબોદર, ભાલચંદ્ર, ગણાધ્યક્ષ, વક્રતુંડ, ગણેશ વગેરે  નામોથી ઓળખવામાં આવે છે. દર વર્ષે વૈશાખ સુદ ચોથને ગણેશચોથ તરીકે ઉજવવામાં આવે છે.

➡ **બળિયાદેવ**

બળિયાદેવનું પૂજન પ્રાચીનકાળથી થતું આવ્યું છે. અર્જુનનો પુત્ર બભ્રુવાહન એ જ બળિયાદેવ તરીકે પૂજાય છે. ગામના પાદરે લીમડાના ઝાડ નીચે કે ખેતરને શેઢે બળિયાદેવનું નાનું દેરું જોવા મળે છે. તેમના મંદિરમાં માત્ર એમનું માથું જ પૂજાય છે. ઘરમાં એ પાણિયારે પૂજાય છે. દર વર્ષે ચૈત્ર વદ તેરસનો દિવસ બળિયાકાકાનો મનાય છે. આ દિવસ ઢોકળા તેરસ તરીકે ઉજવાય છે. નારીઓ આ દિવસે રોટલી, કઢી અને ગોળ ખાય છે.

➡ **નાગદેવતા**

ગુજરાતના લોકસમુદાયમાં નાગ વિવિધ રૂપે પૂજાય છે. ઝાલાવાડમાં એ વાસુકીદેવ, ગુજરાતમાં ગોગાનારાયણ, સૌરાષ્ટ્રમાં ચરમાળિયાદાદા, કચ્છમાં ભુજંગદેવ, વડોદરાના કેટલાક વિસ્તારમાં ભાદરવા દેવ, ખેડા અને પંચમહાલમાં ભાથીખત્રી તરીકે પૂજાય છે. કદાચ બધા લોકદેવતાઓમાં નાગદેવની પૂજા સૌથી જૂની હશે. તેમની પૂજા કરવાથી સંતાનપ્રાપ્તિ થાય છે એવી લોકમાન્યતા છે. ગુજરાતમાં ઘણી બધી જગ્યાએ નાગદેવની દેરીઓ જોવા મળે છે

જેમાં ભૂજમાં ભૂજિયા ડુંગર પર દેરી છે, ખસતા ગામે ધોયાદેવની દેરી છે. દર વર્ષે શ્રાવણમાસની પાંચમના દિવસે નાગપાંચમનું વ્રત થાય છે. તે દિવસે ઘેર ઘેર નાગનું પૂજન થાય છે.

### ➡ જખ-યક્ષ

"યક્ષો પુલસ્ત્ય ઋષિના સંતાનો છે. કૂબેર યક્ષોનો રાજા મનાય છે. એક જમાનામાં યક્ષો પૂજા સ્થાને હતા. આજે પણ કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં સંઘાર કોળીઓ યક્ષને પૂજે છે. કચ્છમાં જખૌ બંદર છે અને રાવપુરાના ગઢ પાસે ૭૨ જખ (યક્ષ) નો થડો છે. કક્કડ-ભિટ્ટ-ટેકરી પર એમની સ્મૃતિમાં દેવળ બન્યું છે. કચ્છમાં ભરાતા મોટા મેળાઓમાંનો એક મેળો અહીં ભાદરવા માસના સોમવારે ભરાય છે. આ વિદેશીઓ જખ કહેવાયા છે અને કાળાંતરે ઉચ્ચારણ સામ્યના આધારે યક્ષ માની લેવામાં આવ્યાં છે. "[૬૨]

### ➡ ગામદેવી-દેવતા

લોકસંસ્કૃતિએ દરેક ગામને એમના સ્થાનિક દેવી-દેવતા અર્પણ કર્યા છે. આ બધાના સન્માનમાં મેળો કે ઉર્ષ ભરવામાં આવે છે. તેમાં બધી જ જ્ઞાતિના લોકો સામેલ થાય છે અને માનતાઓ કરે છે. એમાં ભાવનગરમાં રુવાપુરી માતા, ગુંદયાળીમાં રાવળપીર, અંજારમાં અજેપીર વગેરેનો સમાવેશ થાય છે.

### ➡ વિધાત્રી દેવી

લોકસમુદાયમાં દરેક જગ્યાએ પૂજાતી નવજાત શિશુના જન્માક્ષર માંડનારી ભાગ્યવિધાત્રી છે એમ માનવામાં આવે છે. બાળકના જન્મની છઠ્ઠી રાત્રે વિધાત્રી દેવીનું પૂજન થાય છે. સ્ત્રીઓ જ આ પૂજન કરે છે તેમાં પૂજન સામગ્રીરૂપે એક કોરો કાગળ, કંકુ, રૂપિયો, ચોખા, બરુની લેખણ, પીપળાનું પાન, સોપારી વગેરેને પાટલા પર ગોઠવવામાં આવે છે. પછી દીવો પ્રગટાવી જાતકને દીવા સાથે પગે લગાડે છે. એવી લોકમાન્યતા છે કે તે રાત્રે વિધાતા માં બાળકના લેખ લખવા આવે છે. જાતકના કપાળમાં તે લેખ લખે છે અને તેના લેખમાં કોઈ મેખ મારી શકતું નથી. છઠ્ઠીના દિવસે નૈવેદ્ય કરવામાં આવે છે. જો છોકરો હોય તો લાપશી અને

છોકરી હોય તો ચોખા રાંધવામાં આવે છે. આ નૈવેદ્ય ફક્ત સ્ત્રીઓથી જ ખવાય છે. વિધાતા દેવી એ લોકનારીઓએ કલ્પેલી દેવી છે.

### ➡ મેલડી માતા

લોકસમુદાયમાં વાઘરી, બાવા, ચમાડા, આડોડિયા વગેરે આસુરી દેવીઓને પૂજે છે. મેલડી માતા એ મેલી વિદ્યાની દેવી છે એમ માનવામાં આવે છે. મેલડી માતાનું ત્રિકોણ આકારનું ખીજડાના લાકડામાંથી ઘડેલું સ્વરૂપ પૂજાય છે. તેનાં ઉપર સિંદૂર ચોપડવામાં આવે છે. મેલડી માતાને જુવારનું નૈવેદ્ય ધરાવવામાં આવે છે. કોઈ તો વળી બકરો, ઘેટો, પાડો વગેરેને બલિ તરીકે પણ ચડાવે છે અને આ રીતે માતાને ખુશ કરે છે. તાંત્રીકો પોતે મેલી વિદ્યાને સિદ્ધ કરવા માટે આ દેવીને પૂજે છે.

### ➡ રાંદલમાતા

રાંદલમાતા સૂર્યદેવની અર્ધાંગિના છે. તેનું વાહન ઘોડો છે. તેના સ્વરૂપની સંજ્ઞારૂપ બે લોટા અને નાળિયેર પરના મંડપરૂપો સજાવાય છે. સામાન્ય રીતે દરેક દેવીને એકલી જ આરાધાય છે, જ્યારે રાંદલમાતાને સૂર્યદેવની સાથે જ પૂજવામાં આવે છે. રાંદલમાતા વિશે એવી લોકમાન્યતા છે કે તેની પૂજા કરનારને રાંદલમાતા સુખ, સમૃદ્ધિ અને સંતતિ આપે છે. રાંદલ એ માતૃત્ત્વની દેવી છે. તે વાંઝયામેણું ભાંગનાર હોવાથી અઘરણી અને લગ્ન વખતે તેને તેડવામાં આવે છે. તેને ખીર પોળીના નૈવેદ્ય ધરાવાય છે અને એકી સંખ્યામાં ગોરણીઓ જમાડાય છે. વલભીના મૈત્રકોએ વલભીપુર નજીક દડવામાં રાંદલની સ્થાપના કરી હતી.

### ➡ શિકોતરીમાતા

દરિયાકાંઠે રહેનાર અને તેમાં સફર કરનાર ખારવા અને વેપારીઓ શિકોતરીમાતાને માને છે. શિકોતરીમાતાને સિંધોઈ માતા પણ કહેવામાં આવે છે. તે વહાણના માથે શ્રી દેવી તરીકે બિરાજમાન છે. તેમનું સ્થાન દરિયાના કોતરોની માથે અથવા ખડાના ભાઠામાં હોય છે. દક્ષિણના દુબળા લોકો કુદરતી આફત કે માંદગીમાં શિકોતરીમાતાની બાધા

રાખે છે અને લાકડાનો રથ ચડાવે છે. અમુક લોકો બકરાનો બલિ પણ ચડાવે છે. વાણિયા તેમના નૈવેદ્યમાં લાપશી કરે, કોળી ખારવા વગેરે ચોખાના નૈવેદ્ય અને કોઈ વાર બલિ પણ ચડાવે છે.

### ➡ ધરતી, પ્રાણી અને વૃક્ષની પૂજા

ધરતી, પ્રાણી અને વૃક્ષ મનુષ્યને ખૂબ જ ઉપયોગી નીવડ્યા છે. તેમના ઉપકારનો બદલો વાળવા લોકસમુદાયે તેમને દૈવત્વ આપીને તેમની પૂજા કરી છે. ધરતીમાંથી મનુષ્યને ઘણું અનાજ પ્રાપ્ત થાય છે. તેથી અખાત્રીજનાં દિવસે ખેડૂતો ધરતીમાતાની પૂજા કરે છે. તથા ઘોડો, બળદ, પોઠીયા, ગાય, કૂતરા વગેરે લોકોને રોજીંદા જીવનમાં ડગલેને પગલે ઉપયોગી બન્યા છે. માટે તેમનું પૂજન પણ કરવામાં આવે છે. ગુજરાતમાં શૂરવીરો, સંત અને સતીઓની ખાંભીઓ બનાવી પૂજા કરાય છે તેવી જ રીતે ગાય, નાગ, ઘોડા, કૂતરા, ઊંટ, હાથી વગેરે પ્રાણીઓની ખાંભીઓ પણ પૂજાય છે. ક્ષત્રિયો દશેરાના દિવસે ખીજડાના વૃક્ષની પૂજા કરે છે. આ ઉપરાંત લોકસમુદાયમાં વડ, પીપળો વગેરે વૃક્ષોની પણ પૂજા કરવામાં આવે છે.

દરેક કોમ, જ્ઞાતિ અને કોમને તેની જુદી જુદી કૂળદેવીઓ હોય જ છે. જેમ કે જાડેજાઓની આશાપુરા, ગોહિલોની ખોડિયાર, વાઘેલાઓની અંબાજી વગેરે દેવીઓ પૂજાય છે. આ ઉપરાંત સતને માર્ગે ચાલનારી અનેક સતિ સાધ્વીઓ અને સંતો સૌરાષ્ટ્રમાં થઈ ગયા છે. તેમની સમાધિઓ જેવી કે બગદાણામાં બજરંગદાસ બાપાની, અંજારમાં સતી તોરલની, શિહોરમાં મોંઘીબાની સમાધિ આજે પણ પૂજાય છે આમ, ગુજરાતી લોકસંસ્કૃતિએ પોતાની સૂઝ સમજ પ્રમાણે દેવસૃષ્ટિની સ્થાપના કરી એમનું પૂજન, બાધા, નૈવેદ્ય દ્વારા એમના પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરી.

### ✱ સમાજજીવનની અખંડિતતાનની ધરોહર : પાળિયા

" 'પાળિયા' શબ્દનું મૂળ 'પાલક' હોવાનું અનુમાન કરી શકાય. સંસ્કૃતમાં પાલક માટે 'પાલયિતૃ' શબ્દ છે, જેના પરથી પાલયિઉ-પાલિય-પાલિયો એ અનુક્રમમાં આ નામ ઉદ્‌ભવ્યું હોય. "[63] બીજાને માટે જે લોકો મોતને ભેટ્યા છે અને આ રીતે મરીને પણ

અમર થઈ ગયા છે એવા શૂરવીરોની યાદમાં ઉભા કરાયેલા આવા પાળિયાઓ સમાજજીવનની અખંડિતતાની ધરોહર છે. પાળિયાને જો વાચા ફૂટે તો આપણી સંસ્કૃતિનો ઇતિહાસ ખડો થઈ જાય. આ પાળિયાઓ દર્શાવે છે કે માનવજીવનનો હેતુ બીજાનું દુઃખ દૂર કરવું, બીજાના સુખ માટે બલિદાન આપવાનો છે. આવા શૂરા, સંત અને સતિઓના પાળિયાઓ સેંકડોની સંખ્યામાં છે ને સૌરાષ્ટ્રમાં તો ગામેગામ જોવા મળે છે.

ભારતમાં આવા પાળિયાઓના સંકેત છેક વેદકાળ અને પુરાણકાળમાં મળે છે. પૌરાણિક કાળથી ઈ. સ. પૂર્વેની સદીઓમાં પણ મૃત શરીરને બાળ્યા કે દફનાવ્યા પછી તેના પર સ્તૂપ બનાવવામાં આવતો. મૌર્યકાલનાં અને બુદ્ધના આવા સ્તૂપો હજી પણ જોવા મળે છે. કુશાન રાજા કનિષ્કની ખંડિત થઈ ગયેલી ખાંભી આજે પણ મોજૂદ છે. ઈ. સ. ની આઠમી સદીનો પાળિયો સિંધમાં આજે પણ છે.

પાળિયા પરનાં પ્રતીકોમાં સૂર્ય અને ચંદ્રના પ્રતિકો જોવા મળે છે. શૂરાના પાળિયામાં અશ્વ ઉપર આરુઢ થયેલા યોદ્ધાની આકૃતિ હોય છે. સતીના પાળિયામાં સૌભાગ્યવતી સ્ત્રીનો હાથ દર્શાવવામાં આવે છે. ભારતીય શિલ્પ અને સ્થાપત્ય બન્નેની ઢબે ગુજરાતના પાળિયામાં કંડારશિલ્પ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં જે પાળિયાઓ જોવા મળે છે તેમાં વધારે લોકશૈલીનાં શિલ્પનાં જ છે. પાળિયાના વિવિધ પ્રકારોની સમજ નીચે પ્રમાણે આપી શકાય.

**૧. શૂરાપૂરા :-** કાઠી લોકો પરદેશી છે, બહારથી આવીને તેઓ સૌરાષ્ટ્રમાં વસેલા છે. તે ખૂબ જ બળવાન અને રણશૂરા હતા. આવા શૂરવીરો ગામ, દેશ, અબળા કે પોતાની ટેક માટે થઈને સામી છાતીએ લડતા મોતને ભેટ્યા છે. તે જ્યાં મોતને ભેટ્યા હોય ત્યાં તેમનો પાળિયો ખોડાય છે. આથી કાઠી લોકો પોતાના વડવા કે બીજાની ખાંભી-પાળિયાને શૂરાપૂરા નામ આપે છે. તેના પાળિયામાં વચ્ચે ઘોડેસવારનું પ્રતીક અને તેની સાથે નીચે હોકો લઈને ચાલતો વાળંદ કોતરેલો હોય છે.

**૨. ઠેશ :-** ગુજરાતમાં ઘડેલા પાળિયાઓની સાથે સાથે ઘણાં ઘડ્યા વગરના પથ્થર ઉભા કરીને માથે સિંદૂર લગાવી દીધેલ છે. આવી જાતના જે પાળિયા છે તેને ઠેશ કહેવામાં આવે છે. યોદ્ધાઓ લડાઈ લડવા માટે પોતાના ગામ કે દેશથી ખૂબ જ દૂર જતા અને મેદાનમાં ત્યાં જ કામ આવી

જતા. તેના કુટુંબીજનો તેનો પાળિયો લડાઈના મેદાનમાં ન બેસાડતા ગામના પાદરમાં જ ખોડતા, પણ તે યોદ્ધો જે સ્થળે કામ આવી ગયો ત્યાં તેની સ્મૃતિમાં ઉપરથી અણિયારો પથ્થર ગોઠવીને તેની ઉપર સિંદૂર ચોપડી દે છે. તેને પેલા મરનાર યોદ્ધાના નામની ઠેશ કહેવાય. દા.ત. લાખા ફૂલાણીનો આટકોટમાં, વાછરા સોલંકીનો કોળધામાં હમીરજી ગોહિલનો સોમનાથમાં પાળિયો છે.

**૩. ખાંભી :-** ઘડેલી અને કોતરેલી શિલાપાટને ગ્રામ્ય પ્રજા ખાંભી કહે છે. ખાંભી શબ્દ ખંભસ્તંભ પરથી ઉદ્‌ભવ્યો છે. નાનો સ્તંભ એટલે ખાંભી. મૂંગા પાળેલા જાનવરો અને પશુઓએ બહાદુરીના કામો કર્યા હોય તો તેની યાદમાં કોઈક પ્રતીક સાથે તેની ખાંભી ઉભી કરાય છે. ખાંભી અને પાળિયાનો બાહ્ય આકાર સરખો જ હોવાથી લોકો બન્ને વચ્ચે ભેદ ન રાખતા તેને ખાંભી કે પાળિયા તરીકે જ ઓળખે છે. આ બન્ને વચ્ચે ભેદ એ છે કે પાળિયો મરેલા વીરની સ્મૃતિરૂપે છે, જ્યારે ખાંભીમાં તો દાનપાત્ર, પશુ, નાગ વગેરેનો સમાવેશ થાય છે. આવી કૂતરાની ખાંભી તળાજા પાસે સાખડાસરમાં છે.

**૪. સૂરધન :-** આજે પણ ગામડામાં અવનવી ખાંભીઓ જોવા મળે છે, આ બધી ખાંભીઓને સૂરધન કહેવામાં આવે છે. આ બધી ખાંભીઓ અકસ્માત, હત્યા, કે આપઘાતથી માણસ મરે છે ત્યારે, સાધુ મરે ત્યારે તેની સમાધિ પર ખાંભી ખોડે છે. તેમાં પલાંઠી વાળીને તે સમાધિ ચડાવીને બેઠેલા હોય તેવું પ્રતીકચિત્ર કંડારાય છે. આવી ખાંભીઓ છેલ્લા દસકાની જ જોવા મળે છે. માજી રાજકુટુંબો, સંતનાં પાળિયા ઉપર છતરડી રચાય છે. દા. ત. ભૂજ, હળવદ, વઢવાણ, લાઠી વગેરે ગામોમાં રાજાઓની છતરડીઓ છે.

આ રીતે ગુજરાતના પાળિયામાં ઘણી બધી વિવિધતા જોવા મળે છે. આમ છતા મોટા ભાગના પાળિયાનો બાહ્ય આકાર, પ્રતીકો અમુક ચોક્કસ પ્રકારના જ છે. પાળિયામાં જ્ઞાતિભેદ પ્રમાણે પ્રતીકો કંડારાય છે. સૂર્ય ચંદ્રનાં પ્રતીકની નીચે વચલા મધ્યભાગમાં જે યોદ્ધો શહીદ થયો હોય તેનું પ્રતીક છીછરા તક્ષણથી કંડારેલું હોય છે. જમણા હાથમાં ભાલું કે તલવાર અને ડાબા હાથમાં ઢાલ હોય છે. પાળિયામાં ક્યારેય મોઢું નથી કંડારાતું, કારણ કે એમ થાય તો દેવત્ત્વ ખંડિત થાય છે. તે પછી નીચેના ખાલી ભાગમાં યે યોદ્ધાનું નામ, ગામ, તિથિ, સંવંત ટૂંકમાં લખેલા હોય છે. લગભગ પાળિયા કે ખાંભીની રચનાનો પ્રકાર આવો જ હોય છે. રબારીના

પાળિયામાં ઘોડાને બદલે ઊંટ બેસાડેલ હોય છે. વસવાયાના પાળિયામાં તેને નીચે હાથમાં ઢાલ તલવાર લઈને લડતો કોતરવામાં આવે છે.

આવા સર્વ પ્રકારના પાળિયાઓ ગુજરાતમાં ઠેર ઠેર જોવા મળે છે. મોટા ભાગે તેનો આકાર શિલાપાટરૂપે લંબચોરસ હોય છે. તે સવા ગણી પ્રમાણે માપીને ઘડાય છે. દર શ્રાવણી અમાસે કે આસો વદ ચૌદસ કે બેસતા વર્ષે પાળિયાને સિંદૂર ચોપડીને નાળિયેર, ચોખા વગેરે ઝારે છે અને તેના કુટુંબીજનો પગે લાગે છે. પાળિયાઓ આપણી લોકસંસ્કૃતિનાં પ્રતીકો સાથે સાથે આપણા ઈતિહાસને જાણવા માટેનાં એક સાધન પણ છે. ઈતિહાસની ગૂંચ ઉકેલવામાં અને એને જાણવા માટે પણ પાળિયાનું ઘણું મહત્ત્વ છે.

**❋ સમાજજીવનના અભિન્ન અંગ તરીકે લોકમેળાઓ અને વ્રતોત્સવો**

ગુજરાતના સમગ્ર લોકસમુદાયમાં લોકમેળાઓ સવિશેષ મહત્ત્વ ધરાવે છે. ગ્રામ્ય પ્રજા જ્યારે પરિશ્રમ, મહેનત કરી થાકે ત્યારે એમને આનંદ અને ઉત્સાહની જરૂર પડતી. તે સમયે આવા લોકમેળાઓ તેમને મનોરંજન પૂરું પાડતા. આ ઉપરાંત મેળાઓ ઘરની બહાર મુક્ત વાતાવરણમાં  હરવા ફરવાનો લહાવો પણ આપે છે. વર્ષો પહેલા આજે છે એવા મનોરંજનના સાધનો ન હતા, લોકો પાસે જીવન-જરૂરિયાતની વસ્તુઓનો લાંબો સમય સંગ્રહ કરવાના સાધનો ન હતા એટલે વાર-તહેવારે યોજાતા આવા લોકમેળાઓ એમને મનોરંજન ઉપરાંત હટાણું કરવાના સ્થળ તરીકે પણ ખૂબ મહત્ત્વના હતાં.

ગુજરાતમાં જે લોકમેળાઓ યોજાય છે તે મોટે ભાગે ધાર્મિક તહેવારો કે પ્રસંગોઓ જ યોજાય છે. વિવિધ દેવીદેવતાના પર્વ પ્રસંગોએ  અને સંતો મહંતોની સ્મૃતિમાં લોકમેળાઓ યોજવામાં આવે છે. તેમાં જે તે સંપ્રદાય કે ધર્મના ધાર્મિક ભાવનાથી ભાગ લે છે. આવા લોકમેળાઓ બિનસાંપ્રદાયિક મૂલ્ય ધરાવે છે અને લોકોમાં પ્રેમ, સહકાર, અને સેવાની પવિત્ર ભાવનાઓ જગાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. મોટા ભાગના મેળાઓ નદી, સાગરકાંઠે અને ડુંગરની તળેટીમાં યોજાય છે. ગુજરાતમાં ઉનાળાના એક બે મહિના સિવાય લગભગ આખું વર્ષ નાના મોટા મેળાઓ યોજાય છે.

મોટા ભાગના મેળાઓ વર્ષમાં એક વખત જ યોજવામાં આવે છે. કેટલાક આદિવાસી વિસ્તારના મેળાઓ દર અઠવાડીયે યોજવામાં આવે છે. આવા મેળાઓ એકથી સાત દિવસ સુધી ચાલે છે. આજે પણ આવા લોકમેળાઓનું મહત્ત્વ પહેલા જેટલું જ રહ્યું છે. આજના યુગમાં દરેક પ્રકારની સગવડો વધી છે છતાં ગામડાઓના લોકો માટે મેળાઓએ એનું અસલ આકર્ષણ જાળવી રાખ્યું છે. આદિવાસીઓ માટે લોકમેળાઓ એમના જીવનસાથીની પસંદગીના મેળાઓ પણ બની રહે છે. આવા મેળાઓમાં લોકોને આકર્ષતા અનેક તત્ત્વો હોય છે. ખાદ્યપદાર્થો, તૈયાર વસ્ત્રો, ધાતુની બનાવટો, રમકડાં, નાની હાટડીઓ, આભૂષણોથી સજ્જ યુવાનો અને યુવતીઓ, રાસ-ગરબા, દુહાના કાર્યક્રમો આવા અનેક તત્ત્વો લોકમેળાને વધુ આકર્ષક બનાવે છે. મેળામાં ભાગ લેવા માટે નાના બાળકથી માંડીને વૃદ્ધ અને અનુભવી સ્ત્રી પુરુષો ઉમટી પડે છે.

"ગુજરાતમાં ભરાતા આવા મેળાઓની સંખ્યા ૧૫૦૦ થી વધુ છે. વિગતવાર જોઈએ તો આ મેળાઓમાં ભગવાન શંકરના ઉત્સવ નિમિત્તે યોજાતા મેળાઓની સંખ્યા ૩૫૦, કૃષ્ણ જન્મ ઉત્સવને લગતાં ૩૦૦, માતાજીને લગતાં ૧૯૦, મુસ્લિમ પીરોના ૧૭૫, હોળી-ધૂળેટીના તહેવારોના ૮૫, હનુમાનજીના ૫૧ અને લગભગ એટલાં જ શીતળા માતાના પ્રસંગે યોજાય છે."[૯૪] આવા કેટલાક લોકમેળાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

➡ ***તરણેતરનો મેળો :-*** સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિરના પટાંગણમાં દર વર્ષે ભાદરવા સુદ ૩-૪-૫ એમ ત્રણ દિવસ સુધી તરણેતરનો મેળો ભરાય છે. એક દંતકથા પ્રમાણે અર્જુને મત્સ્યવેધ કરીને દ્રોપદી સાથે જ્યાં લગ્ન કર્યા તે આ સ્થળ છે. આ મેળો ગુજરાતમાં ભરાતો સૌથી મોટો અને આકર્ષક મેળો છે. એમાં ગુજરાતના લોકસમુદાયનું આદર્શ પ્રતિબિંબ જોવા મળે છે. આ મેળાનું સૌથી વધારે આકર્ષક અંગ છે રાસડા, ઢોલ, જોડીયા પાવાના સૂર અને તાલમાં ગોળ ઘૂમતી, નાચતી કાઠી, રબારી, કણબી, કોળી, ભરવાડ અને અન્ય લોકસમુદાયની સેંકડો સ્ત્રીઓ આકર્ષક લોકનૃત્ય કરે છે. તેમના પરંપરાગત જાજરમાન જાડાં વસ્ત્રો અને ચાંદીના ચમકતા આભૂષણો આ મેળાને ગુજરાતની લોકસંસ્કૃતિનું એક નમૂનારૂપ નજરાણું બનાવે છે. આ ત્રણ દિવસમાં રોજ રાત્રે લોકડાયરાનું આયોજન થાય છે. આમ, તરણેતરનો મેળો ગુજરાતના લોકો માટે એક અણમોલ અવસર બની રહે છે.

➡ ***ભવનાથનો મેળો (શિવરાત્રીનો મેળો) :-*** *જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં ભવનાથ મહાદેવનું મદિરના પટાંગણમાં દર વર્ષે મહા વદ ૧૩ એટલે કે શિવરાત્રીના દિવસે કુલ ચાર દિવસ સુધી મેળો ભરાય છે. મહાશિવરાત્રીની મધ્યરાત્રીએ ભવનાથની મહાપૂજા થાય છે. આ મહાપૂજાના દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આસપાસના વિસ્તારમાંથી નાગાબાવાઓના ટોળેટોળા ઉમટી પડે છે. આ નાગાબાવાઓ નાચતા ગાતાં, શંખધ્વનિ કરતાં ને મહાદેવનો જયનાદ કરતાં ભવનાથમાં અનોખી આસ્થા ધરાવે છે. આ ઉપરાંત અન્ય સંતો, મહંતો અને સન્યાસીઓ તેમજ લગભગ ત્રણ લાખ જેટલા  લોકો આ મેળામાં ભાગ લેવા માટે આવે છે. મેર અને આહિર લોકોને આ સ્થળ પર વિશેષ આસ્થા છે. ચારે ચાર દિવસ રોજ રાત્રે લોકસંગીત અને ભજન-કિર્તનનાં કાર્યક્રમો યોજાય છે.*

➡ ***શામળાજીનો મેળો :-*** *સાબરકાંઠા જિલ્લાનાં શામળાજીમાં દર વર્ષે કાર્તિકી પૂનમના દિવસે શામળાજીનો મેળો ભરાય છે. આમ તો આ મેળાની શરૂઆત દેવ ઉઠી અગિયારસથી જ થઈ જાય છે. આ મેળામાં મંત્ર-તંત્રની સાધના કરવાવાળા બાવાઓ અને ભૂવાઓ મોટી સંખ્યામાં આવે છે. વળગણવાળા એના ઈલાજ માટે પણ આવે છે. આ મેળામાં દૂરદૂરથી અસંખ્ય લોકો ઉમટી પડે છે. તેમાં આદિવાસીઓ વિશાળ સંખ્યામાં હાજરી આપે છે અને આ લોકો શામળાજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. આ મેળામાં ગરાસિયા કોમના લોકો સવિશેષ જોવા મળે છે. અરવલ્લીના પહાડો વચ્ચે આ શામળાજીનો મેળો રંગભર્યો ઉત્સવ બની રહે છે.*

➡ ***વૌઠાનો મેળો :-*** *અમદાવાદ જિલ્લાના વૌઠા ગામે જ્યાં સાત પવિત્ર નદીઓ સાબરમતી, હાથમતી, વાત્રક, ખારી, મેશ્વો, માઝમ અને શેઢીનો સંગમ થાય છે ત્યાં દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાંએ મેળો ભરાય છે. કાર્તિકી પૂર્ણિમાંના આગળના પંદર દિવસ અને પછીના પંદર દિવસ સુધી એટલે કે લોકો એક મહિના સુધી અહીં આવ-જા કરે છે. કાર્તિકી પૂર્ણિમાં એ સપ્તસંગમમાં સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ છે. તેમાં મદારી, ચગડોળ, નટ, ભવૈયા, જાદુગર વગેરે મનોરંજનના સાધનો હોય છે. આ મેળાનું ખાસ એક મહત્ત્વ એ છે કે ત્યાં ગધેડા અને ઊંટની મોટી ગુજરી ભરાય છે. ગધેડા, ઊંટ અને અન્ય પશુઓને શણગારીને ખરીદવા અને વેચવા માટે ગુજરાત અને તેની બહારના રાજ્યોમાંથી પણ લોકો આવે છે.*

➡ ***માણેકઠારી પૂનમનો મેળો :-*** *ડાકોરમાં દર વર્ષે શરદપૂનમના દિવસે માણેકઠારીનો મેળો ભરાય છે. જે ત્રણ દિવસ સુધી ચાલે છે. શરદપૂનમે રણછોડરાયજીને રેશમી વસ્ત્રો, કિંમતી અલંકારો અને સવા લાખ રૂપિયાનો મુગટ પહેરાવાય છે. આ મેળામાં  રમકડાં, તૈયાર કપડાં, ઘરવપરાશની વસ્તુઓ વગેરેનું ખૂબ જ વેચાણ થાય છે. આસપાસના ગામોમાંથી સેંકડો લોકો આ મેળામાં ભાગ લેવા માટે આવે છે.*

➡ ***મેઘરાજાની છડીનો ઉત્સવ-મેળો:-*** *ભરૂચમાં દર વર્ષે શ્રાવણ વદ ૯ ના દિવસે મેઘરાજાની છડી ઝુલાવવાનો ઉત્સવ ઊજવાય છે. તેમાં ભરૂચના ભોઈવાડાના ઘોઘારાવના મંદિરમાંથી મેઘરાજાની સવારી નીકળે છે. શ્રાવણ વદ ૧૦ ની સાંજે મેઘરાજાની મૂર્તિના વિસર્જનનો વરઘોડો કાઢવામાં આવે છે અને આ મૂર્તિને નર્મદા નદીમાં પધરાવવામાં આવે છે. કદાચ આખા ભારતમાં ક્યાંય મેઘરાજાના ઉત્સવની પ્રણાલિકા નથી. અહીં ચાર દિવસ સુધી મોટો મેળો ભરાય છે જેમાં આસપાસના ગામના લોકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે.*

➡ ***રૂપાલની પલ્લીનો મેળો :-*** *ગાંધીનગરના રૂપાલ ગામમાં દર વર્ષે નવરાત્રી દરમિયાન આ મેળો ભરાય છે. આ મેળામાં શ્રદ્ધાળુ ભક્તો વરદાયિની માતાની પાલખીને ઊંચકીને આખા ગામમાં ફરે છે. દેવીને ખુશ કરવા ચોખ્ખું ઘી ધરાવવામાં આવે છે. માતાજીની પલ્લીના દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આજુબાજુના ગામોમાંથી અસંખ્ય લોકો આવે છે.*

➡ ***માધવરાયનો મેળો :-*** *પોરબંદર પાસેના માધવપુર ગામે દર વર્ષે ચૈત્ર સુદ નોમથી પાંચ દિવસ સુધી આ મેળો ભરાય છે. એમ મનાય છે કે શ્રીકૃષ્ણ સ્વયં રુકમણિનું અપહરણ કરી અહીંના મંદિરમાં એમની સાથે પરણ્યા હતા. એ પ્રસંગની યાદમાં અહીં દર વર્ષે માધવરાયનો મેળો ભરાય છે. આ લગ્ન પ્રસંગ પાંચ દિવસ સુધી ચાલે છે. આખા ગુજરાતનો લોકસમુદાય આ લગ્ન ઉજવણીનાં મેળામાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.*

➡ ***ગોળ-ગધેડાનો મેળો :-*** *પંચમહાલના આદિવાસી વિસ્તારમાં દર વર્ષે હોળી-ધૂળેટીના તહેવાર પછી આ મેળો ભરાય છે. મેદાનમાં એક માંચડો તૈયાર કરવામાં આવે અને તેના પર ગોળની પોટલી લટકાવવામાં આવે છે. નીચે સ્ત્રીઓ લાકડીઓ લઈને નૃત્ય કરે એ દરમિયાન બે ત્રણ યુવાનો માંચડા પર ચડવાનો પ્રયત્ન કરે છે સ્ત્રીઓ લાકડીથી રોકે પણ એમાંથી બચીને જે યુવાન*

માંચડે ચડી ગોળ સુધી પહોંચે તે વિજયી ગણાય. વિજયી યુવાન બધાને પોટલીમાંથી ગોળ વહેંચે છે અને બધા આનંદ મનાવે છે. માટે આ મેળાને ગોળ-ગધેડાનો મેળો કહે છે.

➡ ***રંગપંચમીનો મેળો :-*** *આદિવાસી ગામોમાં દર વર્ષે હોળી પછીની પાંચમના દિવસે આ મેળો યોજવામાં આવે છે. તેમાં આદિવાસીઓ એમની ગાયોને શણગારી ગામના પાદરમાં લઈ જાય છે. ગામના યુવાનો આ ગાયોના રસ્તામાં આડા સૂઈ જાય છે. ગાયોનું ધણ એમના શરીર પરથી પસાર થઈ જાય છતાં યુવાનોના શરીરને ઈજા થતી નથી. આ દ્રશ્ય જોવા આસપાસના ગામોમાંથી લોકોનો મોટો સમુદાય એકઠો થાય છે.*

➡ ***ડાંગ દરબારનો મેળો :-*** *ડાંગ જિલ્લાના આહવામાં આ મેળાનું આયોજન થાય છે. આ મેળો પરંપરાગત મેળાથી અલગ પડે છે. હોળીના એક અઠવાડિયા પહેલા પ્રણાલિગત રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ આદિવાસી સરદારોની હાજરીમાં હોળી પ્રગટાવી આ ઉત્સવનો પ્રારંભ થાય છે. આદિવાસી નૃત્યો એ આ મેળાનું મુખ્ય આકર્ષણ છે. તેના અંતિમ દિવસે આદિવાસીઓ હોળીને શમાવે છે અને લોકો ઉપર રંગીન પાણી છાંટી ધૂળેટીનો પ્રારંભ કરે છે. આ મેળાનું આયોજન જિલ્લાના સત્તાવાળાઓ તરફથી થાય છે. એમાં ડાંગના સરદારો હાજરી આપે છે એટલે એ ડાંગ દરબાર તરીકે ઓળખાય છે.*

➡ ***ચૂલ મેળો :-*** *આદિવાસી વિસ્તારમાં ઘણી બધી જગ્યાએ હોળીના બીજા દિવસે ચૂલ મેળો યોજાય છે. ગામની બહાર મોટો ચૂલો બનાવી તેમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે. આ સળગતા ચૂલા પરથી સ્ત્રીઓ અને પુરુષો ખુલ્લા પગે પસાર થાય છે છતા અગ્નિ એમને દઝાડતો નથી. માટે તેઓ અગ્નિ પૂજાનું વ્રત લે છે. આમ કરવાથી અગ્નિદેવ એમનાં સંતાનો અને પશુઓનું રક્ષણ કરે છે એવુ આદિવાસીઓ માને છે.*

➡ ***ચિત્ર-વિચિત્રેશ્વરનો મેળો :-*** *ખેડબ્રહ્મા પાસેના ગુંભખેરી ગામમાં નદી કિનારે દર વર્ષે હોળી પછીના ચૌદમાં દિવસે આ મેળો યોજાય છે. મહાભારતના ચિત્રવિર્ય અને વિચિત્રવિર્યની યાદમાં આ મેળાનું આયોજન કરવામાં આવે છે. આદિવાસીઓ એમનાં સ્વજનોને રોગથી મુક્ત કરવાની માનતા રાખે છે.*

➡ **શાહઆલમ અને સરખેજના મેળા :-** મુસ્લિમ મેળાઓમાનો એક મેળો સરખેજમાં ભરાય છે. તે સંત શાહઅહમદ ખટ્ટુ ગંજબક્ષસાહેબની કબર પાસે તળાવના કાંઠે ભરાય છે. ઈ. સ. ૧૪૪૫ માં તેમનું અવસાન થતાં તેમની કબર આ જગ્યાએ બાંધવામાં આવી. ત્યારથી તેમની સ્મૃતિમાં આ મેળાનું આયોજન થાય છે.

બીજો મેળો અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં ભરાય છે. ઈ. સ. ૧૪૭૫ માં મહમદ વેગડાના દરબારીએ જાણીતા સંત શાહઆલમની યાદમાં એક ભવ્ય કબર રચી ત્યારથી મુસ્લિમો આ સ્થળની મુલાકાત લે છે અને મેળાનું આયોજન કરે છે. આ મેળાઓમાં અન્ય ધર્મના લોકો પણ હોંશથી ભાગ લે છે.

આ ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં ખેરમલ, ગલદેવરો, વનછડી, માણેકનાથ, હાટ મેળાઓ વગેરે મેળાઓનું આયોજન થાય છે. આદિવાસીઓ દૂર જંગલમાં છૂટાછવાયા રહેતા હોવાથી ત્યાં વેપારની સગવડતા હોતી નથી. તેથી ત્યાં આવા હાટ મેળાઓ યોજાય છે.

### ❋ વિશિષ્ટ ઉત્સવો

ભારતીય સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે તેમ એટલી જ ભાતીગળ છે. આ પ્રજા સેંકડો વર્ષોથી જુદા જુદા ઉત્સવો ઉજવતી આવી છે. અહીં દરેક ધર્મ, જ્ઞાતિ, પ્રદેશના વિશિષ્ટ ઉત્સવો છે. મકરસંક્રાતિ, વસંતપંચમી, દિવાળી, હોળી, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, જેવા ઉત્સવોમાં ગામડાનો લોકસમુદાય એક થઈને તેમાં ભાગ લે છે. ગુજરાતમાં આવા ઘણાં ઉત્સવો છે જે ગુજરાતની પ્રજા સમાન રીતે ઉજવે છે.

હોળીનો તહેવાર સમગ્ર ગુજરાત ઉજવે છે છતાં અમુક લોકો માટે એનું આગવું મહત્ત્વ છે. મેર પ્રજામાં યુવાનો બે જૂથમાં વહેંચાઈ જાય અને બન્ને જૂથો વચ્ચે કાકડાની લડાઈ જામે. એમાં ઘણાં ઘાયલ થાય છે. અંતે ગામના મુખી લડાઈ બંધ કરવાનો આદેશ આપે અને જુવાનો પરસ્પરને ભેટીને આનંદ મનાવે છે.

અમુક ગામોમાં આ દિવસે એક ઘડામાં પ્રસાદ રાખવામાં આવે અને એનું રક્ષણ કરવા ગામના યુવાનોનું એક જૂથ બેસે છે. બીજુ જૂથ આ પ્રસાદ લૂટવાં આવે અને એમાં બન્ને વચ્ચે લડાઈ જામે. અંતે ગામના આગેવાનો લડાઈ અટકાવે અને બધા સાથે પ્રસાદ લઈ આનંદ મનાવે છે. આવા વિશિષ્ટ ઉત્સવો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

➡ **નવરાત્રી અને દશેરા :-** ગામલોકોમાં નવરાત્રીનો તહેવાર અનોખી રીતે ઉજવાય છે. નવદુર્ગામાંની પૂજા થાય છે. ગામના ચોરામાં દરરોજ રાત્રે પુરુષો તલવારબાજી અને સ્ત્રીઓ માતાજીના ગરબા ગાય છે. ક્યાંક તો વળી ભવાઈના વેશો પણ ભજવાય છે.

દશેરાના દિવસે ગામલોકો રાવણ વધ કરે છે. આ દિવસે રજવાડાંઓમાં વિજય સવારીનું આયોજન થાય છે. ક્ષત્રિયો એ દિવસે ખીજડાના વૃક્ષની પૂજા કરે છે અને એના પાનની આપ-લે કરે છે, તથા પોતાના હથિયારોનું પૂજન કરે છે.

➡ **સાંતી દોડ :-** વૈશાખ સુદ ત્રીજનો તહેવાર ખેડૂતો માટે વિશેષ મહત્ત્વનો છે. ખેતર ખેડવાનું શરૂ કરવા માટે તેઓ આ દિવસને શ્રેષ્ઠ માને છે. ગામના પાદરમાં ખેડૂતો પોતાના બળદોને શણગારીને સાંતીદોડમાં ભાગ લે છે. જે ખેડૂત સાંતીદોડમાં પ્રથમ આવે તેને પાઘડી પહેરાવી ગામલોકો તેનું સન્માન કરે છે. અનુભવી લોકો આ દિવસે આવતા વર્ષનાં હવામાનનો વર્તારો જણાવે છે.

➡ **વર્ષાના ઉત્સવો :-** ગુજરાતના લોકો માટે ચોમાસાના ચાર મહિના મહત્ત્વના છે. જો મેઘરાજા સમયસર આવે તો લોકો આનંદવિભોર બની તેનું સ્વાગત કરે છે. ગુજરાતમાં આવા બે ઉત્સવો ઉજવવામાં આવે છે એમાં એક તો મેઘરાજાની છડી એ બીજો જલઝીલણીનો ઉત્સવ છે. ભાદરવા સુદ એકાદશીએ ભાલ પ્રદેશમાં જલઝીલણીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. ઠાકોરજીને પાલખીમાં બેસાડીને ગામમાં ફેરવવામાં આવે પછી તળાવમાં ઠાકોરજીને સ્નાન કરાવવામાં આવે છે. પૂજારી ચીભડાં અને નાળિયેરનો પ્રસાદ તળાવમાં પધરાવે અને એ પ્રસાદ લૂંટવા ગામના યુવાનો પાણીમાં ઝંપલાવે છે.

➡ ***તુલસી-વિવાહ :-*** *કાર્તિક સુદ એકાદશીએ શ્રીકૃષ્ણ અને તુલસીના લગ્ન પરંપરાગત રીતે થાય છે. તુલસી-વિવાહને દેવ-દિવાળી પણ કહે છે. સૌરાષ્ટ્રમાં આ ઉત્સવ શ્રદ્ધાપૂર્વક ઊજવાય છે. ગામમાં શ્રીકૃષ્ણનો વરઘોડો કાઢવામાં આવે છે. અને તુલસી સાથે વિવાહ કરવામાં આવે છે. રાત્રે ગામમાં ભજન થાય છે.*

➡ ***નાગપાંચમ, શીતળાસાતમ અને જન્માષ્ટમી :-*** *ખેતર અને વનમાં કામ કરતી પ્રજા નાગદંશથી પોતાને અને પોતાના પશુઓને બચાવવા શ્રાવણ સુદ પાંચમના દિવસે નાગપાંચમ તરીકે ઉજવી નાગની પૂજા કરે છે. ગામમાં નાગદેવના મંદિરે જઈ કુલેરનો પ્રસાદ વહેંચે છે. ક્યાંક આ દિવસે મેળો પણ ભરાય છે.*

*ગામની સ્ત્રીઓ પોતાના સંતાનોને શીતળાના કોપથી બચાવવા શ્રાવણ સુદ સાતમે શીતળા માતાની પૂજા કરે છે અને પ્રસાદ વહેંચે છે તથા મેળાનું પણ આયોજન થાય છે.*

*ગોપસંસ્કૃતિની યાદ અપાવતો આ તહેવાર લોકો શ્રાવણ  સુદ આઠમના દિવસે ઊજવે છે. મધ્યરાત્રીએ કૃષ્ણનો જન્મોત્સવ ઉજવી પંજરીનો પ્રસાદ વહેંચવામાં આવે છે. લોકસમુદાયમાં આ તહેવાર ગોકુળ આઠમ તરીકે પણ જાણીતો છે. અમુક સ્થળોએ મેળાઓ પણ ભરાય છે.*

➡ ***વટસાવિત્રી અને ગૌરીવ્રત :-*** *જેઠ મહિનાની પૂનમે સ્ત્રીઓ વટસાવિત્રીનું વ્રત કરે છે. મહાસતિ સાવિત્રીના ચરિત્રને યાદ કરી તે દિવસે સ્ત્રીઓ વડના વૃક્ષની પૂજા કરે છે. અષાઢ મહિનામાં ઘણાં બધા વ્રતો આવે છે. કન્યાઓ માટે ગૌરીવ્રત આવે છે. નાની દીકરીઓ પાંચ દિવસ મીઠું ખાતી નથી અને જવારા વાવીને પ્રકૃતિનું પૂજન કરે છે. શિવ-પાર્વતીનું પૂજન કરે છે. નાની બાળાઓ માટે આ વ્રત કઠિન છે તેથી તે સહ્ય બને એ માટે સમાજે તેને ઉત્સવ બનાવી દીધો. ગુજરાતમાં ગોરમાંનું વ્રત પણ ઉત્સાહથી ઊજવાય છે.*

જેઠ મહિનામાં આવતી નિર્જળા એકાદશી કે ભીમ અગિયારસના દિવસે લોકો આખો દિવસ અન્ન-જળ લીધા વગર ઉપવાસ કરે છે. ગુજરાતમાં મોટી સંખ્યામાં લોકો આ વ્રત કરે છે.

➡ **ધનતેરસ :-** આસો મહિનામાં ધનતેરસનો ઉત્સવ આવે છે. આ દિવસસે સાંજે ગામના પાદરમાં ગાયોને દોડાવવામાં આવે છે. અમુક ગામોમાં ગાયોના બદલે શણગારેલા ગાડા સાથે જોડેલ બળદોની સ્પર્ધા પણ રાખવામાં આવે છે. અને રાત્રે દરેક ઘરે ધનની પૂજા કરવામાં આવે છે.

➡ **સામાપાંચમ :-** ભાદરવા મહિનામાં લોકો ઋષિપંચમી કે સામાપાંચમનો તહેવાર ઉજવે છે. એ દિવસે ખેડ્યા વિના ઉગાડેલું અનાજ ખાવાનો મહિમા છે. ઘણાં ગામોમાં પાંચમનો મેળો ભરાય છે.

➡ **વાઘબારસનો બોલાવો :-** દિવાળીનો તહેવાર આખા ગુજરાતમાં એકસરખી રીતે ઉજવવામાં આવે છે. આદિવાસીઓ આ ઉત્સ્વને વાઘબારસના નામે ઉજવે છે. ડાંગ વિસ્તારમાં મુખી ઉપવાસ કરે અને આ રીતે સામુહિક ઉત્સવનો આરંભ થાય છે. દિવાળીને દિવસે બોળાવો નામની એક અનોખી વિધિ થાય છે.

આ ઉપરાંત ગુજરાતના વિશિષ્ટ ઉત્સવોમાં ઘોઘારાયની છડીનો ઉત્સવ, દરિયાપીરનો ઉત્સવ, મોમાઈ માતાનો પૂંજ ઉત્સવ, હલોતરા ઉત્સવ, દિવાસાનો ઢીંગલો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા ઉત્સવો સાંપ્રદાયિક એકતા જાળવવામાં અને શાંત અર્પણ કરવામાં ઘણા મદદરૂપ થાય છે. આવા વ્રતો લોકસમુદાયને પાપથી દૂર રહેવા, જીવ પર દયા રાખવી, દાન કરવા પ્રેરણા આપે છે.

### (3) લોકકલાઓ

લોકકલા તળપદા લોકજીવનની સાથે પરંપરાથી જ પ્રવર્તમાન એવી નૃત્ય, સંગીત, નાટક, ચિત્ર વગેરેની સાંસ્કૃતિક અભિવ્યક્તિ છે. એનું સ્વરૂપ લોકજીવનમાં જ પ્રગટ કે પ્રત્યક્ષ રૂપમાં જોવા મળે છે. આવી કલાઓ પ્રાદેશિક જાતિઓના જીવન અને જગત પ્રત્યેના

અભિગમને પણ વ્યક્ત કરે છે. માણસે પોતાના અન્ય વ્યક્તિઓના જીવન સાથે તથા પ્રકૃતિ સાથે અનુકૂલન સાધીને જે વ્યવસ્થા ગોઠવી એમાંથી જ એની સામાજિકતાનો વિકાસ થયો. સામાજિક જીવનના વિકાસની સાથે સાથે તેમના જીવનના અંગ રૂપે કલાઓ પણ વિકસતી રહી. આવી લોકકલાઓમાં લોકસંગીત, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્રકલા, લોકશિલ્પનો સમાવેશ કરી શકાય. આ બધાની સમજ નીચે પ્રમાણે આપી શકાય.

### ❋ લોકનૃત્યો

દરેક પ્રાણીને જેમ નાદથી પોતાની લાગણી વ્યક્ત કરવાની શક્તિ કુદરતે આપી છે, તેવી જ રીતે શરીરના માધ્યમે, લયબદ્ધ રીતે ઉછળી-કૂદીને પોતાની લાગણી વ્યક્ત કરવાની શક્તિ આપી છે. આમ પ્રાણી માત્રને દેહના માધ્યમે લયાત્મક અભિવ્યક્તિ સિદ્ધ થઈ છે, જે નૃત્યનો મૂળ ઘટક છે. માધ્યમરૂપે દેહ, એની નિયંત્રિત અને નિશ્ચિત એવી શરીર અવયવોની ગોઠવણી અને એ લયબદ્ધ રૂપની ક્રિયા આ નૃત્યનો પ્રાણ છે અને તે પ્રાકૃતિક અવસ્થાથી જ પ્રાણીની સાહજિક સિદ્ધિ છે. મનુષ્યએ પગના ઠેકા અને હાથના તાલ સાથે બીજા પદાર્થોનો ઉપયોગ કર્યો ને એમાંથી જ અંતે નૃત્ય સિદ્ધ કર્યું. સંસ્કૃતિના વિકાસ સાથે જ લોકનૃત્યનો વિવિધ સંદર્ભે ઉપયોગ થતો ગયો અને તેનું રૂપ બંધાતું ગયું. તેમાં વિવિધ પ્રકારો અને સ્વરૂપો ઉમેરાતા ગયા.

લોકનૃત્ય શીખવા માટે કોઈ પણ જાતની તાલીમ લેવી પડતી નથી. લોકો અનુકરણથી તે શીખે છે. લોકનૃત્યમાં લોકો સમૂહમાં ભેગા થઈ એકસરખી ક્રિયા કરવા પ્રયત્ન કરે છે. ભારતમાં જેટલા પ્રદેશો છે તેટલા નૃત્યો છે. તેમના પરંપરા, સંદર્ભ, સ્વરૂપ અને પ્રકાર સમાન છે. ધાર્મિક પર્વ, લગ્ન, સામાજિક ઉત્સવ, ખેતી, ઋતુઓના સંદર્ભ સાથે જ ભારતીય લોકનૃત્યો સંકળાયેલા છે. ભારતના બીજા પ્રદેશોને જેમ પોતાના નીજી નૃત્યો છે તેમ ગુજરાતને પોતાનું નીજી નૃત્ય નથી. કારણ કે બહારના આક્રમણોને લીધે અને ગુજરાતની પ્રજા બહારથી આવીને વસેલી હોવાથી નૃત્યને વિકસાવવાનો સમય નથી મળ્યો.

શ્રીકૃષ્ણના સમયથી સૌરાષ્ટ્રમાં નૃત્યની શરૂઆત થઈ. ગુજરાતમાં આજે જે લોકનૃત્યો છે તેમાં ખાસ કરીને ગરબા-ગરબી, રાસ-રાસડા, ટીપ્પણી, ગોફગુંથન વગેરે મુખ્ય છે. આ બધાને આ રીતે સમજાવી શકાય.

➡ **ગરબા :-** માતાજીની માનતારૂપે પ્રગટાવાતા નવ દિવસના અખંડ દીવાને ગરબો કહે છે. આ ગરબાને માથે લઈને સ્ત્રીઓ ગીતો ગાઈને નૃત્ય કરે છે. સમય જતા માથા પરનો ગરબો વર્તુળની વચ્ચે મુકાવા લાગ્યો અને તેની ફરતે સ્ત્રીઓ તાળી અને ચપટીઓથી વિવિધ રચનાઓ કરતી ગરબા ગાવા લાગી. આ ગરબાઓના ગીતો માતાજીને ઉદ્દેશીને બનાવેલા હોય છે. થોડા સમય બાદ તાળી અને ચપટીની જગ્યાએ ખંજરી, મંજીરા, બોઘરણાં જેવા સાધનોનો ઉપયોગ થવા લાગ્યો. આમ ગરબો એ લોકપ્રિય નૃત્યનો પ્રકાર છે.

➡ **ગરબી :-** જેમ ગરબો એ સ્ત્રીઓનું નૃત્ય છે તેમ ગરબી એ પુરૂષોનું નૃત્ય છે. સાદાં પગલાં અને તાળીઓથી સમૂહમાં ગીત ગાતાં ગાતાં પુરૂષો વર્તુળમાં આ નૃત્ય કરે છે.

➡ **રાસ :-** સૌરાષ્ટ્રમાં સૌથી વધુ પ્રાચીન અને મહત્ત્વનું નૃત્ય રાસ ગણાય છે. "રાસના મુખ્ય લકુટા, તાલી અને લતા એવા ત્રણ પ્રકારો છે. લકુટારાસ એટલે હાથમાં દાંડીયા લઈને લેવાતો રાસ, તાલીરાસ એટલે હાથની તાલીથી તાલ લઈને લેવાતો રાસ અને લતારાસ એટલે રાસ લેનાર એકબીજાની કેડ પર કે ડોક પર હાથ રાખીને સાંકળ રચીને લેવાતો રાસ."[૬૫] આવા રાસ સ્ત્રીઓ અને પુરૂષો ભેગા મળીને કરે છે. નવરાત્રી, શરદપૂનમ જેવા તહેવારોમાં આ નૃત્ય થાય છે. નર્તનકારના બન્ને હાથમાં દાંડિયા હોય છે. આ દાંડિયા જોડીઓ જોડીઓ સાથે તાલબદ્ધ રીતે ઠોકી કોઈ વાર જોડીઓની અદલાબદલી કરી ગોળ ફરતા જઈ નૃત્ય કરતા હોય છે. આ રાસમાં ઢોલ, મોટા મંજીરા, તબલાં કે શહનાઈનો ઉપયોગ થાય છે.

➡ **રાસડા :-** રાસમાં નૃત્યનું પ્રાધાન્ય હોય છે, જ્યારે રાસડામાં સંગીતનું. એમાં સામાન્ય વિષયને લઈ ગીત રચાયુ હોય અને તે ગીત ગાતા ગાતા સ્ત્રીઓ નૃત્ય કરે છે. તેમાં એક ગવડાવે અને બીજા તેને ઝીલે છે. આ નૃત્યમાં સ્ત્રીઓ તાળીઓ અને ચપટીઓ વગાડતી જુદી જુદી રીતે આકારો કરતી નૃત્ય કરે છે. રાસડામાં ઢોલ, ખંજરી, મોરલી, શરણાઈ, પાવો વગેરે વાદ્યોનો ઉપયોગ થાય છે.

➡ ***ટીપ્પણી નૃત્ય :-*** *આ નૃત્ય મૂળ ચોરવાડની કોળી સ્ત્રીઓનું છે. ટિપ્પણીના નીચેના છેડા પર વજનવાળો ચોરસ કે ગોળાકાર લાકડાનો કકડો લગાડેલો હોય છે. મકાન ચણાતું હોય ત્યાં જમીન પર છો બેસાડવા માટે આ ટીપ્પણીથી ટીપવાનું હોય છે. મજૂર સ્ત્રીઓ આ કામ કરતી વખતે ઢોલની સાથે સાથે ગાઈને તાલબદ્ધ રીતે ટીપ્પણી પછાડીને નૃત્ય કરે છે. તેનો ટપ ટપ ટપકાનો એકધારો તાલ અને સૂરનો ધોધ વહે તે રંગમાં પ્રેક્ષકો રંગાઈ જાય છે.*

➡ ***ગોફગુંથન :-*** *ગોફગુંથનમાં રંગીન કપડાની પટ્ટીઓ કે જાડી દોરીઓ છત ઉપરની એક કડીમાંથી પસાર કરી ગુચ્છામાં બાંધી એનો એક એક છેડો નીચે સમૂહમાં ગોળ ઉભેલા નૃત્યકારો એક હાથમાં પકડી બીજા હાથમાં દાંડિયો લઈ વેલ આકારમાં એક અંદર અને એક બહારથી જઈ ગોળ ફરીને ગીત ગાતાં ગાતાં નૃત્ય કરે છે. આ નૃત્યમાં વ્યવસ્થિત હલનચલનને કારણે દોરીઓની સુંદર ગૂંથણી બંધાય છે. આ નૃત્ય મોટેભાગે પુરૂષો જ કરે છે, પરંતુ હવે સ્ત્રીઓ પણ ભાગ લે છે.*

➡ ***પઢાર નૃત્ય :-*** *ભાલ પ્રદેશમાં નળકાંઠા વિસ્તારમાં વસતા પઢાર કોમના યુવકો હાથમાં મંજીરા લઈને ગોળાકારમાં નૃત્ય કરતાં બે પગ પહોળા કરી બેસેલાં હલેસાં મારતાં હોય એવો અભિનય કરે છે. ક્યારેક અડધા ઘૂંટણ પર ઊભા રહીને પગેથી મંજીરા વગાડે છે અને સાથે ગાતા પણ હોય છે. આ નૃત્ય પુરૂષો જ કરે છે. પઢાર નૃત્યમાં તબલાં, એકતારો, મોટા મંજીરા અને બગલિયાનો વાદ્ય તરીકે ઉપયોગ કરવામાં આવે છે.*

➡ ***હાલીનૃત્ય :-*** *આ નૃત્ય સુરત જિલ્લાના દૂબળા જાતિના લોકો કરે છે. તેમાં જુદી જુદી વાર્તાના પ્રસંગો હોય છે. તેમાં બે ટૂકડીઓ હોય છે. એક સ્ત્રી અને એક પુરૂષ એવી ગોઠવણીમાં એકબીજાની કમરે હાથ રાખી નૃત્ય કરે છે. તેમાં ઢોલ, થાળીઓ, પુંગી કે ભૂંગળીનો ઉપયોગ થાય છે.*

➡ ***સીદી નૃત્ય :-*** *મુઝફ્ફર ત્રીજાએ ૧૬ મી સદીમાં આ સીદી પ્રજાને આફ્રિકાથી બોલાવેલા. જુનાગઢના જંબુર ગામમાં સીદીની વસ્તી જોવા મળે છે. આ નૃત્યમાં સીદીઓ વર્તુળ બનાવે અને એ વર્તુળની અંદર આવી એક સીદી નૃત્ય કરે છે. જે નૃત્ય કરતો હોય તે જ એક નાનું ઢોલક વગાડતો હોય છે. કૂદકા અને શરીરના વળાંકો લઈને તે નૃત્ય કરે છે.*

➡ ***મેરાયો :-*** *બનાસકાંઠા વિસ્તારમાં લોકમેળાઓમાં આ નૃત્ય જોવા મળે છે. તેમાં ઠાકોર કોમના લોકો ભાગ લે છે. સરખડ નામના ઊંચા ઘાસમાંથી તોરણ જેવા ઝૂમખાં ગૂંથીને મેરાયો બનાવવામાં આવે છે. આવા અનેક ઝૂમખાંને એક લાકડીની આસપાસ, એક ચોરસ પાટિયાને આધારે લટકાવવામાં આવે છે. ઉપર ચાર છેડે મોર, પોપટ બેસાડવામાં આવે છે. એક માણસ કમ્મરે ભેટમાં નાળિયેર-કાછલી બાંધે છે, તેમાં મેરાયાને ઠેરવવામાં આવે છે. ત્યાર પછી મોર-પોપટ ફરવા માંડે છે. તેની સાથે કૂકવાનો ઢોલ વાગતો હોય છે.*

*આ ઉપરાંત ગુજરાતમાં બીજા અનેક લોકનૃત્યો જોવા મળે છે. ધોળકા તાલુકાના 'પઢાર નૃત્ય'માં હાથમાં દાંડિયા જેવી લાકડીઓ રાખી પુરૂષો નૃત્ય કરે છે. આ લાકડીનો અડધો ભાગ ધાતુનો હોવાથી બે જાતના જુદા જુદા અવાજો કાઢી એકબીજા સાથે અથડાવીને આ લોકો નૃત્ય કરે છે. ડાંગ વિસ્તારમાં 'ડાંગી નૃત્યો' થાય છે જેને ' ચાળો' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ મોર, ચકલી, કાચબા જેવા પશુ પક્ષીઓની નકલ નૃત્ય સ્વરૂપે કરી દેખાડે છે. 'માળીનો ચાળો' નૃત્યમાં પુરૂષો ગોળાકારે ઉભા રહી જાય છે. તેમના ખભા પર બે જુદી જુદી સ્ત્રીઓ પોતાનો એક એક પગ મૂકે છે,પછી નાચવાનું શરૂ કરે છે. તથા નર્મદા પ્રદેશમાં 'આગવાં' નૃત્ય પણ જાણીતું છે. તેમાં પુરૂષો લાંબી લાકડીઓ પર ઘૂઘરા બાંધી લોકડીઓનો એક છેડો હાથમાં રાખીને નૃત્ય કરે છે.*

*'રાંદલનો ઘોડો' માતા રાંદલનાં પૂજન વિધિ સાથે સંકળાયેલો છે. મંડલાકાર સ્ત્રીવૃંદ, કેડેથી નમીને બન્ને પગને એકસાથે ઉઠાવીને ઘોડો ખૂંદે છે. 'ટીટોડા'માં નર્તક કેડેથી વળીને એક પગ આગળ અને બીજો પગ પાછળ લાવે છે અને હાથના આંગળાને જોડીને, પક્ષીની ચાંચનો આકાર આપી વારાફરતી ખભા પર મૂકે છે. આ ટીટોડો ઝાલાવાડમાં પ્રચલિત છે.*

*આમ, લોકનૃત્યોના વિવિધ પ્રકારો છે અને આજ સુધી કેટલાક પરિવર્તનો સાથે એ જીવતું જાગતું અને ધબકતું રહ્યું છે.*

## ❋ લોકનાટ્ય

માણસ જ એક એવું પ્રાણી છે કે જે અભિનય કરી શકે છે, જે સુખ કે દુઃખ પોતાના ન હોય, એને કૃતક રીતે પોતાનાં હોવાનું દર્શાવી શકે છે. તેનાથી અભિનયશક્તિનો વિકાસ થયો અને વાણી, સંગીત અને નૃત્યની જેમ નાટ્યનો જન્મ થયો. "લોકનાટ્યનો અર્થ નાટ્યરૂપની લોકવિદ્યા એવો થાય છે અને તેમાં વિવિધ કથાઓને જ મુખ્યત્ત્વે વાચિક અને આંગિક અભિનય વડે રજૂ કરવામાં આવે છે. "[૬૬] લોકનાટ્યના લગભગ પ્રકારોને અને સ્વરૂપોને કથા સાથે સંબંધ છે. આમ પૌરાણિક, દંતકથામૂલક અને કલ્પનોત્પન પ્રકારની જે જે કથાઓ લોકપ્રિય બની તે ભારતના વિવિધ પ્રદેશોમાં લોકનાટ્યનું રૂપ પામતી ગઈ. તેમાં સંવાદ સાથે ગાયન, વાદન અને નૃત્ય પણ સંકળાયેલા છે. લોકનાટ્યનું લોકજીવન સાથે જ સંકળાયેલું અને લોકોમાં જ જન્મેલું, વિકસેલું અને પ્રવર્તિત બનેલું જે રૂપ છે તે તો ધાર્મિક વિધિઓ, વ્રતો અને ઉત્સવોની ક્રિડાઓમાં જોવા મળે છે. લોકરમતોમાં પણ લોકનાટ્યનો અંશ જોવા મળે છે. લોકનાટ્યમાં જોઈએ તો ભવાઈ, રામલીલા, કૃષ્ણલીલા વગેરેનો સમાવેશ થાય છે.

➡ **ભવાઈ :-** ગુજરાતનું મુખ્ય લોકનાટ્ય ભવાઈ છે. તેમાં સમાજના ભિન્ન ભિન્ન અંગો ને એની સમસ્યાઓનો આધાર લઈને હાસ્ય નિષ્પન્ન થાય છે. રામલક્ષ્મણ, શંકર-ભીલડી, જૂઠણ, મિયાં બીબી વગેરે જેવા વેશો ભજવવામાં આવે છે. ભવાઈના પ્રદર્શનમાં નૃત્ય, ગીત અને અભિનય ત્રણેયનો સંગમ જોવા મળે છે. ભવાઈનો આદ્યપિતા અસાઈત ગણાય છે.

ભવાઈમાં સ્ત્રીના અને પુરૂષોના પાત્રો પુરૂષો જ કરે છે. ભવાઈનો આરંભ ભૂંગળવાદનથી થાય છે. શરૂઆતમાં માતાજી, ગણપતિ વગેરેની સ્તૂતિ કરવામાં આવે છે. પાત્રો પ્રવેશ કરે ત્યારે ચોક્કસ પ્રકારના તાલબદ્ધ નૃત્યગતિવાળા પગલાનાં વર્તુળમાં ફરે છે, તેને આવણું કહે છે. તેમાં સામાન્ય રીતે બધા જ રસનો સમાવેશ થાય છે, છતાં પ્રધાન રસ હાસ્ય અને શૃંગાર રસ હોય છે. પ્રેક્ષકવર્ગ ગામડાનો હોવાથી તેની ભાષા પણ સાદી અને સરળ જ હોય છે. ભવાઈના પ્રકારને સાચવવાનો યશ ભવૈયાને ફાળે જાય છે. ઉત્તર ગુજરાતમાં તેમની વસ્તી છે. ભવાઈ મંડળીના નેતાને નાયક કહેવામાં આવે છે.

➡ **રામલીલા :-** રામલીલા એ પણ ભવાઈની જેમ લોકનાટ્યનો એક વિશિષ્ટ પ્રકાર છે. તેનું લક્ષ્ય લોકશિક્ષણની સાથે મનોરંજન દ્વારા રામાયણના પાત્રોને લોકો સામે રજૂ કરીને લોકોને ધર્માભિમુખ કરવાનું છે. ભવાઈમાં લોકોને સમજાય એવા વિષય રજૂ કરવામાં આવે છે, જ્યારે રામલીલામાં માત્ર રામાયણના પ્રસંગોને જ રજૂ કરવામાં આવે છે. તેમાં રામાયણની કથા રજૂ થતી હોવાથી એક કરતાં વધારે દિવસો સુધી તે ચાલે છે. રામલીલામાં સંગીત અને સંવાદનું મહત્ત્વ વધારે છે. એ જ રીતે નૃત્ય કરતાં અભિનય, વેશભૂષા અને મંચઆયોજનનું વધારે મહત્ત્વ હોય છે. આધુનિક રંગભૂમિના વિકાસ સાથે આ રામલીલાનું મહત્ત્વ ઘટવા લાગ્યું છે.

આદિવાસી લોકનાટ્યમાં પણ ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે. ઘાસના પૂળા અને વિવિધ કુદરતી રંગને આધારે ચિત્ર-વિચિત્ર વેશભૂષા ધારણ કરીને કોઈ વેશનું પાત્ર ભજવાય કે કોઈ પૌરાણિક કથાને નાટ્યરૂપ અપાય છે. લોકનાટ્યનો બીજો પ્રકાર કઠપૂતળીનો છે. આમાં કાષ્ટની કે કપડાંની પૂતળીનો માધ્યમ તરીકે ઉપયોગ થાય છે. લોકનાટ્યના વિકાસની સાથે સાથે ઘણી બધી વ્યાવસાયિક કોમો અસ્તિત્ત્વમાં આવી છે. ભારતમાં જે મનોરંજન કરાવનારી લોકજાતિઓ છે તેમની કલામાં ઓછેવત્તે અંશે નાટ્યાત્મક અંશો હોય જ છે.

## ❋ લોકસંગીત

ભારતીય સંગીત વેદકાળ જેટલું જ પ્રાચીન કહી શકાય. સામવેદ એ ઋગ્વેદનું સંગીત-સ્વરૂપ છે. એને ગાનારા વિશેષ આવડતવાળા સંગીતકારોને 'સામગા' તરીકે ઓળખવામાં આવતા. વૈદિક સમયમાં સંગીતનો ઉપયોગ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં થતો. લોકસંગીત એ માનવીની આદિકાળની બોલી કે ભાષા પણ શોધાઈ ન હતી ત્યારની ઉપલબ્ધિ છે. સંગીતની શોધમાં માણસને પ્રકૃતિએ જ સીધી પ્રેરણા અને પૂરક સામગ્રી પૂરી પાડી છે. નાદ સંગીતને જન્મ આપે છે. નાદની સાથે સ્વર અને લય બન્ને સંકળાયેલા છે. પ્રકૃતિમાંથી અને સજીવસૃષ્ટિમાંથી માણસને જે વિવિધ ધ્વનિએકમો મળ્યા એને પોતાના ગળામાં અનુકરણથી સિદ્ધ કરવા મથ્યો એમાંથી જ નાદ પેદા કરવાનું અને તેની ઉત્કટતા વધારવા ઘટાડવાનું કૌશલ્ય એણે પ્રાપ્ત કર્યું. બોલીમાં જેમ શબ્દો સાથે અર્થ આવ્યા અને અર્થવાહકતા ઊભી થઈ તેમ માણસે સિદ્ધ કરેલા સંગીતમાં એવી જ અર્થવાહકતા ઊભી થઈ. આ લોકસંગીત શીખવા માટે કોઈપણ શાસ્ત્રના

અભ્યાસની જરૂર પડતી નથી, પરંતુ માત્ર અનુકરણ અને સહભાગીપણાથી જ એ ગવાતું રહે છે. લોકસંગીતને કૂળધર્મથી, અન્યના મનોરંજન માટે વ્યાવસાયિક રીતે જેઓ રજૂ કરે છે તેમના માટે કૂળ-કુટુંબગત સંસ્કાર અને અનૌપચારિક તાલીમ લેવી લેવી પડે છે.

હસુતાબેન લોકસંગીતની વ્યાખ્યા આ રીતે આપે છે, "લોકસંગીત એટલે લોકકંઠે સ્વયંભૂ ઉદ્‌ભવેલ નિજાનંદથી મસ્તીનું સંગીત."[૬૭]

ગુજરાતી વિશ્વકોશ પ્રમાણે "લોકસંગીત એટલે એક બૃહત્ સાંસ્કૃતિક ક્ષેત્રમાં સમાવિષ્ટ થતાં લોકો એમના સામાજિક, ધાર્મિક સંસ્કારવિધિઓ, પર્વો, ઉત્સવો, અનુષ્ઠાન વગેરેમાં જે રચનાઓના ગાન કરે છે તેનાં ગાયન-વાદનનાં અંગો."[૬૮]

હસુ યાજ્ઞિકના મતે "લોકસંગીત એટલે લોકોના સર્વસામાન્ય એવા પ્રવાહમાં, લોકવિદ્યાના એક વિશિષ્ટ અંગરૂપે, પરંપરાથી ગવાતું રહ્યું છે તે સંગીત."[૬૯]

સંગીતનો એક કલા તરીકે વિકાસ થયો અને તે કલાને નામે સંગીત એટલે કે ગીતની સાથે, એવું અપાયું. દરેક શાસ્ત્રમાં સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્ય એ ત્રણેય સંકળાયેલા હોવાનું દર્શાવ્યું છે. લોકસંગીત એ મૂળ છે, એનું વ્યવસાયિક રૂપ તે દ્વૈતીયિક ભૂમિકા છે અને એ પ્રકારની પરંપરાને આધારે વિદ્યા અને એનાં શાસ્ત્ર વિકસતાં જે શાસ્ત્રીય સંગીત જન્મ્યું તે ત્રીજી પૂર્ણ ભૂમિકા છે. લોકસંગીતનો હેતુ બીજાને ખુશ કરવાનો કે વાહવાહ મેળવવાનો હોતો નથી. એમાં તો સહુકોઈ પોતપોતાને આવડે એવું અને એટલું ગાય છે. લોકસંગીતમાં પ્રાધાન્ય સ્ત્રીકંઠનું છે.

લોકસંગીતના પ્રકાર અને તેનું વર્ગીકરણ રાષ્ટ્ર, પ્રદેશ, જાતિ વગેરેને ધોરણે કરવામાં આવે છે. વિશ્વના લોકસંગીતને રાષ્ટ્રના ધોરણે વર્ગીકૃત કરવામાં આવે છે. તેના ભારતીય, અંગ્રેજ, ફ્રેન્ચ, રશિયન, ઈરાની, ચીની, જાપાની એવા વર્ગો જોઈ શકાય છે. આવા વર્ગને પછી પ્રદેશ અને જાતિના ધોરણે વર્ગીકૃત કરાય છે. હાલરડું, લગ્નગીતો, મરશિયા, રાસ-ગરબા, બાળગીતો, ધૂન, પદભજન, વ્રત-જોડકણાં, શ્રમ ગીત વગેરે લોકસંગીતના પ્રકારો ગણાવી શકાય. સંગીતશાસ્ત્રીઓ સંગીતના મુખ્ય દેશી અને માર્ગી એમ બે પ્રકારો આપે છે. લોકો જે ગાય છે તે દેશી એટલે કે સ્થાનીય અને પ્રશિષ્ટરૂપનું શાસ્ત્રધારાનું છે તે માર્ગી સંગીત.

એમ માનવામાં આવે છે કે સૌરાષ્ટ્રમાં લોકસંગીતનો જેટલો વિકાસ થયો છે એટલો ભારતના અન્ય પ્રદેશોમાં ભાગ્યે જ થયો હશે. રાગની દ્રષ્ટિએ જોઈએ તો લોકસંગીતમાં પ્રધાન રાગ સામગ્રી, બિલાવલ, આશાવરી મારુ, બિહાગ, કાફી, સારંગ, મલાર, ધનાશ્રી અને ભીમપલાસી જેવા રાગો અનેક ઢાળોમાં ગવાય છે. લોકસંગીતની ખૂબી એ છે કે થોડાક જ સ્વરની રમતમાં એણે હજારો ઢાળ આપ્યા છે.

**❋ લોકવાદ્યો**

લોકસંગીતમાં તાલ માટે અને સ્વર માટે જેનો પરંપરાગત રીતે ઉપયોગ થાય છે તે સંગીત-સહાયક સાધનોને લોકવાદ્યો કહી શકાય. વાદ્ય એ ગીત-સંગીતનું ઘરેણું મનાય છે. વાદ્યોના ઉપયોગ વિના સંગીત અધૂરું મનાય છે. ભારતીય સંગીત અને વાદ્યોનું પગેરું છેક વેદકાળ સુધી પહોંચે છે. લોકવાદ્યોનો ઉદ્‌ભવ અને વિકાસ આદિમ કાળના વન્ય જીવનમાં થયો છે. એની શોધમાં મનુષ્યને પ્રકૃતિનો નિકટનો પરિચય કામમાં આવ્યો છે. પ્રકૃતિમાં માણસે વિવિધ નાદનો અને લયનો અનુભવ કર્યા અને કાળક્રમે એને સમજાયું કે વહેતી હવા જ્યારે કોઈ દ્વાર પરથી પસાર થઈને વહેવા લાગે છે કે રણકતા પદાર્થો એકબીજા સાથે ટકરાય છે, ત્યારે વિવિધ પ્રકારના નાદ જન્મે છે. વન્ય જીવનમાં જ માણસ પોતાના શરીરના અવયવો ઉપરાંત બીજા પ્રાકૃતિક પદાર્થોનો પણ સાધન તરીકે ઉપયોગ કરતો થયો અને એમાંથી ઉપયોગના સાધનો ઓજારો પણ બનાવતો થયો. એ સાથે જ તે તાલ અને સ્વર આપે એવા વાદ્યો બનાવતો થયો. સભ્યતાના વિકાસની સાથે માણસ ટોળીમાં, વાસમાં, ગામમાં વસતો થયો અને એની લોકવિદ્યાનો વિકાસ થયો તેમ તેમ વાદ્યનું નિર્માણ કરવાની કુનેહ પણ વિકસતી થઈ.

આ કુનેહનું પહેલું પરિણામ વાંસળી છે. માણસે જોયું કે વાંસ જ્યારે સુકાય છે અને જીવડાએ કોરેલા જુદી જુદી જગ્યાનાં છીદ્રોમાંથી જ્યારે હવા પસાર થાય છે ત્યારે જુદા જુદા ઉત્કટતા ધરાવતા નાદ મળે છે. આથી માણસને બંસરી બનાવવાની પ્રેરણા મળી. ધનુષ્યમાંથી જ કાળક્રમે સારંગીનો વિકાસ થયો છે. લોકસંગીતમાં સ્વતંત્ર રીતે કોઈ વાદ્યનું સ્થાન હોય તો તે માત્ર પાવો કે બંસરી છે. લોકસંગીતમાં જે વાદ્યો જોવામાં આવે છે તે જૂના કાળથી તેજે સ્થિતિમાં હતાં તે જ સ્થિતિમાં આજે પણ જોવા મળે છે.

લોકવાદ્યોનો અવાજ આપણને જેટલો આકર્ષે છે એટલી એની બનાવટની

સાદગી, સરળતા અને કલાપૂર્ણતા આપણું ધ્યાન ખેંચે છે. પ્રકૃતિના વિવિધ તત્ત્વો જેવા કે વાંસ, બરુની સોટી, ઘોડાના પૂંછડાના વાળ, જાનવરોનું ચામડું, લાકડાની દાંડી, માટી, રેશમની દોરી, નાળિયેરની કાચલી, મીણ, તુંબડા, ઘાસ વગેરેનો આશ્રય લઈને કુંભાર, કંસારા, રાવળ, મીર, વાદી જેવા લોકકલાકાર જાતજાતના અને ભાતભાતના લોકવાદ્યોનું સર્જન કરે છે. લોકો આવા વાદ્યોને અતિ પવિત્ર માને છે. શુભ ચોઘડિયું જોઈને વાદ્યો બનાવે છે. વાદ્યના નિર્માણ સમય દરમિયાન બનાવનાર બ્રહ્મચર્યનું પાલન કરે છે અને બની ગયા પછી દેવની પાસે રજૂ કરે છે. વાદ્ય તૂટી જાય ત્યારે ગમે ત્યાં ન ફેંકતા તેને નદી, વાવ કે કૂવામાં પધરાવી દે છે. “વ્રજભાષાના બહુ જાણીતા ગ્રંથ પ્રવિણસાગરમાં આ છત્રીસ વાજિંત્રોની યાદી આપી છે. (૧) મંડળ, (૨) બીન(જંતર), (૩) રવાજ, (૪) અનોપ, (૫) તંબૂર, (૬) ઉપંગ, (૭) બર, (૮) બસુ, (૯) સુરદ, (૧૦) પિનાક, (૧૧) કુમાયચ, (૧૨) પુંગી, (૧૩) સારંગી, (૧૪) બંસી, (૧૫) પરઆહ, (૧૬) બાંસ, (૧૭) કાનુકટ, (૧૮) તાલ, (૧૯) પિંગી, (૨૦) રણતુર, (૨૧) ભેરી, (૨૨) શરણાઈ, (૨૩) પાવો, (૨૪) રણશિંગું, (૨૫) શંખ, (૨૬) શીંગી, (૨૭) કરનાટ, (૨૮) પણવ, (૨૯) આનક, (૩૦) મુરંજ, (૩૧) ડફ, (૩૨) ડાક, (૩૩) ડમરું, (૩૪) જલતરંગ, (૩૫) ઝાંઝ, (૩૬) મંજીરા ઈત્યાદી.”[૧૦૦]

ભારતીય સંગીતના પ્રાચીન ગ્રંથોમાં વાદ્યોના ચાર પ્રકારો દર્શાવ્યા છે (૧) તંતુ વાદ્યો (૨) અવનદ્ધ વાદ્યો (૩) ઘન વાદ્યો (૪) સુષિર વાદ્યો.

**૧. તંતુ વાદ્યો :-** જે વાદ્યો દોરી, તંતુ અથવા તારથી વાગે એને તંતુ વાદ્યો કહેવામાં આવે છે. એમાં મૃત ઢોરના સૂકવેલાં આંતરડાંની તાંત અથવા ધાતુનો ઉપયોગ થાય છે. એકતારો, રાવણહથ્થો, જંતર, સુરંદો વગેરે મુખ્ય તંતુ વાદ્યો છે.

**૨. અનવદ્ય વાદ્યો :-** ચામડાથી મઢેલા વાદ્યોને અનવદ્ય વાદ્યો કહે છે. આ વાદ્યોમાં બંધિયાર હવાની ઉપરની ચુસ્ત સપાટી પરના આઘાત નાદ જન્માવે છે. અવનદ્ધ વાદ્યોમાં ઢોલ, ઢોલક, તબલાં, નગારા, ડમરુ, ચોઘડિયા, નિશાન-ડંકા, ત્રાંસા, ખંજરી, ડફ, ડાકલું, ડુગડુગી, પખવાજ, માદળ વગેરેનો સમાવેશ થાય છે.

**૩. ઘન વાદ્યો :-** હથોડી અથવા દાંડીથી વાગતા વાદ્યને ઘન વાદ્ય કહે છે. ઘન વાદ્યોમાં બે રણકતાં પદાર્થો એકબીજા સાથે ટકરાતાં નાદ જન્મે છે. તેમાં મંજીરા, ખંજરી, ઝાંઝ, માણ, કાંસીજોડા,

*કરતાલ, ઝાલર, દાંડિયા, ઘંટ, ઘડિયાળ, થાળી, ટોકરી, ઘૂઘરા, ચીપિયો, ચકરડી વગેરેનો સમાવેશ થાય છે.*

***૪. સુષિર વાદ્યો :-*** *હવાના ઉપયોગથી કે દબાણથી વાગતા વાદ્યને સુષિર વાદ્યો કહેવામાં આવે છે. તેમાં મોરલી, શંખ, વેણુ, ભૂંગળ, પાવરી, રણશિંગુ, ડોબરું વગેરે મુખ્ય છે.*

*આમ વિશ્વભરનાં આધુનિક વાદ્યોના પાયામાં લોકવાદ્યો છે. કાળક્રમે લોકવાદ્યોનાં સ્વરૂપ સુધારા વધારા-વધારા પામ્યાં. એમાંથી પ્રશિષ્ટ સંગીતના વાદ્યો સિદ્ધ થયા છે.*

### ❋ *લોકચિત્ર*

*ચિત્ર ભાષાની સિદ્ધિ પહેલાંની અને પછીની અદ્‌ભુત એવી લોકવિદ્યાકીય સિદ્ધિ છે. મનુષ્યને જ્યારે ભાષા પણ સમર્થ રૂપમાં સિદ્ધ નહોતી થઈ ત્યારે ચિત્ર જ એના મનોગતને મૂર્ત કરવાનું, પોતાના ભાવ કે વિચારોને વ્યક્ત કરવાનું માધ્યમ હતું. બોલી સિદ્ધ થયા પછી જે કંઈ અનિર્વચનીય હતું તે માણસે ચિત્રના માધ્યમે સંક્રાન્ત કર્યું. વસ્તુ કે પદાર્થને એનાં ભૌતિક રૂપમાં મૂર્તિમંત કરવાનું સામર્થ્ય ચિત્રમાં છે. આથી જેણે જોયું નથી એને, જોયેલું છે એ, ચિત્ર દોરીને જોવડાવી શકે છે. જે વસ્તુ પોતે ભૌતિક નથી, એક ધારણારૂપ છે અને એ રીતે અદ્રશ્ય છે તેને દ્રશ્ય બનાવે છે. લગભગ બધા જ ધર્મો અને પંથોના અમૂર્ત ખ્યાલો અને ધારણાઓ ચિત્રમાં આવ્યા છે. એનાંથી ચિત્તમાં રહેલી અમૂર્ત પુરાકથાઓ મૂર્ત બની.*

*પ્રાગૈતિહાસિક ગુફાવાસી મનુષ્યોએ પોતાની કલાભાવના વ્યક્ત કરવા હજારો વર્ષ પૂર્વે અંધારી ગુફાઓમાં ચિત્રાંકન કર્યા છે. આવા ચિત્રકૂટો ભારતમાં ભીમબેટકા, મિરજાપુર, હોશંગાબાદ, ચમારડી વગેરે સ્થાનોમાં મળ્યા છે. લોથલના ટીંબામાંથી પકવેલી માટીના વાસણો અને ઠીંકરાં પર કુંભારે ચીતરેલાં ખેપ, ખીજડો, વીંછી, માછલાં, કાળિયાર, બકરો વગેરે અસંખ્ય ચિત્રો મળ્યા છે. આ ઉપરાંત દેશળપર અને ધોળાવીરામાંથી પણ ચિત્રિત પાત્રોના અસંખ્ય ઠીંકરાં મળ્યા છે. તેથી એમ કહી શકાય કે લોથલ ચિત્રપરિપાટી ગુજરાતની લોકકલાની જનેતા કહી શકાય.*

*લોકચિત્રણ મોટે ભાગે ગ્રામીણ પ્રકારનું હોવાથી ગ્રામીણ ચિતારો,*

માનવઆકૃતિઓ, પશુપક્ષીઓનું આલેખન કાગળ, પાટિયા, ભીંત, તાડપત્ર, વસ્ત્રના સપાટ પર કરે છે. ચિત્રલેખામાં પ્રાકૃતિક દ્રશ્યો તેમજ પશુપક્ષીની આકૃતિમાં વાસ્તવિક એવી તેજ છાયાની મિલાવટ હોતી નથી પણ સપાટ રંગોથી ચિત્રને ઉઠાવ આપવામાં આવે છે. ચિત્રનું સંયોજન, આલેખન, આલેખપટના આકારને અનુરૂપ કરાય છે. લોકચિત્રકલાના ઘણાં પ્રકારો આ પ્રમાણે છે.

અગિયારથી ચૌદમી સદી સુધીના સમયગાળામાં તાડપત્રની ઘણી પોથીઓ ચિત્રિત થઈ છે. તેની સૌથી જૂની ઉપલભ્ય પ્રત સંવત ૧૧૮૨ ની નીશીથ ચૂર્ણિની છે. આમાં ચિત્રિત આકૃતિઓ પરંપરિત પ્રકારની હોવા છતાં તેના સુશોભન, રંગાવટ અને રેખાંકનમાં લોકકલાની પરિપાટી દેખાય છે. તાડપત્રની ઘણી પ્રતો ખંભાત, પાટણ, અમદાવાદ વગેરેના જૈન ભંડારોમાં છે. આ ચિત્રાંકનની પરંપરા ચૌદમી સદી સુધી ચાલુ રહી. ગુજરાતમાં મુસ્લિમ શાસન આવ્યા પછી કાગળ પર લખવાનું શરૂ થયું. તેથી પંદરમી સદીથી સત્તરમી સદી સુધી પોથીઓ કાગળ પર લખાવી-ચિતરાવી ચાલુ રહી. સૌરાષ્ટ્રની શિલાવત શૈલી પણ અઢારમી સદીમાં વિકસી છે. તેની આલેખન-પરંપરા લોકઆધારિત છે. આ પરંપરાનું સચિત્ર રામાયણ ગંગાજળા વિદ્યાપીઠ, અલિયાબાડાના સંગ્રહમાં છે. પૂર્વમધ્યકાલીન જૈન અને બૌદ્ધ પરંપરામાં ઓળિયા વસ્ત્રપટનો નિર્દેશ મળે છે.

સોળમી સદીમાં વિઠ્ઠલનાથજીએ ગુજરાતમાં પુષ્ટિ સંપ્રદાય પ્રસાર્યો. તે કાળથી મંદિર, હવેલી, ચોરા અને ઘરની ભીંતો પર એક સ્થાનેથી બીજા સ્થળે ફેરવી શકાય એવા ભીંતશોભાના વેસ્ટન શરૂ થઈ ગયા તેમાં ચંદરવો, પિછવાઈ આવ્યાં. લોકો નવરાત્રી કરી અન્ય પર્વના દિવસોએ માતાજીને ચંદરો ચડાવીને પોતાની માનતા પૂરી કરે છે. આ ચંદરો કે માતાજીનો પટ ચંદરવો કે માતાજીની પછેડી એવા નામથી પણ ઓળખાય છે. માતાજીનો ચંદરો માદરપાટ પર અંકિત થાય છે. મધ્યકાળે આવા ચંદરા હાથથી ચીતરાતા હતા. આજે બીબાંથી છપાય છે પણ રંગરેખા અને આકૃતિઓ અકબંધ જળવાઈ રહે છે.

સત્તરમી સદીથી ગુજરાતમાં જિનાલય, હવેલીઓ, મહેલ અને લોકઘરોમાં ભીંતચિત્રોની પરિપાટી શરૂ થઈ. પાલિતાણાનાં મંદિરો, જામનગર, ચાણોદ વગેરેની ભીંતો પર રામકથા, કૃષ્ણકથા અને ભાગવતના ગુજરાતી સાથે રાજસ્થાની શૈલીની અસરવાળા સુંદર ભીંતચિત્રો છે. મુઘલ સત્તા પછી ગાયકવાડ સત્તા આવતા ગુજરાતના ભીંતચિત્રોમાં મરાઠી લઢણની છાંટ આવી. આ પરંપરામાં ભાદરવા ગામના મકાનો પરના ચિત્રો, અમદાવાદના જૂના ઘરો પરના

ચિત્રો વગેરે જેવા ભીંતચિત્રોમાં લોકતત્ત્વની અસર જોઈ શકાય છે. કચ્છમાં પણ સુંદર ભીંતચિત્રો અને પોથીચિત્રો થયા છે. રાજસ્થાન અને તળપદ લોકકલાનાં અનુબંધથી કચ્છી ચિત્રપરિપાટી નીપજી છે. તેને કમાંગરી શૈલી પણ કહે છે.

છોટાઉદેપુર વિસ્તારના આદિવાસીઓનો તળપદ કલાનો નિખાર પરિપાટી પીઠરાની નકશીમાં જોઈ શકાય છે. વાંસની દિવાલ પર ગાર લીંપી, ધોળ કરી ધર્મવિધિ પ્રમાણે બે-ત્રણ વ્યક્તિઓ એક દિવસમાં પીઠરો આલેખન પૂરું કરે છે. ઘરઆંગણે કે ફળિયામાં ચીતરાતાં ભૂમિશણગારને રંગોળી કહેવાય છે. તેને ધૂલિચિત્ર પણ કહે છે.

આમ લોકચિત્રમાં કલાનું તત્ત્વ અને સૌંદર્યદ્રષ્ટિનું પ્રયોજન તો હોય છે, પણ વધારે પ્રબળ તો તેમાં જીવનસંલગ્ન ધર્મ, માન્યતા, શ્રદ્ધા વગેરેની પ્રગટ થતી વસ્તુવિગતો છે. લોકચિત્ર સહભાગિતા અને અનુકરણથી વ્યક્તિમાત્રને સંસિદ્ધ હોય છે. રંગોળી, લાભશુભ, ગોત્રજ, ગણેશ આ બધું જ લોકચિત્રકલાનું મૂળ-કૂળ છે. એ પછી બીજો તબક્કો અને પ્રકાર છે, જેમાં વ્યાવસાયિક કૌશલ્ય કામ લાગે છે. દેવી ચામુંડાનો પટ, સૂર્ય અને રાંદલના મહોરાં, લોકદેવની કથાના પટ આ લોકચિત્રકલાનું એવું અંગ છે, જે વ્યાવસાયિકો દ્વારા આલેખાયા છે. આ મૂલ્યવાન વારસો ક્યાંક વ્યવસ્થિત જળવાયો છે તો ક્યાંક સમારકામ કરતાં આવા સુંદર ભીંતચિત્રો નાશ પામ્યા છે.

### ❋ લોકશિલ્પ - સ્થાપત્ય

આ બન્ને લોકોના પરંપરાગત જીવનની સાથે જ સંકળાયેલી કલાઓ છે. લોકશિલ્પ એટલે સાધારણ જન-સમાજનું શિલ્પ. આ પ્રકારનું શિલ્પ પ્રણાલિકાગત કરતાં જુદું પડે છે. બે લાખ વર્ષ પહેલાંની પાષાણયુગની મનુષ્યની વસાહતોમાંથી મળી આવેલા પશુ-પક્ષી અને ફળ-ફૂલનાં આકારો લોકશિલ્પનું પ્રથમ સોપાન કહેવાય. ગુજરાતની તામ્રયુગી વસાહતોમાંથી મળી આવેલા પકવેલી માટીનાં રમકડાં ઈ. સ. પૂર્વે એક હજાર વર્ષ પહેલાનાં લોકશિલ્પની ઝાંખી કરાવે છે. લોકશિલ્પમાં કાષ્ઠ, માટી, ધાતુ વગેરે વપરાય છે તેમ કપડાંના ટુકડા અને કાગળના માવાનો પણ ઉપયોગ થાય છે.

ગુજરાતમાં જુનાગઢ, ઢાંક, કચ્છની ગુફાઓ વગેરેમાં ક્યાંક લોકશિલ્પ જોવા મળે છે. સાતમાં સૈકાથી દસમાં સૈકા સુધીમાં બંધાયેલા મંદિરોમાં, મૂર્તિવિધાનમાં વેશપરિધાન અને આભૂષણોમાં લોકશિલ્પની સ્થાનિક અસર સ્પષ્ટ દેખાય છે. સોલંકીકાળમાં શિલ્પીઓએ ગુજરાતમાં વપરાતા વાહનો, લોકરમતો, વસ્ત્રપરિધાન, અસ્ત્ર-શસ્ત્રનો ઉપયોગ વગેરેને સુંદર રીતે મૂર્તિવિધાનમાં વણી લીધું છે. લોકશિલ્પની ઝાંખી પાળિયાઓ ઉપર પણ દેખાય છે. ગુજરાતની સત્તા મુસ્લિમોના હાથમાં ગયા પછી મસ્જિદોનું બાંધકામ શરૂ થયું. તેમાં ગુજરાતના લોકશિલ્પ આધારિત વૃક્ષો, વેલીઓ, જાળીઓ વગેરેના કોતરકામ જોવા મળે છે.

પ્રાચીન ભારતમાં શિલ્પકલાનો પ્રસાર થયો એ પહેલા કાષ્ઠશિલ્પનું વર્ચસ્વ હતું. તે સમયે કિલ્લાઓ, મકાનો, ગામના રક્ષણ માટેની દીવાલો, મંદિર વગેરે કાષ્ઠમાંથી બનાવતા. મકાનોના બાંધકામમાં ગવાક્ષ, અટારી, જાળિયાં, બારી, ઝરુખા, તોરણિયા, ખીંટીઓ, ઝુમ્મરો વગેરે ભરપૂર કોતરકામવાળા અને કાષ્ઠમાંથી જ બનતા. મકાનોના નેજવાં સંસ્કૃતિ અને કલાની દ્રષ્ટિએ અનેક માહિતી પૂરી પાડે છે. ઘરમાં બે ત્રણ પડાળ હોય છે. તેના નેવાં પડે તેનાંથી બે હાથ દૂર મોતિયું આવે છે. મોતિયા નીચે પથ્થરની કે કાષ્ઠની કંડારેલી કુંભીમાં નકશીકામ કરેલી થાંભલી હોય છે. થાંભલી અને કુંભી વચ્ચે લાકડાની ગોળ ઈંઢોણી ગોઠવી હોય છે. કાટખૂણે નેજવું મૂકવામાં આવે છે. જેટલી થાંભલીઓ હોય એટલાં નેજવાં મૂકવામાં આવે છે.

પરંપરાગત લોકજીવનમાં માણસ પોતાનાં વ્યવસાય અને નિવાસની મોટાભાગની જીવનોપયોગી સામગ્રી પોતે જાતે જ બનાવી લેતો. ઝૂંપડાથી માંડીને તે પથ્થર-માટીનાં પાકાં મકાનોનો પણ સમાવેશ થાય છે. તેમાં લોકસ્થાપત્યની અનેક કુનેહ, કલાદ્રષ્ટિનું દર્શન થાય છે. ગુજરાતના પ્રત્યેક નગરમાં વિવિધ વાસ કે પોળમાં જે મકાનો છે તેમાં ગુજરાતની લોકસ્થાપત્યકલાનો પ્રાણ ધબકતો દેખાય છે.

આમ લોકશિલ્પ-સ્થાપત્યમાં લોકહાર્દના ધબકારા સંભળાય છે. આ શિલ્પ-સ્થાપત્યે આપણી લોકસંસ્કૃતિને જીવંત રાખી છે. આપણા કારીગરોએ નજરે જોયેલ પ્રસંગ કે પદાર્થને સ્વયંસ્ફૂરણાંથી એમણે શિલ્પમાં કંડારી દીધી છે એ જ એની વિશિષ્ટતા છે.

## *(૪) લોકકારીગરી*

### *❋ લોકભરત-ગૂંથણ*

*આ પૃથ્વી પરના દરેક પ્રાણીઓમાં મનુષ્ય જ એક એવો છે કે તેનું મન હંમેશા શણગાર માટે આતુર હોય છે. પ્રાચીન સમયથી જ નારીએ પોતાની આજુબાજુનું વાતાવરણ શણગારવામાં કશીય ખામી રાખી નથી એ પરંપરા હજી આજે પણ જોવા મળે છે. વેદોમાં ભરતકામનાં તેમજ સોયના ઘણા ઉલ્લેખો છે. ભરતકામ માટે સોય હોવી જરૂરી છે. પૌરાણિક કાળમાં ભાતભાતના કપડાનાં વર્ણન તેમજ ઉલ્લેખો છે. રામાયણ અને મહાભારત કાળમાં લોકો સુંદર કપડા પહેરતાં તેમાં સોનારૂપાનાં તારનું જરકશીનું ભરતકામ પણ ભરાતું તેવું વર્ણન છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં મૌર્યકાળ દરમિયાનના ભરત, વણાટના ચિત્રો અને વર્ણનો જોવા મળે છે. મોંહે-જો-દડો, લોથલ વગેરે ટીંબાના ખોદકામમાંથી ત્રાંબાની સોયો મળી આવી છે. તેના પરથી અનુમાન કરી શકાય કે તે સમયે પણ ભરત ભરાતું હશે.*

*ભરતકામ માટે મોટે ભાગે સુતરાઉ, રેશમી તથા ઉનના કાપડ અને ક્યારેક ચામડા ઉપર થાય છે. ક્યારેક સોના-રૂપા જેવી ધાતુના તારનો પણ ઉપયોગ થાય છે. ભરતના જુદા જુદા પ્રકારો જોઈએ તો તેમાં બુટી, આરી, કથીપો, વાડીવેલો, મોચી ભરત, વાંકડી, સાંકળી ભરત, રબારી ચોકડાં ભરત, ગાંઠ ભરત, કનકતાર ભરત, અડદિયા ભરત વગેરે મુખ્ય છે. આ ભરતકામ મોટેભાગે ચાકળા, તોરણ, ઓશિકા, ટોડલીયા, ચંદરવા, શૃંગારના સાધનો ઉપર, બેસણ, વીંઝણા, સાડીના પાલવ, ચણિયા, ટોપી, કોથળી વગેરે ઉપર ભરવામાં આવે છે. ભરતકમની દ્રષ્ટિએ ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છનો કેટલોક ભાગ વધારે સમૃદ્ધ ગણાય છે. ગુજરાતની ભરતકામની શ્રેણીઓમાં મોચીભરત, કાઠીભરત, મહાજનભરત, કણબીભરત, આહીરભરત, રબારીભરત, ચારણભરત, બખિયાંભરત, ખાટભરત, બનાસકાંઠાની જુદી જુદી કોમોના ભરત વગેરે આવે.*

*વસ્ત્રને વિશેષરૂપમાં શણગારતું રંગ અને છાપ જેવું જ માધ્યમ ભરત છે. વસ્ત્રના પટ ઉપર સુતર, ઉન, હીર વગેરેના દોરા અને સોયથી ભરીને ફૂલ, બુટ્ટા, પશુપક્ષીની રંગીનભાત ઉપસાવવામાં આવે છે. સૌરાષ્ટ્રની વિવિધ કોમની સ્ત્રીઓને આવા વસ્ત્રો આણામાં*

આપવામાં આવે છે. આભલાં, કોડી, અને એવા અન્ય ચળકતા પદાર્થોને ભરતમાં ગૂંથી લઈને વિશેષ સુંદર બનાવાય છે. ભરત સાથે વિવિધ સુત્રોનાં અને સુત્રમાં પરોવેલા પદાર્થનાં ગૂંથણ પણ લોકકલાનું ગૃહસુશોભનનું ઉત્તમ સાધન છે. સૂતર, ઉન તથા અન્ય દોરાઓને ગૂંથીને કોઈ આકૃતિ રચાય છે તેમ જ શ્રીફળ કે કોઈ પાત્ર પર એવું ગૂંથણ થાય છે. ગૂંથણ માટેનાં જ, વિવિધ કદ, આકાર અને રંગના મોતી અને ભૂંગળીને સૂત્રમાં પરોવીને તેને લાકડાના કે ધાતુના પાત્ર પર મોતીના ગૂંથણનું કામ થાય છે. ઘોડિયા પર મોતીનાં ગૂંથેલા મોર, પોપટ વગેરે શોભા આપવાની સાથે સાથે બાળકના ચિત્ત પર કલા- સંસ્કાર દ્રઢ કરે છે. વિવિધ ભરતકામોનો પરીચય આ પ્રમાણે આપી શકાય.

➡ ***મોચીભરત :-*** *આ ભરતની પરંપરા મુખ્યત્વે ધંધાદારી પરંપરા ગણાય છે. રાજામહારાજાના દરબારમાં દીકરીઓને દાયજામાં અનેક જણસો તૈયાર કરાતી તેમાં ભરતકામ મોચી કસબીઓ તૈયાર કરતા. આ ભરતમાં રેશમી કાપડ ઉપર હીર અને સોનાના બારીક ભરત ભરાતા. ચામડા પર પણ સોના-રૂપાના તારથી ભરત જુદી જુદી વસ્તુઓ માટે કરાતું. પછી એ કામ કીંમતી કાપડ પર ઉતર્યું.*

➡ ***આહીરભરત :-*** આહીરભરતમાં સફેદ ખાદીનાં પોત પર કિરમજી જાંબલી, વગેરે હીર તેમજ સુતરાઉ દોરાથી ભરત ભરાય છે. તેમાં આભલાનો ઠીક પ્રમાણમાં ઉપયોગ થતો. કચ્છ-સૌરાષ્ટ્રના આહીરભરતમાં લીલા અને લાલ અને પીળા રંગની ઢોલિયા ઉપર રાખવાની કીલ કે મળીમાં પ્રાકૃતિક આકૃતિઓની રચના સુંદર રીતે કરાય છે. સોરઠી આહીરભરતમાં સુશોભન અને મોટા ફૂલવેલની ભાતો સાથે આકૃતિનું પણ સંયોજન કરવામાં આવે છે.

➡ ***કાઠીભરત :-*** કાઠી લોકોનું ભરત બધાથી વધારે આકૃતિ પ્રધાન અને ચિત્રાત્મક હોય છે. આ ભરત માટે હાથવણાટનું મુલાયમ કાપડ પસંદ કરી, એનાં ઉપર વિવિધ કલરના રેશમી તારનો ઉપયોગ ખૂબ જ કુશળતાપૂર્વક કરી તેના પર જુદી જુદી ભાત કરવામાં આવતી. આ ભરતમાં બેસણ ચાકળા, ટોડલિયા, પશુ, ગૃહ-શોભન તેમજ વેલડાં શણગારનું ભરત વિશેષ ભરાય છે.

➡ ***મહાજનભરત :-*** ગુજરાતમાં ઉજળિયાત કોમમાં પણ ભરત ભરવાનો ચીલો હતો. એમનું

ભરત વધારે પડતું સાફ અને ચીવટવાળું જોવા મળે છે. મોટે ભાગે આ ભરતમાં સફેદ કે વાદળી રંગના કાપડ ઉપર ભરતની આખી ભૂમિકાનું ભરત ઘેરા ગુલાબી રંગના રેશમથી કરાતું. તેમાં ગાજના ટાંકાથી ચોડવામાં આવતા આભલાનું ભરતકામ ઘણું ઉઠાવદાર બનતું. ભરતકામની ચારે બાજુની કિનાર નજીક એકસરખા કાંગરા ભરાતા.

➡ ***કણબીભરત અને કચ્છીભરત :-*** લેઉવા અને કડવા કણબીનું ભરત એક વિશિષ્ટ ભાત પાડે છે. આ ભરતમાં તોરણ, ચંદરવા, ચાકળા, ઘાઘરા, કપડાની કોર, બળદની ઝૂલ વગેરેમાં ભરત ભરવાનો ચાલ છે. કચ્છી ભરતમાં ઝીણાં વિવિધ આકૃતિનાં ગોળ ત્રિકોણ, ઘઉંલા-આભલા ભરી એ બન્નિયાર કસબને શોભતો બનાવે છે. બન્ની પ્રદેશમાં વસતા માલધારી નારીના કરકસબ ભરતકામ અને કટાવકામમાં ઝીણી વિગતો અને રંગની ઉઠાવદાર મેળવણી એ એની વિશિષ્ટતા છે.

આમ ભરતગૂંથણ એ લોકકારીગરી અને કસબનું એક અગત્યનું અંગ છે. કોઈ પણ વિશેષ શિક્ષણ કે તાલીમ વગર પરંપરાગત રીતે ભરતગૂંથણ ચાલે છે. ખેતી અને પશુપાલન બન્ને સાથે એને સીધો સંબંધ છે. એ બન્ને પ્રકારની આજીવિકાવાળા સર્વસામાન્ય લોકજીવનમાં ભરતગૂંથણનું સ્થાન આજે પણ ટક્યું છે. યંત્રયુગ આવતા ભરતગૂંથણના લોકરંગમાં નવી ભાત, નવી પદ્ધતિઓ, નવી ફેશનો આવી અને તેનું સમયાનુરૂપ સ્વરૂપ બંધાતું જણાય છે.

<u>**સંદર્ભસૂચિ**</u>


| ક્રમ | પુસ્તકનું નામ | લેખક / સંપાદક | આવૃત્તિ | પ્રકાશક | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | લોકસાહિત્ય કી ભૂમિકા | ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય | પ્ર. આ. ૧૯૫૭ | ઈલાહાબાદ સાહિત્યભવન લિમિટેડ | ૧૦ |
| ૨ | લોકવાડ્•મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ | નહેરુચેર | ૨ |
| ૩ | ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧૯ | ડૉ. ધીરુભાઈ ઠાકર | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | ૧૩૯ |
| ૪ | લોકસાહિત્ય વિજ્ઞાન | ડૉ. સત્યેન્દ્ર | બી. આ.૧૯૭૧ | | ૩ |
| ૫ | ઊર્મિનવરચના દીપોત્સવી અંક | | સંવત ૨૦૩૪ | | ૪૦૪ |
| ૬ | લોકસાહિત્ય અને સંસ્કૃતિ | શ્રી જયમલ્લ પરમાર | પ્ર. આ. ૧૯૭૭ | | ૧૩૭ |
| ૭ | ભારતીય લોકસાહિત્ય | ડૉ. શ્યામ પરમાર | પ્ર. આ. | | ૧૨ |
| ૮ | લોકસંસ્કૃતિ વિશેષાંક | | સંવંત ૨૦૨૦ | | |
| ૯ | લોકસાહિત્ય વિજ્ઞાન | ડૉ. સત્યેન્દ્ર | બી.આ. ૧૯૭૧ | | ૩ |
| ૧૦ | લોકવિધાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | કેશુભાઈ દેસાઈ | ૩૮ |
| ૧૧ | જીવનભારતી અમદાવાદ | | ૧૯૩૭ | | ૧૪૦ |
| ૧૨ | ગુજરાતી સાહિત્યકોશ-૩ | શ્રી માધવ રામાનુજ | પ્ર. આ. ૧૯૯૬ | ગુજરાત સાહિત્ય અકાદમી | ૫૦૮ |
| ૧૩ | ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧૯ | ડૉ. ધીરુભાઈ ઠાકર | પ્ર.આ. ૨૦૦૪ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | ૧૪૩ |
| ૧૪ | લોકસાહિત્ય વિમર્શ | શ્રી જયમલ્લ પરમાર | બી.આ. ૧૯૯૫ | ડૉ. જીવરાજ મહેતા મેમોરીઅલ ટ્રસ્ટ અમરેલી | ૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | એજન | | | | ૨૧ |
| ૧૬ | એજન | | | | ૨૧ |
| ૧૭ | લોકસાહિત્ય કી ભૂમિકા | ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય | પ્ર. આ. | | ૧૩ |
| ૧૮ | અવધિ કા લોકસાહિત્ય | શ્રી સરોજની રોહતગી | પ્ર. આ. | | ૪ |
| ૧૯ | લોકસાહિત્ય | શ્રી રામચંદ્ર બોડા | પ્ર. આ. | | ૩૨ |
| ૨૦ | લોકસાહિત્ય વિમર્શ | શ્રી જયમલ્લ પરમાર | પ્ર. આ. ૧૯૮૫ | | ૨૦ |
| ૨૧ | શૈલી અને સ્વરુપ | શ્રી ઉમાશંકર જોષી | પ્ર. આ. ૧૯૭૨ | વોરા એન્ડ કંપની અમદાવાદ | ૧૨૬ |
| ૨૨ | લોકસાહિત્યનું સમાલોચન | શ્રી ઝવેરચંદ મેઘાણી | બી.આ. ૧૯૬૮ | મુંબઇ યુનિ. | ૪૬ |
| ૨૩ | લોકવાઙ્.મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ | નહેરુચેર સૌ. યુનિ. રાજકોટ | ૬ |
| ૨૪ | લોકગૂર્જરી અંક-૧૭ | ડૉ. બળવંત જાની | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર | ૧૮૧ |
| ૨૫ | આકાશવાણી પર જોરાવરસિંહની મુલાકાત | | તા. ૨-૩-૦૫ | | |
| ૨૬ | ગુજરાતી સાહિત્યકોશ -૩ | શ્રી માધવ રામાનુજ | પ્ર. આ. ૧૯૯૬ | ગુજરાત સાહિત્ય અકાદમી | ૫૦૮ |
| ૨૭ | લોકગૂર્જરી અંક ૧૮ | ડૉ. બળવંત જાની | ૨૦૦૫ ૦૬ | વરદરાજ પંડિત ગાંધીનગર | ૫ થી ૭ |
| ૨૮ | લોકગુર્જરી અંક ૧૭ | ડૉ. બળવંત જાની | માર્ચ ૨૦૦૪ | વરદરાજ પંડિત ગાંધીનગર | ૧૫૨-૧૫૩ |
| ૨૯ | લોકવાઙ્•મય | શ્રી કનુભાઈ જાની | પ્ર.આ. ૧૯૯૨ | નહેરુચેર રાજકોટ | ૩૦ |
| ૩૦ | ગુજરાતી લોકકથા | શ્રી હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૧૯૯૭ | ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર | ૧ |
| ૩૧ | લોકવિધાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ | ૪૦ |
| ૩૨ | લોકકથાના મૂળ અને કૂળ | શ્રી હરિવલ્લભ ભાયાણી | પ્ર. આ. ૧૯૯૦ | હરિવલ્લભ ભાયાણી | ૩૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 33 | લોકસાહિત્ય | ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડીયા, ડૉ. હિમાંશુ ભટ્ટ | પ્ર. આ. ૨૦૦૬ | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૩૭ |
| ૩૪ | લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૨ | | ૬૩ થી ૭૧ |
| ૩૫ | લોકસાહિત્ય | ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડીયા, ડૉ. શ્રી હિમાંશુ ભટ્ટ | પ્ર. આ. ૨૦૦૬ | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૫૫ |
| ૩૬ | લોકવાડ•મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ | નહેરુચેર | ૧૨૧ |
| ૩૭ | લોકવાડ્•મયઃ સ્વરૂપ સંદર્ભ | ડૉ. રાજેશ મકવાણા | પ્ર. આ. ૨૦૦૭ | ડૉ.રાજેશ મકવાણા | ૬૫ |
| ૩૮ | લોકસાહિત્ય | ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડીયા, ડૉ. હિમાંશુ ભટ્ટ | પ્ર. આ. ૨૦૦૬ | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૬૦ |
| ૩૯ | લોકસાહિત્યનું સમાલોચન | શ્રી ઝવેરચંદ મેઘાણી | પ્ર. આ. ૧૯૬૮ | મુંબઈ યુનિ. | ૧૯૯ |
| ૪૦ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | શ્રી મંજુલાલ મજમુદાર | પ્ર. આ. ૧૯૫૪ | આચાર્ય બુક ડેપો વડોદરા | ૫૦ |
| ૪૧ | એજન | | | | ૫૦ |
| ૪૨ | લોકગુર્જરી અંક – ૧૭ | ડૉ. બળવંત જાની | માર્ચ ૨૦૦૪ | વરદરાજ પંડિત | ૧૫૨ – ૧૫૩ |
| ૪૩ | ગુજરાતના લોકગીતો | શ્રી ખોડીદાસ પરમાર | પ્ર. આ. ૧૯૮૧ | | પ્રસ્તાવના |
| ૪૪ | લોકગુર્જરી અંક-૧૭ | ડૉ. બળવંત જાની | માર્ચ ૨૦૦૪ | વરદરાજ પંડિત | ૧૫૨ |
| ૪૫ | લોકવિદ્યા-પરિચય | શ્રી હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૫ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ | ૨૪ |
| ૪૬ | રઢીયાળી રાત | શ્રી ઝવેરચંદ મેઘાણી | બૃહદ આ. ૧૯૯૭ | પ્રસાર ભાવનગર | ૧૭ |
| ૪૭ | લોકગીતઃ તત્વ અને તંત્ર | ડૉ. બળવંત જાની | પ્ર. આ. ૨૦૦૨ | ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર | ૨૦૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૮ | માલવી લોકગીત એક વિવેચનાત્મક અધ્યયન | ડૉ.ચિંતામણી ઉપાધ્યાય | પ્ર. આ. | | ૧૮ |
| ૪૯ | લોકસાહિત્ય માળામણકો ૩ | | પ્ર. આ. | | ૧ |
| ૫૦ | લોકસાહિત્ય ધરતીનું ધાવણ ખંડ-૧ | | પ્ર. આ. | | ૨ |
| ૫૧ | લોકસાહિત્ય વિમર્શ | શ્રી જયમલ્લ પરમાર | બી. આ. ૧૯૯૫ | | ૪૯ |
| ૫૨ | લોકસાહિત્યનું સમાલોચન | શ્રી ઝવેરચંદ મેઘાણી | પ્ર. આ. ૧૯૬૮ | મુંબઈ યુનિ. | ૨૦૨ થી ૨૩૪ |
| ૫૩ | હરિરસ | શ્રી અચળદાન બોક્ષા | બી. આ. ૨૦૦૨ | પ્રવિણભાઈ બોક્ષા | ૯ |
| ૫૪ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | શ્રી મંજુલાલ મજમુદાર | પ્ર. આ. ૧૯૫૪ | આચાર્ય બુક ડેપો વડોદરા | ૩૫ |
| ૫૫ | એજન | | | | ૪૧ થી ૪૨ |
| ૫૬ | લોકસાહિત્ય | ડૉ. બળવંત જાની, ડૉ.અંબાદાન રોહડીયા, ડૉ.હિમાંશુ ભટ્ટ | પ્ર. આ. ૨૦૦૬ | સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ | ૨-૩ |
| ૫૭ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ અમદાવાદ | ૭-૮ |
| ૫૮ | લોકવાઙ્‌મય: સ્વરૂપ સંદર્ભ | ડૉ. રાજેશ મકવાણા | પ્ર. આ. ૨૦૦૭ | ડૉ. રાજેશ મકવાણા | ૧૪ |
| ૫૯ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ અમદાવાદ | ૧૩ |
| ૬૦ | લોકવાઙ્‌મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ | નહેરુચેર સૌ.યુનિ. રાજકોટ | ૧૭ |
| ૬૧ | લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૨ | ડૉ. હસુ યાજ્ઞિક | ૨૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨ | ગુજરાતી સાહિત્યકોશ-૩ | શ્રી રમેશ દવે | પ્ર. આ. ૧૯૯૬ | માધવ રામાનુજ | ૫૦૭ |
| ૬૩ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ અમદાવાદ | ૧૭ |
| ૬૪ | એજન | | | | ૧ |
| ૬૫ | લોકવાડ્•મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ | નહેરુચેર સૌ. યુનિ. રાજકોટ | ૨ |
| ૬૬ | ચંપાની કળીઓમાં કસ્તુરી | ડૉ. અમૃત પટેલ | પ્ર. આ. ૧૯૯૨ | ડૉ. અમૃત પટેલ | ૪ |
| ૬૭ | ગુજરાતી સાહિત્યકોશ-૩ | શ્રી રમેશ દવે | પ્ર. આ. ૧૯૯૬ | માધવ રામાનુજ | ૫૦૭ |
| ૬૮ | લોકગુર્જરી અંક-૧૪ | ડૉ. બળવંત જાની | પ્ર. આ. ૧૯૯૯ | ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર | ૨ |
| ૬૯ | લોકવાડ્•મયઃ સ્વરૂપ સંદર્ભ | ડૉ. રાજેશ મકવાણા | પ્ર. આ. ૨૦૦૭ | ડૉ.રાજેશ મકવાણા | ૧૭ |
| ૭૦ | વિદ્યાપીઠ-દ્વિમાસિક અંક-૪ | | ૧૯૭૩ | | ૧ થી ૪ |
| ૭૧ | ગુજરાતી સાહિત્યકોશ-૩ | શ્રી રમેશ દવે | પ્ર. આ. ૧૯૯૬ | માધવ રામાનુજ | ૫૦૭ |
| ૭૨ | લોકવાડ્•મયઃ સ્વરૂપ સંદર્ભ | ડૉ. રાજેશ મકવાણા | પ્ર. આ. ૨૦૦૭ | ડૉ.રાજેશ મકવાણા | ૧૭ |
| ૭૩ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ અમદાવાદ | ૨૨ |
| ૭૪ | બૃહદ્ ગુજરાતી કોશ ભાગ-૨ | શ્રી કે. કા. શાસ્ત્રી | ૧૯૮૧ | | ૨૨૧૪ |
| ૭૫ | સાર્થ ગુજરાતી જોડણી કોશ | | ૧૯૪૯ | નવજીવન પ્રકાશન અમદાવાદ | ૧૧૪૦ |
| ૭૬ | ગુજરાતનું સંસ્કૃતિદર્શન લેખમાંથી | | | | ૯ |
| ૭૭ | ભગવદ્ગોમંડલ ભાગ-૭ | શ્રી ભગવતસિંહજી | ૧૯૪૮ | | ૬૬૭૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૮ | ભારતીય સંસ્કૃતિની ઝલક | શ્રી થોમસ પરમાર | ૧૯૮૨ | | ૧ |
| ૭૯ | જીવનનું કાવ્ય | શ્રી ભોળાભાઈ પટેલ | ૧૯૮૨ | | ૩૭૬ |
| ૮૦ | ગુજરાતનું સંસ્કૃતિદર્શન લેખમાંથી | | | | ૧ |
| ૮૧ | ધોરણ ૧૧ સમાજશાસ્ત્ર પાઠ્યપુસ્તક | ડૉ.ગૌરાંગ જાની, ડૉ. હેમિક્ષા રાવ, નયનાબહેન શાહ, ડૉ. સારિકા દવે | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર | ૧૭ |
| ૮૨ | ધોરણ ૧૧ સમાજશાસ્ત્ર પાઠ્યપુસ્તક | ડૉ. ગૌરાંગ જાની, ડૉ. હેમિક્ષા રાવ, નયનાબહેન શાહ, ડૉ. સારિકા દવે | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર | ૧૭ |
| ૮૩ | ભારતીય સંસ્કૃતિના સર્જકો | શ્રી દિનકર જોષી | પ્ર. આ. ૨૦૦૪ | ચંદ્રમૌલી શાહ અમદાવાદ | ૮૩ |
| ૮૪ | લોકગુર્જરી અંક-૧૫ | ડૉ. બળવંત જાની, રાજુલ દવે | પ્ર. આ. ૨૦૦૦ | કનૈયાલાલ પંડ્યા ગાંધીનગર | ૬૦ |
| ૮૫ | એજન | | | | ૨૫ |
| ૮૬ | એજન | | | | ૬૩ |
| ૮૭ | લોકવિદ્યા-પરિચય | શ્રી હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૫ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ | ૧૩ |
| ૮૮ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ | ૧ |
| ૮૯ | એજન | | | | ૩ |
| ૯૦ | ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧૯ | ડૉ. ધીરુભાઈ ઠાકર | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | ૧૪૦ |
| ૯૧ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઈ દેસાઈ | ૧ |
| ૯૨ | એજન | | | | ૬૧ |
| ૯૩ | એજન | | | | ૬૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૪ | એજન | | | | ૭૮ |
| ૯૫ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઇ દેસાઇ અમદાવાદ | ૧૨૩ |
| ૯૬ | એજન | | | | ૧૨૭ |
| ૯૭ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઇ દેસાઇ | ૧૦૫ |
| ૯૮ | ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧૯ | ડૉ. ધીરુભાઇ ઠાકર | પ્ર. આ. ૨૦૦૪ | ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ | ૧૪૯ |
| ૯૯ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઇ દેસાઇ અમદાવાદ | ૧૦૩ |
| ૧૦૦ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્ર. આ. ૨૦૦૧ | ડૉ. કેશુભાઇ દેસાઇ | ૧૦૯ |

# પ્રકરણ – ૩

# જોરાવરસિંહ જાદવનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત |
|---|---|
| ૩. ૧ | લોકકથ્થમાં જોરાવરસિંહનું પ્રદાન |
| ૩. ૧. ૧ | મરદ કસૂંબલ રંગ ચડે |
| ૩. ૧. ૨ | મરદાઈ માથા સાટે ભાગ ૧ – ૨ |
| ૩. ૧. ૩ | સાડા ત્રણ દિ’ની પનોતી |
| ૩. ૧. ૪ | રાણી અનારદે |
| ૩. ૧. ૫ | ડોશીનો દીકરો બાયડી લાવ્યો |
| ૩. ૧. ૬ | મોટું કોણ ? |
| ૩. ૧. ૭ | કનક ચાવડો |
| ૩. ૧. ૮ | ઢાંકી માલણ |
| ૩. ૧. ૯ | નવા નાકે દિવાળી |
| ૩. ૧. ૧૦ | દિવ્ય મંદિર મારા દેવના રે |
| ૩. ૧. ૧૧ | સજે ધરતી શણગાર |
| ૩. ૧. ૧૨ | ટહૂકે સાજણ સાંભરે |
| ૩. ૧. ૧૩ | રાજપૂત કથાઓ |
| ૩. ૧. ૧૪ | લોકસાહિત્યની પ્રેમકથાઓ |
| ૩. ૧. ૧૫ | લોકસાહિત્યની નાગકથાઓ |
| ૩. ૧. ૧૬ | લોકસાહિત્યની અશ્વકથાઓ |
| ૩. ૧. ૧૭ | સાજણ આયા હે સખિ… |
| ૩. ૧. ૧૮ | ભાલપ્રદેશની લોકકથાઓ |

| | |
|---|---|
| ૩. ૧. ૧૯ | લોકસાહિત્યની ચતુરાઈકથાઓ |
| ૩. ૧. ૨૦ | સિંધુ રાગ સોહામણા |
| ૩. ૧. ૨૧ | રીડ પડે રજપૂત છૂપે નહિ |
| ૩. ૧. ૨૨ | ભાલપ્રદેશની લોકકથાઓ |
| ૩. ૧. ૨૩ | ગુજરાતની લોકકથાઓ |
| ૩. ૧. ૨૪ | લોકજીવનની કહેવતકથાઓ ભાગ ૧ અને ૨ |
| ૩. ૧. ૨૫ | કસુંબલ લોકકથામાળા ભાગ ૧ થી ૫ |
| **૩. ૨** | **લોકગેયમાં જોરાવરસિંહનું પ્રદાન** |
| ૩. ૨. ૧ | સંતસુધા ભાગ ૧ |

## પ્રકરણ – ૩ જોરાવરસિંહ જાદવનું લોકસાહિત્ય ક્ષેત્રે પ્રદાન

દેશ અને દુનિયાના બધાય ભાગોમાં વસતી પ્રજા પાસે પોતપોતાની ભાષામાં બોલીના વળોટ-પાશવાળું એવું પરંપરાગત મુખપાટીનું કંઠસ્થરૂપનું સાહિત્ય હોય છે, એવા પરંપરાગત મુખ્ય પાટીના સાહિત્યને આજે આપણે લોકસાહિત્ય નામાભિધાનથી ઓળખીએ છીએ. બીજી રીતે કહીએ તો પ્રકૃતિના ખોળે જ્યાં લોકજીવન છે ત્યાં લોકસંસ્કૃતિ છે. જ્યાં લોકસંસ્કૃતિ છે ત્યાં લોકસાહિત્યનો વિશાળ સાગર લહેરાતો જોવા મળે છે. લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. એ સ્મૃતિગ્રંથના સીમાડા નિર્બંધ રીતે વિસ્તર્યા છે. લોકો જે શબ્દોમાં ગાય છે, હસે છે, રોવે છે ને રમે છે એ બધાને લોકસાહિત્યમાં સમાવી શકાય. આમ લોકસાહિત્યની વ્યાપકતા માનવજન્મથી માંડીને મૃત્યુ સુધીની છે. વિશ્વના સમસ્ત કથા સાહિત્યનો જન્મ લોકસાહિત્યમાંથી

અને સમસ્ત શિષ્ટ કાવ્યોની ઉત્પત્તિ લોકગીતોમાંથી થઈ છે. આ લોકસાહિત્ય એ કોઈ એકલદોકલ વ્યક્તિનું સર્જન નથી, સમસ્ત લોકસમૂહનું સહિયારું સર્જન છે.

જોરાવરસિંહે લોકસાહિત્યમાં લોકસાહિત્યના કથ્ય સ્વરૂપ અને લોકસાહિત્યના ગેય સ્વરૂપ એમ બન્ને ક્ષેત્રમાં પોતાનું પ્રદાન નોંધાવ્યું છે. જે નીચે પ્રમાણે છે.

### ૩. ૧ લોકસાહિત્યના કથ્ય સ્વરૂપમાં જોરાવરસિંહનું પ્રદાન

જોરાવરસિંહ જાદવે ઈ.સ. ૧૯૬૮ થી ૨૦૧૦ સુધીના સમયગાળામાં કુલ ૨૯ કથાસંચયો આપ્યા છે. એથી એમના હાથે કુલ ૩૫૦ જેટલા લોકપ્રવાહના કથાનકોનું લિખિત રૂપમાં દસ્તાવેજીકરણ થયું છે. આમાંથી કુલ ૨૫૦ જેટલી કથાઓ તેમણે જ, એમની સહજસિદ્ધ શૈલીમાં આલેખી છે અને ૧૦૧ બીજાએ આલેખેલી કથાઓ સંપાદિત કરીને મૂકી છે. આવી લોકકથાઓમાં પ્રેમકથાઓ, હાસ્યકથાઓ, શૌર્યકથાઓ, પશુકથા, નાગકથા, અશ્વકથા, પુરાકથા એમ અનેક પ્રકારો છે.

### ૩. ૧. ૧ મરદ કસૂંબલ રંગ ચડે

#### પ્રસ્તાવના

જોરાવરસિંહની કથાઓના લેખનનો આરંભ છઠ્ઠા-સાતમા દાયકામાં આકાશવાણી અને એ સમયના આરામ, ચાંદની, રંગતરંગ, અંજલિ જેવાં વાર્તાસામયિકમાં થયો. સામગ્રી તથા લખાવટ બન્નેને કારણે તેઓ આ ક્ષેત્રમાં ધ્યાનાકર્ષક બન્યા. એમના ઈ.સ. ૧૯૬૮ માં શ્રી ખોડીદાસ પરમાર તળપદી સંસ્કૃતિને આલેખતાં ચિત્રો સાથેનો 'મરદ કસૂંબલ રંગ ચડે' પ્રો. પુષ્કર ચંદરવાકર, શ્રી રવિશંકર મ. રાવળ, શ્રી જયમલ્લ પરમાર જેવા ઉત્તમ લોકવિદ્યાવિદો અને કલાવિવેચક વિદ્વાનોની પ્રસ્તાવના સાથે થયો. એ સમયના વર્તમાનપત્રો અને સામયિકોમાં પણ એને ઉષ્માપૂર્ણ આવકાર મળ્યો. આ સંગ્રહ કુલ ૨૦ કથાઓમાં વિભાજીત છે.

#### કથાવસ્તુ

આ સંગ્રહની લગભગ બધી જ કથાઓ સ્થાનિક એવી શૌર્યની ઘટનાઓના ટુચકાઓની છે. આ કથાનકો લોકજીવનનો વણલખ્યો ઈતિહાસ છે. 'ડેલી સૂની પડી રે...' માં રોજકા ગામના ટેકીલા આતિથ્યધર્મના પાલક એવા નાનભા – નવી પત્નીએ મહેમાન બનીને આવેલા મિત્રને જાકારો આપ્યો એથી નાનભાને ઘણું દુ:ખ થયું અને પોતે જાતે જ ગોળી ખાઈ આત્મહત્યા કરે છે. 'પોપટ પાળિયો' માં ટીમાણા ગામનો પોપટ ગાયોની વહારે જાય છે ત્યારે પત્ની કહે છે કે તમારું માથું રણમાં રઝળશે તો એને ખોળામાં લઈને હું સતી કેવી રીતે થઈશ. પતિ એ જ ક્ષણે પોતાનું મસ્તક જાતે કાપી પત્નીને આપતો જાય છે અને એનું ધડ શત્રુનો સામનો કરે છે, પત્ની પતિનું મસ્તક ખોળામાં લઈ સતી થાય છે.'સાવઝ ઝાળ્ય' માં કાળો ભરવાડ પોતાની ગાયોને બચાવવા દીપડા સાથે જૂમે છે અને ગાયોને બચાવે છે પણ પોતે મૃત્યુ પામે છે. 'પ્રીત્યુંના પારખાં' માં પિપરાળી ગામનાં બેલીમશાહ બાદશાહ અને એમના ગોરાબાનું નામના બેનના પ્રેમની કથા છે. 'પાદર પણ રોઈ પડ્યું' માં ગોધાવીનો જેઠીભાઈ એકલે હાથે વીરતાથી ધાડપાડુઓનો સામનો કરતાં વીરગતિ પામે છે. યુવાન પુત્ર રામસંગ પિતાને સાથ આપવાને બદલે ગામમાં દોડી જાય છે અને વીરાંગના માતાના તિરસ્કારથી બોધ પામી બાપના મારતલનો વધ કરી

વીરગતિ પામે છે. 'હોળીનો ફાગ' માં કોટાની રાણી કોટાના ધણી બની બેસેલા કેસરખાંને હોળી રમવાનો સંદેશો આપી દગા-ચાતુર્યથી કેસરખાંનો વધ કરાવી પોતાનું રાજ્ય પાછું મેળવે છે. 'સોરઠિયાણીની આમન્યા' માં ઘોડિયે સૂતેલા પુત્રની ઉપસ્થિતિમાં, આલિંગન આપતા પતિ એભલવાળાએ અનુચિત કર્યું છે, તેવા પશ્ચાત્તાપે કાઠિયાણી મોતને વહાલું કરે છે. 'લીલુડાં માથાંનું બલિદાન' માં ટીકરના લઘુ મુખી મિયાણાનો વીરતાથી સામનો કરી વીરગતિ પામે છે. 'જેઠીભાઈ બહારવટીયો' માં આકરુ ગામના જેઠીભાઈનું રાયકા ગામના મોટા ભાઈના સાઢુ અપમાન કરે છે. જેઠીભાઈ અપમાન કરનારને બંદૂકે દઈ ગામ ભાંગી બહારવટે ચડે છે ને અંતે લીંબડી ગામના છાલિયા તળાવ પાસે ફોજદારના હાથે દગાથી મરાય છે. 'મેરજી વાજો' માં સાવરકુંડલા પાસેના કરજાળા ગામમાં હમીરસિંહની પુત્રીને પરણવા મેરજી આવે છે ત્યારે બાબરિયા ગામની ગાયોને વાળી જતાં બૂંગિયો વાગે છે. લગ્નના માંડવેથી મેરજી ગાયોને બચાવવા જાય છે અને વીરગતિ પામે છે. ફૂલકુંવર મેરજીનું માથું ખોળામાં રાખી સતી થાય છે.

**પાત્રાલેખનકલા**

લેખકે આ સંગ્રહમાં દરેક પાત્રને પુરો ન્યાય આપ્યો છે. જ્યાં જે પાત્રને ખીલવવાનું હોય ત્યાં તે પાત્રને બરાબર ખીલવી શક્યા છે. જે તે પાત્રના વ્યક્તિત્ત્વ, બહાદુરી, ટેક, વચન, બલિદાન વગેરેનો પરિચય આપણને લેખક યોગ્ય રીતે કરાવી શક્યા છે. આ લોકવાર્તાઓ વડે લેખકે ધરતી ઉપર કાળના કેડે પડેલાં પગલાં ઉપરથી ધૂળના થરને આઘા ખેસવીને નાનેરાં ગ્રામજનોમાં રહેલા મહાપ્રાણનો પરિચય આપણને કરાવ્યો છે. વતનની મિટ્ટીમાં રહેલ સુવર્ણરજમાંથી લેખકે પોતાના પાત્રોનો ઉઠાવ કરાવ્યો છે. જેમકે પોતાના ઘરમાં મહેમાનનું અપમાન થતા આત્મહત્યા કરતા રોજકાના નાનભા, એકલા હાથે મિયાણાનો સામનો કરી વીરગતી પામતા ટીકરના લઘુ મુખી, દીપડાથી ગાયોને બચાવવા જતો આકરુ ગામનો કાળો ભરવાડ, લૂંટારાથી એકલે હાથે ગામની આબરુ બચાવનાર બોટાદ પાસેના તૂરખા ગામના લાડુ મહારાજ, ચોકડી ગામના બાપલ ગઢવી, લગ્નના માંડવેથી ગાયોને બચાવવા જતો મેરજી વગેરે. આ ઉપરાંત ગૌણ પાત્રો જેવા કે કેશરખાં, ઈસ્માઈલ જમાદાર, માલો ભરવાડ, ઝૂંઝા પટેલ, મેઘો પટેલ, જોગડો ઢેઢ વગેરેને પણ સર્જક બરાબર ખીલવી શક્યા છે. જોરાવરસિંહ આપણને જે

ધરતી અને જે પાત્રો વચ્ચે ખેંચી જાય છે, તે ધરતી અને તે પાત્રો જીવાતા જીવનનો આવિષ્કાર છે. એટલે રંગ કોને દેવા? ધરતીને કે એના ધૂળધોયાને ? પણ બન્નેને રંગ દીધા વગર રહેવાતું નથી.

### સ્થળ, કાળ અને વાતાવરણ

આમ આ વીસેય કથાઓના સાર જોતાં સ્પષ્ટ થાય છે કે અહીં એક કોટા-રાજસ્થાનની કથાને બાદ કરો તો શેષ બધી જ કથાઓ આલેખકના પોતાના જ ભૌગોલિક ક્ષેત્રની છે. આ કથાઓનો પ્રદેશ પણ ન્યાળવા જેવો છે, જોરાવરસિંહની કલમ ચિત્રકારની પીંછીની અદાથી શબ્દચિત્રો ખડાં કરીને કનેરના મુલકને, ભાલને, ગોહિલવાડના પ્રદેશને, તેમ જ ચૂંવાળ ખાખરિયાને સજીવ અને જીવંત કરે છે, કનેરની આંચલિક ધરતીનાં આવા શબ્દચિત્રો આ વાર્તાઓમાં ઠેર ઠેર પડ્યાં છે. ભાલપ્રદેશની કરાલતાનાં રૂપ અને સ્વાંગ વાર્તામાં જોવા મળે છે. એમાં લોંઠકા કોળીની કે ભીમનાથ મહાદેવજી વ્યુત્પત્તિની કથાઓને બાદ કરો તો લગભગ બધી જ કથાઓ તે તે પ્રદેશમાં બનેલી વાસ્તવિક ઘટનાઓ આધારિત છે. એ કથાઓ કાં તો કોઈ દૈહિક બળ ને કળ ધરાવતાં લાક્ષણિક પાત્રોની છે કાં તો કોઈ એક સ્વીકૃત એવા તળપદી અને સાંસ્કૃતિક મૂલ્ય માટે બલિદાન આપતાં નરનારીની છે. સ્થળ અને કાળના નિરૂપણમાં તો લેખકની કલમ ચિત્રકારની પીંછી જેવી બની ગઈ છે. લેખક કથાના સમય અને સ્થળને અનુરુપ વાતાવરણ સર્જવામાં સફળ નીવડ્યા છે.

### નિરૂપણરીતિ

કથાવસ્તુ જોયા પછી તેના આલેખન પર દ્રષ્ટિ કરતાં કહેવું જોઈએ કે જોરાવરસિંહમાં નિષ્પ્રાણ એવા કથામાળખામાં પ્રાણનો સંચાર કરવાની અદ્‌ભુત શક્તિ છે. ઘટનાની રીતે જોઈએ તો ક્યાંક પત્નીએ આપેલા જાકારાથી દુ:ખી થઈ પતિ આપઘાત કરે કે દીપડાના મુખમાંથી ગાયને બચાવવા ભરવાડ હિંસક પશુ સાથે પણ બાખડ્યો કે ગાયને બચાવવા વરરાજા ધીંગાણે ગયો : વાતમાં ચમત્કાર છે પણ સામાને પ્રતીતિ કરાવે, સંવેદન જગાડે, એકરૂપ કરે એવું ભાષાકીય નિરૂપણગત સ્વરૂપ તો એના લેખકને આપવાનું હોય છે. એ તો જ બને જો ભાષાશૈલી અને નિરૂપણરીતિની શક્તિ હોય, સજીવ રૂપમાં ધબકતું કરવાની સર્જકતા હોય. જોરાવરસિંહમાં આ શક્તિ છે જ. અને એમાં વિશેષ સહાયક ને સફળ બનાવે છે તે નીજી ઉછેર

અને અંતરાગ. સમગ્રપણે જોતા આ કૃતિ રસદાયી રીતે નિરૂપી છે અને ભાવકને સતત ઝકડી રાખે છે.

**ભાષાશૈલી**

મેઘાણીને અનુસરીને એમણે વાતની માંડણીની નાટ્યાત્મકતા સ્વીકારી, તેમાં નર્યું અનુકરણ નથી, પરંતુ સાચુકલી અનુભૂતિ છે. એ પોતાના પ્રદેશ ને એની કથાને વળગી રહ્યા, એથી ક્યાંય માત્ર મુગ્ધતા અને કૃતક્તાનો ભોગ ન બન્યા. વાવણી, હોળી, લગ્નાદિ માંગલિક પ્રસંગો, દરબારની ડેલી, હણહણતા અશ્વો, કવિઓના મહેમાનો અને જાનના આગમન એ બધું એમની કહેણીમાં ઊતરી આવ્યું. ક્યાંક એમણે નીજી કે પોતીકી એવી ભાત ને શૈલીનું પણ ઘડતર કર્યું છે. વાતાવરણને જમાવવાની સાથે કથાને પણ આગળ વધારવા એમણે દુહાઓ, રામવળા, લોકગીતો ઈત્યાદિનો આલેખનમાં ઉપયોગ કર્યો છે. જે કવિની વાત માંડતા હોય, એની જ રચનાઓ લેવા માટે સંશોધનનું કષ્ટ પણ ઉઠાવ્યું છે. કથનની તળપદી શૈલીમાં પણ નિજી સાહજિકતા સિદ્ધ કરી છે. ક્યાંય કોઈ આયાસપૂર્વક અલંકાર યોજવાનો પ્રયત્ન કર્યો નથી. વિપુલ લખાણ કર્યું હોવા છતાં આલેખન અને ભાષાશૈલીની કોઈ રૂઢ પદ્ધતિથી બંધાયેલા રહ્યા નથી. પ્રસંગ, પાત્ર, વાતાવરણ વગેરેને જ્યાં જેટલું અનુકૂળ અને સ્વાભાવિક હોય એટલું જ એમણે આપ્યું છે. દા.ત. 'ડેલી સૂની રે પડી' માં શ્રી જાદવ લખે છે " 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ' "[1] થી પ્રારંભી જે ફકરો લખ્યો છે તે ભાલભૂમિની વિશિષ્ટતાને છતી કરે છે. આ ઉપરાંત બીજા ઉદાહરણો જોઈએ તો 'કાચના કૂંપા સરખી રૂપાળી કન્યા', 'કબૂતરના માળા સરખું ગામ', 'બંદૂકમાંથી વછૂટતી કુકડીના ઈંડારોકી ગોળિયું' જેવા પ્રયોગો નવા, તાજા અને ઉપકારક લાગે છે. આ લોકવાર્તાઓની શૈલીનો સ્વાદ એમના ઘરઘથ્થુ શબ્દપ્રયોગોમાં છે. જેને બોલચાલની બોલી તરીકે ગણાવી શકાય.

**ઉપસંહાર**

લોકધરતીના રજપૂત ને ચારણ, બ્રાહ્મણ અને ભરવાડ, કોળી અને કણબી એ બધામાંથી કોઈ ચોર હોય ને કોઈ શાહુકાર, પણ એ બધા ટેકના તોરીલા, હેતાળવા હૈયા અને આભને ટેકા દે એવા અડાબીડ આદમી છે. એ જ રહેતા આવ્યા છે આજ સુધી

લોકજીવનની આધારશીલા. એના ઘોડાંને અસવાર, ગોધલા અને ગાડાખેડૂ, ખેડૂત અને ખેતી એ ઉભય એકપ્રાણ એકાકાર બની રહેલા છે, કારણ કે માત્ર ઉદરનિર્વાહ જ નહિ, પણ એનાં પ્રણય અને સાહસ, પરાક્રમ અને પ્રતિષ્ઠાનું ઊર્મિઘન પણ આ પશુઓ જ છે. એટલે વાર્તામાં આલેખાયેલાં જીવન અને પાત્રો એ બેને જુદાં પાડી શકાય તેમ જ નથી. તેથી જ આ વાર્તાસંગ્રહ ખમીર, ખાનદાની અને પરાક્રમશીલતાનો એક સજીવ ઘટના પ્રવાહ છે.

### ૩. ૧. ૨ મરદાઈ માથા સાટે ભાગ ૧ - ૨

#### પ્રસ્તાવના

'મરદાઈ માથા સાટે ૧' પુસ્તક ઈ. સ. ૧૯૭૦ માં પ્રગટ થયું અને ભાવનગર યુનિ. માં એમ. એ. માં લોકસાહિત્ય માટે નિયુક્ત પણ થયું. ઈ. સ. ૧૯૭૬ માં આ સંગ્રહની ૨૮ કૃતિઓનું બીજી આવૃતિ રૂપે પ્રકાશન થયું ત્યારે બીજો અને ત્રીજો ભાગ જોડીને વિશેષ કથાઓ ઉમેરી એની ઈ. સ. ૧૯૯૧ માં ત્રીજી આવૃતિ થઈ ત્યારે તેને ભાગ-૧  અને ભાગ-૨ માં પ્રકાશિત કરવામાં આવી. તે કુલ ૨૮ કથાઓમાં વહેંચાયેલ છે. 'મરદાઈ માથા સાટે ભાગ ૨' ની ૧૯૭૬ પછીની ૧૯૯૧ ની બીજી આવૃતિમાં કુલ ૨૧ કથાઓ છે. જોરાવરસિંહે આ સંગ્રહમાં લોકકથાઓની સાથે સાથે લોકસાહિત્યના પ્રકારોની સમજ, લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનો સંબંધ વગેરેની માહિતી આપેલી છે. તેમાં અમુક કથાઓ ચારણી શૈલીની, ઘણી સમસ્યાકથા પણ છે.

#### કથાવસ્તુ

'મરદાઈ માથા સાટે ૧' માં 'રંગ છે રૈયાભાભાને', 'મોંઘીમા', 'બના પરમાર', 'ચારણ્યની વહારે', 'ખોરડાનું રખેવાળું' જેવી મોટા ભાગની કથાઓ શૌર્યકથાઓ છે, જેની ગૂંથણી સ્થાનિક વીર-વીરાંગનાઓના જીવનને કેન્દ્રમાં રાખીને કરી છે, જ્યારે 'ચોરનું માવતર', 'ગીરનો સાવઝ' એ સામાજિક લોકવાર્તાઓ છે. 'વેણને ખાતર', 'ફૂલસરની હિરણ્ય',

'રંગ છે રાઠોડની ઘોડીને' એ પ્રાણીકથાઓ છે. 'તળાવડીને તીરે', સરોવરકથા છે. 'રાધાનું રૂસણું' એ પૌરાણિક કથા છે.

'રંગ છે રૈયા ભાભાને' કથામાં દેરડી ગામના કણબી પટેલને દરબારે, કુંવરની ઊંઘમાં ખલેલ પડતાં શેરડી પીલવાનો ચિચૂડો ચલાવવાની મનાઈ કરી. વિવાદ થતા રૈયાભાભા ઉચાળા ભરી ગોંડલરાજના ભાકુંભાજીના આશ્રિત બન્યા અને મનમાં વેર રાખી દેરડી પર ચડી આવ્યા. દેરડી તો ગોંડલરાજને તાબે થયું ને ધીંગાણામાં રૈયાભાભા ખપી ગયા ને એમની પાછળ મોંની માનેલી બહેન રાજબાઈ સતી થાય અને તે પછી પૂજાય અને વંશજોનાં ઘરઘોડિયાંની છેડાછેડી છોડવાની પરંપરા ઊભી થાય, એ ચમત્કૃત કરે એવી ઘટના છે. 'બના પરમાર' કથામાં બાવળા પાસેના ભાયલા ગામના બના પરમારે જાસો દેનાર અને ચોરી કરનાર ચોરવડોદરાના મિયાણાના ધાડાનો વીરતાથી એકલે હાથે સામનો કર્યો એની કથા છે. 'મોંઘીમાં' વાર્તામાં શેઢાની તકરારમાં મારામારી થતાં ઘાયલ થયેલા મોંઘીમાંના પુત્રને ઝોળીમાં નાખી લાવે છે અને પ્રતિસ્પર્ધી એવા ઘાયલ ખેતરે કણસે છે ત્યારે માતા જ પોતાના પુત્રને શત્રુઓને પણ ઘરે પહોંચાડવા આજ્ઞા કરે છે. લોકસંસ્કૃતિમાં માનવતાની જે કરુણાસભર સાહજિક સમજ છે, તે આવી ઘટનાઓ દ્વારા પ્રગટે છે. 'ચારણ્યની વહારે' કથામાં બનાભાઈ ચારણનું મૃત્યુ થતાં એમનું ખેતર બાજુની વાડીવાળા સતવારાએ જબરાઈથી પચાવી પાડ્યું ત્યારે મનુભાઈ રાજપૂત ઉછીનો કજિયો વહોરીને ચારણ્યને એની જમીન પાછી અપાવે છે. 'સતિયો જીવ' વાર્તામાં લાંચિયા અમલદારોએ ધંધુકાના અળઉ ગામના દાહાભાઈ કાઠીના ઘરમાં તપાસ કરી, પટારામાંથી તલવાર હાથ કરી કેસ કર્યો. આપા દાહાભાઈ આ તલવાર તો વડીલોપાર્જિત સંપત્તિનો ભાગ છે કહીને સજામાંથી છૂટી શકે એમ હતા, છતાં અસત્યનો આધાર ન લીધો અને સજા ભોગવી. 'ચોરનું માવતર' સીમચોરીની ઘટના આલેખે છે. ચુંવાળના કોળીઓ અને ડફેરો પગીની સાથે મળીને ઊંટ પર સીમચોરી કરી કાલાકપાસ, ઘઉં ઉપાડી જતા. કેશુબાપા જેવા ચોરનું મનોવિજ્ઞાન જાણનારા આસ્થિતિમાં કુનેહથી કામ પાર પાડતા, તેનું અહીં નિરૂપણ છે. સીમચોરી જેવો જ બીજો ભય હટાણું કરવા આવનારને ચુંવાળના ધાડપાડુનો રહેતો. વીરમગામ પાસેના થોરી ગામના રઘાભાઈએ ચાતુર્ય અને શૌર્યથી આવા ચોરને ભગાડ્યા તેની 'તલાવડીના તીરે' માં ઘટના છે.

'ગીરનો સાવજ' કથામાં ગીરકાંઠાના ખોરાસા ગામનો કાનો રબારી કુસ્તીના દાવપેચ જાણતો ન હોવા છતાં દૈહિક સ્ફૂર્તિ અને બળથી મલ્લને પરાસ્ત કરે છે. અશ્વને કેવી રીતે ઉછેરાતા અને સ્પર્ધામાં માલિકની આજ્ઞા-ઈચ્છાને વશ થઈ માંકડી ઘોડી પણ કેવાં કપરાં પારખામાં પાર ઊતરી બલિદાન આપતી તે વાત 'રંગ છે રાઠોડની ઘોડીને' કથામાં છે. 'પંચાસરનો સાવજ' કથામાં મહેસાણાના પંચાસર ગામના હરિભાઈ ગોહિલે ભીખા વાગડિયાના ધાડપાડુઓનો, વાસમાં ગાડાંની આડ ગોઠવી, એમાં ભીનાં ગોદડાં ગોઠવી, સામનો કર્યો એ ઘટના છે. ધોળકાના ડુમાલી ગામના મહોબતસંગ ગાડું લઈને જતા હતા ત્યારે ભીખલા વાગડિયાની ટોળીના ચાર-પાંચ માણસોએ બંદૂક, તલવાર, ગાતર વડે હુમલો કરી લૂંટવાનો પ્રયત્ન કર્યો. મહોબતસંગે બહાદુરીથી સામનો કરી બંદૂક નકામી કરી અને તલવારના કટકા થતાં ગાડાના શીંકલે પડેલા ત્રાંબાના ઘાણચામાં હાથ નાખી, એના પર દુશ્મનની વાર ઝીલી બધાને પરાસ્ત કરી પાછા પાડ્યા તે વાત 'મરદાઈ માથા સાટે' કથામાં વર્ણવાય છે. ગુજરાતના પાલોદર ગામના ગરાસિયાઓએ પાંચોટ ગામના કોળી સાથે જમીન અંગેનો વિવાદ ચાલતો હતો. લાગ જોઈને કોળીઓ ગામ પર હુમલો લઈને ગયા એ જ સમયે ગરાસિયા યજમાનના ગોરનો દીકરો લગ્ન કરીને યજમાન વડીલોને પગે લાગવા આવ્યો અને ધીંગાણામાં જોડાયો અને વીરગતિ પામ્યો તેની વાત 'ધરમનું ધીંગાણા' માં છે.

'મરદાઈ માથા સાટે ભાગ ૨' માં 'વરતના ઉજવણા' કથામાં સૂર્યસિંહની દીકરી ગોડબાને ભાભી મહેણું મારે છે તેથી તે કચ્છના ગાદિપતિ લાખોફુલાણી સાથે પરણે છે. લાખો ૯૦ વર્ષે મરણ પથારીએ હોય છે ત્યાંથી ગોડબા તેને ઉભો કરે છે. 'ચતુર ચારણ કવિ બળધા ગોધા' રીતિમૂલક એવી કવિવિષયક દંતકથા છે. આવી કથામાં જે કાવ્ય કે મુક્તકમાં કોઈ વિશેષ અર્થસંદર્ભની ચાતુરી હોય એવી કથાને કોઈ એક કવિના પાત્રની સાથે જોડીને, તે કવિની કોઈ રચના ક્યા એવા સાચકલા મનાતા પ્રસંગને નિમિત્તે થઈ, તેનું આલેખન થતું હોય છે. 'દુશ્મનની દિલાવરી' કથામાં ચિત્તોડના કુંભારાણા માલવના મહંમદશાહને હરાવી કેદ કરે છે. રાણા તેને કેદી નહીં પણ મહેમાનની જેમ રાખે છે. દિલ્હીના બાદશાહ સામે બન્ને ભેગા મળીને યુદ્ધ કરે છે અને વિજય મેળવે છે. ત્યારબાદ રાણાકુંભા મહંમદશાહને મુક્ત કરી રાજ્ય પાછું સોંપે છે તેની વાત છે. 'વીરતાને વધામણા' કથામાં કોઠ ગામમાં કાયાજી દરબાર ભરીને બેઠા હોય ત્યારે

બુંગિયો વાગે છે. નવા પરણેલા વાઘજીને એની માં ઘરમાં પુરી દે છે પણ વાઘજી ખપેડો તોડી બહાર નીકળે અને દુશ્મનના દળોમાં જાય છે. પોતાને શરીર પર ઘણા ઘા પડે છે ત્યારે કેડે ફેંટો બાંધીને લડે છે અને શહીદ થઈ જાય છે. 'સુલેમાન મુખી' મર્માળુ હાસ્ય જન્માવતી ઉત્તમ કથા છે. અનેક મર્યાદાઓ અને નિયંત્રણો વચ્ચે જેમને જીવવું પડે છે તેવા રાજારજવાડાથી સામાન્ય એવો અદનો માણસ ક્યાં, કઈ રીતે અને કેટલો સુખી હોય છે, તે આ મર્માળી કથામાં છે. રાજાને પણ આવું મોઢા-મોઢ કહેનારી અને ડાયરાને આનંદ આપનારી વાસ્તવિક વ્યક્તિઓ પણ એ જમાનામાં હતી. 'દરબારની દિલાવરી' વાર્તામાં ગોંડલના ભાકુંભાજી પ્રજાની મુલાકાત માટે જાય છે ત્યારે એક પથ્થર અચાનક તેમને કપાળમાં વાગે છે. પથ્થર મારનાર છોકરાને બોલાવી પથ્થર મારવાનું કારણ પૂછે છે. તેના જવાબમાં ભાકુંભાજી કહે છે કે પથ્થર મારનાર છોકરાને આંબો કેરી આપતો હોય તો હું એવું કરનારને રાજા તરીકે ન્યાલ કેમ ન કરું. 'વીર લખધીરજી' માં મૂળીના લખધીરજી શરણે આવેલા રળિયા ગઢવીને બોરી મુઘલથી બચાવે છે અને પોતે શહીદ થઈ જાય છે. તેમાં આપણને શરણે આવેલાનું રક્ષણ કરવાની ભાવના જોવા મળે છે.

**પાત્રાલેખનકલા**

લેખકે આ સંગ્રહમાં દરેક પાત્રને પુરો ન્યાય આપ્યો છે. જ્યાં જે પાત્રને ખીલવવાનું હોય ત્યાં તે પાત્રને બરાબર ખીલવી શક્યા છે. જે તે પાત્રના વ્યક્તિત્ત્વ, બહાદુરી, ટેક, વચન, બલિદાન વગેરેનો પરિચય આપણને લેખક યોગ્ય રીતે કરાવી શક્યા છે. આ લોકવાર્તાઓ વડે લેખકે ધરતી ઉપર કાળના કેડે પડેલાં પગલાં ઉપરથી ધૂળના થરને આઘા ખેસવીને નાનેરાં ગ્રામજનોમાં રહેલા મહાપ્રાણનો પરિચય આપણને કરાવ્યો છે. જેમકે લખધીરજી આશરે આવેલા ગઢવીને પોતાના પ્રાણની આહૂતિ આપીને પણ બચાવે છે. કાયાજીના પાત્રમાં આપણને જોવા મળે છે કે વ્યક્તિને તમે ઘરમાં કેદ કરી દો તો પણ તેની બહાદુરી કેદ થતી નથી. બારોટ માટે થઈને પોતાની જાતનું બલિદાન આપતો ભુપતસિંહ. ગોંડલના ભાકુંભાજી પોતાના માથામાં પથ્થર મારનારને ઈનામ આપે છે. મિયાણાના ધાડાનો વીરતાથી એકલે હાથે સામનો કરનાર બના પરમાર. પોતાની ચતુરાઈ અને શૂરવિરતાથી ચોરને ભગાડનાર રઘાભાઈ, રૈયાભાભા, બના પરમાર, હરિભાઈ ગોહિલ, કુંભા રાણા વગેરે પાત્રોને લેખક બરાબર ખીલવી

શક્યા છે. આ ઉપરાંત અન્ય ગૌણ પાત્રોમહમદશા, રળિયા ગઢવી, ભીખલો વાગડીયો, સૂર્યસિંહ, રાજબાઈ વગેરેને પણ સર્જકે પુરેપુરો ન્યાય આપ્યો છે.

### ભાષાશૈલી

આ કથાઓની ભાષા સાદી અને સરળ છે. આમ વાચક વર્ગને સમજાય એવી તળપદી બોલીનો લેખકે અહીં વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. લેખકે પરંપરિત શૈલીને અકબંધ રાખવાનો કેવો પ્રયત્ન કર્યો છે તેનો ખ્યાલ તો 'રંગ છે રૈયાભાભાને' વાર્તાના પ્રારંભથી થઈ રહેશે:

"પોષ મહિનાના ટાઢા વાયરે ધરતીની મોલાત્યું લહેરાઈ રહી છે. રસાળ ધરતીને ભાવીને ઊગેલી દોઢ માથોડું શેરડીની મીઠી સણસણાટી સંભળાય છે. રાત દિ ચિચોડાના વિયોગના ચિચૂડ ... ચિચૂડ અવાજથી સીમ ગુંજે છે..."[૨]

આ વાર્તાઓની શૈલી કહેણીની શૈલી છે. સામે વાર્તારસિયો શ્રોતાવર્ગ બેઠો હોય, ચારણ નિરાંતે મલાવી મલાવીને વાર્તા કરતો હોય એવી આ વાર્તાઓની પરંપરિત ચારણશૈલી દેખાઈ રહે છે. એથી વાર્તા આસ્વાદ્ય બની છે. તેમાંથી ધરતીની ભાત અને સબળતા સંધ્યાના રંગોની પેઠે ખીલતી જાય છે.

### વર્ણનકલા

આ સંગ્રહમાં લેખકના વર્ણનો સીધી લીટીમાં ગતિ કરે છે. મોટા ભાગના વર્ણનો પાત્રોને અનુરૂપ ચારણી શૈલીમાં જ કર્યા છે. જેમ કે

'રઘાભાઈ એટલે મરદનું બાચકું જ જોઈ લ્યો. વકરેલા ખૂંટિયા જેવી કાંધ, બેઠી દડીનું ડીફાં જેવું ડિલ, લાડવા જેવું ગોળ મોં, મોંનો રુઆબ વધારે એવા વેંતવેંત લાંબા મૂછ્યુંના કાતરા

રાખે. ચણોઠી રોકી લાલઘૂમ આંખ્યું અને કેડ્યે રૂપાના ચાપડે જડેલ જમડા જેવો જમૈયો જોઈને કાચોપોચો તો ફાટી જ પડે.'

આ વર્ણનછટા સોરઠી બળકટ વાણીને સાહિત્યિક રૂપ આપે છે. લેખકે શક્ય પ્રયત્નો વાર્તાઓને તેના અસલી રૂપમાં અને એ જ ચારણી-કહેણીની શૈલીમાં રજૂ કરી છે.

આવી બધી જ કથાઓ પ્રજાની ખાનદાની, ખુમારી અને વીરતાની દ્યોતક છે. લેખકનો હેતુ તળમાણસ અને માનસનાં સાહસશૌર્યને વરેલા અભિગમનો પરિચય આપવાનો છે, તેથી સમકાલીન અને વિશિષ્ટ ઘટનાને પણ વાતોના રૂપમાં આલેખી છે. અહીં જે તળપદી પ્રજા અને એનું માનસ છે એના આદર્શો અને જીવન પ્રત્યેનો અભિગમ લોકપ્રવાહમાં તરતી આવી ઘટનાઓમાં જોઈ શકાશે. જેમ ન્યાય કરનારે કોઈ પણ કૃત્ય કર્યું હોય તેનાં સંજોગ-પરિસ્થિતિ જોવા પડે છે, કાયદાની ભાષામાં કહીએ તો કાયદા બહારનાં લાગતાં કૃત્યની મનોદશા જાણવી પડે છે, તેમ આ બધી જ ઘટનાઓ પાછળ જે લોકમાનસ અને સંસ્કૃતિ છે એને યથાર્થ રૂપમાં જાણવા સર્વસામાન્ય મનોવિજ્ઞાન ઉપરાંત જાતિગત મનોવિજ્ઞાન પણ જાણવું જ પડે. કેટલીક ઘટનાઓ કેટલીક જાતિજ્ઞાતિ અને એના પરિવેશમાં જ ઊછરનાર માટે નગણ્ય કે નજરબહાર કરીને સહી જવા જેવી લાગે, પરંતુ એવી જ ઘટના લડાયક ખમીરની જાતિનું માનસ ધરાવનાર માટે મરું કે મારુંની હોઈ શકે છે. જિપ્સીઓ, રેડઈન્ડિયન વગેરેનું સાહિત્ય વાંચીએ છીએ કે પછી યુરોપના કોઈ પણ રાષ્ટ્રના બેલાડ્સ વાંચીએ છીએ ત્યારે એમાં પણ આવાં જ જીવનમૂલ્યો અને અભિગમ જોવા મળે છે.

### ચિત્રશૈલી

'મરદાઈ માથા સાટે ભાગ ૧ અને ૨' વાર્તાસંગ્રહનાં પ્રતીકચિત્રો પણ શ્રી જોરાવરસિંહે લોકચિતારા પાસે જ ચિતરાવ્યાં છે. આ ચિત્રો કરનાર શ્રી ભુલાભાઈ દેવીપૂજક અને સનતભાઈ દેવીપૂજકની બેલડીએ આ સંગ્રહના ચિત્રપ્રતીકો પ્રેમથી અને અણિશુદ્ધ લોકલઢણથી આલેખી દીધા છે. ચિત્રશૈલીના આકારો તો પરંપરાગતના જ છે. ઉપરાંત દરેકચિત્રના મરોડવળાંકોમાં ગતિ અને શોભનતત્ત્વ ભરચક રીતે ભરેલું દેખાય છે. ઘણાંક તળપદા રૂપને ગ્રામશૈલીની ઢબે આલેખી તે ચિત્રકારે કમાલ જ કરી દીધી છે. તેમાં હોકો પીતો બંધાણી,

*સાંઢણીના અસવાર, પાતળી પૂતળી, ઘોડો અને ઘોડેસવાર વગેરે શોભન પ્રતીકો વગેરે આંખને આનંદ જરૂર આપે જ છે. આ આખા સંગ્રહમાં લોકલઢણના કલાકારે તળપદી કળાલઢણને બહેલાવી છે તે બરાબર છે અને ધન્યવાદને પાત્ર છે. આ જાતના સચિત્ર પ્રતીકોવાળા લોકવાર્તાના સંગ્રહો ગુજરાતીમાં આ પહેલા જ છે. જેમાં લોકકળા અને લોકવાર્તાઓનો નમેરો સમન્વય થયો છે. તેથી વાર્તાઓનું દર્શન પણ પ્રતીકના પ્રતિબિંબમાં દેખાય છે.*

***ઉપસંહાર***

*પ્રસ્તુત સંગ્રહથી વર્ગ, કદ અને રૂપની દ્રષ્ટિએ શુદ્ધ લોકકથાનો આરંભ થાય છે. લેખક ભાલ-કનેરના પ્રદેશ ઉપરાંત, આ સંગ્રહથી રાજસ્થાનના ક્ષેત્રમાં પ્રવેશી તે ક્ષેત્રનાં એનિક્ડોટ અને લોકકથાઓ આપે છે, તે વિશેષ નવી સામગ્રી આપે છે. ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને લોકવિદ્યાને સીધો અનુબંધ રાજસ્થાન સાથે છે અને જોરાવરસિંહને તો એ પ્રદેશ સાથે, દાંતા ભવાનગઢ સાથે, શ્વસુરપક્ષનો સંબંધ પણ છે જ. આથી ચારણીસ્ત્રોતની જે રાજસ્થાની સામગ્રી છે તે એમના પ્રત્યક્ષ પરિચયની છે.*

### ***૩. ૧. ૩ સાડા ત્રણ દિ'ની પનોતી***

***પ્રસ્તાવના***

*જોરાવરસિંહ જાદવે લખેલ'સાડા ત્રણ દિ'ની પનોતી' વાર્તા ઈ. સ. ૧૯૭૩ માં પ્રકાશિત થયેલ છે. બાલ-કિશોરસાહિત્ય માટેના સાહિત્ય ક્ષેત્રે જોરાવરસિંહે નોંધપાત્ર પ્રદાન કરેલું છે. પોતાની કથાઓમાં અને કથાનકોમાં એમણે જાણે બાળકો અને કિશોરોના માનસનો ઊંડો અભ્યાસ કર્યો હોય એવી અદ્ભુત ગૂંથણી જોવા મળે છે. સાથો સાથ તેમના દરેક સર્જનમાં બાલ-કિશોરોના માનસની અદ્ભુત કૌશલ્યક્ષમતાનું આલેખન પણ જોવા મળે છે.*

***કથાવસ્તુ***

આકરુ ગામનો વનેચંદ વાણિયો મોટો જુગારી હતો. તેના ઉપર સાડા ત્રણ દિ'ની પનોતી બેઠી. ત્રણ દિવસ તો સારી રીતે પસાર થઈ ગયા પણ હજુ અડધો દિવસ બાકી હતો ત્યારે વનેચંદ જુગાર રમવા બેઠો. જુગારમાં મહંમદખાન પાસે પોતાના શરીરની સવાશેર માટી હાર્યો, વિરચંદના સવા મહિનાના દિકરાનો જીવ લીધો, મિયાંનો ઘોડો માર્યો, બાબોસા'બને માર્યો. આ બધા વનેચંદને સાથે લઈને ધંધુકાની કોર્ટમાં ન્યાય મેળવવાં ગયા. વનેચંદે ચાર આંગળી બતાવી જજને કીધુ કે સાહેબ ચાર કેસ છે. જજ એમ સમજ્યાં કે મને ચાર હજાર રૂપિયા આપશે તેથી જજે પોતાની બુદ્ધિ અને ચતુરાઈથી બધા જ કેસોના સરળતાથી નિકાલ કર્યો અને વનેચંદને નિર્દોષ જાહેર કર્યો. આ ઉપરાંત દરેક ફરિયાદી પાસેથી પંદરસો પંદરસો રૂપિયાનો દંડ ભરાવ્યો. જજે જ્યારે વનેચંદ પાસે ચાર હજારની માંગણી કરી ત્યારે વનેચંદે કીધુ કે આ દંડના છ હજાર રૂપિયા આવ્યા છે તેમાંથી ચાર હજાર લઈને બાકીના બે હજાર મને પાછા આપી દો. આમ, વનેચંદની સાડા ત્રણ દિ'ની પનોતી ઉતરી ગઈ અને તે બે હજાર રૂપિયા લઈને ઘરે પાછો આવ્યો.

***પાત્રાલેખનકલા***

કોઈપણ કૃતિમાં પાત્રોનું વિશેષ મહત્ત્વ એટલા માટે હોય છે કે આ પાત્રો દ્વારા જ કથાને વેગ મળે છે. આ નાની એવી બાળવાર્તામાં પણ લેખકે દરેક પાત્રને ઉઠાવ આપવાનો સુંદર પ્રયત્ન કર્યો છે. વનેચંદ વાણિયો જે એક મુસીબતમાંથી બીજીમાં એમ ચાર ચાર મુસીબતોમાં સપડાય છે. તથા જજ સાહેબ જે ખૂબ જ તિવ્ર બુદ્ધિશાળી છે અને તે વનેચંદને આ ચારેય આફતોમાંથી છોડાવે છે. આ ઉપરાંત બીજા ગૌણ પાત્રોમાં જોઈએ તો જમનાશંકર જોષી જે ઉંચા ગજાના જ્યોતિષિ છે, મહંમદખાન પઠાણ, ખરડ ગામના વિરચંદ અને તેની પત્ની, મિયાંજી વગેરે પાત્રોને પણ લેખક બરાબર ખીલવી શક્યા છે.

***ભાષાશૈલી***

સાડા ત્રણ દિ'ની પનોતી વાર્તાનું સ્થળ ભાલપ્રદેશનું આકરું ગામ છે. તેથી આ વાર્તાની ભાષા પણ તળપદી અને ગામઠી જ રહેવાની. લેખકે આ વાર્તાને એકદમ સરળ અને

સાદી ભાષામાં રજૂ કરી છે. નાના મોટા દરેક વ્યક્તિને આ વાર્તાની ભાષા તરત જ સમજાઈ જાય તેવી પ્રયોજવામાં આવી છે. આમાં પ્રયોજાયેલા તળપદા શબ્દોમાં જોઈએ તો સંધુય, હરઅડા, નિકર, ઈમાં, કળશ્યો, બોન, નિયા, તરવાર્ય વગેરે જેવા શબ્દોના ભરપૂર પ્રયોગો થયેલા જોવા મળે છે. “એક મિયાંભાઈનું ઘોડું આવે ને વાંહે લફ્ડફ્ફ્ડ લેંઘો કરતા મિયાંજી આવે.”[3] જેવા રમૂજી વર્ણનો પણ જોરાવરસિંહે અહીં કરેલા છે.

### ઉપસંહાર

લેખકે આ વાર્તામાં આલેખેલા પાત્રો અને શૈલી બાલ-કિશોરોની વાંચનભૂખ ભાંગવા પૂરતાં જ સીમિત રહેતા નથી, પરંતુ તેમનામાં ઊંડા સંસ્કારોનું સિંચન કરવા સુધી લઈ જાય છે. તેમની ખાસિયતો, વિશિષ્ટતાઓ અને તેમને શું ગમે – ન ગમે એના તેઓ અચ્છા જાણકાર હોય કે તેનાંથી વાકેફ હોય એવી પ્રતિભાના સચોટ દર્શન આપણને થાય છે.

## ૩. ૧. ૪ રાણી અનારદે

### પ્રસ્તાવના

‘રાણી અનારદે’ ઈ. સ. ૧૯૭૭ માં પ્રકાશિત થયેલી કથા છે. આ પુસ્તકને સાહિત્ય અકાદમી તરફથી દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેને એક વિશિષ્ટ પ્રકારની લોકકથા એટલા માટે ગણાવી શકાય કે સાંપ્રત વિશ્વ સાહિત્યમાં સ્ત્રી પાત્રનું ચરિત્ર તમામ સર્જકો માટે અણઉકેલ રહ્યું છે. પછી આ સર્જક રશિયાનો લિયો ટોલ્સટોય આન્ના કેરીનિન વિશે વાત કરતો હોય, ફ્રાન્સનો એલેકઝાન્ડર ડ્યુમા તેની મશહુર નવલકથા કાઉન્ટ ઓફ મોન્ટેક્રિસ્ટોમાં હેઈડીનું પાત્ર ઉપસાવતો હોય કે મહર્ષિ વાલ્મિકી રામાયણ ગ્રંથમાં કૈકેયી, મંથરા અને મંદોદરીના પાત્રોને ઉપસાવતા હોય. તમામ સર્જકો માટે સ્ત્રી એક હરહંમેશનો અણઉકેલ કોયડો રહેલ છે. તો પછી આ સિદ્ધાંતમાંથી લોકસાહિત્યની કથાઓ શા માટે વેગળી રહે ? ‘રાણી અનારદે’ ની કથામાં એક ભાભી એના દિયરને સ્વર્ગની પરી અનારદેને પરણી આવો એવું મહેણું મારીને પ્રથમ ઉશ્કેરે છે અને પછી આવું જ ગાંડુ પરાક્રમ કરવા તૈયાર થયેલા લાડકા દિયરને માર્ગમાં અડચણરૂપ બની

નડી શકનારા ગાંડા હાથી, ધૂતારા, ઠગ વગેરેથી ચેતવે પણ છે. એક જ સ્ત્રીના વર્તનમાં રહેલ આ તત્ત્વભેદ સ્ત્રી ચરિત્રની સંકુલતા પ્રતિ સ્પષ્ટ અંગુલીનિર્દેશ કરે છે.

**કથાવસ્તુ**

ભાભી દિયરને મહેણું મારે છેઃ સ્વર્ગની પરી અનારદેને પરણી આવો! દિયર એ મહેણું ભાંગવા તૈયાર થાય છે ત્યારે ભાભી માર્ગમાં આવતા ગાંડા હાથી, ધુતારા ઠગ વગેરેથી ચેતવે છે. રૂપસિંહ અનારની શોધમાં નીકળ્યો. વચ્ચે સરોવર આવ્યું ને આકાશમાંથી ઘોડાઓ ઊતર્યા અને એના પર બેઠેલી અપ્સરાઓ સરોવરમાં સ્નાન કરવા લાગી. છુપાયેલા રૂપસિંહે અપ્સારાઓનો મુખ્ય ઘોડો હાથ કર્યો અને સવાર થઈ ભાગ્યો. ડુંગરમાળમાં પ્રવેશતાં મદઝરતો હાથી મળ્યો. રૂપસિંહ હાથીની સૂંઢ કાપી, ઠગપાટણ પહોંચ્યો. એક ઠગ ખોટા સંબંધ દર્શાવી રૂપસિંહને ઘરે લાવ્યો. અપ્સરાઓ રૂપસિંહનો પીછો કરતી ઠગપાટણ આવી રૂપસિંહને ઊંઘતો જાણી પગે મંત્રેલો દોરો બાંધ્યો. રૂપસિંહે એ દોરો છોડીને ઠગના સરદારના અંગૂઠે બાંધ્યો. અપ્સરા ઘોડાને લઈને ઉડી ત્યારે હાથીએ કહ્યું કે આ ચોર નથી. રૂપસિંહ સવારે જાગ્યો ત્યારે સરદારના છોકરાઓને કહ્યું કે તમારો બાપ મારો ઘોડો ચોરી ભાગી ગયો છે. છોકરાઓએ વળતરરૂપે ઘોડો અને ધન આપ્યા તે લઈ રૂપસિંહ ઉત્તર દિશામાં ગયો. રસ્તામાં રાક્ષસ મળ્યો તો તેને કહ્યું કે પરમેશ્વરની આરતીના નગારાનું ચામડું ફાટી ગયું છે, તેથી રાક્ષસને મારી તેનું ચામડું લેવા નીકળ્યો છું. રાક્ષસે કહ્યું અમારા કાકા આંધળા છે તેને લઈ જાઓ. રૂપસિંહ ન માનતા એને પવનપાવડી આપી. તે લઈ એક નગરના ઉજ્જડ બાગમાં જઈને રૂપસિંહ સૂતો એથી બાગ ખીલી ઊઠ્યો. માલણ તેને પોતાને ઘેર લઈ ગઈ. એ નગરીની કુંવરી ફૂલચંપાએ જોયો અને તે પ્રેમમાં પડી. ભાભીએ આપેલ અમૃતકૂંપી માલણને આપતા કહે છે કે મારો ઘાત થાય તો આનો ઉપયોગ કરવો. માલણ સ્ત્રીવેશે રૂપસિંહને મહેલમાં લાવી. અંધ દ્વારપાળે રાજાને જાણ કરી કે કોઈ પુરુષ રણવાસમાં પ્રવેશ્યો છે. રાજાએ તપાસ કરી રૂપસિંહને શૂળીએ ચડાવ્યો. માલણે રૂપસિંહને સજીવન કર્યો. પવનપાવડી ઉપર બેસીને બન્ને નાસી છૂટ્યા. રસ્તામાં રાજકુમારીને તરસ લાગતા નીચે ઊતર્યાં. રાજકુમારી શંકા જતા એકલી પવનપાવડી લઈ ભાગી જાય છે. રૂપસિંહ રૂપપરિવર્તિની ઔષધી મેળવી વાનરનું રૂપ ધારણ કરી નગરમાં પ્રવેશ્યો. રાજકમારીને શંકા બદલ પસ્તાવો થયો, ચોરેલી પવનપાવડી પાછી આપી, અનારદેની ભાળ આપી. રૂપસિંહ અંતે

વિવિધ જાદુઈ માળવાળા મહેલમાં પહોંચ્યો. ત્યાં એક યોગી મળ્યો એને સાચી અનારવાળું દાડમ આપ્યું. સવારે અનાર ફાટતાં અનારદેવી બહાર નીકળી, તેના ખોળામાં રૂપસિંહ ઊંઘી ગયો. એક બાઈના ખોળામાં રૂપસિંહનું માથું મૂકી અનાર નહાવા ગઈ ત્યારે કપટી બાઈએ એને ધક્કો માર્યો અને પોતે અનારને સ્થાને ગોઠવાઈ ગઈ. ઘરે આવ્યા ત્યારે ભાભીએ તેને અનારમાં સમાઈ જવા કહ્યું, પણ કપટીએ બહાનું બતાવ્યું. સાચી અનાર ફૂલ બની ગઈ. તે ફૂલ કપટી સ્ત્રીએ બારી બહાર ફેંકી દીધુ ને એમાંથી આંબો ઊગ્યો. એની કેરીમાંથી સાચી અનાર પ્રગટ થઈ અને વણિક પુત્રી તરીકે ઊછરી. તેનો પણ વધ કરાવ્યો તો એના માથામાંથી ભગવાન શંકર અને શરીરમાંથી પાર્વતીજી પ્રગટ્યાં. કપટી અનારને આની જાણ થઈ અને રૂપસિંહને એ દિશામાં ન જવા કહ્યું. રૂપસિંહ શિવદર્શને ગયો અને ચકલા-ચકલીનો સંવાદ સાંભળતાં એને સાચી વાતની જાણ થઈ. સાચી અનાર કેળમાંથી નીકળી શિવપૂજન કરવા ગઈ ત્યારે રૂપસિંહે એનો હાથ પકડ્યો.

**પાત્રાલેખનકલા**

આ કૃતિમાં જોરાવરસિંહ દરેક પાત્રને બરાબર ખીલવવામાં સફળ રહ્યા છે. તેમણે આ કથામાં પાત્રલેખનકલાને પુરો ન્યાય આપ્યો છે. મુખ્ય નાયકનું પાત્ર રૂપસિંહનું છે. ભાભીનું મહેણું ભાંગવા પોતે ઘણા બધા જોખમો ખેડીને પણ સ્વર્ગની અપ્સરા અનારને પરણી લાવે છે. રૂપસિંહની ભાભી રૂપાંદે પોતાના પતિ ફૂલસિંહની પાછળ સતિ ન થતા પ્રજાની વાત માન્ય રાખી કૂળધર્મને જતો કરી રાજધર્મ નિભાવે છે. કપટી સ્ત્રી ખલનાયકના રૂપમાં છે જે નાયિકા અનાર અને નાયકના મિલનમાં બાધા રૂપ બને છે. આ ઉપરાંત લેખકે નાના મોટા તમામ પાત્રો જેવા કે ઠગ, ઠગનો સરદાર, સરદારના છોકરા, માલણ, ફૂલચંપા, યોગી, સ્વર્ગની અપ્સરાઓ, રાજા, દ્વારપાળ તથા માનવેત્તર પાત્રો જેવા કે હાથી, રાક્ષસ, ચકલા-ચકલી વગેરેને પૂર્ણ રીતે ખીલવી શક્યા છે.

**રસનિરૂપણકલા**

કોઈપણ કથામાં નવ રસમાંથી કોઈ એક રસનું તો પ્રાધાન્ય હોય જ છે, પરંતુ જોરાવરસિંહે આ કથામાં વિવિધ રસોનું મિશ્રણ કરેલું જોવા મળે છે. અહીં અદ્‌ભુતરસની સૃષ્ટિ તો સાદ્યંત નિરૂપાઈ છે, પરંતુ આ રસસૃષ્ટિની સાથે વીરરસ (રૂપસિંહના જીવન સંદર્ભે),

શૃંગારરસ (રૂપસિંહ અને અનારના લગ્ન સંદર્ભે), હાસ્યરસ (પાટણના ઠગ સંદર્ભે), ભયાનકરસ (રાક્ષસના સંદર્ભે) એમ વિવિધ રસ પણ માણવા મળે છે. આ રસનિરૂપણમાં જોરાવરસિંહની કલા સિદ્ધિ થતી દેખાય છે.

## ભાષાશૈલી

આ લોકકથાઓની ભાષા કોઈ પ્રાધ્યાપકની નથી. અછડતી કે અડવી લાગતી નથી લોકવાણી અને ચારણોને કંઠે સાંભળેલી લોકકથાઓને પોતાના હૈયાની ક્યારડીમાં રોપી, નિજ સ્વપ્નના પાન પાઈ ઉછેરેલી ડાંગર લ્હેરાતી હોય એવી આ કથાઓ રૂપાંતરિત થઈ લોકવાણીના સહજ સ્વાંગ પહેરી લહેરાતી લાગે છે. એમાં આયાસનું ક્યાંય દર્શન થતું નથી. ક્યાંય ભાષા નથી ખટકતી કે નથી આધુનિકપટે અભડાતી. આ કથામાં જે વર્ણનો છે તે ધ્યાનાકર્ષક બની રહ્યાં છે. ઉદાહરણ રૂપે ઘોડાનું વર્ણન જોઈએ તો,

"બોટાદના બાજોઠ જેવી ઘોડાની છાતી, ખારેકના ઠળિયા જેવી કાનસૂરી, હાથની હથેળીમાં પાણીનું ફોરું પડ્યું હોય તોય ચૂસી લે એવી મોકલી ને પૂંછડાનો ઝંડો ઊંચો રહી ગયો છે."[૪] આ ઉપરાંત સરોવરનું વર્ણન જોઈએ તો,

"ભર્યાભાદર્યા સરોવરમાં લીલું કંચન જેવું જળ હિલોળા લે છે. રૂની પૂણી જેવા સફેદ અને ગુલાબી કમળો ખીલ્યા છે. કમળ ઉપર ભમરા ગુંજારવ કરે છે. જળકૂકડીઓ પાણીમાં સંતાકૂકડી રમે છે."[૫]

## ઉપસંહાર

કથાવસ્તુમાં એકસૂત્રતા જોવા મળે છે. એક પછી એક ઘટના ક્રમશઃ બનતી હોય એવું લાગે છે. આ અત્યંત મહત્ત્વની પરંતુ સંકુલ એવી જાદુઈ-તિલસ્માતી કથા છે. 'અનાર' એવો પ્રયોગ સૂચવે છે કે આ કથા રાજસ્થાન જેવા હિંદી પ્રદેશમાંથી આવી છે. દક્ષિણ ભારતમાં પણ દાડમ-કુમારની લોકકથા છે. સ્વર્ગની અપ્સરા માનવના પ્રેમમાં પડીને જો પૃથ્વી પર આવે તો એને આપતિનો સામનો કરવો પડે છે, એવી સામાન્ય ધારણા જણાય છે. અપ્સરા,

ગાંધર્વ, યક્ષ વગેરે મનુષ્યેત્તર દૈવી પાત્રની જેમ કોઈ વૃક્ષના ફળ રૂપે રહીને કોઈ નિશ્ચિત સમયે પોતાના દૈવી રૂપમાં આવતાં મનુષ્યેત્તર પાત્રનો અહીં ઘટક છે. અહીં જાદૂઈ-તિલસ્માતી ઘટનાઓ તથા વિવિધ પ્રકારના ચમત્કાર તથા ધૂર્તકથા કે ઠગપુરાણની કથાઓના ઘટકો પણ જોડાયેલા છે. આ દ્રષ્ટિએ આ કથા અત્યંત સંકુલ છે.

### ૩. ૧. ૫ ડોશીનો દીકરો બાયડી લાવ્યો

**પ્રસ્તાવના**

ઈ. સ. ૧૯૭૩ માં જોરાવરસિંહે લખેલી ‘ડોશીનો દીકરો બાયડી લાવ્યો’ પરીકથાના અંશો ધરાવતી ચમત્કૃતિઓ તેમજ બાળવાર્તાઓમાં જોવા મળતો લાક્ષણિક હાસ્યરસથી ભરપૂર એવી કથા છે. જેમાં કથાનાયક ડોશીના દીકરા નવઘણને ભરવાડ જ્ઞાતિનો અનન્ય શરીરબળ તેમજ ભૂતને પણ ભારે પડે તેવી હિંમત ધરાવતા પરંતુ સ્વભાવે લગભગ અબુધ કહી શકાય તેવો બતાવેલો છે. ઉપરોક્ત સામાન્ય સમજણનો આધાર લઈને આ લોકવાર્તાના મુખ્ય પાત્ર, તેના પરિવેશ તથા પરાક્રમોની આસપાસ ગૂંથાયેલ ચમત્કૃતિઓનો આધાર લઈ વાર્તાના માળખાનું ઘડતર કરવામાં આવેલું છે. પ્રકારની દ્રષ્ટિએ આ વાર્તા ચમત્કૃતિ તેમજ હાસ્યપ્રધાન બાળવાર્તા હોવા છતા લગભગ કોઈપણ વયજૂથના વાચક, ભાવકમાં રસનિર્મિતી નિપજાવી શકે તેટલી સક્ષમ છે. આ લોકકથામાં આકરુ ગામના ભરવાડ કુંવરા મેવાડાનું વિશેષ યોગદાન છે. આ તેની કથનશૈલીમાં રજૂ થતી લાક્ષણિકને ધીંગી લોકકથા છે.

**કથાવસ્તુ**

વિધવા ડોશીના યુવાન બનેલા પુત્ર નવઘણને કોઈ કન્યા આપે તેવું ન હોય તે વાંઢો રહી જતાં છોકરાંઓ ચિડવે છે. અબુધ નવઘણ માતા પાસે વહુ લાવવાની રઢ લે છે. ભોળા દિકરાને મનાવી લેવા માતા કુલડીમાં બિલાડીનું બચ્ચુ પૂરી તેના પર મોડિયો ને ચુંદડી નાખે છે. દોહવા બેઠેલો નવઘણ નવી વહુ પાસે બોઘરણું માંગે છે અને આજ્ઞાનું પાલન ન થતાં કુલડી વહુ ને નોંઝણું મારે છે. કુલડી ફૂટતાં બિલાડીનું બચ્ચું ભાગે છે ને ભાગેલી આ વહુને શોધવા

ભોળો નવઘણ નીકળે છે. રસ્તામાં અને ક્રમશઃ કુંભાર, ભરવાડ અને કણબી મળે છે એમને વહુ વિશે પૂછતાં સંતોષકારક જવાબ ન મળતાં ત્રણેને વારાફરતી મારી, કુંભારનું ગધેડું, ભરવાડનું બકરૂં અને કણબીનાં બળદ અને વરત લઈને આગળ જાય છે. રસ્તામાં રુંઢિયા રાક્ષસનો મહેલ આવતાં રાક્ષસની પુત્રીને મળે છે. રાક્ષસ આવતાં પુત્રી નવઘણને મેડીએ સંતાડે છે. રુંઢિયો આવી માણસ ગંધાય છે એમ કહેતાં નવઘણ બોલીને પોતાની જાત છતી કરી પોતાની ભડભાખડ તરીકેની ઓળખ આપે છે. રુંઢિયો રાક્ષસ અદ્રશ્ય રહેલી વ્યક્તિ ખરેખર પોતાનો ભાઈ જ છે, તેની ખાતરી કરવા ખોંખારો ખાવાની, માથાનો ટોલો નાખવાની ને મૂછનો મોવાળો નાખવાની સ્પર્ધા કરે છે. રાક્ષસના ખોંખારા સામે પોતાનો ખોંખારો રજૂ કરતાં નવઘણ ગધેડાને મારીને ભોંકાવે છે, રાક્ષસના માથાના ટોલા સામે બકરું નાખે છે અને મૂછના મોવાળા સામે નવઘણ કોસનો વરત નાખે છે. આથી અદ્રશ્ય આગન્તુક ખરેખર પોતાના કરતાં બળિયો છે, એવું લાગતાં રુંઢિયો રાક્ષસ ભાગે છે અને રાક્ષસની પુત્રીને પોતાની વહુ તરીકે સાથે લઈ જઈ નવઘણ પાછો ફરે છે.

**પાત્રાલેખનકલા**

આ કથામાં જોરાવરસિંહે પાત્રલેખનકલાને પુરો ન્યાય આપ્યો છે. મુખ્ય નાયકનું પાત્ર નવઘણનું છે. તે પોતાની વહુને શોધવા જાય છે ત્યારે રસ્તામાં ભરવાડ, કણબી, કુંભારને મળી રુંઢિયા રાક્ષસની દીકરીને પરણી લાવે છે. ભોળા નવઘણને મનાવતી વિધવા માના પાત્રને પણ યોગ્ય રીતે ઉજાગર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ કથામાં ગૌણ પાત્રોના રૂપમાં જોઈએ તો કુંભાર, ભરવાડ, કણબી છે. અમાનવીય તત્ત્વોમાં જોઈએ તો રુંઢિયો રાક્ષસ, બકરું, ગધેડું, રાક્ષસની પુત્રીનું સુંદર રીતે આલેખન કરવામાં આવ્યું છે. દરેક પાત્રને લેખકે સક્ષમ બતાવ્યું છે. ખૂબ ઓછા પાત્રો વડે પણ આ કથા આપણને આસ્વાદ્ય લાગે છે.

**ભાષાશૈલી**

આ વાર્તા બાળકોને ધ્યાનમાં રાખીને લખાઈ હોવાથી જોરાવરસિંહે આ સંગ્રહમાં એકદમ તળપદી, સરળ અને સાદી ઉપરાંત ગામઠી ભાષાનો પ્રયોગ કરેલો છે. તળપદા શબ્દોમાં જોઈએ તો બૈ, ઈની, આઢીશ, નીકર, ઢૂંકડો, ચંઈ, ચ્યમ, હંતાડું, હામું જેવા તળપદા

શબ્દોનો ભરપૂર ઉપયોગ થયેલો જણાય છે. ટૂંકા ટૂંકા મિતાક્ષરી વાક્યોને કારણે આ કથાસંગ્રહ અભણ માણસોને પણ એકદમ યાદ રહી જાય છે.

### કથાઘટકો

આ હાસ્યરસિક એવી બાલકિશોર માટેની લોકકથા છે. પરંતુ કોઈ પણ વયજૂથને કથા તરીકે રસ પડે એવી અને ઘટનાએ ઘટનાના સાર્થક એવા અંકોડાવાળી છે. આવી ચુસ્ત અને હાડેલી કથા યુગો સુધી પોતાનું મૂળ રૂપ ટકાવી રાખીને વહેતી રહે છે. "કોઈ પાત્ર કોઈ પણ નિમિત્તે દેશાટન કરે અને રસ્તામાં તેને જુદીજુદી પરિસ્થિતિમાં જુદીજુદી વ્યક્તિઓનો ભેટો થાય અને જુદીજુદી વસ્તુઓ પ્રાપ્ત થાય, જે અંતિમ પરાકાષ્ઠાની પરિસ્થિતિને હલ કરવામાં ઉપકારક બને. આવું નિશ્ચિત કથામાળખું ભારતીય પરંપરાગત કથાઓમાં વિવિધ રીતે પ્રયોજાતું હોય છે. અહીં એનો જ સચોટ ઉપયોગ થયો છે. બીજું, રાક્ષસનો કોઈ અસ્ત્રશસ્ત્ર જાણતો વીર વધ કરે અને રાક્ષસની પુત્રી કે અન્ય કોઈ રાક્ષસરક્ષિત રૂપસુંદર કન્યકાને તે વીર પરણી લાવે. આવું અનેક કથાઓમાં જોવા મળે છે. પરંતુ અહીં એવો અસ્ત્રશસ્ત્રવીર નથી, ભરવાડ છે. એથી પોતાની મોટાઈ સાબિત કરવા માટેની સ્પર્ધાની નવી જ કથાયુક્તિ અહીં પ્રયોજવામાં આવી છે."[૬] ભાલ, ઝાલાવાડ વગેરે પ્રદેશોમાં ભરવાડનાં ભોળપણ અને શરીરબળનાં વિવિધ કથાનકો મળે છે. માથાના મોવાળા ઊભા થઈ જાય એવી અઢાર દિવસની ખાટી છાશ પણ પીને હજમ કરી જાય તે સાચો ભરવાડ. આવી લાક્ષણિક કસોટીનો ઘટક આવી કથાઓમાં મળે છે.

### ઉપસંહાર

કોઈપણ વયજૂથના વાચક, ભાવકને કથા તરીકે વાંચવામાં અત્યંત રસ પડે એવા ઘટનાઓના સાર્થક અંકોડાઓની મદદ વડે રસસાતત્યને જાળવી રાખતી આ પ્રકારની ચૂસ્ત કથનશૈલી અને મજબુત કથાવસ્તુ ધરાવતી લોકકથાઓ યુગો સુધી પોતાનું અનન્ય એવું મૂળ સ્વરૂપ ટકાવી રાખીને પેઢી દર પેઢી કર્ણોપકર્ણ વહેતી રહે છે. અલબત્ત આવી કથાઓ કોઈ એક જ પ્રદેશ કે કોઈ એક જ જનજાતિ કે લોકજાતિ પુરતી સીમિત ન રહેતા પ્રાદેશિક

લોકસાંસ્કૃતિક વહેણોની અસરોના પરિપાક રૂપે રૂપાંતરો સાથે લગભગ બધે જ એકસરખું લોકપ્રિય સ્થાન લોકોના હ્રદયમાં જાળવી શકતી જોઈ શકાય છે.

### ૩. ૧. ૬ મોટું કોણ ?

**પ્રસ્તાવના**

ઈ. સ. ૧૯૭૪ માં પ્રકાશિત થયેલ 'મોટું કોણ ?' ના માહિતીદાતા ભાલના રાઘાભાઈ ભરવાડ છે. શીર્ષક લેખકે આપ્યું છે. સમગ્ર વિશ્વમાં પ્રદેશે પ્રદેશે ફેલાયેલી લોકજાતિતઓની લોકસંસ્કૃતિમાં માત્ર નિર્ભેળ મનોરંજનના હેતુસર કોઈપણ વિચારશીલ વાચક, ભાવકના મગજને કપોળકલ્પિત કથાવસ્તુની મદદ વડે અત્યંત ચકરાવે ચડાવી મૂકે એવા કથાનકો ધરાવતી વાર્તાઓને આપણે ત્યાં ગુજરાતમાં ડીંગકથાઓ, ડીંગપુરાણ કે ડીંગણ સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની કથાઓમાં ઇંગ્લીશ સાહિત્યમાં જેને Absurd Fantasy તરીકે ઓળખવામાં આવે છે તેવી કથનશૈલીનો ઉપયોગ થયેલો હોય છે. આ પ્રકારની વાર્તાઓમાં પાત્રો તેમજ ઉલ્લેખાયેલી ચીજવસ્તુઓના કદમાપ સામાન્ય ધારાધોરણો તથા સામાન્ય સમજણથી ક્યાંય વેગળા અને લગભગ અશક્યની હદ સુધી વિસ્તારેલા જોવા મળે છે. આવા ઢંગધડા વગરના કદમાપનો જ ઉલ્લેખ વાર્તાની કથનશૈલીને હાસ્યરસનું પરિમાણ પૂરુ પાડે છે. "સામાન્ય રીતે આવા ડિંગ પદ્યમાં કે ગદ્યપદ્યમાં હોય છે. અહીં એને કથાનું રૂપ મળ્યું છે, જે દુર્લભ છે. ગુજરાતીમાં અન્યત્ર આવી કથાનું દસ્તાવેજીકરણ કદાચ થયું નથી."[૭]

**કથાવસ્તુ**

પૂંજયો ભોઈ એક ગાડામાં બત્રીશ મણનો ભાર છે એવાં કુલ બત્રીશ ગાડાં કેડયના અછોડે બાંધી નીકળ્યો. સામે મઈલો મલ્લ મળ્યો. બન્ને વચ્ચે બળિયું કોણ એવી સ્પર્ધા થઈ. બન્નેએ આ સ્પર્ધામાં કોણ જીત્યું છે એનો જોઈને નિર્ણય કરવા માટે ભાત દેવા જતી કણબણને રોકી. કણબણને ભાત દેવા જવાની ઉતાવળ હતી એથી રોકાઈ શકે એમ ન હોવાથી બન્નેને પોતાના ડાબા-જમણા ખભ્ભે ચડીને લડવા કહ્યું. બન્ને લડવા લાગ્યા. કણબણના પતિને

લાગ્યું કે પોતે પત્નીને વઢેલો એટલે પત્ની પોતાના ભાઈઓને ખભે બેસાડીને આવી છે. તે ઝાડ પર ચડી ગયો. લડતાં-લડતાં પૂંજિયો અને મઈલો ઊની ઊની કઢીના પાટિયામાં પડ્યા ને બફાઈ ગયા. પત્નીએ પતિને ઝાડ પરથી ઉતાર્યો અને પતિ કઢીની સાથે જ પૂંજયા અને મઈલાને કઢીના વઘારનાં મરચાં માની ખાઈ ગયો. અછોડે બાંધેલાં બત્રીશ ગાડાં નધણિયાતાં જોઈ આકાશમાં ઊડતી એક સમડી અછોડો લઈ ગઈ, સાથે ગાડાં પણ લટકાવ્યાં. આ અજાયબ દ્રશ્યને રાજકુંવરી ફાટી આંખે જોતી હતી કે સમડીની ચાંચમાંથી અછોડાનો છેડો છૂટ્યો ને બત્રીશેય ગાડાં સાથેનો અછોડો કુંવરીની આંખમાં પડ્યો. કુંવરીને લાગ્યું કે આંખમાં કણું પડ્યું છે. એણે ગાંયજણને બોલાવી. એ આંખનું કણું કાઢી અછોડા સાથેનાં બત્રીશે ગાડાં ઘાઘરાના નેફે ઘાલી ઘરે આવી. ગાડાનો માલ ઘરભેગો કરી બત્રીશ ગાડાં બાળ્યાં અને તેના પીગળેલા લોખંડમાંથી ગાંયજીએ નાકના મોવાળા કાઢવાનો ચીપિયો બનાવ્યો. ગાંયજો આ ચીપિયાથી રાજાના નાકના મોવાળા કાઢતો હતો કે રાજાને બગાસું આવ્યું કે રાજાના નાક વાટે ચીપિયો અને સાથે જ સવાસો સાંઢ્યું અને રબારી પણ રાજાના માથામાં પ્રવેશ્યા. રાજાને માથાનો દુખાવો થયો. દશ-બાર મહિને તો રાજાના માથામાં ઝાડ ઊગ્યા. એક માલમીએ આ બધું કાઢવાના ઉપાય રૂપે રાજાને ભોંછીંકણી સુંઘાડી. રાજાને છીંક આવી ને ચીપિયો, રબારી, સાંઢ્યું નાકમાંથી બહાર આવી.

**પાત્રાલેખનકલા**

આ એક હાસ્યપ્રધાન કથા છે. આ કથા વાંચવાથી આપણને જણાય છે કે મુખ્ય પાત્ર અને ગૌણ પાત્ર એકબીજા સાથે એટલા મળી ગયા છે કે કહેવું મુશ્કેલ છે કે કયું પાત્ર મુખ્ય અને કયું પાત્ર ગૌણ છે. જોરાવરસિંહે આ કૃતિમાં આવતા દરેક પાત્રને યોગ્ય ન્યાય આપ્યો છે અને બધા જ પાત્રને બરાબર ખીલવ્યા છે. સૌ પ્રથમ પૂંજીયો અને મઈલો બન્ને બેમાંથી મોટું કોણ? એ સાબિત કરવા માટે લડે છે. કણબણે બન્નેને પોતાના ખભ્ભે ચડીને લડવા કહે છે. રાજકુંવરી, ગાંયજણ, ગાંયજો, રાજા, માલમી આ ઉપરાંત સમડી જેવા પાત્રોને એકબીજાથી ચડિયાતા બતાવ્યા છે. તેમાં સર્જકની પાત્રાલેખનકલાનો આપણને સુપેરે પરિચય થાય છે.

### *ભાષાશૈલી*

*આ વાર્તા બાળકોને ધ્યાનમાં રાખીને લખાઈ હોવાથી જોરાવરસિંહે આ સંગ્રહમાં એકદમ તળપદી, સરળ અને સાદી ઉપરાંત ગામઠી ભાષાનો પ્રયોગ કરેલો છે. તળપદા શબ્દોમાં જોઈએ તો ભાયડો, હંધાય, ઈને, છતો થયો, માલીપા, સંઘાત, અટાણે જેવા તળપદા શબ્દોનો ભરપૂર ઉપયોગ થયેલો જણાય છે. ટૂંકા ટૂંકા મિતાક્ષરી વાક્યોને કારણે આ કથાસંગ્રહ અભણ માણસોને પણ એકદમ યાદ રહી જાય છે.*

### *ઉપસંહાર*

*ગુજરાત અને સૌરાષ્ટ્રના સિમાડાઓ જ્યાં જોડાય છે ત્યાં ખંભાતના અખાતની ટોચે આવેલા ભાલ પ્રદેશના નિવાસી એવા રાઘાભાઈ ભરવાડ પાસેથી પ્રાપ્ત થયેલી ડીંગળ સાહિત્યની આ કથામાં નિર્મિત કલ્પનો અને ચમત્કૃતિઓનું પ્રમાણ માન્ય અમાન્ય એવા કોઈપણ માપદંડોને ઉલ્લંઘીને આગળ નીકળી જાય છે. કથાની શરૂઆતમાં જ ઉલ્લેખાયેલ પૂંજિયો ભોઈ એક ગાડાંમાં બત્રીશ મણનો ભાર હોય એવા કુલ બત્રીશ ગાડાં કમરના અછોડે બાંધીને ચાલી નીકળે તો આવા બત્રીશ ગાડાંનો બોજ ખમી શકનાર, તેમને એકીસાથે બાંધી શકનાર અછોડો કેવડો હોય ? અને એ અછોડો જેની કમર ઉપર બાંધેલો છે તે પૂંજિયો ભોઈ કેવડો હોય ? પરંતુ એવી કોઈ પળોજણમાં પડ્યા વગર નર્યા કપોળકલ્પિત તમામ માપદંડોને ઉલ્લંઘી જતા કદમાપના વર્ણનો માણીને નિર્ભેળ આનંદ અવશ્ય પ્રાપ્ત કરી શકાય છે.*

*ઈંગ્લીશ લીટરેચરમાં પણ* Fantasy *નો આવો જ ભરપૂર તેમજ અકલ્પનીય ઉપયોગ લ્યૂઈસ કેરોલની અતિ મશહુર પરીકથા જે આપણા ડીંગળ સાહિત્ય સાથે પણ એટલું જ સામ્ય ધરાવે છે તે 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ની યાદ અપાવે છે. અહીં એક વાત તો કબૂલ કરવી જ રહી કે જેમણે 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ની કથા વાંચી તેમજ માણી હોય તેઓ જ્યારે 'મોટુ કોણ ?' નું કથાનક વાંચે તો તેમને અવશ્ય પ્રતિતિ થાય કે આ વાર્તામાં થયેલો કલ્પનાવિહાર 'એલિસ ઈન વન્ડરલેન્ડ'ને પણ ક્યાંય ટપી જાય તેવો છે.*

### ૩. ૧. ૭ કનક ચાવડો

**પ્રસ્તાવના**

ઈ. સ. ૧૯૭૭ માં પ્રકાશિત થયેલી 'કનક ચાવડો' લોકવાર્તા પણ કુંવરા મેવાડા દ્વારા પ્રાપ્ત થતી અત્યંત પ્રાચીન લોકકથા છે. આ કથા પણ સ્ત્રોતોનું મૂલ્યાંકન કરતાં તથા તેમાં રહેલી ઘટનાઓની તેમજ તેમાંના પાત્રોના નિરૂપણની પદ્ધતિનું અધ્યયન કરતાં આ કથા પણ તેના મૂળિયાં પ્રાકૃત મૂળની કથાઓ સુધી લંબાવતી હોવાનું જણાય છે. અલગ અલગ શક્તિ ધરાવતા ક્ષત્રિય, બ્રાહ્મણ, વણિક અને સુથાર એમ ચાર મિત્રોવાળી લગભગ આ જ પ્રકારની ઘણી બધી કથાઓ જોવા મળે છે. આજની પેઢીના બાળકોને મન પાશ્ચાત્ય સંસ્કૃતિના આક્રમણરૂપ એવા બાળસાહિત્યની ભરમાળ વચ્ચે તેનાંથી જરાય ઉતરતું નહીં એવું કથાસાહિત્ય આપણા વારસામાં પણ પડેલું છે. તેની જબરજસ્ત અને સજ્જડ પ્રતિતિ કરાવી આપનારી આ બધી વાર્તાઓ ગણી શકાય.

**કથાનક**

દાદભા દરબાર, બટુકપ્રસાદ બ્રાહ્મણ, વીરચંદ વણિક અને છગન સુથાર આ ચાર મિત્રો. ચારેયમાં આગવી શક્તિ. દાદભા અસ્ત્ર-શસ્ત્ર ચલાવવામાં કુશળ એવો યોદ્ધો, બટુકપ્રસાદ હાડકા જેવા કોઈ બચેલા દેહાવશેષ પર પાણી છાંટીને મૃત જીવતું કરવામાં સિદ્ધ એવો માંત્રિક, વીરચંદ જોઈને જોતાં જ એણે અમુકને રોટલા ખવડાવ્યા છે એવું કળી શકતો ભૂત-ભવિષ્યનો દ્રષ્ટા અને છગન આકાશમાં ઊડી શકતું યાન બનાવી શકતો યંત્રવિદ. આ ચારે મિત્રો પ્રવાસે નિકળ્યા. રસ્તામાં હાડકું નિકળ્યું. મંત્રવિદ બ્રાહ્મણે એના પર મંત્રેલું પાણી છાટતાં સિંહ સજીવન થયો અને ચારે પર ત્રાટક્યો. બ્રાહ્મણ, વણિક અને સથાર ભયભિત બની ભાગ્યા. ક્ષત્રિયે સિંહનો સામનો કરી નાશ કર્યો અને જંગલમાં આગળ વધ્યો. એક વૃક્ષ નીચે સુતેલા ક્ષત્રિયે પક્ષીના બચ્ચાને ખાવા આવતા નાગનો નાશ કરી બચ્ચાને બચાવ્યા. આથી ઉપકારવશ પક્ષીએ જરૂર પડયે સહાય કરવા હાજર થશે, એવું વચન આપ્યું. વનમાં આગળ વધતા વીર ક્ષત્રિયને જાણ થઈ કે ત્ર્યંબકનગરીને ઉજ્જડ કરી તેમાં પોતાની પુત્રી સાથે ઢૂંઢિયો રાક્ષસ રહે છે.

ક્ષત્રિયે ઘરપંખ પક્ષીને બોલાવી ત્યાં પહોંચાડવા જણાવ્યું. ઢૂંઢિયો બહાર ગયો હતો ત્યારે ક્ષત્રિય રાક્ષસની પુત્રીને મળ્યો. બન્ને પ્રેમમાં પડયાં. રાક્ષસ મહેલે પાછો ફરતો ત્યારે રાક્ષસની પુત્રી પોતાના પ્રેમીને જાદુથી માખી બનાવી મેડીમાં ચોંટાડી દેતી. પુત્રીએ ચાતુર્યથી વાત કઢાવી જાણ્યું કે એના રાક્ષસ પિતાનો જીવ સૂર્યના રથના ચક્રમાં ભમરા રૂપે છે અને જો કોઈ મધ્યાહ્ને ચૂલા પર તેલ ઉકાળી, કડા પર પગ ગોઠવી બાણ મારીને ભમરાને ઊકળતા તેલના કડામાં પાડે, તો રાક્ષસનું મોત થાય. ક્ષત્રિએ આ ચાલ અજમાવી રાક્ષસનો વધ કર્યો અને ક્ષત્રિય તથા રાક્ષસપૂત્રી ત્ર્યંબકનગરીમાં રહેવા લગ્યાં રાક્ષસપુત્રી સરોવરમાં સ્નાન કરવા ગઈ ત્યારે એની સોનેરી ચૂંદડી માછલીને વીંટળાઈ. માછીમારે આ માછલીને પકડી ચૂંદડી કંકાવટીનગરીના રાજા કનક ચાવડાને આપી. રાજાએ સોનેરી ચૂંદડીવાળી સૂંદરીને પરણવાની ઈચ્છા થઈ અને તેને શોધવા બિડું ફેરવ્યું. ગાંગલી ઘાંચણે બીડું ઝડપ્યું અને ઢીમરને મળીને ત્ર્યંબકનગરીની ભાળ મેળવી, રાક્ષસની પુત્રીની માસી હોવાનો સંબંધ જણાવી ઘરોબો કેળવ્યો અને ચતુરાઈથી ક્ષત્રિયનો જીવ તલવારની મૂઠમાં છે તે જાણી લીધું અને તે હાથ કરી મૂઠ બાળી. ક્ષત્રિયનું મોત થયું. તેની નિરાધાર પત્નીને લાચાર બનાવી કંકાવટી લાવી. રાક્ષસપૂત્રીએ પોતાના મૃત પતિનું શબ ત્ર્યંબકનગરીમાંજ પટારામાં મૂક્યું હતું અને વ્રત હોવાનું બહાનું કાઢી એકદંડિયામાં રહેવા લાગી. સિંહ સજીવન થતાં ભાગી ગયેલા ત્રણ મિત્રો પણ કંકાવટીમાં આવી વિવિધ ધંધામાં સ્થિર થઈ ગયા હતા. એમને પણ કામનિમિત્તે એકદંડિયામાં જવાનું થતાં ભૂતકાળને જાણનારો વણિક જાણી ગયો કે એકદંડિયામાં રહેતી રૂપસૂંદરીએ પોતાના મિત્રને રોટલા ખવડાવ્યા છે. આ ચાવિને આધારે ત્રણે મિત્રોને ક્ષત્રિયના ઘાતની જાણ થઈ. રાક્ષસપૂત્રીએ કનકસેન ચાવડાને જણાવ્યુંકે વ્રત પૂર્ણ થયું છે અને ત્ર્યંબકનગરીના શિવમંદીરે દર્શન-પૂજન કરવાનાં છે. રાજાએ શિઘ્ર લઈ જઈ શકે તેવા રથનો ઢંઢેરો પિટાવ્યો ને સુથારે બીડું ઝડપી ઊડતું યાન બનાવ્યું અને તેમા રાક્ષસપુત્રી, ત્રણ મિત્રો અને ગાંગલી બેઠાં અને ત્ર્યંબકનગરી જવા રવાના થયાં. રસ્તામાં ટેકરી પાસે યાના લાવી ગાંગલીના માથાને શિખર સાથે અથડાવી નીચે પાડી મોતને ઘાટ ઉતારી ચારેય ત્ર્યંબકનગરી પહોંચી માંત્રિક બ્રાહ્મણે, પેટીમાં સંઘરેલા ક્ષત્રિયના શબ પર અંજલિ છાંટી સજીવન કર્યો. અને રાક્ષસપુત્રી સાથે ચારેય મિત્રો પોતાના નગરમાં પહોંચ્યા.

## પાત્રાલેખનકલા

કોઈપણ કૃતિમાં પાત્રો એ આપણા શ્વાસોશ્વાસ જેટલાં જ અગત્યના હોય છે. આ કૃતિમાં મુખ્ય પાત્ર તરીકે દાદભા છે. તે ઢૂંઢીયા રાક્ષસને મારીને તેની દીકરી સાથે પરણે છે. તેનામાં બહાદુરી અને ખુમારીના દર્શન આપણને થાય છે. તથા તેના મિત્રો બ્રાહ્મણ, વણિક અને સુથાર જે અલગ અલગ વિદ્યામાં પાવરધા છે. ગૌણ પાત્રોમાં જોઈએ તો કંકાવટીનગરીના રાજા કનક ચાવડા, માછીમાર, ગાંગલી ઘાંચણ, રાક્ષસની પુત્રી રૂપસુંદરીના પાત્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ કથામાં અમાનવીય તત્ત્વોનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે જેમકે  સિંહ, નાગ, ઢૂંઢિયો રાક્ષસ, ઘરપંખ પક્ષી, માછલી, વગેરે. લેખકે આ દરેક પાત્રને પૂરતો ન્યાય આપ્યો છે. આ કથા વાંચતી વખતે આપણને એમ ન લાગે કે આ પાત્ર ન હોત તો પણ ચાલત, એટલે કે આ વાર્તામાં દરેક પાત્ર તેની જગ્યાએ યોગ્ય જ છે.

## ભાષાશૈલી

કથનમાં દ્રષ્ટિબિન્દુ બદલીને કથાને પ્રસ્તુત કરવામાં કેટલાક નવા જ પ્રયોગો પણ લેખકે કર્યા છે. ઉદાહરણ તરીકે જોઈએ તો વાર્તાએ વાર્તાના આરંભ અને તેના કથનકેન્દ્રો તપાસતાં જ આલેખન રીતિના વૈવિધ્યનો ખ્યાલ આપે છે. ક્યાંક સૂચક વર્ણન છે તો ક્યાંક કોઈ સંવાદોક્તિ કે ક્યાંક પ્રસંગનો જ સીધો ઉઠાવ. ક્યાંક આલેખન પોતે સર્વજ્ઞ ઓમ્નીપ્રેઝન્ટ હોય બનેલું ને બનતું વર્ણવે છે. તો ક્યાંક વાર્તાનું જ કોઈ પાત્ર સંવાદ, વર્ણન કે વાર્તાકિથન રૂપે માંડણી કરે છે. આ કથામાં મોટે ભાગે તળપદી અને ગામઠી ભાષાનો પ્રયોગ થયેલો જોવા મળે છે. ઉદાહરણ રૂપે જોઈએ તો બાજંદા, મોંસૂઝણું, ચીંઘો, તાગ, કણસ, પોથાળી, મરતુક, હોદારી, ભોંગળ, ઝાળ્ય, ઢોરણી, વાવડ વગેરે શબ્દપ્રયોગો જોવા મળે છે. આ ઉપરાંત સિંહનું વર્ણન જોઈએ તો,

"મંત્ર બોલીને ત્રીજી અંજલિ છાંટી ત્યાં તો પૂંછડાનો આંબળો દઈને નવહથ્થો શ્રીલંકો સાવઝ ત્રાડ નાખીને બેઠો થયો. આ કેશરી સાવઝના ડાલા જેવડા માથા ફરતી બબ્બે હાથ

કેશવાળી રહી ગઈ છે. પળવારમાં તો ઘેં ઘેં ઘેં ઘેં કરી ફીણના ફોહાં ઊડાડતો ખડતાળું નાખવા લાગ્યો."[૪]

***ઉપસંહાર***

*અત્યંત પ્રાચીન એવા આ કથાનકનાં વિવિધ રૂપાંતરો સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં મળે છે. વિવિધ શક્તિઓ ધરાવતા ચાર મિત્રોની જુદી જુદી શક્તિઓના સંયોગે સર્જાતી વાર્તાત્મક પરિસ્થિતિનો ઉપયોગ પ્રાકૃત ભાષાની 'ચારુદત્ત' ની કથામાં મળે છે. ઊડતું યાન બનાવી શત્રુનો નાશ કરવાની કથાયુક્તિ પ્રાકૃતમાં 'કોકકાસ' ની કથામાં મળે છે. મધ્યયુગમાં લખાયેલી મનાતી 'સિંહાસનબત્રીશી', 'વૈતાળપચ્ચીસી', 'પંચતંત્રની કથાઓ' વગેરેમાં પણ આ જ વાર્તા અલગ અલગ સ્વરૂપે માત્ર થોડા જ અલગ પડતા પ્રસંગોની મિલાવટ સાથે જોવા મળે છે. પાશ્ચાત્ય સાહિત્યમાં અતિ પ્રચલિત એવી ઈસપની બોધકથાઓ કે એરેબિયન નાઈટ્સની વાર્તાઓમાં પણ લગભગ આને મળતા આવતા અને આવી જ ચમત્કૃતિઓ વડે સુશોભિત કથાનકો જોવા મળે છે. આ કથા એના કુળમૂળના અભ્યાસની દ્રષ્ટિએ તથા કોઈ એક જ કથાબિંબ અને તેનાં વિવિધ રૂપાંતરોના તુલનાત્મક અભ્યાસની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યનું છે. એકંદરે જોવા જઈએ તો આ લોકકથા સોનાની લગડી જેવી છે.*

### ***૩. ૧. ૮ ઢાંકી માલણ***

***પ્રસ્તાવના***

*'ઢાંકી માલણ' ઈ. સ. ૧૯૭૭ માં પ્રકાશિત થયેલી લોકકથા છે. કનકાવતીના રાજા કનકસેન ચાવડા શિકારે નીકળીને હરણનો વધ કરે અને સગર્ભા હરીણી હરણના શીંગડા ઉપર પડતું મૂકીને પોતાના પ્રાણની આહૂતિ આપતા શાપ આપે ત્યાંથી શરૂ થયેલ આ કથાનક અનેક ચમત્કારો અને પરીકથાના અનિવાર્ય ઘટકો એવા માયાવી પ્રસંગોની ભરમાળ સાથે એના સુખદ અંત ભણી જે ગતિએ વહે છે તે ગતિ કોઈપણ કક્ષાના ભાવકને સાંગોપાંગ જકડી રાખવા માટે સક્ષમ પૂરવાર થાય છે. બાળકો અને મોટેરાંઓને સૌને હોંશે હોંશે વાંચવી*

ગમે તેવી ભાલપ્રદેશની બળકટ બોલીની આ વાર્તાઓ અન્ય પ્રદેશની લોકવારતાઓ કરતાં અનેક રીતે જુદી પડે છે. અહીં લોકકથાકારનું મનોરંજન સિવાય કોઈ ઊંચુ ધ્યેય નથી.

**કથાવસ્તુ**

કનકાવતીનો કનકસેન ચાવડો શિકારે નીકળ્યો અને હરણનો વધ કર્યો. સગર્ભા હરણીએ હરણના શિંગડા પર પડતું મૂકીને પોતાના પ્રાણની આહૂતિ આપી અને કહ્યું 'જે કોઈ મારું માંસ ખાશે તેને ગળતિયો કોઢ નીકળશે.'રાજાએ માંસ ખાધુ અને અંગમાં અસહ્ય દાહ ઊપડ્યો.એક સાધુએ ઉપચાર બતાવ્યો કે સાડા સાતસો ગાઉ દૂર ઢાંકી માલણના બગીચાના ફૂલ અને રાજહંસના ચરકનો લેપ કરવામાં આવે તો રોગ મટે. માનીતી રાણીના બે અને અણમાનીતી રાણીનો માનસંગ એમ ત્રણેય કુંવર ઊપડ્યા. રસ્તામાં પરમારોની ચોકી આવી. માનસંગના બળથી ખુશ થયેલા પરમારોએ ત્રણેયને ભાણેજ તરીકે વધાવ્યા. માનીતીના બે કુંવરો તો અફીણના નશામાં ડૂબી ગયા ને માનસંગ એકલો આગળ વધ્યો. રસ્તામાં રાક્ષસનો વધ કરી એની દીકરીને અને મંત્રીપુત્રીને વળતાં સાથે લઈ જઈ લગ્નનું વચન આપ્યું. આગળ વધ્યો ત્યારે ઢાંકી માલણ ઊંઘી ગઈ હતી. માનસંગ તેના બગીચામાંથી ધોળાં ફૂલની ફાંટ તથા ખિસ્સામાં ભરી ઢાંકીની હથેળી તથા દીવાલ પર સંદેશો લખ્યો : કનકસેનનો કુંવર માનસંગ આવ્યો છું. તારે મને વરવું હોય તો કનકાવતી આવજે.

ફૂલ લઈ માનસંગ પાછો પરમારની ચોકીએથી ભાઈઓને લઈ કનકાવતી જવા નીકળ્યો. રાતે માનસંગ ઊંઘતો હતો ત્યારે બન્ને ભાઈઓએ માનસંગની બન્ને આંખોમાં જમૈયો મારી આંધળો કર્યો અને ફૂલ લઈ પોતે કનકાવતી આવ્યા.રાજહંસના કહેવા પ્રમાણે અંધ માનસંગે રાજહંસનું ચરક અને ખિસ્સામાં રહી ગયેલાં ફૂલ સાથે લસોટીને આંજણ આંજ્યું એથી દેખતો થયો. બન્ને ભાઈઓ કનકાવતી આવ્યા અને ફૂલનો લેપ કર્યો પણ કોઢ ન મટ્યો. માનસંગ છૂપી રીતે નગરમાં આવ્યો અને દાસી દ્વારા ચરકમિશ્રિત લેપ મોકલ્યો ને રાજાનો રોગ દૂર થયો. બન્ને કુંવરોને માનસંગ વિશે પૂછ્યું તો એમણે અજાણ હોવાનો દંભ કર્યો.

આ બાજુ ઢાંકી જાગી અને ભીંત પરનો સંદેશો વાંચી જેના આવવાની અને વરવાની રાહ જોતી હતી એ વાંચી દિવ્ય બળદ જોડેલું ગાડું લઈ કનકાવતી જવા નીકળી.

રસ્તામાં રાક્ષસપુત્રી અને મંત્રીપુત્રી મળ્યાં તે પણ સાથે જોડાયા. કનકાવતી પહોંચ્યા ત્યારે માનસંગને વરવા આવવાનું કહેણ મોકલ્યું. બન્ને ઓરમાન ભાઈઓ વરવા આવ્યા પરંતુ તે માનસંગ નહીં હોવાનું મંત્રીપુત્રીએ જણાવ્યું. આથી ઢાંકીએ વરવાની ના કહેતાં બન્ને ભાઈઓ ઉશ્કેરાઈને લડવા તૈયાર થયા ત્યારે ઢાંકીએ ચપટી વગાડી અગિયાર વીર પેદા કર્યા. બન્ને કુંવર ભાગ્યા. ઢાંકીએ કહ્યું : 'માનસંગને હાજર કરો નહીં તો કનકાવતીને ધમરોળી નાખીશ !' આમ કહીને મધમાખીઓ ઉત્પન્ન કરી અને ગામ પર છોડી. લોકો ત્રાહિમામ્ પોકારી ગયા. અણમાનીતી રાણીએ માનસંગને જણાવ્યું કે તે છતો થાય અને કનકાવતીને બચાવે. આથી માનસંગ છતો થયો. મંત્રીપુત્રી અને રાક્ષસપુત્રીએ એને ઓળખ્યો અને ઢાંકી સમેત ત્રણે કન્યાઓ સાથે માનસંગનાં લગ્ન થયા.

**પાત્રાલેખનકલા**

આ વાર્તા વાંચતા હોઈએ ત્યારે આપણને એમ જ લાગે કે આપણે જ વાર્તાના પાત્રો છીએ. એટલી સહજતાથી આ કથામાં પાત્રોનું આલેખન કરવામાં આવ્યું છે. આ કૃતિના દરેક પાત્ર પાસેથી લેખકે ધાર્યું કામ કઢાવ્યું છે. 'ઢાંકી માલણ' માં મુખ્ય પાત્ર તરીકે માનસંગ છે જે જીવના જોખમે ઢાંકી માલણના બગીચાના ફૂલ અને રાજહંસનું ચરક લાવીને પોતાના પિતાનો રોગ મટાડે છે. ગૌણ પાત્રોમાં જોઈએ તો કનક ચાવડો છે જેને અંગમાં અસહ્ય દાહ ઊપડ્યો છે, અવધૂત, ઢાંકી માલણ જે માનસંગ સાથે પરણે છે, રામસંગ અને રૂપસંગ બન્ને ભાઈ પરમારોની ચોકીએ અફીણના નશામાં ખોવાઈ જાય છે, પરમારો, વજીરની કુંવરી આ ઉપરાંત અમાનવીય પાત્રોમાં જોઈએ તો કસ્તુરિયો મૃગ તથા મૃગલી, રાક્ષસ અને તેની કુંવરી, રાજહંસ, મધમાખીઓનો સમાવેશ થાય છે. દરેક પાત્રને લેખકે ખીલવવાનો સુંદર પ્રયત્ન કર્યો છે અને તેમાં તે સફળ પણ નીવડ્યા છે.

**કથાઘટકો**

આ કથામાં અંધત્વ અને ગળિયા કોઢથી મુક્તિ અપાવતા રાજહંસના ચરક અને ધોળાં ફૂલ, વૃક્ષમાં ઊંડું તીર ખૂંચાડીને કરાતી બળની પરીક્ષા, રાક્ષસવધ અને એની

પુત્રી સાથે લગ્ન, કોટ કૂદી જતો જાતવાન અશ્વ, નિંદ્રાધીન સુંદરીના હાથ અને ભીંત પર લગ્નનો સંદેશ, લાંબાગાળાની ઘોર નિંદ્રા જેવા અન્ય કથાઓમાં પણ જોવા મળતા કથાઘટક કે તેના અંશો છે. આ બધા જ ઘટકો પણ સંસ્કૃત-પ્રાકૃત કથામાં તેમ જ મધ્યકાલીન ગુજરાતીમાં મળે છે. “કોઈને ત્રાસ આપીને, કનડગત કરે, જુગુપ્સા જગાડે કે દંશ દે એવા પ્રાણીઓને જાદુઈ કે માંત્રક શક્તિથી પેદા કરવાં : આ વિશિષ્ટ કથાઘટક છે. આ કથાનક એટલું સક્ષમ છે કે એનું પૃથક્કરણ કરીને વ્યવસ્થિત રીતે ઘટકો તારવીને એનો અભ્યાસ થાય તો આજના કંઠપ્રવાહમાં પણ વાર્તાના કેવા-કેટલા પરંપરાગત ઘટકો, અંશો, અંગો, કથાબિંબ, એના વિવિધ રૂપાંતર ખેંચાતાં અને તરતા રહ્યાં છે, તેનો અંદાજ આવે અને તે ઘટકોને આધારે જ તે સમયના સમાજ, એની પરિસ્થિતિ, માન્યતાઓ અને ધારણાઓનો ખ્યાલ આવે. કથાનો અભ્યાસ પણ આખરે તો ગતકાલિન સંસ્કૃતિના ધબકારને જાણવાનો છે.”[૬]

**ઉપસંહાર**

એકંદરે જોવા જઈએ તો આ વાર્તા જિજ્ઞાસાપ્રેરક છે. આ વાર્તાનું કથાવસ્તુ પ્રાચીન છે. જાદુઈ નગરી, રાક્ષસ જેવા પ્રસંગો વાચકને મોહિત કરી દે છે. લેખકની રજૂઆત ખૂબ જ સુંદર છે. કથાની અંદર ચમત્કૃતિમાં ખપાવી શકાય તેવી એકમેકથી ચડિયાતી બાર ઘટનાઓનું નિરૂપણ એટલી સફાઈથી કરવામાં આવેલું છે કે ક્યાંય પણ કથાની ગતિનો લોપ થતો નથી. આ કથામાં નિરૂપાયેલા પાત્રો એક તરફથી માનવસ્વભાવમાં વણાઈ ગયેલી નબળાઈઓને તેમજ અનન્ય ગણાવી શકાય તેવા પ્રલોભનોને ઉલ્લંઘી જનાર સક્ષમ મહાનાયકનો પણ પરિચય આપે છે. વાર્તામાં સંતર્પક રીતે ગૂંથવામાં આવેલી કલ્પનાતીત ચમત્કારિક ઘટનાઓ પ્રથમ પંક્તિથી અંતિમ પંક્તિ સુધી ક્યાંયે રસક્ષતિ થવા દેતી નથી, તે કથનશૈલીની અનેરી લાક્ષણિકતા છે. લોકકથામાં પ્રસંગો દ્વારા અદ્ભુત રસની સૃષ્ટિ ખડી કરી દેતી આ વાર્તા સામાન્ય હોવા છતાં રસપ્રદ છે.

### ૩. ૧. ૯ નવા નાકે દિવાળી

**પ્રસ્તાવના**

જોરાવરસિંહ લિખિત 'નવા નાકે દિવાળી' ઈ. સ. ૧૯૮૧ માં પ્રગટ થયેલી અને તેમાં કુલ ૧૬ હાસ્યકથાઓનો સંચય છે. આ સંગ્રહને સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ પારિતોષિક મળેલું છે. ઘરે દૂઝતી ખેતી અને બાપાની ના છતાં આ જોરાવરસિંહે લોકસાહિત્યના ક્ષેત્રને જ શાથી પસંદ કર્યું, તેનું ચિત્ર પ્રસ્તાવનામાં મળે છે. લોકસાહિત્યમાં હાસ્યકથાનો તો અખૂટ ખજાનો છે. બાલ-કિશોર-યુવા વર્ગમાં પ્રવર્તિત જે કંઠપરંપરાનું સાહિત્ય છે, તેમાં પણ વિશેષ પ્રમાણમાં બે વિષય પ્રકારનું રહ્યું છે - વીરતા અને હાસ્ય. જોરાવરસિંહ પાસેથી પણ વિશેષ આ બે રસનું લોકસાહિત્ય મળ્યું છે. આકાશવાણી અને સામયિક આ બે માધ્યમે એમને વિશેષ લખતા અને લોકપ્રિય કર્યા.આ સંગ્રહ માટેની હાસ્યકથાઓ શોધવા-લખવામાં નહોતો પડ્યો એટલો પૂરા પાંચ વર્ષનો પરિશ્રમ લેખકને એમનાં ચિત્રો તથા પ્રસ્તાવના પાછળ પડ્યો.

**કથાવસ્તુ**

પહેલી વાર્તા 'ડાયરે...' માં નિર્ભેળ હાસ્ય-કટાક્ષ છે. કામધંધા વગરના ડાયરે બેસનારા ગાંભુના દરબારો ઝાડ પર કૂદતા વાંદરાને જોવાને માટે પરગામ પહોંચી જાય છે અને પાણી પીવાના નિમિત્તે જઈને ચા-પાણી, અફીણ, ભોજન, વાળુથી તે શયન ને પછી પાછા શિરામણની ધરાર મહેમાનગતિ માણે છે! અંતે ઘરધણી જ ઉચાળા ભરે છે. લેખક સીધી-સાદી ને વાસ્તવિક લાગે એવી ઘટનાને શૈલી અને નિરૂપણરીતિથી રસપ્રદ બનાવે છે. જોરાવરસિંહમાં જે સર્જનશક્તિ છે, તે અહીં જોવા મળે છે. 'ધ્રાંગધ્રાનું કુલેકું' કોઈ બનેલી કે બનાવેલી ને કહેવાતી હાસ્યઘટનાનું લાક્ષણિક ઉદાહરણ છે. આરંભમાં ગામના પાંચેક દશકા પહેલાનાં ચોરાના નવરાઓના ડાયરાનું હાસ્યરસિક ચિત્ર છે. ધ્રાંગધ્રાના રાજકુટુંબમાં લગ્ન છે ને કુલેકું નીકળવાનું છે, તેવું સાંભળીને ભાલના ભાદાદા બનીઠની ધ્રાંગધ્રા જાય છે પણ રાજની પોલીસ એમને પેટ્રોમેક્સ ઉપાડનારા રાજના વેઠિયા તરીકે લઈ જાય છે, તેનું ઠઠ્ઠાચિત્ર છે. આઝાદીપૂર્વે રજવાડી

ગામમાં આવું બનવું સાહજિક હતું.લેખકની ચિત્રાત્મક વર્ણનશૈલી અહીં વાર્તાને વિશેષ રસપ્રદ બનાવે છે. 'ગઢવીએ ગજબ કર્યો' સિચ્યુએશન-કોમેડીનું લાક્ષણિક કથાનક છે. અહીં પણ આરંભ મોટી ડેલીએ પડી રહેતા વૃદ્ધ અફીણિયાના ચિત્રાલેખનથી થાય છે. ત્યાં ગઢવી આવે છે ને કોઈ ખાવાનું પૂછતા નથી ને ઠાકુરદ્વારના ચોરે સૂવા જવા કહે છે. ગઢવી જાણે છે કે કલભા રતાંધળા છે ને રાતે નાડાછોડ કરીને પોતાના જ ખાટલામાં પાછા ફરી શકે તે માટે પંડને દોરડાથી ખાટલા સાથે બાંધી રાખે છે. ટીખળી ને ભૂખ્યો ગઢવી કલભાનું દોરડું એમના મૂળ ખાટલેથી છોડી બીજે, ત્રીજે ખાટલે બાંધે છે ને રતાંધળા કલભા બીજા ઊંઘતાની માથે પડે છે. 'સમજણ દે...' ડાયરે કહેવાતા હાસ્યરસિક પ્રસંગાલેખનનું રૂપ પ્રસ્તુત કરે છે. જૂના જમાનામાં લગ્ન મોટો ઉત્સવ હતો અને જાનમાં મહાલવાનું મળતું. પરંતુ જો જાનના માણસ ધાર્યા કરતાં વધી જાય કે કન્યાનો બાપ લોભી કે ગરીબ હોય તો ખાવા-પીવા-ઉતારામાં જે છબરડા વળતા તેનું ચિત્ર અહીં છે. 'વાણિયાનો દિ...' દરબારોને અફીણબીડી-ચા છોડવાની શિખામણ આપતા વાણિયાને દરબારોએ અફીણના રવાડે ચડાવ્યો એની વાત છે. 'મે'માન પણ માથાનો મળ્યો' માં કન્યા જોવા આવેલા મૂળચંદને ખાટી છાશ પીરસે છે તેથી પતિ ડામચિયામાં મારી પત્નીને મારવાનો ડોળ કરે છે ત્યારે મૂળચંદ દીવો ઓલવી શેઠાણીને સોટાથી ઢીબે છે. નવરાશની પળે છોકરાઓ વચ્ચે કહેવાતી હોય એવી સામાન્ય ઘટના છે. 'બાપુની માણકી' જબરી હાસ્ય-કટાક્ષની કથા છે. દુકાળમાં બાપુને માણકીને રાખીને ખવરાવવું પોષાય તેમ નથી એથી ચમારને આપી દે છે. સુકાળ થતાં જ બાપુ 'મારી માણકીની કેશવાળી કેમ કાપી ?' એવું કારણ દર્શાવીને પાછી હાથ કરી લે છે. લોંઠકાઈ અને લાચારી બન્નેનું અહીં વાસ્તવિક ચિત્ર છે. 'માથું રહી ગ્યું સેવાળમાં' કિશોર માટેની હાસ્યકથા છે. કાઠી દરબારનું અનુકરણ કરી વાણિયો ઊંધો ખાટલો બાંધી સ્થૂલ પત્ની સાથે હીંચકવા જતાં ખાટલો નીચે તૂટી પડે છે, તેનું ઠઠ્ઠાચિત્ર છે. કાઠી દરબારની ડેલી, કસુંબા અને ચારણકવિના ચિત્રથી વાતનો ઉઘાડ કરી ઠઠ્ઠાચિત્રમાંથી પૂર્ણ કદની સ્વતંત્ર વાર્તા યોજવાનો પ્રયાસ છે. ગ્રામજીવનનાં આવાં ચિત્રો, વાતાવરણ કવિના ડાયરે થતા આગમન, દૂહા વગેરેથી મુખ્ય અને કેન્દ્રીય ઘટનાને પૂર્ણ વાર્તાનું રૂપ મળે છે. એને પરિણામે ગતકાલીન ગ્રામીણ જીવનનું રસપ્રદ આલેખન અને દસ્તાવેજીકરણ પણ સિદ્ધ થાય છે. 'નવા નાકે દિવાળી' તો પરંપરાગત હાસ્યકથા છે, જેનો કહેવતના રૂપમાં પણ ગુજરાતીમાં વ્યાપક પ્રયોગ થાય છે. વાણિયા અને વાળંદની પત્ની વચ્ચે ઝઘડો થતાં ચતુર વાણિયો કાળી ચૌદશે વાળંદ પાસે અસ્ત્રો માગવા જાય છે અને જણાવે છે

કે આ રાતે નાક કાપવાથી નવું નાક ઊગે છે! વાળંદ આનો અખતરો કરે છે, નાક ને ધંધો બન્ને ગુમાવે છે.

**પાત્રાલેખનકલા**

કોઈપણ કૃતિમાં પાત્રો એ આપણા શ્વાસોશ્વાસ જેટલાં જ મહત્ત્વનાં છે. વસ્તુ તુચ્છ હોય પણ પાત્રાલેખનમાં સર્જકમાં સામર્થ્ય હોય તો તે માટીમાંથી મહાન કૃતિનું સર્જન કરી શકે છે. વસ્તુની કચાસ ઉત્તમ પાત્રાલેખન પાછળ ઢંકાઈ જાય છે. જોરાવરસિંહની અંદર આ સામર્થ્ય છે તેથી જ આ કૃતિ વાંચ્યા પછી આપણને દરેક પાત્રો યાદ રહી જાય છે. ગાંભુના દરબારો ધરાર મહેમાનગતિ માણતા અંતે ઘરધણી જ પોતે ઉચાળા ભરે છે. ભાદાદા બનીઠની ધ્રાંગધ્રા જાય છે પણ રાજની પોલીસ એમને પેટ્રોમેક્સ ઉપાડનારા રાજના વેઠિયા માની લે છે. કલભાના પાત્ર દ્વારા ઘણી રમૂજ પેદા થાય છે. તે પોતે રતાંધળા છે. દરબારોને અફીણબીડી છોડાવવા માંગતો વાણિયો પોતે જ અફીણનો બંધાણી બની જાય છે. મૂળચંદનું પાત્ર પણ રસિક છે. અહીં આવતા દરેક પાત્રને લેખકે બરાબર ન્યાય આપીને ખિલવ્યા છે.

**ભાષાશૈલી**

આ કથાઓમાં પાત્રો, પ્રસંગો ને સંવાદોમાં પ્રયોજાયેલ તળપદી ભાષા કે બોલીને કારણે એ ધરતીમાંથી એક પ્રકારની ખાસ મહેક આવે છે. આમાં લોકબોલી તેમજ લોકોમાં પ્રચલિત કહેવતો અને રૂઢિપ્રયોગોનો સમર્થ વિનિયોગ થયો છે ને એ કારણે આ કથાઓમાં હાસ્યની છોળો ઉડે છે. લેખકની શૈલી ચિત્રાત્મક છે. ચકોરે પીંછીના લસરકાથી ચિત્રો ઉપસાવ્યાં છે એ જ રીતે લેખકે શબ્દો પાસેથી પીંછીનું કામ લીધું છે. વાર્તા વાંચતા જ આંખ સામે ચિત્રો ખડા થઈ જાય છે. ઉ. ત. “એવામાં કિલ્લોલતી કુંજડીઓનું ટોળું નીકળે એમ ગામની પાંચ-દસ વહુવારુઓ પાણી ભરવા નીકળી. મોતીભરતની ઈંઢોણિયું માથે તાંબા પિત્તળની હેલ્યું હલકતી આવે છે. લાંબા ઘૂમટા રહી ગયા છે. અહીં બંધાણીઓના આઠેય અંગમાં અમલ ચડી ગયો છે. સંધાયની આંખ્યું પારેવાં જેવી લાલઘૂમ થઈ ગઈ છે.”[૧૦] આટલું વાંચતા લાગે કે જાણે આપણેય

દરબાર ગોવુભાની ડેલીએ જામેલા ડાયરામાં બેઠા છીએ ને આ પનિહારીઓના પગની પાનીની ભીની ભીની સોડમ આપણા નાક સુધી પહોંચી ગઈ છે.

હાસ્યકથામાં જોરાવરસિંહના ચાર ગુણ જોવા મળે છે. પહેલું તો એ જે કંઈ ઓઠા કે કહેવતરૂપે અથવા તો ગામમાં કહેવાતી વાત રૂપે પ્રવાહમાં હોય તેને પસંદ કરે છે. બીજું, સામાન્ય એવી ઘટનાને જિજ્ઞાસા જગાડે એવા સંવાદાત્મક કે વર્ણનાત્મક એવા આરંભથી શરૂ કરે છે. ત્રીજું એમાં અફીણિયાના ડાયરા જેવા ગ્રામીણ પરિવેશના રંગ પૂરીને એમાં થતી વાતોથી રસિક બનાવે છે અને ચોથું આ પાશ્વભૂમાં મુખ્ય ઘટનાને કેન્દ્રમાં લાવીને રજૂ કરે છે. આમ થતાં જ આઝાદી પહેલાના અને પછીના સૌરાષ્ટ્રનાં દરબારી ગામડાનાં સમગ્ર પરિવેશને ધબકતું બનાવે છે. આમ કરવામાં લેખકની વિશિષ્ટ એવી તળપદી ભાષાશૈલી ને એમાં વણાતી મર્મોક્તિઓ અને દુહાઓનો પણ સમુચિત પ્રમાણસર ઉપયોગ કરીને લિખિત રૂપમાં પણ વાર્તાના રૂપને પૂરુ ં ઉપસાવે છે. ગામના ચોરા, દરબારની ડેલી, ખેતી, વાડી ને એમાં થતાં વિવિધ ઋતુનાં કૃષિકાર્યો, લગ્નાદિ માંગલિક પ્રસંગોની ઉજવણી ને કોઈના લૌકિકે જતાં કે લગ્ન જેવાં માંગલિક કાર્યોની જાનમાં જતાં થતી યાત્રાઓ, વાટમાં ભટકાતા ધાડપાડુઓ, જાનનાસામૈયા-ઉતારા-ભોજનાદિના પ્રસંગનાં વર્ણનો, વિવિધ વૃત્તિ-વલણ-વ્યવહાર ધરાવતા કોઈ સામાન્ય તો કશીક અસામાન્યતા ધરાવતાં પાત્રો : આ બધાં જ તત્ત્વો વાર્તાને, નાનકડી એવી ઘટનાને પૂર્ણ કદની વાર્તામાં રૂપાંતરિત કરવામાં સહાયક બન્યા છે.

### ઉપસંહાર

'નવા નાકે દિવાળી' માં લોકજીવન આધારિત કથાઓ છે એટલે એનું સ્વરૂપ વાંચવા માટે સર્જાતી વાર્તાઓ જેવું નથી, પણ સાંભળવા માટે સર્જાતી કથાઓ જેવું છે. આ સંગ્રહમાં કથનકલા અને હાસ્યનિષ્પતિની કલા – ઉભય પલ્લાં લેખક સમતોલ રાખી શક્યા છે. લેખકમાં હાસ્યરસની અસલ સૂઝ છે એનો પરિચય તો લેખકે એમની વિનોદસભર પ્રસ્તાવનાથી જ કરાવી દીધો છે. કથામાંથી પસાર થઈએ તેમતેમ આ પરિચય ઉત્તરોત્તર દ્રઢ થતો જાય છે. આ કથાઓના વસ્તુ સંકલનામાં, વર્ણન, સંવાદ વગેરેમાં લોકબોલીનો તેમજ લોકોમાં પ્રચલિત

કહેવતો અને રૂઢિપ્રયોગોનો સમર્થ વિનિયોગ થયો છે ને એ કારણે આ કથાઓમાં હાસ્યની છોળો ઉડે છે.

### ૩. ૧. ૧૦ દિવ્ય મંદિર મારા દેવના રે

**પ્રસ્તાવના**

સંસ્કૃતિનાં કેટલાંક પોષક તત્ત્વો છે કે જેનાથી સંસ્કૃતિનું પોષણ થાય છે, વિકાસ થાય છે અને સાંસ્કૃતિક દર્શન વધુ ને વધુ ખીલી ઉઠે છે. ધર્મ અને દર્શન, કલા અને સાહિત્ય, ખાનપાન, વસ્ત્રપરિધાન સમાજ, દેવી-દેવતાના મંદિરો, સ્થાનકો, ઉત્સવો વગેરે તેના પોષક તત્ત્વો બને છે. પરિણામે સમાજને લોકધર્મ, લોકસંસ્કૃતિ કે લોકદેવી-દેવતાનાં સાંસ્કૃતિક ઉપાદાનો મળે છે. આવા જ લોકસાંસ્કૃતિક દેવી-દેવતાના ઉપાદાનનું એક ઉમદા શાબ્દિક અને સારસ્વતરૂપ એટલે ગુજરાતી સાહિત્યનો ગૌરવવંતો ગ્રંથ ‘દિવ્ય મંદિર મારા દેવના રે’.

આ પુસ્તક ઈ. સ. ૧૯૯૨ માં પ્રકાશિત થયું છે. ૪૫૦ પાનાંનો આ દળદાર ગ્રંથ લોકદેવો અને દેવસ્થાનોને લગતો, પહેલો જ ગણી શકાય એવો ગ્રંથ છે. પરંતુ એનો સમાવેશ પણ શ્રી જોરાવરસિંહે લિખિત રૂપમાં બાંધેલાં લોકકથાનાં સાહિત્યમાં જ કરવો જોઈએ. એનું કારણ એ કે અહીં વિવિધ દેવો અને દેવસ્થાનોની લોકપ્રચલિત દંતકથાઓ પણ છે, તેની ઉત્પત્તિ વિષયક કથાઓ પણ છે. આ ગ્રંથમાં

**કથાવસ્તુ**

જોરાવરસિંહે આગળનાં સાત પૃષ્ઠોમાં ‘લોકદેવોની સૃષ્ટિ પર એક દ્રષ્ટિ’ નામે પ્રસ્તાવનામાં લોકદેવતાઓ, ઉત્પતિ, પ્રાચીનતા, વિવિધતાની વચ્ચે એકતા, આર્ય-અનાર્ય દેવદેવીઓ, સંસ્કૃતિ અને સેવાના અમરધામ તરીકે દેવસ્થાનકો, લોકદેવતાઓની નોંધપાત્ર લાક્ષણિકતાઓ, લોકદેવ-દેવીઓનું વર્ગીકરણ વગેરે મુદ્દાઓની ઊંડાણભરી ચર્ચા આપી છે. આ ઉપરાંત શ્રધ્ધાળુ ભારતીય સમાજ અને તેત્રીસ કરોડ દેવતાની આ દુનિયામાં લેખક દેવોની

ઉત્પત્તિ અને પ્રાચીનતા અંગે સ્પષ્ટ વિભાનો આપે છે. આકાશી તત્ત્વો અને દિવ્ય તત્ત્વોની ધર્મપ્રરક ઘટનાઓમાંથી સ્થપાયેલા લોકદેવો અને તેની વિભાવના અહીં મૂકી આપી છે.

'રંગતરંગ' સામયિકના સ્તંભ નિમિત્તે જોરાવરસિંહ જાદવે ૫૦૦ જેટલાં દેવ-દેવીઓ વિશે ૨૦ વર્ષ સુધી જહેમત ઉઠાવી, સામગ્રી એકઠી કરીને લખ્યું ને એમાંથી પ્રસ્તુત ગ્રંથમાં એમણે ૧. પૌરાણિક લોકદેવો, ૨. શિવપૂજા, ૩. કૂળદેવીઓ, ૪. સ્થાન-દેવીઓ, ૫. માનવીના રોગ મટાડનાર દેવ-દેવીઓ, ૬. લોકજીવનમાં તિર્યંચજીવોની પૂજા, ૭. લોકજીવનમાં જળદેવતાની પૂજા અને ૮. આદિવાસી લોકદેવોમાં વિવિધ દેવો અને સ્થાનકોની માહિતી આપી છે.

**લોકજીવનમાં પૌરાણિક લોકદેવો**

પ્રથમ વિભાગમાં આપણા લોકજીવનમાં પ્રથમ પાટલે પૂજાતા દેવ ગણપતિ અને તેની ઉત્પત્તિ કથા આપેલી છે. આર્ય અને દ્રવિડિયન સંસ્કૃતિના સમન્વય સમા ગણપતિ આનંદ, મંગલ, બુદ્ધિ અને સાહસ, કૃષિ વેપારના દેવ તરીકે સ્થપાયા છે. ભક્તોના કષ્ટ કાપતા હનુમાનજી, હનુમાન અવતાર કથા, હનુમાનના નામો, ભારતભરનાં ભવ્ય હનુમાન-મંદિરો, મૂર્તિઓની વિગતો, પૂજાવિધિ, લોકવ્રતો વગેરે બાબતો આ પ્રકરણમાં જોવા મળે છે. ગિરનારની ડુંગરમાળામાં બિરાજતા તુલશીશ્યામ અને એ વિષયક દંતકથાઓ, તુલસીવિવાહ અને લોકગીતોઅહીં લેખકે આપ્યા છે. મૂળી ગામે લોકદેવ તરીકે પૂજાતા માંડવરાયદાદા અને તેમનો ઈતિહાસ તેમજ તેમની ભક્તિમાં જોડાયેલલ લોકસમૂહ ભરવાડ, ચારણ, રબારી, સઈ, સુથાર, કણબી વગેરેની વિગતો પણ આપી છે.

"ઊંચા નીચા ડુંગરા, વચમાં ધોરી ધાર;
ધારે બેઠો શામળિયો, મારો તીરથ તારણહાર."[૧૧]

જનમોજનમનાં દુઃખ કાપનાર, ભગવાન શામળાજીની સુંદર મૂર્તિ અને કલાવિધાન, અને શામળાજી વિષયક લોકકથા અને લોકગીત આપેલા છે. આ જ વિભાગમાં 'ડાકોરના ઠાકોર, રંગીલા રણછોડ' અને 'એકતાના દેવ ભગવાન જગન્નાથજી'ના સંશોધનાત્મક લેખો, બનાસકાંઠાના વાવ ગામની બાજુમાં આવેલ ઢીમા ગામે બિરાજતા ધરણીધજી અને ધોરાજી ના સુપેડી ગામે બિરાજતા મુરલીધરજીના સંશોધનાત્મક લેખોથી આ વિભાગ ખાસ્સી વિગતો ચર્ચે

છે. અંતના બે લેખોમાં કૃષિના દેવ બલરામજી. એ વિષયક સર્વ દંતકથાઓ, પુરાણકથાઓ તેમજ ભારતમાં આવેલા બલરામજીના મંદિર વિષયક વિગતોથી આ લેખ સુંદર બનેલ છે. ઈન્દ્રદેવનું લોકરૂપ એટલે ઢૂંઢિયાદેવ કે મેઘરાજા, મેવલાદેવ, મેઘાદેવ. આ મેઘરાજાની કથા, પૌરાણિક કથા સૌરાષ્ટ્રના રાવળ કોમના લોક ઢૂંઢિયાબાપને રિઝાવવાનાં ગીતો પણ ગાય છે. જેવા કે –

ઢૂંઢયાબાપજી તમે મેહ વરસાવો,
ઘરડી ડોશીના તમે છાપરાં પલાળો.

શ્રી શંકરભાઈ તડવી અને હરિભાઈ ગૌદાનીના સંદર્ભથી ઢૂંઢિયાદેવ વિષયક વિગતો અહીં વધારે સ્પષ્ટ થઈ છે. આમાં અંતે 'લોકદેવી ઉકરડી' શ્રી ભગવતીપ્રસાદ પંડ્યા અને ખોડીદાસ પરમારના સંદર્ભથી ઉકરડી ઉત્પતિ કથાથી માંડીને લોકજીવનમાં લોકદેવી તરીકે ઉકરડીની સ્થાપનાની કથાઓ આપેલી છે. ભાલપ્રદેશમાં લોકદેવી ઉકરડી અને સોરઠની લોકદેવી વિષયક વિગતો પણ ખૂબ જ ખંતથી લેખકે અહીં મૂકી છે. આમ 'પૌરાણિક લોકદેવો' ના આવિભાગમાં શ્રી જોરાવરસિંહ બાર જેટલા લોકદેવ દેવીઓને મૂકે છે.

### લોકજીવનમાં શિવપૂજા

'ગામેગામ પૂજાતા શંકરદાદા' થી બીજા લેખની શરૂઆત થાય છે. આર્યવર્તનાં બાર જ્યોતિર્લિંગો અને શિવ શબ્દના વિવિધ અર્થની સાથે ડૉ. રામાનંદ તિવારી અને ડૉ. પ્રકાશ ગજ્જરની નોંધ પણ આ લેખમાં લેખકે ટાંકી છે. આ સાથે ભગવાન લકુલીશ મંદિરની જ નહીં પણ તેની આજુબાજુમાં આવેલ પ્રદેશની વધારાની વાતોને મૂકીને લેખને રસપ્રદ બનાવ્યો છે. પાંચાલના પૂજનીય તરણેતરદાદા, ગાંધીનગરના વૈજનાથ મહાદેવ, ઘેલા સોમનાથ, મોટા ગોપનાથ મહાદેવ, કૂલેશ્વર મહાદેવ, ગલતેશ્વર મહાદેવ, શૂલપાણેશ્વર મહાદેવ વગેરે લેખો આ વિભાગમાં જોવા મળે છે. તેર જેટલાં શિવમંદિર વિષયક લેખોના સમૂહનો બનેલ ગ્રંથનો આ પેટા વિભાગ માત્ર શિવકથાઓ અને શિવમંદિરો વિષે જ વાત કરે છે. લેખકે સંસ્કૃત શ્લોકથી માંડીને ગુજરાતી દુહાઓ તેમ જ કહેવતોથી વિષયને વધુને વધુ સ્ફુટ કર્યા છે.

## *લોકજીવનની કૂળદેવીઓ અને સ્થાનદેવીઓ*

*ત્રીજો અને ચોથો વિભાગ કૂળદેવીઓ અને સ્થાનદેવીઓ વિષયક લેખોથી સમૃદ્ધ છે. જૈન કુટુંબના કૂળદેવી કુંવારકા માતાજીનું મંદિર કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું ?, વિષ્ણુપુરાણના આધારે સંશોધન પામેલા આ લેખમાં લેખકે શક્તિની દેવી દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીનો મહિમા ગાયો છે. પીપલાવ પાસે આવેલ જાડેજાના દેવી આશાપુરા માતાના પ્રાગટ્યની કથા, લોકદેવી મા શિકોતરની કથા, દરિયા કિનારે વસતી કોમની દેવી સિંધોઈ શિકોતરીમાં શિકોતર શબ્દની ઉત્પત્તિથી માંડીને દરેક સ્કંદપુરાણ સુધી અને લોકમાનસ - લોકજીવનના સંદર્ભ સહિતની માહિતી આ લેખમાંથી મળે છે. બારોટનાં કૂળદેવી માતરીમા, શ્રીમાળીના કૂળદેવી વાઘેશ્વરીમા, વાઘરીના કૂળદેવી રૂપણીમા, પાટીદારોનાં કૂળદેવી ઉમિયામા, માંડલિયા બ્રાહ્મણોના કૂળદેવી ચામુંડામાં વગેરે કૂળદેવીઓની વિગતો અહીં મળે છે. વસ્ત્રો, અલંકારો અને પાઘડીઓથી સુશોભિત લોકદેવો ક્યાંક રસ્તામાં હોય તો ક્યાંક ખુલ્લામાં હોય, કોઈ મંદિરમાં હોય તો કોઈ મસાણમાં હોય, કોઈ દેવ વૃક્ષની બખોલમાં હોય તો કોઈક દેરીમા, ગોખમાં, મઢમાં એકલા કે સમૂહમાં સ્થાપિત હોય છે. ગુજરાતના ખ્યાતનામ સંશોધકોના સંદર્ભ, માતાજીના ગીતો, ગરબીઓ, પૂજા-પ્રાર્થનાઓ, વિધિવિધાનો, દંતકથાઓ અને ફળશ્રુતિઓથી સજ્જ આ લેખો કૂળમાતા તરફની આપણી આસ્થા વધારી દે છે. આમાં છવ્વીસ જેટલાં સ્થાનકો વિશે પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થાય છે.*

## *રોગ મટાડનાર દેવો અને તિર્યંચજીવોની પૂજા*

*પાંચમાં અને છઠ્ઠા વિભાગમાં કોઈ પણ નાતજાત કે જ્ઞાતિ-પ્રાંતના ભેદભાવ વિના અઢારેય આલમની ઊંટવાળી માં, લોકોના ઊંટાટિયાના રોગને મટાડનારી છે. માનવની સાથે ઢોરઢાંખરને પણ સાજાં કરનારી, હઠીલા રોગને મટાડનારી ઊંટવાળી માતાનું સ્થાનક ધોળકાની ઉત્તરે આવેલું છે. તોતળાં બાળકોને બોલતાં કરનારી ડુમાણા ગામની તોતળા માતા, હડકાયાં પશુઓ કરડવાથી થતાં હડકવામાંથી નવજીવન આપનારી હડકમોઈ માતા, તમામ લોકવરણમાં પૂજાતાં શીતળામા, વાંઝિયાને પારણું બંધાવતાં વીંજલમા અને છઠ્ઠા વિભાગમાં નાગદેવતાનાં વિવિધ સ્થાનકો, ઘોઘાબાપજી, ધાધલ કૂળના વાસંગીદાદા, દક્ષિણ ગુજરાતના*

ભાથીજી મહારાજ વગેરે વિવિધ લોકકથાઓ, દંતકથાઓ અને ભૌગોલિક આધારોને આધારે તીર્યંચ જીવોની પૂજા અને શ્રદ્ધા અહીં વ્યક્ત થતી જોવા મળે છે. આપણી માનવેત્તર યોનીઓને પૂજવાની વિવિધ રીતભાત અને તીર્યંચ જીવોની પૂજા-ઉપાસના પદ્ધતિ આ વિભાગમાં છે.

### જળદેવતાની પૂજા અને આદિવાસી દેવો

વિભાગ સાત અને આઠમાં સાગરખેડુઓના દરિયાપીર, હાલારી ભરવાડોનાં મસો માતા, અને પતિત પાવન નર્મદામૈયાનાં વિવિધ લોકરૂપો, તનમનના તાપ હરનારી તાપી માતા અને નદીઓ, તળાવ કે કૂવાકાંઠે વસતી ભટકતી જળભવાનીઓના સંશોધન લેખથી આ વિભાગ લોકજીવનમાં જળપૂજા વિશે વિગતે માહિતી આપે છે. આઠમાં વિભાગમાં ચાર પ્રકરણો આપે છે. તેમાં વનવાસી ભીલોનાં દેવદેવતાઓ, તેમના પ્રકારો, સ્થાનો, પૂજાવિધિ, ઉત્સવો, ભોગ નૈવેદ્ય, નાંદરવો દેવ, ડુંગર દેવ, દૂધમોગરા દેવ, ઉનાઈ માતા, ઘોડાદેવ અને પેટફલડી માતાનાં સ્થાનકો વગેરે બાબતોની માહિતી આપી છે. ચૌધરી આદિવાસીઓના દેવ, રાઠવાના દેવ, બાબો પીઠોરો વગેરે સંશોધનાત્મક નોંધ પણ આપેલી છે.

### ઉપસંહાર

આ ગ્રંથમાં જોરાવરસિંહે વિવિધ લોકદેવો અને દેવીઓ છે તેમની ઉત્પત્તિ ક્યાંથી થઈ? તેમની સાથે જોડાયેલી જે દંતકથાઓ છે તેની પણ વિગતે ચર્ચા કરી છે. વેદ, પુરાણમાં જેમનું સ્થાન છે એ પૂર્વવૈદિક અને ભારતીય આર્યધર્મમાં પણ જેમનો સ્વીકાર થયો છે તેવાં દેવ-દેવીઓ સિવાય જેમનાં પૂજન-અર્ચન મધ્યકાળથી આરંભાયાં અને નાનાં દેરી જેવાં જેમનાં સ્થાનકો રચાયાં તથા મુખ્યત્વે તો સમાજના નિમ્નવર્ગનાં ગણાયેલાં જાતિજૂથોમાં જેમનો લોકદેવી તરીકે સ્વીકાર થયો કે આમવર્ગે શીતળા-બળિયાદેવ વગેરે રૂપે કે ઘોઘા કે ચરમાળિયા તરીકે સ્વીકાર્યાં અને પૂજ્યાં તેમનો જ સમાવેશ, સામાન્ય રીતે લોકદેવમાં થાય છે. પરંતુ ગણેશ, પાર્વતી, ત્રિદેવ વગેરેનો સમાવેશ લોકદેવમાં જ થાય. એ સિવાય વરવડી, ખોડિયાર વગેરે જે

દેવીઓ છે તેમને કયા વર્ગમાં મૂકવાં ? રામદેવપીર કે ભગવાન સ્વામિનારાયણનો સમાવેશ ક્યાં કરવો ? આ બધાની માહિતી શ્રી જોરાવરસિંહે આ પુસ્તકમાં સવિગત આપી છે.

### ૩. ૧. ૧૧ સજે ધરતી શણગાર

**પ્રસ્તાવના**

'સજે ધરતી શણગાર' ની ઈ. સ. ૧૯૭૫ ની બીજી આવૃત્તિમાં કેટલીક આગળની વાર્તાઓ પડતી મૂકી, કેટલીક નવી મૂકી કુલ ૨૪ વાર્તાઓ આપી છે. આરંભમાં જ 'લોકસાહિત્ય : એક અધ્યયન' શીર્ષકથી અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના આપી છે અને સાચી લોકકથા આપણે કોને કહીશું ? એ તાત્વિક પ્રશ્ન ઉઠાવ્યો છે અને લોકકથાના વાઘામાં ભળતી જ નકલી વસ્તુની સેળભેળ કેવી થઈ જાય છે, તે તરફ ધ્યાન દોર્યું છે ને સ્પષ્ટ કર્યું છે. "સ્વ. ઝવેરચંદ મેઘાણીએ લખેલ સૌરાષ્ટ્રની રસધાર, લોકસાહિત્ય સમિતિએ પ્રગટ કરેલ લોકકથાઓના સંગ્રહો તથા અન્ય લોકસાહિત્યકારોએ લખેલ લોકકથાઓને શુદ્ધ લોકકથાઓ ન કહેતાં લોકકથાઓના પ્રકારની શિષ્ટ લેખકોના હાથે લખાયેલી વાર્તાઓ જ ગણવી પડે. શુદ્ધ લોકકથાઓમાં સ્વ. શ્રી મેઘાણી સંપાદિત વ્રતકથાઓ, દાદાજીની વાતો, દાદીમાની વાતો વગેરેને મૂકી શકાય. આ બન્ને પ્રકારની લોકકથાઓ વચ્ચે વૈજ્ઞાનિક ઢબે ભેદરેખા દોરવામાં આવી નથી, પરિણામે આ બે વચ્ચેનો ભેદ લેખકો અને વાચકો તારવી શકતા નથી."[૧૨]

**કથાવસ્તુ**

આ સંગ્રહમાં ગુજરાતના વિવિધ પંથકો, ભારતના હરિયાણા, નાગાલેન્ડ, સંથાલ, બિહાર વગેરે તથા યહૂદી, રશિયન વગેરે કથાઓ આપી છે. એમાં સર્વશ્રી ખોડીદાસ પરમાર, રમણલાલ સોની, જેઠાલાલ ત્રિવેદી, પિંગળશીભાઈ ગઢવી, રેવાબહેન તડવી, દુલેરાય કારાણી, મંજુલાલ મજમુદાર વગેરેએ લખેલી વાર્તાઓ આપી છે. જોરાવરસિંહની લખેલી 'ભલો મારો ઠિંઠણપાલ' વિશેષ નોંધપાત્ર એવું દસ્તાવેજીકરણ છે. નામસિદ્ધ જાતકની કથા આપી એનાં ગુજરાતી, રાજસ્થાની, બુંદલખંડી રૂપાંતરો આપ્યા છે.

લોકકથાના કૂળ-મૂળ તથા એક જ મુખ્ય કથાબિંબના વિવિધ પ્રાદેશિક રૂપાંતરોનો અહીં સંશોધનમૂલક અભ્યાસ જોવા મળે છે. જેમાં લોકકથા અને લોકસંસ્કૃતિ વચ્ચેની સામ્યતા, લોકકથાઓના પ્રકારભેદો, લોકકથાઓ અને દંતકથાઓનું ઐતિહાસિક મૂલ્ય, લોકકથાઓની પ્રિયતાનું રહસ્ય તેમજ લોકકથાના વાહકો અને તેનું સ્વરૂપ વિશેની ઊંડાણપૂર્વકની માહિતી આપી છે.

આ સંગ્રહમાં 'વહુના વળામણા' વાર્તામાં માનવીની નમ્રતાનો પરિચય કરાવે છે. 'ધરતી અને સ્ત્રીનો સ્વામી' વાર્તામાં નાગાલેન્ડની લોકકથા આલેખાયેલી છે. આમાં મનુષ્યએ સ્ત્રી સાથે કેવો વ્યવહાર કરવો તેનું સરસ આલેખન કર્યું છે. 'ભલો મારો ઠીંઠણપાળ' વાર્તામાં માણસનું નામ લક્ષ્મી હોય પણ તે ભટકીને જીવન ગુજારતી હોય તો નામનું શું કામ છે ? માણસ નામથી નહીં પણ કર્મથી તેનું ભાગ્ય ઘડે છે એ વાત સમજાવી છે. આ વાર્તા મરાઠી અને બુંદેલખંડી ભાષામાં પણ આલેખાયેલી છે. સમયની સાથે ન્યાય પણ બદલાય છે તેની પ્રતીતિ આપણને 'પંચનો ન્યાય' વાર્તામાં જોવા મળે છે. 'ચાંપાનેરનો ચંપો ભીલ' માં ચંપા ભીલની વાત અને પાવાગઢની અદ્‌ભુત પ્રાગટ્યકથા આલેખાયેલી છે. તમાકુનો વેપારી લોકોને તમાકુના ફાયદા સમજાવી પોતાના વેપારને સમૃદ્ધ કરે છે તેની વાત 'તમાકુના ચાર ફાયદા' માં વર્ણવી છે. આ રશિયન લોકકથા છે. પરસ્પર ટાંટિયા તાણવાની વૃતિ માનવ સ્વભાવમાં સર્વત્ર જોવા મળે છે. બે જણની ફૂટફાટનો લાભ સામી વ્યક્તિને અનાયાસે મળી જાય છે એવાત ચોર, બ્રાહ્મણ અને રાક્ષસના પાત્ર દ્વારા સરસ રીતે આલેખાઈ છે. એક ગરીબ ખોરડાની ચતુર છોકરી મહાજનના મુનિમ આગળ પોતાની ચતુરાઈના ચાંદરડા પાથરીને પોતાનો કર માફ કરાવે છે આ વાત 'સીધી સાદી વાત' માં છે. જેમ રાત દિવસ બદલાય છે તેમ મનુષ્યના જીવનમાં સુખ અને દુ:ખ આવતા હોય છે. દુ:ખમાં માણસ થાકી જાય છે, પરંતુ એ દુ:ખમાં જ તેનું સુખ સમાયેલું હોય છે આ વાત 'સુખ' માં નિરૂપાયેલી છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. અહીં મુખ્ય

પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. દરેક લેખક પોતાની વાર્તામાં આવતા પાત્રોને યોગ્ય રીતે ઉજાગર કરે છે. ચંપો ભીલ જેના નામ પરથી ચાંપાનેર નામના શહેરની રચના કરવામાં આવી, ચોર, બ્રાહ્મણ, રાક્ષસ, ગરીબ ચતુર છોકરી જે ખૂબ જ બુદ્ધિશાળી હોય છે, મહાજનનો મુનિમ વગેરે પાત્રો આ કૃતિમાં મહત્ત્વના બની રહ્યાં છે.

**પ્રગટતું લોકમાનસ**

આ બધી વાર્તાઓ જોતા તેમાં આવતા પાત્રો દ્વારા જે તે સમયનું લોકજીવન અને લોકમાનસ પ્રગટ થાય છે. લોકજીવનની સાદી-સરળ લોકશૈલીના દર્શન આ વાર્તા દ્વારા થયા વગર રહેતા નથી. તે સમયના માનવીની ટેક, ચતુરાઈ, ન્યાય, સુખ-દુ:ખ, ત્યાગ વગેરેના આપણને દર્શન થાય છે. પાત્રોના વર્ણન અને સંવાદ દ્વારા સાદુ, સરળ અને સહજ જીવન કેવી રીતે જીવવું તે આ વાર્તાઓમાંથી શીખવા મળે છે.

આપણા લોકસાહિત્યમાં જે વણપ્રીછી રસાત્મક સમૃદ્ધિ પડી છે તેનું સંશોધન કરી, તેના પરનો કાટ ઉતારી તેનો અસલી ચળકાટ, ભાત, તેનું સત્ત્વ અને તેની સાહિત્યિક સબળતા પ્રગટ કરે છે. એક અભ્યાસી તરીકે દેશ-વિદેશમાં પડેલા લોકસાહિત્યનું અધ્યયન કરે અને માનવીય જીવનની ગતિવિધિ જુદી જુદી ભૂમિમાં પણ એક જ સંદર્ભે કેવો આકાર ધારણ કરે છે તેનો પરિચય કરાવે છે. આ સંપાદન કરવા પાછળ જોરાવરસિંહનો હેતુ લોકકથાઓના કલાસ્વરૂપનો પરિચય કરાવવાનો છે.

**સંવાદકલા**

સંવાદ એ કોઈપણ કૃતિનું અનિવાર્ય અંગ છે. આ કૃતિના સંવાદો સચોટ અને ભાવવાહી છે. અહીં પાત્રોચિત ટૂંકા તેમજ માર્મિક સંવાદો આકર્ષક રીતે પ્રયોજ્યા છે. લોકોના સંવાદો દ્વારા પણ ભાવકને કેટલીક વિગતો મળવાથી તેમનો રસ જળવાઈ રહે છે. આ કૃતિમાં ઠેર ઠેર જોરાવરસિંહની ચિત્તાકર્ષક સંવાદકલાનો પરિચય મળી રહે છે. ટૂંકમાં પાત્રોની મનોસ્થિતિ, કાર્ય, પરિસ્થિતિ, વાતાવરણને સમુચિત સંવાદરચના એ જોરાવરસિંહની એક આગવી સિદ્ધિ રહી છે.

‘ખડકી માથે કંઈ દેખાય છે?’

‘માળ છે, બાપુ.’

‘માળ માથે શું છે ?’

‘મોટી કોઠી પડી છે.’

આમ, સંવાદકલા પાસેથી સર્જકે ધાર્યું કામ પાર પાડ્યું છે.

**ઉપસંહાર**

‘સજે ધરતી શણગાર’ માં જુદા જુદા પ્રદેશોની લોકકથાઓ સાહિત્યના સાગરમાં નદીની જેમ મળે છે. ‘લોકકથા એક અધ્યયન’ મથાળામાં સંપાદકનો લેખ સારાય સંગ્રહનું મુખડું બાંધે છે. મનુષ્યજાતિનું પ્રાચીન અને વ્યાપક એવું જીવનરહસ્ય આ કથાઓમાં ધબકે છે. કંઠસ્થ લોકકથા કાગળ પર ઊતરે ત્યારે ત્યારે ભાષા ને ધ્વનિ અગત્યનાં ગણાવાં જોઈએ. ભૂમિનો થડકો ભાષામાંથી પ્રગટે છે, એટલે લોકબોલી પુસ્તકમાં છપાય એમાં ફોરમ આવવી જોઈએ ભૂમિની માટીની. શ્રી જોરાવરસિંહે એમના નિબંધમાં આ છણાવટ કરી છે. ગુજરાતી સાહિત્યને આ કથાઓ ધરતીની ફોરમનો અનુભવ કરાવે છે. સંપાદકે દરેક કથા ઉપર એમની કલમ ચલાવી છે. આ સંપાદન પાછળ તેમનો હેતુ લોકકથાઓના કલાસ્વરૂપનો પરિચય કરાવવાનો રહ્યો છે.

## ૩. ૧. ૧૨ ટહૂકે સાજણ સાંભરે

**પ્રસ્તાવના**

‘ટહૂકે સાજણ સાંભરે’ ઈ. સ. ૧૯૭૨ માં પ્રકાશિત થયેલ કુલ ૧૭ પ્રેમકથાઓનો સંચય છે. આરંભની સંપાદકની ભૂમિકા પ્રેમકથાની પ્રાચીનતા અને લાક્ષણિકતાઓનો સદ્રષ્ટાંત ઈતિહાસ અને તત્ત્વપરિચય આપે છે. લેખકનો આશય વિષયાનુકારી લોકકથાના સંપાદનનો છે. પ્રેમકથા તો લોકકથાનો પ્રાણ છે. એ વાસ્તવ અને કલ્પનાને અદ્‌ભુત

રીતે સંયોજે છે. આવી પ્રત્યેક કથા પાછળ કાં તો આદિમાનવીય પ્રાકૃતિક અનુભવથી જન્મેલી ધારણા હોય છે કાં તો કોઈક સ્થળે કેટલેક અંશે બની ગયેલી ઘટના પણ હોય છે. સ્થાન-સ્થિતિ-જાતિ-ધર્મ વગેરેના ભેદ જ બે પરસ્પરને ચાહતાં પાત્રોને મળતાં અટકાવે છે, એની જ કરુણતા આ પ્રકારની વાર્તાઓમાં જોવા મળે છે.

**પ્રણયકથા : એક અધ્યયન**

શ્રી જોરાવરસિંહે તૈયાર કરેલ 'ટહૂકે સાજણ સાંભરે' નામનો એક અદ્‌ભુત અભ્યાસગ્રંથ એટલા માટે ગણી શકાય કે માનવ સંસ્કૃતિના ઈતિહાસથી લઈને આજ સુધી પ્રણયકથાઓ સતત અને અવિરત લોકહ્રદયમાં તેમજ લોકજીભ ઉપર રહેલી છે. શરૂઆતમાં જોરાવરસિંહે 'પ્રણયકથા : એક અધ્યયન' નામનો પ્રણયકથાને લગતો જે લેખ આપ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે.

"કાગ ઉડાવણ ધણ ખડી, આયો પિયુ ભડક્ક,
આધી ચૂડી કાગ ગળ, આધી ભોંય તડક્ક."[૧૩]

અર્થાત્ કાગડાને ઉડાડનારી વિરહિણી નારીએ ઓચિંતો પિયુને દીઠો. દેખંતાવાર જ એના હાથમાં પહેરેલ અર્ધાબિલોયાં ધરતી પર ગયાં અને અર્ધાં તડાક દેતાં તૂટી ગયા.

પ્રણયકથાઓનું પગેરું તો છેક વેદકાળ સુધી લંબાય છે. કારણ કે વેદોમાં નોંધાયેલ યમ તથા યમીનો સંવાદ, ઉર્વશી અને પુરુરવા, વિશ્વામિત્ર અને મેનકા, દુષ્યંત અને શકુંતલા જેવી અનેક પ્રણયકથાઓ જોવા મળે છે. મધ્યકાળની કથાઓમાં કિર્તીવર્ધન દ્વારા લખાયેલ 'સધ્યવત્સ સાવલિંગા' ની પ્રણયકથા લોકજીભે ચડીને અપભ્રંશ પામીને 'સદેવંત સાવલિંગા' ના નામે લોકસાહિત્યમાં અત્યંત પ્રચલિત થયેલી છે. ગુજરાતી સાહિત્યમાં મધ્યકાલીન કાવ્યપરંપરાના છડીદાર એવા દયારામની ગરબીઓ તેમજ પ્રેમાનંદના આખ્યાનોમાં પણ પ્રણયની મસ્તીની અભિવ્યક્તિ અત્યંત મનોહર રીતે થયેલી જોવા મળે છે.

છેક વેદકાળથી શરૂ થયેલી પ્રણયકથાઓની પ્રવાહી યાત્રા અર્વાચીન સમયમાં સ્વ. ઝવેરચંદ મેઘાણી સુધી લંબાય છે. આટલા લાંબા સમય સુધી જે કોઈપણ કથાઓ ચર્ચામાં રહીને લોકજીભે રમતી રમતી લોકહૈયામાં કંડારાઈ ગઈ હોય તેનું સ્થાન લોકસાહિત્યમાં અનિવાર્ય બની જાય છે. પ્રણયની આવી રૂપકડી ગીતકથાઓનું વર્ગીકરણ પણ અહીં સુંદર રીતે આપવામાં આવ્યું છે. જુદી જુદી કથાઓમાં પ્રણયની આ અભિવ્યક્તિ કેવી રીતે કરવામાં આવે છે તેની વાત દુહા-છંદબદ્ધ રીતે કરવામાં આવી છે. લોકકથાઓનાં પાત્રોનો પ્રેમ સ્વાર્થી પ્રેમ નહોતો. તેમનામાં દીલની ઉદારતા, દિલાવરી ને ખાનદાની હતી. આવી કથાઓમાં પ્રણયના પ્રતીકો તરીકે ભ્રમર અને કમળ, દીપક અને પતંગિયું વગેરેનાં ઉલ્લેખો થયેલા છે. આ ઉપરાંત હંસ, પોપટ, મોર, કુંજલડી જેવા જીવો બે પ્રેમીઓના સંદેશાની આપ-લે કરતા જોવા મળે છે. જેમ કે નળરાજા દમયંતિ પાસે હંસને પોતાનો સંદેશો લઈને મોકલે છે. આવી પ્રણયકથાઓ લોકસમાજમાં ખૂબ જ લોકપ્રિય બની છે. આવી વિસ્તૃત માહિતી જોરાવરસિંહે આ લેખમાં વાચક વર્ગને પૂરી પાડી છે.

**કથાવસ્તુ**

આ સંગ્રહમાં પણ લેખકે દેશ અને પરદેશ બન્નેને લક્ષમાં રાખી ગુજરાતના વિવિધ પ્રદેશો, રાજસ્થાન, બંગાળ, જાપાન વગેરેની પ્રેમકથાઓ આપી છે. જોરાવરસિંહે અહીં ઢોલા-મારણીની કથા આપી છે. આ ઉપરાંત નાનાભાઈ જેબલિયા, ખોડીદાસ પરમાર, હરિલાલ ગૌદાની, રતુદાન રોહડિયા, દાદુદાન ગઢવી, કાંતિલાલ ટોલીકર, હરિલાલ ઉપાધ્યાય, દુલેરાય કારાણી, શંકરભાઈ તડવી વગેરેએ આલેખેલી પ્રેમકથાઓ સંપાદિત કરી છે.

'ઢોલો અને મારવણ' જોરાવરસિંહે લખેલી કથા છે. આ કથામાં રાજસ્થાનના પુગલનગરના રાજા પીંગળરાવની મારવણ અને નરવરનગરના નળરાજાના ઢોલાની પ્રેમકથાનું આલેખન થયેલું છે. આ કથામાં અંતે બન્ને પ્રેમીઓનું સુખાંત મિલન થયેલું જોઈ શકાય છે. આ આખી કથા દુહાબદ્ધ રીતે વર્ણવવામાં આવી છે. 'વીરપસલીનું કાપડું' વાર્તાના લેખક નાનુભાઈ જેબલિયા છે. રખાવટ એ સૌરાષ્ટ્રનો આગવો સંસ્કાર છે. પિયાવા ગામના ધણી આપા ભગવાનની પત્ની હીરબાઈએ વરજાંગ રબારીને જીભનો માનેલો ભાઈ બનાવ્યો છે. છોકરાઓની વઢવેણને કારણે વટનો માર્યો વરજાંગ બેનના ગામનું પાણી અગરાજ કરે છે. જ્યારે ધરમની

બેનનું સૌભાગ્ય નંદવાવાની પળ આવી ત્યારે બહેનનો ચૂડલો અમર રાખવા વરજાંગે મોતને મીઠું માની લીધું. પોતાનું લીલુડું માથું વધેરીને બહેનને એના સૌભાગ્યનું કાપડું કર્યું. આમ આ કથા નિર્મળ નેહના તાણાવાણાથી ગુંથાયેલી છે. લોકસાહિત્યમાં સુખાન્તવાળી પ્રેમકથાઓ બહુ ઓછી સાંપડે છે. રાજસ્થાનની 'મહેન્દર અને મૂમલ' આ કથા પણ દુખાન્તવાળી છે. મહેન્દર અને લોદ્રવાની કુંવરી મૂમલ બન્ને એકબીજાના પ્રેમમાં પડે છે. સમય જતા બન્ને વચ્ચે શંકાની વાદળી વરસતા છૂટા પડે છે. છેવટે કસોટી કરવા જતા સાચા પ્રેમના દર્શન થાય છે, પણ પ્રેમની વેદી પર મૂમલ મોતને મીઠુ કરી લે છે. અંતે મહેન્દરને પોતાની ભૂલ પર પસ્તાવો કરતો જીવન વિતાવે છે. પ્રેમનું અનુસંધાન માત્ર માનવહૃદય વચ્ચે જ હોય છે એવું નથી. માનવ અને પશુ હૃદયને પણ પ્રેમનો તાંતણો એક જ બંધનથી બાંધે છે. આવી જ કથા 'પરભવની પ્રીત' માં રજૂ થયેલી છે. દામન ગામની બ્રાહ્મણ કન્યા દેવુબા પોતાની ભાભીના મહેણાથી વાઘ સાથે લગ્ન કરીને ઘરસંસાર માંડે છે. એટલું જ નહીં, પણ વાઘના મરણથી એનું સૌભાગ્ય નંદવાતા એ તેની પાછળ સતી થાય છે. વિશ્વમાં આવી વિરલ ઘટના ક્યાંય નોંધાયેલ નથી. રતુદાન રોહડિયા લિખીત 'મોજદીન અને મહેતાબ' કથા સિંધપ્રદેશની છે. તેમાં ઈરાનના શાહ ખુદાદીનો પુત્ર મોજદીન ઈરાનના વજીર રોશનખાનની પુત્રી મહેતાબના પ્રેમ માટે થઈને ઈરાનનું તખ્ત, ઈસ્લામ ધર્મ અને પોતાનો દેશ ત્યજી દે છે. 'કરચલાનો કરડ' કથામાં પ્રભાશંકર ગોર રોજ નદીએ નાવા જાય ઈ ટાંણે સમુડી વાઘરણ હાથમાં તગારું લઈને બકાલાને પાણી પાય. નિત્યના આ ક્રમે સમુડીએ પ્રભાશંકરને પોતાના મનમંદિરનો દેવતા માની લીધો. બન્ને વચ્ચે પ્રેમનું પુષ્પ પાંગર્યું, પણ સમાજ અને નાતની આમન્યાનો અંચળો ગોર આઘો અડસેલી શક્યા નહીં. પ્રેમીકા સમુડીએ ઉજળા વરણના ગોરની પાછળ પોતાનો મનખા દેહ ઓળઘોળ કરી દીધો. ગોર સમુડીને જીવતા ન અપનાવી શક્યા પણ એના મૃત્યુ બાદ એની મીઠી યાદને હૈયામાં જીવ્યા ત્યાં સુધી જતન કરીને જાળવી એનું આલેખન થયું છે. દરબાર શ્રી પુંજાવાળાએ લખેલી 'પડિયેલ હિરલાની ગાંઠ' કથામાં મારવાડની અજાણી ભોમકાના પંખીડાએ આવીને સૌરાષ્ટ્રના સમઢિયાળા ગામના પાદરે ઊંટને ઝોંકાર્યો. આ અજાણ્યા સાધુ-સાધ્વીએ આખા ગામને પ્રેમના તાંતણે બાંધી દીધા. એ હતા હિરાગર અને હિરલમાતા. બન્ને સંત પરંતુ સારસ બેલડી જેવો પ્રેમ. હિરાગરનું અવસાન થતાં હિરલદેએ હાયકારો કરીને જીવ કાઢી નાંખ્યો અને પતિના માર્ગે સંચર્યા એની વિગતે વાત કરેલી છે. 'કિમકોનો અપૂર્વ ત્યાગ' એ જાપાની પ્રણયકથા છે. કિમકો એ એક વેશ્યા છે. તેનો પ્રેમી તેની સાથે લગ્ન કરવા માંગે છે ત્યારે

ક્રિમકો પોતાના પ્રેમીને બદનામીમાંથી બચાવવા તેના જીવનમાંથી સદાને માટે ભિક્ષુણી બની ચાલી નીકળે છે. તથા કોઈ અગોચર ખૂણે રહીને પણ પ્રેમીની માળા જપે છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદક શ્રીની રહેતી નથી. અહીં આપેલી દરેક કથામાં મુખ્ય પાત્રો ઉપરાંત ગૌણ પાત્રો પણ જોવા મળે છે. આ પાત્રો દ્વારા કથાને વેગ મળે છે. કથાવસ્તુ પણ મુખ્ય પાત્રોની આસપાસ જ ગૂંથાયેલું જોઈ શકાય છે. મુખ્ય પાત્રોમાં જોઈએ તો ઢોલો, વરજાંગ રબારી, મહેન્દર, રૂપસંગ, મોજદીન, માલવો, ઉસમાન, હિરાગર, લાખણસિંહ વગેરે નાયકના રૂપમાં છે અને મારવણ, મૂમલ, શામબાઈ, દેવુબા, નિન્મી, મહેતાબ, સમુડી, નાયકદે, અમિના, હિરલમાતા, ક્રિમકો વગેરે નાયિકાના રૂપમાં રજૂ થયેલ છે. આ મુખ્ય પાત્રો ઉપરાંત અન્ય ગૌણ  પાત્રોમાં જોઈએ તો ઢાઢી, માલવણી, ઉમરસુમરો, આપા ભગવાન, હીરબાઈ, દેવસંગ, ચીથરભાઈ, કનક, ગ્યાસુદ્દીન, માનસિંહ, હરસુર વગેરેનો સમાવેશ થયેલો છે.

**ભાષાશૈલી**

'ટહૂકે સાજણ સાંભરે' કથા સંગ્રહ સંપાદિત છે. તેથી દરેક વાર્તાની ભાષા અલગ અલગ જોવા મળે છે. બધી કથાઓમાં છંદ અને દુહાઓનો ભરપૂર ઉપયોગ થયેલો છે. અહીં જે ભાષા પ્રયોજાયેલી છે તે એકદમ સાદી અને સરળ છે. તેમાં ક્યાંય આડંબર જોવા મળતા નથી. ગામઠી ભાષાનો બહોળા પ્રમાણમાં વિનિયોગ થયેલો જોઈ શકાય છે. ભેળું, અબઘડી, ગોઠતું, ગોતી કાઢે, શીરામણ, નાઠો, સોરવવું, વાહરવો વગેરે જેવા તળપદા શબ્દોનો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયેલો છે.

વર્ણનો જોઈએ તો શ્રી પીંગળશીભાઈ નાયકદેનું વર્ણન કરતાં કહે છે કે,

"સાગના કુણા સોટા જેવી પાતળી કાયા, ગુલાબના ગોટા જેવું ગોળ મટોળ મોઢું, એના નેણ તો જાણે કમળની પાંખડી. ઉપર ભમરાઓ પાંખો પસાડીને બેઠા હોય નહીં! આમ નાકે નેણે

થોકે થોકે રૂપ ભર્યું છે. જોબન આવતાં આ રૂપ ફાગણ મહિનાનાં કેસુડાં ભર્યા ખાખરાની જેમ ખલવલી ઊઠ્યું છે."[૧૪]

એકંદરે આ કથાની ભાષાશૈલી પણ કથાને વેગ આપવામાં ઉપયોગી થાય એવી છે તથા આમ વાચકવર્ગને સમજવામાં પણ મદદરૂપ બને છે.

**ઉપસંહાર**

આ પ્રણયકથા સંગ્રહમાં શ્રી જોરાવરસિંહનો અભ્યાસી નિબંધ આ સંગ્રહનું એક આગવું આકર્ષણ છે. આમાં આપણને પ્રણયની અભિવ્યક્તિના વિવિધ માધ્યમો, પ્રણયકથાઓનું પગેરું, પ્રણયની રૂપકડી કથાઓનું સુંદર વર્ગીકરણ, વિવિધ કથાઓમાં પ્રણયની અભિવ્યક્તિ, પ્રણયના પ્રતીક સમા ભ્રમર અને કમળ, દીપક અને પતંગિયું, હરણ અને સંગીત, નાગ અને મોરલી, સારસ અને સારસીના જોડા, પ્રણયકથાઓમાં આવતા રૂઢકથાંશો અને તેની લોકપ્રિયતા વગેરેની વિપુલ માહિતી સાંપડે છે. જે ખરેખર અદ્‌ભુત અને પ્રશંસનીય છે.

### ૩. ૧. ૧૩ રાજપૂત કથાઓ

**પ્રસ્તાવના**

જોરાવરસિંહ જાદવ સંપાદિત 'રાજપૂત કથાઓ' ઈ. સ. ૧૯૭૯ માં પ્રકાશિત થયેલ ગ્રંથ છે. તેમાં કુલ ૧૭ વાર્તાઓનો સંગ્રહ થયો છે. પરાક્રમી વીર રાજપૂતોએ પોતાની આગવી રીતભાત, રહેણીકહેણી અને સંસ્કારિતાથી ધબકતી રાજપૂત સંસ્કૃતિનું સર્જન કર્યું હતું. રાજપૂતોની વાતો સાંભળતાં જ યુદ્ધધીંગાણાં, માથાં ને ધડનાં ઢગલાં, ઘોડાના ડાબલાની પ્રાછટો, તીખી તરવાર્યુંની બટાઝોટી એવા ખ્યાલો આવે એ સ્વાભાવિક છે, કારણ કે ભાટ, ચારણો અને ઈતિહાસકારોએ રાજપૂતોની એવી શૌર્યમઢી વાતું કહીને ખંગ વાળી દીધો છે. રાજપૂતોના શૌર્યની ઘણી બધી કથાઓ મોજૂદ છે ને ઘણી બધી લુપ્ત થઈ ગઈ છે. ભાટ-ચારણોના

કવિતોમાં સચવાયેલી કથાઓએ સંકડો વર્ષ લગી પ્રજાને વીરતાની પ્રેરણા આપી છે અને ભારતીય પરંપરાને ઉજ્જવળ બનાવી છે.

રાજપૂત સંસ્કૃતિનું બીજું ગૌરવપૂર્ણ અને ઉજળું પાસું એ રાજપૂતોના ખોરડે આંટો દઈ ગયેલી ઉજળી રાજપૂતાઈ, ખાનદાની, દિલાવરી, દાતારી, ત્યાગ, ટેક અને રખાવટનું છે.

**કથાવસ્તુ**

'વીરાંગના માનિનીદેવી' કથામાં જેસલમેરના કુંવર માનસિંહ અને કોટડાના જશવંતસિંહના દીકરી માનિનીદેવી સ્નેહના તાંતણે બંધાય છે. માનસિંહ માનિનીદેવીનું હરણ કરે છે, તેનાથી બન્ને કુટુંબો વચ્ચે પાંચ-પાંચ પેઢીઓથી ચાલ્યા આવતા વેરમાં અગ્નિ હોમાય છે. અંતે યુદ્ધ સંગ્રામ રચાય છે. તેમાં માનસિંહ જીવ બચાવી ઘરે પાછો ફરે છે ત્યારે માનિનીદેવી પતિને ઠપકો આપી પોતે ચિતા પર બેસી આત્મસમર્પણ કરે છે તેની વાત રજૂ કરવામાં આવી છે. સિંધના રાજવી ઘોઘો સુમરો દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનના ડરના કારણે પોતાની પાસે રહેલ એકસો ચાલીસ સુમરી કન્યાઓને વડસરના રાજવી અબડાને સોંપે છે. અબડો પોતાની સગી બહેનોની જેમ આ પરધર્મી સુમરી કન્યાઓની આબરૂ બચાવવા અલ્લાઉદ્દીન સાથે યુદ્ધ કરે છે અને તેમાં પોતે કામ આવી જાય છે. તેની પાછળ સુમરી કન્યાઓ પણ પોતાના પ્રાણ ત્યજી દે છે. આ વાત 'ટેકીલો ટેક ન મેલે રે' માં રજૂ થઈ છે. યોગરાજ ખૂબ જ નેકદિલ અને નીતિપરાયણ રાજવી હતો. તેના મોટા કુંવર ક્ષેમરાજની ભૂલને કારણે પોતે મરણપર્યંત અન્નજળનો ત્યાગ કરી ચિતામાં પ્રવેશ કરી પ્રાયાશ્ચિત કરે છે. આ વાત 'યોગરાજ ચાવડો' કથામાં સુંદર રીતે વર્ણવવામાં આવી છે. દિલ્હીનો બાદશાહ અલ્લાઉદ્દીન પોતાના અંતરંગી વર્તુળના સભ્ય મહંમદશાહને ફાંસીની સજા ફરમાવે છે. આ સાંભળી મહંમદશાહ ભાગી છૂટે છે. રણથંભોરના રાજવી ચૌહાણ હમીરસિંહ તેને આશરો આપે છે અને અલ્લાઉદ્દીન સામે યુદ્ધ કરે છે. હમીરસિંહ મરણપર્યંત મહમદશાહને બચાવે છે, પરંતુ અંતે હમીરસિંહ અને મહમદશાહ બન્ને મૃત્યને ભેટે છે. શરણાગતના રક્ષણ માટે પોતાના સર્વસ્વનું બલિદાન આપનાર આ વીરપુરૂષોની ખાંભીઓ આજે પણ રણથંભોરના કિલ્લામાં છે. કચ્છના ગુંદિયાળી ગામના

ટિલાયત નોંઘણજી હાલા અને સૂમરોજી માયડો બન્ને બહાદુર અને બળવાન નરવીર હતા. માંડવી બંદરની સમૃદ્ધિને લૂંટવા આવેલા લૂંટારાની સાથે યુદ્ધ કરી તેમને ભગાડે છે. પરંતુ દુશ્મનોના ઘાથી એટલા બધા ઘાયલ થયા હતા કે બન્ને ત્યાંજ ઢળી પડ્યા. આ વાત 'વાંકું કણસલું' માં આલેખન પામી છે. જૂનાગઢનો નવાબ બાબી સૌરાષ્ટ્રના રજવાડામાં ઘરાર રકમ ઉઘરાવતો. થાનના રાજા અભેસિંહે રકમ આપવાની ના પાડતા યુદ્ધ થાય છે. અભેસિંહ જૂનાગઢ સામે બહારવટે ચડે છે અને અંતે જૂનાગઢનો નવાબ સમાધાન કરે છે. આ વાત 'થાનની ઠીકરી' કથામાં રજૂ થઈ છે. ઉદયપુરની કુંવરી કૃષ્ણાકુમારીનો સંબંધ જોધપુરના કુંવર સાથે થાય છે. તે કુંવરનું અવસાન થતાં કુંવરીનો સંબંધ જયપુરના કુંવર સાથે થાય છે. આ વાત જોધપુર નરેશને ન ગમતા તે સેના લઈ ઉદયપુર પર આક્રમણ કરવા આવે છે. જયપુરના રાજા પણ કૃષ્ણાકુમારી અમને સોંપી દો નહિતર યુદ્ધ થશે એમ જણાવે છે. આ વાત જાણી કુંવરી અજોડ માનવ હત્યાકાંડ નિવારવા વિષપાન કરી આત્મસમર્પણ કરે છે. આ વાત 'ઉદયપુરની રાજકન્યા' કથામાં આલેખન પામી છે. ધોળ રાજ્યના ફટાયા કુંવર કેસરીસિંહ બિલખા પાસેના ઢૂવામાં સિંહ સાથે માત્ર તલવાર લઈને યુદ્ધ કરે છે અને સિંહને મારી નાંખે છે. આ વાત 'સિંહ સામે કેસરીસિંહ' કથામાં અદ્ભુત રીતે રજૂ કરવામાં આવી છે. ચિત્તોડના રાણા સમરસિંહ અને શાહબુદ્દીન ઘોરી વચ્ચે યુદ્ધ થાય છે. કર્મદેવી આ યુદ્ધમાં સાથે આવવાની વાત કરે છે, પરંતુ સમરસિંહ તેને ના પાડી રાજ્યની જવાબદારી સોંપે છે. આ યુદ્ધમાં સમરસિંહ વીરગતિ પામે છે. વર્ષો બાદ ફરીથી કુતુબુદ્દીન ચિતોડ પર યુદ્ધ કરવા ચડી આવે છે ત્યારે કર્મદેવી સેનાપતિનું પદ લઈ સેનામાં નવો જુસ્સો પૂરે છે. કર્મદેવી ખૂબ જ વીરતાથી દુશ્મનોનો સામનો કરી કુતુબુદ્દીનને હરાવે છે. આ વાત 'મેવાડની મહારાણી કર્મદેવી' માં સુંદર રીતે આલેખન પામી છે.

**પાત્રાલેખનકલા**

'રાજપૂત કથાઓ' સંચયમાં આવતા દરેક પાત્રો ઐતિહાસિક છે અને પોતાના નામ પ્રમાણે ગુણો ધરાવે છે.અહીં આવતા દરેક પાત્ર ત્યાગ, ટેક, બલિદાન, શરણાગતનું રક્ષણ કરવા માટે ખૂબ જ શૂરવીરતાથી લડે છે અને વીરગતિ પામે છે. મુખ્ય પાત્રોમાં જોઈએ તો જેસલમેરના રાજકુંવર માનસિંહ, માનિનીદેવી, વડસરના પ્રતાપી રાજવી અબડો જામ, ચોગરાજ ચાવડા, હમીરસિંહ, ભાથી રાજપૂત, નોંઘણજી હાલા, સૂમરોજી માયડો, અભેસિંહ, કૃષ્ણાકુમારી,

*કેસરીસિંહ, રાણી રૂડાંદે, કર્મદેવી, લીલાબા, હકોજી વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત અન્ય ગૌણ પાત્રો અને ખલનાયકના રૂપમાં રહેલા પાત્રોમાં જોઈએ તો ઘોઘો સુમરો, અલ્લાઉદ્દીન, ક્ષેમરાજ, મહંમદશાહ, કાળો ચોર, મિયાણા, મહમહખાન, કર્નલ લૅંગ, વખતભાઈ ગઢવી, બાદશાહ મહમૂદ, કુતુબુદ્દીન, ચતુરસિંહ, ગોરભા, શિવાજી વગેરેનો સમાવેશ થાય છે. આ કથાસંચયમાં રહેલા પાત્રોની ગૂંથણી ખરેખર અદ્‌ભુત છે. અહીં દરેક પાત્રને ખિલવાનો પૂરેપૂરો અવકાશ મળે છે.*

***ભાષાશૈલી***

*આ કથાસંચયમાં પ્રયોજાયેલ ભાષા સાદી, સરળ અને પ્રવાહી છે. ઉપરાંત ચારણી શૈલીનો પણ ભરપૂર ઉપયોગ થયેલો જોઈ શકાય છે. અહીં તળપદા શબ્દોનો પણ સારો એવો વિનિયોગ થયેલો જોઈ શકાય છે. જેમકે શિરામણ, ટાણે, હેઠે, માલીકોર, વાવડ, સૂંથણું, વેળા, ઓરાવા, ગવતરી, લૂગડાં, નથ્ય, વતાડું. આ ઉપરાંત જ્યાં જરૂર જણાઈ ત્યાં દુહા અને છંદનો પણ ઉપયોગ થયેલો જોઈ શકાય છે. જેમકે*

*"સિંહ ન જૂએ ચંદ્રબળ, નવ જૂએ ધન સિંહા,*

*એકલડો સહ સામાહો, જ્યાં સાહસ ત્યાં સિહ."[૧૫] આ ઉપરાંત જોરાવરસિંહે કરેલ ઘોડાના વર્ણન જોઈએ તો,*

*"નક્ચક્ષની શોભાવાળા, બીજના ચંદ્ર જેવા વાંકા મોંવાળા, કમળ સરખાં નાકવાળા, પૂનમના ચંદ્રના જેવા ચાચરાવાળા, શાલીગ્રામ સરખાં શ્યામ નેત્રોવાળા, લોમઝોમ કરેલાં, કૂકડકંધા, પલંગ જેવી પીઠવાળા, બાજોઠ જેવી ત્રગોવાળા, અરીસા જેવી તેજસ્વી રૂંવાટીવાળા, દેવળના થંભ જેવા, નકોર નળિયોવાળા, ભાગતાં હરણોને ઝાલવાવાળા, ઘોડાઓને તંગ તાણ્યો."[૧૬]*

**ઉપસંહાર**

જોરાવરસિંહ સંપાદિત 'રાજપૂત કથાઓ' શીર્ષક જ તેની અંદર રહેલી માહિતીનો આછેરો પરિચય આપી દે છે. આ સંગ્રહમાં જોરાવરસિંહ જાદવ, કુમારપાળ દેસાઈ, રતિલાલ દેસાઈ, નટુભાઈ ઠક્કર, દુલેરાય કારાણી, દોલત ભટ્ટ, રતુદાન રોહડિયા, પીંગળશીભાઈ ગઢવી, ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ વગેરેએ પોતાની વાર્તાઓ આપી છે. સમગ્ર પુસ્તકમાં રહેલા ચિત્રો એ જોરાવરસિંહનું આગવું પાસું ગણી શકાય તેમ છે. રાજપૂતોમાં રહેલી ખુમારી, દાતારી, ટેક, ત્યાગ, બલિદાન, ખાનદાની, શરણે આવેલાનું રક્ષણ કરવાની ભાવના વગેરે વાતોથી ઈતિહાસના પાનાં હાંફી રહ્યા છે. આ સંગ્રહની દરેક વાર્તામાં આપણને ખરી રાજપૂતાઈના દર્શન થાય છે.

### ૩. ૧. ૧૪ લોકસાહિત્યની પ્રેમકથાઓ

**પ્રસ્તાવના**

'લોકસાહિત્યની પ્રેમકથાઓ' ઈ. સ. ૧૯૯૦ માં પ્રકાશિત થયેલ પ્રેમકથાઓનો સંચય છે.માનવીના મુઠ્ઠી જેવડા હ્રદયમાં પડેલી પ્રણયની ભાવના સૃષ્ટિના સર્જનકાળ જેટલી પ્રાચીન છે. લોકસાહિત્ય અને ઈતિહાસના પાને આલેખાયેલી પ્રણયોર્મિની કથાઓનું પગેરું વેદમાં યમ અને યમીના સંવાદ સુધી પહોંચે છે. સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં તો પ્રણયકથાઓનો ભરપૂર ભંડાર ભર્યો પડ્યો છે. એમાંથી દુષ્યંત, શકુંતલા, નળ દમયંતી, ઊષા અને અનિરુદ્ધ જેવી અસંખ્ય પ્રેમકથાઓ સાંપડે છે. કાલિદાસ, ભવભૂતિ અને બાણ ભટ્ટ જેવા સાહિત્યકારોએ સાહિત્યના જુદા જુદા સ્વરૂપે પ્રણયકથાઓ આપી છે.

**કથાવસ્તુ**

આબુરાજની પુત્રી કુમારીદેવી સામાન્ય માણસ એવા વાલમના પ્રેમમાં પડે છે. આબુરાજ વાલમને કહે છે કે એક જ રાતમાં આબુની તળેટીથી માંડીને આબુ પર્વત પર સડક

બનાવી આપે તો કુમારી સાથે તારા લગ્ન કરાવું. આ શરત વાલમ સ્વિકારે છે, પરંતુ રાજા કપટ કરે છે અને આ રીતે રસિયો વાલમ અને કુમારી બન્ને પોતાના પ્રાણ ત્યાગી દે છે. આ કથા 'કુમારી અને રસિયો વાલમ' કથામાં આલેખાયેલી છે. જેસલમેરના મુરુ રાજાનો દીકરો ભેરિયો અને પચ્છમ બેટની રાણી સગઈ સંગાર એકબીજાના પ્રેમમાં પડે છે. સગઈ સંગાર લગ્ન માટે શરત મૂકે છે કે મારવાડના નાગને વશ કરીને લાવો તો તમારી સાથે લગ્ન કરું. ભેરિયો નાગને પકડવા જાય છે ત્યારે એ નાગના ડંશથી તેનું મોત થાય છે. તેની પાછળ સગઈ સંગાર સતી થાય છે. આ કથા 'ભેરિયો ગારુડી' માં સુંદર રીતે આલેખન પામી છે. પુનાના મહાન પરાક્રમી રાજવી બાજીરાવ પેશવા મસ્તાનીના પ્રેમમાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા કે રાજકાજમાં એમનો રસ ઓછો થઈ ગયો. માંસ, મદિરા અને મસ્તાની પાછળ એ દીવાનો બની ગયો. બાજીરાવને સુધારવા માટે તેમના પુત્ર નાનાસાહેબે મસ્તાનીને નજરકેદ કરી. પરંતુ આમ થતા બાજીરાવ અને મસ્તાની બન્ને તડપવા લાગ્યા. અંતે બાજીરાવ મસ્તાનીના વિરહમાં મૃત્યુને ભેટે છે. આ વાતની જાણ થતા મસ્તાની પણ મોતને વહાલું કરે છે. આ વાત 'બાજીરાવ મસ્તાની' કથામાં રજૂઆત પામી છે. 'નાદિરશાહ અને સિતારા' કથામાં નાદિરશાહ અને સિતારાના પ્રેમનું આલેખન થયું છે. આ બન્નેનો આવો પવિત્ર પ્રેમ શીરાજી નામની પેટબળી બાઈથી જોવાયો નહીં. તેણે નાદિરશાહને સિતારા વિરુદ્ધ કાનભંભેરણી કરીને બન્નેને અલગ કરાવ્યા. નાદિરશાહની દુશ્મનો દ્વારા હત્યા થતાં સિતારા પણ તેની પાછળ પોતાના પેટમાં છરી ભોંકીને મોતને વહાલું કરે છે. 'સસ્સી પન્નુ' કથાનું ક્ષેત્ર પંજાબ છે. અત્તા ધોબીની પાલક પુત્રી સસ્સી સ્વપ્નમાં એના પ્રેમીને જૂએ છે, ત્યારથી વિરહની આગમાં સૂકાવા લાગે છે. અત્તો અને તેનો નોકર રમજુ સસ્સીના રાજકુમારને શોધવા લાગે છે. અંતે તે સ્વપ્નનો રાજકુમાર પન્નુ પ્રાપ્ત થાય છે, પરંતુ પન્નુનો ભાઈ તેને લગ્નના માંડવેથી પરણ્યા વગર જ લઈ જાય છે. પન્નુની શોધમાં સસ્સી રખડતી રખડતી ભૂખીતરસી મોતને વહાલું કરે છે. ઝાલોરના રાજકુમાર વિરમદેના રૂપના વખાણ સાંભળી દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીનની શાહજાદી પીરોજા મનોમન તેને પરણવાનું નક્કી કરે છે. અલ્લાઉદ્દીન ઝાલોર ખબર પહોંચાડે છે, પણ વિરમદે તેના પ્રસ્તાવને ઠુકરાવી દે છે અને અંતે યુદ્ધ થાય છે. તેમાં વિરમદે કામ આવી જાય છે. તેનું મસ્તક ખોળામાં લઈને પીરોજા હિંદુ રિવાજ મુજબ સતી થાય છે. આ વાત 'વીરમ અને પીરોજા' કથામાં અદ્ભુત રીતે આલેખાયેલી છે. 'રામી ધોબણ અને ચંડીદાસ' કથાનું ક્ષેત્ર બંગાળ છે. બંગાળના પ્રેમકવિ ચંડીદાસ 'વાશુલી' ના મંદિરનો પૂજારી હોય છે. તે રામી ધોબણના પ્રેમમાં

પડે છે. બન્નેના પ્રેમની જાણ થતાં બ્રાહ્મણ સમાજ ચંડીદાસને નાત બહાર મૂકે છે. ચંડીદાસ પોતાના પ્રેમ માટે થઈને સમાજની પણ પરવા કરતો નથી અને રામી સાથે ગામ છોડીને જતો રહે છે. 'પદ્મીની અને અલ્લાઉદ્દીન' કથામાં ચિત્તોડના રાજા ભીમસિંહની પત્ની પદ્મીનીને મેળવવા માટે દિલ્હીનો બાદશાહ અલ્લાઉદ્દીન યુદ્ધ કરે છે. કપટથી તે ભીમસિંહને કેદ કરે છે અને પદ્મીનીની માંગણી કરે છે. પદ્મીની પણ કપટથી પોતાના ૭૦૦ રાજપૂતોને લઈને તેની છાવણીમાં જઈ હૂમલો કરે છે. અંતે આ યુદ્ધમાં ભીમસિંહ કામ આવી જાય છે અને પદ્મીની બીજી સ્ત્રીઓ સાથે અગ્નિમાં પોતાની આહુતિ આપે છે. આ વાત સુંદર રીતે નિરૂપણ પામી છે.

### પાત્રાલેખનકલા

જોરાવરસિંહની પાત્રાલેખનકલા અહીં સોળે કળાએ ખીલી ઉઠે છે. આ કથાઓની અંદર આવતા દરેક પાત્ર સ્વમાની, શૂરવીર, ત્યાગ અને બલિદાનની ભાવનાવાળા છે. પોતાના પ્રેમી માટે કે સાચા પ્રેમ માટે જીવનું બલિદાન આપતા પણ અચકાતા નથી. મુખ્ય પાત્રોમાં જોઈએ તો કુમારીદેવી, રસિયો વાલમ, ભેરિયો ગારુડી, સગઈ સંગાર, પૂનાના બાજીરાવ, મસ્તાની, માનસિંહ, બેલીમશા, સસ્સી, પન્નુ, વિરમદે, શાહજાદી પીરોજા, ઢોલો, મારુ, ગોરબાનુ, ચંડીદાસ, રામી, પદ્મીની વગેરેનું સુંદર આલેખન થયેલું જોઈ શકાય છે. આ ઉપરાંત અન્ય ગૌણ પાત્રોમાં જોઈએ તો મુરુ રાજા, છત્રસાલ, ચિમાજી, કાશીબાઈ, નાનાસાહેબ, લાખી, બાદશાહ ગ્યાસુદ્દીન, શીરાજી, રેજાખાં, રામસિંહ, વાઘો, અલ્લાઉદ્દીન, કાન્હડદે વગેરેને ખીલવવાનો લેખકે યોગ્ય પ્રયાસ કર્યો છે.

### ભાષાશૈલી

'લોકસાહિત્યની પ્રેમકથાઓ' સંગ્રહમાં પ્રથમ વિભાગની ૧૧ વાર્તાઓ જોરાવરસિંહની છે. તેથી તેમાં પ્રયોજાયેલી ભાષા પણ લેખકની જ છે. આ વાર્તાઓમાં લેખકે સાદી, સરળ અને ગામઠી ભાષાનો સારો એવો વિનિયોગ કર્યો છે. આ ઉપરાંત આ સંગ્રહની ભાષા એકદમ સ્પષ્ટ છે.ક્યાંય પણ ખોટા આડંબરો જોવા મળતા નથી. જરૂર જણાઈ ત્યાં તેમણે આલંકારીક ભાષાના પણ પ્રયોગો કર્યા છે. અહીં ઝોક, અમથો, ભોં, તાલકું, આલો, સંધીય,

માતો, નૈ, ભાળ, ધાવ, ભાળ્યો જેવા તળપદા શબ્દોનો પણ વિનિયોગ થયેલો જોઈ શકાય છે. લેખકની વર્ણનકલા અહીં સોળે કળાએ ખીલી ઉઠે છે. પદ્મીનીનાં રૂપનું વર્ણન જોઈએ તો,

"પદ્મીની હાલે તો કંકુકેસરનાં પગલાં પડે, બોલે તો બત્રીસ પાંખડીનાં ફૂલડાં ઝરે, સંકેલો તો નખમાં સમાય, ઉડાડો તો આભમાં જાય. ત્રાઠી મૃગલી જેવાં નેણ, ભૂખી સિંહણના જેવો કેડનો લાંક, ઊગતો આંબો, રાણ્યનો કોળાંબો, બહારવટિયાની બરછી, હોળીની ઝાળ, પૂનમનો ચંદ્રમા, જૂની વાડ્યનો ભડકો ને ભાદરવાનો તડકો. અરે, એના નખ ઉતારીને તડકે મૂકો તોય ઓગળી જાય એવી તો એ સુકોમળ સુંદરી છે."[૧૭]

**ઉપસંહાર**

આ સંગ્રહ કુલ બે વિભાગમાં વહેંચાયેલ છે. પ્રથમ વિભાગમાં કુલ ૧૧ પ્રેમકથાઓ છે. તેના લેખક જોરાવરસિંહ પોતે જ છે. બીજા વિભાગમાં કુલ ૧૨ પ્રેમકથાઓ છે. તે અલગ અલગ લેખકો દ્વારા લખાયેલ છે. પ્રથમ વિભાગની બધી કથાઓ 'ચાંદની' માં પ્રસિદ્ધ થઈ ત્યારે વાંચકોએ તે કથાઓને ખૂબ જ ઉમળકાપૂર્વક વધાવી લીધી હતી. ૧૨ થી ૨૩ સુધીની સંપાદિત કથાઓ 'સ્ત્રીજીવન' માસિકના પ્રણયકથા વિશેષાંકમાં ૧૯૭૨ માં પ્રસિદ્ધ થઈ હતી. ત્યાર બાદ તે 'ટહૂકે સાજણ સાંભરે' એ શીર્ષક નીચે સંગ્રહ રૂપે પ્રસિદ્ધ થઈ હતી. આમ લેખકે લખેલી અને સંપાદિત થયેલી બન્ને કથાઓને આ સંગ્રહમાં સમાવવામાં આવી છે. આ સંગ્રહમાં અપ્રગટ અને ઓછી જાણીતી તથા પ્રણયની વૈવિધ્યપૂર્ણ ભાતીગળ કથાઓ આપવાનો પ્રયત્ન કર્યો છે. કથાઓને અનુરૂપ પ્રાચીન શૈલીના વિશિષ્ટ ચિત્રો આ સંગ્રહનું આગવું આકર્ષણ છે.

**૩. ૧. ૧૫ લોકસાહિત્યની નાગકથાઓ**

**પ્રસ્તાવના**

'લોકસાહિત્યની નાગકથાઓ' પ્રવીણ પુસ્તક ભંડાર દ્વારા ઈ. સ. ૧૯૭૩ માં પ્રગટ થયેલું સંપાદન છે. જોરાવરસિંહે અનેક સંપાદનો આપીને લોકસાહિત્યને વધુને વધુ વૈભવાન્વિત કરેલું છે. પુસ્તકના પ્રારંભે સામાન્ય ભાવક તેમજ સંશોધનવૃત્તિ ધરાવતા ભાવકો આ બન્નેના રસોદ્દિપન અર્થે 'ભારતીય નાગપૂજા અને તેની પરંપરા' ઉપર જબરજસ્ત પ્રકાશ પાડતો

પાંત્રીસ પાનાનો એક અભ્યાસ લેખ આપેલ છે. જેમાંથી પસાર થયા વગર આ સંપાદનની એકત્રીસ નાગકથાઓ વાંચવાનો કોઈ અર્થ રહેતો નથી. આ ઉપરાંત ૩ પાનાંની પાદટીપમાં આશરે ૪૧ જેટલી સંદર્ભ સામગ્રીમાંથી જે દોહન પેશ કર્યું છે તે આ ગ્રંથનું અમૃતતત્ત્વ છે, તેમ કહી શકાય. સર્પ વિશે, આદિકાળથી જ ઘણું લખાતું-ચિતરાતું આવ્યું અને ભય, આશ્ચર્ય ને ગૂઢતાના ભાવો એમાં સંકળાયા ! પૃથ્વીના સર્જનની સાથે પણ ભારતમાં જ નહીં, આફ્રિકામાં પણ મહાસર્પને સાંકળવામાં આવ્યો છે.

## ભારતીય નાગપૂજા અને તેની પરંપરા

જોરાવરસિંહે એમના આ સંશોધનાત્મક લેખમાં નાગ શબ્દની ઉત્પત્તિ તેમજ નાગની વિવિધ જાતો વિશે જે પ્રકાશ પાડ્યો છે તે ખાસ ઉલ્લેખનીય છે. "'સૃપ' માંથી સર્પ શબ્દ બન્યો છે. એનો અર્થ થાય છે. 'જમીનને ચોટીને ઘસડાતું જતું પ્રાણી.' નાગ શબ્દ પણ સર્પવાચક જ ગણાય છે."[૬૮] નાગ શબ્દની બે અલગ અલગ વ્યુત્પત્તિઓની સમજૂતિ બાદ તેઓએ મહાભારતના આદી પર્વના આસ્તિક પર્વના પાંત્રીસમાં અધ્યાયમાં જણાવેલી સર્પોની અઠ્યોતેર જાતિઓના નામો આપ્યા બાદ તેમાંથી કેટલી ઝેરી અને કેટલી બિન ઝેરી છે તેના પણ ખુલાસાઓ કરેલા છે. લોકજીવનમાં નાગો અને રૂઢ થઈ ગયેલી અનેક પરંપરાગત લોકમાન્યતાઓનો પણ તેમણે ઉલ્લેખ કરેલો છે. સંપાદકે સંસ્કૃત અભ્યાસ ગ્રંથોમાંથી નાગોનો ઉલ્લેખ ધરાવતા શ્લોકોની સાથોસાથ ગુજરાતમાં વસતી લોકજાતિઓમાં પ્રચલિત એવા દુહાઓ તેમજ લોકગીતોની લાક્ષણિક પંક્તિઓ જેમાં નાગનો ઉલ્લેખ આવતો હોય તેનો પણ ઉલ્લેખ કરવાનું તેઓ ચૂક્યા નથી. તેમણે ઉલ્લેખેલા જુદા-જુદા સ્થળો ઉપરથી ખ્યાલ આવે છે કે આ સંશોધિત સંપાદન તૈયાર કરવા માટે તેમણે માત્ર જુદા-જુદા લેખકો પાસેથી નાગકથાઓ મેળવી નથી પરંતુ સાથે સાથે સૌરાષ્ટ્ર, ગુજરાતના જુદા-જુદા નાગકથાઓ સાથે સંકળાયેલા સ્થળોની રૂબરૂ મુલાકાત લઈને વિશેષ પૂરક માહિતીઓ પણ સંચિત કરેલ છે. તેમણે પોતાના સંશોધનને માત્ર ગુજરાત પૂરતું જ મર્યાદિત ન રાખતા બંગાળ, અસામ, મહારાષ્ટ્ર, દક્ષિણ હિંદ, ઉત્તરમાં ગઢવાલ, નેપાળ, પંજાબ વગેરે પ્રદેશોમાં જોવા મળતી નાગ સબંધિતપરંપરાઓનો પણ યથોચિત ઉલ્લેખ કરેલો છે.

જોરાવરસિંહે લોકસાહિત્યમાંની નાગકથાઓ વિશે સંશોધન તૈયાર કરતી વખતે પૌરાણિક તેમજ પ્રાચીન સાહિત્યનો પણ સદરહું વિષયમાં ઊંડો અભ્યાસ કર્યો હોવો જોઈએ, કારણ કે તેમની પ્રસ્તાવનામાં પૌરાણિક તેમજ પ્રાચીન સંદર્ભો દર્શાવિતા શ્લોક સંખ્યાબંદ્ધ ટાંકેલા છે.

**કથાવસ્તુ**

કથાવસ્તુ નિમિત્તે એટલું કહેવાનું મન થાય કે જોરાવરસિંહે 'લોકસાહિત્યની નાગકથાઓ' ના સંપાદનમાં જે જે કથાઓનો સમાવેશ કર્યો છે તેમાંથી એકાદ અપવાદને બાદ કરતા બાકીની તમામ કોઈપણ ઉંમરના વાચક - ભાવકને રસતરબોળ કરી આપે તેટલી સક્ષમ છે. 'ભેરિયો ગારુડી' શ્રી નાગજી ભટ્ટી દ્વારા લખાયેલી નાગકથા અસંખ્ય ડાયરાઓમાં અનેકવિધ લોકવાર્તાકારો દ્વારા રજૂ કરવામાં આવતી શેણી-વિજાણંદની લોકકથામાં જે રીતે શેણીના પ્રેમમાં પાગલ વિજાણંદ એકસો એક નવચાંદરી ભેંસો એકઠી કરવા માટે ભાલ પંથકમાં ભટકે છે, લગભગ એવા જ કથાવસ્તુનો આધાર લઈને આ વાર્તામાં જેસલમેરના રાજકુંવર ગારુડી બનીને નવસો નવ્વાણું ઝેરી નાગને પકડવા ચાલી નીકળે છે. કારણ કે ચાંદનીના સદેહ સ્વરૂપ સમી લાખીનો હાથ તે મેળવવા માંગતો હોય છે. નવસો નવ્વાણું ઝેરી નાગને પકડે તેને જ પોતે પરણશે એવું લાખીએ પણ લીધેલું હોય છે. અંતે નાગોના નાત પટેલ અને કચ્છમાં પૂજાતો સર્વશક્તિમાન ભુજિયો નાગ રાજકુમારને છેતરીને તેના પ્રાણ હરે છે. 'નાગમગાની કથા' ઈજીપ્તના મમી અને પિરામીડની વાતોની યાદ અપાવતી મરેલા માણસ જીવતા થવાની કલ્પનાની કથા છે. આ કથામાં ચમત્કારોના ચમકારા પણ જોવા મળે છે. નાગમગા નામની એક વિશિષ્ટ કોમ છે, જે નવકૂળ નાગની વંશાવળી રાખે છે. તેમજ જ્યારે નાગ પરિવાર પાસે વર્ષમાં એક વખત યાચક થઈને જાય ત્યારે તે નાગ પરિવારની સત્તર પેઢીઓનું સંભારણારૂપ ગાણું કરીને માંગે છે અને નાગ પણ નાગમગાને તેની સાત પેઢી સુધી વાપરવા છતાં પણ ન ખૂટે તેટલું દ્રવ્ય આપે છે. 'અમૃત કળશ' સત્યયુગના સમયની આ કથામાં દક્ષ પ્રજાપતિની બે કન્યાઓ કદ્રુ અને વિનતાના લગ્ન કશ્યપ ઋષિ સાથે થાય છે. જેમાં બન્ને બહેનો હોવા છતા કદ્રુ સ્વભાવે જ છળકપટથી ભરપૂર અને વિનતા અત્યંત વિનમ્ર, હસમુખી, સંતોષી અને સત્યપ્રિય હોય છે. કદ્રુને એક હજાર તેજસ્વી નાગપુત્રો મેળવવા હોય છે, જ્યારે વિનતા પુત્ર સ્વરૂપે ગરુડ

માંગે છે. આ કથામાં ગરુડ, નાગ, સૂર્યના સારથી અરુણ વગેરેની ઉત્પત્તિ કઈ રીતે થઈ તેમજ નાગને લબકારા મારતી બે ફાંટે વહેંચાયેલી જીભ શા માટે હોય છે તેની રસપ્રચૂર વાત મહાભારતની આ પેટાકથામાં જોરાવરસિંહે વણી લીધી છે. 'નાગનું વરદાન' નામની આ વાર્તા ચમત્કાર સાથે પુષ્કળ પ્રમાણમાં હાસ્ય નિપજાવી ખડખડાટ હસાવવાની ક્ષમતા ધરાવે છે. લોકમાન્યતામાં નાગ અને નાગરાણી પાતાળ નગરીના રહેવાસી જરૂર પડ્યે માનવ યોનિમાં પ્રવેશ કરી માનવદેહ ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે. 'ન્યાયી અને અજગર' નો સંબંધ આફ્રિકા ખંડમાં આવેલા યુગાંડા દેશ અને ત્યાંના આદિવાસીઓની માન્યતાઓ અને વહેમોનો વાચકોને પરિચય કરાવે છે. આફ્રિકામાં અજગરોની સંખ્યા વધુ પ્રમાણમાં હોવાથી ત્યાંની લોકકથાઓમાં સ્થાનિક રંગોની અસરો ઝિલાવાને કારણે કથાવસ્તુ અજગરની આસપાસ ગૂંથવામાં આવેલ છે. અજગર પણ સર્પયોનિનું જ પ્રાણી છે. આદિવાસીઓ હરામનું ખાવાની વૃત્તિ ધરાવનારા માણસને મદદ કરવાને બદલે લોકો ખંતિલા તેમજ પરિશ્રમીને મદદરૂપ થવાનું વધુ પસંદ કરે છે. આ સનાતન સત્યને ઉજાગર કરતી આ વાર્તા છે. 'સર્પયજ્ઞ' વાર્તા આગળ જોવાઈ ગયેલી 'અમૃત કળશ' વાર્તાનો જાણે કે ઉપસંહાર હોય એવી અનુભૂતિ થાય છે. આ વાર્તામાં પાંડવોના અંતિમ વંશજ રાજા જન્મેજયના સર્પયજ્ઞમાં હોમાતા તક્ષક અને વાસુકિ નાગનો શી રીતે બચાવ થયો તેની વાત છે. 'વાલેટાહાન્ગા' દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલા પોલીનેશિયન ટાપુઓમાં અતિ પ્રચલિત એવી ત્યાંની પુરાણકથા છે. આ વાર્તામાં આદિવાસીઓ દ્વારા કરવામાં આવતી નાગદેવીની પૂજા બંગાળમાં જોવા મળતી વાસુકિ નાગની નાની બહેન નાગરાણી મનસાની સાથે ગજબનું સામ્ય ધરાવે છે. 'પ્રીતડી પરભવની' આ કથામાં નાગયોનિની વેરવૃત્તિ, નાગના સાચા પ્રેમની અને હૃદય પરિવર્તનની વાત છે. દલીચંદ શેઠના દીકરા શકરચંદને સાપ કરડે છે ત્યારે રાવજી રૂઘનાથજી પોતાની તાંત્રીક શક્તિના જોરે સાપને પાછો બોલાવી ઝેર ઉતરાવે છે એની વાત કરવામાં આવી છે. 'વેણી અને વત્સરાજ' નાગકથા આંતરજ્ઞાતિય લગ્નની વાત લઈને આવે છે. કર્કોટક નાગની પુત્રી વેણીના નયનબાણથી માલવદેશના રાજકુમાર વત્સરાજનું હૈયું વીંધાઈ જાય છે. વેણી-વત્સરાજના લગ્નથી માળવાના પરમાર રજપૂતો અને નાગજાતિની કન્યાથી નવી જાતિ ઉત્પન્ન થઈ. આ જાતિએ ઈલ્લદુર્ગ પર રાજ્ય કર્યું. સૂર્યવંશી રજપૂતો ત્યાં આવતા તેમને હલકા ગણી દક્ષિણ દેશમાં હાંકી કાઢ્યા, પણ તેમણે સ્થાપેલ નાગમંદિરો આજે પણ મોજુદ છે. કથાને અંતે આપેલ લોકગીતમાં વત્સરાજને ઉજેણી-ઉજ્જૈન નગરીનો રાજા બતાવ્યો છે. 'સૂરજસમોવડ

શેષજી' માં ચુડા પાસેના ચોકડી ગામની વાત છે. આ કથામાં નાગદેવતા પ્રત્યે ભક્તિભાવ જગાડવા માટે ચમત્કારોનો આશ્રય લેવાયો છે. નાગદેવતા કાઠી દરબાર ભગતજીની લાજ રાખવા પોતે વાણિયાની પેટીમાં સોનાનો હાર બનીને પુરાય છે એ વાત રજૂ થઈ છે. 'બાર માથાંવાળો નાગ' આંધ્રપ્રદેશની નાગકથા છે. તેમાં અપરમા દીકરા દીકરીને દુઃખ દે છે, તેથી ભાઈ બહેન ઘર છોડીને ચાલી નીકળે છે. બહેનના પેટમાં નાગ રહે છે અને મોં વાટે બહાર આવ. ને દૂધ પી પાછો અંદર ચાલ્યો જાય. કાનમાં ફૂલ ખોસતા ભાઈ બાર માથાવાળો નાગ બની જાય છે. પછી રાજકુમાર આવે અને ભાઈને નાગયોનિમાંથી પાછો માનવ બનાવે છે. અંતે રાજકુમાર બહેન સાથે લગ્ન કરે છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. આટલો ખુલાસો આ તબક્કે મારી દ્રષ્ટિએ અનિવાર્ય બનતો હોવાથી કરેલ છે. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે.

'ભેરિયો ગારુડી' માં જેસલમેરના રાજકુમારને ગારુડી તરીકે દર્શાવ્યો છે. તે રાજકુમાર હોવા છતા છેક નાનપણથી જ તેનો રસનો વિષય મોરલી વગાડવી અને નાગ પકડવા તે રહેલ હોવાથી આ પાત્રનો વિકાસ એક ગારુડી જેવો જ થયેલો છે. બીજું પાત્ર લાખીનું છે. તેને પણ ગારુડી વિદ્યાનો ચસ્કો લાગેલો છે અને તે એવા કોઈક બત્રીશ લક્ષણાને શોધી રહી છે જે નવસો નવ્વાણું નાગોને નાથી બતાવે. ભુજંગ નાગને પણ મહાબળવાન બતાવ્યો છે. 'નાગમગાની કથા'માં કાનજી બારોટે નાગમગાના પાત્રોને ગૌણ રાખીને તેના યજમાનોને પ્રાધાન્ય આપેલ છે. 'અમૃત કળશ' માં કશ્યપ ઋષિના બે પત્નીઓ કદ્રુ તથા વિનતાનું કરેલું પાત્રાલેખન ખરેખર દાદ માંગી લે તેવું એટલા માટે ગણાવી શકાય કે કદ્રુના સ્વભાવની હીન વૃત્તિ તેમજ વિનતાના ચારિત્ર્યની નિર્મળતા બન્ને પ્રસંગે પ્રસંગે તેમના વાણી, વર્તન તેમજ તેમની માંગણીઓમાંથી જ ઉજાગર થાય છે. 'હિમાલ અને નાગરાય'માં બ્રાહ્મણ તથા બ્રાહ્મણ પત્ની ગૌણ પાત્રો હોવાને કારણે તેમને કોઈ જ ખાસ નામો અપાયેલા નથી. અહીં મુખ્ય પાત્ર ઝોળીમાંથી

નીકળેલ નાગ બાળક છે. 'ભડવીર ભીમની બંધનમુક્તિ' કથામાં મુખ્ય પાત્ર તરીકે યુધિષ્ઠિર છે. તે પોતાના પૂર્વજ નહુષ જે અત્યારે સાપ છે તેના સકંજામાંથી પોતાના ભાઈ ભીમને પોતાની બુદ્ધિના બળથી બંધન મુક્ત કરાવે છે. 'વેણી અને વત્સરાજ' માં મુખ્ય પાત્ર તરીકે માળવાના રાજા આદિ પરમારના પુત્ર વત્સરાજ છે. તે નાગકન્યા વેણીના પ્રેમમાં પડે છે અને તેની સાથે લગ્ન કરે છે. 'નાગનું વરદાન' માં મુખ્ય પાત્ર તરીકે તક્ષક નાગ છે. જે પોતાનો જીવ બચાવનાર ગરીબ ડોશીને ખૂબ જ મદદરૂપ થાય છે. 'ન્યામી અને અજગર મહારાજ' માં બમ્પાલા ગૌણ પાત્ર છે, જ્યારે મુખ્ય પાત્રના રૂપમાં બમ્પાલાની નાની બહેન ન્યામી છે. તે ઘણા કષ્ટો વેઠીને પણ પોતાના પિતાનો જીવ બચાવે છે. 'પ્રીતડી પરભવની' માં મુખ્ય પાત્રના રૂપમાં પરોપકારી રાવજી રૂઘનાથની છે. તે પોતાના મંત્રના બળે શકરચંદને સજીવન કરે છે. 'સૂરજસમોવડ શેષજી' કથામાં કાઠી દરબાર ભગતજીને ખૂબ જ ધાર્મિક પ્રકૃતિવાળા બતાવ્યા છે.

### ભાષાશૈલી

ભાષાશૈલી સંદર્ભે ઉલ્લેખનીય હકીકત એ છે કે સંપાદનમાં સંગ્રહિત થયેલી તમામ નાગકથાઓ જે કોઈ સહિયોગી તરફથી પ્રાપ્ત થઈ હોય તેમની પોતાની ભાષાશૈલીમાં કોઈ જ ફેરફાર કર્યા વગર સંપાદક શ્રી જોરાવરસિંહે જેમની તેમ રજૂ કરેલ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કાઠિયાવાડના એક સમયના ધૂરંધર લોકવાર્તાકાર સ્વ. કાનજી ભૂટા બારોટની પ્રસિદ્ધ 'નાગમગાની કથા' નીતાંત કાઠિયાવાડી ચારણો દ્વારા વપરાતી તળપદી બોલીમાં યથાતથ છાપેલ છે. તો જોરાવરસિંહે પોતે આપેલી 'અમૃત કળશ' નામની વાર્તા કોઈ લોકવાર્તા નહીં પણ પૌરાણિક સંદર્ભોમાંથી જન્મેલી મહાભારતની અસંખ્ય પેટાકથાઓમાંની એક છે. તેના લખાણની શૈલી કોઈપણ સુશિક્ષિત સાહિત્યકાર જે પ્રકારના સાહિત્યિક શબ્દોના ઉપયોગ વડે પોતાની કથનરીતિનું સમાર્જન કરે તે શૈલીથી કહેવાયેલી છે.

શાંતિભાઈ આચાર્ય દ્વારા અપાયેલી 'સાસી આય – સાચી મા' લોકવાર્તા શતપ્રતિશત શુદ્ધ આદિવાસીઓની લોકકથા હોવાથી જોરાવરસિંહે આ વાર્તામાં ભાવકોની સગવડ ખાતર પાનાની આગળ પાછળ એકબાજુ આદિવાસીઓની બોલીને અક્ષરદેહ આપેલ છે તેમજ પાનાની પાછળની બાજુએ પરંપરાગત રોજીંદી ગુજરાતી ભાષાનો ઉપયોગ કરેલો છે.

આ સંગ્રહમાં જોરાવરસિંહ 'અમૃતકળશ' ની વાર્તા આપે છે. અન્ય લેખકોમાં સર્વશ્રી નાગજી ભટ્ટી, કાનજી ભૂટા બારોટ, ખોડીદાસ પરમાર, પિંગળશીભાઈ ગઢવી, હેમકુંવરબા જાદવ, જેઠાલાલ ત્રિવેદી, કાંતલાલ ટોલીકર, દિનકરરાય ઠાકર, દુલેરાય કારાણી, મગનલાલ પટેલ વગેરેનો સમાવેશ થાય છે. આસામની નાગકથા, કચ્છની નાગકથા, આંધ્રપ્રદેશની નાગકથા, નૈનિતાલની નાગકથા, ટહેરી-ગઢવાલની નાગકથા વગેરેમાં લેખકનામ નથી તે સંપાદકે આપેલી જણાય છે. પ્રત્યેક કથાના આરંભમાં સંપાદકે જરૂરી નોંધ પણ મૂકી છે.

**ઉપસંહાર**

શ્રી જોરાવરસિંહે આ સંપાદન આપવામાં જે મહેનત કરેલી છે તેને અનન્ય એટલા માટે ગણાવી શકાય કે તેમણે પોતે સૌરાષ્ટ્રના ન હોવા છતાં માત્ર સૌરાષ્ટ્રના લોકસાહિત્યની નાગકથાઓનું પોતાના સંશોધન-સંપાદનને સીમિત ન રાખતા પ્રાદેશિક સિમાડાઓને લાંઘીને બંગાળ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર, આસામ, મહારાષ્ટ્ર વગેરે વિસ્તારોમાં સદીઓથી પેઢી દર પેઢી લોકજીભે વહન થતી આવેલી જે તે પ્રદેશના પ્રાદેશિક લોકસાહિત્યની નાગકથાઓનો સમાવેશ તો કર્યો જ છે, તદ્ઉપરાંત તેમણે ભારતની બહાર ઈન્લેન્ડ, પોલિનેશીયા વગેરે પ્રદેશોની લોકજીભે ચડી ગયેલી નાગકથાઓ વીણી લાવીને તેમનો પણ આ સંગ્રહમાં સંચય કરેલ છે. ગુજરાતમાં જન્મેલા ગુજરાતી ભાવક તરીકે મારે તેમજ અન્ય કોઈપણ ભાવક લોકસાહિત્યમાં રસવૃતિ ધરાવતો હોય તેમને આ પુસ્તકના અભ્યાસ દ્વારા પોતાના સિમાડાઓ વિસ્તર્યા હોવાની લાગણી અવશ્ય થવાની જ. નાગકથા પરનું આવું- આટલું કામ કદાચ પહેલું જ છે.

### ૩. ૧. ૧૬ લોકસાહિત્યની અશ્વકથાઓ

**પ્રસ્તાવના**

શ્રી જોરાવરસિંહ દ્વારા ઈ. સ. ૧૯૭૪ માં 'લોકસાહિત્યની અશ્વકથાઓ' નું સંપાદન કરવામાં આવ્યું. તેમાં વિવિધ લેખકો દ્વારા લખાયેલી અશ્વની સ્વામીભક્તિ, સમજદારી, વીરતા, સ્વાર્પણશીલતા વિષયક ૨૫ લોકવાર્તાઓનું સંકલન થયેલું છે. આ ઉપરાંત

ચોત્રીસ પાના જેટલો લાંબો 'દેવાંશી અશ્વો : એક અભ્યાસ' નામક માહિતીસભર પ્રવેશક પણ જોડ્યો છે. પુસ્તકનો તે સૌથી મહત્ત્વનો અને ધ્યાનપાત્ર અંશ છે. અશ્વવિશે જાણવાજોગ લગભગ સઘળી માહિતી તેમાં રજૂ થઈ છે. શ્રી જોરાવરસિંહ શાસ્ત્ર અને પરંપરાના વિશેષ અભ્યાસી છે, તેની પ્રતીતિ અભ્યાસભૂમિકામાં થાય છે. સંપાદકે પ્રત્યેક લોકવાર્તા વિશે આરંભમાં સંપાદકીય સંક્ષિપ્ત નોંધો મૂકી છે, જે લોકવાર્તાના વસ્તુ-પરિચયની સાથે તેનું રસદર્શન પણ કરાવે છે.

સંપાદકની લખેલી 'પટીનો અસવાર', અને 'પારકા પોતાના કરે' બે વાર્તાઓ છે. અન્ય લેખકોમાં દુલેરાય કારાણી, જેઠાલાલ ત્રિવેદી, પીંગળશીભાઈ ગઢવી, હરિલાલ ઉપાધ્યાય, પુષ્કર ચંદરવાકર, નાનાભાઈ જેબલિયાથી માંડી શંભુપ્રસાદ દેસાઈ, કાલીદાસ સોલંકી, રતુભાઈ રોહડિયા, ખોડીદાસ પરમાર, હીરભાઈ ગૌદાની, રેવાબેન તડવી, મેઘરાજ ગઢવી વગેરે સુધીના વિવિધ લેખકોનો સમાવેશ થયો છે.

### દેવાંશી અશ્વો : એક અભ્યાસ

'લોકસાહિત્યની અશ્વકથાઓ' ની શરૂઆતમાં શ્રી જોરાવરસિંહે 'દેવાંશી અશ્વો : એક અભ્યાસ' નામના લેખમાં અશ્વો વિશે જે વાત કરી છે તે ખરેખર અદ્‌ભુત અને અલૌકિક છે.

"સાંઠી ચાવલ ભેંસ દૂધ, ઘેર શીલવંત નાર,
ચોથો ચડવા રવંતો, એ સરગ નિશાણી ચાર."[૧૯]

વિવિધ પ્રકારના સુખો ઈચ્છતા માનવીઓ ઘરમાં એક સુંદર અશ્વ હોવો એને પણ મહત્ત્વનું સુખ પરાપૂર્વથી ગણતા આવ્યા છે. આ લેખમાં જે વાત કરી છે તેમાં અશ્વની અંદર દૈવી તત્ત્વના અંશો રહેલા છે એમ કહ્યું છે. એટલા માટે તેને દેવાંશી અથવા દેવતાઈ પ્રાણી ગણવામાં આવે છે અને કદાચ એથી જ ખુદ વિષ્ણુ પરમાત્માએ અશ્વની યોનિમાં હયગ્રીવ અવતાર ધારણ કર્યો હોઈ શકે. સૂર્યના રથમાં જોડેલ 'ઉચ્ચૈશ્રવા' નામનો દેવતાઈ અશ્વ સમુદ્રમંથન દરમિયાન નીકળેલા ૧૪ રત્નોમાંનું એક રત્ન છે. કદાચ આ જ કારણસર સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં જાતવાન ઘોડાઓને પીર સમાન માનીને તેમના થાનકે સવાર સાંજ ધૂપદીવા કરવાનો રિવાજ આજે પણ પળાતો જોવા મળે છે. માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં પરંતુ ઉત્તર ગુજરાતમાં

પણ કડી ગામની ભાગોળ ઉપર પંચકલ્યાણી અશ્વનો વિસામો છે. જ્યાં ઘોડાઓની અલગ અલગ બિમારીઓ માટે બાધા-આખડી લેવાનો રિવાજ આજે પણ જોવા મળે છે. નોંધવા જેવી હકીકત એ પણ છે કે માત્ર ઘોડો એક જ પૂર્ણપુરુષ જાનવર ગણાય છે. કારણ કે તેની છાતી ઉપર સ્તનની ડીંટડીઓ જેવી કોઈ જ નિશાની હોતી નથી અને કદાચ તેથી જ મહાભારતમાં પણ અર્જુનને તે જ કારણસર પૂર્ણપુરુષ ગણવામાં આવેલ છે.

એક મત મુજબ અશ્વ એ ભારતીય પ્રાણી નથી પરંતુ ભારત બહારથી આયાત થયેલું છે. પાશ્ચાત્ય ઈતિહાસકારોના મતે ભારતમાં માત્ર દ્રવિડ પ્રજાઓ જ વસતી હતી અને આર્યો એશિયા ખંડના ઉત્તરીય પ્રદેશોમાંથી ઘાસના મેદાનની શોધમાં સ્થળાંતર કરતાં કરતાં ભારતમાં આવ્યા અને વસી ગયા. તેઓ પોતાની સાથે અશ્વો લઈને આવેલા એવું મનાય છે.

અશ્વોની ઉપયોગિતા યુદ્ધ પ્રસંગે સૌથી વધુ એટલા માટે માનવામાં આવે છે કે ભારતીય યુદ્ધોના ઈતિહાસ ઉપર નજર ફેરવતાં ખ્યાલ આવે છે કે તમામ મોટા યુદ્ધોમાં અશ્વનો અગ્રીમ હરોળમાં ઉપયોગ થતો હતો. આ એક નિર્વિવાદ સત્ય એટલા માટે ગણી શકાય કે પ્રાચીન યુદ્ધોમાં જેમ રથનો ઉપયોગ થતો તેટલી જ વ્યુહાત્મક રીતે અર્વાચીન યુદ્ધોમાં ટેન્કો તથા બખ્તરીયા ગાડીઓનો ઉપયોગ થાય છે. અશ્વો અને એના તેના ઉછેર અંગેની વિસ્તૃત માહિતી માટે ઘણા બધા પ્રાચીન ભારતીય ગ્રંથોને ઉપયોગમાં લઈ શકાય. ઈ. સ. પૂર્વે ૮ મી સદીમાં ‘હયઆયુર્વેદસંહિતા’ નામના અતિ સમૃદ્ધ એવા અશ્વવિદ્યા, અશ્વપાલન, અશ્વઉછેર તેમજ અશ્વોની સારવારને લગતા ગ્રંથની રચના શાલિહોત્રએ કરેલી. ભારતમાં અશ્વવિદ્યાના અનેક નિષ્ણાંતોનો ઉલ્લેખ આપણા પ્રાચીન ગ્રંથોમાંથી મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ, નકુલ, નળરાજા, શલ્ય વગેરે અશ્વવિદ્યામાં અતિપ્રવીણ ગણાતા. દ્રોણાચાર્ય પાસેથી તાલીમ પામીને તૈયાર થયેલો નકુલ તે સમયે વિશ્વભરનો શ્રેષ્ઠ અશ્વવિદ્યાધર મનાતો.

આ પુસ્તકની અંદર અશ્વોની પરખ માટેની ઉત્તમ એંધાણી, અશ્વોના ૨૦ અશુભ તથા ૯ શુભ તેની રુંવાટીમાં જોવા મળતા ભમરાઓ, અશ્વોના ૮ અપલક્ષણ તેમજ ૨૮ અલગ અલગ પ્રકારની ખામીઓ વિશેની વિગતો અત્યંત માહિતીસભર અને એક જ વિશિષ્ટ જ્ઞાનનાં અપાર સંગ્રહના દરવાજા ખોલી આપનારી છે. તેમણે બીજી એક વિશેષ માહિતી એ પણ

આપેલી છે કે કાઠિયાવાડી જાતવાન અશ્વોનો ઉછેર કાઠિયાવાડમાં કઈ જગ્યાએ થતો. કાઠિયાવાડમાં જાતવાન અશ્વોની વંશાવળી રાખનારા વહીવંચાઓ આજે પણ હયાત છે. માનવજાતિના પ્રાચીન ઈતિહાસથી શરૂ કરીને આજ દિવસ સુધીનો અશ્વો અને માનવો વચ્ચેનો અદ્‌ભુત અને અવિનાભાવી પ્રેમસંબંધ લોકજાતિઓમાં સદીઓથી પ્રચલિત એવી અનેક લોકકથાઓના માધ્યમ દ્વારા આપણા સુધી પહોંચે છે.

**કથાવસ્તુ**

આ દરેક વાર્તામાં ઘોડીઓની પોતાના સ્વામી પ્રત્યેની વફાદારીનું નિરૂપણ થયું છે.'હાથઘરણું' વાર્તામાં સુમાત ખુમાણ પોતાના પિતરાઈ ભાઈ દેવા ખુમાણના દીકરા ઓઢાને મારી તેની માણકી ઘોડી લઈ ભાગે છે. ઘોડી પણ પોતાના માલિકની વફાદાર હોય છે, તેથી પોતાની ગરદન પર બરછીના ઘા પડવા છતાં દેવા ખુમાણના ઘરે આવીને ઉભી રહે છે. દેવો આખી વાત સમજી જાય છે. બીજી બાજુ સુમાતના દીકરા વાજસુરના લગ્ન હોય છે. દેવો તે લગ્નમાં જાય છે અને માણકી ઘોડી હાથઘરણામાં આપીને પોતાની ખાનદાની બતાવે છે. 'પટીનો અસવાર' કથામાં જામ રાવળ મહેરામણની મશ્કરી કરે છે કે તમે નાના હોવાથી લડાઈ ન લડી શકો ત્યારે મહેરામણ સમય આવ્યે ખુમારી બતાવે છે. જામ રાવળના દુશ્મન ઝાલા કરશનજીને મારવા મહેરામણજી પોતાની પ્રિય ઘોડી પટી લઈને જાય છે. એક છલાંગે  પટી ૨૭ ફૂટનું અંતર કાપીને કરશનજી માથે ત્રાટકી અને કરશનજીને મારી નાંખ્યાં. આ અદ્‌ભુત પરાક્રમ કરીને મહેરામણજી અને પટી ઘોડી મૃત્યુ પામ્યા. 'માણકીનાં ન હોય મૂલ' કથામાં ભાણવડના આપા ભૂંકણની માણકી જેવી ઘોડી આખા પંથકમાં ક્યાંય ન મળે. જામસાહેબના પાંચસો પાણિયાળા ઘોડાનું પાણી ઉતારી નાખનાર માણકીની મર્દાનગી તો કાયરને પણ ઘડીભર શૂરાતન ચડાવી જાય છે. માળીયાના પીઠાત હાટીના અહ્‌મને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડાડી મૂકે છે. ભૂંકણની મરદ માણકીની કિંમત જામ સાહેબ પૂછે છે ત્યારે ભૂંકણ કહે છે કે ઘોડીના ડાબલે એક એક ગામ આપો તો પણ એના મૂલ ન થાય. 'રા'ની રોઝડી' કથામાં કચ્છના રાજવી જામ લાખાની રોઝડી ઘોડી રાતે ગઢનો કિલ્લો કૂદીને ઉમરકોટના રાણા ચાંદના બગીચાના ફૂલો ચરી આવે. એકવાર રાણા ચાંદે તેનો પીછો કર્યો. રોઝડી ખૂબ દોડી હોવાથી મૃત્યુ પામે છે. રાણા ચાંદની સાથે લાખો પોતાની બહેનનું સગપણ તો કરે છે, પણ લગ્ન માટે વિચિત્ર ત્રણ શરતો મૂકે છે. ચાંદ શરતો પાર કરે છે પણ એની

બહેનને વરી ન શક્યો. 'જેઠસુરની અવધિ' કથામાં મેંગળ નદીના વખંભર પાટમાં અવધિ ઘોડીને ધમારીને સેલારો લેવરાવતા જેઠસુરના પગમાં જમદાઢ જેવી પકડ પડી. પરિસ્થિતિને પામીને જેઠસુરે સરકતો ગાળિયો હાથમાં નાંખી ઘોડીને ડચકારો કર્યો. ઘોડીની તાકાત અને મગરની તાકાત વચ્ચે હોડ જામી. સમજણી ઘોડીએ સ્વામીનો જીવ બચાવવા તનતોડ મહેનત કરી, પણ હૈયાંફૂટા ખુટલ ભાઈઓએ ગરાસની લાલચે એને મોતના મુખમાં હોમાવા દીધો. સ્વામીની પાછળ ખાધાપીધા વગર ઝૂરી મરનાર મૂક જાનવર અવધિનું મોત કથાના અંતને વધુ કરુણઘેરો બનાવી જાય છે. 'ભાણ ખાચરનો ચાંગિયો' કથામાં એ સમયમાં ચાંગિયા ઘોડા માથે પંદર હજાર રૂપિયા ઓળઘોળ કરી દેનાર ગોરા અંગ્રેજને ઘસીને ના ભણી દેનાર ભાણ ખાચરે ઈન્દ્રને પણ અદેખાઈ આવે એવા મૃત્યુલોકના વિમાન જેવો ઘોડો આશા કરીને આવેલા નાથા કવિને દાનમાં આપી દે છે. 'દેવીપુત્રનો દેવાંગી' કથામાં જામ અજાજીની ઘોડી માણકીએ વછેરાને જન્મ આપ્યો. તેનું નામ રોઝો રાખ્યું અને તે રોઝાને ગોપાળ બારોટને દાનમાં આપી દે છે. ભૂચરમોરીની લડાઈમાં રોઝાએ ઘણાં દુશ્મનોને માર્યા, અંતે અજાજી શહીદ થયા ત્યારે તેમની પાછળ તેમના પત્ની સૂરજબા સતી થયા, તેમની સાથે જ બારોટ અને રોઝો પણ મોતને વહાલું કરે છે. 'આપા રામવાળાની માણકી' કથામાં વતું કરતાં હજામે આપાને માથામાં ધોળો વાળ બતાવ્યો ને ઢસાના આપા રામવાળાના હૈયેમાં ધ્રાસકો પડ્યો. 'અરેરે! હું ઘરડો થિયો તો ય ધારાતીરથ થિયો નૈ ?' આપાને પરાક્રમો કરવાના શમણા જાગ્યા. ઘોડી જમાદારોના દોડતા પાંચેય અરબી ઘોડાને કૂદીને આગળ પડી અને આપાએ પચ્ચીસ હજારનું ઉઘરાણું લૂંટીને બાદશાહનું વેંત ભરીને નાક વાઢી લીધું. 'પંચકલ્યાણીનો વિસામો' કથામાં કડીના સુબા મલ્હાવરાવની પંચકલ્યાણી ઘોડીની વાત છે. આ ઘોડી મલ્હાવરાવની સામે બહારવટે નીકળેલા મિરખાંની નજરમાં વસી ગયેલી એ એને ન મળી, એટલું જ નહીં પણ એના હાથે જ ઘોડીનો ભોગ લેવાયો. એના પ્રાયશ્ચિતરૂપે એણે ઘોડીનો વિસામો કરાવ્યો. 'રોઝલનો અસવાર તલાજી' કથામાં ચુંવાળ પંથકનો બહારટિયો તલાજીને વારંવાર એની ઘોડી રોઝી બચાવે છે. આ રીતે રોઝી માલિક પ્રત્યેની વફાદારી બતાવે છે. તલાજીના મૃત્યુ બાદ રોઝી માથું પછાડીને મોતને વહાલું કરે છે. 'કરશન ગોરની કેશર' કથામાં કરશનજી ગોર પાસે કેશર જાતની ઘોડી હતી. ઘોડી લૂંટારુને જોઈને ગાંડા બાવળની કાંટ્યમાં અલોપ થઈ ગઈ. મિયાણાએ ગોરને ગોળીએ દીધો ત્યારે ઘોડી સ્વામી પાસે આવી ઢંઢોળવા લાગી પણ વ્યર્થ. છેવટે ઘેર આવીને ગોરના દીકરાને લઈને આવે છે. કરશનજી પાછળ ઘોડીએ પોતાના પ્રાણ ત્યાગી

દીધા. 'પારકાં પોતાના કરે' કથામાં આંબા પટેલ શેતરુંજી નદીમાં તણાતા હતા ત્યારે તેમની ઢેલ નામની ઘોડી તેમને પાણીમાંથી ઉગારે છે તેની વાત સુંદર રીતે રજુ થઈ છે.'આપા ગોદડની માણકી' કથામાં ગોરા અમલદારના ટાઈગર નામના ઘોડાને રેસમાં આપા ગોદડની માણકી ઘોડી પાછળ રાખી દે છે તેની કથા છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદક શ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોમાં વિવિધ જાતવાન અશ્વોનો સમાવેશ કરવો પડે. જેમકે દેવા ખુમાણની માણકી, મહેરામણજીની પટી, ભાણ ખાચરનો ચાંગિયો, લાખા ફુલાણીની રોઝડી, જેઠસુરની અવધિ, વિહાજીનો લખિયો, કાળુ પગીનો કાબરો, તલાજીની રોઝી, રામજીની લખી, કરશનજીની કેશર, જોરુભાની બેરી, આંબા પટેલની ઢેલ, સાણંદના ઠાકોરનો માણકો વગેરે. આ ઉપરાંત ગૌણ પાત્રોમાં જોઈએ તો સુમાત ખુમાણ, ઓઢો, અજાજીરાજ, જામ રાવળજી, કરશનજી, ચાંદ, ગોપાળ બારોટ, પીઠાત, મિરખાં, રાસંગ, ઉદેસંગ, શત્રુજિત, ધનજી, ભાજ ખાચર, ઢેબો ભીલ વગેરેનો સમાવેશ થાય છે. જુદા જુદા લેખકોએ આ મુખ્ય અને ગૌણ પાત્રોને ખીલવવામાં ક્યાંય કચાશ રાખી નથી. ઉપરાંત જે જાતવાન અશ્વો છે તેમની વફાદારી અને સ્વામીભક્તિને પણ બરાબર ખીલવી શક્યા છે.

**ભાષાશૈલી**

ભાષાશૈલી સંદર્ભે ઉલ્લેખનીય હકીકત એ છે કે સંપાદનમાં સંગ્રહિત થયેલી તમામ અશ્વકથાઓ જે કોઈ સહિયોગી તરફથી પ્રાપ્ત થઈ હોય તેમની પોતાની ભાષાશૈલીમાં કોઈ જ ફેરફાર કર્યા વગર સંપાદકશ્રી જોરાવરસિંહે જેમની તેમ રજૂ કરેલ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ખાનજી ગઢવીએ આપેલી 'પાબુ ભાલાળો' વાર્તા કુલ ચાલીસ દુહાઓમાં રજૂ થઈ છે. દરેક અશ્વકથામાં વચ્ચે વચ્ચે દુહાઓનો ભરપૂર ઉપયોગ થયો છે. આ ઉપરાંત લગભગ દરેક

વાર્તામાં તળપદી અને ગામઠી ભાષાનો જ પ્રયોગ થયો છે. અમુક કથામાં તળપદા શબ્દોના શિષ્ઠ રૂપો પણ આપવામાં આવ્યા છે. દા. ત. 'ભાણ ખાચરનો ચાંગિયો'. આમાંની મોટાભાગની કથાઓ ચારણી શૈલીની અણીશુદ્ધ અશ્વકથાઓ છે. ચારણોએ પરંપરાગત રીતે જે મનોહર કથાપ્રકારને ખીલવ્યો છે તેના આ સુંદર નમુનાઓ છે. એમાં આવતાં દુહા, છંદ, વર્ણનો, ભાષા અને શૈલી અન્ય કથાઓ કરતાં વિશેષ ધ્યાન ખેંચે છે. જેમકે,

"હાલાજી, તારા હાથ રે વખાણું,

કે પટી, તારા પગડા અખાણું ?"[૨૦]

**ઉપસંહાર**

આ સંગ્રહની બધી જ અશ્વકથાઓ મનોરંજક અને વાંચવી ગમે તેવી છે. જો કે લોકવાર્તાઓ એક સમાન ઉચ્ચ સ્તરની નથી. ધરતી પર અવતરેલ દૈવી વિમાન તરીકે પ્રશસ્ય અશ્વની તેમાં અહોભાવપૂર્વક બિરદાવલી ગવાઈ છે. તેમજ આ કથાઓ મધ્યકાલીન સામંતશાહી યુગની નીતિ-રીતિની પણ ધોતક છે. આ બધી જ કથાઓ અશ્વની સ્વામીભક્તિ, ચતુરાઈ, સ્વાર્પણની સાથોસાથ તેના ઘોડેસવારના નેક-ટેક, નિર્ભયતા, શૌર્ય, પરમાર્થ, વફાદારી, અડગતા, કૃતજ્ઞતા, ઉદારતા, સ્નેહશીલતા આદિ સદગુણોનો મહિમા ગાય છે અને કાયરતા, આત્મશ્લાઘા, દગાખોરી, વિશ્વાસઘાત, સ્વાર્થપરાયણતા, ક્રુરતા, લોભ, વચનભંગ આદિ દુર્ગુણોને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં નીંદે છે. એ રીતે તે બોધ-ઉપદેશ પરાયણ છે. જીવનને અજવાળે એવું સત્ત્વ તેમાં નિહિત છે. આમ છતાં તેમાં બોધનો બોજો કે શિખામણની શુષ્કતા અનભવાતી નથી. મનુષ્યની નીચતાનો તેમાં સર્વત્ર વિરોધ થયો છે અને તેના ઉમદાપણાની પ્રશસ્તિ થઈ છે. આનંદ અને અવબોધ યુગપદ આપતી લોકસાહિત્યની આ અશ્વકથાઓમાં લોકપ્રિયતા માટેનાં તમામ લક્ષણો સરસ રીતે મૂર્ત થયાં છે.

### ૩. ૧. ૧૭ સાજણ આયા હે સખિ...

#### પ્રસ્તાવના

'સાજણ આયા હે સખિ...' ઈ. સ. ૧૯૭૪ માં પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૯૮૬ માં તેની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી. આ 'ટહૂકે સાજણ સાંભરે' નો અનુગામી પ્રેમકથાનો સંચય છે. આ સંગ્રહમાં કુલ ૨૧ પ્રેમકથાઓને ૨૨૪ પૃષ્ઠમાં વિભાજીત કરવામાં આવી છે. આ પુસ્તકની બીજી વિશિષ્ટતા એ છે કે આમાં સામાન્ય વ્યક્તિના પ્રેમને પણ સ્થાન આપવામાં આવ્યું છે. લોકસાહિત્યમાં પ્રેમ એ કોઈ સગવડિયો પંથ નથી. એમાં જીવ્યા મૂવા બેયમાં સાથે રહેવાના મર્દાઈભર્યા કોલ હોય છે. એમાં શીલદાર માનવીના પ્રણય પણ હીરને દોરે પડેલી ગાંઠ જેવા અછૂટ હોય છે. એટલે કે લોકસાહિત્યનો પ્રેમ સતીના સત જેટલો જ પવિત્ર અને ગરવો બની જાય છે. જોરાવરસિંહને આ પુસ્તકના પ્રકાશનમાં ધંધાદારી પ્રકાશનસંસ્થાઓનો સહયોગ ન મળ્યો, ત્યારે તેમણે જાતે જ, આ પ્રકારના પુસ્તકોનું પ્રકાશન કર્યું અને આયોજનનાં સૂઝશક્તિથી તેનું વેચાણ પણ શક્ય બનાવ્યું.

#### કથાવસ્તુ

મુખપૃષ્ઠનું સુંદર મોગલ ચિત્ર, વાર્તાએ વાર્તાએ સરસ તળપદા લોકવળોટનાં ચિત્રો અને રાજવી કવિ કલાપી અને એમની પ્રેમિકા શોભનાની છબીઓ, આ બધી સજાવટ દાદ માંગી લે છે. આ સંગ્રહમાં 'ટેકીલો ટેક ન મેલે રે' આ પ્રેમકથા સંપાદકની લખેલી છે અને બાકીની કૃતિઓ જમિયત પંડ્યા, બચુભાઈ ગઢવી, મૂળજીભાઈ શાહ, પુષ્કર ચંદરવાકર, પૃથ્વીસિંહ ઝાલા, યશવંત કડીકર, શિવમ્ સુંદરમ્, વગેરેની લખેલી છે. 'નાદિરશાહ અને સિતારા' ની કથાના લેખકનું નામ દર્શાવ્યું નથી.

'પાક મુહબ્બત' વાર્તામાં મુબારક અમીરજાદીને પ્રેમ કરે છે. અમીરજાદીએ મુબારક પાસે તેના દિલની માંગણી કરી અને મુબારકે હસતા મોઢે ખંજરથી પોતાનું દિલ આપી દીધું અને પોતે મૃત્યુ પામ્યો. અમીરજાદીને પસ્તાવો થાય છે અને તે પણ મૃત્યુ પામે છે. આવી સુંદર પ્રેમકથાનું આમાં નિરૂપણ થયું છે. 'પિયુડા હાર્યે પરિણય' વાર્તામાં નહારસિંહ અને

કમદિવીની વાત છે. નહારસિંહ યુદ્ધમાં શહીદ થયો, તેની પાછળ કમદિવી પોતાના બન્ને હાથ કપાવી એક પિયર અને એક સાસરે મોકલાવે છે. ત્યારથી પાળિયામાં સ્ત્રીઓનો હાથ મુકાય છે એવી લોકવાયકા છે. 'પ્રેમસમર્પણ' માં ઔરંગઝેબની મોટી શાહજાદી ઝેબુન્નિસા અને લાહોરના સુબા અકિલખાંના આદર્શ પ્રેમનું નિરૂપણ થયું છે. પોતાની નજર સમક્ષ પ્રેમી બળી જાય અને તેની યાદમાં ઝેબુન્નિસા પણ મોતને વહાલું કરે છે. લાઠીના રાજવી સૂરસિંહજી ગોહિલ અને ખવાસણ શોભનાના પ્રેમની કથા 'સનમ જાણે, ધણી જાણે' માં સુંદર રીતે નિરૂપીત થયેલી છે. 'ટેકીલો ટેક ન મેલે રે...' માં ઝાલોરના રાજા વિરમદેવજી ચૌહાણ પર અલાઉદ્દીનની દીકરી પિરોજા ફીદા થાય છે. વિરમદેવજી લગ્નની ના પાડે છે, તેથી યુદ્ધ થાય અને તેમાં વિરમદેવજી શહીદ થાય છે. તેમની પાછળ પિરોજા સતી થઈ. ઈતિહાસમાં કદાચ આ પ્રથમ ઘટના હશે કે એક રાજપૂત પાછળ મુસ્લિમ સ્ત્રી સતિ થઈ. આ વાત સરસ રીતે આલેખાયેલી છે. ઉકલાની આંખો ઝવલી વાઘરણ સાથે મળતા બન્ને લગ્ન કરે. સુવાવડમાં ઝવલીનું મૃત્યુ થાય છે. ઉકલો ગાંડા જેવો થઈજાય અને ઝવલીનાં હાડકાં ભેગા કરી તેને જીવતી કરવાનો પ્રયત્ન કરે. અને અંતે પોતે પણ મૃત્યુ પામે એવી સાધારણ મનુષ્યના જીવનની પ્રેમકથાને પણ અહીં સ્થાન મળ્યું છે. 'અમર પ્રેમની આરસ કવિતા' માં શાહનહા, મુમતાઝ અને મુમતાઝના નાનપણના ગરીબ પ્રેમી હસનની પ્રેમકથા છે. 'ફૂલ ભદુઓ અને ભોરી રાણી' માં કચ્છના ગઢછાના જામ શિરાજના પુત્ર ફૂલકુમાર અને ઉજલકોટની ભોરીકુમારીના પ્રેમ અને લગ્નની વાત આકર્ષક રીતે રજૂ થઈ છે. 'પાવો વાગે પ્રીતનો' વાર્તામાં હિરણ્ય નદીના કાંઠે નેસડામાં રહેતા અનાથ કાના અને સોના બન્ને પ્રેમમાં પડે, પણ લગ્ન શક્ય ન બનતા આ પ્રેમીઓ નદીમાં કુદીને આત્મહત્યા કરે છે તે વાત રજૂ થઈ છે. 'રસિયો વાલમ અને કુમારી' માં આબુના રાજાની દીકરી કુમારી રસિયા વાલમ નામના ગોવાળિયાના પ્રેમમાં પડે. રાજા લગ્ન માટે શરત મૂકે કે એક રાતમાં આબુ પર પાકી સડક બાંધ. જાદુઈ વિદ્યાના જોરે કામ શરૂ કરે પણ રાણી વહેલા કુકડા બોલાવે અને સડકનું કામ અધુરું રહે. રાણી અને કુમારી અર્બુદાદેવીના મંદિરે આવે ત્યારે રસિયો વાલમ બન્નેને પોતાની વિદ્યાથી મૂર્તિ બનાવે અને પોતે ઝેર પીને મરી જાય છે. આજે પણ દેલવાડાના દેરા પાછળ આ બન્નેની પ્રતિમા છે. 'પરીનો પ્રેમી' માં ઈંગ્લેન્ડની બાજુમાં વેલ્સ દેશમાં કાળા પહાડની તળેટીમાં આવેલી પરી અને ખેડૂત જોનના પ્રેમ અને લગ્નની વાત છે. 'વેણી વત્સરાજ' માં તેજપાટણના રાજા વત્સરાજ અને નાગકન્યાના પ્રેમની કથા ખૂબ જ આસ્વાદ્ય છે. મોરબીના રાજા વાઘજી ઠાકોર અને ખવાસ કન્યા મણિબાઈ વચ્ચે પ્રેમ

થાય અને લગ્ન કરી લે છે. થોડા વર્ષ બાદ મણિનું મૃત્યુ થયુ તો વાઘજી ઠાકોર છ મહિના સુધી તેની યાદમાં અર્ધગાંડા જેવા રહ્યાં. તેની યાદમાં મોરબીમાં મણિમંદિરનું નિર્માણ કર્યું. આવી સુંદર પ્રેમકથા 'મણિમંદિર' માં આલેખાયેલી છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. મુબારક હસતા મુખે ખંજરથી પોતાનું દીલ અમીરજાદીને આપી મૃત્યુ પામે છે. નહારસિંહ યુદ્ધમાં શહીદ થતા તેની પાછળ કમદિવી પણ સતી થાય છે. ઝેબુન્નિસા અને અકીલખાંના પાત્રમાં એકબીજા પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે. વિરમદેવજી પાછળ સતી થતી પિરોજા, કાનો અને સોના બન્ને લગ્ન શક્ય ન બનતા આત્મહત્યા કરે છે. મણિની યાદમાં વાઘજી ઠાકોર મણિમંદિર બનાવે છે. આ રીતે અહીં જેટલા પણ પાત્રો આવે છે તે બધા જ પ્રેમીઓ છે. પોતાના પ્રેમી કે પ્રેમિકા માટે થઈને પોતે પોતાનો જીવ આપતા પણ અચકાતા નથી. આ વાત આવા પ્રેમીઓના પાત્ર દ્વારા જાણવા મળે છે.

**ભાષાશૈલી**

આ સંગ્રહમાં જુદા જુદા લેખકોએ પ્રેમ કથાઓ આપી છે તેથી દરેક કથામાં ભાષા અલગ અલગ પ્રકારની જોવા મળે છે. મોટાભાગની કથાઓમાં જે ભાષાનો ઉપયોગ થયો છે તે તળપદી, ગામઠી અને સાદી ભાષા છે. આ ઉપરાંત વર્ણનોમાં આલંકારિક ભાષાપ્રયોગ થયેલો જોવા મળે છે. ચારણી શૈલીમાં નારીદેહના સૌંદર્યનાં વર્ણનમાં, વન-ઉપવનનાં વૃક્ષોનાં યાદીરૂપ વર્ણનમાં વગેરેમાં 'વર્ણક'નો ઉપયોગ થતો હતો જે વર્ણક-સમુચ્ચયમાં મળે છે. અમુક કથાઓમાં હિંદીમાં સંવાદો જોવા મળે છે. જેમ કે,

"એક ચૌખટ પર વહી બચઠ જાતા હૈ જો ગૂંગા હય. બસ, મૈં તુજહ કો ઈતના હી ઈશારા દેતા હૂંઈ તુમ સમઝ જાઓ ઔર ચુપકી સાધ લો."[२१]

આ ઉપરાંત અહીં દુહાઓનો પણ ભરપૂર ઉપયોગ થયેલો જોઈ શકાય છે. જેમ કે,

"મેરુ માણીગર મોરલો, રૂપા ઢળકતી ઢેલ;
તઠ હિરણરે માંડવે, રસની રેલમછેલ."[22]

***ઉપસંહાર***

માનવીના હૃદયમાં પડેલી પ્રણયની ભાવના સૃષ્ટિના સર્જનકાળ જેટલી પ્રાચીન છે. આ પ્રણયકથાઓનું પગેરું જોવા જઈએ તો છેક વેદો સુધી પહોંચે છે. પ્રણયની અભિવ્યક્તિવાળા કથાનકો આ સંગ્રહની અંદર સચવાયા છે. જોરાવરસિંહે જે ૨૧ પ્રણયકથાઓ આપી છે તે ખરેખર અદ્‌ભુત છે. આપણને આ દરેક કથામાં સાચા પ્રેમના દર્શન થાય છે. અહીં રજૂ થયેલા પ્રેમીઓ પોતાના પ્રેમ માટે થઈને જીવનું બલિદાન આપતા પણ અચકાતા નથી. "આ સંગ્રહની કથાઓ વાંચીને કંઈક પ્રેમી-હૈયાઓએ ખોબલો આંસુડાં સાર્યાં છે. આ વાતની પ્રતીતિ કરાવતા વાચકોના સંખ્યાબંધ પત્રો જોરાવરસિંહ પાસે સંગ્રહાયા છે. સાચા પ્રેમીઓની વફાદારી, ત્યાગ, ટેક અને બલિદાનના પાયા પર આ પ્રણયકથાઓની ઈમારત ચણાઈ છે, તેથી જ આ કથાઓ વાચકોના હૃદય પર રમતી થઈ ગઈ છે."[23]

### ***૩. ૧. ૧૮ ભાલપ્રદેશની લોકકથાઓ***

***પ્રસ્તાવના***

લોકવિદ્યા અને જન્મભૂમિ પ્રત્યેના અનન્ય અનુબંધ તથા કાલિદાસ સોલંકીનો સથવારો સાંપડતા આપણને જોરાવરસિંહ પાસેથી ઈ. સ. ૧૯૭૯ માં ભાલપ્રદેશના ધબકારને ઝીલતું 'ભાલપ્રદેશની લોકકથાઓ' નામે સુંદર પુસ્તક સાંપડે છે. સાહિત્ય અકાદમી તરફથી આ ગ્રંથને દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું છે. આવળના ફૂલ જેવા આ સંપાદન - પુસ્તકને તેની સત્ત્વશીલતાને કારણે વર્ષ ૧૯૮૧ નું ગુજરાતી સાહિત્ય અકાદમીનું દ્વિતીય ઈનામ પણ પ્રાપ્ત થાય છે. આ બન્ને મિત્રોએ સાથે મળીને ભાલપ્રદેશની લોકકથાઓના પંદરેક સંગ્રહો પ્રગટ

*કરવાનો સંકલ્પ સેવેલો, પરંતુ નમેરા કાળને એ પસંદ નહીં હોય એટલે આ પ્રથમ સંગ્રહ પ્રગટ થાય છે ત્યાં જ અચાનક શ્રી કાલિદાસ સોલંકી કોઈ અગમ્ય કારણોસર ઘર-સંસાર અને મિત્રોને છોડીને ક્યાંક ચાલ્યા જાય છે. આ સંગ્રહમાં કુલ ૧૭ કથાઓ છે.*

***કથાવસ્તુ***

*આ સંગ્રહમાં 'બાપથી બેટો સવાયો', 'મોરના ઈંડા', 'કોઠાસૂઝ' અને 'ગેલહાગરો' મુખ્યત્વે સમસ્યાપ્રધાન કથાઓ છે. આ પ્રકારની કથાઓનું સ્વરૂપ તેનાં પાત્રો-પ્રસંગોથી નહીં પણ કથાઅંતર્ગત પડેલી સમસ્યા-કોયડાથી બંધાતું હોય છે. સમસ્યા પ્રકારની કથાઓની સાથે અહીં 'મોરલો કળા કરી ગયો', 'કુળવધૂની કરામત', 'એક ચતુરાઈ કથા', 'બુદ્ધિની બલિહારી' અને 'બુદ્ધિના પારખાં' જેવી ચતુરાઈ કથાઓ પણ છે. બૃહત્‌કથામાં પણ આવતાં વેપારી પાત્રોની જેમ આ કથાઓનાં પાત્રો પણ વેપારી વર્ગના છે. આ સંપાદનમાં પિતા દ્વારા પુત્રને શીખ આપતી 'લેખણ ઝાલી નો રહી' અને 'ગઢવીએ ગજબ કર્યો' તેમ જ પશુ-પક્ષીઓના માધ્યમે રાજા કે રાજકુમારોને શીખ આપતી 'પંચતંત્ર' ના કૂળની 'બોકડાના બોલે' જેવી બોધકથાઓ પણ સ્થાન પામી છે. આ ઉપરાંત અહીં દલપતરામ લિખિત 'મિથ્યાભિમાન' ની યાદ અપાવતી 'વેવાણનો વક્કર' અને*

*'જેની દશા પાધરી, મીઠા લાગે બોર,*
*ધમોલને ધાવે વછેરી, લાડુ ખાયે ચોર' !'*

*જેવા દોહરાથી શરૂ થતી, ભાગ્ય પર આધારિત 'જેની દશા પાધરી' તેમજ 'આંગળી આપતાં પોંચો કરડ્યો' જેવી ધૂર્તકથા પણ સંપાદિત થયેલી છે.*

*કુલ સત્તર લોકકથાના આ પુસ્તકનું અધ્યયન કરતાં એક બાબત સ્પષ્ટ તરી આવે છે કે અહીં દંતકથા-લોકકથાના આશ્રયે કથા ઘડાય છે. મોટા ભાગની વારતાઓ બૃહત્‌કથાની જેમ વેપારી વર્ગના પાત્રો પર આધારિત છે.*

## આગવી વાતગૂંથણી

અહીં સંપાદિત વારતાઓમાંથી પસાર થતાં, તેની કથનકળા અને સંરચના ઉપર દ્રષ્ટિપાત કરતાં એટલું ચોક્કસ કહી શકાય કે આ વારતાઓ કાનજી ભૂટા બારોટ - ચારણ કે અન્ય કોઈ વ્યવસાયિક કથક દ્વારા પ્રસ્તુત થયેલી જણાતી નથી. કારણ કે બારોટ-ચારણ કે વ્યવસાયિક કથક જ્યારે કોઈ કથાવારતા માંડે છે ત્યારે કોઈ ખાસ હેતુને પાર પાડવા ચોક્કસ ભૂમિકા બાંધી, સૂચક દુહા-સોરઠાથી શરૂઆત કરે છે. વારતામાં યુગપદ ચિત્રાત્મકતા અને નાદવૈભવ અનુભવાય તે માટે પાત્રો, પ્રસંગો કે સ્થળનાં આલંકારિક વર્ણનો ઉપરાંત વારતામાં ઘોડો, ગાય, નદી કે પર્વત આવે તો તેના તૈયાર વર્ણકો રૂપ સપાખરું કે દોહરો પ્રયોજી વારતાને બહેલાવીને ઉત્તમ વાગ્મિતા સાથે રજૂ કરે છે, જ્યારે અહીં સંપાદિત કથાઓ, કોઈ બારોટ-ચારણ કે વ્યવસાયિક કથક પાસેથી નહીં પણ કોઈ બિનવ્યવસાયિક કથક પાસેથી સાંભળીને, સંપાદકે પોતાની રીતે-ભાતે લિપિબદ્ધ કરી હોય તેમ જણાય છે. "બિનવ્યવસાયિક એવી કહેણીને કારણે અહીં સંપાદિત કથાઓ પાત્ર, પ્રસંગ કે સ્થળનાં લાંબાં-સંકુલ વર્ણનોમાં અટવાયા વિના સીધી લીટીમાં ગતિ કરે છે. કથાનો ઉપાડ ભૂતકાળથી આરંભાય અને તરત જ વર્તમાનની પ્રત્યક્ષ ક્ષણોમાં પરોવાય છે. મોટા ભાગની વારતાઓનું મુખ્ય માધ્યમ ગદ્ય છે અને તે પણ ભાષામાં નહીં પણ બોલીના સ્વરૂપમાં."[૨૪]

## પાત્રો દ્વારા પ્રગટતું લોકમાનસ

ભાલપ્રદેશના ગઈ કાલના લોકજીવન અને લોકમાનસનો પરિચય આપણને વારતામાં પ્રગટ થયેલ પાત્રોની રહેણી-કરણી, રીત-રિવાજ, ખાણી-પીણી, વાણી-તહેવાર અને તેના પારસ્પરિક સંબંધોમાંથી પણ મળી રહે છે. જેમ કે ડંફાસ મારવાની પ્રકૃતિ ધરાવતા 'બાપથી બેટો સવાયો' ના શેખીખોર આલો, લાલો, માલો અને પાલો. તેમ જ એવી પ્રકૃતિ ધરાવતા 'વેવાણનો વક્કર' વારતાના તારાચંદ શેઠ. પોતાની પુત્રવધુને શંકાથી જોતો, વહેમના વાદળથી ઘેરાયેલો 'ગેલહાગરો' વારતાનો હરજી પટેલ. ગજબની કોઠાસૂઝ ધરાવતો કુંવરો મેવાડો, દુશ્મનના દીકરાને સુધારતો લખમીચંદ શેઠ, પોતાના આખા કુટુંબને છોડાવતી ચતુરા વગેરે પાત્રો ભાલપંથકની મિટ્ટીમાં રગદોળાઈને આલેખાયાં છે. આ પાત્રો શેખીખોર, શંકાશીલ,

બદલો લેવાની વૃત્તિ જેવી માનવસહજ નબળાઈઓ, કુટેવોથી ભરેલાં છે, પણ કુટિલ નથી. એમનાં જીવન પરાક્રમશીલ, હેતાળવાં અને જીવનની મધુરપે મહોરતાં હોય છે. પોતાની હેસિયતનું ભાન થતાં કે ભૂલ સમજાતાં એ પોતાની પત્ની પાસે પણ માફી માગતા કે ભૂલ સ્વીકારતાં નાનપ અનુભવતાં નથી. હરજી પટેલ, જેચંદ, કહળસંગ આના ઉત્તમ ઉદાહરણો છે. પોતાના ગામ-કુટુંબની ખેવના-રખેવાળી કરનારાં આ પાત્રો ભણેલાં નથી પણ આંતરસૂઝથી ભર્યાં ભર્યાં છે. તેમની કોઠાસૂઝ તો ભણેલાને ભુલાવે તેવી છે, એટલે તો તે આવી પડેલી મુશ્કેલીઓ તાબડતોબ ઉકેલી નાખે છે.

### સ્થળ, કાળ અને વાતાવરણ

લોકકથા ચોક્કસ સ્થળ, સમાજ અને કાળમાં જ પાંગરે છે. પરિણામે તેમાં સ્થાનિક સમાજના જીવનનું પ્રતિબિંબ ઝિલાતું હોય છે. આ સંગ્રહમાં પ્રયોજાયેલ 'ભાલના કળણમાં જેમ કોઈ જાનવર સલવાઈ પડે એમ ચારે જણા સલવાઈ પડ્યા', 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ', 'હાથ હોય પોલા તો કામ કરે ગોલા', 'વાડ સાંભળે વાડનો કાંટો સાંભળે', 'પૂંઠયા ફાટવા માંડયા' જેવી લોકોક્તિ, રૂઢિપ્રયોગ અને કહેવતોમાંથી આપણને ભાલપંથકની ગતકાલીન ભૌગોલિક પરિસ્થિતિ, લોકસભ્યતા, લોકજીવનનો તાગ મળી રહે છે. આસંગ્રહની છેલ્લી વારતા 'આંગળી આપતાં પોંચો કરડ્યો' ને બાદ કરતાં મોટા ભાગની કથાઓ દેશી રજવાડાના યુગની છે. સમયને બરાબર રંગ આપે એવું વાતાવરણ અહીં જોવા મળે છે.

### ભાષાશૈલી

લોકકથામાં ભાષા નહીં પણ બોલી જ કથાનો પ્રાણ હોય છે. અહીં પ્રયોજાયેલ પાત્રગત બોલી પણ સંદર્ભે જોવા જેવી છે. જેમકે - 'ઓડનું ચોડ વેતરાઈ ગ્યું સેં. થતાં શું થઈ ગયું ! આ બાદશાહની બેગમનું મડદું વગે કરવાનું સે... ઈ રોંચું તમને શું ફાંસીએ ચડાવતું'તું ! (મોતીચંદ) 'હેં ! ક્યારનોય બોલતો શું નથી ! ભૂંડા ! બાદશ્યાની દેવીને મારો સુવાવડનો ઘાઘરો પહેરાવું ! એ લ્યા જુમલા ક્યાં જઈ આપણી ચંદન ઘો ! રાંઢવાનું ફીંડલુ અને પાડાજીભી કટારી લઈને ઉડપ સડી જા સડસડાટ કરતો ગઢની રાંગે ને બાદશ્યાનું માથું લાય તંઈ

તને મરદ બકું.' (જુમલી વાઘરણ) આમ આ કૃતિમાં જોરાવરસિંહે ભાવ, મનોસ્થિતિ, પરિસ્થિતિ, પાત્ર અને રસને અનુરૂપ ભાષાશૈલી પ્રયોજી છે.

**ઉપસંહાર**

ભાલપ્રદેશની મૂલ્યવાન મોતી જેવી આ કથાઓ સંપાદિત કરવાનો લેખકનો મુખ્ય ઉદ્દેશ તો, પોતે આ પુસ્તકની પ્રસ્તાવનામાં કહે છે તેમ - "લોકજીવનનો આ મહામૂલો વારસો યંત્રયુગની આંધીમાં અટવાઈ અલોપ થઈ જાય એ પહેલાં એને પુસ્તકનાં પાનાં પર સાચવી રાખવાનો છે."[૨૫] આ સંગ્રહ પરિવેશ અને બોલી ઉપરાંત સાંસ્કૃતિક સંદર્ભે પણ લોકકથાના પ્રાણને પોષે છે. જે લૌકિક પરંપરા અને તેના વિધિ-વિધાન તેમજ મૃતક પાછળ કરાતું બારમું, દાન-દક્ષિણા અને ગામશરણી જેવા સોળ સંસ્કાર માંહેના ક્રિયા-કાંડના સાંસ્કૃતિક સગડ આપણને અહીં સંપાદિત 'કૂળવધૂની કરામત' અને 'દાનો દુશ્મન' જેવી વારતાઓમાંથી મળે છે.

આમ, અહીં સંપાદિત વાર્તાઓમાં કંડારાયેલા લોકવરણ, એના સામાજિક સંબંધો, એના વાણી-વર્તન, લય-લહેકા, આવી પડેલી આપત્તિઓમાંથી ઊગરવાના એના લૌકિક ઉપાયો, પરંપરાગત ચાલ્યા આવતા લોકસંસ્કારો, ક્રિયાકાંડ અને જીવનમૂલ્યો ભાલપ્રદેશના લોકસાંસ્કૃતિક વહેણોને ઉજાગર કરે છે.

## ૩. ૧. ૧૯ લોકસાહિત્યની ચતુરાઈકથાઓ

**પ્રસ્તાવના**

જૂના જમાનામાં જયારે આજના જેટલું ભણતરનું મહત્ત્વ નહોતું ત્યારે લોકજીભે રમતી આવી બુદ્ધિચાતુર્યની અદ્ભુત વાતો માનવીની ચતુરાઈને ખીલવવામાં અત્યંત ઉપકારક બની રહેતી. ચતુરાઈ એ માનવજીવનની મોટી મૂડી છે. ધનાઢ્યોના ધનના ઢગલા જ્યાં લાચાર બને છે, ત્યાં સામાન્ય માણસની ચતુરાઈ મેદાન મારી જાય છે. જેની પાસે ચતુરાઈની મૂડી છે, તે સાચો સમૃદ્ધ છે. કટોકટીના કોઈ સમયે ચાતુર્યકળા એક અમોઘ શસ્ત્રનું કામ કરે છે.

હાસ્ય, ચાતુર્યના હજારો પરંપરાગત કથાનકો છે. એનું સ્વરૂપ એનેકડોટ્ નું જ હોય છે. પ્રાચીન-મધ્યકાલીન કથાઓમાં પણ એનું આલેખન એક સર્વસામાન્ય ઓઠા તરીકે જ થતું હોય છે. એમાં ક્યાંક ગામનું અને વ્યક્તિનું નામ પાડીને પણ વાત કહેવાતી હોય. મૂળ કથાનક તો એક જ હોય, પરંતુ ગ્રંથકારે-ગ્રંથકારે એનાં સ્થળ અને પાત્રના નામ બદલાતાં જાય છે.

'લોકસાહિત્યની ચતુરાઈકથાઓ' ઈ. સ. ૧૯૭૬ માં પ્રકાશિત થયેલ છે, જેમાં કુલ ૧૮ કથાનકો છે.

**કથાવસ્તુ**

આ સંગ્રહની વાર્તાઓમાંથી 'કાબરાના કાંધાવાળો' શ્રી જોરાવરસિંહે લખેલી છે. બાકીની કથાઓના લેખકો શ્રી જયપ્રકાશ ભારતી, કાલિદાસ સોલંકી, જગન્નાથ પ્રભાકર, કુમારપાળ દેસાઈ, નંદલાલ ચત્તા, રતુભાઈ રોહડિયા વગેરે છે.

'લોકસાહિત્યની ચતુરાઈ કથાઓ' માં રહેલ બધી જ કથાઓમાં બુદ્ધિચાતુર્યની વાત કોઈને કોઈ રીતે તો પ્રગટ કરવામાં આવી જ છે અને બધી જ કથાઓમાં હાસ્ય પણ પ્રગટ થતું જોવા મળે છે. દરેક વાર્તામાં મુખ્ય પાત્ર દ્વારા ચતુરાઈ બતાવવામાં આવી છે. આ ઉપરાંત દરેક કથાઓમાં નુકશાન પહોંચાડનારને કે ઠગાઈ કરનારને મુખ્ય પાત્ર દ્વારા ચતુરાઈ વાપરીને ઠપકો આપવામાં આવ્યો છે અને ઠગ વ્યક્તિ સામે બદલા સ્વરૂપે વળતો પ્રહાર કરવામાં આવ્યો છે. કથાઓ વાંચતા આપણને 'જેવા સાથે તેવા' તેમજ 'ચોરનો ભાઈ ઘંટી ચોર' જેવી કહેવતો અહીંયા સાકાર થતી હોય એમ લાગે છે.

અમુક કથાઓમાં ખૂબ જ હાસ્ય જોવા મળે છે, જ્યારે અમુક કથાઓમાંથી આપણને જુદી-જુદી પ્રકારની ચતુરાઈઓ પણ શીખવા મળે છે. આ બધી જ કથાઓમાંથી 'ચતુરાઈનું ચાંદરણું' કથામાં ખૂબ જ સરસ વાતો મૂકવામાં આવી છે કે –

બણી બણા બઈન રહી, ઓર બણવેકી નહિ,
બુંદ પડન્તા જો લીખ્યા, સો મીટવેકા નહિ.

અર્થાત્ ભાગ્યમાં જે બનવાનું હોય છે તે જ બને છે, બીજું કાંઈ બનતું નથી. માણસના જન્મ સાથે જ વિધાતાના લેખ લખાય છે તેને કોઈ મિથ્યા કરી શકતું નથી.

મહાપુરૂષ માખણ ગ્રહે, ગ્રહે છતહિણા છાશ,
નીચે બુદ્ધિ નરકે પડે, વડાને વૈકુંઠ વાસ.

અર્થાત્ સારા માણસો તો ઉત્તમ તત્ત્વને ગ્રહણ કરે છે, જ્યારે નીચ માણસો સારામાંથી પણ હીન તત્ત્વ શોધી કાઢે છે અને બીજાઓને દુઃખી કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ છેવટે તેમનું કંઈ પણ વળતું નથીઅને તેમના તમામ પ્રયત્નો નાકામિયાબ નીવડે છે.

મનસુબા માનવી તણા, એટલા બધા અઠીક,
ભાંચળિયો લખમણ ભણે, ઠાકર કરે ઈ ઠીક.

અર્થાત્ માનવી ગમે તેટલા મનસુબા કરે પરંતુ તે બધા નકામા છે. એ તો ઈશ્વર કરે એ જ બરાબર થાય છે. ઉપરની પંક્તિમાં ખૂબ જ સરસ વાત કરવામાં આવી છે કે માનવી ગમે તેટલી ઈચ્છાઓ રાખે પરંતુ તેમાંથી ઈશ્વરને જે ઈચ્છા પસંદ હોય તે જે થઈને રહે છે. 'લાલિયા ધોકાની લીલા' માં મંગલમામા હંમેશા લોકોને મદદરૂપ થતા, તેથી ગામના લોકો એમને મંગલમામાના નામે ઓળખતા. આ મંગલમામાએ ઠગ લોકોને ખૂબ જ ચતુરાઈપૂર્વક ઠપકો આપ્યો હતો. 'બુદ્ધિશાળી વહુ' માં લહેરીચંદ નામના એક શેઠ મોટા શાહુકાર હતા. ગામ આખામાં એમનું નામ મોટું, એમની ધીરધાર પણ મોટી. એમને ચાર દીકરા હતા. શેઠે ચારેય દીકરાની વહુઓને પરીક્ષા લઈને જે વહુ પાસ થાય તેને મિલકતનો વારસો આપવાની ઈચ્છા બતાવી. એ પરીક્ષામાં ચોથા નંબરની વહુ ચંપાવતી પાસ થાય છે અને શેઠ એને મિલકતનો વારસો આપે છે. 'બેટો, બાપથી સવાયો' માં કચ્છના કારાયલ સમાએ કપૂરી સંઘાર સાથે સ્નેહલગ્ન કર્યાં. શ્રીમંતોને લૂંટીને ગરીબોનું પોષણ કરવું એ એમનો વ્યવસાય. એમના દીકરાનું નામ વીરકુમાર વીંઝાર પણ ખૂબ જ ચતુર હતો. એણે પિતાજી સાથે શરત લગાવી અને એ શરતમાં પોતાની બુદ્ધિ ચાતુર્યથી પોતાના પિતાને હરાવી દીધા. 'સિદ્ધરાજની અજબ સિદ્ધિ' માં સિદ્ધરાજ સોલંકી વંશનો સૌથી વધુ પરાક્રમી, હિંમતવાન રાજવી હતો. સમગ્ર ગુજરાતમાં એના નામનો કીર્તિડંકો વાગતો હતો. એણે અનેક યુદ્ધો કર્યા અને તે દરેકમાં વિજય પ્રાપ્ત કર્યો. સિદ્ધરાજની અજબ સિદ્ધિનો

ભેદ સિદ્ધરાજ પોતે જ જાણતો હતો. આવી બુદ્ધિ ચાતુર્યની કથાઓનો સમાવેશ આ સંગ્રહમાં કરવામાં આવ્યો છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. જોરાવરસિંહે આ પુસ્તકમાં દરેક પાત્રોને યોગ્ય ન્યાય આપ્યો છે. મુખ્ય અને ગૌણ એમ દરેક પાત્રને સ્થળ અને સમયને ધ્યાનમાં રાખીને બરાબર ખીલવી શક્યા છે. 'લાલિયા ધોકાની લીલા' કથાના મંગલમામા તેમની સમજણ અને બુદ્ધિચાતુર્ય માટે ખૂબ જ જાણીતા હતા. સજ્જનોને તે હંમેશા સહાય કરતા અને દુર્જનોની ચોટલી પોતાના હાથમાં રાખતા. 'બુદ્ધિશાળી વહુ' માં લહેરીચંદનું પાત્ર ખૂબ જ બુદ્ધિશાળી બતાવ્યું છે. તેમનામાં માણસને ઓળખવાની આવડત હતી. તથા એમની ચાર વહુમાં ચોથા નંબરની વહુ ચંપાવતી પણ અતિશય હોંશિયાર છે. 'કરામતી કરશન' માં પોતાની જ ભૂલને કારણે પોતાનો બળ ખોઈ બેસતો કરશન, 'બેટો, બાપથી સવાયો' માં પોતાની બુદ્ધિથી બાપને હરાવતો વીરકુમાર, 'ચોરનો ભાઈ ઘંટી ચોર' માં પોતાની બુદ્ધિ ચાતુર્યથી ચોથિયો અને બીજલ ચોરીમાં સફળતા મેળવે છે. આ બન્ને પાત્રો ખૂબ જ ચાલાક અને ચતુર છે. આ ઉપરાંત સિદ્ધરાજ જયસિંહનું પાત્ર પણ ખૂબ જ બુદ્ધિશાળી બતાવ્યું છે.

**ભાષાશૈલી**

કોઈપણ પુસ્તકમાં ભાષાશૈલી મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પુસ્તકની ભાષાશૈલી સરળ અને સાદી પ્રયોજવામાં આવી છે, કારણ કે ભાવક કે વાચકને વાંચવામાં અને સમજવામાં સરળતા રહે. અમુક અમુક જગ્યાએ જોરાવરસિંહે તળપદા શબ્દોનો પ્રયોગ કરેલો છે. સમગ્ર પુસ્તકમાં જોઈએ તો ગ્રામ્યસંસ્કૃતિની ઝલક જોવા મળે છે અને ક્યાંક ક્યાંક કાઠિયાવાડી ભાષાનો સમાવેશ થતો જોવા મળે છે. વચ્ચે વચ્ચે ઉપદેશ આપતા દુહાઓનો પણ ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમકે,

"આદર કરે અપાર, ભોજનમાં ભાજી ભલી,

આણે મન એંકાર, કડવું ભોજન કિસનિયા."[૨૬]

વગેરેનો પણ ભરપૂર ઉપયોગ કર્યો છે. આમ એકંદરે જોઈએ તો આ પુસ્તક તેની ભાષાશૈલીને કારણે મહત્ત્વનું બની રહે છે.

હાસ્ય ચાતુર્ય વગેરેના હજારો પરંપરાગત કથાનકો છે. એનું સ્વરૂપ પ્રાસંગિક જ હોય છે. પ્રાચીન-મધ્યકાલીન કથાઓમાં પણ એનું આલેખન એક સર્વસામાન્ય ઓઠા તરીકે જ થતું હોય છે. એમાં 'કોઈ એક ગામ હતું ને એમાં એક વેપારી રહે' એવું પણ હોય અને ક્યાંક એ ગામનું અને વ્યક્તિનું નામ પાડીને પણ વાત કહેવાતી હોય, મૂળ કથાનક તો એક જ હોય, પરંતુ ગ્રંથકારે – ગ્રંથકારે એનાં સ્થળ અને પાત્રના નાામ બદલાતા જાય છે. આથી આ પ્રકાર લોકવાર્તા તો નથી, પ્રાસંગિક જ છે. આવું કથાનક જ પછી સમય અને પ્રદેશ બદલાતાં જુદા-જુદા ગામ અને પાત્રના નામે સંકળાતું જાય છે ને તે પછી તે પ્રદેશની બોલીમાં લોકવાર્તાનું પૂર્ણ રૂપ પામે છે. ક્યારેક તો કથક પણ પોતે કોઈ આવું કથાનક જાણતો હોય તો તે પોતે જ સ્થળપાત્રાદિના નામના વાઘા પહેરાવીને એને કથાનું રૂપ આપે છે. આ જ પદ્ધતિનો અહીં સંપાદિત થયેલી ચતુરાઈની કથાના આલેખનમાં થયો છે.

### ઉપસંહાર

અહીં લોકકથાનું રૂપ બાંધતાં જે આલેખનો છે, તે બધાંનાં કૂળમૂળ લોકકથામાં છે. અહીં જે કથાઓ છે તેનાં આધારરૂપ મૂળ પ્રાચીન-મધ્યકાલીન કથાનકો સંસ્કૃત-પ્રાકૃત-પાલિ વગેરે ભાષાઓના કથાસંચયોમાં મળે છે. પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યમાં મળતાં વારાંગનાકથા, સ્ત્રીચરિત્રકથા, ધૂર્તકથા વગેરેમાં ચાતુર્યનાં વિપુલસંખ્ય કથાનકો મળે છે. "અહીં કૃતિ રૂપ છે તે વ્યક્તિસાહિત્યનું અંગ છે, પરંતુ એમાં નિરૂપિત સામગ્રી છે તે લોકસાહિત્યની દેણ છે. અહીં છે તે પ્રત્યેક ચાતુર્યના મૂળમાં કોઈ ને કોઈ સંસ્કૃત-પ્રાકૃત કથાનક છે. ઉદાહરણ તરીકે 'જતના ખેરવે' માં પૂર્વાધમાં છે તે પ્રાકૃતમાં 'ગાડાપોપટ' ની કથામાં છે."[૨૭]

### ૩. ૧. ૨૦ સિંધુ રાગ સોહામણા

**પ્રસ્તાવના**

'સિંધુ રાગ સોહામણા' ઈ. સ. ૧૯૮૦ માં પ્રકાશિત થયેલો ઐતિહાસિક પાત્રો અને ઘટનાઓ વિષયક દંતકથાઓનું આલેખન કરતો ૧૭ કથાઓનો સંચય છે. વીરતાની દંતકથાઓ કંઠપરંપરાના ઈતિહાસ અને લોકકથા એ બન્નેના સીમાડાને એક કરતો વિશિષ્ટ પ્રકાર છે. દંતકથા પણ લોકકથાનો જ એક પ્રકાર છે. "આ સંગ્રહ રાજપૂત કથાઓનો અનુગામી સંગ્રહ હોવાથી આમાં ભારતીય સંસ્કૃતિની શાન વધારનાર રાજપૂત કૂળની પરંપરાગત, ઐતિહાસિક, કથાઓમાં એમના ત્યાગ, ટેક, બલિદાન, વીરતા, પરાક્રમની ભાવના, રખાવટ, ખાનદાનીની સાથોસાથ રાજપૂત રમણીઓની સ્વામીભકિત, ધૈર્ય અને દેશભક્તિના મંગલ દર્શન થાય છે."[૨૮] આ રાજપૂતકૂળની સંસ્કાર પ્રેરક ગૌરવવંતી કથાઓ નવી પેઢીનું ચારિત્ર્ય ઘડતર કરનારી બની રહે તેવી છે.

**કથાવસ્તુ**

આ કથાસંગ્રહમાં 'પદ્મિની' અને 'ગોરા બાદલ' આ બે કથા જોરાવરસિંહની લખેલી છે, બાકીની શ્રી જયભિખ્ખુ, અમરબહાદુરસિંહ, ખોડીદાસ પરમાર, કુમારપાળ દેસાઈ, દોલત ભટ્ટ, દેવીચંદ્ર બિસ્મિલ, વિક્રમસિંહ પરમાર, કાલિદાસ સોલંકી, પિંગળશીભાઈ ગઢવી વગેરેની લખેલી છે.

'સતની બાંધી પૃથ્વી' વાર્તામાં રેખલાના રાજા ધ્યાનસિંહ અને અલતાનના રાજા માનસિંહ ૪૦૦ રાજપૂતો લઈને દિલ્હીના બાદશાહ ઔરંગઝેબ સાથે યુદ્ધ કરે છે. તેમાં ઔરંગઝેબના સેનાપતિ આદમખાને મારીને બન્ને વીરો શહીદ થાય છે. આ રીતે મરીને પણ પોતાના વતનની રક્ષા કરે છે. આ વાત સુંદર રીતે નિરૂપણ પામી છે. 'કેડે કટારી, ખભે ઢાલ' વાર્તામાં સિંધનો ગુલામશાહ ભુજને જીતવા માટે નીકળે છે. રસ્તામાં મૂળુભાની ગઢી ગામના ૮૦ વૃદ્ધ જાડેજા રાજપૂતોએ લડાઈ આપી અને બધા જ યુદ્ધમાં વીરગતી પામ્યા, તેની કથા છે. સોજીત્રાના રાજા મેઘરાજજી એક વાર શિકારે જાય છે. હરણને મારવા જતા બ્રાહ્મણ મૃત્યુ પામે છે.

તેના પ્રાયશ્ચિતરૂપે પોતે આત્મવિલોપન કરે છે, આ વાત 'પાપનો પસ્તાવો' માં છે. 'ગૌબ્રાહ્મણ પ્રતિપાળ' માં જૂનાગઢ નવાબના મામા વઝીર બહાઉદ્દીન પાસેથી રામસિંહ હરભાઈ દેસાઈની મદદથી ગાયોને કતલખાનેથી બચાવે છે, તે વાત સુંદર રીતે આલેખન પામી છે. 'સૂરજ અને પરમાલ' વાર્તામાં બગદાદના ખલીફા વલીદે દેવલના રાજા દાહરને યુદ્ધમાં હરાવી તેની બે પુત્રી સૂરજ અને પરમાલને કેદ કરે છે. પોતાનું શરીર અપવિત્ર ન થાય એટલા માટે બન્ને કુંવરીઓ પોતાને જ કટાર મારીને મૃત્યુ પામે છે. આ વાત અહીં નિરૂપણ પામી છે.'રાજકુમારી રતન' વાર્તામાં જેસલમેરના રાજા રત્નસિંહના દીકરી રત્ના પોતાની ચતુરાઈથી મોગલોને યુદ્ધમાં હરાવે છે. આ વાત અહીં નિરૂપણ પામી છે. હલદીઘાટીના યુદ્ધમાં બે દિવસની વાર હતી, તે સમયે મોગલોના સેનાપતિ માનસિંહ શિકારની પાછળ મહારાણા પ્રતાપની હદમાં આવી જાય છે. મહારાણાને ખબર પડતા તે માનસિંહને સલામત રીતે તેમની છાવણીમાં મૂકી આવે છે અને યુદ્ધમાં પકડવાની વાત કરે છે. આ વાત અહીં ખૂબ ન આકર્ષક રીતે રજૂઆત પામી છે.'ધાવણની ધારા' માં મોટી બોરુના ફૂલકુંવરબાના દીકરા દોલતસિંહ વાઘેલા ચોરને પોતાની પાઘડી આપી દે છે. માતા તેને મેણુ મારે કે નાનપણમાં તું વડારણનું ધાવણ ધાવેલો તે દેખાડ્યું. આ સાંભળતા દોલતસિંહ બધા ચોરોને મારી પોતે મૃત્યુ પામે. આ રીતે પોતાની માનું ધાવણ ઉજળું કરી બતાવે છે, એ વાત છે. 'પલાંસવાને પાદર' વાર્તામાં કચ્છના પલાંસવામાં વનાજી વાઘેલાએ દિલ્હીના બાદશાહના શાહજાદા શેરખાનને આશરો આપ્યો અને દિલ્હીના બાદશાહ સાથે યુદ્ધ કર્યું. આ યુદ્ધમાં વનાજી શહીદ થયા, પણ શેરખાનનો વાળ પણ વાંકો ન થવા દીધો. આ રીતે પોતે મૃત્યુ પામીને આશરાનો ધર્મ બજાવે છે, આ વાત નિરૂપણ પામી છે.'જોગમાયા' વાર્તામાં હડાળાના વિક્રમસિંહ સંગ ફેર થવાથી દારૂની લતે ચડ્યા અને ઘરમાં જે હતું તે બધુ જ દારૂમાં ફના કરી નાંખે છે. તેમના પત્ની સોનલબા પોતાના પતિને દારૂ છોડાવે છે. આ વાત અહીં સરસ રીતે નિરૂપણ પામી છે.

**પાત્રાલેખનકલા**

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. વતનની મિટ્ટીમાં રહેલ

સુવર્ણરજમાંથી શ્રી જોરાવરસિંહે પોતાનાં પાત્રોનો ઉઠાવ કર્યો છે. એ પાત્રો બધાંય હસે છે, હિજરાય છે, આત્મવિલોપણ કરે છે ને આત્મસમર્પણ પણ કરે છે. જે ખુમારીથી એ પાત્રો જીવે છે એજ ખુમારીથી મોતને ભેટે છે. મુખ્ય પાત્રોમાં જોઈએ તો રેખલાનાં રાજા ધ્યાનસિંહ, માનસિંહ, સોજીત્રાના રાજા મેઘરાજજી, રામસિહ, મહારાણા પ્રતાપ, રત્ના, સૂરજ, પરમાલ, સોનલબા, વનાજી વાઘેલા વગેરે પોતાની નેક-ટેક અને વીરતાને કારણે આપણને ઉડીને આંખે વળગે છે. તથા ગૌણ પાત્રો આદમખાં, ગુલામશા, હરભાઈ દેસાઈ,ખલિફા વલીદ, માનસિહ, ફૂલકુંવરબા વગેરેને પણ ખિલવવામાં ક્યાંય કમી જણાતી નથી. આ પાત્રો વડે લેખકને પરિચય કરાવવો છે સ્નેહથી, શીલથી, શૌર્યથી અને માનવતાથી જીવતા સમૃદ્ધ લોકજીવનનો. પ્રાણવાન લોકોમાંથી જે જીવન સર્જાયું તે કમનીય કલામંડિત બન્યું. એટલે લોકજીવનની કલામયતાથી લેખક વાર્તાની માંડણી કરે છે ને પછી કોઈ પાત્રના એકલદોકલ જીવનસંઘર્ષમાં કે મનોવ્યાપારમાં નહિ, પણ સજીવતાથી ધબકતા લોકજીવનના વ્યાપાર-વ્યવહારમાં આપણને મૂકી દે છે અને આપણે પણ એ જીવનના મૂક પ્રેક્ષક ન રહેતાં માણીગર પાત્ર બનીને મહાલીએ છીએ.

**ભૌગોલિક ક્ષેત્ર**

આ શૌર્યકથાઓને ભૌગોલિક ક્ષેત્રની દ્રષ્ટિએ તપાસતાં સ્પષ્ટ થાય છે કે મોટા ભાગની કથાઓનો ભૌગોલિક ક્ષેત્રે સંબંધ સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન સાથે છે. ચારણી અને બારોટી સ્ત્રોતનું આમાં મુખ્ય યોગદાન છે. આ પ્રદેશોમાં દેશી રજવાડાઓનું શાસન હતું અને મોટા ભાગની લડાયક કોમો પણ આ ક્ષેત્રમાં જ વસવાટ કરતી જોવા મળે છે. ભાષાના ઉદ્‌ગમની દ્રષ્ટિએ જ નહીં પરંતુ જૈનસ્ત્રોતના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની દ્રષ્ટિએ તેમજ ચારણી પરંપરામાં પણ રાજસ્થાનને સહજ એવું સ્થાન મળ્યું છે. મધ્યકાલીન ગુજરાતીની જે હસ્તપ્રતો મળે છે અને એના રચયિતા સૂરીઓ છે તેમાં પણ વિશેષ સંખ્યા રાજસ્થાનીની જોવા મળે છે.

**ઉપસંહાર**

'સિંધુ રાગ સોહામણા' કથાસંચય એ ભારતીય સંસ્કૃતિની શાન વધારનાર રાજપૂતોની કથાઓથી ભરેલો સંગ્રહ છે. બધી વાર્તાઓ વાંચતા આપણને ખ્યાલ આવે

છે કે ક્યાંક પોતાની માતૃભૂમિ માટે કોઈ વીર બલિદાન આપે છે તો ક્યાંક આશરે આવેલાનું રક્ષણ કરવા માટે થઈને પોતાની જાતનું બલિદાન આપે છે. આમ દરેક કથામાં શૌર્યતા અને બલિદાનની ભાવના જોવા મળે છે. રાજપૂતોની સાથોસાથ રાજપૂત રમણીઓ પણ કેવી દેશભક્ત છે અને પોતે પણ વતન માટે બલિદાન આપતા અચકાતી નથી તેના દર્શન આપણને આ કથાસંચય વાંચતા થાય છે. એકંદરે આ સંગ્રહમાં લોકપ્રિયતા માટેના તમામ લક્ષણો જોવા મળે છે.

## ૩. ૧. ૨૧ રીડ પડે રજપૂત છૂપે નહિ

### પ્રસ્તાવના

'રીડ પડે રજપૂત છૂપે નહિ' ઈ. સ. ૧૯૮૪ માં પ્રકાશિત થયેલ શૌર્યકથાનો સંચય છે. આમાં કુલ ૧૨ શૌર્યકથાઓ છે. આ બાર કથાઓમાં આપણને રાજપૂતી સંસ્કૃતિ અને તેમની નેક-ટેક, બલિદાન, ખુમારી, વીરતા અને સાચી દેશભક્તિના દર્શન થાય છે. આ ઉપરાંત રાજપૂત સ્ત્રીઓમાં રહેલ ભક્તિ, ધૈર્ય અને બલિદાનની ભાવનાના પણ આપણને દર્શન થાય છે. ઈતિહાસને રખે ભૂલીએ કે મહારાજા શિવાજીનું સંસ્કાર ઘડતર રાજમાતા જીજાબાઈએ આવી નીતિમૂલક શૌર્યકથાઓ સંભળાવીને જ કર્યું હતુ. આ રાજપૂતકૂળની સંસ્કારપ્રેરક ગૌરવવંતી કથાઓ નવી પેઢીનું ચારિત્ર્ય ઘડતર કરનારી બની રહે છે.

### કથાવસ્તુ

પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં જોરાવરસિંહ ઉપરાંત કુમારપાળ દેસાઈ, ખોડીદાસ પરમાર, મંગળસિંહ ઝાલા, દોલત ભટ્ટ, દેવેન્દ્રકુમાર પંડિત, અજીતસિંહ ચુડાસમા, વિક્રમસિંહ પરમાર, યશવંત મહેતા વગેરેએ શૌર્યવાર્તાઓ આપી છે. 'રંગ રજપૂતા, રંગ હે' માં ચિત્તોડના રાણા ઉદયસિંહે ૬૦૦૦૦ ની સેના લઈ અકબર સાથે ચાર મહિના સુધી યુદ્ધ કર્યું અને તેમાં બધા રાજપૂતો ખપી ગયા અને તેમની પાછળ સ્ત્રીઓએ જૌહર કર્યું. અકબરના હાથમાં સ્મશાન જેવો ઉજ્જડ કિલ્લો આવ્યો. આમ અકબર જીતીને પણ હારી ગયો અને ચિત્તોડના રાજપૂતો હારીને પણ જીતી ગયા તે વાત રજૂ કરાઈ છે. અકબર અને મહારાણા પ્રતાપ વચ્ચેના યુદ્ધની આવી જ

વાત 'આઝાદીનો સૂરજ' માં છે. મહારાણા પ્રતાપ મર્યા ત્યાં સુધી અકબરને શરણે નથી થતા. તે મેવાડની આન, બાન અને શાન જાળવી રાખવા માંગતા હતા અને જાળવી રાખે છે. રામજી પટેલની પત્નીના પેટમાં રહેલું બાળક આડુ થઈ ગયેલું અને તેને અસહ્ય પીડા થતી હતી. કોઈકે કહ્યું કે લાઠીના રાજા તખતસંગની નાડીનો છેડો પોણીથી ધોઈ પાવ તો સારું થાય. રામજી પટેલ તેની પત્નીને તે પાણી પાય છે. તેનાંથી બાળકનો જન્મ થાય છે આ વાત 'તખતસંગ મા'રાજ' માં રજૂ થઈ છે. 'ઢળ પાસા જેમ ધરણનાં ઢળ્યા' માં કચ્છના કંથકોટની વાત છે. જીકડી દાસી પોતાના પુત્રનું બલિદાન આપી કંથકોટના કુંવરની રક્ષા કરે છે. 'હઠીલો હમીર' માં રણથંભોરના ચૌહાણ હમીરઅને દીલ્હીના અલ્લાહુદ્દીન ખિલજી વચ્ચે યુદ્ધ થાય છે. તેમાં અલ્લાહુદ્દીન કપટ કરે છે છતા હમીરની જીત થાય છે. પરંતુ જીત પ્રાપ્ત કરીને પાછા ફરતા દુશ્મનના ધ્વજને પગેથી ઉલાળતા ઉલાળતા આવતા હોય છે. આ દ્રશ્ય રાજપૂતાણીઓએ જોયું અને તેમને લાગ્યું કે દુશ્મનો વિજયી થયા છે. પોતે દુશ્મનના હાથમાં ન આવે માટે ૧૦૦૦૦ રાજપૂતાણીઓએ જૌહર કર્યું. અંતે પોતાની એક ભૂલને કારણે હમીરે કમળપૂજા કરી. આ વાત સુંદર રીતે આલેખન પામી છે. 'કચ્છની મીરા' માં કચ્છના ભોજાઈ ગામના કલાજી જાડેજાના દીકરી જેઠીબાઈએ લગ્ન કરવાની ના પાડી અને ઈશ્વરદાસજી પાસેથી ગુરુદક્ષિણા લીધી. તેમનું મન મીરાબાઈની જેમ કૃષ્ણભક્તિમાં લીન થઈ ગયું હતું. આજે પણ એમણે રચેલા પદો ગવાય છે. આ વાત અહીં નિરૂપણ પામી છે. 'ગાદી ત્યાગ કરનાર વીર ચંદ્રસિંહ' વાર્તામાં મેવાડના રાણા લાખાના પુત્ર ચંદ્રસિંહ પિતાના વચન ખાતર થઈને રાજગાદીનો ત્યાગ કરે છે અને મૃત્યુ સુધી મેવાડનું રક્ષણ કરે છે.'આખરી પરાજય' માં કાશ્મિરના રાજા સહદેવની પુત્રી રાણી કોટા રાજ્ય કરતી હોય છે. તુર્કસ્તાનથી આવેલો શાહ મીર શૂરવીરતા અને ચતુરાઈથી કાશ્મિરના દરબારમાં સ્થાન બનાવે અને અંતે કપટથી કોટાને કેદ કરી, પોતે રાજા બની બેઠો. તે કોટાને પોતાની બેગમ બનાવવા માંગે છે, પણ કોટા પોતાની પાસે રહેલા ખંજરથી આત્મહત્યા કરે અને પોતાની જાતને બચાવે છે. આ વાત અહીં સુંદર રીતે આલેખાયેલી છે. 'વરરાજા' માં ચોરવાડ પાસેના કિંદરવા ગામના અરસી કારડીયા રજપૂતની જાન ચમોડા જાય તેમાં બે ક્ષત્રિય મિત્રો આવે અને એમને ખબર પડે કે દુશ્મનો ગાયો વાળી જાય છે ત્યારે અરસી, તેના બે મિત્રો વેજાજી અને જેસાજી, ગોર ગાયો પાછી વાળવા જાય છે. તેમાં ચારેય શહીદ થઈ ગયા. તેમની પાછળ ચમોડાની કન્યા સતી થાય છે. આ વાતનું આલેખન થયેલું છે.

***પાત્રલેખનકલા***

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદકશ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. આ કથાસંગ્રહમાં ઘણા પાત્રો આવે છે. તે દરેક પાત્ર કંઈ ને કંઈ વિશિષ્ટતા ધરાવે છે. મુખ્ય પાત્રોની સાથે સાથે ઘણા ગૌણ પાત્રો પણ આવે છે. તે દરેક પાત્રને જુદા જુદા લેખકોએ પૂરો ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. મુખ્ય પાત્રોમાં જોઈએ તો ઉદયસિંહ છે જે ૬૦૦૦૦ ની સેના લઈ અકબરની સામે યુદ્ધ કરે છે અને શહીદી વહોરે છે, મહારાણા પ્રતાપ જે મરવા તૈયાર છે પણ અકબરની સામે નમવા તૈયાર નથી, તખતસંગ, ઝાલા શેષમલજી, કુંવરી કૃષ્ણા, રાજસિંહ, હમીર, જેઠીબા, ચંદ્રસિંહ જે પોતાના પિતાના વચન માટે થઈને રાજગાદીનો ત્યાગ કરે છે અને આજીવન મેવાડની રક્ષા કરે છે, રાણી કોટા જે પોતાની બુદ્ધિ-ચાતુર્યતી પોતાનું રાજ પાછુ મેળવે છે. ગૌણ પાત્રોમાં જોઈએ તો વીરબાઈ, અકબર, જયમલ્લ, ફત્તો, શક્તિસિંહ, ચેતક ઘોડો, રામજી પટેલ, મેરુજી, ગજસિંહ, રાજમાતા, મંદોર નરેશ, ભિક્ષણ ભટ્ટ, મોકળાજી, રણમલ, રતિયાલ, શાહ મીર, અલ્લાઉદ્દીન વગેરેનો સમાવેશ થાય છે.

અહીં જે પાત્રો આવે છે તે બધાય પાત્રો જે ખુમારીથી જીવે છે એજ ખુમારીથી મોતને ભેટે છે. દરેક પાત્રને પોતાના જીવ કરતાં પોતાનું વતન, આબરુ, માન-સન્માન વધારે વહાલા છે. તેથી જ તો તે પોતાના પ્રાણનું બલિદાન આપતા પણ અચકાતા નથી.

***ઉપસંહાર***

પ્રસ્તુત સંગ્રહને આપેલા શીર્ષક મુજબ આ બધી જ કથાઓમાં રજપૂતોની દાતારી, ખુમારી, બલિદાન, ત્યાગ, ટેક, વચન, વીરતા, રીતરિવાજો આપણને લહેરાતા જોવા મળે છે. આમ તો લોકકથાનો ઉદ્દેશ જનમનોરંજન કરવાનો જ હોય છે, પરંતુ આ કથાઓમાં જનમનોરંજનની મારફ્તે લોકશિક્ષણનું, સમાજઘડતરનું કાર્ય કરવાનો પણ રહ્યો છે. કારણ કે આજના સમાજમાં રહેલા લોકોમાં આવા ગુણોનો અભાવ જોવા મળે છે. આ સંગ્રહ વાંચવાથી આમ

વાચક કે ભાવકને ખ્યાલ આવે કે પહેલાના લોકો એક વચન માટે થઈને કે બીજાનું રક્ષણ કરવા માટે થઈને પોતાના જીવનું બલિદાન આપતા પણ અચકાતા નહીં. આ સંગ્રહ ખરેખર આપણા સમાજ માટે એક પથપ્રદર્શકનું કામ કરે તેવો છે. "શૌર્યકથાઓને ભૌગોલિક ક્ષેત્રની દ્રષ્ટિએ તપાસતાં સ્પષ્ટ થાય છે કે મોટા ભાગની કથાઓનો ભૌગોલિક ક્ષેત્ર સંબંધ સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન સાથે છે. ચારણી અને બારોટી સ્ત્રોતનું આમાં મુખ્ય યોગદાન છે. આ પ્રદેશોમાં દેશી રજવાડાઓનું શાસન હતું અને મોટા ભાગની લડાયક કોમો પણ આ ક્ષેત્રમાં જ વસવાય કરતી જોવા મળે છે."[૨૯]

### ૩. ૧. ૨૨ ભાલપ્રદેશની લોકકથાઓ

#### પ્રસ્તાવના

જોરાવરસિંહ જાદવ સંપાદિત 'ભાલપ્રદેશની લોકકથાઓ' ઈ. સ. ૧૯૮૯ માં પ્રકાશિત થયેલ છે. તેમાં બે લોકવારતાઓ છે : એક, 'રાણી અનારદે' અને બે, 'કનક ચાવડો'. પૃથ્વીના પટ પર વસતી સુધરેલી કે પછાત કોઈ પણ પ્રજા વાર્તારસવિહોણી જોવા મળતી નથી. વાર્તા સાંભળવાની, ઉત્કંઠા કુદરતે માનવીને જન્મની સાથે જ આપેલી નૈસર્ગિક ભેટ છે, તેથી જ વાર્તાનાં રસઝરણાં દુનિયાના દરેક દેશમાં અને દરેક કાળમાં અખંડપણે વહેતાં રહ્યાં છે. આબાલવૃદ્ધ સૌને સરખો આનંદ આપનાર તત્ત્વ એ વાર્તાતત્ત્વ છે. ભાલપ્રદેશની બળકટ બોલીની આ વાર્તાઓ અન્ય પ્રદેશની અન્ય લોકવારતાઓ કરતાં અનેક રીતે જુદી પડે છે.

#### કથાવસ્તુ

'રાણી અનારદે' લોકકથાનું મુખ્ય કથાઘટક 'અનારદેની શોધ' છે. આ કથાનો આરંભ નાટ્યાત્મક છે. ચંપકનગરીની રાણી રૂપાંદે તેના લાડીલા દિયરના માથામાં તેલ નાંખે છે. આ દરમિયાન દિયર રૂપસિંહના માથાનો એક વાળ ખરી પડે છે. ખરી પડેલો વાળ નિહાળી રૂપસિંહ ભાભીને કહે છે :

"ભાભી ! આ જ તમારી ચતુરાઈમાં ખામી આવી !" દિયરજીનાં વચન સાંભળી ભાભીએ મજાક કરતાં કરતાં મહેણું માર્યું :

"દિયરજી ! અમે તો હવે ઘરડાંઠમ થયાં. અમારાથી ભૂલેય થાય, ચૂકેય થાય ને અમારા કામમાં ખામીયે આવે, પણ કુંવરજી ! જિંદગીમાં કદીયે ભૂલ જ ન કરે એવી ચતુર વહુ પરણી લાવો તો ખરા કહું."[30]

બસ, વાર્તાને ધક્કો આપનાર તત્ત્વ આ મહેણું જ બને છે. ભાભી કહે છે એવી ચતુર વહુ આ દુનિયામાં હોય તો તે છે અનારદે. આ અનારદેને પરણી લાવવાનો દ્રઢ સંકલ્પ કરીને યુવાન રૂપસિંહ નીકળી પડે છે. ભાભી તેને તેની સંકલ્પસિદ્ધિ કાર્યસિદ્ધિ માટે આશિષ આપતાં થોડું માર્ગદર્શન પણ આપે છે. વાર્તાનો આખોય નકશો ભાભીએ દોરી બતાવ્યો છે.

રૂપસિંહની શોધયાત્રા અને સાહસકથામાં અપ્સરાઓ, રાક્ષસો, પશુ-પક્ષી-પ્રાણીઓ જેવી માનવેત્તર સૃષ્ટિ અને રૂપપરિવર્તનની વિદ્યા, ઊડણપાવડી, સુક્કાભઠ્ઠ બાગનું લીલોતરીમાં થતું પરિવર્તન, અનારમાંથી નીકળતી અનારદે, અનારદેમાંથી કમળના છોડમાં અને પછી કમળના ફૂલ, આંબો અને કેરીમાં થતાં રૂપાંતર, બાળકીને ગરદને મારી ત્યારે તેમાંથી પ્રગટેલાં શિવપાર્વતી અને તેમની આંખોમાંથી પ્રગટેલાં ચકલોચકલી, માનવભાષા બોલતા ગજરાજ અને ચકલાચકલી, કેળ ફાટે અને તેમાંથી અનારદે નીકળે તેવો ચમત્કાર, લાલિયા ધોકાનો ચમત્કાર, રાક્ષસો અને તેમણે મેળવેલી સિદ્ધિઓ, મૃત્યુ પામેલા રૂપસિંહનું પુનઃ સજીવન થવું, વગેરેનું આલેખન આ લોકવારતામાં અદ્‌ભુતરસની સૃષ્ટિ ખડી કરી દઈ વાર્તારસને વહેતો રાખે છે.

અનારદેની શોધમાં નીકળી પડેલા રૂપસિંહને તેની શોધયાત્રા દરમિયાન ભાભીથી પ્રારંભીને, ઠગપાટણમાં ઠગની દીકરી, માલણ, ફૂલચંપા, અનારદે અને અંતે રૂખી એમ જુદા જુદા પ્રકારના વ્યક્તિત્વવાળી સ્ત્રીઓનો ભેટો થાય છે. આ પ્રત્યેક સ્ત્રી રૂપસિંહની શોધયાત્રાના 'માઈલસ્ટોન' બની રહે છે. લોકકથામાં આ સ્ત્રીઓ સાથે રૂપસિંહના થયેલા ભેટાને-પ્રસંગને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યો છે.

બીજી વાર્તા 'કનક ચાવડો' નાં કેન્દ્રમાં તો છે યુવાન દાદભા અને તેને દેશવિદેશ ભમવાની થયેલી ઈચ્છા, આમ છતાં વાર્તાનું શીર્ષક 'કનક ચાવડો' આપ્યું છે જે રાજા છે. આ વારતામાં તેની ભૂમિકા ગૌણ છે. અહીં દાદભા સાથે તેના ત્રણ મિત્રો પણ તેની સાથે પ્રવાસયાત્રામાં જોડાય છે. આ મિત્રોની કંઈને કંઈ આગવી વિશેષતાઓ છે.એક સુતારનો દીકરો છે જે ઊડણપાવડી બનાવી શકે છે, બીજો વાણિયાનો દીકરો છે જે એવી વિદ્યા જાણે છે કે પોતાના મિત્રોમાંથી ગમે તેને કોઈ બાઈએ પોતાના હાથે ઘડેલા રોટલા ખવરાવ્યા હોય તો ઈ બાઈને વગર જોયે છ મહિને બાર મહિને કે વરસે ચાર નજરું ભેગી થતાંની સાથે જ ઓળખી કાઢી શકે છે. દાદભા તો દરબાર છે અને તે કોઈને થયેલ અન્યાય સામે બ્રાહ્મણોને બચાવવા યુદ્ધ કરી શકે છે અને છેલ્લે બ્રાહ્મણનો પુત્ર બટુકપ્રસાદ જે હાડકાનો એક કણ મળે તો પણ તે પોતાની વિદ્યાથી પ્રાણી-પશુ કે માનવને સજીવન કરી શકે છે. દાદભાને પ્રવાસ દરમિયાન કેવા સુખદ-દુઃખદ પ્રસંગોમાંથી પસાર થવું પડે છે તે આ લોકવારતાનો વિષય છે.

ત્રણેય મિત્રો પોતાની પ્રવાસયાત્રા શરૂ કરે છે. જંગલમાંથી પસાર થાય છે ત્યારે દાદભાને એક હાડકું મળે છે. બાહ્મણમિત્ર સામે હાડકું ધરીને તેને સજીવન કરવા કહે છે. બટુકપ્રસાદ હાડકાને પાણી છાંટી મંત્ર બોલે છે અને હાડકામાંથી સિંહ સજીવન થાય છે. ત્રણેય મિત્રો નાસી જાય છે. દાદભા સિંહને તલવારના એક જ ઘાથી મારી પોતાની મરદાનગી બતાવે છે. થાકને કારણે તે રસ્તામાં એક વડલા નીચે આરામ કરે છે. વડલાની ડાળ પર ગરુડના બચ્ચાંને સાપથી દાદભા બચાવે છે. ગરુડ તેને કોઈ પણ સંકટ સમયે યાદ કરવાનું વચન આપે છે. આ વચનનો લાભ લઈને દાદભા ગરુ દ્વારા ત્રંબકનગરી પહોંચે છે. જ્યાં સાત માળનો મહેલ છે. તેના સાતમાં માળે ઢૂંઢિયા રાક્ષસની કુંવરી રહે છે. રાક્ષસે ૬૦-૭૦ ગાઉ સુધીના વિસ્તારને નિર્જન બનાવ્યો છે. દાદભા કુંવરી પાસે પહોંચે છે. કુંવરી તેને રાક્ષસથી બચાવવા માખીમાં રૂપાંતર કરી દે છે. દાદભા યુક્તિથી રાક્ષસના મોતને જાણી લે છે. અંતે તે પ્રયુક્તિથી રાક્ષસને મારે છે અને કુંવરી સાથે આનંદથી રહે છે. એક વાર બન્ને નદીમાં સ્નાન કરતાં હતાં ત્યારે કુંવરીની સવા લાખની ઓઢણી નદીમાં તણાઈ જાય છે. આ ઓઢણી માછલી ગળી જાય છે. માછલી માછીમારની જાળમાં આવે છે. માછીમાર ઓઢણી જૂએ છે અને તે રાજા કનક ચાવડાને આપે છે. કનક ચાવડા ઓઢણી ઓઢનારીની તલાશ કરવા કહે છે. ગાંગલી ઘાચણ તપાસ માટે કુંવરીની માસી બનીને

જાય છે. દાદભાના મૃત્યુનું રહસ્ય જાણે છે અને દાદભા મૃત્યુ પામે છે. ગાંગલી ઘાંચણ કુંવરીને ધાકધમકી આપી કનક ચાવડા પાસે લઈ આવે છે. કુંવરી પોતાને છ માસનું વ્રત છે તેવું કહીને તેનાથી જુદી રહે છે. આ દરમિયાન દાદભાના ત્રણ મિત્રો કુંવરીને મળે છે, બધી વાત જાણે છે, શિવપૂજાનું બહાનું બતાવીને ત્રણ કુંવારકા અને ત્રણ મિત્રો સાથે કુંવરી પોતાના મહેલે પહોંચે છે. બટુકપ્રસાદ દાદભાને મંત્રથી જીવંત કરે છે. ત્રણેય કુંવારકા સાથે મિત્રોના પણ લગ્ન થાય છે. દાદભા અને કુંવરી પોતાના ગામ આવે છે. આમ વારતા સુખાંત બની છે.

**પાત્રાલેખનકલા**

આ સંગ્રહમાં બે વાર્તાઓ છે. આ બન્ને વાર્તાઓમાં આવતા પાત્રોને લેખક વ્યવસ્થિત રીતે ખીલવી શક્યા છે. આ વાર્તાઓ વાંચતા હોઈએ ત્યારે આપણને એમ લાગે કે આ વાર્તાના પાત્રો આપણે પોતે જ છીએ, એટલી હદે જોરાવરસિંહે પાત્રોને ખિલવ્યા છે. 'રાણી અનારદે' ના પાત્રો જોઈએ તો તેમાં મુખ્ય પાત્ર રૂપસિંહનું છે અને નાયિકા તરીકે અનારદે છે તથા ખલનાયિકા તરીકે કપટી સ્ત્રી છે. આ ઉપરાંત તેમાં આવતા બીજા ગૌણ પાત્રોમાં જોઈએ તો માનવીય અને અમાનવીય સૃષ્ટિના પાત્રોનો સમાવેશ કરી શકાય. જેમાં ભાભી, ઠગ, ઠગનો સરદાર, સરદારના છોકરા, માલણ, ફૂલચંપા, યોગી, રાજા, દ્વારપાળ તથા માવેત્તર પાત્રો જેવા કે હાથી, રાક્ષસ, ચકલા-ચકલી વગેરેનો સમાવેશ થાય છે. બીજી વાર્તા 'કનક ચાવડો' માં જોઈએ તો મુખ્ય પાત્ર તરીકે દાદભા છે. આ ઉપરાંત ગૌણ પાત્રોમાં જોઈએ તો વીરચંદ, છગન, બટુપ્રસાદ, કનક ચાવડો, ગાંગલી ઘાંચણ તથા અમાનવીય પાત્રોમાં ઘરપંખ (ગરૂડ), ઘરપંખડી, ઢૂંઢયો રાક્ષસ અને તેની કુંવરીનો સમાવેશ થાય છે.

**ભાષાશૈલી**

આ સંગ્રહની બન્ને વાર્તાઓમાં પ્રયોજાયેલી ભાષાશૈલી પણ ધ્યાન ખેંચે છે. આમાં સાદી, સરળ અને ગામઠી ભાષાનો વધારે પ્રયોગ થયો છે. અહીં લોકભાષાની શૈલીનો પ્રયોગ જોવા જેવો છે :

*"આ ઘોડો પણ કેવો ? બોટાદના બાજોઠ જેવી વાતી, ખારેકના ઠળિયા જેવી કાનસૂરી, હાથની હથેળીમાં ફોરું (ટીપું) પડ્યું હોય તોય ચૂસી લે એવી મોકલી (મોઢું) ને પૂંછડાનો ઝંડો ઊંચો રહી ગયો છે."*

*આલંકારિક શૈલીના કેટલાંક દ્રષ્ટાંતો પણ નોંધનીય છે. :*

*"રૂપસિંહ તો જટાળા જોગીની લટ જેવી જંગલની કેડીએ કેડીએ રાંગમાં ઘોડાને રમાડતો ચાલ્યો જાય છે."*

*"ભર્યાભાદર્યા સરોવરમાં લીલું કંચન જેવું જળ હિલોળા લે છે."*

*"રૂની પૂણી જેવાં સફેદ ગુલાબી કમળો ખીલ્યાં છે."*

*" ચૌદક વરસનો લબરમૂછિયો હતો, ગાજરના કટકા જેવો, કેળના થંભ જેવો અને કૂણો માખણ જેવો હતો."*

*આ લોકકથામાં નિરૂપાયેલા પ્રસંગો અને તેની રજૂઆત પદ્ધતિ આસ્વાદ્ય છે. વાસ્તવજીવન સાથે કે તાર્કિકતા સાથે જોડ્યા વિના આ લોકકથાને વાંચીશું તો જ માણી શકીશું. અહીં અદ્‌ભુતરસની સૃષ્ટિ તો સાદ્યંત છે, પરંતુ આ રસસૃષ્ટિ સાથે વીરરસ, શૃંગારરસ, હાસ્યરસ, ભયાનકરસ એમ વિવિધ રસ પણ માણવા મળે છે.*

***ઉપસંહાર***

*અહીં લોકકથાકારનું મનોરંજન સિવાય કોઈ ઊંચું ધ્યેય નથી. લોકકથામાં પ્રસંગો દ્વારા અદ્‌ભુત રસની સૃષ્ટિ ખડી કરી દેતી આ વાર્તા સામાન્ય હોવા છતાં રસપ્રદ છે. આ બન્ને વાર્તાઓ આમ વાચક અને ભાવકને કથાના પ્રવાહમાં રસતરબોળ કરવાની ક્ષમતા ધરાવે છે. આ લોકકથાની ભાષા અને ઘટનાપ્રવાહમાં જેવી સજીવતા અને સબળતા છે તેવી જ સચેતનતા અને સબળતા એની વસ્તુસંકલનામાં જોવા મળે છે. ઘટનાઓનો ધસમસતો પ્રવાહ અસ્ખલિત રીતે વહેવા માંડે છે. એમાંથી ન ધારેલા, ન કલ્પેલા પ્રસંગોના ફણગા ફૂટતા જાય. હવે શું થાશે ? હવે શું થાશે ? એવું કુતૂહલ પાંખો ફફડાવતું જાય. છેવટે જેનો આરંભ સારો એનો*

અંતે ય સારો એ ન્યાયે બધા છેડા એકબીજાની સાથે કલાત્મક રીતે ગૂંથાઈ જાય અને કથાને સુખાન્ત ભણી વાળી જાય છે.

### ૩. ૧. ૨૩ ગુજરાતની લોકકથાઓ

**પ્રસ્તાવના**

શ્રી જોરાવરસિંહે 'ગુજરાતની લોકકથાઓ' નામનો સંગ્રહ ઈ. સ. ૧૯૮૪ માં સંપાદિત કર્યો. આ સંગ્રહમાં કુલ ૨૯ કથાઓને સમાવવામાં આવી છે. તેમાં 'લાજનું સાચ', 'થાવાકાળ વિદ્યાનું ભણતર', 'અનુભવનું અમૃત' અને 'નવા નાકે દીવાળી' એમ ચાર વાર્તાઓ જોરાવરસિંહે આપેલી છે. બાકીની બીજી વાર્તાઓ ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, દુલેરાય કારાણી, પીંગળશીભાઈ ગઢવી, શંકરભાઈ તડવી, બચુભાઈ દવે વગેરેએ આપેલી છે. આ સંગ્રહમાં ગુજરાતના જુદા જુદા પ્રદેશો અને જાતિઓમાંથી સાંપડતી કંઠસ્થ લોકકથાઓ છે. આમાંની અમુક કથાઓ નાગ વિશેની છે તો અમુક કથાઓ બુદ્ધિચાતુર્યના પારખા કરે તેવી છે.

આ સંગ્રહની શરૂઆતમાં જ જોરાવરસિંહે લોકકથા વિશેનો સુંદર લેખ આપ્યો છે. જેમાં લોકકથાઓની પરંપરાના વાહકો, જુદા જુદા ભારતીય વિદ્વાનોએ આપેલું લોકકથાઓનું વર્ગીકરણ અદ્ભુત અને આકર્ષક છે. લોકકથાઓનો ભાષાવૈભવ કેવો હોવો જોઈએ એની પણ નોંધ લીધી છે. લોકકથામાં લોકહૃદયની ઉર્મિની અભિવ્યક્તિ થાય છે અને નવ પ્રકારના રસોનું મિશ્રણ કથાઓમાં હોય છે. આ ઉપરાંત લોકકથાઓનો ઉપાડ અને અંત કેવો હોવો જોઈએ તથા લોકકથાનો ઉદ્દેશ શું હોવો જોઈએ તેની પણ વિસ્તૃત ચર્ચા કરેલી છે. લોકકથાની જુદા જુદા શાસ્ત્રો સાથે તુલના કરી ગુજરાતમાં લોકકથાનું સંશોધન અને સંપાદન કરનાર સર્જકો વિશે પણ રસપ્રદ માહિતી પૂરી પાડી છે. અંતે લોકકથાઓનું ભયસ્થાન અને તેના સંશોધનક્ષેત્રે કેવી કાળજી લેવી જરૂરી છે તેની માહિતી આપણને સાંપડે છે.

## કથાવસ્તુ

'ઘરઘોડા કુંવર અપચળા' વાર્તામાં કનકાવતીના રાજા અજિતસિંહ પોતાના બન્ને કુંવર રૂપસિંહ અને રામસિંહને નગરશેઠની વહુને હેરાન કરવા બાબતે બાર વર્ષનો દેશવટો આપે છે. બન્ને કુંવર રાજ છોડી દૂર નીકળી જાય છે અને રસ્તામાં બન્ને એકબીજાથી અલગ પડી જાય છે. આ બન્ને ભાઈઓ ઘણી મુશ્કેલીઓનો સામનો કરે છે અને અંતે પોતાની બુદ્ધિચાતુર્ય અને તાકાતથી રૂપસિંહ ચંદ્રાવતી નગરીનો રાજા બને છે અને રામસિંહ પણ અઢળક ધન કમાય છે. દેશવટો પૂરો થતાં બન્ને ભાઈઓ પોતપોતાની પત્નીને લઈને પોતાના રાજ કનકાવતીમાં પાછા ફરે છે. આ રીતે આ કથા સુખાંત પામે છે. 'લાજનું સાચ' વાર્તામાં ગોવુભાની ડેલીએ બેઠેલા પ્રેમજી પટેલ, ગિરજાશંકર ગોર, કાનો કોળી અને ભીમલા ભરવાડ વચ્ચે રકજક થાય છે કે ગામના પાંસા પટેલના દીકરાની વહુએ કોની લાજ કાઢી ? તેનો ખુલાસો કરવા આ બધા કૂવાકાંઠે જાય છે. ત્યાં ખબર પડી કે તેને તો ગેલહાઘરાં (મુર્ખ)ની લાજ કાઢી હતી. આની જાણ થતાં જ બધા પોતપોતાની મુર્ખાઈ બતાવવા મંડ્યા અને લાજ પોતાની જ કાઢી હતી એવું સાબિત કરવાં લાગ્યા એમાંથી હાસ્ય પ્રગટે છે. 'માલવો અને નાયકદે' કથામાં દિવા ગામના માલવાને તેની ભાભી મે'ણું મારે છે તેથી માલવો પ્રતિજ્ઞા કરે છે કે પરણું તો નાયકદેને નહિંતર કુંવારો રહું. માલવો નાયકદેના ઘરે જઈ સાથી તરીકે રહે છે. આ રીતે બન્ને એકબીજાની નજીક આવવા લાગ્યા અને વાત લગ્ન સુધી પહોંચે છે. આ વાતની જાણ નાયકદેના પિતા હરસુરને થાય છે અને તે આ બન્નેના લગ્ન કરાવી આપે છે. 'કોઠાસૂઝની કૂંચી' કથામાં વશરામ, નત્થુ, ભવાન અને અરજણ ચારેય મિત્રો કામધંધે જાય છે અને એક વર્ષે નક્કી કરેલ જગ્યાએ ભેગા થાય છે. પોતાની પાસે ભેગા થયેલા પૈસા ગામની પનિહારીઓને આપે છે અને પનિહારીઓ કોયડારૂપે પોતાના ઘરનું ઠેકાણું આપે છે. બીજા બાર મહિના પછી ચારેય મિત્રો ભેગા થાય છે પણ આપેલી થાપણ લેવા કોના ઘરે જવું? કોયડાનો ઉકેલ તેમને નહોતો આવડતો. એ જ સમયે કુંવરો મેવાડો તેમના આ પ્રશ્નનું સમાધાન કરી આપે છે. આ કથામાં કુંવરા મેવાડા પાસે જે કોઠાસૂઝ રહેલી છે તેની વાત રજૂ કરવામાં આવી છે. 'લાલદેકુંવર અને હીરાંદેકુંવરી' ની કથામાં ભેંસાપોરના રાજા હરિચંદ અને રાણી હોમલદેનો પુત્ર લાલકુંવર વાણિયાના ઘરે ઉછરીને મોટો થાય છે. તેના લગ્ન હીરાંદેકુંવરી સાથે થાય છે. ચાંદયો હાથી આ કુંવરીને લઈને સીંગલદેશમાં જતો રહે છે.

લાલદેકુંવર બાણુનાથ બાવાની મદદથી સીંગલદેશમાં પહોંચે છે અને રસ્તામાં ઘણાં બધા જોખમો ઉઠાવીને કુંવરીને પાછી પોતાના રાજમાં લાવે છે. 'વીર પુત્ર વીંઝાર' કથામાં ધારાનગરીના રાજા વિશળ વાઘેલાના રાજમાં ચોરી થાય છે. એ ચોરી કરનાર વીંઝાર હોય છે અને તે કોઈના હાથમાં નથી આવતો. ખુદ વિશળ વાઘેલાને પણ થાપ આપીને જતો રહે છે. અંતે કંટાળીને રાજા તેને હાજર થવાનું કહે છે ત્યારે તે હાજર થઈને સલાહ આપે છે કે જનેતા બનીને જનતાને સાચવજો. આટલું કહી વીંઝાર પોતાના રાજ્ય કચ્છમાં જાય છે. 'મનસાગરો' વાર્તામાં મોરસરના રાજા મગરપ્રતાપ શિકારે જાય છે ત્યારે તેમની સાથે મનસાગરો પ્રધાન પણ જાય છે. જંગલમાં જૂના દેવળની પૂજા કરવા કનકાવતીની રાજકુંવરી પદ્માવતી આવે છે. તેને જોતા જ મગરપ્રતાપ પરણવાની જીદ કરે છે. મનસાગરો પોતાની બુદ્ધિશક્તિથી કનકાવતી જઈ તેમના લગ્ન કરાવે છે. પાછા ફરતી વખતે જે જોખમો રાજા પર આવવાના હો છે તેની જાણ મનસાગરાને હોય છે. તેથી તે રાજાને જીવના જોખમે પણ આ છ ઘાતોથી બચાવે છે. 'લાખો ને ગોરાંદે' કથામાં લાખો અને ગોરાંદે નાનપણના પ્રેમીઓ હોય છે, પરંતુ ગોરાંદેના પિતાએ તેના ઘોડિયા લગ્ન કર્યા હોય છે. ગોરાંદે લાખાને કહે છે કે તું મર્દ હોય તો ધનતેરસની મધરાતે મને લેવા આવજે. લાખો મધરાતે ઘરના મોભ ઉપર ચડ્યો, નળિયાં ખસેડી ખપેડો ફાડ્યો. મોભેથી ઊતરતાં લાખાની કમરેથી કટાર અચાનક છૂટી અને ગોરાંદેના કાળજામાં વાગી અને તેનું મોત થયું. બીજા દિવસે તેની પાછળ ચીતામાં પડીને લાખાએ પણ મોતને વહાલું કર્યું. 'વીરસંગ ને ધૂતણાનગરી' કથામાં કાળો રજપૂત કાળાચોર તરીકે પ્રસિદ્ધ છે. તે મરતી વખતે પોતાના દીકરાને કહે છે કે મેં ઘણાં ગામો ભાંગ્યા પણ લૂંટારાની લૂંટારાનગરી લૂંટી નથી. દીકરા વીરસંગે પ્રતિજ્ઞા કરી કે આ નગરીને લૂંટીને તે પૈસા તમારા દા'ડામાં વાપરીશ. પોતાની તિવ્ર બુદ્ધિથી વીરસંગ લૂંટારાનગરી લૂંટીને પિતાનું અધૂરું રહી ગયેલું કાર્ય પૂર્ણ કરે છે. 'ચાર ભાઈબંધ' કથામાં સૂરજભાણ રાજાના કુંવર વીરભાણને કપટથી દેશવટો આપવામાં આવે છે. જ્યારે તે રાજ છોડીને જાય છે ત્યારે તેની સાથે તેના ત્રણ મિત્રો સુથાર, બ્રાહ્મણ અને લુહાર પણ જાય છે. વીરભાણ આ ત્રણેય મિત્રોને રસ્તામાં અલગ અલગ વિદ્યા શીખવા મૂકીને આગળ વધે છે. આગળ જતાં ઉજ્જડ નગરીની કુંવરી ફૂલમતી સાથે લગ્ન કરી વીરભાણ રાક્ષસનો વધ કરે છે. ફૂલમતીની મોજડી ઉપરથી હજામડી ત્યાં આવે છે અને કપટથી વીરભાણને મારી નાંખી કુંવરીને પોતાના રાજમાં લઈ જાય છે. ત્રણ મિત્રોની સહાયથી ફૂલકુંવરી હજામડીને મારી વીરભાણને સજીવન કરે છે.

## પાત્રાલેખનકલા

સંપાદિત સંગ્રહમાં આપેલી લોકકથાઓ જુદા-જુદા લેખકો પાસેથી આવેલી હોવાથી જે તે કથામાં આપેલ પાત્રાલેખનની જવાબદારી સંપાદક શ્રીની રહેતી નથી. અહીં મુખ્ય પાત્રોની સાથોસાથ ગૌણ પાત્રોને પણ ખિલવાનો પૂરો અવકાશ જણાય છે. લોકવારતાઓ દ્વારા જગતના જોયા ન જોયા માનવોની ઓળખ કરાવાય છે. જેમાં મુખ્ય પાત્રોમાં જોઈએ તો રાજા વિક્રમ, રૂપસિંહ, રામસિંહ, ભેરીઓ ગારુડી, માલવો, લાલદેકુંવર, વીંઝાર, મનસાગરો, લાખો, વીરભાણ, લાલ શાહજાદો, વીરસંગ, નાયકદે, હીરાંદેકુંવરી, પદ્માવતી, ગોરાંદે, લીંબુપરી વગેર છે. સાથોસાથ ગૌણ પાત્રોમાં જોઈએ તો મેંગરાજ, તરભોવાન સુથાર, ટૂંડિયા ભગત, વિશળ વાઘેલા, બાણુનાથ બાવો, રાજા હરિચંદ, કુંવરો મેવાડો, હરસુર, જશરામ, રાજા મૂરુરા, રાજા અજિતસિહ વગેરેનો સમાવેશ થાય છે. રાજા, રાણી, સાધુ, સંત, સતી, જતીથી માંડીને ગાંગલી ઘાંચણ અને કાળો ચોર પણ આવે ખરા. પશુપંખીનાં પાત્રો, પાણીપંથાં ઘોડાં, વાતવિગતથી ભવિષ્ય ભાખતાં હંસ-હંસણી, વેણે વાતું કરતા નાગદેવથી માંડીને ઊડણચરકલડી સુદ્ધાં પાત્ર તરીકે પ્રયજાય છે. પાત્ર જીવિત નહીં, નિર્જીવ પણ પાત્રો ખરાં. ઊડતો ઘોડો કે ખાટલી, ઊડણપાવડી અને દ્રશ્યાદ્રશ્ય થવાની વિદ્યાથી પારંગત દેવ ગાંધર્વો પણ પાત્ર તરીકે પ્રયોજાય છે. આમ વિશાળ રીતે નિરૂપિત થયેલી વારતાસૃષ્ટિમાં કલ્પનાના મંડાણથી ન ધાર્યાં, ન કલ્પેલાં પાત્રની સૃષ્ટિ દ્રષ્ટિગોચર થાય છે.

## ભાષાશૈલી અને વર્ણનકલા

આ સંગ્રહની ભાષાશૈલી ધ્યાનાકર્ષક રહી છે. આખા સંગ્રહમાં મોટેભાગે તળપદી બોલી અને ગામઠી ભાષાનો જ વધુ પ્રયોગ થયેલો જણાય છે. જેમકે સૂરતા, ઝર, હાવે, પાસવે, દેશમોટું, ઘઈડા, ઝૂમાઈયાં વગેરે. આ ઉપરાંત દુહા અને છંદનો પણ ઉપયોગ થયેલો જોવા મળે છે. આ સંગ્રહમાં તેજસ્વી પાત્રોમાં રૂપમનોહર યુવતીઓ, રાજકુમારો અને ઘોડાનું નિરરૂપણ આ વારતાઓમાં બહુ દ્રશ્યાત્મક રીતે કરાયું છે. એટલે આ વારતાઓનું એક અગત્યનું બળવત્તર

પાસું ગદ્યલઢણ છે. શબ્દશબ્દના પગલે પગલામાં પગ માંડતી ગદ્યલઢણની લયકારીનું રૂપ લોકવારતામાં બહુ રૂડી રીતે રજૂ થયું છે.

ગાંગલી ઘાંચણનું વરવું રૂપ પણ કેવી રીતે નિરૂપાયું છે ?

"અઢીક હાથનું કાઠું, પાકલ જાંબુડારોખો વાન, માંજરિયું આંખ્યું, ઓડ્યથી ઊંચાં બાબરકાં, ચાર ચાર તસુ પગની નળિયું, ચોથિયાવા પગ, પીંજારાના ઘરનો જાણે ગોળીટો. ખંભે સાડલો, આભમંડળનાં ચાંદરડાં હેઠે ઉતારે એવી ?"[31]

તે જ રીતે દેવાંશી ઘોડાનું વર્ણન જોઈએ તો –

"લાંબી નાળિયારાં ને ટૂંકી ફળિયારાં, છલકતી છાતીવાળા ને અડી સુમેરીવાળા, વાટકીએ પાણી પીએ ને, થોડાં પાણીમાં માછલું તરફડે એમ ઠેકે, આકાશમાં વાતું કરે, અગાડીના આવતલ ને પછાડીના તોડતાલ, લાંબી કેશવાળી ને ટૂંકી ટૂંકી કાનસૂરી, ઝરાનાં ઝરાં ને અઢાર અઢાર હાથ માથે ડાબા માંડતા સગડ ન થવા દે."[32]

**ઉપસંહાર**

એકંદરે જોવા જઈએ તો આ સંગ્રહની દરેક વાર્તાઓ અતિ સુંદર છે. ગુજરાતના ખૂણેખૂણેથી જોરાવરસિંહે વાર્તાઓ એકઠી કરીને આપણને આ સંગ્રહમાં આપી છે. આ કથાઓમાં માનવીના માંદલા મનના તરંગો નહીં પણ લોકજીવનના ભાવો, આદર્શો અને ઊર્મિઓના લોઢ ઊછળે છે. આ કથાઓનું પ્રયોજન મનોરંજન ઉપરાંત લોકજીવનને શિક્ષણ આપવાનું પણ છે. ઉપરાંત અદ્‌ભુત સાથે વીર, શૃંગાર અને હાસ્યરસથી હાસ્યના બંબોળા વહાવતી લોકવારતા મંડાય ત્યારે આબાલ વૃદ્ધ સૌ એક કાને થઈને સાંભળે છે, તેની ખૂબીઓ સાથેની લોકવાર્તા આ સંગ્રહમાં જોઈ શકાય છે.

## ૩. ૧. ૨૪ લોકજીવનની કહેવતકથાઓ ભાગ ૧ અને ૨

### પ્રસ્તાવના

કહેવત એટલે પ્રજાનો મધુકોશ. કહેવતમાં પ્રજાનું શાણપણ, ડહાપણ અને ગાંડપણ વ્યક્ત થતું જોવા મળે છે. જગતની બધી ભાષાઓમાં એક યા બીજા પ્રકારે કહેવતનું ખેડાણ થયેલું જોવા મળે છે. મનુષ્યના સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરવામાં કહેવતો અગત્યનો ભાગ ભજવે છે. એક અર્થમાં તે મનુષ્યજીવનનું ચાલકબળ છે. કહેવતોમાં પ્રજાનાં સૂઝસમજ અને કોઠાસૂઝ પડેલાં હોવાથી સમાજજીવનના પ્રશ્નો અને સમસ્યાઓ સમજવામાં તે મદદરૂપ થાય છે. આપણો સામાન્ય ખ્યાલ એવો છે કે કહેવતો એ ભૂતકાળની બાબત છે અને તે ડોશીમાઓની વાતો છે, પરંતુ મારા મતે કહેવતો એ કોઈ ભૂતકાળની કે ઈતિહાસની બાબત નથી. પરંતુ તેનો સંબંધ મનુષ્યના જીવાતા જીવન સાથે છે. આપણને પ્રશ્ન થાય કે કહેવતો ક્યાંથી જન્મી હશે ? તેનો કોઈ સર્જક હોઈ શકે ? ઉત્તર આપી શકાય કે તેનો કોઈ સર્જક હોઈ શકે જ નહી, એ તો લોકજીવનનું વહોળિયું છે. જેનાં મૂળિયા શોધવાં એ અઘરું કામ છે. “કહેવતોનાં મૂળ શોધીને તેમની કથાઓ આપવાનો પ્રથમ પ્રયાસ ઈ. સ. ૧૮૬૫ માં પ્રસિદ્ધ થયેલ કહેવતમૂળ યાને....સારાંશ નામક પ્રકાશનથી થયો ગણાય. આના લેખક રબાડી પેસ્તનજી હોવાનું જણાય છે.”[33]

શ્રી જોરાવરસિંહે આપેલ ‘લોકજીવનની કહેવતકથાઓ ભાગ –૧ તથા ૨’ તમામ કક્ષાના વાંચકો તેમજ ભાવકો માટે ઉપકારક સાબિત થાય તેવો સંચય છે. તેમણે રોજબરોજની જીંદગીમાં છૂટથી વપરાતી કહેવતોને સંગ્રહમાં લઈને દરેક કહેવતની પાછળ રહેલી પાર્શ્વભૂમિકા સમ લોકજીભે ચડી ગયેલી વાર્તાઓ આ સંગ્રહમાં આપેલ છે. આ વાર્તાઓ જે તે કહેવત શા કારણથી આટલી હદ સુધી લોકજીભે ચડીને પ્રચલિત થઈ ગઈ તે સમજવા માટે ઉપકારક નીવડ તેવી છે.

### દંતકથાઓ

આ સંગ્રહમાં ભાગ – ૧ માં અપાયેલી ૫૩ કથાઓમાંની મોટા ભાગની કથાઓ કહેવતકથાઓ જણાય છે જયારે ભાગ - ૨ માં કુલ ૩૭ કહેવતકથાઓ આપેલી છે.

આપણી ભાષામાં પ્રવર્તમાન મોટાભાગની કહેવતો પાછળ ઐતિહાસિક પુરાવારૂપ તથ્યોનો આધાર ભાગ્યે જ જોવા મળે છે. મોટાભાગની કહેવતોની પાછળ કોઈને કોઈ વાત રહેલી હોય છે. કહેવત પાછળની આ કથા પ્રદેશે-પ્રદેશે અલગ પડતી પણ જોવા મળી શકે. જો કે સામે બીજી એક નોંધનીય હકીકત એ પણ છે કે બહુ થોડી કહેવતોને ભાષામાં સાર્વત્રિક સ્વિકૃતિ મળતી હોય છે. અહીં આ બન્ને સંગ્રહમાં પણ આ હકીકત પોતાની જગ્યાએ સાબુત રહે છે. જે કહેવતોને સાર્વત્રિક સ્વિકૃતિ પ્રાપ્ત થયેલ હોય તે બધી કહેવતો પાછળ કોઈને કોઈ દંતકથા રહેલી જોવા મળતી હોય છે. જો કે સાથોસાથ એ પણ એક નિર્વિવાદ હકીકત છે કે આવી દંતકથાઓમાં પણ પ્રાદેશિક અસરો તેમજ લોકજીભે ચડી ગયેલા તેમજ રૂઢ થઈ ગયેલા કેટલાક નામોનો સમાવેશ થયેલો જોવા મળે છે. કાઠિયાવાડમાં અતિપ્રચલિત એવી કહેવત 'આલિયાની ટોપી માલિયા માથે' તે જ અર્થ સાથે લગભગ અનુદીત સ્વરૂપે હિન્દી ભાષી પ્રદેશોમાં પણ સાંભળવા મળે છે. પરંતુ ઉત્તર પ્રદેશના છેક મુસ્લિમ આબાદી ધરાવતા લખનૌ, મેરઠ, અલીગઢ, મિરઝાપૂર વગેરે જેવા વિસ્તારોમાં 'અલી કી ટોપી વલી કે સર પર' સાંભળવા મળે છે.

'અભિમાન તો રાજા રાવણનુંય નથી રહ્યું' કહેવત દંતકથારૂપ આધાર ધરાવે છે. એ જ રીતે 'મેલ કરવત મોચીના મોચી' પણ હવે દંતકથારૂપ ગણાય છે. 'લંકાની લાડીને ઘોઘાનો વર' નામની કહેવત પાછળ પણ દંતકથા રહેલી છે. જેનો સંબંધ વરાહમીહિર નામના પ્રચંડ વિદ્વાન, જ્યોતિષી તેમજ ગણિતશાસ્ત્રી સાથે જોડાયેલો છે. 'હવેલી લેતા ગુજરાત ખોઈ' કહેવત પાછળની કથા ગાયકવાડી રાજ્યસત્તા સાથે ઐતિહાસિક સંબંધ ધરાવે છે. ગુજરાત રાજ્યના દક્ષિણ પૂર્વ સિમાડે આવેલ દાદરાનગર હવેલી વિસ્તાર એક કાળે માત્ર હવેલી તરીકે ઓળખાતો. જે જીતવાનો પ્રયત્ન કરવા જતા ગાયકવાડના હાથમાંથી ગુજરાતની ચોથ જે ઉઘરાવતા તે હક્કો પણ ગુમાવ્યાનો દંતકથારૂપ ઐતિહાસિક સંદર્ભ રહેલો છે. 'બકરું કાઢતા ઊંટ પેઠું' જેવી કહેવત પાછળની કથામાં નાની ઉપાધિ દૂર કરવા જતાં વધુ ગંભીર મોટી ઉપાધિના પ્રવેશનું કથાનક પણ હવે દંતકથારૂપ બની ગયેલ છે. 'કહાં રાજા ભોજ કહાં ગાંગો તૈલી' વાળી કહેવતકથા પાછળનો મૂળ ઐતિહાસિક સંદર્ભ જૂદો છે અને તે કહેવતનો ઉપયોગ જૂદા સંદર્ભમાં થાય છે. માળવાના રાજા ભોજનો સમકાલીન રાજા ગાંગેય તૈલપ પોતાને ભોજ કરતા ચડિયાતો સમજતો હોય છે. પરંતુ સમય આવ્યે તેના તમામ દાવાઓની પોકળતા ખૂલ્લી પડી જતા ગુજરાતી

તેમજ હિંદી ભાષી પ્રજાઓ જે કોઈનું પણ પોકળ ખૂલી જાય તેના માટે ગુજરાતીમાં 'ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તૈલી' તેમજ તેના તે સ્વરૂપે હિંદીમાં પણ 'કહાં રાજા ભોજ ઔર કહાં ગંગુ તૈલી' કહેવતો એકસરખા પ્રમાણમાં લોકપ્રિય થઈ લોકજીભે ચડેલ છે.

### માનવસ્વભાવને ઉજાગર કરતી કહેવતો

લોકજીવનની કહેવતકથાઓનો જે સંચય શ્રી જોરાવરસિંહે આપેલો છે તે એક કરતાં વધુ રીતે ઉપકારક એટલા માટે સાબિત થાય છે કે પ્રતિદિન વધુને વધુ સંકુલ બનતા જતા માનવવ્યવહારોની સંકુલતા પાછળના કારણો સમજવા માટે પણ સહાયક નીવડી શકે છે. અહીં આ સંગ્રહના બીજા ભાગમાં આવેલ ત્રણ કહેવતો માનવસ્વભાવની સંકુલતાને ઉજાગર કરે છે. પ્રથમ કહેવત 'કૂડને દાટી આવ્યા કે પાછું લાવ્યા' સમાજના દરેક વર્ગમાં જોવા મળતા સ્વાભાવિક જૂઠ્ઠાબોલાઓની ખાસિયત દર્શાવે છે તો 'પટેલિયાને કોઈ નો પોગે' કહેવત એક આખી મહેનતકશ કોમની કુશાગ્ર બુદ્ધિને ઉજાગર કરે છે. તો ત્રીજી કહેવત 'આપાના પૂણ્ય તો એવા જ હોય ને' પાછળની કથા અપલક્ષણ ધરાવનાર વ્યક્તિઓના અપલક્ષણો અને દુષ્પરિણામો પર પ્રકાશ ફેંકે છે. આવી કહેવતોમાં વચ્ચે વચ્ચે જ્યાં જરૂર જણાઈ ત્યાં લેખકે દુહાઓનો પણ પ્રયોગ કરેલો જોઈ શકાય છે. જેમ કે,

"હસે ઈ માણહ ને,
    નો હસે ઈ ઘૂડા(ઘૂવડ);
માણહની જાતમાં,
    હસનારો રૂડો."[34]

આ ઉપરાંત 'સંગ બડા કે સ્વભાવ', 'જીવ જાય તો ભલે પણ વેહ લજવીશ માં' તેમજ 'બાપા, ઢોલકી વગર નઈ કુદાય' કહેવતો પણ જે તે કોમ કેલોકજાતિના લોકોની પ્રકૃતિદત્ત લાક્ષણિકતાઓ ઉપર પ્રકાશ ફેંકે છે. આ જ સંગ્રહની 'પત્તર સાળવણી મૂકવી છે?', 'આળસુના પીર' કહેવતો પણ માનવ સ્વભાવની અમુક ખાસિયતો પ્રતિ અંગુલીનિર્દેશ કરે છે. પરંતુ તેમાં તથા આગળ જેની ચર્ચા કરી તે કહેવતો વચ્ચેનો તફાવત એ છે કે આ બન્ને કહેવતોમાં જોવા મળતા ઉદાહરણરૂપ પાત્રો કોઈ એક જ્ઞાતિ વિશેષ કે લોકજાતિના હોતા નથી

પરંતુ આ પ્રકારના ઉદાહરણરૂપ ઉલ્લેખનીય પાત્રો લગભગ તમામ સ્તરના સમાજોમાં જોવા મળે છે. આથી જ આ પ્રકારની કહેવતોનો ઉપયોગ કોઈ એક જ્ઞાતિ વિશેષ દ્વારા થવાને બદલે સાર્વત્રિકીકપણે પ્રવર્તમાન જોવા મળે છે.

પ્રથમ સંગ્રહમાં 'વાણિયો રીઝે તો તાળી દે' નામની કહેવત કોઈ એક ખાસ કોમને અનુલક્ષીને નહીં પરંતુ લોભી પ્રકૃતિ ધરાવતા તમામ માનવોને લાગુ પડતી કહેવત છે. 'કણબીની જીભ કુહાડા જેવી' કહેવત તે પ્રજાની વાત કહેવાની રીત પ્રત્યે અંગુલીનિર્દેશ કરવાની સાથોસાથ એ હકીકત પણ ચરિતાર્થ કરે છે કે આ પ્રજા સદંતરપણે નિષ્કપટ પ્રજા છે. જેમણે ભાષાડંબર પ્રાપ્ય ન હોવાથી પોતાની ભાવનાઓને તેમજ પોતાના વિચારોને જેવા ને તેવા સ્વરૂપે રજૂ કરતા તેઓ અચકાતા નથી. 'ગામના મોઢે ગરણું નો બંધાય' કહેવત પણ સાર્વત્રિક સંદર્ભ એ દ્રષ્ટિએ ધરાવે છે કે સામાન્ય પ્રજા આમ પણ બોલે અને તેમ પણ બોલે. આ વિશેની મહાદેવજી, માતા પાર્વતીજી અને નંદીની એક પુરાણકથા અન્યત્ર પણ જોવા મળે છે. જેમાં મહાદેવજી પાર્વતીજીને સલાહ આપે છે કે લોકો તો ગમે તેમ બોલે તેમના બોલ્યા સામે ન જોવાય.

'મૂરખો મણિની કિંમત શું સમજે?' એ કહેવત પણ એક અર્થમાં માનવસ્વભાવની લાક્ષણિકતાનો સંબંધ શિક્ષણ તથા શિક્ષણ દ્વારા પ્રાપ્ત જ્ઞાન સાથે હોવાની સાબિતી પુરી પાડે છે. ઘેટા ચારનાર એક અભણ ભરવાડને વગડામાંથી અનાયાસે હાથ લાગતો મણિ બીજા એક ભરવાડને દોઢ મણ અનાજના સાટામાં વેચે આપે છે. જ્યારે તે મણિ ત્યાંથી સો રૂપિયામાં એક વાણિયા પાસે, ત્યાંથી એક હજાર રૂપિયામાં ગામના નગરશેઠ પાસે, ત્યાંથી એક લાખ રૂપિયામાં મુંબઈના એક વેપારી પાસે અને ત્યાંથી એક કરોડ રૂપિયાની કિંમતે બેલ્જિયમના એક રત્નપારખું ઝવેરી પાસે આવે છે. મણિ તેનો તે જ હોવા છતા તેને ખરીદનારની પરખશક્તિના આધારે તેનું મૂલ્ય ઉંચે ચડતું જાય છે. આ કથામાં પણ માનવસ્વભાવની રત્નપારખુંપણાની લાક્ષણિકતાનો સંદર્ભ રહેલો છે. આ સંદર્ભને માત્ર સ્થૂળ અર્થમાં લેવાનો નથી પરંતુ સાથે વણાયેલ નહીં કહેવાયેલ સૂક્ષ્મ અર્થ એ પણ છે કે મણિની જેમ જ કોઈ રત્ન સમાન કિંમતી મનુષ્ય પણ જો યોગ્ય હાથોમાં જઈ ચડે તો તેનું સમુચિત મૂલ્ય અંકાય એ નિર્વિવાદ હકીકત છે. શ્રી જોરાવરસિંહે ઉપરોક્ત કહેવતકથામાં આ વાતની વ્યંજના જે સાલુકાઈથી

જાળવેલ છે તેવી આવડત બહુ ઓછા સાહિત્યકારોમાં જોવા મળે છે. મોટાભાગના વ્યંજના જાળવવાને બદલે તેને ઉઘાડી પાડી દઈને આખી વાતનું મૂલ્ય ઘટાડી દેતા હોય છે.

'વાણિયો ને કાણિયો ઈને કોઈ ના પોગે' કહેવતકથા પણ કંજુસની કંજુસાઈ તેમજ ચતુરની ચતુરાઈ ઉપર પ્રકાશ ફેંકતી કહેવતકથા આપે છે. 'બામણિયા મત થોડી દીધી ભેંસ ને લીધી ઘોડી' કહેવત પણ અલ્પ બુદ્ધિ ગિરજાશંકરના ઉદાહરણ દ્વારા લાંબુ નહીં વિચારી શકનાર લોકોની વાત કરે છે. આપણા પંથકમાં આ પ્રકારના માનવસ્વભાવને ઉજાગર કરતી બીજી પણ કહેવત એટલી જ પ્રચલિત છે 'અગમ બુદ્ધિ વાણિયો, પચ્છમ બુદ્ધિ બ્રહ્મ, તરત બુદ્ધિ તરકડો, કરે ધમાધમ' કહેવત પણ અગાઉથી વિચારી શકનાર અને તે મુજબ આયોજન કરી શકનાર લોકોની સરખામણી ઘટના ઘટી ગયા બાદ પાછળથી વિચારવા બેસનાર અલ્પ બુદ્ધિવાળા લોકો સાથે કરે છે.

માનવસ્વભાવને ઉજાગર કરતી અન્ય કહેવતોમાં 'નંદના ફંદ તો નંદ જ જાણે!','ભાંડની સરસાઈ છેતરવામાં!', 'અમે કેવા દૂતા કે મેડીએ ચડીને સૂતા!', 'લખણ ન બદલે લાખા!', 'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે નો મરે' વગેરે કહેવતો ઉલ્લેખનીય ગણી શકાય. આ ઉપરાંત 'શેઠની શિખામણ ઝાંપા સુધી', 'ભેંસ ભાગોળે ને છાશ છાગોળે', 'રાઈના ભાવ રાતે વહી ગયા','લાલો લાભ વગર લોટે નઈ','નવા નાકે દિવાળી' વગેરે કહેવતકથાઓ પણ માનવસ્વભાવને ઉજાગર કરતી કથાઓ છે. તેમજ દરેક કહેવત પાછળની સમજણ સ્પષ્ટ કરવાના હેતુથી જે તે કહેવતકથાની સાથે જોરાવરસિંહે આપેલ લોકજીભે ચડીને પ્રચલિત થઈ ચૂકેલી કહેવતકથાઓ જે તે કહેવતનો મર્મ સમજવા તેમજ સમજાવવામાં ઉપકારક નીવડે છે. અહીં ભાવકોએ કહેવતકથાઓનું પરિશીલન કરતી વખતે અમુક કાળજી લેવી અનિવાર્ય ગણાય.

(૧) જે તે કહેવતકથાને માત્ર વાંચ્યાર્થમાં લેવાને બદલે તેની પાછળ રહેલો ગૂઢાર્થ પણ સમજવો જરૂરી હોય છે.

(૨) પ્રદેશે-પ્રદેશે જેની તે કહેવતો થોડાક જ ફેરફાર સાથે વપરાતી હોય છે. તેથી તેને એકબીજાથી નોખી ગણી શકાય નહીં.

(3) કહેવતો પાછળની વાર્તાઓ તેમજ તેના પાત્રોના નામો પણ પ્રદેશે-પ્રદેશે બદલાતા રહેતા હોય એવું બની શકે. આથી અન્ય કોઈ જગ્યાએ આ જ કહેવત પાછળની કથા કોઈ અલગ પાત્રોના નામ સાથે કે સદંતર અલગ વાર્તા સાથે જોવા મળી શકે આવું પણ બને. તે બદલ શ્રી જોરાવરસિંહને દોષ આપી શકાય નહીં.

### સમાનાર્થી તેમજ વિરુદ્ધાર્થી કહેવતો

સંચયમાંની અમૂક કહેવતો સમાનાર્થી છે તો અમૂક કહેવતો વિરુદ્ધાર્થી પણ છે. 'લપોડશંખ', 'ઊંટવૈદ્ય' તથા 'બુદ્ધિના બારદાન' લગભગ સમાનાર્થી ગણાવી શકાય. એ જ પ્રમાણે 'કૂડ દાટીયાવા કે પાછું લાવ્યા' અને 'સંગ બડા કે સ્વભાવ' જેવી કહેવતો પણ માનવસ્વભાવની ખાસિયતોને સમુચિત રીતે પ્રસ્તુત કરે છે. પરંતુ 'આપાના પુણ્ય તો એવા જ હોય ને' ની સરખામણીમાં 'જીવ જાય તો ભલે પણ વેહ લજવીશ માં' કહેવત એકબીજાથી સદંતર અલગ પડે છે. 'માનવીમાં ચતુર વાણિયો' કહેવત ચતુર માણસલની ચતુરાઈ ઉપરાંત એક આખી કોમના લગભગ તમામ સભ્યો સ્વભાવે ચતુર હોય છે એ હકીકત પરત્વે અંગુલીસ્નર્દેશ કરે છે. જ્યારે 'ચણે તો ચકલો નકર મોર તો ખરો જ' કહેવત જૂના જમાનામાં ગ્રામ્યપ્રજાના લગભગ અભણ એવા ગલઢેરાઓ માત્ર ઉંમરના જોરે પોતાને વિદ્વાન સાબિત કરવા મથતા હોય ત્યારે કેવા હાંસીને પાત્ર બની જતા હોય છે તેનું ઉદાહરણ પૂરુ પાડે છે. 'ભીંતે ચીતર્યો વાણિયો ભૂંડો' કહેવત ચતુર કોમના ચતુરાઈભર્યા સ્વભાવની એક અન્ય ખાસિયત દર્શાવે છે. પરંતુ તેને વિરુદ્ધાર્થી કહેવતમાં ખપાવી શકાશે નહી. ચતુર લોકોની ચતુરાઈને ઉજાગર કરતી અન્ય કહેવતોમાં 'સો જોશી ને એક ડોશી' પણ નોંધપાત્ર ગણી શકાય. જેમાં એક ડોશીએ કુમારપાળને જે રીતે ઘંટીના થાળા પર બેસાડી થાળા વચ્ચેની ખોલમાં ફરતું પાણી ભરી દઈ રાજ્યના વિદ્વાન જોશીઓને માત્ર સામાન્ય સમજણના જોરે કઈ રીતે છેતરેલા અને કુમારપાળનો જીવ બચાવ્યો તેની કથા છે.

સૌરાષ્ટ્રમાં બે અલગ અલગ સ્વરૂપે જોવા મળતી છતા એક જ અર્થ ધરાવતી કહેવતો આ પ્રમાણે છે. 'હળદરના ગાંઠીયે ગાંધી ન થવાય', 'સૂંઠના ગાંગડે ગાંધી ન થવાય.'પૌરાણિક સાહિત્યમાં 'પરોપ દેશે પાંડિત્યમ' નો જે ઉલ્લેખ છે તેને સાવ જ મળતી આવતી

કથા 'પોથી માંહેના રીંગણા' કહેવત છે. આ બન્ને કહેવતો એવી શીખ આપી જાય છે કે માત્ર પુસ્તકીયું જ્ઞાન ઘરસંસાર સુખેથી ચલાવવા માટે ઉપકારક નીવડી શકતું નથી તેના માટે વ્યવહારુ સમજ પણ હોવી અનિવાર્ય છે. આની આ કહેવત જુદા સંદર્ભમાં પણ વપરાય છે. તેની પાછળનું કથાનક એવું છે કે ઘણા લોકો બીજાઓને જે ન કરવાની સલાહ આપતા હોય તેની તે જ વસ્તુ પોતે તો પાછા કરતાં જ હોય.

'ગેલહાગરાઓનું ગામ', 'અન્ન એવો ઓડકાર', 'આળસુના પીર', 'રાણીનો સાળો', 'આપણે શું કામ કોઈને કહેવી હેં', 'મને ચ્યમ બોલાવ્યો નઈ', 'દેવદેરા મૂકીને હનુમાનની હડફેટે ક્યાં ચડ્યો', 'બોલે ઈ બે ખાય', 'મુલતાની ધોકા લેવરાવવા રહેવા દો' વગેરે જેવી ઘણી બધી કહેવતો પણ લોકજીભે રમતી જોવા મળે છે. આ બન્ને લોકજીવનની કહેવતકથાઓના સંગ્રહોમાં જોવા ન મળતી હોય અને છતા પણ લોકજીવનમાં એટલી જ પ્રચલિત અને લોકજીભે ચડેલી હોય તેવી કહેવતોમાં 'ઊંટે કર્યા ઢેંકા તો માણસે કાઢ્યા કાંઠા', 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન', 'ચોરનો ભાઈ ઘંટી ચોર', 'છાશમાં માખણ જાય ને વવ કુવડ ગણાય', 'જીવતો નર ભદ્રા પામે' 'ડુંગરા દૂરથી રળિયામણા' વગેરે અનેક કહેવતો એટલી જ પ્રચલિત અને લોકજીભે ચડેલી છે.

**ઉપસંહાર**

આ સંગ્રહની કહેવતકથાઓને જોતાં તેમાં કહેવતકથાઓની સાથોસાથ જેને બોધકથા, ચતુરાઈકથા, ઐતિહાસિક દંતકથા વગેરે નામે ઓળખાવી શકાય તેવી કથાઓ પણ જોવા મળે છે. ઉપરાંત આ ભાગમાં માનવજીવનનાં વિવિધ પાસાંનાં ચિત્રણો અને વિવિધ વાતિસ્વભાવનાં સૂક્ષ્મ નિરીક્ષણ દ્વારા થયેલાં આલેખનો જોવા મળે છે. તેમાં લેખકનું ગ્રામસંસ્કૃતિ સાથેનું તાદાત્મ્ય જણાઈ આવે છે.

ભાતીગળ લોકસંસ્કૃતિમાં રહેલ સંગોપિત સૌંદર્યને માણવું હોય તો તેનો આંતર-બાહ્ય પરિવેશને આપણી સમક્ષ ખોલી આપે તેવો અને તેટલો અભ્યાસ અનિવાર્યપણે કરવો પડે છે. કોઈપણ સમાજ, કોઈપણ સંસ્કૃતિ પોતપોતાનું આગવું સૌંદર્ય ધરાવતા જ હોય છે. તેને સમજવા માટેની સૌંદર્યમૂલક પરખ તો જ પ્રાપ્ત થાય જો લોકસંસ્કૃતિના વહેણો તેમજ તેના

બહુમૂલ્ય વારસાને માણી તેમજ પ્રમાણી શકાય. લોકકલા, લોકસંગીત, લોકસાહિત્ય આ બધામાં જે કંઈ પણ સમૃદ્ધિ જોવા મળતી હોય છે તે કર્ણોપકર્ણ પ્રચારિત અને પ્રસારિત થતી હોય છે. પરંતુ શ્રી જોરાવરસિંહે લોકસંસ્કૃતિના અલગ અલગ વહેણોને જે રીતે પુસ્તકાકારે ગ્રંથીત કરેલ છે તે કાર્ય ખરેખર અતિપ્રશંસનીય એટલા માટે ગણવું પડે કે આ પ્રકારના કાર્યો મહર્ષિ વાલ્મિકી રચિત રામાયણ કે ભગવાન વેદવ્યાસ રચિત મહાભારત જેવા મહાકાવ્યનું અન્વેષણ કરીને તેના ઉપર ટીકાત્મક વિવેચન કરવા જેવું ભગીરથ કાર્ય ગણી શકાય.

### ૩. ૧. ૨૫ કસુંબલ લોકકથામાળા ભાગ ૧ થી ૫

**પ્રસ્તાવના**

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત લોકસાહિત્યકાર અને જાણીતા સંશોધક શ્રી જોરાવરસિંહ જાદવ ઈ. સ. ૧૯૯૭ માં 'કસુંબલ લોકકથામાળા ભાગ ૧ થી ૫' સચિત્ર પુસ્તિકાઓનો રસથાળ લઈને બાળદોસ્તો સમક્ષ ઉપસ્થિત થાય છે. અહીં રજૂ થયેલી લોકવારતાઓ એ લેખકની કલ્પનાનો ફાલ નથી, પણ આપણા લોકજીવન પાસે સંસ્કાર અને સંસ્કૃતિનો સમૃદ્ધ વારસો છે એ વારસાની આ વારસદાર વાર્તાઓ છે. પાણીદાર મોતી જેવી આ મૂલ્યવાન લોકવારતાઓ બાળકોને લોકસમાજ, લોકવાણી અને લોકમનોરંજનની કલાનો સાચો પરિચય કરાવે છે.

**કથાવસ્તુ**

'કસુંબલ લોકકથામાળા ભાગ ૧ થી ૫' માં કુલ ૨૫ બાળવાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'મોરના ઇંડાને થોડાં જ ચીતરવાં પડે?', 'કોઠાસૂઝની કૂંચી', 'પ્રતિજ્ઞાના પારખા' આ ત્રણેય વાર્તાઓમાં આપણને બુદ્ધિ, ચતુરાઈ અને કોઠાસૂઝથી બગડેલી બાજીને કેવી રીતે સુધારી શકાય છે તે જોવા મળે છે. 'દુશ્મનની દિલાવરી' વાર્તામાં મેવાડના રાણા કુંભાજી અને માલવનરેશ મહમદશાહની શૂરવીરતા, ઉદારતા, દિલાવરીના દર્શન થાય છે. 'અવનિ માથે ઊંટવૈદ્ય કેવી રીતે જન્મ્યા?' વાર્તામાં ઊંટ માથે વૈદ્યે કરેલ પ્રયોગ જોઈને વૈદ્યનો

માણસ વૈદ્ય બની માણસ માથે આ પ્રયોગ કરે છે અને માર ખાય છે. અંતે તે વૈદું છોડી દે છે. ત્યારથી ઊંટવૈદ્ય કેવી રીતે જન્મ્યા તે કહેવત રહી જાય છે. 'મરદ માધુડો' અને 'બાપલ ગઢવી' આ બન્ને વાર્તાઓમાં મુખ્ય પાત્રોની ચતુરાઈ અને મર્દાનગી જોવા મળે છે. 'માલાના મૂળગા ય ગયા' વાર્તામાં માલો હજામ પોતાનો ધંધો છોડી વેપાર કરવા માટે જાય છે અને તેમાં પોતાની મૂડી પણ ખોઈ બેસે છે. આ વાત સુંદર રીતે આલેખન પામી છે. 'ડોશીનો દીકરો બાયડી લાવ્યો' વાર્તામાં નવઘણ ભરવાડ પોતાની યુક્તિથી ઢુંઢીયા રાક્ષસને જંગલમાંથી ભગાડીને તેની દીકરી સાથે પરણે છે. આ વાત અદ્‌ભુત રીતે વર્ણવવામાં આવી છે. 'બેમાં બળિયું કોણ?' વાર્તામાં બુદ્ધિશાળી અને પૈસાદાર બન્નેની સરખામણી કરી પરીક્ષા લેવામાં આવે છે અને અંતે આ પરીક્ષામાં બુદ્ધશાળી જ મોટો બળિયો સાબિત થાય છે એ વાત રજૂ કરવામાં આવી છે.'વીરાંગના માનિનીદેવી' વાર્તામાં માનિનીદેવી યુદ્ધ છોડી પાછા ફરેલા પતિને જોઈને ઠપકો આપે છે અને પોતે ચંદનની કાષ્ઠચિતાએ ચડી અગ્નિજ્વાળામાં અલોપ થઈ જાય છે. 'ટીડા જોશીનું ટપટપ' વાર્તામાં ટીડો કોઈ જ્યોતિષવિદ્યા ન જાણતો હોવા છતા સંજોગોવસાત જ્યોતિષી બની જાય છે અને ત્રણ સાંતીની ભોં તથા ખોરડું રાજા પાસેથી મેળવે છે. આ વાત રજૂ કરવામાં આવી છે. ચિત્તોડના મહારાણા ઈશરદાનજીને પોતાનું પ્રશસ્તિગીત રચવાનું કહે છે ત્યારે તે ચોખ્ખી ના કહે છે અને કહે છે કે તે ઈશ્વરની જ પ્રશસ્તિ ગાશે. પરંતુ દાદુ ઘાંચીની દિલની દિલાવરી જોઈને કવિના મનમાં મોજનાં તોરા ઉછળ્યા અને દાદુને દૂહાના અભિષેકથી નવરાવી દે છે. આ વાત 'કવિની મોજ' માં રજુ થઈ છે. રાવણને પોતાની ધનુર્વિદ્યાનું અભિમાન હોય છે, પણ અયોધ્યાના રાજા રઘુરાયની ધનુર્વિદ્યા જોઈને તેનું અભિમાન ઊતરી જાય છે. આ વાત 'તે'દિ ગઢ લંકાના રાવણનું અભિમાન ઊતરી ગયું' માં આલેખાયેલી છે. અસ્પૃશ્ય ગણાતા મયાના બલિદાનથી સરોવાર પાણીથી ભરાઈ જાય છે. અસ્પૃશ્યોને નગરમાં રહેવાની છૂટ મળે છે. અહીં માયાના કારણે અસ્પૃશ્યો ઘણાં બધા ત્રાસમાંથી મુક્તિ મેળવે છે અને નગરજનોને પાણી મળે છે. આ વાત 'મહામાનવ મયાનું સમર્પણ' વાર્તામાં આલેખાયેલી છે.

**પાત્રાલેખનકલા**

'કસુંબલ લોકકથામાળા ભાગ ૧ થી ૫' માં જોરાવરસિંહની પાત્રાલેખનકલા સોળે કળાએ ખીલી ઉઠે છે. અહીં આવતા મુખ્ય પાત્રો ઉપરાંત અન્ય ગૌણ પાત્રોને

પણ લેખકે બરાબર ખીલવ્યા છે. અહીં જેટલા પણ પાત્રો આવે છે તે બધા કથાને આગળ ધપાવવાનો પ્રયાસ કરે છે. મુખ્ય પાત્રોમાં જોઈએ તો વીરચંદ, નરભેરામ, રાણા કુંભાજી, દેવજીભાભા, કુંવરો મેવાડો, માલો હજામ, બાપલ ગઢવી, શંભુમહારાજ, હીરાચંદ, માનિનીદેવી, માધુડો, ટીડા જોશી, કવિ ઈશરદાન, શેઠ વનેચંદ, મઈલો આયર, લાડુ મહારાજ વગેરેને ગણાવી શકાય. આ ઉપરાંત ગૌણ પાત્રોમાં જોઈએ તો માવજી મોચી, દિવાન, મિયાભાઈ, પૂંજયો, મોહન ઘાંચજો, મહમદશાહ, મોનો પટેલ, રૂડકી, વજેસંગ, છનિયો, માનસિંહ, હનુભાઈ, અમરસિંહ, રાજા રઘુરાય, સિદ્ધરાજ, જસમા, બીજલ, મંદોદરી, શેઠ સુખલાલ, દાદુ, જેચંદ વગેરેને ગણાવી શકાય.

### ભાષાશૈલી

આ પાંચેય સંગ્રહની ભાષા સાદી, સરળ અને ગામઠી છે. નાના બાળકો તથા આમ વાચકવર્ગને ધ્યાનમાં રાખીને લેખકે આ ભાષાનો પ્રયોગ કર્યો હોય એમ જણાય છે. અહીં અદલ, હાટે, ચુંગી, મનેખ, બાનડી, ઘરબી જેવા તળપદા શબ્દોનો બહોળા પ્રમાણમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. આ ઉપરાંત 'પુત્રના લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં' જેવી કહેવતો અને 'મોઢું વકાસીને' જેવા રૂઢિપ્રયોગોનો પણ વિનિયોગ થયેલો જોઈ શકાય છે. જોરાવરસિંહે કરેલું લાડુ મહારાજનું વર્ણન જોઈએ.

"પીંજણમાંથી કાઢેલા તાજા રૂનાં પોલ જેવી સફેદ દાઢી, ઝેરી વીંછીના આંકડા જેવી વાળેલી મૂંછો, કાળી ભમ્મર મકરાણી જેવી મારકણી આંખો, ટૂંકી કાનોટી ને અણીદાર લાંબુ નાક, ગલગોટા જેવું ભરાવદાર મોં, એનું નામ લાડુ મહારાજ."[35]

### ઉપસંહાર

જોરાવરસિંહની આ લોકવાર્તાઓ આપણને ગુજરાતની લોકસંસ્કૃતિનું સાચું દર્શન કરાવે છે. આપણા ગ્રામસમાજના માનવી, એના પહેરવેશ, એની સમજણ, એના વ્યવહારો, એનો ભાષાવૈભવ, આવડત, બુદ્ધિચાતુર્ય આ બધાનો લેખક સુપેરે પરિચય કરાવે છે.

આ વાર્તાઓથી બાળકોના બાળમાનસનો વિકાસ થઈ શકે છે તથા આવી વાર્તાઓ દ્વારા લેખક આપણી અંદર સંસ્કાર તથા સંસ્કૃતિ તરફ રસ અને રુચિ પેદા કરે છે.

### ૩. ૨. લોકસાહિત્યના ગેય સ્વરૂપમાં જોરાવરસિંહનું પ્રદાન

લોકકથ્યની સાથે જોરાવરસિંહે લોકસાહિત્યના ગેય સ્વરૂપમાં પણ પોતાનું પ્રદાન નોંધાવ્યું છે. જેમાં તેમને ભજનસંગ્રહનું સંપાદન કર્યું છે.

### ૩. ૨. ૧ સંતસુધા ભાગ ૧

**પ્રસ્તાવના**

મોહનલાલ રાયાણી આકાશવાણી રાજકોટના પરંપરાગત ઢાળ, તાલ, લયના સમર્થ ભજનગાયક. ભજન સાથે તેમનો માયલો - સુરતાનો તાર જોડાઈ ગયેલો. આવા મોહનલાલ રાયાણી ૭૮ વર્ષની જૈફ વયે ગુજરાત લોકકલા કેન્દ્ર આયોજિત સંતવાણીના કાર્યક્રમ નિમિત્તે જોરાવરસિંહ જાદવના પરિચયમાં આવ્યા. મોહનલાલના અવસાન પછી તેમના કુટુંબી ભાઈનો પુત્ર પ્રભુદાસ આશરે ચારેક હજાર ભજનો લખેલી નોટબુકો અમદાવાદ ગુજરાત લોકકલા કેન્દ્રમાં આપી જાય છે. ભવિષ્યમાં તે પ્રકાશિત થશે તેવી ધારણા રાખીને. જોરાવરસિંહે ઈ. સ. ૧૯૮૯ માં ૧૧૬ ભજનરચનાઓ સાથેનો 'સંતસુધા ભાગ ૧' પ્રકાશિત કર્યો. આ પૂર્વે ઝવેરચંદ મેઘાણીએ 'સોરઠી સંતવાણી' નામે ઈ. સ. ૧૯૪૭ માં આ કાર્ય કર્યું છે. બીજુ મહત્ત્વનું ભજનસંપાદન ઈ. સ. ૧૯૭૦માં મકરન્દ દવે પાસેથી મળે છે 'સત કેરી વાણી'.

## *કથાવસ્તુ*

*'સંતસુધા ભાગ ૧' નું આમુખ જેઠાલાલ ત્રિવેદીએ લખ્યું છે. અહીં તેમણે ભજનવાણીમાં આવતી યોગપરક ભજનરચનાઓ ઉકેલવા માટે જરૂરી યોગસાધનાના શબ્દોના અર્થો મૂકી આપ્યા છે. ઇંગલા, પિંગલા અને સુષુમણાનો અર્થ જેઠાલાલ ત્રિવેદી પ્રવેશકમા સમજાવે છે તેમાં કહે છે : નાકના જમણા નસકોરામાંથી વહેતો પ્રાણ ઈડા-ઇંગલા-સૂર્યનાડી-ગંગા કહેવામાં આવે છે. ડાબી બાજુના નસકોરાના પ્રાણને પિંગલા-ચંદ્રનાડી-જમુના કહે છે આ બન્ને નાડીની વચ્ચે સુષુમણા નાડી આવેલી છે. આ ઈડા-પિંગલાના પ્રાણ પ્રવાહને એક કરી સુષુમણામાં વહેતો કરવાની પ્રક્રિયા તે 'હઠયોગ' છે. 'હ' કારને સૂર્ય અને 'ઠ' કારને ચંદ્ર કહે છે. આ ઉપરાંત પ્રવેશકમાં કુંડલિની, ષટ્ચક્ર વિશેની સામાન્ય અર્થછાયાઓ મૂકી છે. કુંડલિને મેરુદંડ નીચેના ભાગમાં ગુદા પાસે અણીદાર છેડો આવ્યો છે તેના છેડે પક્ષીના ઇંડા આકારનો કંદ છે તે સ્થાને કુંડલિની શક્તિ ગૂંચાળા આકારે પડી છે. મેરુદંડની મધ્યમાં સુષુમણા નાડી છે જેનું મુખ કુંડલિનીને સ્પર્શે છે પણ તે મુખ બંધ છે. આ સુષુમણાનું મુખ ખોલી તેમાં પ્રાણપ્રવાહ વહે ત્યારે કુંડલિની જાગૃત થાય છે ને કુંડલિની મુલાધાર, મણિપુર, સ્વાધિષ્ઠાન, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્રમાં પહોંચી સહસ્ત્રાર - બ્રહ્મરન્ધ્રમાં પહોંચે છે આ માટે પ્રાણના પ્રવાહને ઊલટાવવો પડે છે.*

*'સંતસુધા ભાગ ૧' માં સંપાદકે શક્ય તેટલા વધુ ભજનિક સર્જકોને સમાવવાનો હેતુ રાખ્યો હોય તેમ જણાય છે તેથી અહીં ૮૧ ભજનિકોની રચનાઓ સમાવિષ્ટ થઈ છે. તેમાં સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ પાંચ રચનાઓ દાસીજીવણની લીધી છે, કડવા ભગતની ચાર રચનાઓ અને દેવાયત પંડિત, દાસરવો, રવિસાહેબ, ભવાનીદાસ, આનંદઘનની ત્રણ ત્રણ રચનાઓ છે. ગોરખ, લીળલબાઈ, રામાપીર, લખમો માળી, ભીમસાહેબ, સાદુળ, ધરમશી, રામદાસ, હેલવો, અગરસિંહ, મૂળદાસ, મામદશાહ, પીઠોભગત, અખૈયો, રામોબાવોની બે બે રચનાઓ મૂકીને બાકીના ભજનિકોનો એક એક રચના મૂકેલી છે*

*"આ ભજનોને સંપાદકે વિભાજીત કર્યા છે, પણ તે ઝીણીનજરે જોનારને મળી આવશે. આ વિભાગો નીચે પ્રમાણે છે :*

૧. ગણપતિસ્મરણ

૨. મહાપંથ - નિજારધર્મ

૩. રામાપીર

૪. ગુરુગમવાણી - ગુરુમહિમા

૫. ગગનમંડળ

૬. જ્ઞાન - આત્મબોધ

૭. પ્રભુ માટેની આર્દવાણી

૮. પ્રબોધક - પ્રેરકવાણી

૯. પ્રકીર્ણ વાણી.

જોરાવરસિંહે આ વિભાગીકરણ ઈ. સ. ૧૯૮૯ માં કર્યું છે. તે કાળે આ દ્રષ્ટિ હોવી એ જ મહત્ત્વનું છે."[૩૬]

અહીં પ્રથમ ભજન દાસજબરનું 'ગણપતિ દેવ સૂંઢાળા' લેવામાં આવ્યું છે. ભજનનો આરંભ દુઃખહર્તા, મંગલકર્તા ગણપતિના પૂજનથી થાય છે એ ક્રમ અહીં જળવાયો છે. બીજુ ભજન પણ 'સેવા મારી માની લેજો, સ્વામી સૂંઢાળા' - ગોરખનાથનું ભજન છે. ત્રીજું દેવાયત પંડિતનું 'ગવરીના પુત્ર ગણેશને મનાવો' લેવાયું છે. તેના પછી ગુરુમહિમા આવે. તેમાં લીળલબાઈની બે રચનાઓ 'ગુરુજી આજ મારે આંગણે રે', 'ગુરુજી સતની વેલડીએ' અને ઋષિ મારકુંડની રચના 'ગુરુજી મહામંત્રનો મોટો, મહિમાય' મૂકેલ છે જે યોગ્ય છે. આ ગુરુમહિમાની રચનાઓ છે સાથેસાથે તે મહાપંથી ભજનરચનાઓ છે. તે પછી રામદેવપીરની રચનાઓ આવે છે.

અહીં બધા ભજનોની ગુણવત્તા એકસરખી નથી. પણ જ્યારે કેટલાંક ભજનો ઉત્તમ હલકથી ગવાતાં હશે ત્યારે એનો ભારે કેફ ચઢતો હશે ગોરખનાથનું 'સ્વામી સોંઢાળા' ભજન લો :

"સેવા મારી માની લેજો, સ્વામી સોંઢાળા

ખોલો મારાં રુદિયાનાં તાળાં રે

જળ રે ચઢાવું ગજાનન, જળ રે નથી ચોખાં.

એ જી એ જળ માછલીએ અભડાવ્યાં,"[39]

અને પછી તો ફૂલ, દૂધ, ચંદન જેવા પદાર્થોની વાત કરતાં કરતાં ભાવનાનું મહત્ત્વ ગાવામાં આવ્યું છે.

લોકસાહિત્ય, મધ્યકાલીન સાહિત્ય, સંત સાહિત્ય ક્યારે એકબીજામાં ભળી જાય છે એનો ખ્યાલ સુદ્ધા રહેતો નથી. વિલાયતખાનનું આ ભજન જુઓઃ

વિના વાદળ વિજ ચમુકે, સુન-મંડળ ઈશાનમાં

ઝરમર ઝરમર વરસે મેહુલિયા, લાજી વરસે માનમાં...

અવળવાણીનો ઉપયોગ કરીને સંતોએ તો ઘણાં ભજનો રચ્યાં છે. કેટલાક પ્રયોગો તો હિંદી સિનેમાનાં ગીતો સુધી પહોંચી ગયા છે તો કેટલાક નરસિંહમાંથી આવ્યા અને કેટલાક પ્રયોગો નાનાલાલ સુધી વિસ્તર્યા. આ ભજનિકોની રચનાઓ ક્યારેક લોકગીતોને પ્રેરે તો ક્યારેક લોકગીતો ભજનિકોને પ્રેરે. સવા ભગત નામના ભજનિકે 'નણદલ લહેરિયું જી રે !' જેવા જાણીતા લોકગીતને આધાર બનાવીને રચના કરે છે પણ ક્યારેક સામાન્ય બુદ્ધિને અગોચર એવા શબ્દપ્રયોગ પણ કરે છે :

કીડીની હડફેટે હાથી મૂવો જી રે,

કુંજરને પાડ્યો પગલાં હોઠ, પહોંચાડંયો ઠેઠ કે

નણદલ લહેરિયું જી રે.

ક્યારેક મીરાં, અખાની વાણી વિલક્ષણ રીતે નાથ સંપ્રદાયના ગોરખનાથની વાણીમાં ભળી જતી લાગશે. ક્યારેક રૂપકગ્રંથિ દ્વારા પણ ખૂબ જ અસરકારક રજૂઆત કરી શકાય છે. આની પ્રતીતિ રવિસાહેબના આ સુંદર ભજનમાંથી મળી રહે છે :

તન બંગલેકા કિયા કમઠાણા,

સોઈ કારીગર ન્યારા : હે રામ... તન ઓહંકારની ઈંટ લગાયા...

ભજનમાં સામાન્ય રીતે અંતે તેના રચયિતાનું નામ મળતું હોઈ એ વ્યક્તિકૃત સાહિત્યની રચના ગણાય, લોકસાહિત્યની નહીં. પરંતુ એનું પ્રવર્તન તો લોકપરંપરામાં જ હોય છે અને જે કૃતિમાં જે નામ છાપ હોય, એની એ જ રચના હોય એવું હોતુ નથી. કબીર, નરસિંહ, મીરાના નામે એવી અનેક રચનાઓ મળે છે, જે તે કવિઓની નથી પરંતુ તેમની ભક્તિઆરાધના કે દર્શનની પરંપરાના કોઈ અન્ય અનુગામીએ રચેલી છે. વળી સંતવાણીની રચનામાં દેવાયત પંડિત, મારકુંડ ઋષિ વગેરે એવા કેટલાક નામ પણ છે જેમના વિશે પ્રમાણભૂત વિગત મળતી નથી, તેમજ જેસલ - તોરલના નામે પણ જે રચનાઓ મળે છે, તે તેમની વ્યક્તિકૃત રચનાઓ નથી, પરંતુ તે પંથના કોઈ અનુગામીની રચના છે એ પણ સ્પષ્ટ છે. આમ, ભજનનો સમાવેશ લોકસાહિત્યમાં ન કરી શકીએ, પરંતુ તે કેવળ લિખિત પરંપરાની જ દેણ નથી અને આવી રચનાનું પ્રવર્તન લોકોના કંઠપ્રવાહમાં જ રહ્યું છે. તેથી ભજનના પ્રકારને સાહિત્ય અને લોકસાહિત્યના સંધિક્ષેત્રનો પ્રકાર ગણવો જોઈએ.

**ઉપસંહાર**

આમ જોરાવરસિંહે ભજન સંપાદન સાથે ભજનને સમજાવવા માટે જે કઠિન ભજન જણાયાં તેની સમજ, અર્થઘટન, શબ્દોના અર્થ મૂકીને ભજનભાવકને સહાય કરી છે. ગુજરાતીમાં ભજનવાણીના અનેક સંગ્રહો પ્રગટ થયા છે, પણ યોગ્ય રીતે સંશોધન કરી જરૂરી માહિતી તથા માર્ગદર્શિક સાથે પ્રગટ થયેલા સંગ્રહોની સંખ્યા ઘણી જ અલ્પ છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી તથા મકરન્દ દવેના નામ તેમાં મોખરે છે. ભજનમાં પ્રયોજીત પ્રતીકો, અઘરા શબ્દો, અશુદ્ધિઓ વગેરે સંપાદકને પગલે પગલે મૂંઝવે તેમ છે. કૃતિઓના અંશોની ‘સેળભેળ’, કર્તુત્વની સંદિગ્ધતા, કર્તાઓ વિશેની ચોક્કસ માહિતીનો અભાવ આ બધું પણ સંપાદકની કસોટી કરે તેવું છે. છતાં આ દિશામાં પ્રયાસો કરવાથી જ આ ક્ષેત્ર ખેડાતું જશે અને વધુ ચર્ચાવિચારણા માટેની ભૂમિકા તૈયાર થશે, એ દ્રષ્ટિએ શ્રી જોરાવરસિંહનો આ પ્રયાસ આવકારદાયક છે. તેમણે કર્તાઓ વિશે પ્રાપ્ય માહિતી શક્ય તેટલે અંશે રજૂ કરી છે તે પણ પ્રશંસનીય છે. પ્રતીકો વગેરે કૃતિની નીચે જ સમજાવવા પ્રયાસ કરેલો છે. વળી સંતવાણીની વિભાગવાર રજૂઆત પણ દ્રષ્ટિપૂત જણાય છે.

# <u>સંદર્ભસૂચિ</u>

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક / સંપાદક | આવૃત્તિ | પ્રકાશક | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | મરદ કસુંબલ રંગ ચડે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૬૮ | ભરાડ ફાઉન્ડેશન રાજકોટ | ૧ |
| ૨ | મરદાઈ માથા સાટે | જોરાવરસિંહ જાદવ | ત્રી. આ. ૧૯૯૧ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૨ |
| ૩ | સાડા ત્રણ દિ'ની પનોતી | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૩ | દીપક પબ્લીશર્સ અમદાવાદ | ૭ |
| ૪ | રાણી અનારદે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૭ | નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ | ૮ |
| ૫ | એજન | | | | ૧૪ |
| ૬ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૩૧ |
| ૭ | એજન | | | | ૩૨ |
| ૮ | કનક ચાવડો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૭ | અશોક પ્રકાશન મુંબઈ | ૧૫ |
| ૯ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૪૧ |
| ૧૦ | નવા નાકે દિવાળી | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૧ | ગૂર્જર ગ્રંથરત્ન અમદાવાદ | ૧૦ |
| ૧૧ | દિવ્ય મંદિર મારા દેવના રે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૨ | પ્રવીણ પ્રકાશન રાજકોટ | ૫૯ |
| ૧૨ | સજે ધરતી શણગાર | જોરાવરસિંહ જાદવ | બી.આ. ૧૯૭૫ | ભરાડ ફાઉન્ડેશન રાજકોટ | ૬ |
| ૧૩ | ટહૂકે સાજણ સાંભરે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૨ | માધવસિંહ જાદવ અમદાવાદ | ૧ |
| ૧૪ | એજન | | | | ૫૧ |
| ૧૫ | રાજપૂત કથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૬૩ |
| ૧૬ | એજન | | | | ૧ |
| ૧૭ | લોકસાહિત્યની પ્રેમકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૦ | પૂનમચંદ કોઠારી અમદાવાદ | ૮૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | લોકસાહિત્યની નાગકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૩ | પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ | ૧૩ |
| ૧૯ | લોકસાહિત્યની અશ્વકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૪ | દીપક પબ્લીશર્સ અમદાવાદ | ૧ |
| ૨૦ | એજન | | | | ૨૭ |
| ૨૧ | સાજણ આયા હે સખિ... | જોરાવરસિંહ જાદવ | બી. આ.૧૯૮૬ | પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ | ૧૫ |
| ૨૨ | એજન | | | | ૧૪૨ |
| ૨૩ | એજન | | | | પ્રસ્તાવના |
| ૨૪ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. પ્રો. રવજી રોકડ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૧૦૯ |
| ૨૫ | ભાલપ્રદેશની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | પ્રસ્તાવના |
| ૨૬ | લોકસાહિત્યની ચતુરાઈકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૬ | ભરાડ ફાઉન્ડેશન રાજકોટ | ૨૬ |
| ૨૭ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૬૧ |
| ૨૮ | સિંધુ રાગ સોહામણા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૦ | ગૂર્જર ગ્રંથરત્ન અમદાવાદ | પ્રસ્તાવના |
| ૨૯ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૬૩ |
| ૩૦ | ભાલપ્રદેશની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૯ | અશોક પ્રકાશન મુંબઈ | ૨ |
| ૩૧ | ગુજરાતની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૪ | સાહિત્ય અકાદમી ન્યુ દીલ્હી | ૨ |
| ૩૨ | એજન | | | | ૧૪ |
| ૩૩ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. ડૉ. શાંતિભાઈ આચાર્ય સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૧૪૩ |
| ૩૪ | લોકસાહિત્યની કહેવતકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૬ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૫૩ |
| ૩૫ | કસુંબલ લોકકથામાળ ૫ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૭ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૬૧ |
| ૩૬ | શ્રી જોરાવરસિંહજી જાદવ | લે. ડૉ. નાથાલાલ | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન | ૪૨૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અધ્યયનગ્રંથ | ગોહિલ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | | કાર્યાલય અમદાવાદ | |
| ૩૭ | સંતસુધા ભાગ ૧ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૯ | જોરાવરસિંહ જાદવ | ૨ |

# પ્રકરણ – ૪

# જોરાવરસિંહ જાદવનું લોકવિદ્યા ક્ષેત્રે પ્રદાન

# <u>અનુક્રમણિકા</u>


| ક્રમ | વિગત |
|---|---|
| ૪. ૧ | પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા |
| ૪. ૨ | લોકકલાના વૈતાલિકો |
| ૪. ૩ | આપણા કસબીઓ ભાગ ૧ - ૨ |
| ૪. ૪ | આપણા લોકકલાકારો |
| ૪. ૫ | મનોરંજન કરાવનારી લોકજાતિઓ |
| ૪. ૬ | લોકજીવન : કલા અને કસબ |
| ૪. ૭ | ગુજરાતનો લોકકલા વૈભવ |

## પ્રકરણ – ૪ લોકવિદ્યામાં જોરાવરસિંહનું પ્રદાન

લોકસાહિત્ય, લોકસંગીત, લોકનાટ્ય, લોકનૃત્ય, લોકચિત્રકલા, લોકસ્થાપત્ય કે ગૃહનિર્માણ, લોકરંજક કલાઓ અને લોકકસબો વગેરે જે કંઈ લોકજીવન સાથે પરંપરાગત રીતે સંકળાયેલું છે તેને લોકવિદ્યા કહેવામાં આવે છે. તેમાં કહેવતો, મંત્રતંત્ર, ડોશીવૈદું, ભરતગૂંથણ, નટ-બજાણિયા, ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી પરંપરાઓ એમ અનેક બાબતોનો સમાવેશ થાય છે. લોકવિદ્યા કોઈપણ સમાજના કોઈ પણ એકમ કે પેટા એકમના જીવનને ઘડનારું એક બળ છે, તે સાથે એના કૌટુંબિક અને સામાજિક જીવનને આકાર આપવાનું અને વ્યવસ્થિત રીતે ગોઠવવાનું જીવનસંલગ્ન સાધન પણ છે. લોકવિદ્યામાં જોરાવરસિંહે જે પ્રદાન કર્યું છે તે નીચે મુજબ છે.

### ૪. ૧ પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા

**પ્રસ્તાવના**

ઈ.સ. ૨૦૦૬ માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની આર્થિક સહાયથી પ્રકાશિત શ્રી જોરાવરસિંહ જાદવનું પુસ્તક ‘પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા’ એ પ્રાચીન ભારતીય કલાના વારસાને ઉજાગર કરતું પુસ્તક છે. ભારતની ભૂમિ સદાયે કલા, સંસ્કાર અને સંસ્કૃતિની ભૂમિ રહી છે. અનાદિ કાળથી અહીં માનવ સંસ્કૃતિ અને કલા વિકાસ પામી છે. પ્રાચીન કાળમાં ભારતની ભૂમિ પર ધર્મ અને કલા પરસ્પરના પૂરક બનીને વિકાસ પામ્યા છે. એમાં પણ કલાનો વિચાર કરતાં ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય અને સંગીત એમ ચાર કલાઓ વ્યાપકપણે પાંગરેલી જોઈ શકાય છે.

પ્રાચીન કાળમાં ઋષિમુનિઓએ વિદ્યા અને કલાને લગતાં અનેક સૌંદર્યલક્ષી ગ્રંથો આપ્યાં છે જે જીવન ઉપયોગી છે. સોમાલાલ શાહ, ખોડીદાસ પરમાર, જ્યોતિ ભટ્ટ આદિ પ્રસિદ્ધ ચિત્રકારો તથા જોગેશ ઠાકર, ભાટી એન. અને અમૂલ પરમારની તસવીરોથી શોભતા આ ગ્રંથમાં શ્રી જોરાવરસિંહ જાદવે ૨૨ પ્રકરણ અંતર્ગત વિશદ્ ચર્ચા કરી ભાવકોને

*લોકસંસ્કૃતિના પ્રછન્ન સૌંદ્રયનો અનુભવ કરાવવાનો ઉપક્રમ સેવ્યો છે અને સમગ્ર ૨૨ પ્રકરણોમાંથી પસાર થતા એ અનુભૂતિ સતત અને સચોટ રીતે થતી રહે છે.*

## *પ્રાચીન ભારતની ચૌદ વિદ્યા અને ચોસઠ કલા*

*પ્રાચીન ભારતમાં વિદ્યા અને કલાઓની વાત જોવા મળે છે. આ વિદ્યાઓ અને કલાઓ કઈ હતી એ જાણવા ભાગ્યે જ કોઈએ તસ્દી લીધી હશે! લેખકે આ લેખમાં એક પ્રાચીન લોકવાર્તામાં આવતા છપ્પયમાં વણાયેલી ભણતર, નટ, વ્યાકરણ, શણગાર આદિ ૧૪ વિદ્યા તથા જાન્યુઆરી ૧૯૭૦ ના 'પથિક' અંકમાં ડૉ. એલ. ડી. જોષી સંપાદિત ૧૪ વિદ્યાના દુહા નોંધી 'વેદાર્થચિંતામણી' ગ્રંથમાં જોવા મળતી ર. વ. દેસાઈના 'ભારતીય સંસ્કૃતિ' ગ્રંથમાંથી પ્રાપ્ત થતી અને શુક્નીતિસારમાં નિરૂપિત ગાયન, વીણાવાદન, અભિનય, ચિત્ર દોરવાં, ચંદનાદિ વડે કર્ણ તથા સ્તનાદિમાં પત્રના ખંડની માફક વિચિત્ર લેપ કરવા, કેશ ગુંફન, વેશપલ્ટો, ઈન્દ્રજાળ, વૃક્ષ આયુર્વેદ, શુકન કલા, કાવ્યભેદની સમજ, કામશાસ્ત્રના વિવિધ આસનોનું જ્ઞાન, જાતજાતના શરાબો બનાવવા, શસ્ત્રોને નિશાન પર ફેંકવા, સુવર્ણની કસોટીનું જ્ઞાન આદિ ૬૪ કલાઓથી પરિચિત કરાવે છે. બૌદ્ધ સમયમાં પ્રચલિત કથાઓ, કલાઓની ઉત્પતિ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટે જરૂરી કલાઓ ચર્ચી લેખક કારભારીની ૧૬ કલા, વાણિયાની ૬૪ કલા, દીવાનની ૧૬ કલાઓ અને મંત્રીની સોળ કલાઓનું વર્ણન કરે છે. લેખક આ ૧૪ વિદ્યાઓને છપ્પયમાં આ રીતે આપે છે,*

*"પહેલી ભણતર વિદ્યા*
*બીજી વિદ્યા નટની*
*ત્રીજી વિયાકરણ વિદ્યા*
*ચોથી વિદ્યા ધનકની*
*પાંચમી શણગાર વિદ્યા*
*છઠી ગ્રહ સાગરે*
*સાતમી ધુતાર વિદ્યા*
*આઠમી હીંગારડી*
*નવમી તોરંગ વિદ્યા*

દસમી પારખુ
અગિયારમી રાજ વિદ્યા
વેશ્યા વિદ્યા બારમી
તેરમી હરિ સ્મરણ વિદ્યા
તસગર વિદ્યા ચૌદમી."[૧]

### ભીમબેટકા : પ્રાગૈતિહાસિક ચિત્રો

આ લેખમાં લેખક ભારતીય આદિમકાળને ઉપસાવતાં ગુફાચિત્રોનો ભરપૂર ભંડાર કલમને લસરકે ચિત્રિત કરે છે. વિક્રમ યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદ્ ડૉ. વિષ્ણુ શ્રીધર વાકણકરની વિંધ્યાચળની શોધ, યુરોપના લાસ્કાની કલા જેટલી આ ચિત્રોની પ્રાચીનતા, મહાભારત કાળ સાથે જોડાયેલી દંતકથાઓ, ભીમ-બેટકા સ્થળ નામાભિધાન અને આદિ માનવે નિર્માણ કરેલા ગર્ભવતી મા, માતા ને બાળક, નગ્ન તરુણીઓ, મહોરાધમારી પુરુષ, અગ્નિપૂજક ઈત્યાદિ ચિત્રો ઉપરાંત ગજ, સિંહ, ચિત્તા, હરણ વગેરે પ્રાણીઓના મનોહારી ચિત્રોની ચર્ચા કરવામાં આવી છે. ચિત્રોના આલેખનની સાથે એ કાળના માનવજીવનના અને માનવસમાજનાં વિવિધ પાસાઓને આપણી સમક્ષ મૂકી આપ્યા છે.

### દેવનર્તકીઓ અને મહારાવ લખપતજી

'ભારતીય મંદિરોની દેવનર્તકીઓ અને રાજવી યુગની રાજનર્તકીઓ' પૌરાણિક ધર્મપ્રચારને કારણે મંદિરોમાં પ્રાધાન્ય ભોગવતી લલિતકલાઓ, મંદિરો અને રાજદરબારોમાં નૃત્યના ક્ષેત્રમાં સ્ત્રીઓનું મહત્ત્વ, રાજસ્થાની ચિત્ર શૈલીમાંથી નૃત્યાંગનાઓનાં મળતાં સંખ્યાબંધ પ્રમાણો વગેરે માહિતી આપી લેખક મંદિરોમાં નૃત્ય કરતી દેવનર્તકીઓની જીવનશૈલી, મંદિરના પૂજારીઓ દ્વારા એમનો ઉપભોગ, મિસર, યુનાન, બેબિલોનિયા વગેરેના જૂનાં મંદિરોમાં પણ ભારતની જેમ દેવનર્તકીઓની પ્રથા તથા ચાણક્યના 'અર્થશાસ્ત્ર' અને કાલિદાસ કૃત 'મેઘદૂતમ્' માં નૃત્યાંગનાઓની વિગતવાર મળતી માહિતીને ચર્ચે છે. હિન્દુસ્તાનનાં રજવાડાંઓમાં ગાયિકાઓ અને નર્તકીઓને ઉદાર હાથે આશ્રય મળેલો છે એ બાબત આ લેખમાંથી પસાર થતાં જોઈ શકાય છે.

'કચ્છના રાજવી કવિ મહારાવ લખપતજી' માં લેખકે કચ્છમાં વિદ્યા અને હુન્નરનો વિકાસ સાધનાર મહારાવજીના બહુમુખી વ્યક્તિત્વને ઉપસાવવાની સાથે એમના સફળ ચિત્રકાર, સાહિત્યકાર, મહાન સંગીતકાર, કુશળ નૃત્ય વિદ્યા વિશારદ, અનેકાનેક ઉપયોગી કલાઓના મર્મજ્ઞ, અપ્રતિમ યોદ્ધા, કવિઓના આશ્રયદાતા અને દાનેશ્વરી તરીકેના ગુણોને ઉજાગર કર્યા છે. તેમના દ્વારા 'વ્રજભાષા પાઠશાળા' ની સ્થાપના, એના માટે જરૂરી ખર્ચનો રાજ્ય દ્વારા પ્રબંધ, વિદ્યાગુરુઓનું બહુમાન, આયનામહેલની રચના આદિ બાબતો મહારાવ લખપતજીના કલાપ્રેમને ઉપસાવે છે.

## જળવિહાર, જળયુદ્ધો અને નૌકાદોડ

'પ્રાચીન ભારતમાં જળવિહાર અને જળક્રીડા' એ આદિવાસીઓથી માંડીને લોકજીવન અને સંસ્કૃત નાગરિક જીવન સુધી પ્રચલિત જળવિહારની રમતો વિશે ઝીણવટભરી વિગતો આપતો લેખ છે. ઉપવનયુક્ત સરોવરમાં ક્રીડા, જળક્રીડાને લોકપ્રિય બનાવનાર પ્રવર્તક શ્રીકૃષ્ણ, સંગીતના સૂરો સાથે જળક્રીડા, જળક્રીડામાં કલાનો સમન્વય, રાજવીઓને આકર્ષવા માટે જળક્રીડા, પ્રાચીન યુગના રત્નસ્તંભ મંડત ધારાગૃહો, મોગલકાલીન સલિલ વિહાર, આદિવાસીઓની અને ગ્રામ્ય જળરમતોનું સૌંદર્યમય આલેખન ભારતીય સમાજની જળરમતો દ્વારા મનોરંજન મેળવવાની ભાવનાને વ્યક્ત કરે છે. 'ભારતીય સમુદ્રક્રીડા, જળયુદ્ધો અને નૌકાદોડ' વિશેનો લેખ પુરાણકાલીન સમુદ્રયાત્રા ઉત્સવો, એ ઉત્સવો અંતર્ગત હોડીઓ પર જાતજાતનાં નૃત્યગીત, મદ્યપાન, સ્ત્રીપુરુષો દ્વારા ભોજ્ય અને પેયોનું આસ્વાદન આલેખન, પ્રાચીનકાળના ભારતવાસીઓની મનોરંજક રમત સાગરક્રીડાના પર્વનો માહોલ ખડો કરે છે. લેખકે અહીં ભારતના દક્ષિણ પશ્ચિમ કિનારે આવેલ કેરલ પ્રદેશની આગવી વિશિષ્ટતા સર્પનૌકાદોડની હરીફાઈઓનું ઊંડાણપૂર્વક આલેખન કરતું 'ઓણમ' પર્વનું ધાર્મિક અને સામાજિક મહત્ત્વ નિર્દેશ્યું છે. લેખકની સિદ્ધહસ્ત કલમ અહીં મહાકાય સર્પની માફક ત્વરિત ગતિથી પાણીની સપાટીમાં દોડતી નૌકાઓની હરીફાઈનો અનેરો આનંદ લૂંટાવે છે.

## કઠપૂતળીની કલા અને કાંગશિયાના ખેલ

'રાજસ્થાની કઠપૂતળીની પ્રાચીન કલા' લેખ રાજસ્થાન અને ગુજરાતના લોકજીવનમાં મનોરંજન કરાવતી કઠપૂતળીની કલાની પ્રાચીનતાના દસ્તાવેજરૂપ છે. લોકભોગ્ય શૈલીમાં રાણાજી રાવતની કઠપૂતળી કલાનો આસ્વાદ કરાવી લેખકે મનોરંજનના આ અદ્ભુત માધ્યમની ઉત્પત્તિ, કામસૂત્ર, પંચતંત્ર, મહાભારત આદિમાં કઠપૂતળીની કલાના મળતા ઉલ્લેખો, કઠપૂતળી બનાવવાની રીત, જુદા જુદા પ્રદેશોમાં તેનો વિકાસ તથા કઠપૂતળીની કલાકારીગરી, કથાનક અને રજૂઆતની કલાનું અપાર વૈવિધ્ય ચીંધી બતાવ્યું છે. તો આ ગ્રંથનો લોકવાર્તાની ઢબે લખાયેલો આઠમો લેખ 'કાંગશિયાના કામણગારા ખેલ' વાદી મદારીની જેમ ભટકતી જાતિ કાંગશિયાઓએ જીવનનિર્વાહ અર્થે અને લોકમનોરંજન અર્થે અપનાવેલા ખેલમાં રહેલા સૌંદર્યને પ્રગટાવે છે.

## મલ્લકુસ્તી અને દેવમાલના જ્યેષ્ઠિમલ્લો

પ્રાચીન ભારતીય વિદ્યાઓમાંની એક વિશિષ્ટ પ્રકારની વિદ્યા મલ્લવિદ્યાને આલેખતો 'પ્રાચીન ભારતીય મનોરંજનન : મલ્લકુસ્તી' લેખ માહિતીપ્રદ રહ્યો છે. લેખકે અહીં જાતકગ્રંથોમાં જોવા મળતાં મલ્લયુદ્ધો, પ્રાચીન મલ્લયુદ્ધોમાં ભાગ લેતી સ્ત્રીઓ, મહાભારત સમયનાં મલ્લયુદ્ધો, બ્રહ્મમહોત્સવ પ્રસંગે થતાં મલ્લયુદ્ધો, મલ્લકુસ્તીના દાવમાં વપરાતા વિવિધ શબ્દો, મહાભારત અને અન્ય પુરાણોમાં મલ્લયુદ્ધોનાં રસપ્રદ વર્ણનો આદિની વિગતે છણાવટ કરી છે. મલ્લકુસ્તીમાં અદ્ભુત કૌશલ્ય દાખવતા કાઠિયાવાડનો કાનો રબારી, ભાલપ્રદેશનો બાપલ ગઢવી અને મલ્લકુસ્તી શોખીન મહારાજાઓ વિશે જાણવા ઈચ્છતા અભ્યાસીઓએ આ લેખ વાંચવો રહ્યો. કર્ણાટક, આંધ્ર અને દ્રવિડ પ્રદેશમાં ગુજરાતની મલ્લવિદ્યાનો ડંકો વગાડનાર જ્યેષ્ઠી મલ્લોનો ઈતિહાસ છે. દેવમાલના મલ્લોએ પરાપૂર્વથી બળની ઉપાસના કરી યુદ્ધવીરો તરીકે જુદાં જુદા રજવાડાંઓમાં ખ્યાતિ મેળવેલી. એમની આસપાસ વણાયેલી દંતકથાઓ, પુરાણોમાંથી સાંપડતી જ્યેષ્ઠી મલ્લોની ઉત્પત્તિ વિષયક કથાઓ, વિવિધ સાહિત્યિક ગ્રંથોમાં સચવાયેલી જ્યેષ્ઠી મલ્લવિષયક વિગતો, જામનગર, કચ્છ આદિ રજવાડાઓનો મલ્લવિદ્યાપ્રેમ વગેરે બાબતોનું આલેખન આ લેખની મૂલ્યવાન સામગ્રી છે.

## પ્રાણીઓ સાથેની રમતો અને પ્રાચીન શસ્ત્રાસ્ત્રો

'પશુ પ્રાણી સાથેની ભારતીય રમતો' લેખમાં લેખકે એક સમયે લોકોના મનોરંજનનું માધ્યમ બનેલી પ્રાચીન રમતો હસ્તિયુદ્ધ, પાડાયુદ્ધ, મરઘાની લડાઈ, તેતરોની લડાઈ, ઘેટાની લડાઈ જૈન સાહિત્યમાં પશુદ્યુતના ઉલ્લેખો, પશુદ્યુત રમતા રાજા-મહારાજાઓ તથા માનવ અને પશુના યુદ્ધની ઝાંખી કરાવી જાય છે. 'પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો' આ લેખમાં જોરાવરસિંહે દેવરાજ ઈન્દ્રનું વજ, સુદર્શનચક્ર, ગદા ગુરજ મુખંડિ આદિ દેવ આયુધોની ચર્ચા કરી સિંધુખીણના માનવના શસ્ત્રો, આર્યોને શસ્ત્રો અને રામાયણ મહાભારતના સમયનાં સંહારક અસ્ત્ર-શસ્ત્રની સમજ આપી છે. સાથોસાથ વિવિધ જાતિઓ કેવા પ્રકારનાં વિવિધ હથિયારો રાખતી એનો આછેરો ખ્યાલ આપ્યો છે. અહીં ચારણી સાહિત્યના છપ્પયમાં જોવા મળતી છત્રીસ પ્રકારનાં હથિયારોની વિગતો મધ્યકાલીન સમયમાં ઉપયોગમાં લેવાતાં શસ્ત્રાસ્ત્રોના અસલ દસ્તાવેજ રૂપ છે. કેમ કે ચારણકવિઓ આ ૩૬ પ્રકારનાં આયુધોથી પરિચિત હતા. લેખને કલાત્મક રૂપ અર્પવા લેખકે રાજકોટ  ઠાકોર મહેરામણજી રચિત 'કટારીનું ગીત', કટારી અમરેશરી તથા ગાંડા હાથીનો કાળ બનેલી કટારીના પ્રસંગો લોકભોગ્ય શૈલીમાં નોંધ્યા છે જે આસ્વાદ્ય છે.

આ ઉપરાંત ચરિત્રનિબંધ પ્રકારે લખાયેલો 'ચોરનું પગેરું લેવાની લોકવિદ્યા' લેખ રૂપાદાદાની ચોરનું પગેરું લેવાની કલાને ઉજાગર કરે છે. ઘોડીની લાદને આધારે, પગલાંની છાપને આધારે, અનાજના ઉગવા, રંગ ને ઊંચાઈ ઉપરથી, ઢોરના સગડને આધારે કાબેલ, રીઢા ચોરને પકડી એમની વાંકડી મૂછોને સીધી દોર કરી નાખનાર રૂપાદાદાની અદ્ભુત નિરીક્ષણશક્તિનો લેખકે સુપેરે પરિચય કરાવ્યો છે. રૂપા પગીની લાક્ષણિક બોલીમાં લેખ બોલકો બન્યો છે.

શ્રી જાદવે કાઠિયાવાડનું લોકજીવન અત્યંત નજીકથી જાણ્યું અને માણ્યું છે. કાઠિયાવાડી લોકસંસ્કૃતિની માન્યતાઓ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વહેમોથી તેઓ સુપેરે માહિતગાર છે. લોકજીભે રમતી કહેવતો અને એમાં વણાઈ ગયેલા ટુચકાઓ અને દંતકથાઓ તેમજ જ્યોતિષના ગામઠી વરતારાની રસપ્રદ વાતો તેમણે 'કહેવતો, લોકમાન્યતાઓ, વહેમો અને જ્યોતિષશાસ્ત્ર' લેખમાં પ્રસ્તુત કરેલ છે. આ જ પ્રકારના અન્ય લેખો જેવા કે ગામડાના અનુભવી

લોકોની કોઠાસૂઝના દર્શન કરાવતો 'ગ્રામપ્રજાના હોઠે ને હૈયે રમતું લોકવિજ્ઞાન', હોળીના દિવસે પવન પરથી શુભાશુભ ફળકથન અને વર્ષાઋતુનું ભવિષ્ય ભાખતું 'હોળીનું વાયુચક્ર અને વર્ષાઋતુ' મહત્ત્વના છે. તહેવારોનું પણ પોતીકું એક લોકશાસ્ત્ર હોય છે. ફાગણ સુદ પૂનમે આવતી હોળી ફૂલફટાયા શૃંગાર, મસ્તી અને ઋતુ સૌંદર્યનો લોકોત્સવ છે. હોળીના આ તહેવારની સાથે સંકળાયેલી હોલિકા અને પ્રહલાદની દંતકથા તો છે જ પરંતુ હોળી એ 'નવાનેષ્ટિ' નામના પ્રાચીન યજ્ઞનું પરિવર્તિત સ્વરૂપ છે. હોળીના પવનને આધારે આગાહી કરતાં ભડલી વાક્યો મેઘ માળા, વરાહ સંહિતા વગેરેનું લેખકે અહીં વિસ્તૃત પૃથ્થકરણ આપ્યું છે.

'સૌરાષ્ટ્રમાં વરસાદના જોગ જોવાની લોકરૂઢિઓ', 'વરસાદની આગાહી આપતાં પશુપક્ષીઓ', 'કાગડાના માળા, ચાળા ને વર્ષાના વરતારા', 'શ્વાનનાં શુકન અપશુકન અને લોકમાન્યતાઓ' ગુજરાતના લોકજીવન અને નગરજીવનમાં વણાઈ ગયેલી લોકમાન્યતા, રૂઢિઓ અને આસ્થાનો ગ્રાફ દોરી આપે છે. અવનવી લોકસંસ્કૃતિ અને લોકવિજ્ઞાનની વાતો કથતા લેખો ભારતીય વિદ્યા અને કલાઓમાં સ્થાન પામે કે ન પામે પણ આ બધી વિદ્યા અને કલાઓમાંથી લોકસંસ્કૃતિનું પ્રછન્ન સૌંદર્ય પ્રગટ તથું જરૂર પામી શકાય છે. આ ગ્રંથના અંતિમ બે લેખો 'પ્રાચીન ભારતમાં પશુપાલન' અને 'પ્રાચીન ભારતમાં પરિવહનો અને સંદેશાવ્યવહાર' ક્રમશઃ વેદકાલીન સમયથી પશુઓની ઉપયોગીતા, પાલતુ પશુઓ તરફનો માનવોનો અનહદ પ્રેમ, જૂના કાળે વાહનોમાં રથ, એકા, ગાડાં, ડમણિયાં, માફા, ઘોડાગાડી, પાલખી મુસાફરી માટે ઘોડા, ઊંટ, ગધેડાં, પાડા જેવાં પશુઓનો ઉપયોગ તેમ જ સંદેશાવ્યવહાર માટે ઝડપી વાહન તરીકે ઊંટની ઉપયોગિતાને નિર્દેશે છે.

## **ઉપસંહાર**

'પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા' સંદર્ભે ઊંડાણપૂર્વક સંશોધન કરીને શ્રી જોરાવરસિંહે જે માહિતીઓ આપી છે તે અનન્ય છે. કલામર્મીઓ, લોકસંસ્કૃતિના ઉપાસકો, લોકવિદ્યાના સાધકો, કલાપ્રેમી ભાવકો અને વાચકો માટે ભરપૂર જ્ઞાનમાહિતીના ભંડાર સમો આ ગ્રંથ કલા અને સાહિત્યના જ નહીં પણ ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિના

અભ્યાસીઓને પણ અતિ મહત્ત્વના સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી ભાથું પૂરું પાડનારો બની રહેશે. લેખકે આ અને આવા પુસ્તકોના માધ્યમથી ભવિષ્યમાં કલાકાર કે કસબી તરીકે આગળ આવવાની ક્ષમતા ધરાવનાર નવી પેઢીના લોકો માટે પથપ્રદર્શકનું કામ કરેલ છે.

## ૪. ૨ લોકકલાના વૈતાલિકો

**પ્રસ્તાવના**

'લોકકલાના વૈતાલિકો' શ્રી જોરાવરસિંહ જાદવે આપેલું પુસ્તક એમની વર્ષોની ગુજરાતના વાદી, મદારી, નટ, બજાણિયા, કઠપૂતળી, ભવાઈ, ભાંડ વગેરે જેવા લોકકલાકારો વિશે ઉંડુ સંશોધન કરી તેમાના કેટલાકનો આમ વાચકને પરિચય કરાવવા માટે આપેલો સંપૂટ છે.

એક રીતે જોઈએ તો આ સંપૂટ એક અનુસંધાન છે, કારણ કે આ પૂર્વે પણ તેમણે મનોરંજન કરાવનારી લોકજાતિઓ નામનું પુસ્તક બહાર પાડી તેમાં તે લોકજાતિઓ તેમજ તેમની કાર્યરીતિનો પરિચય કરાવેલો. આમાં તેમણે કાગબાપુ, મેરુભા ગઢવી, કાનજી ભુટા બારોટ જેવા ચારણી સાહિત્ય તેમજ બારોટ સાહિત્યના વાર્તાકારોના કસબીઓને લીધેલા છે. આ ઉતરાંત સદીઓ સુધી સાતત્ય જાળવી રાખનારી પરંતુ સાંપ્રત સમયમાં ઈલેક્ટ્રોનિક મીડિયાના અતિક્રમણને કારણે ધીમે ધીમે લૂપ્ત થઈ રહેલી લોકકલા ભવાઈના કલાકારો શ્રી કાશીરામ વ્યાસ, દલસુખ રાવળ જેવાનો પણ પરિચય આપેલો છે.

જોરાવરસિંહે તેમના સંશોધનનો વ્યાપ કેટલી હદે વિસ્તાર્યો હશે તેની સાબિતી એ વાત ઉપરથી મળે છે કે તેમને કઠપૂતળીના કલાકાર મહિપત કવિ, જૂની રંગભૂમિના કલાકાર પ્રાણસુખ નાયક તેમજ સમજુનાથ મદારીને પણ સમાવી લીધા છે. લેખકના જ શબ્દોમાં કહીએ તો આ તમામ કલાકારો લોકકલા, લોકસંસ્કૃતિના મશાલચીઓ છે. આવા સમર્પિત કલાકારોના સમર્પણ અને અથાગ મહેનત તથા એમણે આપેલા ભોગ તેમજ નિર્વ્યાજ યોગદાનને કારણે જ લોકકલા આજ દિવસ સુધી ટકી રહી છે.

આ સંપુટમાં લેખકે બે વિભાગો પાડેલા છે. પ્રથમ વિભાગમાં આગળ જણાવેલ જુદી-જુદી લોકકલાના કસબીઓને લીધા છે, જ્યારે વિભાગ બેમાં લોકસાહિત્યના એવા સંશોધકો અને વૈતાલિકો છે કે જેઓ પોતે કરેલી મહેનત અને પોતાના સંશોધનોને કારણે અમર બની ચૂકેલા નામો ગણી શકાય છે. આવા ભેખધારીઓમાં તેમણે શ્રી ઝવેરચંદ મેઘાણી, દુલેરાય કારાણી, જયમલ્લ પરમાર, રામસિંહજી રાઠોડ, ખોડીદાસ પરમાર વગેરેને તો સમાવ્યા જ છે આ ઉપરાંત હસ્તકલાના અનન્ય કસબી એવા તેજીબહેન મકવાણાને પણ સમાવવાનું તેઓ ચૂક્યા નથી. આથી જ આ પુસ્તક અભ્યાસીઓ માટે તો ખરું જ પરંતુ સામાન્ય વાચકો જેઓ માત્ર પોતાના વાંચનના શોખને પોષવા તેમજ મળે ત્યાંથી થોડી વધુ માહિતી એકત્ર કરવા માટે જ વાંચતા હોય તેમને પણ ચોક્કસ ગમશે.

### વિભાગ- ૧ લોકકલાના વૈતાલિકો

શ્રી જોરાવરસિંહે એમના સંશોધનાત્મક પુસ્તક ‘લોકકલાના વૈતાલિકો’ ને બે વિભાગમાં વહેંચી આપેલ છે. જેમાં પ્રથમ વિભાગમાં તેમણે વીસ કલાકાર-કસબીઓને સમાવ્યા છે. અહીં એક બાબત ઉલ્લેખનીય છે કે અનુક્રમમાં જે જે વિભૂતિઓને જે ક્રમ પ્રમાણે ગોઠવેલ છે તે ક્રમ માત્ર એક સગવડતાનો જ છે. તે કલાકાર-કસબી કે સાહિત્યકારની ગુણવત્તાનો ક્રમ નથી. સાથોસાથ બીજી પણ સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે જે જે પાત્રો – ચરિત્રો વિશે લેખકે લખેલ લખાણ વાંચતા એવી અનૂભૂતિ થાય કે, ‘વાત અધૂરી રહી ગઈ.’ પરંતુ એને માટે સ્થળ સંકોચ પણ કારણરૂપ હોઈ શકે. આથી એ વિચારવું ઘટે કે લેખકે દરેક કલાકાર-કસબી વિશે માહિતીના કેટલાં પાના ભર્યા છે તે માપદંડથી માપવાને બદલે તેમણે જે કંઈ પણ માહિતી ખોળી કાઢી છે તેનું મૂલ્યાંકન શું, કેવું અને કેટલું કરવું તેનું મહત્ત્વ રહે છે.

પ્રથમ વિભાગનું પ્રથમ પ્રકરણ ‘સૌરાષ્ટ્રના છેલ્લા સુરંદાવાદક સિદ્દિકભાઈ જત’ વિશે શરૂઆત કરતાં શતપ્રતિશત સમુચિત રીતે વાતની માંડણી, સિદ્દિકભાઈના અંતિમ દિવસોના ઉલ્લેખ સાથે કરે છે. જેમાં તેમણે નોંધેલા સિદ્દિકભાઈના શબ્દો "દરબાર સાહેબ! સુરંદો મારું જીવન છે ઈ હવે સાવ છૂટી ગયો છે. હાથમાં સુરંદો ઝલાતો નથી તમે મારી ઝૂંપડીએ પધારો

ને હું સુરંદાના સૂર ન છેડું એવું બને ? "[2] શબ્દો દ્વારા અંતિમ અવસ્થાએ પહોંચેલા હાડોહાડ અને નખશિખ કલાકારની વેદનાને લેખકે મૂર્તિમંત કરેલ છે.

એવી જ રીતે 'ભવાઈના ભેખધારી : કાશીરામ વ્યાસ' માં કાશીરામ વિશે વાત કરતાં આવો જ એક હૃદયદ્રાવક પ્રસંગ ટાંકતા લેખક અભિભૂત થઈને નોંધે છે કે, "અમને આંગણે આવેલા જોતા જ કાશીરામભાઈના શ્વાસના, હૃદયરોગના, અશક્તિના સઘળા દર્દો જાણે કે દૂર થઈ ગયા અને અમને ભેટીને સાંચામાંચા મળ્યાં. " ડૉ. દીલીપ પૈજાએ જણાવ્યા પ્રમાણે લેખક નોંધે છે કે, કાશીરામભાઈ જોરાવરસિંહ તથા તેમની ટીમના આવવાના સમાચાર સુણીને માં શક્તિને પ્રાર્થના કરવા લાગેલા "હે માં ! જીવનભર મેં તારી ઉપાસના સાચા હૃદયથી કરી હોય તો બે દી' મને મારી શક્તિ પાછી આપજે. માતા સરસ્વતી મારી જીભે બે દી', માત્ર બે દી' હાજરાહજુર રહેજો."[3] કાશીરામ વ્યાસ સાથેની લેખકની મુલાકાતમાંથી એક વિશિષ્ટ માહિતી એ ઉજાગર થાય છે કે ભવાઈ વેશના કલાકારો પણ શાસ્ત્રીય સંગીતના પ્રચંડ જ્ઞાતાઓ હતા અને એ સમયના ભવાઈ વેશના ખેલૈયાઓ આજે શાસ્ત્રીય સંગીતમાં પણ ભાગ્યે જ કોઈ શાસ્ત્રીય ગાયક ગાઈ શકતા હોઈ તેવા સોરઠ, મેવાડો, પુરબિયો, રામગીરી વગેરે લગભગ લૂપ્ત થઈ ગયેલા શાસ્ત્રીય રાગોમાં જુદા જુદા વેશની રજૂઆત કરતાં આ ઉપરથી સાબિત થાય છે કે ભવાઈ વેશના ધુરંધર કલાકસબીઓ બહું જ ઉચ્ચ કક્ષાનું કહી શકાય તેવું ભારતીય શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન ધરાવતા હતા.

ઉચ્ચ વર્ણના સુશિક્ષિત કુંટુંબમાંથી આવેલ કુમારી પ્રતિભા પંડિત લોકકલાના ભેખધારી કલાકસબીઓમાં સીમાસ્તંભ રૂપ નામ તેમજ નામના ધરાવે છે. વર્ષો સુધી આર્યકન્યા મહાવિદ્યાલય વડોદરામાં આચાર્ય તરીકે કામ કરી ચૂકેલા આ મહિલાની એક અનન્ય ગણાવી શકાય તેવી સિદ્ધિ વિશે ઉલ્લેખ કરતા જોરાવરસિંહ નોંધે છે કે લોકનૃત્યમાં ડાંગી, રાજસ્થાની, ઝાલાવાડી જેવી ઢબછબથી અદ્દલ નાચી શકતા આ સન્નારીને પ્રેક્ષકો અત્યંત પ્રભાવિત થઈને કહી ઉઠતા કે આદિવાસી લોકનારીઓ સાથે આ સન્નારી એટલી હદે એકાકાર થઈ જાય છે કે તેઓને તે લોકનારીઓથી અલગ તારવવાનું લગભગ અશક્ય બની જાય છે.

ગુજરાતને ગાગરિયાઓ/ માણભટ્ટોનો એક અનન્ય વારસો અને લાભ મળેલ છે. છેક પ્રેમાનંદથી શરૂ થયેલી માણભટ્ટની પરંપરાના છેલ્લા અદ્દ્ભૂત કલાકાર એટલે શ્રી

ધાર્મિકલાલ પંડ્યા. જેમણે પોતાના ગાગરગાન વડે સમગ્ર ગુજરાતની નહીં પરંતુ મહારાષ્ટ્ર, આંધ્ર, રાજસ્થાન અને દિલ્હી સુધી સંખ્યાબંધ કાર્યક્રમો આપીને ઘેલું લગાડેલું. ધાર્મિકલાલની બીજી સિદ્ધિ એ હતી કે તેઓ માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પરંતુ એટલી જ શુદ્ધતા તેમજ માધુર્ય સાથે હિંદી તેમજ અંગ્રેજીમાં પણ આખ્યાનોની રજૂઆત કરી શકતા. ગુજરાતની આ ગૌરવવંતી કલાના ગૌરવાંવિત કસબીએ ઝિમ્બાબ્વે, કેનેડા તેમજ અમેરિકામાં પણ હાથ એક ઉંચું સ્થાન અપાવ્યું છે.

લોકકલામાંથી પોતાના કામ વડે નામ કમાઈને વિશ્વવિખ્યાત ઓક્સફોર્ડ યુનિ. માં જઈ પપેટ્સના નેવું શો, બાવીસ પ્રવચનો તથા નિદર્શનો તેમજ ચૌદ વર્કશોપ બ્રિટનમાં કરી ચૂકેલા અને બ્રિટનના ત્રણસો પચ્ચાસ જેટલા કઠપૂતળી કલાકારોને તાલીમ આપી ચૂકેલા કલાકાર એટલે શ્રી મહીપત કવિ. માત્ર આંગળિયો સાથે બંધાયેલી દોરીઓને ઠૂમકા મરાવી દર્શકોની નજર સામે ભરવાડ, મૂછાળા બાપુ, પાઘડિયાળા પટેલ, આયર જેવા લોકસંસ્કૃતિના માનવપાત્રોને તાદૃશ તો કરાવે જ છે સાથોસાથ લુચ્ચુ શિયાળ, ગધેડો, વનનો રાજા સિંહ, નાગબાપા જેવી પશુસૃષ્ટિને પણ સેલારા મારતી કરી દઈને આખાય પ્રેક્ષકગણને મંત્રમુગ્ધ કરી જકડી રાખવાની અનન્ય તાકાત ધરાવતા મહીપતરામ કવિ પણ ભાતિગળ લોકકલા સંસ્કૃતિનું અનન્ય પાસું છે.

લેખકે આ પુસ્તકમાં આ ઉપરાંત જુદી જુદી લોકકલાઓમાં અનન્ય મહારત ધરાવતા અન્ય કલાકસબીઓનો પણ ખૂબ જ સુંદર પરિચય આપેલ છે. જેમાં અજોડ નગારાવાદક સુલેમાન જુમા, અઢાર ઉઘાડી તલવારો સાથે અકલ્પનીય સ્ફૂર્તિ સાથે નૃત્ય કરી જાણનાર દલસુખ રાવળ, અબાલવૃદ્ધ સહુને પોતાના અદ્દભૂત એવા મદારીના ખેલો દ્વારા મંત્રમુગ્ધ કરી દેનાર સમજુનાથ મદારીનો વ્યવસ્થિત પરિચય આપેલો છે. એશિયાડ રાસમાં સફળતાનો ઝંડો લહેરાવનાર નૃત્યકાર મધુ પટેલ, જૂની રંગભૂમિના ધૂરંધર કલાકાર પ્રાણસુખ નાયક, અગ્નિનૃત્યના કલાકાર રાજેન્દ્ર જૈન, વાર્તાકાર દેવજી બારોટ, બારોટી શૈલીના સમર્થ લોકવાર્તાકાર કેશુભાઈ બારોટ તથા કાનજી ભુટા બારોટ, ભક્ત કવિ દુલા કાગ, લોકસંગીતની દુનિયાના અષાઢી અવાજના માલીક રાજશ્રીદેવી પરમાર, લોકસાહિત્યનો મહેરામણ મીઠાભાઈ પરસાણનો વ્યવસ્થિત પરિચય આપ્યો છે.

## *વિભાગ – ૨ લોકસાહિત્યના વૈતાલિકો*

*આ વિભાગમાં લોકસાહિત્યના સંશોધક- વૈતાલિકોનો પણ પરિચય કરાવ્યો છે. અહીં જો કે ઉલ્લેખનીય ગણાય કે લોકસાહિત્યના ઝવેરચંદ મેઘાણી, દુલેરાય કારાણી, જયમલ્લ પરમાર જેવા ભેખધારીઓનો પરિચય આપવા બેસવું સુરજની સામે દીવો ધરવા બરાબર કાર્ય ગણાય, પરંતુ તમામ વાંચન રસિયાયો આ બધા મહાનુભાવો વિશે ગમે તેટલું જાણતા હોવા છતાં ક્યાંક ખૂણે ખાંચરે કોઈક એવી વિગત પણ નીકળી આવી શકે જે અપ્રકાશ્ય રહી જવા પામી હોય. એમને બહાર લાવવાની સંશોધકો, મર્મીઓ તેમજ સામાન્ય વાચકોને પણ કશુંક નવું જાણવા મળ્યાનો આનંદ પ્રાપ્ત થાય અને આવા કોઈપણ ભેખધારીની મૂલવણી સુપેરે થઈ શકે તે માટેનો અત્યાર સુધી અજ્ઞાત રહેવા પામેલ એવો એક નવો દ્રષ્ટિકોણ પણ પ્રાપ્ત થઈ શકે. જોરાવરસિંહે આ વિભાગમાં આઠ અનન્ય ગણી શકાય એવી વિભૂતિઓનો સમાવેશ કરેલો છે.*

*ઝવેરચંદ મેઘાણી ગુજરાતી લોકસાહિત્યમાં એક એવી હસ્તિ થઈ ગયા કે એમના વિશે ખાસ કશુંયે કહેવાનું બાકી ન રહે એટલું સંશોધન અલગ-અલગ સંશોધકોએ એમના વિશે ક્યારનુંયે કરી લીધેલું છે. તે છતા કેટલીક વાતો એવી પણ ખૂણેખાંચરેથી નીકળી શકે જેની નોંધ લેવાવાનું કાં તો ચૂકી જવાયું હોય અથવા નોંધ લેવાનું જરૂરી ન લાગ્યું હોય. એવા લોકસાહિત્યના આજન્મ ભેખધારી મેઘાણીને બગસરાની બાજુમાં આવેલા હડાળા ગામના કાઠી દરબાર વાજસુર વાળાએ લોકસાહિત્યની દીક્ષા આપેલી. માત્ર પચાસ જ વર્ષના ટૂંકા આયુષ્યમાંથી સળંગ પચ્ચીસ વર્ષો આ વિભૂતિએ લોકસાહિત્યના સંશોધન પાછળ ખર્ચી નાંખ્યા, એ નોંધાયેલી હકીકત છે. બીજી એક હકીકત નોંધાયેલી હોવા છતા મોટાભાગના સંશોધકો ઉલ્લેખ કરવાનું ચૂકી જાય છે તે એ છે કે રાજકોટમાં ચારણ સમાજના સંમેલનમાં ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યની માંડણી કરીને આખા ચારણ સમાજના શ્રોતાવૃંદને રસતરબોળ કરી નાંખ્યું ત્યારે લીંબડીના રાજકવિ શંકરદાન દેથાએ ટકોર પણ કરેલી કે લોકસાહિત્ય જેની ગળથૂંથીમાં હોય એવો ચારણ સમાજ કાન દઈ લીન થઈને સાંભળી રહ્યો હોય અને વાણિયાનો દીકરો લોકસાહિત્ય પીરસતો હોય આ ઘટના વાણિયાઓની નાત માટે ગૌરવરૂપ ગણાય અને સાથોસાથ ચારણોના સમાજ માટે શરમજનક ગણાવી શકાય.*

લોકસાહિત્ય ઉપર ઘણાં બધા સંશોધકોએ ઘણું બધું કામ કરેલું છે, પરંતુ લાંબા સમય સુધી કચ્છી લોકસાહિત્ય લગભગ ઉપેક્ષિત રહી જવા પામ્યું હતું. એમાં જબરજસ્ત સંશોધન કરીને કચ્છી સાહિત્યની સાથોસાથ પોતાના નામને પણ અમર કરી જનાર સંશોધક, કવિ, સાહિત્યકાર એટલે કચ્છ જો માડુ દુલેરાય કારાણી. તે સમયના પ્રખ્યાત જૈન મુનિ કલ્યાણચંદ્રજી મહારાજના આશીર્વાદ તથા કૃપાદ્રષ્ટિ સાથે એક જુદી જ દિશામાં આરાધનાની શરૂઆત કરી. કચ્છી લોકસાહિત્યમાં તેમને પ્રીતિ તો હતી જ સાથોસાથ તે કવિ જીવ પણ ખરા. એમની હૈયાની સરવાણીઓ ખૂલી જવાથી તેમની કલમમાંથી કાવ્ય, નવલિકા, નવલકથા, નાટક, વિવેચન, ઈતિહાસ, અનુવાદ એમ વિવિધ સ્વરૂપોએ સર્જકપ્રતિભાનો અવિરત પ્રવાહ વહેતો રહ્યો. છેક ૧૯૨૮ માં 'કચ્છના રસઝરણાં' થી શરૂ થયેલી આ સાહિત્યયાત્રા ૧૯૮૯ માં ૯૪ માં જન્મદિવસે પૂરી થઈ ત્યાં સુધી અવિરત ચાલું રહી. તેમણે ૬૦ પુસ્તકો જેટલું માતબર પ્રદાન કર્યું. તે સમયના કચ્છના સાહિત્યપ્રેમી મહારાવ મહારાવ મદનસિંહજી બાવાએ દુલેરાયને કચ્છ રાજ્યના કેળવણી ખાતામાં મદદનીશ નિરીક્ષક અધિકારી તરીકે નિમ્યા. દુલેરાયે આપેલ 'કચ્છની રસધાર' ના પાંચ ભાગોનું પણ એટલું જ મહત્ત્વ છે. એમની મહેનતના પરિપાકરૂપે આજે કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય, કચ્છી પિરોલી, કચ્છી કહેવતો વગેરેની મદદ વડે ગુજરાતી લોકસાહિત્ય વધુ સમૃદ્ધ થયું છે. લોકકવિ ભગુભાઈ રોહડિયા દ્વારા અપાયેલી અંજલી શતપ્રતિશત સમુચિત છે.

"'અગન સાળુ ઓઢિયા, ચંદન લીંપાણી;
ત્યાં ધૂપ ધરી ઊભો રહ્યો, કચ્છમાં કારાણી.'
'જેમ સોરઠને સાંપડ્યો, મરમી મેઘાણી;
એમ કચ્છમાં આંબો કોળિયો, કલમે કારાણી.'"[૪]

લોકસાહિત્યની સ્તુતિ ગાવા બેસીએ તો જેટલા આદરપૂર્વક મેઘાણી કે કારાણીનો ઉલ્લેખ કરવો પડે તેટલા જ આદર સાથે જયમલ્લ પરમારનો પણ ઉલ્લેખ કરવો પડે. એમ કહી શકાય કે ૧૨ મી જૂન, ૧૯૯૧ ના રોજ જયમલ્લ પરમારે આ પૃથ્વી ઉપરથી અણધારી વિદાય લેતા લોકસાહિત્યના ખેડાણ તેમજ જાળવણીનો એક આખો યુગ આથમી ગયો હોવાની તમામ ભાવકોને લાગણી થયેલી. ઝવેરચંદ મેઘાણી પાસેથી પ્રેરણા મેળવીને લોકસાહિત્યના રંગે

રંગાયેલા જયમલ્લ પરમારે આપબળે ખેડાણ કરતા કરતા એટલી હદ સુધી આરોહણ કર્યું કે મેઘાણીની સાથોસાથ નામોલ્લેખ કરવો પડે તેટલી ઊંચાઈ તેમણે પ્રાપ્ત કરી એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. પોતાની હયાતી દરમિયાન લોકસાહિત્યના સંમેલનોના આગવા ઉત્સવસમો શિરસ્તો શરૂ કરનાર જયમલ્લભાઈ હતા.

હરકાન્ત શુક્લનું વ્યક્તિત્વ બહું આયામી ગણાવી શકાય, કારણ કે પોતે સાહિત્ય, સંગીત, કલાના અનુરાગી હોવા ઉપરાંત સંસદીય બાબતોમાં પણ નિષ્ણાંત હતા. વિશ્વગૂર્જરી સંસ્થા સંચાલિત ગુજરાત ઈન્ટરનેશનલ સામાયિકના મંત્રી પદે હતા ત્યારે લેખકોને લેખનું નોતરું દીધા પછી લેખ લેવા જાતે જ લેખકને ઘેર પહોંચવાની તેમની ચીવટ આજના સમયમાં પણ અનુકરણીય ગણી શકાય. લાંબા સમય સુધી પુત્ર સાથે અમેરિકા રહ્યા. અમદાવાદ પરત આવ્યા બાદ તેમને ગુજરાત રાજ્ય સંગીત, નૃત્ય, નાટ્ય અકાદમીના ઉપપ્રમુખના પદ ઉપર નિમવામાં આવ્યા.

લાઠીનો રાજવી પરિવાર જેમ કવિ કલાપીના નામથી વિખ્યાત છે એમ જ તે પરિવારમાં કુમાર શ્રી મંગલસિંહજી પણ એક ચિત્ર સર્જક તરીકે માત્ર ગુજરાત કે ભારત નહીં પરંતુ વિદેશી ચિત્રકારો અને ચિત્ર સર્જકોના મનમાં પણ આદરણીય સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા. સૌરાષ્ટ્રના આ એક એવા ચિત્રકાર હતા જેમને ૧૯૩૮ માં તેમણે કરેલા યુરોપના પ્રવાસ દરમિયાન સર ફ્રાન્ક બેગ્વીંન, પ્રો. રાઘેનસ્ટાઈન જેવા ચિત્ર સર્જકોની સંગત સાંપડેલી અને તેમના સ્ટુડિયોમાં રહીને પોતાની ચિત્રકળાને કસોટીની એરણે ચડાવી સફળતાના નવા અને અનેરા આયામો સિદ્ધ કરવાનું સદભાગ્ય સાંપડેલું.

આ ઉપરાંત ખોડીદાસ પરમાર, રામસિંહજી રાઠોડ, તેજીબહેન મકવાણાનો પણ લોકકલા અને સંસ્કૃતિના સમાર્જન તેમજ સંશોધનમાં જબરજસ્ત ફાળો રહેલો છે. એમાં પણ અત્યંત નીચલા સ્તરની ગણાતી મેઘવાળ જ્ઞાતિના તેજીબહેન મકવાણા એક એવા કલાકાર છે જેમણે બ્રિટન ખાતેના ભારત મહોત્સવમાં કટાબકામની અદભૂત કલા વડે નિહાળનાર માત્ર ગુજરાતીઓ જ નહીં પરંતુ યુરોપિય ભાવકોને પણ ગાંડાતૂર કરી મૂકેલા.

### ઉપસંહાર

જોરાવરસિંહે 'લોકકલાના વૈતાલિકો' પુસ્તક દ્વારા કલાકારો, કસબીઓ, લોકસાહિત્યના સંશોધકોનો પરિચય જ નથી આપ્યો પરંતુ સાથોસાથ તેમણે જાણે કે હાથમાં સળગતી મશાલ સાથે ભાવક, વાચક વર્ગને સ્પષ્ટ દિશા નિર્દેશ પણ આપ્યો છે કે સમાજના ખૂણે ખાંચરે ચીંથરેવીંટયા રતન સમા અજ્ઞાત પડેલા કલા-કસબીઓ ઉપર સંશોધન કરી શકાય તે સંશોધન પ્રકાશિત થયે તે કલા-કસબીઓને સમાજમાં નામ અને સ્થાન મળે અને અંતે બાયપ્રોડક્ટ (ઉપપેદાશ) તરીકે આવા સંશોધકને તેની સરાહના દ્વારા નામના પ્રાપ્ત થાય.

## ૪. ૩ આપણા કસબીઓ ભાગ ૧ – ૨

### પ્રસ્તાવના

જોરાવરસિંહે સંશોધન કરીને આપેલ બે સંચય 'આપણા કસબીઓ ભાગ ૧ તથા ૨' કોઈપણ વ્યક્તિના સામાન્ય જ્ઞાનમાં ધરખમ ઉમેરો કરી શકે એવા પુસ્તકો છે. આ પુસ્તકને નેશનલ કમિટી ફોર એજ્યુકેશન એન્ડ રિસર્ચ (NCERT) દિલ્હી તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ છે. અહીં અત્યંત નોંધનીય બાબત એ છે કે આપણા સમાજમાં આપણી આસપાસ અનેકાનેક અલગ અલગ કલા તેમજ કસબ ધરાવતા માણસો પડેલા છે, જેમનો આપણને કોઈ જ અંદાજ તો હોતો જ નથી પરંતુ એનાં કરતાં પણ વધુ આશ્ચર્યકારક તો એ ગણાય કે આપણી આસપાસ વસતીની વચ્ચે કેટલા અલગ અલગ પ્રકારના કસબ/કારીગીરી/જ્ઞાનના માલિકો રહેતા હોય છે.

'આપણા કસબીઓ ભાગ ૧ અને ૨' ના પ્રથમ પ્રકરણ 'અંબારામ સોની' થી લઈને 'કાનજી કઠપૂતળીવાળો' સુધી અલગ અલગ કલા કે કસબના મરમીઓની જે કંઈ સંશોધિત વાતો શ્રી જોરાવરસિંહે આપેલ છે તેના માટે અદ્‌ભુતથી લગીર પણ ઓછું કશુંય તો કહી શકાય એમ જ નથી. પરંતુ સતત અહેસાસ થયા કરે કે અદ્‌ભુત શબ્દ પણ જાણે કે ટૂંકો પડતો હોય. વંશપરંપરાગત ઘરફોડ ચોરીનો જ વ્યવસાય કરનારી છારા કોમની વાત હોય કે પશુની

ખરીદી કરતી વખતે તેના નજરે જોઈ શકાતા લક્ષણોને ઓળખીને તે પશુના આનુવંશિક મૂલ્યનો તાગ મેળવવાની વાત હોય શ્રી જોરાવરસિંહે આ દરેક પાત્રો સાથે તેમના કસબ, વ્યવસાય અંગેની ઊંડાણપૂર્વકની ચર્ચાઓ કરીને જે કંઈ માહિતીઓ એકઠી કરેલી છે તેનું કદ એક ભંડાર કરતાં સહેજ પણ ઓછુ આંકી શકાય તેમ નથી. આ ઉપરાંત કોઈપણ કક્ષાના ભાવકને મતિમૂઢ કરી શકે તેવી હકીકત તો એ છે કે ધારો કે આપણે કોઈને તેના વ્યવસાયની વિગતો પૂછવા બેસીએ તો કોઈ સીધેસીધો આપણને ઉત્તર આપવા, આપણી જીજ્ઞાસા સંતોષવા સહમત થાય એ જરૂરી થોડું જ છે ? જ્યારે એક પ્રચલિત હિંદી કહેવત અનુસાર એમ કહી શકાય કે આ બધી વાતોને એકઠી કરવા માટે જોરાવરસિંહને કિતને પાપડ બેલને પડે હોંગે ?

## કસબીઓનું વર્ગીકરણ

આ પુસ્તકમાં શ્રી જાદવે જેમના વિશે સંશોધન કરીને માહિતીઓ પૂરી પાડેલ છે તેવા વ્યક્તિ વિશેષોને અલગ અલગ ખંડોમાં વિભાજીત કરી શકાય તેમ છે. આ વિભાજન નીચે મૂજબ કરી શકાય.

→ પશુશાસ્ત્રીઓ

→ કારીગરો

→ જુદી જુદી કલા

→ અન્ય કસબીઓ

## પશુશાસ્ત્રીઓ

પશુશાસ્ત્રી ભાયા ભરવાડની સાથે જોરાવરસિંહ વાતો કરીને જે માહિતીઓ કઢાવી શક્યા છે તેમાં કઈ ઓલાદનો, કેવા દેખાવનો બળદ ખરીદવા યોગ્ય ગણાય અને કઈ જાતનો બળદ ક્યારે જ ખરીદવો તેના વિશેની જે માહિતીઓ આપેલી છે તે અદ્‌ભુત છે. બળદની

ખરીદી કરતી વખતે તેના અમુક લક્ષણો ખાસ તપાસવા પડે અને એમાં ભાયાદાદા સારા બળદ વિશે એક હિંદી દોહરો સંભળાવે છે,

"સીંગ મૂડે માથા ઉઠા, મુંહકા હોવે ગોલ,

રોમ નરમ ચંચલ કરન, તે જ બૈલ અનમોલ."[૫]

જેવો હિંદી ભાષાનો દોહરો એક અભણ ભરવાડના મોઢે સાંભળવા મળે એટલું જ નહીં તેનું શબ્દાર્થ સાથેનું અર્થઘટન પણ એ ભરવાડ કરી આપે તેના પરથી તેની જાણકારીનું માપ નીકળે છે. 'ભાયા ભરવાડ' ના પ્રકરણમાં ભાયા ભરવાડના મુખેથી તેમજ પોતે પણ સંશોધન કરીને જાણેલી ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી મળી આવતી બળદોની વિશિષ્ટ જાતિઓની યાદી પણ વાચકને ખૂબ જ આસાનીથી અભિભૂત કરી શકે તેવી પ્રભાવક છે.

એ જ રીતે 'સવજી સોદાગર' ના પ્રકરણમાં ઘોડા ખરીદતી વખતે કઈ પ્રકારના ઘોડા ખરીદવા યોગ્ય ગણાય તે અંગે સવજી સોદાગર સાથે ચર્ચા કરતી વખતે જોરાવરસિંહ પ્રશ્ન પૂછે છે કે 'તમે સારો ઘોડો કોને ગણો ?' તેના જવાબમાં સવજી સોદાગર એક દુહો કહે છે,

"સોરઠિયો દુહો ભલો, કપડો ભલો સફેદ,

નારી તો નેણ ભલી, ઘોડો ભલો કુબેદ."[૬]

આ દુહો સાંભળતાની સાથે વધુ માહિતી પ્રાપ્ત કરવાના હેતુસર લેખક સવજીને ઘોડામાં કુબેદ સિવાયની અન્ય જાતો વિશે પ્રશ્ન પૂછે છે ત્યારે સવજી તેમને ઘોડાઓની ઉત્તમ, મધ્યમ, નીચ અને કનિષ્ટ એમ ચાર વર્ગમાં વહેંચાયેલી જાતો વિશે માહિતી પૂરી પાડે છે. સાથોસાથ શાલિહોત્ર ઋષિએ રચેલા 'અશ્વપરીક્ષા' નામના ગ્રંથનો ઉલ્લેખ કરીને સમજાવે છે કે ઘોડાના જાણકારો આજેય ઘોડાની ખોડ, શુભ - અશુભ ચિહ્નો અને તેના ભેદ પારખીને ઘોડાની ખરીદી કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે માનવીઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા જે ચાર વર્ણો છે એવા જ ચાર વર્ણો ઘોડાઓમાં પણ જોવા મળે છે. જે તે વર્ણના ઘોડાઓ ઉપર સવારી કરવાથી તે અમુક ખાસ પ્રકારના ફળ આપે છે. સવજી કાઠિયાવાડમાં ઉછેરવામાં આવતી ઘોડાઓની છત્રીસ જાતિઓના નામ કાવ્યાત્મક શૈલીમાં ગણાવી જાય છે. તેટલું જ નહીં

કાઠિયાવાડના કયા ગામ કે કયા વિસ્તારમાં કઈ જાતના ઘોડાઓ ઉછેરાય છે તેની પણ વિસ્તૃત માહિતી પૂરી પાડે છે.

**કારીગરો**

'કાષ્ટકળાનો માલમી છગન સુથાર' તેમજ એના જેવા નિષ્ણાંતો હવે માત્ર ઈતિહાસને ચોપડે જ જોરાવરસિંહ જેવા જ્ઞાનપીપાસુ વિદ્વાનોની અથાગ મહેનતને પરિણામે બચી ગયા છે. બાકી કંઈ અદ્ભુત કરતાં જરાય ઓછા નહીં એવા સુથારો આપણે ત્યાં થઈ ગયા છે. કાષ્ટકળાના માલમી છગન સુથાર વિશે માહિતી આપતા લેખક નોંધે છે કે ભરવાડો લગ્નપ્રસંગે માણેકસ્તંભ મટે ખીજડો વધાવવા વાજતે ગાજતે જાય છે. ખીજડો વધાવ્યા પછી સુથાર એને કાપે, સૂકવે ને પછી એમાંથી આઠ – દસ ફૂટ ઊંચો માણેકસ્તંભ બનાવે. એની ખૂબી એ છે કે એક જ લાકડામાંથી સાંધા કે ખીલી વિના આખો ને આખો બનાવે ને એ માણેકસ્તંભ વડે ૮૦ થી ૧૦૦ ભરવાડની દીકરિયું પરણે. આઠ ફૂટની લંબાઈના એક માણેકસ્તંભમાં છગન સુથાર નોંખા નોંખા ખાનાઓમાં ગણેશ, વલોણું કરતાં કાનગોપી, હોકો પીતા ભાભા, નાળિયેર, હાથી, ઘોડા, પોપટ, ફૂલોની વેલ વગેરે પણ કોતરી આપતા. યુ. એસ. એ. માં ત્યાંના મૂળ આદિવાસી રેડ ઈન્ડિયનો ઝાડના થડના લાકડામાંથી વિવિધ આકૃતિઓનું કોતરકામ કોઈપણ આધુનિક ઓજારોની મદદ વિના અત્યંત સફાઈપૂર્વક કરીને ટોટેમ પોલ બનાવતા. તેમજ ભૂતકાળમાં જે અંધારિયો ખંડ કહેવાતો તે આફ્રિકા ખંડના અંતરીયાળ ગાઢ વિષુવવૃત્તિય વિસ્તારોમાં વસતી આદિવાસી જાતિઓમાં પણ એવા કાષ્ટકળાના માલમીઓ હતા. જેઓ અતિ ઉત્તમ કલાકારીગીરીના નમૂનારૂપ કોતરણી ઝાડના થડ ઉપર તદ્દન દેશી ગણાય એવા હાથ ઓજારો વડે કરી આપતા. આજની તારીખમાં છગન સુથારે કોરેલ આઠ ફૂટની ઉંચાઈનો માણેકસ્તંભ, રેડ ઈન્ડિયન આદિવાસીઓ કોરેલ ટોટેમ પોલ કે આફ્રિકાના હબસી આદિવાસી દ્વારા કોતરવામાં આવેલ કાષ્ટકળાના અનન્ય અને અદ્ભુત નમૂનાઓ શોખિન ધનિકો અત્યંત ઊંચી કિંમત ચુકવીને વસાવતા હોય છે અને આ નમૂનાઓ આવા ધનિકોના મહાલયોની સજાવટનું અવિભાજ્ય અંગ બનતા હોય છે.

'પાણીકળા કાળુમહારાજ' તેમજ એમના જેવા અન્ય ઈલમીઓ જોઈએ તેટલા પ્રમાણમાં પ્રકાશમાં નથી આવ્યા અને તેને બદલે હળદરના ગાંઠીયે ગાંધી થઈ બેઠેલા અનેકો ધીખતો ધંધો કરીને નોટો છાપી રહ્યા હોય એવી અનુભૂતિ આજના સમયની એક વરવી

વાસ્તવિકતા છે. તેવા સમયે લેખક કાળુમહારાજ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડે તેને એક અનન્ય ઘટના તરીકે મૂલવવી જ પડે. અત્રે ઉલ્લેખનીય ગણાશે કે પરિશ્રમ જોરાવરસિંહે કર્યો અને તેમના અનન્ય પરિશ્રમનું પારિશ્રમીક રૂપી જ્ઞાન / માહિતી રૂપી ખજાનો ખાસ કોઈ જ પરિશ્રમ વગર આપણને પણ હાથ લાગેલ છે. કાળુમહારાજે જમીનમાં પાણી હોઈ શકે કે કેમ તેના જે નજરે જોઈ શકાતા લક્ષણો દર્શાવ્યા છે. તે તો આપણે પણ ઘણી વખત ઘણી જગ્યાએ જોયા હોય. દા.ત. જમીનની કોર ઉપરની રાફડાની હાર, કસની આસપાસ અને બન્ને બાજુએ એરણી, ઇંગોરિયા જેવા છોડવા તેમજ રાણ્ય, સાજડ, ખીજડી કે કેરડાનાં ઝાડ જોવા મળે તથા સૌથી અગત્યનું લક્ષણ કે માત્ર ચોમાસામાં જ નહીં પરંતુ શિયાળે તેમજ ઉનાળે પણ કસ ઉપર લીલી ધ્રો ઉગેલી જોવા મળે તે જમીન પાણીના કસવાળી ગણાય. આ પ્રકારની માહિતી જેમ પાણીકળા કાળુમહારાજને ઉપલબ્ધ છે તે જ રીતે આ બધું આપણી નજર સામે પણ હોય જ છે પરંતુ કાળુમહારાજ પાસે તેમની પોતાની સાધનાના પરિપાકરૂપે એક કેળવાયેલી જે દ્રષ્ટિ છે તે આપણી પાસે નથી. આથી તેઓ જ્યાં પાણી ગોતી શકે અને બતાવી શકે ત્યાં આપણે હાથ જોડીને બેસી રહેવા સિવાય કશું જ કરી શકીએ નહીં.

એવી જ રીતે 'ભૂલો જડીબુટ્ટીવાળો' અને તેના જેવા જડીબુટ્ટીઓના અનેક જાણકારો આપણા દેશમાં પડેલા છે, પરંતુ હવે એ વિસરતી જતી અને લુપ્ત થતી જતી વિદ્યા મનાય છે. આયુર્વેદના 'ચરકસંહિતા', 'સુશ્રુતસંહિતા', 'આર્યભિષક' વગેરે જેવા ગ્રંથોમાં જડીબુટ્ટીઓના કલ્પી ન શકાય તેવા પરિણામોની વાત કરતાં અનેક ઉપયોગોના વર્ણનો આપેલા છે. આ ગ્રંથોમાં સંગ્રહિત માહિતીઓનો શબ્દેશબ્દ પ્રમાણ છે. પરંતુ આધુનિક વિજ્ઞાન અને ઔષધશાસ્ત્રના અવિરત આક્રમણ સામે આ બધી વિદ્યાઓ હવે ધીમે ધેમે ભુલાવા માંડી છે. તે પણ એક દુ:ખદ છતા જેનો વિરોધ ન થઈ શકે તેવી હકીકત છે. 'ભૂલો જડીબુટ્ટીવાળો' પ્રકરણને વાંચતી વખતે અહેસાસ થયા વગર રહેતો નથી કે આ વિદ્યાના આવા મરમીઓ વિશે વધુ વિસ્તૃત માહિતી પ્રકાશમાં લાવીને જો તેમને પ્રોત્સાહિત કરવામાં આવે તો સમાજને પાશ્ચાત્ય ઔષધ વિજ્ઞાન દ્વારા નિર્માણિત એલોપેથીક ઔષધિઓના અતિક્રમ તેમજ તેની સંભવિત આડઅસરથી અનેક લોકોને બચાવી શકાય.

'કૂકો સરાણિયો'ના પ્રકરણની મદદ વડે સરાણ ઉપર છરી, ચાકા, સૂડી, તલવાર, ધારિયા વગેરે જેવા ઓજારો તેમજ હથિયારો ઘસીને તેની ધારને તેજ કરી આપવાની વિશિષ્ટ વિદ્યાના જાણકાર લુહારો વિશેની માહિતીમાનું અદ્ભુત તત્ત્વ પંચાવનમાં પાને અંતિમ ફકરામાં જૂના જમાનામાં લડાઈઓમાં વપરાતા અલગ અલગ હથિયારોના નામની જે યાદી આપેલી છે તે અદ્ભુત છે. સરાણ વિદ્યામાં સરાણ ઉપર હથિયારને કઈ રીતે ઘસીને ધાર કાઢવામાં આવે છે, સરાણ માટે કઈ પ્રકારનો પથ્થર વાપરવો જોઈએ, સરાણ કેટલી ગતિએ ફરતી હોવી જોઈએ તેમજ હથિયારને તેજ ધારવાળું બનાવવા માટે કેટલા પ્રમાણમાં તેને પાણી પાવું જોઈએ વગેરે અનેક બાબતોને ધ્યાનમાં રાખવાની હોય છે. આપણે ત્યાંના સરાણિયાઓની જેમ જ જાપાનમાં સામુરાઈ તલવાર 'કટાના' ઘડીને બનાવી આપનાર તેના ઘડવૈયાઓ પણ તેટલાજ પ્રસિદ્ધ છે. તેઓ જરા પણ આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યા વગર આજે પણ પ્રાચીન પરંપરાગત પદ્ધતિથી તલવાર બનાવે છે તે ઉલ્લેખનીય છે.

## જુદી જુદી કલા

'સોનુ ગણિકા' નું પ્રકરણ વાંચતા આપણને જાણકારી પ્રાપ્ત થાય છે કે ગણિકાઓના પણ પ્રકારો હોય છે. જેમાં ગણિકા, રૂપજીવા અને કુંભદાસી એમ ત્રણ જાતની ગણિકાઓમાં પણ ઉત્તમ, મધ્યમ અને અધમ જાત હોય છે. ગણિકા વ્યવસાયમાંથી ધનનું ઉપાર્જન કરીને તે દ્રવ્યને ધાર્મિક કાર્યો માટે વાપરે, બ્રાહ્મણોને દાન આપે તેમજ દેવાલયો તથા તળાવો બંધાવે તેવી ગણિકાઓ કોઈ એક જ નાયકને સમર્પિત થઈને જીવન ગુજારતી હોય છે. તેને ઉત્તમ ગણિકા ગણવામાં આવે છે. જ્યારે પોતાનું રૂપ અને સૌંદર્ય વેચીને નાણું કમાઈ તે નાણાથી શૃંગારવિષયક સામગ્રીઓ ખરીદે, અંગત પ્રકારની મોજમજા પાછળ વાપરે તેને અનુક્રમે મધ્યમ અને કુંભદાસી અર્થાત્ અધમ કોટીની ગણિકા તરીકે ઓળખવામાં આવે છે. લેખકે સોનુ સાથે કરેલી વાતચીતમાંથી સુપેરે પ્રતિપાદિત થાય છે કે વાતચીતના શરૂઆતના તબક્કે સોનુ ખાસ કોઈ જ રસ વગર તેમજ અકળામણ સાથે પુછાયેલા પ્રશ્નોના ઉત્તર આપતી હોય છે. પરંતુ વાતના એક તબક્કે એનાં હ્રદયમાં ઊંડે ધરબાયેલી પડેલી તેની અંગત વ્યથાને વાચા મળે છે અને બહાર આવતી હકીકત એક જુદા જ દ્રષ્ટિકોણ વડે તેનાં પ્રતિ જોવા પ્રેરે છે.

'પિલાજ મદારી' પ્રકરણ વાંચતા આપણને લેખક અને મદારીના સંવાદો દ્વારા જાણવા મળે છે કે મદારી હિંદુ પણ હોય અને મુસલમાન પણ હોય. તે જે માકડા રમાડી લોકોનું મનોરંજન કરતા હોય તે માકડા માણસની ભાષા નહીં પરંતુ મદારીના હાથમાં રહેલ સોટીની ભાષા સમજે છે. મદારીઓ માકડા સિવાય રીંછ જેવા જાનવરોના ખેલ બતાવીને પોતાની આજીવિકા ચલાવે છે. 'તરભોવન તરગાળા' પ્રકરણમાં તરગાળા જ્ઞાતિની ઉત્પતિ કેવી રીતે થઈ અને તેમની ચાર જાતો વિશેની માહિતી આપણને મળે છે. આ ભવાયાઓ જોગી-જોગણ, પાવૈયો, દરજી, રામદેવપીર, શૂરા રાઠોડ, મિયાંબીબી, વાણિયો, બાવો વગેરે વેશો ભજવે છે. આ વાતને અહીં ખૂબ જ રસપૂર્વક આલેખવામાં આવી છે. 'નાથુ વાદી' પ્રકરણમાં લેખકે નાથુ સાથે જે વાતો કરીને માહિતીઓ કઢાવી છે તે અદ્‌ભુત છે. વાદી મદારીમાં પણ લાલવાદી, ફૂલવાદી, માનવાદી એમ છ સાત ફાંટાઓ હોય છે તથા તે લોકો ગુજરાતમાં ક્યા પ્રદેશોમાં વસે છે તેની વાત કરવામાં આવી છે.

**અન્ય કસબીઓ**

અન્ય કસબીઆમાં જોઈએ તો 'પથુડો દેવીપૂજક' પ્રકરણમાં દેવીપૂજકો સસલા કેવી રીતે પકડે છે તેની સુંદર રજૂઆત કરવામાં આવી છે. ઝાડની જેટલી ડાળીઓ હોય તેટલી તેમની જ્ઞાતિમાં સાખુ હોય છે. તેમની નાતના રિવાજોની ઘણી બધી માહિતી લેખક પથુડા પાસેથી કઢાવી શક્યા છે. 'બહુચરમાના પાવૈયા' પ્રકરણમાં પાવૈયાઓ સાથે લેખકે જે વાતો કરીને માહિતીઓ કઢાવી શક્યા છે તેમાં વ્યંઢળોની ઉત્પતિ ક્યારથી થઈ?, વ્યંઢળોના પરસ્પરના સંબંધો, તેમની નાતમાં દાખલ થવાની પદ્ધતિ કે વિધિ તથા તેમના મૃત્યુ પ્રસંગે જે વિધિ કરવામાં આવે તેની માહિતી ઊંડાણપૂર્વક આપી છે.

**ઉપસંહાર**

'આપણા કસબીઓ ભાગ ૧ તથા ૨' પુસ્તકની ત્રણ ત્રણ આવૃત્તિઓ થઈ ગઈ છે, તે પોતે જ સાક્ષી પૂરે છે કે આ પુસ્તકનું મૂલ્ય કેટલું ઉંચુ ગણી શકાય. આ પુસ્તકના

લોકાર્પણ પ્રસંગે કચ્છના ધૂરંધર લોકસાહિત્યકાર શ્રી દુલેરાય કારાણી એક કચ્છી કવિત બોલેલા તે ખૂબ જ માર્મિક છે.

"ડીસી ખાસો ધામ કલાકાર આયો કોડ મંજા

અને કલાકે ન્યારેલા વડી મેદની ભરઈયા હૈ

માડુતા શાબાશી દિયે આહાહાહા હે..."[૭]

આ કવિતના અર્થ પ્રમાણે કોઈ કલાકાર શાબાશી મળવાથી આનંદિત અવશ્ય થાય છે, પરંતુ આવા કોરા આનંદ વડે તેનું પેટ ભરાતું નથી. આપણે અપેક્ષા સેવીએ કે શ્રી જોરાવરસિંહના આ અને આવા સંશોધિત સંગ્રહોમાં અભરે ભરેલી માહિતીના ભંડારમાંથી પ્રેરણા લઈને 'ચીંથરે વીંટ્યા રતન સમા' આવા કલાકારો – કસબીઓની સુયોગ્ય કદર આપણો સમાજ કરતો થાય.

આ પુસ્તક સંમાર્જનના પ્રયત્નરૂપે પાનેપાને આપેલા રેખાચિત્રો જે તે પાત્રને સમજવામાં અત્યંત સહાયક તો પુરવાર તો થાય જ છે સાથોસાથ આ બધા ચિત્રો એટલી હદે નયનરમ્ય પણ છે કે તેમના સારી એવી સાઈઝના ભીંતચિત્રો બનાવીને કોઈ ઘરના સુશોભનમાં વાપરવામાં આવે તો તે ઘરની શોભામાં પણ અનેરો ઉમેરો થઈ શકે.

## ૪. ૪ આપણા લોકકલાકારો

### પ્રસ્તાવના

'આપણા લોકકલાકારો' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૯૧ માં જે. કે. મજમુદાર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલું છે. આજના સમયમાં લોકોના મનોરંજન માટેના જેટલા સાધનો છે તેટલા જૂના સમયમાં ન હતા. તે સમયે આપણા લોકજીવનને આનંદિત અને તાજગીથી ભર્યુંભર્યું રાખવાનું કામ જુદા જુદા લોકકલાકારો કરતાં હતા. તે પોતાની મનોરંજનની લોકકલા દ્વારા ગ્રામ્યપ્રજાનું મનોરંજન કરતાં

અને તેના બદલામાં અનાજ કે પૈસા મેળવતા. આ મનોરંજન કરવાવાળી જાતિઓમાં વાદી, મદારી, ગારુડી, નાથબાવા, ભવાયા, બહુરૂપી, મલ્લ વગેરેનો સમાવેશ થાય છે.

**લોકકલાકારો**

આ પુસ્તકમાં જોરાવરસિંહે આપણને મનોરંજન કરાવનારી ઘણી બધી જાતિઓનો સુપેરે પરિચય કરાવ્યો છે. મદારીઓ બે પ્રકારના હોય છે. એક નાગને રમાડતા મદારી અને બીજા માંકડાં રમાડતા મદારી. નાગને રમાડતા મદારીઓ હિંદુ અને મુસ્લિમ બન્ને કોમના જોવા મળે છે. તેમનો બાહ્ય દેખાવ જોઈએ તો તે માથે પાઘડી અને અંગરખુ તેમજ લૂંગી પહેરે છે. ગળામાં સ્ફટિકની માળા, ચાંદીના તાવીજ અને પગમાં મારવાડી જોડાં પહેરે છે. મદારી ખભે કાવડ અને હાથમાં મોરલી લઈને ગામે ગામ જઈ નાગ, અજગર અને નોળિયાના ખેલ બતાવે છે. બીજા માંકડાં રમાડનારા મદારીઓ માંકડાં પાસે વિવિધ પ્રકારના ખેલો કરાવીને પોતાની આજીવિકા રળે છે. આ માંકડાંઓ મદારીની ભાષા નહીં પરંતુ તેના હાથમાં રહેલી સોટીની ભાષા સમજે છે. મદારી પોતાના ખેલ દરમિયાન જે બોલીનો પ્રયોગ કરે છે તેને પણ લેખક અહીં આપવાનું ચૂક્યા નથી. જેમ કે,

"જૂઓ, આ દેવતાઈ નાગ છે. દેવતાઈ નાગને મોઢે મૂંછો હોય છે. જાવ છોકરાંઓ, નાગદાદાને દૂધ પાવા પાંચિયું, દસિયું લઈ આવો. મદારી સવારનો ભૂખ્યો છે. ખોબો ખોબો લોટ લઈ આવો. નઈ લાવો તો નાગબાપો સપનામાં દેખાશે."[6]

કઠપૂતળીવાળા ભાટ કલાકારો કઠપૂતળીના ખેલો બતાવીને લોકોનું મનોરંજન કરે છે. આ કઠપૂતળી લાકડામાંથી બનાવવામાં આવે છે. લાકડાના આઠેક ઈંચના ગોળ કટકામાંથી કોતરણી કરીને માથાથી કમરના ભાગ સુધીની પૂતળી બનાવી તેને સુંદર મજાના કપડા પહેરાવવામાં આવે છે. પછી ભાટ તેને દોરાથી બાંધી નચાવે છે અને પોતાની આજીવિકા મેળવે છે. કઠપૂતળીના ખેલોમાં જોઈએ તો હૈદરાબાદના નવાબ, અમરસિંહ રાઠોડ, મહારાણા પ્રતાપ, જેસલ જાડેજો, ચમેલી માલણ વગેરેના ખેલો બતાવવામાં આવે છે. તદ્ઉપરાંત બહુરૂપી નામની જાતિ પણ વિવિધ પ્રકારના રૂપ ધારણ કરીને લોકોનું મનોરંજન પૂરુ પાડે છે. આ બહુરૂપીઓ જૂના સમયમાં હનુમાનજી, મહાકાળી, ફકીર, ભરવાડ ભરવાડણ, લયલા મજનું,

ટપાલી જેવા બાવન વેશો ભજવતા. એક ગામમાં અઠવાડિયું રોકાઈને બહુરૂપીઓ જુદા જુદા વેશો ભજવીને પોતાની આજીવિકા રળતાં.

વાંસની બે ઘોડીઓ સામસામી ઊભી કરી વચ્ચે જાડું દોરડું બાંધી તેના પર ચાલતા ચાલતા જુદા જુદા ખેલો બતાવનારને લોકો નટ, ગોડિયા, ગોડબજાણિયા કે નટબજાણિયાના નામે ઓળખે છે. તેમની એક ટોળીમાં આઠથી દસ નટ હોય છે. આ ઉપરાંત તેઓ હાથચાલાકી અને નજરબંધીના ખેલો પણ કરે છે. લોકમનોરંજનમાં ભવાઈ ખૂબ જ પ્રચલિત છે. ભવાઈના વેશમાં ગીત, સંગીત અને નૃત્યનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. ભૂંગળ એ ભવાઈનું મુખ્ય વાદ્ય છે. જૂના કાળમાં કાનગોપી, જૂઠણ, ઝંડા ઝૂલણ, મિયાંબીબી, દરજી, જસમાઓડણ, રામદેવપીર વગેરેના ભવાઈ વેશો ભજવવામાં આવતા. તેમાં વચ્ચે વચ્ચે નવ બેડાંનું નૃત્ય, ગરબા, તલવાર અને ઘૂઘરાનૃત્ય પણ આવે છે. આવી ભવાઈનીની મંડળીઓ ગુજરાતમાં આજે તો માત્ર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ક્યાંક જ જોવા મળે છે.

રાવણહથ્થો પ્રાચીન સમયનું પુરાણુ લોકવાદ્ય ગણાય છે. રાવણહથ્થા પર ઘૂઘરીવાળી કામઠી રમાડતા સાધુઓ ગામડાઓમાં ફરીને ભજન, દુહા, છંદ અને રાસડા ગાઈને લોકોનું મનોરંજન કરે છે અને રોટલા રળે છે. રાવણહથ્થો વગાડનાર સૌરાષ્ટ્રમાં નાથબાવાને નામે ઓળખાય છે અને તેઓ સાપ-વીંછીનું ઝેર ઊતારવામાં પણ કુશળ ગણાય છે. મિરાસીઓ અને તૂરી બારોટાને રાજ્યાશ્રય મળતો બંધ થયો એટલે તેઓ રામલીલા અને નાટકોના ધંધા તરફ વળ્યાં. રામલીલામાં ભગવાન રામના જીવનના પ્રસંગો ગીત, સંગીત અને નૃત્ય સાથે રજૂ કરવામાં આવે છે. તેની ખાસિયત એ છે કે તેમાં સ્ત્રીઓના વેશો પુરૂષો જ ભજવે છે અને જોનારને ખબર પણ ન પડે કે આ સ્ત્રી નથી પરંતુ પુરૂષ છે. એટલી સહજતાથી તેઓ વેશો ભજવતા હોય છે.

વિવિધ વેશો લઈને લોકોને છેતરવામાં ભાંડ પાવરધા ગણાય છે. તેઓ બહુરૂપી બનીને લોકમનોરંજન કરતા અને કોઈ તેમને ભેટ કે બક્ષિસ ન આપે તો તેમને ભાંડતા, તેથી તેઓ ભાંડના નામે ઓળખાયા. ભાંડ ગામડામાં માગવા જાય ત્યારે પોતાના હાથમાં ચાડિયો રાખતા. આ તેની ખાસ નિશાની ગણાતી. આજે તો આ ભાંડની વસતી માત્ર સુરેન્દ્રનગર અને ગોંડલ તરફ જ જોવા મળે છે. ભારત દેશને અન્ય દેશના લોકો વાદી, મદારી અને જાદૂગરોના દેશ તરીકે ઓળખતા. આ જાદૂ એ કોઈ ચમત્કાર કે નજરબંધીનો ખેલ નથી, પરંતુ

હાથચાલાકીની કરામત છે. જાદૂગરો મેદાનમાં ગોટલી વાવી આંબાનો છોડ ઉગાડવો, સળગતા અંગારા ખાવા, ગાલમાં કે પેટમાં છરી કે તલવાર નાખીને આરપાર કાઢવી, કાચ ખાવા વગેરે જેવા જાદૂઓ બતાવીને લોકોને હેરત કરી નાંખતા.

આ બધા લોકમનોરંજન કરતા કલાકારો કોઈ એક જગ્યાએ સ્થિર રહીને પોતાનું જીવન જીવતા નથી, પરંતુ ભટકતું જીવન ગાળે છે. ચોમાસાના ચાર મહિના એક જગ્યાએ સ્થિર રહે અને બાકીના આઠ મહિના જુદા જુદા ગામોમાં ફરીને લોકોનું મનોરંજન કરી પોતાની આજીવિકા રળે છે. જેમ જેમ સમયનું પરિવર્તન થતું ગયું તેમ તેમ ટીવી, વિડિયો, સિનેમા જેવા મનોરંજનના સાધનો આવતા ગયા એ લોકો આ મનોરંજન કરાવનારી લોકજાતિઓ કે કલાકારોને ભૂલવા માંડ્યા. તેથી આ બધા કલાકારો પોતાના બાપદાદાના વ્યવસાયને છોડી પશુઓ વેચવા, ઘંટીઓ ટાંકવી, ઇંઢોણીઓ બનાવવી, રમકડાં બનાવવા કે અન્ય નોકરી ધંધા કરવા મજબુર બન્યા.

**ઉપસંહાર**

જોરાવરસિંહે આ પુસ્તકમાં ઘણી બધી મનોરંજન કરાવનારી લોકજાતિઓનો આપણને સુંદર પરિચય કરાવ્યો છે. આજે મનોરંજનના સાધનોનો વ્યાપ વધતાં લોકોનું મનોરંજન કરનારી લોકજાતિઓનો કોઈ ભાવ પણ પૂછતું નથી. તેમને આ પોતીકા ધંધામાં પૂરતી આવક ન થતાં અન્ય વ્યવસાયમાં જોડાઈ ગયા. આ વાત પર લેખકે ઊંડો ખેદ પ્રગટ કર્યો છે. ગુજરાત લોકકલા કેન્દ્ર આવા કલાકાર-કસબીઓને ભેગા કરી તેમને સતત કાર્યક્રમો મળતા રહે તે માટે સતત પ્રવૃત છે, તે આનંદની અને હર્ષની વાત ગણાય. પરંતુ ધીમે ધીમે આ બધી કળાઓ લોકજીવનમાંથી વિસરાઈ જાય તે પહેલા આપણે આ ભવ્ય કલાઓના વારસાને જાળવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને આ ટેકનોલોજીના યુગમાં પણ આવનારી નવી પેઢીને જૂની લોકકલાઓ વિશે માહિતગાર કરી આપણી કલાઓને જીવંત રાખવાનો સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

## ૪. ૫ મનોરંજન કરાવનારી લોકજાતિઓ

### પ્રસ્તાવના

જોરાવરસિંહ જાદવનું 'મનોરંજન કરાવનારી લોકજાતિઓ' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૯૧ માં પ્રકાશિત થયેલું છે. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી આ ગ્રંથને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલું છે. પશ્ચિમી સંસ્કૃતિના આક્રમણોને કારણે રાતા આંસુડે રોઈ રહેલા લોકકલાકારોના આંસુ લૂછવાના પ્રયત્નરૂપે જોરાવરસિંહે 'ગુજરાત લોકકલા કેન્દ્ર' જેવી લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાનો પાયો નાંખ્યો. પ્રથમ તો તેમણે ગુજરાતના ગામડાંઓ ઘૂમી લોકકલાકારોને શોધી કાઢી તેમની લોકકલાઓને રંગમંચ પર લઈ આવવાનું ભગીરથ કાર્ય કર્યું. ગુજરાતના લોકકલાકારોના બધા કાર્યક્રમોના આયોજક તરીકે તેમણે હંમેશા તેમની સાથે જવાનું થતું. એ સમય દરમિયાન એમના જીવનની અંતરંગ વાતો જાણવાનું બનતું. આ દસ વર્ષ દરમિયાન મનોરંજન કરાવનારી લોકજાતિઓના અભ્યાસનું પોટલું બાંધીને જોરાવરસિંહ બેઠા હતા. ત્યાર બાદ 'અખંડ આનંદ' માં આ અંગેની લેખમાળા આરંભાઈ. આ લેખમાળા પૂરી થતાં ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી આ લેખમાળા ગ્રંથાકારે પ્રગટ થઈ.

### વાદી, મદારી અને જાદુગરો

પરદેશીઓ ભારતને પ્રાચીનકાળથી વાદી, મદારી અને જાદુગરોના દેશ તરીકે ઓળખે છે. આપણે ત્યાં જે ચૌદ વિદ્યાઓ છે, તેમાં વાદી-ગારુડીની વિદ્યા આઠમી ગણાય છે. વાદીઓ મોરલીના મીઠા સ્વરે સર્પને રમાડીને લોકોનું મનોરંજન કરે છે. વાદીઓ મૂળ મારવાડ, સિંધ અને કચ્છ તરફથી ઉતરી આવ્યા છે. તેમનામાં લાલવાદી અને ફૂલવાદી એમ બે મુખ્ય શાખાઓ છે. લેખકે આ બન્નેના પહેરવેશ અને તેની સાથે સંકળાયેલ દંતકથાઓનો પણ અહીં સુપેરે પરિચય કરાવ્યો છે. વાદીઓ વર્ષમાં આઠથી દસ મહિના ખેલો કરે છે. અહીં ભેરિયા ગારુડીની રસપ્રદ વાત પણ રજૂ કરવામાં આવી છે. વાદીઓ નાગ અને વીંછી પકડવામાં પાવરધા હોય છે, એટલા જ એનું ઝેર ઉતારવામાં પણ કુશળ હોય છે. લેખક અહીં વાદીઓના સામાજિક રીતરિવાજો આપવાનું પણ ચૂક્યા નથી. જાતકકથાઓનો સંદર્ભ આપીને જોરાવરસિંહ વાદી-ગારુડીના ખેલપ્રસંગની બોલીઓનું વિશદ્ વર્ણન આપે છે. અંતમાં લેખક કહે છે કે, "લોકસંસ્કૃતિ

અને લોકક્ળાના મહત્ત્વના અંગની ઉપેક્ષા કરવાને બદલે એનું જતન કરવાનું વિચારીએ તો ? ‘અપના ઉત્સવ’ જેવા કાર્યક્રમોમાં એને સામેલ કરીએ તો ?”[૬]

વાદીની જેમ મદારી એ પણ ભટકતી જાતિ છે. મદારીઓની કોઈ એક જાતિ નથી, પણ ઘણી બધી જાતિઓએ મદારીનો ધંધો સ્વીકાર્યો હોવાનું મનાય છે. ડુગડુગિયું વગાડીને માંકડા, રીંછ, વાંદરા અને બકરીઓના ખેલ દ્વારા મનોરંજન કરાવતા મદારીઓ હિંદુ અને મુસ્લિમ પણ છે. મદારીઓની ઉત્પત્તિ સાથે સંકળાયેલ જુદી જુદી દંતકથાઓ આપવાનું પણ લેખક ચૂકતા નથી. તેમના ધંધામાં પેટ પૂરતી આવક ન થતાં કેટલાક મદારીઓ પોતાનો વ્યવસાય છોડીને ગધેડાં વેચવાનો, જડીબુટ્ટીઓ વેચવાનો વ્યવસાય કરવા લાગ્યાં છે.

બારીક બુદ્ધિ અને ચકોર નજરે ન સમજાય એનું નામ જ જાદુ. જાદુ એ શુદ્ધ મનોરંજનની કલા છે. તે કોઈ ચમત્કાર નથી, નજરબંધીનો ખેલ નથી, પણ તે હાથચાલાકીની કરામત છે. કેટલાક ઉપકરણો દ્વારા વૈજ્ઞાનિક સત્યનો આધાર લઈ હાથની સફાઈ અને વાણીની વાક્પટુતા વડે તેને રજૂ કરવામાં આવે છે. વાદી-ગારુડીઓ નાગ અને નોળિયાના ખેલો ઉપરાંત જાદુના હાથચાલાકીના ખેલો પણ કરે છે. આવા જાદુના ત્રીસ જેટલાં પ્રયોગોનું પણ અહીં આલેખન કરવામાં આવ્યું છે. વાદી, ગારુડી, નટ, બજાણિયા જેવા જાદુગરોને આ તાલીમ એના બાપ કે સગાંવહાલાં પાસેથી મળે છે, જ્યારે અન્ય જાદુગરો તેમના ગુરુ પાસેથી આ તાલીમ મેળવે છે.

### સંગીતપ્રિય લોકકલાકારો

પિત્તળ અને કાંસાના મિશ્રણમાંથી બનાવેલા સવા પાશેરના મંજીરા સમગ્ર ભારતમાં એકસરખા લોકપ્રિય બની રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કામળિયા નામના સાધુઓની એક જાતિ મંજીરાવાદન માટે વિખ્યાત ગણાતી. આ જાતિની સ્ત્રીઓ શરીરના મુખ્ય અંગો કપાળ, ગળું, કોણી અને પગ પર મંજીરા બાંધી માથા પર લોટા અને લોટા પર સળગતા દીવા મૂકી, મોઢામાં તલવાર લઈ દ્રુતગતિએ મંજીરા વગાડતી ત્યારે જોનાર બે ઘડી થંભી જતા. આ ઉપરાંત નળકાંઠાના વિસ્તારોમાં રહેતા અને મજૂરી કરીને પેટિયું રળતાં પઢારો પણ કુશળ મંજીરાવાદકો

ગણાય છે. અમુક ગામોમાં પઢારોની સુવ્યવસ્થિત રાસમંડળીઓ પણ અસ્તિત્વમાં આવી છે. ટપુ દેગામા, સેવંતિ ચાવડા, ચંદ્રસિંહ, જેસંગભાઈ વગેરે કુશળ મંજીરાવાદક છે.

સીદી બાદશાહના નામે ઓળખાતા સીદીઓ મૂળે તો આફ્રિકાના જંગલના વતનીઓ અને નિગ્રો વંશના છે. આ લોકો ભારતમાં અને સૌરાષ્ટ્રમાં કેવી રીતે આવ્યા તેના જે જુદા - જુદા મતમતાંતરો પ્રવર્તે છે તેને પણ લેખકે અહીં ઉજાગર કર્યાં છે. 'ધમાલ' એ સીદીઓનું સમૂહનૃત્ય છે. જૂના કાળે રાજા-મહારાજાઓ લગ્ન કે અન્ય ઉત્સવ પ્રસંગે સીદીઓને ધમાલ નૃત્ય કરવા માટે નોતરતા. આ નૃત્યમાં સીદીઓ હાથમાં મશિરા અને બગલમાં ઢોલક લઈને વર્તુળાકારે નૃત્ય કરે છે. સીદીઓ પીરના ખાસ તહેવાર પ્રસંગે અને દર મહિનાની સુદ બીજના દિવસે ધમાલ નૃત્ય કરે છે.

અનવદ્ય વાદ્યમાં ઢોલ મહત્ત્વનું વાદ્ય ગણાય છે. ખુલ્લા હાથે અને ખુલ્લાંમાં વગાડવામાં આવતો ઢોલ લગ્ન, ઉત્સવ અને દેવપૂજનનું મંગલ વાદ્ય હોવા ઉપરાંત એ રણવાદ્ય પણ ગણાય છે. આ ઢોલને મધ્યપ્રદેશના લોકો 'મારિયા', આસામના લોકો 'ખોલ', રાવપીપળાના આદિવાસીઓ 'ટોન' ના નામે ઓળખે છે. જુદા-જુદા વિસ્તારોમાં ઢોલની લંબાઈ અને દેખાવ અલગ-અલગ પ્રકારના રહે છે. સૌરાષ્ટ્રમાં ભંગી, હરિજન, લંઘા, વાઘરી, બારોટ, રાવળ અને રાજસ્થાનમાં હજામ ઢોલ વગાડવા જાય છે. ઢોલ વગાડનાર સ્ત્રી પુરૂષોના પહેરવેશનું વર્ણન, ઢોલની બનાવટની રીત તથા ઢોલની ઉત્પત્તિની કથા પણ લેખકે અહીં રસપ્રદ રીતે નિરૂપી છે. કુશળ ઢોલીઓ અનેક પ્રકારે ઢોલ વગાડે છે. ઢોલના જુદા-જુદા તાલો અને નોખા નિરાળા ઢંગ પણ છે. પ્રસંગે પ્રસંગનો ઢોલ જુદો જુદો વાગે છે. કચ્છના વ્રજવાણીના ઢોલીની કારુણ્યમઢી લોકકથાને પણ અહીં નિરુપવામાં આવી છે. લોકકથાઓ, લોકગીતો અને કહેવતોમાં ભાતીગળ ઢોલના સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે.

નાથબાવા રાવણહથ્થા પર ઘૂઘરીયારિ કામઠી રમાડતા રમાડતા ભજન, દુહા, છંદ અને લોકવાર્તાઓ દ્વારા ગામડામાં ફરીને લોકસમાજનું મનોરંજન કરી પેટિયું રળે છે. એક માન્યતા મુજબ આ કોમનો આદિપુરૂષ ધન્વંતરિ છે. નાથબાવાઓના અખાડા હોય છે. તેઓ પોતાની પાસે હથિયાર પણ રાખે છે અને પ્રસંગ આવ્યે વાપરી પણ જાણે છે. 'ભૂચરમોરી' ના યુદ્ધમાં નાથબાવા લડ્યાની વિગતો મળે છે. આપણા દેશમાં દસેક હજાર શસ્ત્રનિપૂણ નાથબાવા છે.

તેમનામાં રાવણહથ્થાવાળા અને સાપને પકડીને ખેલ કરવાવાળા નાથબાવા જોવા મળે છે. તેઓ સાપ અને વીંછીનું ઝેર ઉતારવામાં કુશળ ગણાય છે. લેખકે અહીં રાવણહથ્થાનું વિગતે વર્ણન કર્યું છે. રાજસ્થાનમાં રાવણહથ્થા પર સંગીતની સરવાણી વહાવનારા લોકો 'ઢાઢી' ને નામે ઓળખાય છે. ગુજરાતમાં વસતા નાથબાવા એ વિચરતી લોકજાતિમાં ગણાય છે. આજે રાવણહથ્થા પર ભજનો ગાઈને ભિક્ષાવૃત્તિમાં પૂરું ન થતા તેઓ બળદ, ગોધલા, ગધેડાં અને ઘોડાના સાટાડોઢા કરીને બે પૈસા કમાઈ લે છે.

'ભોપા' નો અર્થ થાય છે ભક્ત અથવા પૂજારી. તેઓ પોતાના ઈષ્ટદેવના અઠંગ પૂજારી હોવાથી હાથમાં રાવણહથ્થો કે મસકવાજુ લઈને પૂજાસ્થાનકોમાં જાય છે અને દેવદેવીઓની બિરદાવલીઓ ગાય છે. તેઓ પાબુજી રાઠોડ, ગોગા ચૌહાણ વગેરે શૂરવીરોના પવાડા ગાઈ સમાજને શૌર્યનો સંદેશો આપે છે. તેઓ ગીત, સંગીત અને નૃત્યમાં અત્યંત કુશળ હોય છે. રાજસ્થાનમાં માતાજીના ભોપા, ભૈરુંજીના ભોપા, રામદેવજીના ભોપા, પટ વાંચનાર ભોપાઓ, પાબુજીના ભોપાઓ એમ નવ જાતના ભોપાઓ જોવા મળે છે. ધર્મની સાથે જોડાયેલા પાબુજીના પટમાં રાજસ્થાની લોકચિત્રકલા પણ પરંપરારૂપે સચવાઈ રહી છે. અહીં લેખકે પટ વાંચતી વખતે ગવાતા મેવાડી ગીતોનો નમૂનો પણ આપ્યો છે.

## વેશભૂષા અને અભિનય દ્વારા મનોરંજન કરનાર લોકજાતિઓ

'ભવવહી' શબ્દ ઉપરથી ભવાઈ શબ્દ બન્યો હોય એમ જણાય છે. 'ભવવહી' એટલે ભવનો ચોપડો. ભવાઈ શબ્દની ઉત્પત્તિ ઉપર વિવિધ વિદ્વાનોએ જે પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. તે દરેકને લેખકે અહીં રજૂ કર્યા છે. ભવાઈના આદ્યપુરૂષ અસાઈત ઠાકર ગણાય છે. એમનું બીજું નામ આશારામ ઠાકર હતું. એક બ્રાહ્મણ કથાકાર વેશોના રચયિતા કેવી રીતે બન્યો તેની કથા પણ લેખકે અહીં વિગતે રજૂ કરી છે. ઉત્તર ગુજરાતમાં નાયક અને તરગાળા ભવાઈ રમે છે, જ્યારે સૌરાષ્ટ્રમાં ભવાઈ કરનારાઓના ચાર વર્ગ છે. તેઓ જુદી-જુદી કોમોમાં ભવાઈ રમવા જાય છે. તેમાંના એક તરગાળા છે. તેઓ કણબી પટેલોના ગામોમાં જ ભવાઈ રમે છે. બીજા તળપદા કોળીના ભવાયા છે. ત્રીજા ચુંવાળિયા કોળીના ભવાયા છે અને તે મુસ્લિમ છે. ચોથા રખૈયા રાવળ છે. તેઓ ખાસ કરીને ચારણોમાં જ રમે છે. ભવાયા

પોતાના બાંધેલા ગામોમાં જઈને ભવાઈના વેશો ભજવે છે. સમગ્ર ગામ તેમને પોતાના મહેમાન ગણે છે, તેથી તેમની સારી રીતે સારસંભાળ રાખે છે. અહીં લેખકે ભવાઈની સાખીઓ અને સંવાદો આપવાનું પણ ચૂક્યા નથી.

વિધવિધ પ્રકારનાં સ્વરૂપ ધારણ કરે તેનું નામ બહુરૂપી. એમ કહેવાય છે કે સામવેદમાં તાલ અને સૂરમાં ગાવાનાં મંત્રો છે. કાળક્રમે તેમાંથી ભૂતલીલા, પ્રેમલીલા અને રામલીલા ઉદ્‌ભવી. આ રામલીલાનું એક અંગ એટલે બહુરૂપીની વેશભૂષા. એમ પણ કહેવાય છે કે બલિરાજાના દ્વારે વિષ્ણુ ભગવાને બાવન રૂપ લીધેલાં ત્યારથી બહુરૂપીઓ અસ્તિત્વમાં આવ્યા ને બાવન સ્વરૂપના વેશો કરવા લાગ્યા. આમ બહુરૂપીની કળા દેવોની દેણગી ગણાય છે, એના આદ્યસર્જક ભગવાન શંકર છે તો એને વિકસાવનાર ભગવાન કૃષ્ણ છે. ગુજરાતમાં આ વ્યવસાય કરનારા મોટે ભાગે બ્રાહ્મણ, મુસલમાન, વાઘરી, ભાંડ, ભવાયા વગેરે જાતિમાંથી આવે છે. આવા બહુરૂપીઓની ગુરુગાદીઓ પણ જોવા મળે છે. બહુરૂપીઓને આ ગાદીના નિયમોનું પાલન કરવાનું હોય છે. બહુરૂપી સાચો છે કે ખોટો તેની પરીક્ષા માટેના અમુક પ્રશ્નો પણ અહીં આપવામાં આવ્યા છે. આ ઉપરાંત લેખકે અહીં બહુરૂપી સાથે સંકળાયેલ દંતકથાઓ પણ રજૂ કરી છે.

શ્રીરામની યાદગીરીમાં ભારત ઉપરાંત થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, બર્મા વગેરે દેશોમાં રામની જીવનગાથા રજૂ કરનારી રામલીલા મંડળીઓ અસ્તિત્ત્વમાં છે. ગુજરાતમાં જાચક-મીર, ઢાઢી અને તૂરીઓની મંડળીઓ રામલીલા ભજવે છે. રામલીલા ભજવતી મંડળીઓમાં સ્ત્રીઓ હોતી નથી. સ્ત્રીના પાત્રો ભવાઈની જેમ પુરૂષો જ ભજવે છે. મીર અને તૂરી બારોટોએ આ વ્યવસાય શા માટે સ્વિકાર્યો તેની પણ રસપ્રદ માહિતી આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

### જોખમી ખેલ કરનારી લોકજાતિઓ

વાંસની ઘોડી પર દોરડું બાંધી તેના પર વિવિધ પ્રકારના ખેલ કરનાર લોકો નટને નામે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં નટ લોકો નટ, ગોડિયા, ગોડ-બજાણિયા, નટ-બજાણિયાને નામે જાણીતા છે. જૂના વખતમાં ધ્રાંગધ્રાના રાજવી જહાંજી ઝાલાએ નટ લોકોને બજાણા ગામ ગરાસમાં આપ્યું હતું. આથી ત્યાં રહેતા નટો બજાણિયા તરીકે ઓળખાવા લાગ્યા.

નટોમાં પણ ત્રણચાર ફાંટા છે. નટ લોકો તેમની ઉત્પત્તિ વિશે એમ કહે છે કે અમને તો ભગવાન શ્રીકૃષ્ણએ ઉત્પન્ન કર્યાં છે. તેઓ હનુમાનજીને પોતાના આદ્યપુરૂષ માને છે. નટ લોકોની આઠથી દસ માણસોની એક વ્યવિસ્થત ટોળી હોય છે. શરૂઆતમાં નટ લોકો જમીન ઉપરની રમતો બતાવે છે. ત્યાર બાદ ઠેક મારીને દોરડા પર ચડીને વિવિધ પ્રકારના જોખમી ખેલો બતાવે છે. જૂના કાળે નટ લોકો ઉડવાની કળામાં પણ પાવરધા ગણાતા. ‘યદુવંશપ્રકાશ’ નો સંદર્ભ લઈને નટનો એક પ્રસંગ પણ નોંધાયો છે. આ લેખના અંતે પણ લેખક આ કળાનું જતન કરવાનું કહેતા કહે છે કે, “લોકરંજનનો આ મૂલ્યવાન વારસો ગામડાંમાંથી વિસરાઈ જાય એ પહેલાં એના જતન માટે જાગૃત થવાની જરૂર છે.”[૧૦]

કાંગસી બનાવનાર જાતિ કાંગસિયાને નામે ઓળખાય છે. તે વર્ષો પૂર્વે મારવાડમાંથી ગુજરાતમાં આવીને વસ્યા છે. કાંસકીઓ વેચવાના વ્યવસાયમાંથી પેટપૂરતો રોટલો ન મળવાને કારણે તે મલ્લના ખેલો કરીને લોકોને મનોરંજન પૂરું પાડતા. કાંગસિયા શરીર સામસામા અથડાવવા, પિરામીડ બનાવી જાતજાતના અંગકસરતના ખેલો, દાંત પર આખું હળ ઊભુ રાખવું, મૂછથી ગાડું ખેંચવું, પીઠ પર ગધેડું બાંધી દોરડા પર ચાલવું જેવા અનેક જોખમી ખેલો કરે છે. તેમના ખેલો સાથે સંકળાયેલ દંતકથાઓ આપવાનું પણ લેખક ચૂક્યા નથી. તેમના પહેરવેશનું પણ લેખકે આબેહૂબ વર્ણન કર્યું છે.

મલ્લકુસ્તી એ પ્રાચીન ભારતીય વિદ્યાઓમાંની એક વિદ્યા છે. મલ્લયુદ્ધોનો પ્રારંભ વેદકાળમાંથી થયો હોવાનું માનવામાં આવે છે. પુરાણકાળથી રાજદરબારોમાં મલ્લો રહેતા અને મલ્લયુદ્ધો યોજવામાં આવતા. રામાયણ, મહાભારત, જાતકગ્રંથો, વિષ્ણુપુરાણ, ભાગવત, પદ્મપુરાણ વગેરેનો સંદર્ભ લઈને લેખક મલ્લો અને મલ્લયુદ્ધોની વાત કરે છે. ગુજરાતમાં પ્રાચીન સમયથી પરાક્રમી જ્યેષ્ઠી મલ્લો જોવા મળે છે. તે બ્રાહ્મણની જ એક જાતિ છે. જ્યેષ્ઠીમલ્લોના ઉદ્‌ભવ, તેમનાં બાહુબળની દંતકથા આપવાનું પણ લેખક ચૂક્યા નથી.

**ઉપસંહાર**

‘મનોરંજન કરાવનારી લોકજાતિઓ’ પુસ્તકમાં જોરાવરસિંહે ૧૭ જેટલી મનોરંજન કરાવનારી લોકજાતિઓને સમાવી લીધી છે. આ દરેક લોકજાતિની ઉત્પત્તિ, પહેરવેશ,

સામાજિક રીતરિવાજ, માન્યતાઓ, તેમના ખેલ પ્રસંગની બોલીઓ વગેરે વિશે લેખકે ઝીણવટભરી માહિતી લેખકે આ ગ્રંથમાં સમાવી છે, જે અદ્‌ભુત અને પ્રશંસનીય ગણી શકાય. આજના યુગમાં મનોરંજનના સાધનો વધતા આપણી પ્રાચીન મનોરંજનની કલાઓ ધીમે-ધીમે વિસરવા લાગી છે ત્યારે જોરાવરસિંહે 'લોકકલા ફાઉન્ડેશન' ની સ્થાપના કરીને આ કલાને જીવંત રાખવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે અને તે સફળ પણ થયો છે. આમ છતાં એકલદોકલ સંસ્થાના પ્રયત્નો હંમેશા ટાંચા જ રહેવાના. સરકાર, પ્રજા અને જાહેર સંસ્થાઓ આ દિશામાં સક્રિય બને તો આ લોકપરંપરાને કાળના ગર્ભમાં ક્રમશઃ વિલુપ્ત થતી અટકાવી શકાય.

"ગ્રંથના શીર્ષકમાં 'લોકજાતિ' શબ્દ મુખ્ય છે. 'જાતિ' નો એક અર્થ જેમાં જન્મ થયો હોય તે વર્ગ કે વર્ણ, નાત, જ્ઞાતિ અને બીજો અમુક વર્ગની જુદી જુદી વ્યક્તિઓમાં રહેલો સમાન અર્થ થાય છે. આ પુસ્તકમાં વિચરતી જાતિઓનાં કલા, કસબ અને સાંસ્કૃતિક વારસાનું સરસ દર્શન થાય રજૂ થયું છે, સચિત્ર હોવાથી વાંચન ઉપરાંત દર્શનનો લાભ પણ મળે છે !"[૧૧]

## ૪. ૬ લોકજીવન : કલા અને કસબ

### પ્રસ્તાવના

જોરાવરસિંહ જાદવનું 'લોકજીવન : કલા અને કસબ' નામનું પુસ્તક ઈ. સ. ૨૦૦૪ માં પ્રકાશિત થયેલું છે. સ્વકેન્દ્રી બની રહેલાં આજનાં સમયમાં લોકજીવનની વાત એ જ એક મોટી સંસ્કૃતિની સેવા છે. ભોગ અને વિલાસનાં અગણ્ય વિકલ્પો વચ્ચે જ્યાં જીવન જીવવાની કલા જ વિસરાઈ રહી છે, ત્યારે ગુજરાત અને સૌરાષ્ટ્રની લોકકળા તથા તેનાં કસબની રજૂ થયેલ વાતથી આ પુસ્તક દુર્લભ બની રહ્યું છે. આ સંગ્રહના લેખો અગાઉ ગુજરાત સમાચાર, ફૂલછાબ, ગુજરાત ટાઈમ્સ, નૂતન ગુજરાત, સમકાલીન, જયહિંદ, ગુજરાત, લોકસમર્થન, અખંડઆનંદ ઈત્યાદિ વર્તમાનપત્રો, અઠવાડિકો અને માસિકો માં સમયાન્તરે પ્રગટ થઈ ચૂક્યા છે.

## *ગુજરાતની લોકકલાની કસબી સ્ત્રીઓ*

*લોકજીવનમાં પાંગરેલી સંસ્કારિતાનું સાચું દર્શન સંસ્કૃતિમાંથી સાંપડે છે. લોકસમાજનું મહત્ત્વનું અંગ એ સંસ્કૃતિ અને સંસ્કૃતિનું આગવું અંગ એ કલા. કલા એટલે માનવજીવનની સૌંદર્યમય અભિવ્યક્તિ. લોકકલાના આ સોહામણા સંસ્કારથી શોભતા, સમૃદ્ધ લોકજીવનના વસ્ત્રાલંકારો, સૌંદર્ય-પ્રસાધનો, આળેખ, લીંપણ, ચીતર, ભરતકામ, મોતીપરોવણું, ઓરડાની અનેરી સજાવટ, ભીંતચિત્રો, કાચ પરનાં ચિત્રો, પોથી-ચિત્રો, કાષ્ઠશિલ્પ, ધાતુપાત્રો, પાળેલાં પશુના શણગારો અને ઘરવપરાશની ચીજ-જણસોમાં લોકકલાઓનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે.*

*આ તમામ લોકકલાઓ પોતાનામાં શ્રેષ્ઠ જ છે, પરંતુ આ સિદ્ધિ કે સફળતાનો ખરો શ્રેય તેનાં કસબીઓને એટલે કે ગુજરાત અને સૌરાષ્ટ્રની લોકનારીઓને જાય છે. સ્ત્રી તરીકેની લોકજીવનની મર્યાદાને માન આપીને હાંસિયાંમાં ધકેલાઈ જઈને પણ લોકનારીઓએ પોતાનું અસ્તિત્વ પુરવાર કર્યું છે. અનિયમિત વરસાદ અને સિંચાઈ વ્યવસ્થાના અભાવને કારણે ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં કોઈક વર્ષે અથવા કેટલાક વર્ષે કુટુંબનિર્વાહ કપરો બની રહે છે. 'સ્ત્રીએ બહાર કામે ન જવાય' તેવી વ્યવસ્થામાં જીવતી લોકનારીઓ નવરાશના સમયમાં સર્જનાત્મક કાર્ય કરવામાં પરોવાઈ જાય અને સાથોસાથ પૂરક રોજગારીનું પણ નિર્માણ કરે છે, જે આવક નબળા વર્ષોમાં તરાપો સાબિત થાય છે.*

*ભરત શબ્દની વ્યુત્પતિ જોઈએ તો પ્રાકૃતમાં 'ભરીમ્' એટલે કે ભરીને બનાવેલું શબ્દ મળે છે. સંસ્કૃતમાં 'ભૃત' ઉપરથી ભરત શબ્દ આવ્યો હોવાનું શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે. સૌરાષ્ટ્રમાં અનેક જાતિઓ આવીને વસી હોવાથી તેના લોકભરતમાં પણ વિપુલ વૈવિધ્ય અને શોભન ભાતરચનાની અપાર સમૃદ્ધિ જોવા મળે છે. "ભરતકામને એના ઉપયોગની દ્રષ્ટિએ ચાર વિભાગમાં વહેંચી શકાય. (૧) સ્ત્રી-પુરુષો અને બાળકોના પંડ શણગારનું ભરત (૨) ઘર શણગારનું ભરત (૩) પશુ શણગારનું ભરત અને (૪) સામાન્ય ચીજજણસો માટેનું સટરપટર ભરત."[૧૨] રિદ્ધિસિદ્ધિના સ્વામી અને દાતા એવા દુંદાળા દેવ શ્રી ગણેશ ભારતીય લોકજીવનમાં આગવું માનપાન અને સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રનું ભરતકામ આ પ્રદેશની પ્રજા જેટલું જ*

ભાતીગળ છે. આ ભરતકામમાં કાઠીભરત, કણબીભરત, મોચીભરત, આહિરભરત અને મહાજનભરત જેવી મુખ્ય શૈલીઓ છે. આ ભરતકામમાંય માનવીના પંડનું ભરત, અશ્વો, બળદ અને ઊંટ જેવા પશુઓના શણગારનું ભરત તથા મંગળપ્રસંગે ઓરડા, ઓશરીને ઉજમાળતું ગૃહશણગારનું ભરત મુખ્ય છે. આ ભરતકામમાં ગણેશસ્થાપન મહત્ત્વનું અને માંગલિક બની રહે છે. આ રીતે ગણપતિ પ્રથમ સ્થાનના અધિકારી બનીને ઘરશોભાવણ લોકભરતમાં અગ્રસ્થાન પામ્યાં છે. સૌરાષ્ટ્રમાં કણબી, આહિર, સથવારા અને ખરક જાતિમાં ગણેશસ્થાપન ભરવાની પરંપરા જોવા મળે છે. આ પરંપરા આશરે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ થઈ હોય એમ લાગે છે. ગણેશસ્થાપનનું ભરત ભરવા માટે સ્ત્રીઓ સામાન્ય રીતે ધોળા રંગના સુતરાઉ કાપડનો જ ઉપયોગ કરે છે. તેનો આકાર સમચોરસ કાપડના ટુકડા માથે ત્રિકોણ ગોઠવીને શિખરવાળા દેવળ જેવો બનાવવામાં આવે છે. તેના આળેખો લોકનારીઓ પોતાની હૈયા ઉકલત અનુસાર કરતી હોવાથી ગામેગામ અને જાતિએ જાતિએ ગણેશના નયનરમ્ય આકારો જોવા મળે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રના લોકજીવનમાં ભરતકામની વિધવિધ શ્રેણીઓ વિકાસ પામી છે, તેમાં મુખ્ય હીરનું ભરત, નાકાભરત, કટાબ કામ અને મોતીપરોવણું ઊડીને આંખે વળગે છે. મોતી પરોવણાની કળા કચ્છ-સૌરાષ્ટ્ર પુરતી સીમિત રહેવા પામી છે. હીરભરત જેટલી આ કળા પ્રાચીન નથી. મોતીભરતનો સાચો વિકાસ ૧૯ મી સદીના મધ્ય ભાગ પછી થયેલો જોવા મળે છે. કાઠીયાણીઓ માત્ર ઘરશણગારનું મોતીપરોવણું કરીને બેસી નથી રહી, પણ એણે પોતાનાં પશુઓને મોતીભરતથી શણગારીને ખૂબ લાડ પણ લડાવ્યા છે. જયમલ્લ પરમાર લખે છે કે શ્રીફળ, સોપારી ને કંકાવટીઓ મોતીથી મઢાઈને લગ્નના શણગારને વધુ વૈભવવંતો બનાવે છે. મોતીભરેલી વાંસળી, પાવાને છડીઓએ મેળાઓને શોભાવ્યા છે. ઘોડિયાના કોળીંડા, મોર, પોપટ, ઝૂલણાં, શીંકા, શીંકલી, વેલણ, ઓશીકાં, વીંજણા ને ચાકળા ચંદરવાએ ઘરોને શોભાવ્યાં છે. મોતીગૂંથણથી અને હીરભરતથી શણગારેલી વેલ્ય પણ કેવી ?

“કૃષ્ણની જાને રૂડા ધોરિડા શણગારો,

વેલડીએ દસ દસ આંટા રે

બળદે બેવડ રાશ, ખેડુને માથે મોળિયાં.”[૧૩]

મોતીગૂંથણમાં  મોતી મહત્ત્વનાં છે. એમાં કિડિયાં મોતીનો વપરાશ સૌથી વધુ થતો જોવા મળે છે. બીજાં કાચનાં ફટીક્યા અને જવલા મોતી છે. કાઠીઓની મોતીભરતની આ કળાનો પ્રચાર ધીમે-ધીમે અન્ય કોમોમાં પણ વિસ્તરેલો જોવા મળે છે. કાઠી પાસેથી મહાજન, વાણિયા, સોની, લુહાણાએ મોતીભરત શરૂ કર્યું. આંખ ઠરે એવા ભાતીગળ લોકભરતના અસલી નમૂનાઓ જૂનાગઢના સંગ્રહસ્થાનમાં તથા કાઠીઓના ખોરડે ક્યાંક-ક્યાંક હજુ દ્રષ્ટિગોચર થાય છે.

સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગ અને આણાંપરિયાણાનાં રિવાજની સાથે લોકભરત અને કટાવકામની કલાનો કસબ જોડાયેલો જોવા મળે છે. જેમ રંગબેરંગી રૂપાળું ભરત અને મોતીકામ લોકવરણનું નીજી સર્જન છે, એમ કપડા પરનું કલાપૂર્ણ કટાવકામ એ વસવાયા વરણની નારીઓનું આગવું પ્રદાન છે. આ કલા-સર્જનમાં ઘરે અને માંડવે બાંધવાના ચાકળા, તોરણ, ચિતરિયાં, ચંદરવા, ધરાણિયા, ગાદલી, ખોયાં, પદડી, કોથળિયું મુખ્ય રહી છે. કટાવકામનો આ કલાસંસ્કાર હરિજન બાઈઓના હાથે વિશેષ પાંગરેલો જોઈ શકાય છે. આ કટાવકામમાં મુખ્યત્વે કાપેલું ને કાતરથી કોરેલું કટાવકામ ખૂબ જ સુંદર લાગે છે. સૌરાષ્ટ્રમાં મોચીઓનું કટાવકામ એક કાળે ખૂબ જ વખણાતું.

ગુજરાતની ગામડાંગામની અભણ નારીઓ સોળપ લીંપેલી માટીની ભીંતો ઉપર ખડીનું કે ખડી કરેલી શ્વેત ભીંતો પર ભાતીગળ રંગો વડે ચિતરામણ કરીને પોતાની ઊર્મિઓને અભિવ્યક્ત કરે છે. આ ચિતરામણ તળપદી લોકબોલીમાં આળેખને નામે ઓળખાય છે. આળેખ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'આલેખન' પરથી પ્રચલિત બન્યો છે. આળેખની આગવી લોકકળાનો સંસ્કાર સામાજિક ઉત્સવો સાથે વિશેષરૂપે જોડાયેલો છે. લગ્ન કે દિવાળી જેવું રૂડું રૂપાળું પર્વ આવે એટલે ઓરડે, ઓંશરિયે અને ફળિયામાં લોકનારીઓની લીંપણ, ચીતર અને શોભનની કંઈક કળાઓ ઠલવાય. પ્રતીકચિત્રોનો સંબંધ યાત્રા, ધાર્મિક ઉત્સવ અને વરતવરતોલાની સાથે વિશિષ્ટ રીતે વણાયેલો છે.

ચિત્રકળા કરતાં પણ રંગોળીની કળા પ્રાચીન મનાય છે. પૃથ્વીમાતા પ્રત્યેની આપણી શ્રદ્ધાભક્તિ તથા એના પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાના પ્રયાસોરૂપે

આરંભાઈને સમયાનુસાર ક્રમે આગવી કળારૂપે રંગોળીનું પ્રાગટ્ય થયું હોય એવી કલ્પના કરી શકાય. રંગોળી રંગો ઉપરાંત ઘંઉ, ચોખા, મગ, કઠોળ વગેરે ધાન્યોમાંથી પણ રચાય છે. 'વારાંગચરિત', 'નલચંપૂ', 'ગદ્યચિંતામણી', 'દેશીનામમાલા', 'શિશુપાલ વધ' વગેરે ગ્રંથોમાં રંગોળીના ઉલ્લેખો જોવા મળે છે. સમગ્ર ભારતમાં સ્ત્રીઓ શુભ પ્રસંગ કે તહેવારમાં રંગોળી દોરી વાતાવરણને મંગલમય બનાવી દે છે. રંગોળીના અનેકવિધ આકારોમાં એક યા બીજી રીતે શુભ સંકેતો જ આલેખાય છે.

ગામડાંમાં થોડીક આર્થિક સમૃદ્ધિ આવતાં પાકાં ઘરો બન્યાં. આથી એના પર આળેખચિત્ર કરવાનું બંધ થયું. આમ લોકનારીના અંતરમાંથી વહેતી કલાસરવાણી સાવ લૂપ્ત થતી ગઈ. કળા, સમૃદ્ધિ અને સંસ્કારને સાચવવા માટે જનસમાજમાં જાગૃતિ આવે એ આજે ખૂબ જ જરૂરી છે.

### લોકચિત્રકલા પરંપરા

સૌરાષ્ટ્ર, કચ્છના કલા રસિક લોકજીવનમાં ભાતીગળ ચિત્રપરંપરાનો પ્રવાહ આશરે પાંચ હજાર વર્ષ પુરાણો હોવાનું પ્રસ્થાપિત કરે છે. મોંહે-જો-દડો, લોથલ, ધોળાવીરામાંથી માટીના ચિતરેલા વાસણો મળી આવ્યા છે. આ ચિત્રકળા માત્ર વાસણો પર જ મર્યાદિત નહોતી રહી, પરંતુ પોથીચિત્ર, ભીંતચિત્રો, ભરતકામ, આળેખ, માતાના ચંદરવા સુધી પાંગરી હતી.

સૌરાષ્ટ્રમાં ભીંતચિત્રોના નમૂના મળે છે, તે સલાટી શૈલીના છે. આ શૈલીની સાથે-સાથે તેમાં ક્યાંક રાજસ્થાની ચિત્રકલાની છાંટ અને લોકશૈલીની અસર પણ દેખાય છે. આ સલાટી કલમના ભીંતચિત્રો આજે જામનગરના લાખોટા કોઠામાં તેમજ શિહોરના જૂના દરબારગઢની ભીંતો પર જોવા મળે છે. શિહોરના ભીંતચિત્રો પરથી એ સમયે ભાવસિંહજી બીજાએ ગંજીફો બનાવરાવ્યો હતો. એનું છાપકામ જર્મનીમાં થયું હતું. આ ગંજીફાની એક બાજુ ૩૮ ચિત્રો છે અને બીજી બાજુ મનહરકુંવરબાના છ દિવસના લગ્નપ્રસંગના વિવિધ કાર્યક્રમોનું સમયપત્રક આપવામાં આવ્યું છે. આ ગંજીફા વડે ગમે તેટલા માણસો રમી શકે છે. આ બેનમૂન ગંજીફો કમાંગરી ચિત્રકલા, યુદ્ધચિત્રો, ઈતિહાસ અને ૨૦૦ વર્ષ પૂર્વેનું લોકજીવન જાણવા માટે દસ્તાવેજી

પુરાવારૂપ બની રહ્યો છે. અહીં યુદ્ધચિત્રોનું જે રહસ્ય છે તે સમજાવવા લેખકે જુદી-જુદી કથાઓ પણ આપેલી છે. ભીંતચિત્રો દોરનાર ચિતારાઓ હિન્દુ અને મુસલમાન બન્ને કોમોમાંથી આવતા. સો વર્ષ પૂર્વે આ ચિતારાઓ દિવસે ચિત્રો દોરતાં અને રાત્રે ગામમાં ભવાઈ રમતા.

જૂના કાળે મુદ્રણસામગ્રી ઉપલબ્ધ નહોતી ત્યારે જૂના જ્ઞાનગ્રંથો, કંઠસ્થ સાહિત્ય લહિયાઓ દ્વારા પોથીઓમાં સંગ્રહિત કરવામાં આવતું. ગ્રંથચિત્ર એ રેખા અને રંગ વડે દોરવામાં આવતા ચિત્રોની પદ્ધતિ છે. આ પદ્ધતિના ચિત્રો જૈનગ્રંથોના ભંડારોમાં આજ સુધી સચવાયા છે. ઘણાંખરાં ચિત્રો ભોજપત્ર, તાડપત્ર અને કાગળની લાંબી પટ્ટીઓ પર ચિતરાયેલાં છે. આ ઉપરાંત જૂના કાળે રાજામહારાજાઓ અને શ્રેષ્ઠીઓની સચિત્ર જન્મકુંડળીઓ બનાવવામાં આવતી. તેમાં જુદા-જુદા ગ્રહોના કલાપૂર્ણ ચિત્રો દોરવામાં આવતાં. આવી જન્મકુંડળી કચ્છના મહારાવ પ્રાગમલજી બીજાની છે, જેની લંબાઈ ૧૨૭ ફૂટ છે.

સૌરાષ્ટ્રના લોકજીવનમાં ચિત્રણકલા વિધવિધરૂપે વિહરતી જોવા મળે છે. એમાંની એક કાચ પરના ચિત્રોની કલા છે. કાચ પર કરેલાં ધાર્મિક ચિત્રો મઢાવીને પટારાની માંડ પર મૂકવામાં આવતાં. માતાજીની ગરબી પણ આવા ચિત્રોથી મઢવામાં આવતી. આપણે જેને ચંદરવાના નામે ઓળખીએ છીએ તેને લોકસમાજ 'માતાની પછેડી' કે 'પીછવાઈ' ના નામે ઓળખે છે. આ પછેડી તળપદ પટ્ટચિત્રોનો વિશિષ્ટ નમૂનો ગણાય છે. માદરપાટના જાડા કાપડ પર બિબાંના છાપકામ દ્વારા ચંદરવા બનાવવામાં આવે છે. માત્ર લાલ અને કાળા બે જ રંગમાં બનતા ચંદરવાની કળા વાઘરી જાતિના લોકોમાં વંશપરંપરાથી ચાલતી આવી છે.

કચ્છ-સૌરાષ્ટ્ર ઉપરાંત રાજસ્થાન પાસે પણ પોતાની આગવી – નીજી કહી શકાય તેવી ચિત્ર પરંપરા છે. એ પાબુજીના પડની કલાના નામે પ્રચલિત છે. પાબુજી રાજસ્થાનના પાંચ વીરોમાંના એક એવા શરણાગતવત્સલ અને વચનપાલક વીર હતા. પાબુજીના પડની ચિત્રકલામાં પાબુજી રાઠોડના યુદ્ધો અને વિજયોની યશગાથાઓનું ક્રમબદ્ધ ચિત્રાંકન લોકરૂપો અને રંગોમાં કપડાં કે કેનવાસ પર કરવામાં આવે છે. આ પડની લંબાઈ ૩૩ થી ૩૬ ફૂટ અને પહોળાઈ ૪ ફૂટ જેટલી જોવા મળે છે. ઘણાં કલાપ્રિય રાજવીઓએ કલાપૂર્ણ ચિત્રશૈલીના સર્જન દ્વારા અલવર શહેરને માથે કીર્તિનો સુવર્ણકળશ ચડાવ્યો છે. રાજસ્થાનની ધરતી પર જે

કલાપુષ્પો પાંગર્યાં, તેમાંનું એક પુષ્પ છે અલવર શૈલીની ચિત્રકલા. આ અલવર ચિત્રશૈલીનો જન્મ રાવ રાજા પ્રતાપસિંહ દ્વારા થયો. તેમના અવસાન બાદ બખ્તાવરસિંહ, વિનયસિંહ, શિવદાનસિંહ, મંગળસિંહ વગેરે રાજવીઓએ આ શૈલી ચિત્રકલાને પ્રોત્સાહન આપ્યું. રાજસ્થાનની જેમ જ બિહારના મિથિલા વિસ્તારના 'મધુબની' ચિત્રો ખૂબ જ પ્રખ્યાત છે. આ ચિત્રકલા માત્ર મહિલા કલાકારો દ્વારા થતી તળપદ કલા છે. 'મધુબની' ચિત્રોની પરંપરા બ્રાહ્મણ અને કાયસ્થનાં ઘરોમાં તથા ત્યાંના તળપદ લોકો અને હરિજનોના કૂબામાં પણ મંડાયેલી જોવા મળે છે. જે ભીંતચિત્રોરૂપે વિશેષ જોવા મળે છે. ક્યાંક ક્યાંક જમીન પરની રંગોળીરૂપે પણ તેની રચના થાય છે. બિહારની બહેનો આ ચિત્રો કોઈપણ જાતની પૂર્વતૈયારી વગર જ શરૂ કરે છે.

### આદિવાસીઓની લોકકલા

ગુજરાતમાં આદિવાસીઓ ૧૪.૯૨ ટકા જેટલી વસતિ ધરાવે છે. આ પુસ્તકમાં જોરાવરસિંહે આપણને તેમની દ્રશ્ય અને શ્રાવ્ય એમ બન્ને પ્રકારની કલાનો વિગતે પરિચય કરાવ્યો છે. આદિવાસી સ્ત્રી-પુરુષોના વસ્ત્રાલંકારોની વિવિધતા તથા તેમના ઘરોની રચના અને તેની સજાવટ વિશે પણ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી છે. આદિવાસીઓએ માટીમાંથી બનાવેલ જીવન જરૂરિયાતની વસ્તુઓનો પણ અહીં પરિચય આપવામાં આવ્યો છે. આદિવાસી જનજીવન સાથે જેમ ધર્મ સંકળાયેલો છે, તેમ લોકનૃત્ય અને લોકસંગીત સંકળાયેલું જોવા મળે છે.

રાઠવા આદિવાસીઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ અને વડોદરા જિલ્લામાં સવિશેષ જોવા મળે છે. આ જાતિના લોકો કુંવારા છોકરાઓની લાંબી માંદગી, દુષ્કાળ, ખેતીમાં બરકત કે રોગચાળો વધે ત્યારે 'બાબો પીઠોરો' ની માનતા માને છે. પીઠોરો ઘરની પરસાળની વચ્ચેની મુખ્ય દિવાલ પર ચિતરવામાં આવે છે. આ દિવાલને સાત દિવસ સુધી છાણ-માટીથી લીંપવામાં આવે છે. આઠમે દિવસે ઘરની પરસાળની બધી દિવાલોને સફેદ ચૂનાથી ધોળવામાં આવે છે. આ  કામ માત્ર કુંવારી છોકરીઓ જ કરી શકે છે. તેમાં સૌથી ઉપરની હારમાં દેવસૃષ્ટિ હોય, વચલી હારમાં પીઠોરો અને પીઠોરી તથા તેમનાં અન્ય સગાંઓનાં ચિત્રો હોય છે. નીચેની આખી હાર માનવસૃષ્ટિની હોય છે. જેમાં રાજા ભોજના પ્રતીકરૂપે અંબાડીવાળો હાથી, આભો કણબી,

તાડ પર ચડતો માણસ, બકરી, મધમાખી જેવા ચિત્રો જોવા મળે છે. અહીં લેખક પીઠોરોની લોકકથા આપવાનું પણ ચૂક્યા નથી.

છૂંદણાં એટલે શરીર પર છૂંદીને પાડેલું અલંકારરૂપ ટપકું, ભાત કે આકૃતિ. સૌરાષ્ટ્રમાં એને ત્રાજવડાં ત્રોફાવવાં એમ કહેવામાં આવે છે. હિંદી ભાષામાં 'ગોદનેં' ના નામે ઓળખાતા છૂંદણાં આદિવાસી સંસ્કૃતિના ઉદ્‌ગમ સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાનું વિદ્વાનો માને છે. આદિવાસીઓએ પોતાના વંશવેલાને ઓળખવા માટે સ્ત્રી-પુરુષ બન્નેના શરીર પર અમુક ચોક્કસ પ્રકારની નિશાનીઓ અંકિત કરવાની પ્રથા દાખલ કરી હતી. આ છૂંદણાંનો રિવાજ આદિવાસીઓ ઉપરાંત સથવારા, કાઠી, ચારણ, ભરવાડ, રબારી, કોળી, આહિર વગેરે અનેક જાતિઓમાં જોવા મળે છે. ભીલ, ગરાસિયા જેવી આદિવાસી જાતિઓમાં કન્યાને છૂંદણાં છૂંદાવવાનો પ્રારંભ થાય ત્યારે વિશિષ્ટ ઉત્સવ ઉજવાય છે. તેઓ શરીરના વિવિધ અંગો પર માખી, રામનામ, રથ, ત્રિશુલ, ધનુષ, માછલાં વગેરે પ્રતીકો ચિતરાવે છે. છૂંદણાં વિશે લોકસમાજમાં અનેક પ્રકારની માન્યતાઓ જોડાયલી છે, તેનો પણ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### અન્ય લોકકલાઓ

રામલીલાનું સર્જન ભારતમાં થયું છે. આ શુદ્ધ ભારતીય લોકકલાને સંસ્કૃતિના વાહકો પ્રાચીન કાળમાં પોતાની સાથે વિદેશોમાં લઈ ગયા અને ત્યાં એને લોકપ્રિય બનાવી થાઈલેન્ડ, સિંગાપોર, બર્મા, કંબોડિયા તથા ઈન્ડોનેશિયા જેવા દેશોમાં આજે પણ રામલીલાના વેશો ભજવાય છે. થાઈ -રામલીલાના સંવાદો અન્ય ભાષી પ્રેક્ષકો સમજી શકતા નથી, તેમ છતાં એમાં આવતું મધુર સંગીત, નૃત્ય, જીવંત અભિનય અને વસ્ત્રાલંકારો દર્શકોના હૃદયમાં અમીટ છાપ અંકિત કરી જાય છે. ત્યાં ભજવાતી રામલીલાના કથાવસ્તુમાં આશ્ચર્ય ઉપજાવે તેવા તત્ત્વોનું સંમિશ્રણ થયેલું જોવા મળે છે.

માટીના રંગબેરંગી ઘાટીલાં વાસણો ઘડનાર કુંભાર સંસ્કૃતિના વિકાસમાં અદ્વિતિય સ્થાન ભોગવે છે. ચાકડાની શોધ પૂર્વે માટીનાં વાસણો હાથથી બનતાં હતા. ચાકડા પર બનાવેલા સૌથી જૂનાં અને સુંદર ચિતરેલાં વાસણો મોંહે-જો-દડો, લોથલ અને હડપ્પામાંથી પ્રાપ્ત

થયા છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પર તો કુંભારની કલા બહુ વિકસી હતી. તેમણે માટીના વાસણોમાં જુદા-જુદા આકારોથી અને અવનવા ચિતરામણોથી વિશેષતાઓ ઉત્પન્ન કરી હતી. કેટલાક વાસણો ઉપર નકશીકામ કરવામાં આવતું. માટીમાંથી રમકડાં બનાવવાનો કસબ સૌરાષ્ટ્રના વાઘરી સ્ત્રી-પુરુષોએ હસ્તગત કર્યો છે. તેઓ માટીમાંથી ખાસ કરીને ડબડબિયાં ગાડી, ઘોડવેલ, મોર, પોપટ, હાથી, ઘોડા, પૂતળિયું વગેરે જેવા રમકડાંઓ બનાવીને મેળામાં કે વારતહેવારે વેચવા માટે નીકળતા. અશ્વ પ્રાચીન કાળથી લોકજીવનમાં મહત્ત્વનું સ્થાન ભોગવતો આવ્યો છે. લોકોએ તેને ભરતકામમાં, ચિત્રકલામાં તથા માટીના રમકડાંમાં વિશેષ સ્થાન આપેલું જોવા મળે છે. આમ, અહીં લેખકે જુદી-જુદી કલાઓનો સુપેરે પરિચય કરાવવાનો પ્રયાસ કર્યો છે.

**ઉપસંહાર**

"અહીં લોકજીવનની એક અનેરી દુનિયાનો અનુભવ થાય છે. એક અનોખી લોકસંસ્કૃતિ ખડી થાય છે. આજના આધુનિક જીવનશૈલીના યુગમાં લોક નામે ભોળપણ ખોવાઈ ગયું છે ત્યારે આ પૃથ્વી પર લોકજીવન ધબકતું હતું અને તેની પણ એક આગવી સંસ્કૃતિ હતી તેનો પરિચય આ પુસ્તકમાંથી થાય છે."[૧૪] જોરાવરસિંહના લોકજીવનના સંશોધનપ્રવાસો અને લેખનની ફળશ્રુતિરૂપે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, બિહારની ભાતીગળ લોકકલાઓના પચ્ચીસ જેટલા લેખોનો સંપુટ આપણને પ્રાપ્ત થાય છે. લોકજાતિઓના પહેરવેશ હોય કે વસ્ત્રાલંકારો, સૌદર્યપ્રસાધનો હોય કે ઘર શણગાર હોય, પશુ શણગાર હોય કે સામાન્ય ચીજજણસ તમામ સ્તરે ગુજરાત અને સૌરાષ્ટ્રનાં લોકજીવનમાં લોકકળાનો સમૃદ્ધ વારસો જળવાઈ રહ્યો છે અને આ લોકકળાનાં માધ્યમથી લોકસંસ્કૃતિ અકબંધ રીતે જળવાઈ રહી છે. પછી તે મોતી પરોવણાં હોય કે ભરતકામ, કટાવકામનો કલા કસબ હોય કે આળેખ-લીંપણ, ભીંતચિત્રો હોય કે છૂંદણાંના ચિત્રો તે કલાથી સભર ચીજજણસ છેકથી અતિમૂલ્યવાન તરીકે સર્વસ્વીકૃત રહી છે અને છેકથી દેશ-વિદેશમાં આ ચીજજણસની એક અલગ જ ઓળખ છે. લોકકળા જેવા અઘરા વિષયની રજૂઆત ચિત્રો અને તસવીરો દ્વારા કરવામાં આવે તો એને ખૂબ જ સારો લોકાદર મળે છે. આ બાબતનું પણ લેખકે અહીં ધ્યાન રાખ્યું છે.

## ૪. ૭ ગુજરાતનો લોકકલા વૈભવ

### પ્રસ્તાવના

ભારતના અન્ય પ્રદેશોની સરખામણીમાં લોકસંસ્કૃતિ અને લોકકલાની દ્રષ્ટિએ ગુજરાત ઘણો સમૃદ્ધ પ્રદેશ છે. ગુજરાતમાં શિષ્ટ કલાઓના પ્રભાવની સાથોસાથ લોકકલાઓનું પ્રભુત્વ પ્રજાના માનસ પર હજારો વર્ષોથી એકધારું રહ્યું છે. કલાસંસ્કારથી સંસ્કારાયેલા અને પોષાયેલા લોકસમાજમાં લોકકલાનો ભંડાર ભર્યો પડ્યો છે. આપણા કસબીઓ દ્વારા બનાવાતી કલામંડિત ચીજવસ્તુઓએ માનવીઓની ઊર્મિઓને કલ્પનાનું અનેરું ઉડ્ડયન આપી એમના હૈયામાં આનંદના રંગસાથિયા પૂરી એને તાજગીથી તરવરતું રાખ્યું છે. 'અખંડ આનંદ' ની લોકપ્રિય લેખમાળામાંથી ચૂંટલા લેખો પસંદ કરીને જોરાવરસિંહે 'ગુજરાતનો લોકકલા વૈભવ' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૯૨ માં પ્રકાશિત કરેલું છે.

### કાષ્ઠશિલ્પ અને કોતરણીઓ તથા ચબૂતરાઓ

ગુજરાતમાં ખીલેલી અનેક કલાઓમાંથી એક કામણગારી કળા એટલે કાષ્ઠશિલ્પસ્થાપત્ય અને કાષ્ઠકોતરણીની છે. વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, બૃહત્સંહિતા જેવા ગ્રંથોમાંથી લાકડા પર નકશીકામ કરવાની પરંપરાના ઉલ્લેખો મળે છે. સૂર્યના રથના પૈડાંમાં સુંદર કોતરણીવાળા હજાર સ્તંભ હોવાનો ઉલ્લેખ ઋગ્વેદમાંથી મળે છે. સલાટોએ પથ્થર પર શિલ્પકામ શરૂ કર્યું તે પૂર્વે મકાનો અને મંદિરોના બાંધકામમાં અને તેના સુશોભનમાં કાષ્ઠકામ મોખરે હતું. ભગવાન શ્રીકૃષ્ણએ બંધાવેલું પ્રભાસપાટણનું ત્રીજુ મંદિર, સોમનાથ મહાદેવનું મંદિર, સુરતનું ચિંતામણિ દેરાસર, અમદાવાદનું શાંતિનાથનું દેરાસર વગેરે પ્રથમ કાષ્ઠમાંથી જ બનાવવામાં આવ્યા હતા. આ બધામાં પાટણનું જે કાષ્ઠકામ હતું તેને સૌથી પ્રાચીન માનવામાં આવે છે. આજે આ મંદિરો અને દેરાસરોના કાષ્ઠકામો નાબૂદ થઈ ગયા છે. ગુજરાતના કાષ્ઠશિલ્પોમાં મંદિરો, મકાનો અને ગૃહમંદિરની વપરાશની ચીજવસ્તુઓ એમ મુખ્ય ત્રણ પ્રવાહો નજરે પડે છે. મકાનના વિવિધ ભાગો જેવાકે બારી, બારણાં, ઝરુખા, ગોખલા, થાંભલાઓ, છત વગેરેમાં કાષ્ઠકોતરણીથી જે સુશોભન કરવામાં આવતું તેના નમૂનાઓ આજે પણ મોજૂદ છે.

ગુજરાતની ઘરબાંધણીની પ્રાચીન પરંપરામાં પ્રદેશે પ્રદેશે થોડો ફેર જોવા મળે છે. આ કાષ્ઠકળાને ખીલવવામાં હિંદુ, મુસ્લિમ, જૈન વગેરેએ નોંધપાત્ર પ્રદાન આપેલું છે. પ્રાચીન કાળના 'સમરાંગણ સૂત્રધાર', 'જયપૃચ્છા', 'પ્રમાણમંજરી', 'રાજવલ્લભ' જેવા ગ્રંથોમાંથી કાષ્ઠસ્થાપત્ય અંગેની ભરપૂર માહિતી સાંપડે છે. ગુજરાતમાં વૈશ્ય, મેવાડા, ગૂર્જર અને પંચોલી એ ચાર જાતિ વંશપરંપરાથી કાષ્ઠકામ કરે છે.

ભારતના પ્રત્યેક ગામમાં શિલ્પસ્થાપત્યની છડી પોકારતાં પંખીઓને ચણ નાખવા માટેના ચબૂતરાઓ આજે પણ પોતાનું  અસ્તિત્ત્વ જાળવીને બેઠા છે. આવા ચબૂતરાઓને સૌરાષ્ટ્રમાં પરબડી કહે છે. તેનો મૂળ અર્થ કબૂતરાને ચણવા માટેની જગ્યા એવો થાય છે. આ ચબૂતરાઓનો સંબંધ માનવીની જીવદયા અને ધર્મની સાથે પણ જોડાયેલો જોવા મળે છે. ગામડામાં જીવદયાપ્રેમીઓ પોતાના પિતૃઓની જીવની સદ્‌ગતિ માટે આવા ચબૂતરાઓ બનાવરાવતા. આ ચબૂતરાઓમાં ચણ નાખવા માટેની વ્યવસ્થા પોળના પંચો, મહાજનો કે ટ્રસ્ટો દ્વારા કરવામાં આવતી. "આપણે ત્યાં મોટે ભાગે ચબૂતરાની બનાવટમાં લાકડું અથવા પથ્થર વપરાયેલો જોવા મળે છે. આથી આપણે એને બે પ્રકારે વહેંચી શકીએ; (૧) પથ્થરના શિલ્પસ્થાપત્યવાળા અને (૨) કાષ્ઠશિલ્પવાળા ચબૂતરા."[૧૫] જૂના સમયમાં ચબૂતરાઓ લાકડામાંથી જ બનાવવામાં આવતા. કાષ્ઠ અને પથ્થરના ચબૂતરાની કલાકારીગીરી અને કોતરણી ઉડીને આંખે વળગે છે. તેમાં ભૌમિતિક અને એબ્સ્ટ્રેક્ટ કોતરકામ પણ કરવામાં આવતું. ચબૂતરાના છત્ર નીચે કોતરેલી થાંભલીઓ મૂકવામાં આવતી. સુશોભન માટે નેજવાં, ભક્તોની મૂર્તિ, વાદ્ય વગાડતી સ્ત્રીઓ, ગણેશ, પશુપક્ષીઓ ઉપરાંત ફૂલવેલાની ભાતો કંડારવામાં આવતી. પરંતુ આજે યંત્રયુગની આંધીમાં ઉડવા માંડેલું ગુજરાતનું લોકજીવન પોતે જૂનવાણી ન ગણાય એટલા માટે ઝડપથી આ કાષ્ઠશિલ્પોને વિસરવા માંડ્યું છે. આ કાષ્ઠશિલ્પ ખર્ચાળ હોવાને કારણે નવું બનતું નથી અને જૂના નમૂનાઓ પાણીના મૂલે વેડફાઈ રહ્યાં છે.

## લોકજીવનમાં ધાતુપાત્રો અને સૂડી-સોપારી

મધ્યકાલીન ગૃહસ્થજીવનમાં ચોતરફ કલાનું વિશિષ્ટ વાતાવરણ પ્રસરેલું હતું. ધાતુપાત્રોમાં પણ લોકજીવને પોતાની કલાને અભિવ્યક્ત કરી છે. પથ્થરયુગમાં શિકાર માટે

રખડતો માનવી પાછળથી નદીકાંઠે સ્થિર થયો. અગ્નિને મિત્ર બનાવી પશુઓને પાળી એને કૃષિ જીવનમાં પ્રવેશ કર્યો, પછી અનાજ પાણી જેવી રોજિંદી ઉપયોગી વસ્તુઓને સાચવવા સૂકા પાન અને તુંબડા જેવા ફળોના કોચલા વગેરેનો વપરાશ શરૂ થયો. ધીમે-ધીમે માનવી માટીમાંથી જુદા જુદા પાત્રો બનાવતો થયો. આ માટીના વાસણોથી માનવીને સંતોષ ન થયો અને તેમાંથી કાળક્રમે તાંબુ,પિત્તળ, કાંસું, જસત, એલ્યુમિનિયમ અને સોના-ચાંદીના વાસણો બનાવવાની શરૂઆત થઈ. ત્યારબાદ વાસણો બનાવવાના ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ ઊભો થયો. તાંબા-પિત્તળનાં વાસણો બનાવનાર કારીગરોનો વર્ગ 'કંસારા' ના નામે જાણીતો થયો. સંસ્કૃતમાં એને 'કાંસ્યકાર' કીધો છે. કંસારા બંગાળમાં કંસારી, મદ્રાસમાં કમ્માલર, મહારાષ્ટ્રમાં તાંબટ્ર એમ વિવિધ પ્રદેશોમાં જુદા જુદા નામોથી ઓળખાય છે.

ગુજરાતનો આ કલામય ગૃહઉદ્યોગ ખૂબ જ પ્રાચીન જણાય છે. વીસનગર, ડભોઈ, નડિયાદ, સુરત, ચાંપાનેર, શિહોર વગેરે સ્થળો આ કલા માટે ઈતિહાસપ્રસિદ્ધ છે. આ બધા વાસણોના ઘડતર અને જડતરમાં કંસારાઓની કોઠાસૂઝ જોઈ શકાય છે. ઘરવપરાશના સાધનોમાં ઘડા, દેગડા, બુઝારું, ઝારી, લોટા, ઘોડિયા, વાઢી, ગોળીયો, લોઢી, તાવડા, ચીપિયો, થાળી, તપેલાં, પૂજાના વાસણોમાં છાબડી, ફૂલદાની, ટોકરી, ઘંટ, કળશ, આરતીદીપ, મંગળ પ્રસંગે ઉપયોગમાં લેવાતા રામણદીવડા, કંકાવટી, દાબડા, જદા જુદા વાજિંત્રો, ધાતુના રમકડાં વગેરેમાં કંસારાઓએ પોતાની કલાનો કસબ ઠાલવ્યો છે. કળશની કલાસૃષ્ટિમાં કારીગરો દધિમંથન, વસ્ત્રલીલા, રામાયણ, મહાભારતના પ્રસંગોને સહજ રીતે આલેખે છે. તેના પરના ચિત્રો ગુજરાતી લઘુચિત્રોની શૈલીએ તૈયાર થાય છે.

પાનસોપારીનું ચલણ ગુજરાતના લોકજીવનમાં પ્રાચીન કાળથી ચાલતું આવ્યું છે. લેખકે સોપારીની ઉત્પત્તિની કથા અહીં રજૂ કરી છે. આ સોપારીનો ઉપયોગ મુખવાસ તરીકે થાય છે. વૈદકના ગ્રંથોમાં પણ સોપારીથી થતા વિવિધ ફાયદાઓનું વર્ણન મળે છે. ધર્મશાસ્ત્રોએ પણ પૂજામાં તેની અનિવાર્યતા દર્શાવી છે. સોપારી કાતરવાની ભાતભાતની અને કલાપૂર્ણ કારીગરીવાળી સૂડીઓ પણ આપણે ત્યાં જોવા મળે છે. પૂનાના રાજા કેલકર સંગ્રહસ્થાનમાં ૭૦૦ થી પણ વધારે અને અમદાવાદના વિચાર ટ્રસ્ટમાં ૩૦૦ થી વધારે જુદી જુદી પ્રકારની સૂડીઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. કલાના કસબીઓએ પોતાની સમગ્ર

કલાકારીગરીને સૂડીઓના સર્જનમાં નીચોવી નાંખીને બેનમૂન સર્જનો કર્યા છે. તેના પર મોર, પોપટ, હાથી વગેરે કલાત્મક અલંકરણોને મૂકીને કલાપ્રિયતાનું દર્શન કરાવ્યું છે. આવી સૂડીઓની ધાર પણ જોરદાર બનાવાતી હતી. સૂડી સાથે જોડાયેલા લોકગીતો આપવાનું પણ સર્જક ભૂલ્યા નથી. જેમ કે,

"ગાડે ગાડે તે વીર સોપારી મંગાવ્યા,

સોપારીની પુરણી પુરાવો,

કે બંગલા ફક્કડ બનાયા"[૧૬]

## લોકસંસ્કૃતિનું પ્રતીક દીપક

ધરતીના આંગણે સંસ્કૃતિનું પ્રથમ પરોઢ પાંગર્યું ત્યારથી રાત્રિના ગાઢ અંધકારને ઉલેચતો દીવડો શુભ, કલ્યાણકારી અને શુકનનું પ્રતીક બની રહ્યો છે. પાર્થિવ જીવનમાં માણસના પ્રવેશથી માંડી અંતિમવિદાય સુધીના જીવનકાળમાં ડગલે ને પગલે દીવો હાજર રહ્યો છે. આદિમાનવે સૌ પ્રથમ મોટી છીપોના દીવા બનાવ્યા હશે, ત્યારબાદ સમયાંતરે પથથરના દીવાઓ આવ્યા. તક્ષશિલાના ખોદકામમાંથી પથ્થરના દીવા મળી આવ્યા છે. ત્યાર પછી માનવીએ પકવેલી માટીમાંથી અને ધાતુમાંથી દીવા બનાવવાની શરૂઆત કરી. સ્તંભદીપો અને રત્નદીપો દેવમંદિરો અને રાજમહેલો પૂરતા મર્યાદિત રહ્યાં. 'રાજતરંગિણી' તથા રામાયણ, મહાભારત જેવા ગ્રંથોમાં આ દીવાઓના ઉલ્લેખો મળે છે. દીપને ગોઠવવાના લાકડાના ચાડાં શોધાયા ત્યારથી કારીગરોએ દીપપીઠિકાઓને શણગારવા માંડી. વિવિધ વૃક્ષવલ્લી, અવનવા પશુ-પ્રાણી અને લાવણ્યમય નારી આકૃતિ પણ દીપરચનામાં કંડારવામાં આવી. પછી તો કારીગરો જુદી જુદી જાતના તાંબા, પિત્તળ અને કાંસાના કલાપૂર્ણ દીવા બનાવવા લાગ્યા. આ દીવાઓ મયૂરદીપ, ગજલક્ષ્મીદીપ, શુકદીપ, સૂર્યદીપ, પદ્મદીપ, સર્પદીપિકા વગેરે વિવિધ નામોથી ઓળખાયા છે. લેખકે આ પ્રકરણમાં આ દરેક દીપકોની સચિત્ર અને વિગતે માહિતી પણ આપેલી છે. પુરુષોત્તમ મહાત્મ્યમાં દીપકના જે શુકન-અપશુકન આપવામાં આવ્યા છે તેનો પણ અહીં આપણને પરિચય મળે છે. આ દીપકો સાથે આપણી કેટલીક લોકમાન્યતાઓ સંકળાયેલી છે. વૈદિક યુગની

પ્રાર્થનામાં પણ કહેવાયું છે કે 'તમસો મા જ્યોતિર્ગમય' એટલે કે ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. લગ્નગીતોમાં પણ દીવો ટમટમતો જોવા મળે છે. જેમ કે,

"ઊંચી ઊંચી મેડી ને ઝમરખ દીવડો;
ત્યાં રે ઢળાવો બાળાવરનો ઢોલિયો,
ઢોલિયે બેસીને વીરો વાંળી વગાડે,
વાંસળી વગાડે એના દાદાને જગાડે."[૧૭]

**પટોળા અને ચંદરવો**

ગરીબ કે શ્રીમંત લોકનારીના જીવનમાં એકવાર પાટણનું પટોળું પહેરવાનો કોડ હોય છે. છેલ્લા એક હજાર વર્ષથી આ પટોળું ગૂર્જર નારીના હૈયા પર રાજ કરતું આવ્યું છે. 'ભગવદ્ગોમંડલ' અનુસાર પટોળું એટલે મુલાયમ કુમાશનું સ્ત્રીઓને પહેરવાનું એક જાતનું રંગીન કપડું. આ ઉપરાંત આ ગ્રંથમાં પટોળા વિશેના અસંખ્ય શબ્દો મળે છે. પાટણના પટોળા વણવાનો કસબ ફક્ત સાળવી કારીગરો જ વંશપરંપરાથી કરતા આવ્યા છે. આ સાળવીઓ કોણ છે અને ક્યાંથી આવ્યા છે તે અંગે બે ત્રણ માન્યતાઓ પ્રચલિત છે. જૂના કાળે પટોળા માટેનું રેશમ જાપાનથી આવતું, આજે તે બેંગ્લોરમાં પણ મળે છે. પટોળાવણાટમાં બાંધવાની, રંગવાની અને વણવાની એમ ત્રણ પ્રક્રિયાઓ મહત્ત્વની હોય છે. જૂના કાળે પટોળાની કિંમત બસોથી પાંચસો રૂપિયા હતી અને આજે પચ્ચીસથી ત્રીસ હજાર જેટલી છે.

ધર્મનું અવલંબન લઈને ગુજરાતમાં જે લોકકલાઓ વિકાસ પામી છે તેમાં માતાના રંગબેરંગી રૂપાળા પટનો પણ સમાવેશ થાય છે. આ પટ લોકસમાજમાં માતાનો ચંદરવો, ચંદણી, માતાની પછેડી કે પીછવાઈના નામે ઓળખાય છે. અમદાવાદના વાઘરી જાતિના લોકો આ પટ પર છાપકામનો આગવો કસબ ધરાવે છે. માતાનો પટ માદરપાટના કાપડમાંથી બનાવાય છે. આ પટના છાપકામમાં એનું ચિત્રસંયોજન અત્યંત મહત્ત્વનું બની રહે છે. કસબી પોતાની કલાસૂઝથી અનોખી દેવસૃષ્ટિનું સર્જન કરે છે. પટની મધ્યમાં માતાનું આલેખન કેન્દ્રસ્થાને હોય

છે. આ માતાનો પટ શાક્તધર્મ સાથે જોડાયેલો હોવાથી તેમાં માતાના ચિત્રોની સાથે રામાયણ, મહાભારત વગેરેના ચિત્રપ્રતીકોની પરંપરા જોવા મળે છે.

આ પુસ્તકમાં ગુજરાતના પરંપરિત લોકવાદ્યો, આદિવાસી લોકવાદ્યો, પશુશણગાર, ગુજરાતની ચિત્ર પરંપરા વગેરેનો વિસ્તૃત પરિચય આપેલ છે. આ વિષયો જોરાવરસિંહના અન્ય પુસ્તકોમાં આવી જતા હોવાથી અહીં તેમનો પરિચય કરાવેલ નથી.

## ઉપસંહાર

ગુજરાતનું લોકજીવન સદાય કળાનું રસિયું રહ્યું છે. સંસ્કૃતિના વિકાસમાં વિવિધ કળાઓનું વિશિષ્ટ પ્રદાન જોવા મળે છે. આવી કાષ્ઠકોતરણીની કલા, ધાતુપાત્રો બનાવવાની કળા, કોઠી-કોઠલા, મજૂડાં, કાંસકીઓ બનાવવાની કળાનો લેખકે આપણને પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત લોકવાદ્યો, ચિત્રપરંપરાઓનો પણ પરિચય આપવામાં આવ્યો છે. આ ગ્રંથ એના ચિત્રોને કારણે ઉડીને આંખે વળગે એવો મનમોહક બન્યો છે. લેખકના પ્રત્યક્ષ પરિચય અને જ્ઞાનમાંથી આ સામગ્રી આવી છે અને પૂરતા સંદર્ભગ્રંથોનું પરિશીલન કરી, ગુજરાતના કલાવૈભવનો સવિગત, સદ્રષ્ટાંત રસપ્રદ પરિચય આપ્યો છે. લેખકે આ કળાઓનો ઉદ્‌ભવ, તેના કારીગરો જેવી ઝીણામાં ઝીણી માહિતીથી વાચકોને માહિતગાર કરવાનો પ્રયત્ન કર્યો છે અને તેમાં તેઓ સફળ પણ થયા છે.

# <u>સંદર્ભસૂચિ</u>

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક / સંપાદક | આવૃતિ | પ્રકાશક | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૬ | જોરાવરસિંહ જાદવ | 3 |
| ૨ | લોકકલાના વૈતાલિકો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦3 | જોરાવરસિંહ જાદવ | 3 |
| 3 | એજન | | | | ૪૬ |
| ૪ | એજન | | | | ૧૨૮ |
| ૫ | આપણા કસબીઓ ૨ | જોરાવરસિંહ જાદવ | ત્રી.આ. ૨૦૦૪ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | 3 |
| ૬ | એજન | | | | ૨3 |
| ૭ | એજન | | | | ૧૦ |
| ૮ | આપણા લોકકલાકારો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર | ૨ |
| ૯ | મનોરંજન કરાવનારી લોકજાતિઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ | જોરાવરસિંહ જાદવ | ૧૦ |
| ૧૦ | એજન | | | | ૪૧ |
| ૧૧ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. ડૉ. પ્રેમજી પટેલ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | 3૧૭ |
| ૧૨ | લોકજીવન : કલા અને કસબ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૪ | જોરાવરસિંહ જાદવ | ૨૮ |
| ૧3 | એજન | | | | ૧૯ |
| ૧૪ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. જયંત પીઠડીયા સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | 333 |
| ૧૫ | ગુજરાતનો લોકકલા વૈભવ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૨ | જોરાવરસિંહ જાદવ | ૧૫ |
| ૧૬ | એજન | | | | ૧૯ |
| ૧૭ | એજન | | | | ૯૨ |

# પ્રકરણ – ૫

# જોરાવરસિંહ જાદવનું લોકસંસ્કૃતિ ક્ષેત્રે પ્રદાન

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત |
|---|---|
| પ. ૧ | લોકજીવનનાં મોતી |
| પ. ૨ | લોકસંસ્કૃતિમાં પશુઓ |
| પ. ૩ | ગુજરાતના લોકઉત્સવો |
| પ. ૪ | પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો |
| પ. ૫ | ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ |
| પ. ૬ | ગુજરાતના લોકમેળા |
| પ. ૭ | ગુજરાતના લોકવાદ્યો |
| પ. ૮ | પ્રાચીન ભારતીય લોકરમતો |
| પ. ૯ | કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ |
| પ. ૧૦ | હ્રારાણીકુંજ |
| પ. ૧૧ | લગ્નમાંગલ્ય |
| પ. ૧૨ | લોકસાહિત્યની વિરાસત |
| પ. ૧૩ | ગુજરાતની લોકસંસ્કૃતિ |

## પ્રકરણ – ૫ લોકસંસ્કૃતિમાં જોરાવરસિંહનું પ્રદાન

લોકજીવનને જો વૃક્ષ સાથે સરખાવીએ તો લોકસંસ્કૃતિને એ વૃક્ષનું ફળ કહી શકાય. લોકજીવનનાં જ આંતરબાહ્ય અંગોમાં મુખ્ય ચાલક ને પ્રેરક સંસ્કૃતિ હોય છે. સંસ્કૃતિનો વિકાસ સભ્યતા અનુષંગે થયો છે. માણસે જ્યારથી પોતાની ઈચ્છાઓ, સુવિધાઓ વગેરેને પૂર્ણ કરવામાં અન્યનો સાથ લીધો અને અન્યના હિતઅહિતનો વિચાર અમલમાં મૂક્યો ત્યારથી જ એણે સંસ્કૃતિના નિર્માણનો પ્રયત્ન આરંભ્યો. માણસે પોતાનો ખોરાક અને પોતાના નિવાસ પણ જાતે બનાવવા તરફ ગતિ કરી, એથી એને વ્યક્તિ વ્યક્તિની હેતુપૂર્ણ ક્રિયાઓને સહકાર સાધીને, કોઈ એક નિશ્ચિત કાર્ય અને એના સુનિશ્ચિત પરિણામ માટે જોડવાની જરૂર પડી. આમ થતાં જ નર-માદાના લઘુ એકમમાંથી જ ટોળીનું જીવન શરૂ થયું. એ જ અંતે વાસ, ગ્રામ, નગરમાં પરિણમ્યું. આ રીતે મનુષ્ય ધીમે ધીમે વિકાસ સાધતો ગયો અને તેમાંથી સંસ્કૃતિનો જન્મ થયો. લોકસંસ્કૃતિને સામાન્યતઃ ગ્રામીણ સાથે જોડવામાં આવે છે અને તેને તળપદી સંસ્કૃતિ કે લોકસંસ્કૃતિના નામે પણ ઓળખવામાં આવે છે. જોરાવરસિંહે લોકસંસ્કૃતિમાં જે પ્રદાન કરેલું છે તેને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

### ૫. ૧ લોકજીવનનાં મોતી

#### પ્રસ્તાવના

'લોકજીવનનાં મોતી' ગ્રંથની પ્રથમ આવૃત્તિ ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ તરફથી સને ૧૯૭૫ ના વર્ષમાં પ્રગટ કરવામાં આવી હતી. "આ ગ્રંથની ગુણવત્તાને ધ્યાનમાં લઈને લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન નગરશ્રી ચુરુ (રાજસ્થાન) તરફથી શ્રી જોરાવરસિંહને ૧૯૭૮ ના વર્ષમાં ઝવેરચંદ મેઘાણી સુવર્ણચંદ્રક અર્પણ કરાયો હતો."[1] ત્યાર બાદ વર્ષોથી આ સત્ત્વશીલ ગ્રંથ અપ્રાપ્ય હતો, તેનાં પ્રકાશન માટે લોકસંસ્કૃતિ પ્રેમીઓ અને દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓની સતત માંગ આવ્યા કરતી હતી. તેને ધ્યાનમાં લઈને ૨૦૦૯ માં આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી.

પાંચ વિભાગો અને છાસઠ પ્રકરણોના વિશાળ ફલકમાં પથરાયેલો આ ગ્રંથ માત્ર વિદ્વદ્‌ભોગ્ય જ નહીં પણ લોકભોગ્ય બને એ દ્રષ્ટિ એનાં આરંભથી જ લેખકે રાખી છે. અહીં ગ્રંથસ્થ પ્રકરણોમાંથી કેટલાંક પ્રકરણો અગાઉ સ્વતંત્ર લેખરૂપે કુમાર, નવચેતન, અખંડઆનંદ, ગુજરાત દીપોત્સવી અંક, સ્ત્રીજીવન, રંગતરંગ વગેરે માસિકોમાં પ્રગટ થઈ ચૂક્યાં છે. જ્યારે બાકીના લેખો 'નૂતન ગુજરાત' માં 'ભાતીગળ લોકજીવન' ની કોલમમાં પાંચ વર્ષ સુધી નિયમિત રીતે પ્રગટ થયા હતા.

**લગ્નપ્રસંગનાં પ્રતીકો અને રિવાજો**

પ્રથમ વિભાગમાં લેખકે માણેકસ્તંભ, ફૂલેકું અને રામણદીવડા વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. આ બધાની સમજ આપણે 'લગ્નમાંગલ્ય' નામના પુસ્તકમાં મેળવી છે. તેથી તેની અહીં વિસ્તૃત ચર્ચા નથી કરેલ.

અહીં શ્રી મોટાનું કથન યાદ આવે છે, "લગ્નભાવના માત્ર એકલા ભોગવિલાસ માટે નથી એ તો તપશ્ચર્યા માટે છે. સમાજનું, દેશનું પિતૃઓનું ઋણ અદા કરવા માટેનું ઉત્તમ સાધન છે. હૃદયથી સાત્વિક ભાવના કેળવીને આત્માના સ્વરૂપમાં એકબીજાને ઓળખીને જે જગતના ચરણે એકાદ બુદ્ધ ભગવાન, એકાદ ઈશુ ભગવાન, એકાદ શંકરાચાર્ય કે એકાદ જ્ઞાનદેવની ભેટ ધરશે, તેણે જગતની મોટી સેવા કરી લેખાશે. લગ્ન એવી પ્રજોત્પતિ માટે છે." પશ્ચિમનાં દેશોમાં તો લગ્ન એક કરાર છે. એટલે તો ત્યાં હજુ સુધી કોઈ સમાજ વ્યવસ્થા સ્થપાઈ નથી. આપણે ત્યાં લગ્ન એ બે આત્માઓનું મિલન છે. જોરાવરસિંહ કહે છે કે, "ભારતીય લગ્નપ્રથા આર્ય સંસ્કૃતિની આગવી દેણ છે અને આવી અનેક સંસ્કાર પરંપરાઓને કારણે ભારતીય સંસ્કૃતિ વિશ્વભરની સંસ્કૃતિમાં આગવું સ્થાન ધરાવે છે."

આપણી સંસ્કૃતિના ચાર પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. માનવ બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ વગેરે આશ્રમમાંથી પસાર થઈ ધર્માર્થકામનું સેવન કરીને ધ્યેય સિદ્ધિ મેળવે છે. વિવાહ શબ્દ વિ+વહ્ ધાતુ ઉપરથી બન્યો છે. જેનો અર્થ થાય છે પત્ની સ્વીકાર અથવા એ માટેની પ્રવૃતિ. 'લોકજીવનનાં મોતી' પુસ્તકમાંથી લગ્ન સંબંધી નીચેની બાબતો ફલિત થતી જણાય છે.

- લગ્ન એ પવિત્ર બંધન ગણાય છે.

- લગ્ન એ ત્યાગ અને સમર્પણની ભાવના સર્જતું અનોખું બંધન છે.

- સ્ત્રી-પુરૂષના કર્તવ્ય અને સમર્પણની ભાવનાનું સુંદર મિલન એટલે દામ્પત્યજીવન.

- લગ્ન એ બે આત્માનું પવિત્ર મિલન છે.

- લગ્નવિધિમાં સપ્તપદી સૌથી મહત્ત્વની વિધિ છે.

- વિવાહ હિંદુ સમાજનો સૌથી ઉમદા સંસ્કાર છે. તેને યજ્ઞનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

- પિતૃઋણ દૂર કરવાનો એક આદર્શ સંસ્કાર છે.

બધા જ વર્ણનાં લોકો એક યા બીજા સ્વરૂપે ગણેશની પૂજા કરે છે. મંગલ કાર્ય કે શુભ પ્રસંગે ગણેશનું સ્થાપન અને સ્મરણ પહેલા કરવામાં આવે છે. કારણ કે ગણપતિને વિઘ્નહર્તા માનવામાં આવ્યા છે. લગ્ન જેવો શુભ પ્રસંગ વિઘ્ન વગર પાર પડે તે માટે ગ્રામનારી લગ્ન પ્રસંગે પ્રથમ ગૌરીપુત્ર ગણેશને ગીતો દ્વારા યાદ કરે છે. ગણપતિની સ્થાપના વખતે પણ તેના ગીતો ગાઈને તેનું સ્થાપન બ્રાહ્મણ શાસ્ત્ર વિધિથી કરાવે છે. આ સ્થાપના વિધિ દરેક પ્રદેશમાં, જ્ઞાતિમાં  અલગ કે વિવિધ હોઈ શકે, પરંતુ એક બાબત બધી જ કોમ કે જાતિમાં સર્વસામાન્ય છે. ગણેશને પાટ બેસાડતી વખતે બહેનો ગાય છે :

“ગણેશ પાટ બેસાડીએ, ભલાં નીપજે પકવાન;

સગાં તે સમરથ તેડીએ, જો પૂજ્યા હોય મોરાર.”[2]

ગણપતિની સ્થાપના માંડવો નખાય ત્યારથી છેક લગ્ન ઉકલી જાય ને વરકન્યાની છેડાછેડી છૂટે ત્યાં સુધી શ્રી ગણેશ બેઠા જ હોય. લગ્ન ઉકલી ગયા પછી તેનું વિધિપૂર્વક વિસર્જન કરવામાં આવે છે. અહીં જોરાવરસિંહે વેદકાલીન લગ્નવિધિની પણ વિસ્તૃત ચર્ચા કરી છે.

ઉકરડી નોતરવાનો રિવાજ લોકવરણમાં સર્વત્ર જોવા મળે છે. ખોડીદાસ પરમાર નોંધે છે કે, ‘ઉકરડીની વિધિ લગ્નનાં શાસ્ત્રમાં ક્યાંય દેખાતી નથી, પરંતુ સ્ત્રીઓએ પાછળથી આ વિધિ ઉમેરી દીધી હશે એમ મનાય છે.’ ઉકરડી માટે સંસ્કૃતમાં ‘ઉત્કર’ શબ્દ

વપરાય છે. તેનો અર્થ ઉકરડો એવો થાય છે. તેના પરથી આ ઉકરડી શબ્દ આવ્યો છે. ઉકરડી એ શેરીની દેવી ગણાય છે. ગુજરાત અને રાજસ્થાનમાં લગ્નપ્રસંગે વરકન્યા બન્નેનાં ઘરે ઉકરડી નોતરવાની વિધિ ખૂબ જાણીતી છે. તેની સાથે જોડાયેલ લોકકલ્પના અને લોકકથાઓને પણ અહીં રજૂ કરી છે. આ ઉપરાંત ગુજરાતની પ્રજાએ લોકગીતોમાં પણ ઉકરડીને સ્થાન આપ્યું છે.

વરરાજા વેલ્ય લઈને કન્યાને પરણવા જાય એવો રિવાજ પ્રાચીન કાળથી જોવા મળે છે. આ વેલ્યને કળામય રીતે શણગારવાનો શોખ તો રાજપૂત, ગરાસિયા, સતવારા, કાઠી અને આયરોમાં સવિશેષ જોવા મળે છે. લોકનારીઓએ વેલ્યને લોકગીતોમાં અજબ રીતે ગૂંથી લીધી છે. આ ઉપરાંત આ વિભાગ અંતર્ગત લેખકે બાજઠ અને તેની સાથે સંકળાયેલા લોકરિવાજો, લગ્નવિધિ પ્રસંગના મીંઢળ, પીઠી, છેડાછેડી, કન્યાદાન, હસ્તમેળાપ જેવા પ્રતીકો, મામેરાં, મા-માટલું વિશે પણ વિસ્તૃત સમજ આપી છે.

### વસ્ત્રાભૂષણો અને સૌંદર્યપ્રસાધનો

જોરાવરસિંહ કહે છે તેમ, 'પ્રકૃતિપરાયણ ગુજરાતનું લોકજીવન પ્રાચીન કાળથી જ ભાતીગળ વસ્ત્રાભૂષણોથી ભર્યુંભર્યું રહ્યું છે.' એટલે જ તો પ્રેમાનંદના આખ્યાનમાં વસ્ત્રાભૂષણોની લાંબી-લાંબી યાદીઓ જોવા મળે છે. વસ્ત્રાભૂષણ કળાનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. સંસ્કૃતિ અને સભ્યતાની સાથે-સાથે કાળક્રમે વેશભૂષાનો પણ વિકાસ થયો છે. મોંહે-જો-દડો અને હડપ્પન સંસ્કૃતિનો સમય ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી માંડીને ઈ. સ. પૂર્વે ૧૫૦૦ નો મનાયો છે. આ સમયના લોકો મોટા ભાગે સીવ્યા વિનાના વસ્ત્રોનો ઉપયોગ કરતા. રામાયણ અને મહાભારત કાળમાં પણ વસ્ત્રાભૂષણની વિવિધતા જોવા મળે છે. મહાકવિ વાલ્મિકીએ કનક કુંડળ પહેરતા પ્રજાજનોનો ઉલ્લેખ કર્યો છે. મૌર્ય યુગમાં ભારતીય સંસ્કૃતિનો વિકાસ ચરમસીમાએ પહોંચ્યો હતો. ચંદ્રગુપ્તના સમયમાં યુનાન દેશનો પહેરવેશ યુનાનીઓ ભારતમાં લાવ્યા. ગુપ્તકાળમાં અજંતાના ભીંતચિત્રો, સારનાથ અને દેવગઢની મૂર્તિઓ પરથી તેની વેશભૂષાની માહિતી આપણને સાંપડે છે.

આજે ગુજરાત-સૌરાષ્ટ્રમાં ચૂંદડી ખૂબ જ પહેરાય છે. નારીના સોળ શણગાર અને તેનાં વસ્ત્રાભૂષણો ચૂંદડી વિના અધૂરાં જ ગણાય. ગુજરાતમાં ચૂંદડી મોટા ભાગે

બાંધણીના અર્થમાં વપરાય છે. ધાર્મિક ઉત્સવો પ્રસંગે અને ધર્મક્રિયાઓ કરતી વખતે સ્ત્રીઓ પીળા રંગની વરન્તી નામની સાડી પહેરતી. શુભ પ્રસંગોએ સ્ત્રીઓ નીલકમલ, શ્વેતકમલ, વર્ષાકમલ અને પદ્મબંધ વગેરે નામથી ઓળખાતી સાડીઓ પહેરતી. રાજાની રાણીઓ મયૂરક્રાંતિ નામની મોંઘી સાડીઓ પહેરતી. સુખી ઘરની સ્ત્રીઓ ધનુષી, રાજપાલ, હંસલક્ષ્મી વગેરે નામથી ઓળખાતી સાડીઓ પહેરતી. આપણે ત્યાં કચ્છ-ભૂજ, માંડવી અને અંજારમાં ખીલેલો બાંધણી ઉદ્યોગ ખૂબ જ વિકાસ પામ્યો છે. કચ્છ ઉપરાંત જામનગર, રાજકોટ, વાંકાનેર, મોરબી, પોરબંદર, કુતિયાણા, ધોરાજી, ડીસા, અમદાવાદમાં બાંધણીઓ તૈયાર થાય છે. એક સમયે ગુજરાતના પાટણ શહેરનાં પટોળાં ખૂબ જ વખણાતા.

વસ્ત્રોની સાથે-સાથે આભૂષણો પણ અસ્તિત્વમાં આવ્યા. લગ્ન, જન્માષ્ટમી, હોળી, દીવાળી જેવા ઉત્સવ પ્રસંગે સમાજની નારીઓ અવનવા આભૂષણો પહેરીને હરખભેર ઉત્સવની ઉજવણી કરતી જોવા મળે છે. ઘરેણાં સંસ્કૃતિના સર્જનકાળ જેટલાં પ્રાચીન છે. વેદોમાં પણ ઘરેણાંનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રારંભમાં મનુષ્યએ કુદરતે છૂટે હાથે બક્ષેલા ભાતભાતના રંગબેરંગી રૂપાળા ફૂલડાં કાનમાં ખોસ્યાં, મનોહર ફૂલોની માળા બનાવી, પક્ષીનાં રંગીન પીંછા ધારણ કર્યા. બળદ જેવા પશુઓનાં દાંતની માળા બનાવી અને ત્યાંથી જ શરીર શૃંગારનું પ્રથમ પ્રકરણ આરંભાયું. સમય જતા લોઢું, તાંબુ, કાંસુ, પિત્તળ વગેરેના ઘરેણાનો એક તબક્કો પુરો થતાં સોના-ચાંદીના આભૂષણોનો એક યુગ શરૂ થયો. હીરા, માણેક અને ઝવેરાત પણ આવ્યા. આજે આદિવાસીઓ જેવા પછાત વર્ગોથી માંડીને વાણિયા, બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ણના સ્ત્રી-પુરુષો અંગની શોભા વધારવા સોના-રૂપાનાં ઘરેણાં પહેરે છે.

હડપ્પા તથા મોંહે-જો-દડોનાં અવશેષોમાં સોનું, કાંસુ, તાંબુ, રૂપું, છીપમાંથી બનાવેલ કંઠહાર, દામણી, વીંટી, વલય હારના છૂટક નાના મોટા નમૂના મળી આવ્યા છે. અજંતાની ગુફાઓમાંથી પણ કેટલાંક ઘરેણાં પહેરેલા મનોહર ચિત્રો જોવા મળે છે. રામાયણમાં પણ કાનના કુંડળ, કંઠનો હાર, હાથના કંકણ, કેડયની કટીમેખલા, સોનાનું તિલક વગેરે આભૂષણોના ઉલ્લેખો મળી આવે છે.

સ્ત્રીઓ અને પુરુષોના ઘરેણાં નોખાનિરાળા જોવા મળે છે. પુરુષો સામાન્ય રીતે કાનમાં કર્ણફૂલ અને કોકરવાં, ગળામાં ટૂંપિયો ફૂલહાર, ચોરસી, દોરો, કાંડે કડું અને

પોંચી, કેડે કંદોરો, આંગળીએ વેઢ, પંખો, વીંટી અને પગમાં સોના-ચાંદીની બેડી પહેરે છે. જ્યારે સ્ત્રીઓ માથામાં દામણી, ટીકો, નથડી, કાંપ, ઠોળિયાં, કડિયું, નખલી, ટીપકી, ડોકે રામનોમી, ઝરમર, પાંદડા, પૈહાર, મોરહાર, અછોડો, બોરમાળા, બાવડે લોકિટ, કડું કે પટ્ટો, બંગડી, ચૂડલી, પંજો, ગુજરિયા, દરશનિયાપ પોંચી અને બ્રેસલેટ, પગમાં સાંકળાકડલાં, કાંબીયું, બેડિયું, પગના આંગળી અંગૂઠામાં અંગૂઠિયા, કબૂતરી, માછલિયું પહેરે છે. ગરાસણિયું તો દાંતે સોનાની રેખુ પણ જડાવે છે. આવા આભૂષણો માત્ર સ્ત્રી-પુરુષના શરીરને જ નહીં પણ દેવદેવીઓના દેહની શોભારૂપ પણ બને છે.

આ ઘરેણાંઓ ધર્મ અને સ્વાસ્થ્ય સાથે પણ સંકળાયેલાં છે. સૌંદર્યપ્રિય નારીઓના ૧૨ આભરણ અને ૧૬ શણગારના ઉલ્લેખ પ્રાચીન સંસ્કૃત અને વ્રજ ભાષાના ગ્રંથો, તત્કાલિન કવિઓના કાવ્યોમાં તથા પ્રવીણસાગરમાંથી મળે છે. પદ્માવતમાં ૧૬ શૃંગારો આ પ્રમાણે વર્ણવ્યા છે :

“ચાર દીર્ઘ – કેશ, અંગૂલિ, નેત્ર, ગ્રીવા

ચાર લઘુ – દાંત, કસ, લલાટ, નાભિ

ચાર સુભર – ગાલ, નિતંબ, કાંડા, જાંઘ

ચાર ક્ષીણ – નાક, કટિ, પેટ, અધર”[3]

હિંદુ નારીના સૌભાગ્યનું ચિહ્ન ચાંલ્લો એ નારીના સોળ શણગારોમાં શિરોમોર સમો બની રહ્યો છે. સૌભાગ્યવતી નારીના કપાળથી માંડીને સાધુ-સન્યાસીના કપાળમાં જોવા મળતા વિધવિધ પ્રકારના ચાંલ્લા અને તિલકને સંસ્કૃતિ જેટલા જ પ્રાચીન માનવામાં આવે છે. ચાંલ્લા માટે સંસ્કૃત ભાષામાં ‘તિલક’, પ્રાકૃતમાં ‘તિલય’, ગુજરાતીમાં ટીલું, ચાંદલો, ટીકી, રાજસ્થાની અને મારવાડી બોલીમાં ટીકો, હિન્દીમાં બિંદી, મરાઠીમાં કંકુ, તેલુગુમાં ‘બોટ’ અને તમિલમાં ‘પોટ’ શબ્દ વપરાય છે. પ્રાચીન કાળમાં વિવિધ જાતિઓમાં અને ધર્મસંપ્રદાયમાં અલગ-અલગ તિલકો જોવા મળતા. આ ચાંદલાના વિવિધ આકાર અને પ્રકાર જોવા મળે છે.

નારીનું મન મોહી લેનાર ચૂડી-ચૂડલા ને કંકણ પહેરવાનો રિવાજ મોહેં-જો-દડોના અવશેષોમાંથી મળે છે. અમરાવતી અને મથુરાની કુશાણકાલીન મૂર્તિઓના હાથમાં

કોણી સુધી ચૂડીઓ શોભી રહી છે. મહાભારતમાં શંખની ચૂડીઓનો ઉલ્લેખ મળે છે. આવા વિવિધ પ્રકારના ચૂડી-ચૂડલાની વાતો લેખક સિદ્ધહેમ વ્યાકરણ, વિજયવિલાસમુ, મેઘદૂત, શિશુપાલવધ વગેરેનો આધાર લઈને આપે છે. આજે પિત્તળ, તાંબુ, કલાઈ, સોનું, ચાંદી, રબર, લાખ, પ્લાસ્ટિક, હાાથીદાંત, શીંગડામાંથી બનાવેલી ચૂડીઓ પહેરાય છે. ચાંલ્લાની જેમ ચૂડલો પણ નારીના સૌભાગ્યનું પ્રતીક છે. ભારતના અલગ-અલગ પ્રદેશમાં ચૂડલાનાં વિધવિધ રિવાજો જોવા મળે છે.

રીતિકાલીન કવિઓએ નારીના સોળ શૃંગારોમાં મેંદીને પણ ગણાવી છે. મેંદીનો ઈરાનમાં 'હિના', ઈજિપ્તમાં 'બિન્ના', સંસ્કૃત સાહિત્યમાં 'મદન્તિકા' નામે ઉલ્લેખ થયો છે. મિસરના લોકો મેંદીને 'સ્વર્ગીય સુગંધ'ના નામે ઓળખાવે છે. મેંદી ભારતમાં કેવી રીતે આવી તથા મેંદી બનાવવાની રીત પણ અહીં આપેલ છે. મેંદી શુભ શુકન તરીકે મૂકવામાં આવે છે. તેમાં આયુર્વેદની દ્રષ્ટિ સમાયેલી છે. આ ઉપરાંત લોકહૈયા પર કામણ કરનારી કલાપૂર્ણ કાંસકીઓ એના નયનરમ્ય મનોહર આકાર-પ્રકારોને કારણે દાંતિયો, લીંખિયો, ખપાળો, કંગી, રૂણી, કાંગસી વગેરે નામે વિવિધ પ્રદેશોમાં ઓળખાય છે. હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાંથી આપણને કાંસકીના વપરાશના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. કાંસકી સાથે જેટલા લોકરિવાજો જોડાયેલા છે તેની માહિતી આપવાનું પણ લેખક ચૂક્યા નથી.

પાઘડી શબ્દ 'પટ' એટલે કાપડ અને 'ક' પ્રત્યય લાગી 'પટકી' શબ્દ બન્યો. એનું અપભ્રંશ તે આપણી પાઘડી. પાઘડી એ રાજપૂત સંસ્કાર, સંસ્કૃતિ અને આન-બાનનું પ્રતીક છે. ગુજરાતમાં પુરુષોના માથે પાઘડી પહેરવાનો રિવાજ દરેક જાતિમાં દરેક જાતિમાં જાણીતો છે. આ પાઘડી રજવાડાના સમયમાં શિષ્ટાચારનું પ્રતીક ગણાતી અને તે માનવીને માટે આશીર્વાદરૂપ બનેલી છે.

**ઘર અને ઘરના શણગાર**

જંગલમાં ભટકતો માનવીએ પશુ-પ્રાણીઓથી બચવા માટે વૃક્ષો પર માળો બનાવીને પોતાનું રહેઠાણ બનાવ્યું. ટાઢ, તડકો અને વરસાદથી રક્ષણ માટે ગુફાઓ ગોતી કાઢી. અગ્નિની શોધ કરીને માનવીએ અંધકાર પર વિજય મેળવ્યો. જુદા-જુદા પ્રદેશોમાં ભૌગોલિક

પરિસ્થિતિ અનુસાર ઘરોનો વિકાસ થવા લાગ્યો. ઘર બનાવવામાં લાકડું વધુ વપરાવવા લાગ્યું, તેમ કાષ્ઠકલા પણ વિકસવા લાગી. કાઠિયાવાડ તેમજ રાજસ્થાનમાં ડુંગરની હારમાળા છવાયેલી છે. જમીનમાંથી અઢળક પથ્થર મળે છે, એટલે ત્યાં પથ્થરનાં જ મકાનો બનવા લાગ્યા. ગીરકાંઠો, બનાસકાંઠો, પંચમહાલ અને ડાંગ જ્યાં કુદરતે છુટે હાથે વન્યસમૃદ્ધિ બક્ષી છે ત્યાં પથ્થર અને માટીની સાથે વાંસ, લાકડા અને ઘાસનો પણ ઉપયોગ થતો હતો. ગુજરાતના મોટા ભાગના મકાનો ઇંટોના જોવા મળે છે. છાપરા પર પતરા અને નળિયા બન્ને વપરાય છે. ભાલપ્રદેશમાં ચીકણી માટી ખૂબ જ સરળતાથી મળતી હોવાથી ત્યાં લોકો માટીમાંથી મકાનો બનાવે છે.

કચ્છમાં રહેતા કોળી શંકુ આકારની ઝુંપડી બનાવે છે. જે કૂબા અથવા કૂડને નામે જાણીતા છે. અંદર ગારનું લીંપણ કરે છે. કબાડાથી બાંધેલા કૂબાને ‘માટું’ કહેવામાં આવે છે. આવા કૂબાના સમૂહને ‘વાંઢ’ કહેવામાં આવે છે. ગુજરાતમાં પાટીદાર લોકો ધાબાવાળા મકાનો બનાવે છે.

પ્રાચીન કાળથી ઘરની શોભા વધારવા માટે લોકનારીઓ અવિરત પુરૂષાર્થ કરતી આવી છે. પરિણામે લોકસંસ્કૃતિના વિકાસમાં સ્ત્રીઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ઈતિહાસ તો ત્યાં સુધી કહે છે કે ખેતીની આધશોધક પણ સ્ત્રી જ હતી. પુરૂષો શિકાર કરવા માટે દૂર દૂર ચાલ્યા જતા ત્યારે સ્ત્રીઓ ઘરઆંગણે શાકભાજી અને અનાજ ઉગાડતી હતી. સ્ત્રીઓએ ઘેર બેઠા બેઠા પોતાની દ્રષ્ટિ, હૈયાઉકલત અને સૂઝ મુજબ ઘર ઓરડાની શોભાસજ્જા અને શાન વધારવા માટે પ્રયત્ન કર્યા છે.

ઓરડાની શોભા તેમાં ગોઠવેલી સોનાવરણી માંડ ગણાય છે. માંડ એટલે ઓરડામાં પટારા પર ગોઠવેલા વાસણોની વ્યવસ્થિત માંડણી. આવી માંડો લાકડાની અને માટીની બનતી. ગુજરાતનાં ઘણાં ઘરોમાં અને મંદિરોમાં આજેય કળામય છતો જોવા મળે છે. આ છતો વિવિધ પ્રકારે તૈયાર કરવામાં આવતી. ક્યારેક તેમાં કાષ્ઠની કોતરણી કરવામાં આવતી. વિવિધ જાતિની લોકનારીઓએ પરંપરાગત કળાસંસ્કાર, હૈયાઉકલત અને અંતરની અનેરી સૂઝથી માટીનાં ઓબડધોબડ ખોરડાંને મનોહર લીંપણથી મઢી અને ખાપુંથી ઉજમાળ્યાં છે. ગામડાની

નારીઓ સોળપ લીપેલી માટીની ભીંતો ઉપર ખડીનું કે ખડી કરેલી શ્વેત ભીંતો પર ભાતીગળ રંગો વડે ચિતરામણ કરીને પોતાની ઊર્મિઓને અભિવ્યક્ત કરે છે.

દીપોત્સવી જેવા આનંદના પર્વે આંગણામાં રંગોળી સજાવવામાં આવે છે. આ રંગોળી રંગોમાંથી, રંગબેરંગી ફૂલોમાંથી અને ઘંઉ, કઠોળ, ચોખા, મગ, અડદ વગેરે ધાન્યોમાંથી પણ રચાય છે. આમ રંગોળી વગરનું આંગણું અશુભ મનાય છે. કાષ્ઠશિલ્પવાળાં જૂના મંદિરો અને મકાનોમાં આજે પણ જોવા મળે છે. આવા નેજવાં સાગ, સીસમ કે હળદરના લાકડામાંથી બનાવવામાં આવે છે. જૂના કાળે નેજવાં ઉપર અતિ બારીક નકશી કોતરાતી કે દેવાોનાં સુંદર પ્રતીકો અને પશુસૃષ્ટિનાં ચિત્રો કંડારાતાં. લોકજીવનમાં ગૃહવપરાશની જે કેટલીક ચીજોએ કલાત્મક સ્વરૂપ ધારણ કર્યું છે, તેમાં સાગ-સીસમના ઢોલિયાનો પણ સમાવેશ થાય છે. ઢોલિયો જૂના કાળે ગુજરાતને ગામડે ગામડે અને ઘરોઘર વપરાતો. આજના પલંગનું પ્રાચીન સ્વરૂપ જ ઢોલિયો છે. ગુજરાતની કાષ્ઠકળાનું પ્રતિનિધિત્વ ધરાવતા ઢોલિયાની કળાકારીગરીમાં મનોહર તળપદ કલાકારીગરીનાં દર્શન થાય છે.

આ ઉપરાંત કચ્છ સૌરાષ્ટ્રનું લોકભરત, મજૂસ અને કોઠી-કોઠલા, પટારા વિશે અન્યત્ર ચર્ચા કરેલ હોવાથી તેની અહીં માહિતી આપેલ નથી.

### ઘરવપરાશની કેટલીક કલાત્મક ચીજો

લોકજીવનનો ધબકાર એ માનવીના જીવાતા જીવનમાંથી જ ઉદ્‌ભવ્યો છે. લોકજીવન ઉત્સવપ્રિય તો છે જ સાથે સાથે તે કલાનું રસિયું પણ રહ્યું છે. આપણા કસબી કલાકારો દ્વારા બનાવાતી કલામંડિત ચીજજણસોએ લોકસમાજના માનવીની ઊર્મિઓને આકાશી ઉડ્ડયન કરાવ્યું છે. લોકસમાજના ઘરખોરડાનાં રાચરચીલાની વિશદ્ ચર્ચાઓ ‘લોકજીવનનાં મોતી’ માં કરેલી છે.

હડપ્પા સંસ્કૃતિના સમયકાળ દરમિયાનન ઉપયોગમાં લેવાતાં તે સ્થળોએથી મળી આવેલાં ચીકણી માટીના અમુક વાસણોના આકાર-પ્રકારો આપણને પાંચ હજાર વર્ષ પુરાણા ઐતિહાસિક સમયમાં લઈ જાય છે. હડપ્પા સંસ્કૃતિના સમય જેટલી પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાઓ ધરાવતું અને વિશ્વના અન્ય ભાગોથી પ્રભાવિત થયેલું ગુજરાત ધાતુપાત્રોની બૃહદ

શ્રેણી ધરાવે છે. ધાતુપાત્રોનો મૂળ ઉપયોગ અનાજ સંઘરવા, પાણી ભરવા, રાંધવા કે જમવા માટે શરૂ થયો, પણ તે પછી કલાકાર કસરબીઓએ કલાનો સ્પર્શ આપી એને બહુમૂલાં બનાવી દીધા. ભારતના ધાતુપાત્રો મુખ્યત્ત્વે મૌર્ય, ગુપ્ત, ચૌલ, રાજપૂત અને મોગલ સંસ્કૃતિનું મૂલ્યવાન પ્રદાન છે.

ગુજરાતના કંસારાઓએ પોતાની કારીગરી દ્વારા જાતજાતના અને ભાતભાતના વાસણોની વિશાળ સૃષ્ટિ ઊભી કરી દીધી છે. જેમાં ખાંડણી, ઝારી, ફૂલદાની, ધાતુની પેટી, ધાતુનો હોકો, કલાપૂર્ણ સૂડીઓ, તેનાં વિવિધ ઘાટ અને આકારો જોતા જ આપણે છક થઈ જઈએ છીએ. ઘરવપરાશની કલાસૂઝનો જો કોઈ ઉત્તમ નમૂનો હોય તો તે વીંજણો છે. રંગબેરંગી ભરત ભરેલા અને મોતીમઢ્યા વીંજણા કલામંડિત લોકજીવનનું લોકસંસ્કૃતિનું પ્રતીક છે. વીંજણો એ ઉનાળાનું અમૃત છે. વીંજણો શબ્દ સંસ્કૃત 'બીજ' ધાતુ ઉપરથી આવ્યો છે. એનું ભાવવાચક નામ નાન્યતર જાતિમાં 'વીજન' છે. એનો અર્થ વીંજણો થાય છે. આ વીંજણાની શોધ આદિમાનવને જ્યારથી ઈન્દ્રિયોનો પરિચય થયો હશે ત્યારથી થઈ હશે. ઈ.સ. પૂર્વે ૪૦૦ માં કેળના પાંદડાનો પંખા તરીકે ઉપયોગ થતો એમ કૌટિલ્યે નોંધ્યું છે.

ચોપાટ એ ગુજરાતીમાં સામાન્ય જનથી માંડીને છેક રાજદરબારો સુધી અતિ લોકપ્રિય રમત બની હતી. સાદા માદરપાટથી માંડીને રેશમ, અતલસ અને કિનખાબના કાપડમાંથી દરજી ચોપાટ બનાવે છે. લોકનારીઓ તેમાં રંગબેરંગી સૂતર અને હીરનું ભરત ભરે છે. ઋગ્વેદ, કામસૂત્ર, વાસુદેવ હિંડી, મહાભારત, હડપ્પા સંસ્કૃતિ જેવા સંદર્ભો આપીને લેખકે ચોપાટ વિશે વિસ્તૃત માહિતી આપેલી છે. જે પ્રશંસનીય અને અદ્‌ભુત છે.

"આસોપાલવનાં ઝાડ હો રાયજી,

ત્યાં મારો હિંડોળો બંધાવો રે;"[૪]

હિંડોળો એ સંસ્કૃત 'હિંદોલ' શબ્દ પરથી ઊતરી આવ્યો છે. એનો અર્થ થાય છે હીંચકો. લોકજીવનમાં હિંડોળાનો ઉપયોગ માનવી પૂરતો જ મર્યાદિત નથી. દેવોને માટે પણ હિંડોળા બનાવ્યા છે. કલાત્મક હિંડોળા સોનાચાંદીનાં પતરાંથી મઢેલા અને હીરલાદોરીથી ભરેલા તથા ફૂલોની ગૂંથણીવાળા હોય છે. આ ઉપરાંત વહુ-દીકરીઓ લાજમલાજામાં રહી શકે એ

વિચારમાંથી કનાતની પ્રથા જૂના કાળમાં અસ્તિત્ત્વમાં આવેલી. કનાત ઓઝલની સાથે સાથે લોકકળાનું પણ પ્રતીક છે.

ત્રાંબાકૂંડી એટલે ત્રાંબાનું બનાવેલું બે કડાંવાળું પહોળું વાસણ. જે સ્નાન કરતી વખતે ઉપયોગમાં લેવાય છે. ત્રાંબાકૂંડીમાં નહાવાની પાછળ આયુર્વેદની દ્રષ્ટિ પણ રહેલી છે. કંકુ રાખવાનું કે ઘોળવાનું હાથવગું સાધન એટલે જ આપણી કળામઢી કંકાવટી. આવી કંકાવટીઓનો ઉપયોગ લગ્ન અને વ્રત જેવા મંગલ પ્રસંગે વધારે થતો. જૂના કાળમાં ગામની વહુવારુ માથે બેડું લઈને પાણી ભરવા માટે ગામને પાદર કૂવો હોય ત્યાં જતી. બેડાને માથા પર રાખવા માટે મોતીભરતની ઈંઢોણીઓ હતી. એ ઈંઢોણીઓ પણ કેવી વિવિધ મોતીઓ અને ભરતગૂંથણથી શણગારાયેલી. વાઢીનો અર્થ થાય છે ઘી પીરસવાનું એક વાસણ. વાઢી મુખ્યત્વે ધાતુની અને માટીની એમ બે પ્રકારની જોવા મળે છે. વાઢીનો આકાર પ્રથમ નજરે નાળચાવાળા લોટા જેવો દેખાય છે, પરંતુ આખી વાઢીનો આકાર મોર કે હંસ જેવા અવનવા ઘાટનો હોય છે.

આ ઉપરાંત કુંભારની માટીકળાનું પ્રતીક બતક, કુડલાં-કુડલિયું, રેશમી રજાઈની બનાવટ, તેના ઉપયોગ વગેરે વિશે લેખકે અહીં વિસ્તૃત માહિતી આપેલી છે. આ કલાત્મક ચીજોની સાથે સંકળાયેલા લોકગીતોને પણ લેખક ભૂલ્યા નથી. આ બધુ જોવા જઈએ તો એનો પાર ન આવે. જોરાવરસિંહે ઉલ્લેખ કરેલી આ બધી ચીજો સચિત્ર તેના ઉપયોગ સાથે મૂકી છે. આજે આ બધી વસ્તુઓ મ્યુઝિયમની વસ્તુ બની ગઈ છે.

**લોકકળાનાં પ્રતીકો**

ગુજરાતના લોકોનું જીવન સદાને માટે કલાનું રસિયું રહ્યું છે. સંગીત, ધર્મ, સંસ્કૃતિ, કૃષિ, સામાજિક રીતરિવાજમાં એ કાયમ કલાથી ધબકતું  જ રહ્યું છે. એટલે તો આપણા પ્રાચીન મંદિરો પર કાષ્ઠકલાની કોતરણીના બેનમૂન નમૂનાઓ હતા. એનાં દરવાજા, ગર્ભગૃહ, સ્તંભો વગેરેની લાકડાની કોતરણીમાં આપણને લોકકળાની ઝાંખી થાય છે. દેવ-દેવતાની લાકડાની મૂર્તિઓ, ગણપતિ, વાંજિંત્રો વગાડતી નર્તકીઓ, કાષ્ઠ સિંહાસનો, રાધનપુરના શાંતિનાથ, ઋષભદેવ, આદિશ્વર અને અજિતનાથના દેરાસરની કાષ્ઠકોતરણી

આપણને ઉડીને આંખે વળગે છે. લાકડાની કોતરણીમાં ફૂલ, વેલ, તોરણ, મયૂર, પોપટ, યુગ્મ પક્ષીઓનું કંડારણ થયેલું જોવા મળે છે.

માતાજીનો ચંદરવો બનાવવાની રીત તો ગુજરાતમાં પછાત ગણાતી દેવીપૂજક કોમ પાસે કેવી રીતે પહોંચી હશે તેનો રસપ્રદ ઈતિહાસ અહીં રજૂ કર્યો છે. આવા ચંદરવામાં હનુમાનનું ચિત્ર, ભૈરવનું ચિત્ર, અંબાજીનું ચિત્ર, કૂકડા પર બેઠેલા બહુચરમાતા, દૈત્ય સામે યુદ્ધ ખેલતા માતાજીના ચિત્રો પણ હોય છે. લોકજીવન અને લોકસંસ્કૃતિ સાથે જોડાયેલો અશ્વ લોકકળામાં પણ ઊતરી આવ્યો છે. આદિવાસી વિસ્તારોમાં માટીના કલાત્મક ઘોડાના સ્વરૂપો દેવોને ચડાવવાનો રિવાજ જાણીતો છે. કુંભાર માટીના બેનમૂન ઘોડા ચાકડા ઉપર તૈયાર કરે છે. માટી ઉપરાંત કપડાંનાં પણ ઘોડા બનાવી તેને ઘરની શોભામાં વધારો કરવા માટે મૂકાય છે.

પ્રાચીન કાળમાં સરોવર અને કુંડોની સાથે વાવો પણ બાંધવામાં આવતી. આવી વાવો અનેક મનુષ્યો, પશુપક્ષીઓની તૃષા શાંત કરતી. વાવોમાં પાકું ચણતર કરી તેને શિલ્પોના શણગારથી અલંકૃત કરવામાં આવતી. પુરાણી વાવોના કૂટોના ગવાક્ષોમાં દેવદેવીઓની મૂર્તિઓ પણ મુકાતી. મોટી વાવોમાં ચાર કે પાંચ મંડપ હોય છે. આ મંડપો ઉપર હિંદુ ઘાટના ઘૂમટો હોય છે. પહેલા મંડપમાંથી વાવમાં પ્રવેશ કરાય છે. આ રીતે પગથિયાં ઉતરી વાવની અંદર રહેલા પાણી સુધી પહોંચાય છે. અજોડ શિલ્પસ્થાપત્ય ધરાવતા વાવ અને કૂવા ગુજરાતમાં અનેક જગ્યાએ આજે પણ જોવા મળે છે.

આ ઉપરાંત આ પુસ્તકમાં લોકવાદ્યો, મેળાઓ, ચબૂતરા, પાળિયા વિશે પણ ઘણી બધી વિસ્તૃત માહિતી આપેલ છે. અન્ય પુસ્તકમાં આ વિશે વિસ્તૃત છણાવટ કરેલ હોવાથી અહીં તેનો માત્ર ઉલ્લેખ જ કર્યો છે.

**ઉપસંહાર**

બીજી આવૃત્તિમાં ચિત્રો, ફોટોગ્રાફ્સની સાથે ૧૧ જેટલા નવા લેખો પણ ઉમેર્યા છે જેથી ખૂટતા વિષયોની પુરવણી થઈ શકે. આજના કહેવાતા નાગરિકજીવનમાં સમૃદ્ધિની

નોંધ ભલે વૈજ્ઞાનિક અને યાંત્રિક સાધનોથી લેવાતી હોય પણ તેમના જીવનમાંથી લગ્ન વખતની અનેરી ઉત્સવપ્રિયતા તો સાવ જ ઓસરી ગઈ છે. ત્યારે લોકજીવન સાથે સંકળાયેલાં વિવિધ પ્રતીકો અને રિવાજોમાં ઊંડા ઊતરીને વિષયવસ્તુની સાથે કેટલાક શબ્દોનાં રૂઢ સ્વરૂપોનું સંશોધન પણ જોરાવરસિંહે કર્યું છે. એ શબ્દો નાગરીકજીવનમાં આજે ભાગ્યે જ જોવા મળે છે.

લોકજીવનમાં ઘરશણગારની વપરાશની ચીજજણસોમાં સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. આજનો વ્યવસાયપ્રિય નાગરિક તો એ નૈસર્ગિક સૌંદર્યને પામે ત્યારે ખરો ! આ ગ્રંથના કર્તા જોરાવરસિંહે શક્ય તેટલાં કલાકારોનો સાથ સહકાર લઈને લોકસંસ્કૃતિને મૂર્તિમંત કરતાં ૩૫૦ જેટલા ભાવનાસભર ચિત્રો પાને પાને પાથર્યાં છે. લગ્નથી લઈને વસ્ત્રાભૂષણો, સૌંદર્યપ્રસાધનો, આલેખ, ચિત્ર, લીંપણ, ભરત, મોતીકામ જેવી ઘરવપરાશની ચીજો, વાવ, કૂવા, ચબૂતરા, દેરડીઓ, દેવદેવલાં, વાજિંત્રો અને પાળિયા વિશેના લેખો અને રેખાંકનોમાં લોકજીવનના ધબકાર ઝીલ્યા છે.

આ ગ્રંથ વિશે રવિશંકર રાવળ કહે છે કે, "રેડીયો અને ફિલ્મોના આ યુગમાં જૂના રિવાજો, ઉત્સવો અને ભર્યાભાદર્યા લોકજીવનનાં આ બધાં પ્રતીકો કાળના ગર્ભમાં વિલીન થઈ જશે ત્યારે અભ્યાસકોને આધાર માટે આ ગ્રંથ વિના બીજું કોઈ ઉપકારક સાધન નહીં હોય."[૫]

## ૫. ૨ લોકસંસ્કૃતિમાં પશુઓ

### પ્રસ્તાવના

'લોકસંસ્કૃતિમાં પશુઓ' ગ્રંથ ઈ. સ. ૧૯૭૯ માં પ્રકાશિત થયો. આ ગ્રંથને ગુજરાત રાજ્ય સરકાર તથા સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલું છે. પશુઓનો અને માનવીઓનો સંબંધ છેક સંસ્કૃતિના ઉદયકાળથી ચાલ્યો આવે છે. શ્રી જોરાવરસિંહે આ જ હકીકતને નજર સમક્ષ રાખીને કરેલું સંશોધન માનવી તેમજ પશુઓના પરસ્પર સંબંધના તાણાવાણાને સમજવામાં ઉપકારક નીવડે છે. આ ગ્રંથમાંથી પસાર થનાર

કોઈપણ વ્યક્તિ અભિભૂત થયા વગર રહી ન શકે એટલી હદ સુધીમાં વિષય વૈવિધ્ય તેમજ વિગતોનું ઊંડાણ ભરેલું છે. એથી જ કદાચ લેખકે પુસ્તકની અનુક્રમણીકાને ચીલાચાલુ અનુક્રમણીકા નામ આપવાને બદલે પશુમેળો એવું નામ આપેલું છે. અત્રે ઉલ્લેખનીય ગણી શકાય કે માનવ સંસ્કૃતિના ઈતિહાસથી શરૂ કરીને વર્તમાન સમય સુધી જે જે પશુઓ સાથે માનવીઓનો ગાઢ સંબંધ રહ્યો છે તે તમામ વિશેની વિષદ સામગ્રીનો અભરે ભરેલો ભંડાર જોરાવરસિંહે આપણી સમક્ષ ખુલ્લો મુકી દીધો છે.

લેખકે આ અદ્‌ભુત ગ્રંથના સર્જનમાં તેમને સહાય કરનાર ચિત્રકારોનો ઋણ સ્વિકાર જે રીતે કર્યો છે તેની સામે એવું કહેવાની લાલચ રોકી શકતી નથી કે જે ૩૦ ચિત્રકાર, ફોટોગ્રાફર મિત્રોએ તેમને સહાય કરી તેઓ પણ આ સંશોધિત ગ્રંથના સંશોધનનું મૂલ્ય અવશ્ય સમજેલા અને એ સમજાયા પછી આવા સુંદર ગ્રંથની સર્જન પ્રક્રિયામાં ભાગીદાર થવાનો મોકો મળવો એનાથી મોટી અન્ય કોઈ લાલચ હોઈ શકે નહીં. આ ગ્રંથમાં સંગ્રહિત સામગ્રી એટલી હદે વિગતપ્રચૂર અને મૂલ્યવાન છે કે આવા ગ્રંથની પ્રસ્તાવના લખવા જતા પણ એક ગ્રંથ લખાઈ જાય. આ ગ્રંથમાંથી 'પ્રાચીન ભારતમાં પશુપાલન', 'પ્રાચીન ભારતમાં પશુયુદ્ધો', 'લોકજીવનમાં પૂજનીય : ગાય', 'કૃષિ સંસ્કૃતિનો છડીદાર : બળદ', 'રણનો બેતાજ બાદશાહ : ઊંટ', 'માનવીનો વિશ્વાસુ સાથીદાર : કૂતરો' એમ કુલ છ પ્રકરણોને સ્વતંત્ર પુસ્તીકારૂપે ઈ.સ. ૧૯૮૦ માં પ્રકાશિત કરવામાં આવ્યા.

કૃષિ સંસ્કાર એ જો આદિમાનવનો પ્રથમ સંસ્કાર હોય તો પશુપાલન આદિમાનવનો દ્વિતિય સંસ્કાર અવશ્ય હોવો જ જોઈએ. સંસ્કૃતિની સાવ શરૂઆતના સમયગાળા દરમિયાન પ્રાગૈતિહાસ કાળમાં મનુષ્ય જ્યારે પથ્થર યુગમાં જીવતો હતો ત્યારે પશુપાલનની તેણે શરૂઆત કરી હતી. માનવ ઈતિહાસનો આ સમયગાળો અંદાજે ૧૦૦૦૦ વર્ષ જૂનો ગણાય છે. મોંહે-જો-દડોના ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી પણ પ્રાચીન સમયની જે કંઈ મુદ્રાઓ હાથ લાગેલ છે તે મુદ્રાઓમાં તેમજ હડપ્પન યુગની મુદ્રાઓમાં પણ ગાય, બળદ વગેરે પશુઓના ચિત્રો કોતરેલા જોવા મળે છે.

વેદકાળની વાત કરીએ તો તે સમયની સમૃદ્ધિનું માપ કોઈપણ વ્યક્તિ પાસે કેટલા પશુઓ છે તેના પરથી કાઢવામાં આવતું. ઋગ્વેદની ઋચાઓમાં પણ ગાયો વિશેની જે

પ્રાર્થના છે તેનો પણ જોરાવરસિંહે ઉલ્લેખ કરેલ છે. અહીં એક માહિતી ખરેખર અત્યંત ઉલ્લેખનીય ગણી શકાય કે વેદકાળ દરમિયાન ગધેડાઓ આજની પ્રવર્તમાન સમજણ પ્રમાણેના મૂર્ખ પ્રાણી ગણાતા નહોતા, કારણ કે વેદકાળ દરમિયાન બ્રાહ્મણોને ગધેડાનું દાન અપાતું. આમ પ્રાચીન કાળથી પશુઓ માનવીને માટે સર્વ પ્રકારે ઉપકારક ગણાતા આવ્યાં છે. અશ્વોને વેદકાલીન સંસ્કૃતિ દરમિયાન સર્વોત્તમ શક્તિશાળી સાધન તરીકે મૂલવવામાં આવતાં. મહર્ષિ વેદવ્યાસે તેમના મહાકાવ્ય મહાભારતમાં નોંધ્યા પ્રમાણે "યુધિષ્ઠિર પાસે ૧૦૦ ગાયોનો એક એવા ૩૮ લાખ સમૂહો અથવા ધણ હતા."[૬] યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે જુદા જુદા રાજાઓએ એક હજારથી માંડીને દશ હજાર સુધી હાથીઓ મોકલાવેલા અને ચારસોથી બે હજાર ઘોડાઓ ભેટ આપેલા. તે સમયે વિરાટ રાજા પાસે એક લાખ કરતાં વધુ પશુઓ હતા. ઈ. સ. પૂર્વે ૩૩૨ માં ભારત ઉપર આક્રમણ કરનાર સિકંદર આપણા પશુધનથી અત્યંત પ્રભાવિત થઈને પોતાના દેશમાં વાપરવાના હેતુથી બે લાખ ત્રીસ હજાર બળદો કબજે કરીને લઈ ગયો હતો. રાજાઓ ગાયોનું પાલન, સંવર્ધન કરતાં અને બ્રાહ્મણોને તેનું દાન આપતા તેથી જ રાજાઓ માટે ગૌબ્રાહ્મણપ્રતિપાળ એવો શબ્દપ્રયોગ વપરાય છે.

સંસ્કૃતિના મહત્ત્વના સ્તંભ એવા ધર્મ સાથે પશુઓ અવિભાજ્યપણે સંકળાયેલા છે. તેની પાછળના અનેકવિધ કારણોમાનું એક કારણ એ પણ છે કે જેનાંથી તમને સૌથી વધુ ભય રહેતો હોય તેની પૂજા કરવા તમે પ્રેરાવ. જંગલોમાં અને ડુંગરોમાં રહેતા આદિમાનવને તે સમયે અચાનક ધસી આવી તોડફોડ કરી જતા હાથીઓથી ખૂબ જ ભય રહેતો હોવાથી આવા શક્તિશાળી હાથીઓ સામે રક્ષણ મેળવવાના હેતુથી માનવીએ હાથીને દેવ માનીને તેની પૂજા કરવાનું શરૂ કર્યું. આ જ નિયમ કદાચ વાઘ કે સિંહ જેવા અન્ય રાની પશુઓને પણ લાગુ પડતો હોઈ શકે. આવા જ કોઈ કારણોસર ગાયને માતા ગણીને માનપાન આપવાનું શરૂ થયું હોઈ શકે. કારણ કે તેનું દૂધ તો પૌષ્ટિક આહાર તરીકે કામ લાગતું જ સાથોસાથ ગૌમૂત્ર, છાણ પણ તે સમયના કૃષિ વિકાસમાં અત્યંત મહત્ત્વનું પરિબળ સાબિત થયેલું. આથી જ કદાચ લોકજીવન પર પશુઓનો સૌથી વધુ પ્રભાવ પડેલો જોવા મળે છે. તેમજ આવા જ કારણોસર માનવીએ શક્તિશાળી પશુઓને પૂજ્ય માન્યા, શાસ્ત્રોમાં તેમની મહત્તા સ્થાપિત કરી અને પછી

ધર્મનું અવલંબન મળતાં તેમની પૂજા પણ થવા લાગી. આથી જ કદાચ ભાગ્યે જ કોઈ હિંદુ દેવદેવીનું મંદિર પશુસૃષ્ટિના શિલ્પો વગરનું જોવા મળે છે.

ભારતીય ધાર્મિક પરંપરામાં પશુઓને દેવદેવીઓના વાહન તરીકે કલ્પના કરીને તેમની સ્થાપના કરેલી છે. જેમાં નંદી, ઐરાવત હાથી, સિંહ, ઊંટ, અશ્વ, કૂતરો વગેરે અલગ અલગ પ્રાણીઓ જોડાયેલા છે. દેવીદેવતાઓના વાહનરૂપ પશુઓનું સ્થાન માત્ર તેમના મંદીરો પૂરતું સીમિત ન રહેતા જુદી જુદી કોમો કે જ્ઞાતિઓ દ્વારા કરવામાં આવતાં ભરતકામ વડે સુશોભિત ચાકળાઓ, ચંદરવાઓ, પડદાઓ, જાજમો વગેરેમાં પણ આવા બળવાન પશુઓના તેમજ ખુબસુરત પક્ષીઓના ચિત્રોને ગૂંથી કાઢવામાં આવતા આજ પણ જોવા મળે છે. ભારતભરમાં કોઈપણ સ્થળે જોવા મળતાં મંદિરોની દિવાલો, અટ્ટાલિકાઓ તેમજ મંદિરના સભામંડપના અંદરના ગૂંબજ તેમજ આધારસ્તંભો ઉપર જુદા જુદા પશુઓના અદ્ભુત અને અનન્ય શિલ્પો કોતરેલા જોવા મળે છે. જૈન મંદીરોના શિલ્પ વિધાનોમાં તેમજ બૌદ્ધ ધર્મના શિલ્પ સ્થાપત્યમાં હાથીના શિલ્પો સામાન્યપણે જોવા મળે છે, તેમજ પૂજન પણ કરવામાં આવે છે.

આપણા શાસ્ત્રોમાં તેમજ પુરાણોમાં ભગવાને લીધેલ પશુ અવતારોમાં વિષ્ણુના વરાહ અવતાર, નૃસિંહ અવતાર, કુર્માવતાર તેમજ હયગ્રીવ અવતાર ઉપરાંત ભગવાન દત્તાત્રેયે સૃષ્ટિના ચોવીસ તત્ત્વોને ગુરુ તરીકે સ્વીકાર્યા તેમાંથી ગાય, કૂતરા વગેરે પશુઓ પણ હતા. ગોપાલક શ્રીકૃષ્ણ અને ગાયોનો સંબંધ તો તમામ પ્રકારના લોકસાહિત્યમાં અત્યંત વિપુલ માત્રામાં જોવા મળે જ છે. આ રીતે લોકજીવનમાં પશુપૂજાનું માહાત્મ્ય છેક પ્રાચીન કાળથી અખંડ જળવાતું આવ્યું છે. રામાયણમાં કૌશલ્યાને પુત્રપ્રાપ્તિ માટે અશ્વનું પૂજન કરતાં દર્શાવ્યાં છે. ત્યાંથી શરૂ કરીને છેક કાઠીઓ સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજા લઈને આવ્યાં તેમના બે અત્યંત મહત્ત્વના સાંસ્કૃતિક અંગ તરીકે તેમણે તેમના ઘોડાઓને પીરાણા માની તેમના સ્થાનકે ધૂપદીપ કરવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે. ક્ષત્રિય પ્રજા આજે પણ દશેરાના દિવસે ઘોડાઓને દોડાવતા પહેલા તેમનું પૂજન કરે છે. તો ખેડૂતો અખાત્રીજના દિવસે બળદોનું પૂજન કરે છે, આદિવાસીઓ પણ વિવિધ રંગોના ઘોડાઓના ચિત્રો કાઢી તેમની પીઠોરા તરીકે પૂજા કરે છે, વણઝારાઓ પોઠિયાઓની પૂજા કરે છે. આમ લોકજીવનમાં પણ જુદી જુદી લગભગ તમામ લોકજાતિઓમાં ધાર્મિક વ્યવહારો, માન્યતાઓ તેમજ પૂજાવિધિઓમાં એક યા બીજા સ્વરૂપે પશુઓ સંકળાયેલા જોવા મળે છે. કદાચ આ ધાર્મિક

માન્યતાઓના જ એક ફાંટા તરીકે લોકજાતિઓ તથા જનજાતિઓના બાળકોને રમવાના રમકડાંઓમાં પણ જુદા જુદા પશુઓના શિલ્પોનું પ્રાધાન્ય વધારે જોવા મળે છે.

ભારતીય શિલ્પકળામાં તો પશુસૃષ્ટિ ધબકે જ છે પણ પાંચથી સાત હજાર પુરાણી ઈજીપ્તની સંસ્કૃતિમાં પણ પશુશિલ્પોનું પ્રાધાન્ય જોવા મળે છે. બૌદ્ધકાલીન શિલ્પકળાના સાંચીના સ્તૂપ જેવા જે જે ઐતિહાસિક અવશેષો જોવા મળે છે તેમાં કોતરવામાં આવેલ અલગ અલગ પશુઓ તેમજ અર્ધપશુ, અર્ધપક્ષી કે અર્ધપશુ, અર્ધમાનવ એવા શિલ્પો જોવા મળે છે. પ્રાગૈતિહાસિક કાળની ગુફાઓમાં આદિમાનવે દોરેલાં ભિંતચિત્રોમાં પણ પશુઓનું સારું એવું પ્રાધાન્ય જોવા મળે છે અને એમ કહી શકાય કે આ હકીકત માત્ર ભારત પૂરતી જ સીમિત ન રહેતા આખા વિશ્વમાં એક સરખી રીતે પ્રવર્તમાન જોવા મળે છે. છેક બારમાં સૈકા પહેલા જેનો લગભગ નાશ થઈ ગયો હતો તેવી ઉત્તર અમેરીકાની ઈન્કા સંસ્કૃતિ, મધ્ય અમેરીકાની માયા સંસ્કૃતિ તેમજ દક્ષિણ અમેરીકામાં વેનેઝવેલા, પીરુ, ચીલી વગેરે દેશોમાંથી મળી આવેલ પ્રાચીન લોકસંસ્કૃતિ જેમાં એઝટેક અને માચુ પીચ્છુ મુખ્ય ગણાય છે. તેના અવશેષોમાંથી પ્રાપ્ત થયેલ શિલ્પ-સ્થાપત્યોમાં પણ જુદા જુદા પ્રાણીઓના શિલ્પો તેમજ કોતરકામોનું પ્રાધાન્ય જોવા મળે છે. આ સ્થાન આજની તારીખમાં પણ લોકજાતિઓ, આદિવાસીઓના રહેઠાણોની દિવાલો ઉપર ગાર, માટી વડે કરવામાં આવતી ઓળીપાની ભાત તેમજ તેમના ભરત ભરેલા ચાકળાઓ અને તોરણોમાંના પશુચિત્રો સાબિતી પૂરે છે. ભારતમાં અત્યંત પ્રચલિત થયેલી રાજસ્થાન શૈલી, કાંગરા શૈલી, મોગલ શૈલી વગેરે અલગ અલગ ચિત્રશૈલીમાં પણ પશુઓના વિવિધ ચિત્રો પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ભારતથી લઈને આજ સુધી પશુયુદ્ધોમાં માનવીએ સદાય મનોરંજનાર્થે રસ દાખવેલ છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ ભારતની બહાર મધ્ય એશિયા, યુરોપ તેમજ અમેરીકામાં પણ જુદા જુદા સ્વરૂપે પશુયુદ્ધો પ્રાચીન કાળથી લઈને આજ દિન સુધી યોજાતા આવ્યાં છે. મોંહે-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિના સમયગાળા દરમિયાન લોકોને પશુપક્ષીઓની લડાઈઓ કરાવી જોવાનો શોખ હતો. જાતક યુદ્ધ દરમિયાન પણ બે હાથીને કે ઘેટાને પરસ્પર લડાવી તેમાંથી લોકો આનંદ માણતા એના પુરાવાઓ તે સમયના પૌરાણિક સાહિત્યમાં અનેક જગ્યાએ સાંપડે છે. આ બધા પ્રાચીન સાહિત્યોમાંથી માત્ર આવા પ્રાણીઓના યુદ્ધોના વર્ણનો જ નહીં પરંતુ સાથોસાથ યુદ્ધનું જ્યાં આયોજન કરવામાં આવ્યું હોય તે અખાડાના લંબાઈ,

પહોળાઈના માપ, તે દિવસે જાહેર જનતાને તે અંગેની જાણ કરવા માટે બજાવવામાં આવતા ઢંઢેરાની વિગતો પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત યુદ્ધ માટે તૈયાર કરવામાં આવનાર પ્રાણી કે પક્ષીને કઈ પ્રકારે માવજત કરી તૈયાર કરવામાં આવતા તેના પણ સવિસ્તૃત વર્ણનો પ્રાપ્ય છે.

જોરાવરસિંહના સંશોધનનો વ્યાપ સમયગાળાની દ્રષ્ટિએ તેમણે કેટલો અને કેવડો રાખ્યો હોઈ શકે તેની સાબિતી એના પરથી મળે છે કે મહાભારતમાં વિરાટપર્વમાં આવતા હાથી સાથેની ભીમની લડાઈ, મોગલ સમય દરમિયાન સમ્રાટ અકબરના સત્તાકાળમાં મનોરંજનાર્થે આયોજીત કરવામાં આવતાં પશુયુદ્ધો તેમજ મેઘાણીભાઈએ 'સૌરાષ્ટ્રની રસધાર' માં ઉલ્લેખ કર્યો છે તે હાથીનું કુંભસ્થળ ચીરનાર જોગાજી રાઠોડ.

માનવી અને સાંઢના યુદ્ધો માનવીમાં રહેલી પૈસાચિક આનંદ માણવાની વૃત્તિ ગણી શકાય. આ વૃત્તિ પ્રાગૈતિહાસિક કાળથી શરૂ કરીને છેક આધુનિક તેમજ અનુઆધુનિક સમય સુધી સતત અને અવિરત વિદ્યમાન રહેલી જોવા મળે છે. જેના પુરાવાઓ સ્પેનમાં યોજાતા માતેલા સાંઢ સાથેના યુદ્ધો તેમજ યુ. એસ. એ. માં યોજાતા બુલરોડીયોના આયોજનની વિગતો પરથી પ્રાપ્ત થાય છે.

છેક પ્રાચીન કાળથી લઈને આજ દિવસ સુધી પોતાના પાલતુ પશુઓને માનવીએ પોતાની રસવૃત્તિ તેમજ સામર્થ્યના પ્રચારાર્થે શણગારવાનો ઉપક્રમ રાખ્યો છે. ત્રેતાયુગમાં લખાયેલી રામાયણ, મહાભારત તથા અન્ય પુરાણોથી શરૂ કરીને તમામ સાહિત્યમાં પશુપ્રાણીઓના માલિકો પોતાના પાલતુ પશુઓને સારામાં સારી રીતે શણગારતા. તેના અનેકાનેક પુરાવાઓ ઉપલબ્ધ છે. તેથી જ ચાંપરાજ વાળાના દુહામાં કહેવાયું છે કે :

"ઘોડાના પગમાં ઘૂઘરા, સાવ સોનેરી સાજ;
લાલ કસુંબલ લૂગડાં, ચરખાનો ચાંપરાજ."[9]

આર્યોના અર્થકારણમાં ગાય, બળદ તથા અશ્વોને કિંમતી વસ્ત્રાલંકારો વડે શણગારવામાં આવતા. શરદઋતુ દરમિયાન શ્રીકૃષ્ણએ શરૂ કરાવેલી ગોવર્ધન પૂજાના પ્રસંગે શરદઋતુમાં ખાસ પુષ્પો વડે શણગારેલી ગાયો તેમજ બળદોના ઉલ્લેખો મહાભારતમાં,

હરિવંશપુરાણમાં તેમજ વિષ્ણુપુરાણમાં જોવા મળે છે. મોગલ સમયમાં પણ પ્રાણીઓને શણગારવાનો અતિ પ્રચલિત એવા રિવાજનો ઉલ્લેખ 'આઈને અકબરી' તેમજ 'અકબરનામા' જેવા મોગલકાળમાં લખાયેલા સમ્રાટ અકબરના શાસનકાળના પ્રશસ્તિ વર્ણનોમાં આલેખાયેલા છે. હજુ આજની તારીખ સુધી કાઠી, ગરાસિયા તથા રજપૂતોને ત્યાં લગ્નપ્રસંગે ઘોડાને અત્યંત સુંદર રીતે શણગારવાનો રિવાજ જોવા મળે છે. જો કે શહેરી સંસ્કૃતિના વિકાસ અને વિસ્તારની સાથે તેનું પ્રમાણ હવે માત્ર અંતરિયાળ ગામડાઓ પૂરતું જ મર્યાદીત રહ્યું છે. બળદોના માલિકો તેમના બળદોને ભાતીગળ ભરત ભરેલી ઝૂલ, માથાના મખિયાડા, શિંગડાઓ શણગારવા માટેના શિંગરોટિયાં, મોંના મોરડા, ગળાના ગલપટાની સાથોસાથ બળદની ડોકે મિશ્ર ધાતુના બનાવેલા ખંભાતી ઘૂઘરા વગેરેથી શણગારે છે. કચ્છ તેમજ રાજસ્થાનના રણપ્રદેશમાં ઊંટ એક મહત્ત્વનું વાહન ગણાતું હોવાને કારણે તેને પણ અદ્‌ભુત રીતે શણગારવામાં આવતા. તેની અનેકવિધ સામગ્રીઓમાંથી એક માત્ર તેના પલાણની કિંમત જ આશરે પાંચસો રૂપિયા થતી. સાંઢિયાના આવા શણગારો હજુ આજે પણ કચ્છમાં અંજાર તથા મારવાડમાં જોવા મળે છે.

**લોકજીવનમાં પશુઓ**

પ્રાગૈતિહાસિક કાળના માનવ સંસ્કૃતિના વિકાસના પ્રાથમિક તબક્કાથી શરૂ કરીને છેક આજ દિવસ સુધી માનવીઓ તેમજ પશુઓ વચ્ચે અવિભાજ્ય સંબંધ જો રહેલો હોય તો તેની અસરો લોકજીવનમાં અને લોકસંસ્કૃતિ ઉપર જોવા ન મળે એવું બની શકે જ નહીં. આથી જ શ્રી જોરાવરસિંહે 'લોકસંસ્કૃતિમાં પશુઓ' પુસ્તકની અંદર લોકજીવનમાં પશુઓના સ્થાન તેમજ સ્થાન આધારિત મહત્ત્વનું વિશદ્ વર્ણન કરવાના હેતુસર મૂકેલું આ પ્રકરણ શતપ્રતિશત યથાર્થ ગણાવી શકાય. પશુઓ વગરના લોકજીવનની કલ્પના લેખક કહે છે તેમ નગારા વગરના યુદ્ધ જેવી કહેવાને બદલે વઘાર વગરની દાળ જેવી કહીએ તો તેને વધુ યથાર્થ ઉપમા ગણી શકાય. કારણ કે પ્રાચીન યુદ્ધોમાં યુદ્ધની શરૂઆત વખતે નગારાઓ, દુદુંભી, શંખનાદ વગેરે કરવાનો જે રિવાજ હતો તે અર્વાચીન યુદ્ધોમાં બિલકુલ જોવા મળતો નથી.

આપણી ભાષાને પશુઓ પાસેથી ખરેખર અતિ સમૃદ્ધ કહી શકાય તેવી શબ્દોની સોગાત પ્રાપ્ત થયેલી છે. સંસ્કૃતમાં હાથી માટે વપરાતા બે શબ્દો માતંગ તથા નાગમાંથી

નાગ શબ્દનો ઉલ્લેખ કુમળી વયના હાથીઓ માટે કરવામાં આવેલ છે અને એથી જ આવો હાથી સૂંઢ ઉંચકીને જે ચિંઘાડ નાંખે તે અવાજ સાથે મળતું આવતું દક્ષિણ ભારતીય કર્ણાટક સંગીતમાં વપરાતું એક ફૂંક વાદ્ય ઉપરોક્ત કારણોસર જ નાગસ્વરમ્ તરીકે ઓળખાય છે. આપણા સમાજમાં વાઘજીભાઈ, હાથીભાઈ, ગજાનંદ વગેરે જે નામો જોવા મળે છે તે પશુઓ સાથેની સરખામણી પરથી જોવા મળે છે. પશુઓના નામ પરથી ગામોના નામો પણ જોવા મળે છે. જેમકે ઘોડાસર, હાથીગઢ, ભેંસાણ વગેરે. જૂના સમયમાં કાપડ માપવા માટેનો ૨૭ ઇંચ લંબાઈ ધરાવતો ગજ, સ્ત્રીઓના કમખા સીવવા માટેનું કાપડ ગજવાણી, રસોડા કે ભંડાર માટેનો ગજાર શબ્દ હાથી પરથી ઉતરી આવેલા છે.

માનવી સ્વભાવથી જ એટલો હરખપદુડો હોય છે કે પોતે જેને પોતાની અત્યંત નીકટ ગણતો હોય તેને માટે હુલામણું સંબોધન વાપર્યા વગર રહી શકતો નથી. આથી જ અશ્વો માટે રોજો કે ભૂરિયો જેવા નામો, ગાયો માટે કાબરી કે બાવરી, ભેંસો માટે ચાંદરડી કે નવચંદરી તેમજ કૂતરા માટે ડાઘીયો, ભૂરિયો જેવા નામો પ્રયોજાય છે. આપણી ભાષામાં પશુઓના બચ્ચાઓને જે ખાસ નામો વડે ઓળખવામાં આવે છે તે બધા નામો જેવાકે ગધેડીનું બચ્ચુ ખોલકું, હાથીનું બચ્ચુ મદનિયું, ભેંસનું બચ્ચુ પાડું વગેરે રોજીંદી ભાષામાં અર્થની સહોપસ્થિતિ સાથે રોજીંદી વાતચીતમાં પ્રયોજાતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કોઈનું બાળક અતિ તંદુરસ્ત હોય તો તેને મદનિયા જેવું કહે છે, અત્યંત ઉછળકૂદ કરતું બાળક વછેરા જેવું કહેવાય છે. આ અને આવા બધા શબ્દો અને તેમનો અર્થવિસ્તાર સાથેનો સંબંધ સમૂચિત ઉપયોગ આપણને પશુસૃષ્ટિમાંથી જ સાંપડેલ છે. એજ પ્રમાણે પ્રાણીઓના બોલવાના અવાજોને લગતા શબ્દોનો પણ આપણી ભાષામાં સુંદર તેમજ પુષ્કળ ઉપયોગ થાય છે. ભેંસના અવાજનું રણકવું, ગાયના અવાજનું ભાંભરવું વગેરે શબ્દોનો સમુચિત અર્થ માનવ સ્વભાવની ખાસિયતો સાથે વણી લઈને તેમના બોલવાની રીત માટે તેમજ તેમના અવાજની ગુણવત્તાનો પરિચય કરાવવાના હેતુથી થાય છે.

પશુઓની ઉપયોગિતા માત્ર તેમની હયાતી દરમિયાન જ નહીં પરંતુ પશુઓના મરણ બાદ પણ માનવોને એટલી હદે કામમાં આવે છે કે જેનો કોઈ હિસાબ માંડી

શકાતો નથી. હાથીદાંતમાંથી બનાવેલા ચૂડલા સૌભાગ્યવતી નારીનો પ્રમુખ શણગાર મનાય છે, ઘેટાના ઊનમાંથી બનતા ગરમ વસ્ત્રો વગેરે આપણી નજર સમક્ષ જ છે.

લોકસંસ્કૃતિમાં પશુઓ એટલી હદ સુધી રોજબરોજના જીવન સાથે જોડાઈ ગયેલા હોઈ શકે તેની સાબિતી આપણને પશુઓના નામ સાથે જોડાયેલા કેટલાંક લોકઉત્સવો પરથી મળે છે. જેમકે છેક વેદકાળથી પ્રચલિત હોથીઓનો મંગલોત્સવ, શ્રાવણી અમાસના દિવસે બળદનું મહત્ત્વ પ્રસ્થાપિત કરતો વૃષભોત્સવ, આદિવાસી જાતિઓનો ગોધીબાવાનો ઉત્સવ વગેરે ઉત્સવો જુદા જુદા પશુઓના તેમજ તેમની લાક્ષણિકતાઓ સાથે સંકળાયેલા જોવા મળે છે. આપણા સમાજમાં પશુદાન એ મહત્ત્વના દાનમાંનું એક પરાપૂર્વથી ગણાતું આવ્યું છે. તેમાં જેને પોષાય તે ગાય, બળદ કે ઘોડાનું દાન કરે અને જેને ન પોષાય તે જે તે પશુની માટીની મૂર્તિ બનાવીને મંદિરે મૂકે અથવા બ્રાહ્મણોને આપે છે.

પશુઓના રોગોના રખેવાળ એવા જુદા જુદા દેવીદેવતાઓની માનતા રાખવામાં આવતી. દક્ષિણ ગુજરાતમાં દેવ મોગરા તિર્થ, સુરતમાં વાલ્મિકી નદી પાસે આદિવાસીઓના ગોવાળદેવ, અમરેલી પંથકમાં ખીજડા મામાનું સ્થાનક વગેરે જુદા જુદા જાનવરોની સુખાકારી માટે પૂજાતા અને મનાતા દેવીદેવતાઓના સ્થાનકો છે. લોકચિકિત્સામાં પણ જુદા જુદા પશુઓના કિંમતી મળમુત્ર તેમજ ગાયના છાણમાંથી બનાવેલા અડાયા છાણા વગેરે અક્સીર ગણવામાં આવે છે અને આયુર્વેદના અનન્ય માહિતીના અગાધ સ્ત્રોત સમાન ‘ચરકસંહિતા’,‘સુશ્રુતસંહિતા’,‘ભેષજયરત્નાકર અષ્ટાંગહૃદય’ વગેરે ગ્રંથોમાં પણ પ્રાણીજ પદાર્થોનો ઔષધિ તરીકે ઉપયોગની વિસ્તૃત માહિતી આપેલી છે.

### લોકજીવનમાં પૂજનિય : ગાય

કાઠિયાવાડની કુંવારી કન્યાઓ બીજના વ્રત પ્રસંગે ઊગતા ચંદ્ર પાસે માગે છે :

“બીજ માવડી ચૂલે તાવડી,
બે ગોધા ને એક ગાવડી.”[૪]

લોકજીવનમાં પરાપૂર્વથી ગાય પૂજનીય રહી છે. માત્ર લોકજીવનમાં જ શા માટે લગભગ સમગ્ર ભારત વર્ષમાં ગાયનું મહત્ત્વ એકસરખું ગણવામાં આવેલું છે. ગાયનું આવું અને આટલું મહત્ત્વ હોવા પાછળના ઘણાં કારણોમાંનું એક કારણ એ પણ છે કે નાના બાળકને માટે પોતાની માતાના દૂધ પછી અવેજીમાં વાપરી શકાય તેવું તેવું અન્ય કોઈ દૂધ હોય તો તે ગાયનું દૂધ છે. છેક વેદકાલીન સંસ્કૃતિથી શરૂ કરીને વર્તમાન સમય સુધી ગાયોનું મહત્ત્વ સ્વિકારાતું, સ્વિકારાય છે અને ભવિષ્યમાં પણ સ્વિકારાશે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ પાંચ હજાર વર્ષ પહેલા પાંગરેલી અને વિકસેલી અસિરીયા, સુમેરિયા, ઈજીપ્ત વગેરે સંસ્કૃતિઓના દસ્તાવેજી પૂરાવાઓ સમા જે કંઈ અવશેષો સાંપડે છે તેમાં ગાયોના ચિત્રો જોવા મળે છે. પ્રાગૈતિહાસિક કાળના મનુષ્યો પણ પશુપાલન કરતાં અને એમાં પણ ગાયો પાળતા એની નિશાની રૂપ ગુફા ચિત્રો ભારતમાં તેમજ યુરોપ તથા આફ્રિકામાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળી આવેલ કેટલીક ગુફાઓમાંથી પ્રાપ્ત થયું છે.

વિશ્વમાં તેમજ ભારતમાં ગાયોની ૪૦૦ થી પણ વધુ અલગ અલગ ઓલાદોનું વર્ગીકરણ થયું છે. તેમાંથી ભારતમાં ૩૦ અલગ અલગ પ્રકારની ગાયો જોવા મળે છે. જો કે લોકસાહિત્યના પીંગળશીભાઈ ગઢવી જેવા નિષ્ણાંતો ૩૬ ગાયોના નામ તેમની લોકવાર્તાઓમાં બોલી જતા હોય છે. આપણે ત્યાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં ગીરની ગાય, ઉત્તર ગુજરાતની કાંકરેજી ગાય તેમજ કચ્છના બન્ની પ્રદેશની ગાય સૌથી ઊંચુ સ્થાન ધરાવે છે. સંસ્કૃત સાહિત્યમાં ગાયો માટે મળતાં અલગ અલગ વિશેષણો અને તે વિશેષણોમાં અર્થોને જો સમજી શકીએ તો ખ્યાલ આવે છે કે ભારતીય સંસ્કૃતિમાં ગાયોનું સ્થાન શું હોઈ શકે ? ગાયને આર્ય સંસ્કૃતિનો પાયો ગણાવી શકાય. વેદકાળમાં તો આર્યોની સંપત્તિનું માપ તેની પાસે કેટલી ગાયો છે તેના પરથી કાઢવામાં આવતું અને વેદકાલીન સંસ્કૃતિનો આ ધારો મહાભારત કાળમાં યથાતથ રહેવા ઉપરાંત છેક મોગલ શાસનના સમય સુધી જળવાતો આવ્યો છે. શહેનશાહ બાબર ભારતીય સંસ્કૃતિ તથા સામાજીક પરિવેશમાં ગાયોનું સ્થાન કેવું અને કેટલું મહત્ત્વ ધરાવે છે તે જાણી ગયેલો. તેથી તેણે પોતાના શાસનકાળ દરમિયાન ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મૂકેલો.

આપણી ધાર્મિક માન્યતાઓમાં ગાયનું અનન્ય મહત્ત્વ જે છે તેને લોકસંસ્કૃતિ સુધી પહોંચાડવા માટે એવો પ્રચાર થયો કે ગાયના છાણમાં પણ લક્ષ્મીજીનો વાસ છે.

ગાયને આપણા શાસ્ત્રોએ તમામ માનવીય કામનાઓને પરિપૂર્ણ કરાવી આપનારી ગણેલ હોવાથી તેને કામધેનુ તરીકે પણ ઓળખવામાં આવે છે. રામાયણ કાળની પણ પહેલા મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાં એક કામધેનુ નામની ગાય હતી એવો ઉલ્લેખ પુરાણોમાં જોવા મળે છે. ગાયોનું ધાર્મિક મહત્ત્વ એટલી હદે સ્વિકારવામાં આવેલ છે કે દેવો અને દાનવો વચ્ચેના સમુદ્રમંથનના પ્રસંગમાં પ્રાપ્ત થયેલ ચૌદ રત્નોમાંનું એક રત્ન ગાયને ગણાવેલ છે. લોકજીવનમાં ગૌ પૂજાનો આદર્શ ધરતી માતા જેટલી જ તેને પૂજનીય ગણીને કરવામાં આવે છે. લોકમાન્યતાઓ અનુસાર વિયાતી ગાયની પ્રદક્ષિણા કરવાથી સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ ગ્રંથમાં લેખકે અથાક સંશોધનના પરિપાક રૂપે લોકજીવન અને ગૌ પૂજા સાથે જોડાયેલી તેર અલગ અલગ માન્યતાઓની યાદી આપેલ છે તે લોકોમાં રહેલી ગાયોના મહત્ત્વ અંગેની માન્યતાઓને ઉજાગર કરે છે.

બૃહત્સંહિતાના રચયિતા વરાહમિહીરે વર્ણવેલા ગાયના લક્ષણોને ધ્યાનમાં રાખીને લોકો તેની ખરીદી કરતાં હોય છે. પ્રાચીન ઋષિમુનિઓએ અત્યંત સ્પષ્ટ નિશાનીઓ આપીને ગાયોના શુભ તેમજ અશુભ લક્ષણોનું વર્ગીકરણ કરી આપેલ છે. વેદકાલીન ઋષિમુનિઓના સમયથી પંચગવ્ય – ગાયના ઘી, દૂધ, દહીં, છાણ અને મુત્ર માનવીના અનેક રોગોને મટાડનાર તેમજ દીર્ઘાયુ આપનાર ગણાવેલ છે. પ્રથમ વિશ્વયુદ્ધ પુરુ થયા બાદ પેરિસમાં ખાદ્ય પદાર્થો સંબંધી સંશોધનો કરનાર વૈજ્ઞાનિકોના સંમેલનમાં આપણે ભારતીયો જેને પરાપૂર્વથી જાણતા તેમજ માનતા આવ્યા છીએ એવી એક હકીકતને વૈજ્ઞાનિક સમર્થન પ્રાપ્ત થયું કે ગાયનું દૂધ માનવી માટે સંપૂર્ણ આહાર છે અને કોઈપણ મનુષ્ય એક માત્ર ગાયના દૂધનું સેવન કરીને તંદુરસ્ત તેમજ સ્વસ્થ જીવન વીતાવી શકે છે અને તેને અન્ય આહાર દ્રવ્યોની જરૂર પડતી નથી.

**શક્તિ અને સામર્થ્યનું પ્રતીક : અશ્વ**

લેખકે સાતમાં પ્રકરણમાં અશ્વને શક્તિ તથા સામર્થ્યના પ્રતીક તરીકે ઓળખાવેલ છે. તેમાં અશ્વપાલનની પ્રાચીનતાથી શરૂ કરીને અર્વાચીન જીવનમાં અશ્વનું સ્થાન સુધીની વાતોને વણી લીધેલ છે. અત્રે ઉલ્લેખનીય ગણાય કે જ્યાં યુરોપના ઈતિહાસકારો અને તેમની અસર હેઠળ પ્રભાવિત થઈને દોરવાયેલા મોટાભાગના ભારતીય ઈતિહાસકારો જ્યાં એમ

કહેતા હોય કે આર્યોનું ભારતમાં આગમન થયું ત્યાર પહેલા ભારતમાં અશ્વો નહોતા અને અશ્વોને બહારથી આયાત કરવામાં આવેલા છે. આ વિચારધારાથી વિરુદ્ધ જઈને જોરાવરસિંહે ભારતીય પૌરાણિક સાહિત્ય, વેદો, ઉપનિષદો, રામાયણ વગેરે જેવા ગ્રંથોનો આધાર લઈને પ્રાગૈતિહાસિક કાળમાં પણ ભારતમાં અશ્વો હતા જ એ વાતની તેમણે પરિપૂર્તિ કરેલ છે. રામાયણકાળની પણ પહેલા ભગવાન વિષ્ણુએ અડધું મનુષ્યનું અને અડધું અશ્વનું સ્વરૂપ ધારણ કરેલું તેને આપણે હયગ્રીવ અવતાર કહીએ છીએ. જેમને ઘોડાઓમાં રસ હોય તેમને માટે આ પુસ્તકના આ પ્રકરણમાં ઘોડાઓની પરીક્ષાઓ વિશે પુષ્કળ માહિતી આપેલી છે. જે માહિતીના આધારે ઉત્તમ પ્રકારના ઘોડા ખરીદવાનું સરળ બને અને કનિષ્ઠ પ્રકારના ઘોડા ખરીદવામાંથી બચી શકાય. શાલિહોત્ર મુનિ રચિત 'હયસંહિતા' ઘોડાઓની માવજત, લક્ષણ તેમજ ઉછેર અંગેનો આધારભૂત ગ્રંથ ગણાય છે, તેમાંથી તો લેખકે વિગતો મેળવેલ છે પરંતુ સાથોસાથ લોકજાતિઓમાં તેમજ જનજાતિઓમાં કર્ણોપકર્ણ અને પેઢી દર પેઢી ચાલ્યું આવતું શ્રુતિજ્ઞાન અનુસાર ઘોડાના શુભ અશુભ લક્ષણોનું પણ વિગતે વર્ણન આપેલું છે. ઘોડા જો કે આખા ભારતમાં બધે જ વપરાતા હતા છતાં પણ કાઠિયાવાડી ઘોડાઓની સરખામણી ગુણવત્તાની દ્રષ્ટિએ અરબી ઘોડા સાથે કરી શકાય છે. સૌરાષ્ટ્રમાં છત્રીસ અલગ અલગ પ્રકારની પાણીદાર ઘોડીઓનો ઉલ્લેખ લોકસાહિત્યમાં પુષ્કળ માત્રામાં જોવા મળે છે. તેનો પણ અહીં સમાવેશ કરવાનું લેખક ચૂક્યા નથી.

આ પ્રકરણમાં લેખકે અશ્વોની માવજત અને ચાકરી, અશ્વોની જુદી જુદી ઓલાદના અલગ અલગ સ્થળ તેમજ આપણે મનુષ્યની જેમ જ ઊંચી ઓલાદના અશ્વોની પણ વંશાવળી હોય છે અને આવી વંશાવળીઓની તેમજ દરેક અશ્વએ કરેલા પરાક્રમોની નોંધ રાખવામાં આવતી હોય છે તથા આવી નોંધ રાખનારા વહીવંચા બારોટો પણ જોવા મળે છે. જાતવાન અને તેજીલા અશ્વની જાળવણી ઘણી બધી ચીવટ માંગી લે તેવી તથા આજના પ્રવર્તમાન મોંઘવારીના સમયમાં મોટા ભાગના લોકોને ન પોષાય તેટલી હદે ખર્ચાળ છે. તેથી જ કોઈ લોકકવિએ નિઃસાસો નાખતા કીધું છે કે :

"ગયા ઘોડા ગઈ હાવળ્યો, ગયાં સોનેરી સાજ;

મોટર ખટારા માંડવે, કરતા ભૂં ભૂં અવાજ."[૬]

અત્રે ઉલ્લેખનીય છે કે સામાન્ય સવારીના કામ માટે વપરાતા અશ્વો, રથ કે બગી જેવા વાહનને ખેંચવા માટે વપરાતા અશ્વો તેમજ યુદ્ધમાં વપરાતા ઉત્તમ ઓલાદના અશ્વો વચ્ચે નોંધપાત્ર તફાવત તો હોવાનો જ. યુદ્ધના અશ્વો લોકસાહિત્યની પરંપરા અનુસાર આશરે ૧૦૦ આંગળની ઊંચાઈના તેમજ ઘોડાના નાકથી તેની પૂંછડી સુધીની ૧૬૦ આંગળની લંબાઈ ધરાવતા હોય છે. આવા ઘોડાઓના ગોઠણથી નીચેના પગ લાંબા અને પાતળા તેમજ ગોઠણથી ઉપરનો સાથળનો ભાગ સ્નાયુબદ્ધ અને ભરાવદાર હોય છે. ઉપરાંત આ પ્રકારના ઘોડાઓની પીઠ સાદા સવારીના ઘોડાની સરખામણીમાં થોડી વધુ પહોળી એટલા માટે હોય છે કે યુદ્ધના મેદાનમાં અતિ દ્રુત ગતિએ દોડી રહેલા ઘોડાની પીઠ પરના અસવારને પોતાનું સમતુલન જાળવવામાં સહાયતા રહે. કાઠિયાવાડના એકાદ સદી પહેલાના ધનિક શ્રેષ્ઠીઓ તેમજ ગીરાસદાર રાજપૂતો તથા કાઠીઓ પોતાના પ્રિય અશ્વના શણગાર પાછળ ખૂદ અશ્વના મૂલ્ય કરતાં પણ વધુ ખર્ચા કરતાં હતા, તે નોંધાયેલી હકીકત છે. હવે જો કે અશ્વપાલન અને અશ્વઉછેર જેવા વ્યવસાયો ઘોડાની રેસમાં અત્યંત તેજ ગતિએ દોડીને ઈનામો મેળવી શકે એવા ઘોડાઓના ઉછેર પૂરતું જ મર્યાદિત રહ્યું છે. છતાં પણ ફીલ્મ એક્ટર સ્વ. ફીરોઝ ખાન કે બેંગ્લોરના ઉદ્યોગપતિ વિજય માલ્યા જેવાઓને પોતાની માલિકીના અશ્વઉછેર કેન્દ્ર હતા તે બધાને સુવિદિત છે.

## કૃષિ સંસ્કૃતિનો છડીદાર : બળદ

બળદને લોકસંસ્કૃતિનો છડીદાર કહીને જોરાવરસિંહે જે બિરદાવેલ છે તે બિરદાવલી ખરેખર સારી હોવા છતા પણ મને અધૂરી લાગે છે અને તે એટલા માટે કે માત્ર લોકસંસ્કૃતિ જ શા માટે ? આખીયે માનવજાતિના વિકાસમાં બળદનો અનેરો તેમજ અમૂલ્ય ફાળો રહેલો છે. આથી જ લેખકે આ પુસ્તકના આઠમાં પ્રકરણમાં સંસ્કૃતિના વિકાસના સહાયક તરીકે બળદોને ઓળખાવેલા છે. લોકસંસ્કૃતિની અંદર બળદોનું મહત્ત્વ એટલું બધુ ગણવામાં તેમજ સ્વિકારવામાં આવેલું છે કે ઘણી વખત ગામ, પ્રદેશ કે તેના મૂળ માલિકો પરથી બળદો ઓળખાતા. જો કે હાલ પ્રચલિત પરંપરામાં જે તે પ્રદેશમાં સંવર્ધિત થયેલી બળદની જાતને તે

પ્રદેશના નામોના આધારે ઓળખવામાં આવે છે. જેમકે સિંધ તરફના પ્રદેશમાંથી આવેલા બળદો સંધિયા, વળાધરી પંથકના બળદો વળાધરીયા, માલાજાળ વિસ્તારના માલજાળિયા, કાંકરેજના કાંકરેજા વગેરે નામે બળદો ઓળખાય છે.

ઉલ્લેખનીય છે કે ભારતના ઈતિહાસમાં બળદોને ઘણી જગ્યાએ ઘોડા કરતાં પણ બળવાન લેખવામાં આવે છે. આ વાતની સાબિતી શહેનશાહ અકબરના પ્રિય બળદ 'માજુલ' ની પાછળ ઘોડેસવારો દોડતા પણ તેને આંબી શકતા નહોતા તેના વર્ણન પરથી જાણી શકાય છે. આ ઉપરાંત "જસદણ ઠાકોર સાહેબ આલા ખાચર પાસે પણ એક અતિ બળવાન 'મુંઝડો' નામધારી બળદ હતો. તે ઘોડાઓ કરતાં પણ ચાલવામાં આગળ રહેતો."[૧૦]

બળદો વિશેના આ પ્રકરણમાં લેખકે બળદોના શરીરમાં રહેલી અલગ અલગ પ્રકારની ખોડ તેમજ બળદ ખરીદતી વખતે ખાસ ધ્યાનમાં લેવા પડે તેવા ૧૪ શુભાશુભ લક્ષણો તથા ૬ એવા અતિ શુભ લક્ષણો કે જેમાંના કોઈપણ લક્ષણ ધરાવતો બળદ જો મળી જાય તો ખરીદનારને ન્યાલ કરી આપે છે. આવી લક્ષણશાસ્ત્ર વિશેની વિગતો પ્રાપ્ત કરવા માટે લેખકને કેટલી મહેનત કરવી પડી હશે, કેટલું મથવું પડ્યું હશે તે સમજી શકાય તેમ છે. તેમણે આ પ્રકરણમાં બળદોના ખરીદ વેચાણ માટેના મેળાઓ તેમજ ગુજરીઓની માહિતી તો આપેલી જ છે સાથોસાથ બળદોનો વેપાર કરનારી ખાસ કોમો અને જ્ઞાતિઓ વિશે પણ માહિતીઓ આપેલી છે. હાલ બળદો માત્ર ખેતીવાડી કરતાં ખેડુતો પૂરતા જ મર્યાદીત રહ્યાં છે અને તેમાં પણ હવે ટ્રેક્ટર અને તેના જેવા અન્ય યંત્રોનો ઉપયોગ વધવા સાથે તે પ્રમાણ પણ હવે ઘટવા લાગ્યું છે.

## પાતાળલોકની પદમણી-કુંઢયુ : ભેંસો

"જુજાર હાથણીના બચોડીયા જેવડું ડીલ, ચપટા કમનીય વળાંક લઈ ગયેલા એવા શિંગડા, જેના પર દીવડો મૂકીને પ્રગટાવી લેવાય, ત્રણ ત્રણ ગાંઠ્યું વાળી લેવાય એવા કૂમળા પૂંછડા, નાગણ જેવું કાળુ ચળકતુ ને હાથ ફેરવો તો લહરી જાય એવું સુંવાળુ ડીલ ને મોઢા આગળ ખાણનું બકડીયું મેલ્યા કેડે દોવા માંડો તો બોઘેણાના બોઘેણા છલકાવી દે એવી નવચંદરી ભેંસ આંગણે બાંધી હોય તો નાગરાણી જેવી શોભે...."

આ વર્ણન એક લોકકવિએ ડાયરામાં જ્યારે કહ્યું ત્યારે આખાયે ડાયરાએ લોકકવિએ ખમા ખમાના હલકારા વડે વધાવી લીધેલો. આવી કાઠિયાવાડી ભેંસો વિશેનું પ્રકરણ લેખક એમના ગ્રંથમાં ન સમાવે એવું તો બને જ શી રીતે ? એમણે ભેંસોને પાતાળલોકની પદમણી જેવું જે ઉપનામ આપેલ છે તે કેટલી હદે સાર્થક છે તે તો જેના ઘરમાં દૂધના બોઘેણા છલકાવતી હાડેતી ભેંસ હોય એણે પુછીએ તો જ સમજાય.

એક લોકકથા પ્રમાણે ભેંસો પાતાળલોકમાંથી પૃથ્વી પર આવેલી છે, એવો ઉલ્લેખ જોરાવરસિંહે કરેલો છે. તેમાં પાતાળલોકની કુંવરી પદ્મીની સાથે કરણ પરણેલો એવી જે વાત છે તે મૂળભૂત વેદવ્યાસ રચિત મહાભારતમાં નથી પરંતુ રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યોમાં પાછળથી ઘણાં બધા પ્રસંગો ઉમેરાયા છે તે રીતે આ પ્રસંગ પણ ઉમેરાયો હોઈ શકે. તેમ છતાં એક વસ્તુ તો નિર્વિવાદ હકીકત રૂપે સ્વીકારવી જ પડે કે લોકસંકૃતિમાં અનેક પશુઓના ઉલ્લેખ વચ્ચે ભેંસનું સ્થાન અવિચળ ગણી શકાય.

આધુનિક ઈતિહાસકારોના મત પ્રમાણે ઈ. સ. પૂર્વે ૩૦૦૦ કરતા વધુ વર્ષો પહેલા ભારતમાં મોંહે-જો-દડો તેમજ યુરોપના પૂર્વ સીમાડે મેસોપોટેમિયાની સંસ્કૃતિના જે કંઈ અવશેષો, મુદ્રાઓ હાથ લાગ્યા છે તેમાં જોવા મળતા ભેંસના ચિત્રો ઉપરથી એટલું તો અવશ્ય પ્રતિપાદિત તેમજ પ્રસ્થાપિત થાય છે કે પશુપાલનમાં ભેંસોનો ઉપયોગ આજથી પાંચેક હજારથી પણ વધુ વર્ષોથી થતો આવ્યો છે.

ભારતમાં ભેંસોની બે મુખ્ય જાતિઓ જોવા મળે છે. જેમાં નદી કાંઠાની ભેંસો અને તળાવ કાંઠાની ભેંસોને પણ અલગ ઓળખવામાં આવે છે. ભૌગોલિક દ્રષ્ટિએ ઉત્તર ભારતમાં બારમાસી નદીઓનું પ્રમાણ વધુ હોવાથી તે તરફ જોવા મળતી ભેંસોને નદીના સ્વચ્છ અને વહેતા પાણીનું આકર્ષણ હોય તેમ જણાય છે. જ્યારે પશ્ચિમ ભારતના ગુજરાત અને મહારાષ્ટ્ર વિસ્તારમાં આવી બારમાસી નદીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી પરંતુ તળાવો લગભગ બધે જ જોવા મળતા હોવાથી તળાવના પાણીનું આકર્ષણ ધરાવનારી ભેંસો આ તરફ જોવા મળે છે. નદીના પાણીમાં મહાલવાનું ગમતું હોય તેવી ભેંસોની એક જાત અગ્નિ એશિયા, ચીન અને આસામમાં પણ જોવા મળે છે. એકંદરે એક વાત નક્કી કે ભેંસોને પાણીમાં ડહોળા, કાદવવાળા

અને ગળાડૂબ પાણી ધરાવતી જગ્યાઓ વિશેષ પસંદ હોય છે. એથી જ કદાચ લોકજીવનમાં કહેવતનો ઉદય થયો હોઈ શકે કે, 'ભેંસ, ભામણ ને ભાજી ત્રણેય પાણી દેખી રાજી.'

લોકજીવનમાં ભેંસોના જાણીતા જે છત્રીસ નામોની યાદી આપેલી છે તે જોતા એક વસ્તુ તરફ ધ્યાન ખેંચાય છે કે લોકજીવનને લગતી આવી નામોની યાદીમાં છત્રીસના આંકડાનું એક ગજબનું સાતત્ય જોવા મળે છે. કારણ કે ઘોડીની છત્રીસ જાતો, રાજપૂતોની છત્રીસ જાતો, હથિયારોની છત્રીસ જાતો, નારીના સાડલાઓની છત્રીસ જાતો, ગાયોની છત્રીસ જાતો અને એ જ રીતે ભેંસોના પણ છત્રીસ નામો સાંપડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભેંસોનો તેના પાલક સાથેનો સંબંધ અત્યંત ગાઢ હોય છે અને એથી જ ભેંસોની તંદુરસ્તી વિશે તેના પાલકો અત્યંત સભાન તેમજ સજાગ રહીને ચાકરી કરતા હોય છે. સાથેસાથે એ પણ ઉલ્લેખનીય છે કે દુધાળા જાનવરોમાં ભેંસો અત્યંત હિંમતવાન જાનવર એટલા માટે ગણાય છે કે ગીરની ભેંસો ડાલામથ્થા સિંહને શિંગડે ચડાવીને ભગાડતી હોય એવી અનેક વાતો આપણા લોકસાહિત્યમાં છે. આ વાતો લોકસાહિત્યની કથાઓમાં વર્ણવાતી હોવા છતાં તેમાં સહેજ પણ અતિશયોક્તિ નથી તેની સાબિતી અવારનવાર ડીસ્કવરી કે નેશનલ જીયોગ્રાફી જેવી ચેનલો ઉપર જોવા મળતા કાર્યક્રમોમાંથી સાંપડે છે. જેમાં આફ્રિકાના ગોરંગોરો નેશનલ પાર્કમાં વસતી ભેંસોનો શિકાર કરવા આવેલા છ સાત સિંહણોના જૂથને શિંગડેથી હુમલો કરીને મારી ભગાડે અને પોતાના પાડા પાડીનો યથેચ્છ બચાવ કરે એવા ઘણા પ્રસંગોના વિડીયો ક્લિપીંગ જોવા મળે છે. આથી જ કદાચ ભેંસો ઉપરના પ્રશસ્તિ કાવ્યો લખાણા હશે અને આથી જ કદાચ ચારણી ગીતોમાં ભેંસોના રૂપના વર્ણન જોવા મળે છે. તો પછી લોકસાહિત્યમાં ભેંસોનો ઉલ્લેખ ન હોય એવું તો બને જ ક્યાંથી ? અહીં એક વાત ઉલ્લેખનીય એ રીતે ગણી શકાય કે ભારતીય સમાજમાં જે રીતે ગૌદાનનું માહાત્મ્ય છે તે જ રીતે લોકસંસ્કૃતિમાં ભેંસોનું દાન કરવાનું પણ એટલું જ માહાત્મ્ય છે, અને તે એટલી હદ સુધી કે લોકજાતિઓમાં દીકરીના લગ્નપ્રસંગે કે આણા કરિયાણા જેવા પ્રસંગોએ પિયરીયા તરફથી દીકરીને તથા ભાણેજડાઓને સુખેથી દૂધ ખાવા મળી રહે તે માટે ધામેણું આપવાનો રિવાજ પહેલા પણ હતો અને આજે પણ છે.

જેમ ગાયોના શુભ અશુભ લક્ષણો, જેમ બળદ અને ઘોડાના શુભ અશુભ લક્ષણો જોવામાં આવતા એ જ રીતે ભેંસોના પણ શુભ અશુભ લક્ષણો હોય છે અને તેની ખરીદી

કરનાર લોકો આ લક્ષણોના આધારે ખરીદી કરતા હોય છે. આ વિશેની વિગતવાર માહિતી વરાહમીહિરે લખેલી 'બૃહત્સંહિતા' માં નોંધાયેલી છે. ભારતીય ચિત્રકળા તેમજ શિલ્પકળામાં પણ ભેંસોને અનેક અલગ અલગ સંદર્ભો સાથે ઉલ્લેખવામાં આવેલી છે. પ્રાચીન પુરાણોમાં પાડા જેવું મસ્તક ધરાવતો રાક્ષસ મહીસાસુર તરીકે ઓળખાવાયો છે. આવી ભેંસ તેની લોકપ્રિયતાને કારણે લોકબોલીમાં, કહેવતોમાં જો સ્થાન ન પામે તો જ નવાઈ. આપણા દેશમાં ડેરી ઉદ્યોગ આટલી હદે ખીલ્યો અને શ્વેત ક્રાંતિ દ્વારા પશુપાલકો જે આર્થિક લાભ મેળવી રહ્યાં છે તે જોતા ભેંસ અંગેની નીચેની કહેવત શતપ્રતિશત સાચી સાબિત થાય છે,

'જેને ઘેર દૂજે કાળી મૈયુ, તેને સદાય દીવાળીયું.'[૬૧]

## ગૌરવ, માંગલ્ય અને પવિત્રતાનું પ્રતીક : હાથી

દેવો અને દાનવો વચ્ચે થયેલા સમુદ્રમંથન મારફત જે ચૌદ રત્ન પ્રાપ્ત થયેલા તેમાંનું એક રત્ન સાત સૂંઢવાળો ઐરાવત હાથી હતો. આમ હાથી અને તેના મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો છેક પુરાણકાળથી વિદ્યમાન છે. અત્રે ઉલ્લેખનીય ગણાય કે ભારત તથા એશિયા ખંડના મ્યાનમાર, જાવા, સુમાત્રા, કંબોડીયા, થાઈલેન્ડ વગેરે દેશોમાં જોવા મળતાં હાથીઓ એશિયાટીક એલિફન્ટ તરીકે ઓળખાય છે. જ્યારે આફ્રિકામાં જોવા મળતાં હોથીઓ આફ્રિકન એલિફન્ટસ્ કદમાં એશિયાટીક એલિફન્ટસ્ કરતાં મોટા હોય છે. પરંતુ આકાર, પ્રકાર અને અન્ય સ્વભાવજન્ય ખાસિયતોની દ્રષ્ટિએ જોતા આ તમામ હાથીઓ એક જ સરખા ગણાય છે. એક હાથીનું મહત્ત્વ આંકવુ સહેલું એટલા માટે ન ગણી શકાય કે હાથીઓ વિવિધ સમયે વિવિધ સ્થળોએ વિવિધ રૂપે ઉપયોગી થયાનું નોંધાયેલ છે.

હાથીઓ વિશેની અનેક પૌરાણિક કથાઓ તેમજ સંદર્ભો સાંપડે છે. જે લગભગ તમામની અંદર એક યા બીજા સ્વરૂપે ગૌરવ, પવિત્રતા અને માંગલ્ય સાથે સંબંધ ધરાવતા હોવાથી હાથીઓને પ્રાચીનથી શરૂ કરીને અર્વાચીન સુધીના તમામ સાહિત્ય તથા સાહિત્ય પ્રકારોમાં હાથીઓને ખાસ સ્થાન પ્રાપ્ત થયું છે. કદાચ એથી જ પ્રાચીન ગુફામાનવે દોરેલા ભીંતચિત્રોથી શરૂ કરીને હાલના સમયમાં આદિવાસી જાતિઓ, લોકજાતિઓ વગેરેની ગૃહસજાવટ માટે બનાવવામાં આવતા તોરણો, ચાકળા, પડદા વગેરેની અંદર હાથીનો ઉપયોગ સુશોભન માટે

કરવામાં આવ્યો છે. પરાપૂર્વથી હાથીઓનો ઉપયોગ તેમજ ઉલ્લેખ પવિત્ર અને પૂજનીય પ્રાણી તરીકે થતો આવ્યો છે અને એથી જ હિંદુ સંસ્કૃતિના અતિ મહત્ત્વના દેવ ગણનાયક ગણપતિનું મસ્તક હાથીનું દર્શાવવામાં આવે છે. જુદી જુદી આદિવાસી જાતિઓમાં પણ હાથીઓ વિશેની ઘણી દંતકથાઓ કર્ણોપકર્ણ ચાલી આવતી જોવા મળે છે. પશુવિજ્ઞાનીઓ આજે ભલે હાથીની બે જ જાતો અસ્તિત્વમાં રહી હોવાનું ગણાવતા હોય પણ રામાયણ અને મહાભારતના સમયમાં હાથીની સાત નસ્લો જોવા મળતી હતી. જે આ પ્રમાણે છે: "૧. ભદ્ર ૨. મંદ ૩. મૃગ ૪. ભદ્રમંદ ૫. ભદ્રમૃગ ૬. મગમંદ ૭. ભદ્ર-મંદ-મૃગ."[૧૨]

અઢારમી સદીમાં તાંજોર – મહારાષ્ટ્ર ખાતેની મરાઠા સલ્તનતના વિદ્વાન રાજવી સફરોજીએ વિગતપૂર્ણ અભ્યાસ કરીને હાથીઓ અંગેનો 'ગજશાસ્ત્ર' નામનો વિસ્તૃત ગ્રંથ આપ્યો છે તે આ વિષયમાં એક અનોખી કૃતિ ગણાય છે. હાથી અને મનુષ્યના પરસ્પર સંબંધ પાછળનું રહસ્ય એ પણ ગણી શકાય કે મનુષ્યની જેમ જ હાથી પણ સમૂહમાં જીવનારું પ્રાણી છે અને ચોક્કસ પ્રકારની કુટુંબ વ્યવસ્થા ધરાવતું જોવા મળે છે. મદનિયાની સારસંભાળની લગભગ સંપૂર્ણ જવાબદારી હાથણીની હોય છે તે માનવ સમાજના માતા અને બાળકના સંબંધો સાથે સરખાવી શકાય તેવી બાબત છે.

હાથી શુદ્ધ શાકાહારી પ્રાણી છે. પોતાના શારીરિક કદના પ્રમાણમાં તેનો ખોરાક પણ એટલો જ મોટો છે. આખા દિવસમાં હાથી અંદાજે ૯૦૦ થી ૧૦૦૦ રતલ જેટલો ચારો ખાઈ જાય છે. આ કારણસર હાથીને પાળવો તે અતિ સમૃદ્ધ વ્યક્તિઓ કે રાજા-મહારાજાઓ સિવાય અન્ય કોઈના ગજા બહારની વાત ગણાય. પ્રાચીન કાળમાં લગભગ તમામ રાજાઓ ગજસૈન્ય ધરાવતા હતા. તેની પાછળનું કારણ એ હતું કે દુશ્મન રાજાના કિલ્લાના દરવાજા તોડવા માટે હાથી સિવાય બીજું કશું જ કામ લાગી શકે નહીં. શિકાર કરવામાં સૌથી સલામત વાહન તરીકે પણ હાથીઓનો ઉપયોગ કરવામાં આવતો. પ્રાચીન કાળથી આપણે ત્યાં હાથી વિષયક પણ શુકન-અપશુકન માનવામાં આવે છે અને તે અંગેના દુહાઓ પ્રાચીન હસ્તલીખીત ગ્રંથ 'શુકનમુક્તાવલી' માંથી સાંપડે છે. જેનો વ્યવસ્થિત ઉલ્લેખ જોરાવરસિંહે કરેલો છે.

કુદરતમાં જોવા મળતા તમામ પ્રાણીઓમાં હાથી ઘણી બધી રીતે અનોખું પ્રાણી એટલા માટે ગણાય છે કે (૧) જીવતો હાથી તો મૂલ્યવાન છે જ પરંતુ મરેલા હાથીનું પણ

મૂલ્ય ઘટવાને બદલે વધે છે. (૨) હાથીની યાદશક્તિ પણ અનન્ય ગણાય છે અને તે અંગેની વાર્તાઓ કે પ્રસંગો લગભગ તમામ જાતિઓમાં કહેવાતા સંભળાય છે. એવા અનેક પ્રસંગો ઈતિહાસના ચોપડે નોંધાયેલ છે જેમાં હાથીએ તેની અપૂર્વ સ્મરણશક્તિનો પરિચય આપેલ હોય.

આથી જ કદાચ લોકસંસ્કૃતિની કહેવતોમાં, ગીતોમાં તેમજ કાવ્યોમાં હાથીઓનો અવારનવાર અને પુષ્કળ પ્રમાણમાં સંદર્ભ વપરાતો જોવા મળે છે. આ પુસ્તકના હાથીઓ ઉપરનું આ પ્રકરણ જેટલી હદે સવિસ્તર લખાયેલું છે તેટલી હદે વિગતપૂર્ણ ભાગ્યે જ કોઈ પ્રકરણ જોવા મળે છે. હાથીઓ વિશેની નાની મોટી અનેક વિગતો આ પ્રકરણમાં લેખકે આપેલી છે.

**રણનો બેતાજ બાખશાહ : ઊંટ**

રણના જહાજ તરીકે ઓળખાતું ઊંટ પણ એક અદ્દ્ભુત પ્રાણી છે. તે છેક વેદવ્યાસના સમયથી લઈને આજ દિવસ સુધી રેતાળ પ્રદેશમાં માલપરિવહન માટેનું અતિ પ્રચલિત એવું સાધન મનાતું આવ્યું છે. લોકસંસ્કૃતિમાંથી નિષ્પન્ન થયેલ લોકસાહિત્યમાંથી પ્રાપ્ત એક દુહા અનુસાર શ્રેષ્ઠ ઊંટ બિકાનેરનો ગણાય છે.

“મારવાડ નર નીપજે, નારી જેસલમેર,

તૂરી તો સિંધા સાંતરા, કરહલ બિકાનેર.”[૧૩]

ઊંટ માત્ર ભારતમાં જ જોવા મળતું જાનવર નથી, પરંતુ એશિયા ખંડ ઉપરાંત આફ્રિકામાં પણ જોવા મળે છે. આ બન્ને ઊંટ વચ્ચેનો તફાવત એ છે કે એશિયાના ઊંટને પીઠ ઉપર એક જ ખૂંધ હોય છે, જ્યારે આફ્રિકાના અને સહારાના રણપ્રદેશની આજુબાજુ વસેલા ઈજીપ્ત, લિબીયા, સુદાન વગેરે દેશોમાં બે ખૂંધવાળા ઊંટ પણ જોવા મળે છે.

ઊંટને રણનું વાહન એટલા માટે કહેવામાં આવે છે કે ઊંટ એકી સાથે પાંત્રીસથી ચાલીસ લીટર પાણી પી લીધા પછી સળંગ અઢારથી વીસ દિવસ પાણી પીધા વગર એકધારું ચાલી શકે છે. ઊંટના ખોરાકમાં એક કહેવતમાંથી આપણને માહિતી મળે છે કે ‘ઊંટ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો’ મતલબ કે એક માત્ર આંકડાને બાદ કરતાં બાકી તમામ

વનસ્પતિઓ ખાઈને ઊંટ પોતાની ક્ષુધા સંતોષી શકે છે. લોકજીવનમાં ઊંટને ‘સાંઢિયા’ના નામે ઓળખવામાં આવે છે. અરબીમાં ‘જમાલ’, અંગ્રેજી તથા ફ્રેંચમાં ‘કેમલ’ તેમજ હીબ્રુ, ફિનિસિયન તથા ફારસીમાં તેને ‘ગામાલ’ નામ વડે ઓળખવામાં આવે છે. ફારસી ભાષામાં ઊંટ માટે ‘ઉશ્તુર’ અથવા ‘સાર’ શબ્દ પણ વપરાય છે. રાજસ્થાનની લોકબોલીમાં ઊંટનું એક નામ ‘ટોડર’ એટલું બધુ પ્રચલિત છે કે લોકો તેમના સંતાનોનું નામ ટોડરમલ રાખે છે.

સવારી ઉપરાંત ઊંટનો ઉપયોગ ભાર વહન કરવા માટે પણ થતો આવ્યો છે. ઊંટગાડી સાથે જોડેલો ઊંટ ૪૦ થી ૪૫ મણ વજન ખેંચી જઈ શકે છે. આ ઉપરાંત યુદ્ધમાં પણ ઊંટોનો ઉપયોગ તે સમયે થતો. આ ઉપરાંત નાની સરખી તોપ જેને ‘સૂત્રનાળ’ કહેવામાં આવતી તેને ઊંટની પીઠ ઉપર બાંધીને યુદ્ધના મેદાન સુધી લઈ જવામાં આવતી. પરાપૂર્વથી ઉલ્લેખનીય ઊંટ લોકસંસ્કૃતિ સાથે કેટલી હદે ઓતપ્રોત થઈ ગયું હશે કે ઊંટના ઉલ્લેખ સાથેની અનેક કહેવતો લોકબોલીઓમાં પ્રવર્તમાન જોવા છે. જેમાંની ‘ભૂખ્યાનું મન ભાખરામાં અને ઊંટનું મન ઝાંખરામાં’ વગેરે પ્રચલિત છે. જો કે હવે યાંત્રિક પરિવહનના સમયમાં અને તમામ પ્રકારની ઉબડખાબડ જમીન પર ચાલી શકનારા ઓલ ટરેઈન વ્હીકલ્સના સમયમાં માલ તેમજ યાત્રી પરિવહન ક્ષેત્રે હવે ઊંટનું મહત્ત્વ ક્રમે ક્રમે ઓછું થતું જાય છે. છતાં પણ હજુંય રણપ્રદેશમાં વસતી જાતિઓમાં ઊંટ એટલું જ પ્રચલિત છે.

## ધર્મ અને શક્તિનું પ્રતીક : સિંહ

દુનિયામાં ફક્ત બે જ જગ્યાએ સિંહના પ્રાકૃતિક નિવાસસ્થાનો છે. જેમાં એક ગીરના જંગલોમાં જોવા મળતી સિંહની જાતિને એશિયાટીક લાયન કહે છે, જ્યારે આફ્રિકામાં જોવા મળતાં સિંહોને આફ્રિકન લાયન તરીકે ઓળખવામાં આવે છે. આપણા સાહિત્યમાં સિંહને ધર્મ અને શક્તિના પ્રતીક તરીકે ગણવામાં આવે છે. કારણ કે દુર્ગા માતાનું વાહન તો સિંહ છે જ, પરંતુ રાજા-મહારાજાઓને બેસવા માટે જે ખાસ આસનો તૈયાર કરવામાં આવતા તેને પણ સિંહાસન કહેવામાં આવે છે. માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલ વિવિધ પ્રાણીઓમાં સિંહ કદાચ સૌથી પ્રાચીન પ્રાણી એટલા માટે ગણી શકાય કે સિંહના અસ્તિત્વનો ઉલ્લેખ ઈ. સ. ૪,૭૫,૦૦૦ વર્ષ પહેલા હેત્થ્રોપસ યુગમાં પણ સિંહોનું અસ્તિત્વ હતું એવું પુરાતત્ત્વ શાસ્ત્રીઓ તથા

ઈતિહાસકારોની નોંધોમાંથી મળી આવેલ છે. મોંહે-જો-દડોના અવશેષોમાંથી પ્રાપ્ત થયેલી મુદ્રાઓમાં પણ સિંહની આકૃતિઓ જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય ગણાશે કે છેક ઈ.સ. ૧૯૦૫ સુધી સિંહો ધ્રાંગધ્રા અને હળવદ તાલુકાની આસપાસની વીડીઓમાં પણ જોવા મળતા તેવા ઉલ્લેખો તે સમયના બ્રિટીશ તથા અન્ય યુરોપીયન ઈતિહાસકારોએ નોંધેલ છે. આ ઉપરાંત સિંહો ઉત્તરમાં સિંધ પ્રદેશ સુધી, પૂર્વમાં બંગાળ અને દક્ષિણે નર્મદાના કિનારા સુધી વસવાટ કરતાં એવા ઉલ્લેખો મળે છે. એના માટેનો દુહો પણ નોંધેલો છે :

"ધરતી ત્રાડે ધફધફે, ઝપટ ન ઝીલે ઝાડ;

હું ચાંપો પાછો હટું (તો) પડ લાજે પાંચાળ."[૧૪]

રોમન સામ્રાજ્ય જ્યારે એની ચરમસીમા પર હતું ત્યારે માનવ યોદ્ધાઓ અને ખૂંખાર સિંહોની લડાઈઓનું આયોજન કરવામાં આવતું. થાનગઢના પ્રખ્યાત ફોટોગ્રાફર સુલેમાન પટેલ તેમજ રાજકોટના રમેશ ઠાકર બે એવા ફોટોગ્રાફરો છે જેમણે સિંહના ટોળાની ફોટોગ્રાફી કરેલી છે. સિંહની ડણક ચારથી છ કિલોમીટરના ઘેરાવામાં સાંભળી શકાય છે અને તે મૂલતઃ આરામપ્રિય પ્રાણી છે. તે દિવસમાં ૨૦ કલાક આરામ કરે છે અને ૩ થી ૪ કલાકમાં જ જે કંઈ શિકાર મળે તેનો આહાર કરે છે. અત્રે ઉલ્લેખનીય ગણાશે કે સિંહ પોતે ભાગ્યે જ શિકાર કરે છે, શિકાર કરવાની જવાબદારી સિંહણની હોય છે. સામાન્ય રીતે હરણ, ગાય, ભેંસ વગેરેનો શિકાર કરનાર આ પ્રાણી ગેંડાથી, હાથીથી અને દાંતરડીવાળા જંગલી સૂવરથી ડરે છે. સૂવરનો ક્યારેક ક્યારેક સિંહ શિકાર કરે તો પણ પાછળથી તરાપ મારીને કરી શકાય તેમ હોય તો જ કરે, સામસામેની લડાઈમાં સૂવરે સિંહના પેટમાં પોતાની દાંતરડી ભરાવીને સિંહને મારી નાંખ્યો હોય તેવા દાખલાઓ નોંધાયેલા છે. એ જ રીતે જંગલી ભેંસો પણ સિંહથી ડરતી નથી.

સિંહ ખૂબ જ શક્તિશાળી હોવા છતા પણ તડકાથી રાંક થઈ જાય છે. આ ઉપરાંત લેખકે સિંહના સ્વભાવની દરેક લાક્ષણિકતાઓની વિગતે નોંધ લીધી છે. પ્રાચીન મંદિરોમાં સિંહોની મૂર્તિ મુકાયેલી જોવા મળે છે. કોણાર્કના સૂર્યમંદિરમાં, મજમાપુરમ નામના મંદિરમાં પણ આવી સિંહોની મૂર્તિઓ જોવા મળે છે. સિંહ અન્ય પશુની જેમ પાલતું પ્રાણી ન હોવા છતાં પણ લોકજીવને તેને લોકસાહિત્યના ગીતોમાં, કહેવતોમાં અને દુહાઓમાં સ્થાન આપ્યું છે.

## માનવીનો વિશ્વાસુ અને વફાદાર સાથી : કૂતરો

લોકજીવનમાં અન્ય પશુઓની સાથે કૂતરાને પણ માનભર્યું સ્થાન મળ્યું છે. કૂતરો એ માણસનો સૌથી જૂનો અને વફાદાર મિત્ર છે. આજથી ૧૦૦૦૦ વર્ષ પહેલાં અગ્નિની શોધ પછી મનુષ્યએ દૂધાળા પ્રાણીઓને પાળવાની શરૂઆત કરી તે પહેલા તે કૂતરાના સંપર્કમાં આવ્યો. સમય જતા કૂતરો મનુષ્ય સાથે એટલો બધો હળીમળી ગયો કે તે મનુષ્યના ઘરનો ચોકી પહેરો ભરતો થઈ ગયો. છ હજાર વર્ષ પહેલાના કૂતરાના કંડારેલા ચિત્રો ઈજીપ્તમાંથી મળ્યા છે તથા મિસરના ફેરાઓની સમાધિમાંથી કૂતરાની પ્રાચીન મૂર્તિ પ્રાપ્ત થઈ છે. ઘણા વિજ્ઞાનશાસ્ત્રીઓ એમ માને છે કે વરુ અને શિયાળ વચ્ચે સંવનન થવાથી કૂતરા અસ્તિત્વમાં આવ્યા. ઘણા વિજ્ઞાનીઓ એમ પણ માને છે કે લોંકડી અને વરુમાંથી આ કૂતરાઓ ઉતરી આવ્યા છે. આમ છતાં કૂતરા પોતાના પૂર્વજ ગણાતા લોંકડી, વરુ અને શિયાળની ટેવોને આજે પણ છોડી શક્યા નથી. જેમકે રેતીમાં ખાડા કરીને હાડકું દાટવું, જમીન પર બેસતા પહેલાં ત્રણ વાર ગોળગોળ ફરવું અને રસ્તામાં ક્યાંક ઉંચો પથ્થર કે થાંભલો દેખાય તો તેના પર એક પગ ઉંચો કરી પેશાબ કરવો. તેની આ કુટેવો પાછળ ઉત્ક્રાંતિનું વિજ્ઞાન કામ કરી રહ્યું છે.

ભારતમાં પ્રાચીન કાળથી કૂતરાને શ્વા, શ્વાન, ભલ્લુ, કપિલ, શુનક વગેરે નામોથી ઓળખવામાં આવે છે. જેમ આપણા સમાજમાં ચાર વર્ણ જોવા મળે છે તેમ કૂતરામાં પણ આ ચાર વર્ણ જોવા મળે છે. પૃથ્વી પરના કૂતરાઓની સૌથી પ્રાચીન અને પ્રતિષ્ઠિત નસલ 'સાલૂકી' ગણાય છે. આવા કૂતરાઓ સામાન્ય મનુષ્યના ઘરથી માંડીને રાજમહેલો સુધી પહોંચી ગયા છે. તેમણે દેવો અને સાધુસંતોનો પણ સંગ કર્યો છે. કૂતરાના મુખ્ય બે પ્રકારો છે એ પાલતુ અને બીજા જંગલી. જંગલી કૂતરાઓ ભારતમાં હિમાલયથી માંડીને આસામ સુધી જોવા મળે છે.

કૂતરાઓ મનુષ્યને ઘણી  બધી રીતે ઉપયોગી થયા છે. રક્ષણ માટે તે અત્યંત ઉપયોગી હોવાથી ભરવાડ, રબારી, વાઘરી જેવી ભટકતી જાતિ આવા કૂતરાને પાળે છે. “અરબસ્તાન, સીરિયા જેવા દેશોમાં હરણના શિકાર માટે 'સાલૂકી' નામના કૂતરાનો ઉપયોગ થતો.”[૧૫] આ કૂતરાઓ સરકસ, શિકાર, માછલા પકડવા તથા યુદ્ધમાં પણ ઉપયોગી થતા. 'બૃહત્સંહિતા' તથા સંસ્કૃત સાહિત્યોમાં કૂતરાના સારા-ખરાબ લક્ષણો તેમજ તેનાં શુકન-

અપશુકન આપેલા છે તેની આ પ્રકરણમાં લેખકે વિગતે ચર્ચા કરી છે. કૂતરાઓ અંગે આપણા સમાજમાં ઘણી બધી માન્યતાઓ પ્રવર્તે છે.

જૂના સમયના રાજા-મહારાજાઓ શ્વાનપ્રિય હતા. જૂનાગઢના છેલ્લા નવાબ પ્રાણીઓના પ્રેમી મહંમદ મહોબતખાને કૂતરા-કૂતરીના લગ્ન કરાવેલા. બ્રિટનના ચાર્લ્સ બીજા, રાણી એલિઝાબેથ બીજી વગેરેએ પોતાના રાજમહેલમાં અસંખ્ય કૂતરાઓ પાળેલાનો ઉલ્લેખ મળે છે. ગુજરાતમાં સતીઓ અને શૂરાપૂરાની ખાંભીઓની જેમ કૂતરાઓની ખાંભીઓ અને સ્મારકો જોવા મળે છે. સાંખડાસર, કચ્છ, પોરબંદર, કેવદ્રા, ચિત્રાસર વગેરે ગામોમાં કૂતરાની ખાંભી અને સ્મારકો છે. આવા માનવીના વિશ્વાસુ અને વફાદાર સાથી કૂતરાને લોકશિલ્પ, લોકકળા અને લોકસાહિત્યમાં સ્થાન ન મળે તો જ નવાઈ કહેવાય. કૂતરા વિશે આપણા લોકજીવનમાં 'કૂતરાનો સંઘ કાશીએ જાય નહીં', 'ન વાસી વધે ને ન કૂતરા ખાય' જેવી કહેવતો પણ જોવા મળે છે.

## બીન પર બહાવરાં બનતાં સંગીતપ્રેમી હરણા

"ગધાડા વસે ગામમાં, તો ય રાગે ન રિઝાય,

ઓલ્યા મૃગલા જો ને મૂંઝાય, બીન ઉપર થઈ બહાવરા."[૧૬]

મૂંગા જાનવરો સંગીતપ્રેમી હોવાની ઘણી લોકકથાઓ મળી આવે છે. મૃગલાઓ બહાવરા બનીને બીનનો અવાજ સાંભળવા આતુર બની જાય છે. 'અમરકોશ' માં હરણને માટે મૃગ, હરિન, વાતક, હરિ વગેરે નામો આલેખાયા છે.

પશુશાસ્ત્રની દ્રષ્ટિએ હરણની સાબર, પાડા, કસ્તુરી મૃગ, ચીત્તળ, કાળા હરણ વગેરે અનેક જાતો પ્રખ્યાત છે. આ બધામાંથી ચીત્તળ એ ખૂબ જ સુંદર અને પ્રસિદ્ધ હરણ છે. એને 'સુવર્ણમૃગ' પણ કહેવામાં આવે છે. તે ટોળામાં રહેનારું પ્રાણી છે. ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાં જોવા મળતાં આ મૃગની ઊંચાઈ ૩ ફૂટ ૨ ઇંચથી લઈને ૩ ફૂટ ૬ ઇંચ જેટલી હોય છે. આ સિવાય કસ્તુરી પણ ભારતમાં કાશ્મીરથી હિમાચલ પ્રદેશ, ગઢવાલ, કમાઉં અને સિક્કીમ સુધી જોવા મળે છે. શિંગડા વગરના આ મૃગની લંબાઈ ૩ ફૂટ ૨૦ ઇંચ જેટલી હોય

છે. આ હરણ સસલાની જેમ ડરપોક હોય છે. તેની નાભિ પાસેની ગ્રંથિમાં અતિ કિંમતી કસ્તુરી બને છે તે વાત સાચી નથી. આ મૃગને જીવતો પકડવો અસંભવિત છે. 'કૃષ્ણાસાર' કે 'કાલિયા' ના નામે ઓળખાતા કાળા હરણ પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં જોવા મળે છે. આ હરણ કલાકના ૬૦ માઈલની ઝડપે દોડી શકે છે. આ હરણનું બચ્ચું બકરીના આંચળને ધાવીને દૂધ પીએ છે તેથી તેને પાળવામાં સરળતા રહે છે. કાળા હરણનું માંસ ખૂબ જ સ્વાદિષ્ટ લાગતું હોવાથી આજે આ જાનવરનું નિકંદન નીકળી ગયું છે. 'છિંકારું' હરણ આકારમાં કાળા હરણથી થોડું નાનું હોય છે. આ હરણની આંખો અતિ સુંદર હોય છે, તેથી જ અતિ સુંદર આંખોવાળી નારીને માટે 'મૃગનયની' શબ્દ વપરાય છે.

આવા સંગીતપ્રેમી હરણાઓની વાળા રાજપૂતો પૂજા કરે છે. તેમનો શિકાર કરતાં નથી કે બીજાને તેનો શિકાર કરવાં પણ નથી દેતા. ભારતીય કળાકારીગીરી ઉપરાંત પ્રાચીન ચિત્રકલા, સૌરાષ્ટ્રના લોકભરત, મોતી પરોવણા વગેરે કળાઓમાં હરણોને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન ભારતીય ગ્રંથોમાં, 'શુકન મુક્તાવલિ' માં મૃગના શુકન-અપશુકનની જે વિગતો છે તેને લેખકે આ પ્રકરણમાં અત્યંત વ્યવસ્થિત રીતે ઉજાગર કરી છે.

**લક્ષ્મીપુત્ર બકરાં**

ભારતીય બકરી વિશે વેદકાળ, રામાયણ કે મહાભારતમાં કોઈ ઉલ્લેખો મળતા નથી. કેટલાક સંશોધકો એવું માને છે કે મુસ્લિમો જ્યારે ભારતમાં આવ્યાં ત્યારે પોતાની સાથે બકરાં લેતા આવેલા. બકરાં લક્ષ્મીપુત્ર ગણાતાં હોવાથી લોકધર્મ અને લોકસંસ્કૃતિમાં તેમને વિશિષ્ટ સ્થાન મળ્યું છે. વિવિધ લોકજાતિઓમાં પૂજાતા મેલડી માતાનું વાહન બોકડો ગણાય છે. સામાન્ય વર્ગના મજૂરિયા લોકો દૂધ માટે બકરીને પાળે છે, તેથી બકરીને 'પુઅર મેન્સ કાઉ' કહેવામાં આવે છે. "સંસ્કૃતમાં બકરાંને 'છાગ' કહે છે, પણ લોકો એને લોટી, લેઅડી, ચાળી વગેરે વિવિધ નામોથી ઓળખે છે."[૧૭] આ બકરીની એક વિશેષતા એ પણ છે કે એને દિવસમાં ગમે તેટલા વખત દોહી શકાય છે.

ભારતમાં બે પ્રકારના બકરાં જોવા મળે છે, એક પાલતું ને બીજા જંગલી. જંગલી જાત 'થાર' ને નામે પણ ઓળખાય છે. સામાન્ય બકરીને બે આંચળ હોય છે, જ્યારે

જંગલી 'થાર' માદાને ચાર આંચળ હોય છે. બીજા જંગલી બકરાં નીલગિરિની પર્વતમાળામાં જોવા મળે છે એને 'વરેઆહુ' કહેવામાં આવે છે. ભારતમાં મોટા પાયા પર અને નાના પાયા પર એમ મુખ્યત્વે બે પ્રકારે બકરાંપાલન થાય છે. બકરીનું દૂધ આરોગ્ય માટે ઉત્તમ સાબિત થયું છે. પાંડુરોગ, ક્ષય, બરોળના દર્દો જેવા રોગો માટે આ દૂધ ગુણકારી છે.

૧૮ મી સદીમાં બકરી માટે થઈને વઢવાણના રાજા પૃથ્વીરાજ અને હળવદના રાજા હરિસિંહ વચ્ચે યુદ્ધ પણ થયેલું એમ ઝવેરચંદ મેઘાણીએ નોંધ્યું છે. બકરીનો રાસડો શ્રી બાબુ રાણપુરા પાસેથી પ્રાપ્ત થાય છે. 'બૃહત્સંહિતા' અને 'શુકનવિજ્ઞાન' નો સંદર્ભ લઈને લેખકે બકરાંના શુભાશુભ લક્ષણોનો આપણને સુપેરે પરિચય કરાવ્યો છે. લોકકથા, કહેવતો, ઉખાણાં, દુહાઓમાં બકરાંનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે.

## પ્રાચીન યુગમાં જાહોજલાલી ભોગવતું ગધેડું

ગધેડાનો સંબંધ લોકજીવન સાથે પ્રાચીન કાળથી જોડાયેલો જોવા મળે છે. આજે ગધેડાને અક્કલ વગરનું પ્રાણી ગણવામાં આવે છે, પરંતુ વેદકાળમાં આ ગધેડાના ખૂબ માનપાન હતા. તેમને ખૂબ જ હોંશથી પાળવામાં આવતા. આ ગધેડાંઓને ચક્રીવંત, બાલેય, રાસભ, ગર્દભ, ખર, ગધા, શંકકર્ણ, ભારગ, બૈશાખનંદન, ખુરપ, લંબકર્ણ, ખોતા વગેરે વિધવિધ નામે ઓળખવામાં આવે છે. "'માર્કણ્ડેયપુરાણ' ના ૪૮ માં અધ્યાયમાં ગધેડાંની ઉત્પત્તિ બ્રહ્માજીના પગમાંથી થઈ હોવાનું બતાવ્યું છે."[૧૮] રામાયણ, મહાભારતથી માંડીને મોગલ સમય સુધી ગધેડાંઓએ પોતાનું મહત્ત્વ ટકાવી રાખ્યું હતું.

ગધેડું આજે બિચારું, બાપડું અને અક્કલ વગરનું પ્રાણી ગણાય છે, પરંતુ અથર્વવેદ અનુસાર એ સમયે બ્રાહ્મણો ગધેડાને પ્રેમથી પાળતાં તેમજ ઉચ્ચ કોટીના આચાર્યો પોતાના નામ ગધેડાં પરથી રાખતા. જેમકે 'ગર્દભીમુખ' વગેરે. આ ઉપરાંત રાજકુટુંબોમાં પણ ગધેડાં પરથી નામો પાડવામાં આવતા. જેમકે રાવણના પિતરાઈ ભાઈનું નામ 'ખર' હતું, 'ગર્દભિ' વિશ્વામિત્રના પુત્રનું નામ હતું. સાસાનિયનના રાજા બહરામ પાંચમાંએ ગધેડાંનો શિકાર કરતાં પોતાના સિક્કા ચલણમાં મુક્યાં હતા.

ગુજરાતમાં બે પ્રકારના ગધેડાં જોવા મળે છે, એક પાલતું અને બીજા જંગલી. ગામડામાં કુંભાર, રાવળ અને માલધારીઓ ગધેડાં પાળે છે. જંગલી ગધેડો કચ્છના રણમાં જોવા મળે છે. લોકો તેને 'ઘુડખર' તરીકે ઓળખે છે. સામાન્ય રીતે મેળાઓ તો માનવીના હોય, પણ વૌઠામાં ગધેડાંઓ માટેનો મેળો ભરાય છે. ગાયની જેમ ગધેડીના દૂધને અનેક રોગોને હરનારું ગણાયું છે. આ ઉપરાંત તેના મૂત્ર અને લાદમાં ઔષધિય ગુણો હોવાથી દેશી વૈદકમાં તેનો ઉપયોગ થાય છે. 'શુકનવિજ્ઞાન' અનુસાર ગધેડાંના શુકન-અપશુકન પણ આ પ્રકરણમાં વર્ણવવામાં આવ્યાં છે. દુહા, કહેવતો અને શ્લોકમાં ગધેડાંનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. ગધેડાંઓની જાહોજલાલીનો યુગ આજે તો આથમી ગયો છે.

## ઉપસંહાર

'લોકસંસ્કૃતિમાં પશુઓ' એ શ્રી જોરાવરસિંહ જાદવનો નવીન ગ્રંથ છે. પ્રસ્તુત વિષયનું વિવિધ દ્રષ્ટિએ થયેલું અધ્યયન-સંકલન-સંચયન તેમાં એકરૂપતા પામ્યું છે. મારી દ્રષ્ટિએ, એનાં આરંભનાં પાંચ પ્રકરણ એ વિષયની વિસ્તૃત પણ આવશ્યક પ્રસ્તાવનારૂપ છે. આ પાંચેય પ્રકરણોમાં પશુપાલન, પશુયુદ્ધો, પશુઓના સારસરંજામ અને તેના શણગારો તથા ધાર્મિક અને સાહિત્યિક પરંપરામાં પશુઓ વિશે વિસ્તૃત અને રસપ્રદ માહિતી આપી છે. એ પછીનાં અગિયાર પ્રકરણ જોરાવરસિંહના ગ્રંથનો મુખ્ય ભાગ છે. આ બધાં પ્રકરણોમાં શ્રી જાદવે જે તે પ્રાણી પરત્વે ઇતિહાસ, લોકજીવન અને સંસ્કૃતિની દ્રષ્ટિએ લગભગ અશેષ ગણાય એવું નિરૂપણ સાચી લગન અને ઊંડા રસથી કર્યું છે. સમુચિત અને ઉદાહરણાત્મક રેખાંકનો વગર આ ગ્રંથનું કથયિતવ્ય ઊણું રહેત. ત્રીસ ચિત્રકાર અને દસ તસવીરકારોએ પોતાના ચિત્રો અને તસવીરો આપીને આ ગ્રંથની શોભામાં અભિવૃદ્ધિ કરી છે.

"આ પશુઓમાંથી હાથી, અશ્વ અને ઊંટ તો હવે જવા બેઠાં છે. સંભવ છે કે બળના પ્રતીક સમા આપણા રૂપાળા ગોધલા પણ જતે દહાડે જોવા ન મળે. જો વિજ્ઞાન દૂધની અવેજીમાં બીજું કોઈ પોષણ શોધી કાઢશે તો ગાય પણ ગઈકાલની વાત બની જશે. યંત્રયુગ પશુજીવનને નિર્થક બનાવીને 'પ્રાણી સંગ્રહાલય' નું ભાજન બનાવી રહેલ છે ત્યારે માનવજીવન સાથે પશુઓના સંબંધમાં આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી સાબિત થશે."[૧૯]

## ૫. ૩ ગુજરાતના લોકઉત્સવો

### પ્રસ્તાવના

જોરાવરસિંહે લોકવિદ્યાકીય સાહિત્ય, સંગીત, નૃત્ય, મનોરંજક કલાઓ, કૃષિ અને પશુપાલન, વસ્ત્રાભૂષણ, લોકભરત, કલાકસબ, અસ્ત્રશસ્ત્ર વગેરે અનેક વિષયો પર પ્રકાશ પાડતા સચિત્ર માહિતીસભર, સંલગ્ન ચર્ચા સાથેના દસ્તાવેજો આપ્યાં છે. આ બધામાં જે એક પાસું અધુરું રહી ગયેલું હતું એ લોક-પરંપરા સાથે સંકળાયેલી સામુહિક જીવનની ક્રિડાઓ અને ઉત્સવોનું. આ પાસાનો અભ્યાસસભર ગ્રંથ એટલે 'ગુજરાતના લોકઉત્સવો'. આ પુસ્તક ઈ. સ. ૨૦૧૦ માં પ્રકાશિત કરવામાં આવ્યું.

લોકસંસ્કૃતિના લગભગ બધા જ અંગો લોકવિદ્યાનું જ પ્રગટ સ્વરૂપ છે. કોઈપણ પ્રદેશની જાતિ, પરંપરા, રૂઢિ, ગાન, વસ્ત્રાભૂષણ અને બીજી માન્યતાઓ એના મેળા અને ઉત્સવોમાં ધબકતી જોવા મળે છે. જો કોઈ બિન ગુજરાતી કે બહુ મર્યાદિત સમયમાં જ ગુજરાતની લોક પરંપરાથી, સંસ્કૃતિથી જેને પરિચિત થવું હોય તો તેને પ્રસ્તુત ગ્રંથમાંથી પસાર થવું પડે. આ ઉત્સવો વિશે 'ગુજરાત સમાચાર', 'સમકાલીન', 'ફૂલછાબ', 'અખંડઆનંદ', 'જનસત્તા', 'ગુજરાત દીપોત્સવી અંક', 'નૂતન ગુજરાત' માં સમયાન્તરે પ્રગટ થયેલા જોરાવરસિંહના ઉત્સવો વિશેના ૨૮ લેખોને આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.

### વર્ષા – વરુણ અને સાગર સંબંધિત ઉત્સવો

પ્રસ્તુત ગ્રંથમાં લેખકે ગુજરાતમાં ઉજવાતા પ્રાદેશિક લોકોત્સવો અને ઉજાણીઓ વિષયક માહિતી આપતા લેખો આપ્યા છે. જેમાં વર્ષાઋતુના ઉત્સવો, વરુણ પૂજા અને વરુણ સંબંધિત ઉત્સવો, સાગર પૂજા અને સાગર સંબંધિત ઉત્સવોનો સમાવેશ થાય છે.

વરુણ એ જળનો દેવતા ગણાય છે. વરુણના અનેક અર્થો પ્રાચીન ગ્રંથોમાંથી સાંપડે છે. વરુણ એટલે અથર્વવેદનો એક ઋષિ, રાત્રિનો અભિમાની દેવ, પાણી-જળ, દરિયો, પાશ જેવું આયુધ, સૂર્યના ૧૦૮ નામ પૈકીનું એક નામ, બધાને ઢાંકી દેનાર વગેરે

વરુણના અનેક અર્થો પ્રાચીન સાહિત્યગ્રંથોનો સંદર્ભ લઈને આપેલા છે. જે તેમની સંશોધનવૃત્તિનો પરિપાક છે.

વરસાદ માટે વરુણ દેવને પ્રાર્થના કરવાની પાંચેક હજાર વર્ષ પુરાણી પરંપરાનો ઉલ્લેખ આપીને લેખક શરૂઆત કરે છે. સાથે સાથે ઋગ્વેદના સંદર્ભો આપીને વરૂણ દેવની સત્તા અને પૂજા વિષયક માહિતી પૂરી પાડી છે. 'ભાગ્યદાતા લોકમિત્ર વરુણ' એવો ઉલ્લેખ ઋગ્વેદના ચોથા મંડળના ૫૬ માં શ્લોકમાં આપેલ છે. નાળિયેરી પૂનમના તહેવાર પાછળની માન્યતા વિષયક માહિતી આપેલ છે. સાગર રસ્તે વેપાર કરતા ખારવા, ખલાસી, વહાણિયા વેપારીઓ નાળિયેરી પૂનમના દિવસે જળમાં નાળિયેર અર્પણ કરીને વેપારની શરૂઆત કરે છે. સાગર પૂજનની લોકપરંપરાને પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના સંદર્ભે પણ લેખક આપણને માહિતગાર કરે છે. વળી મત્સ્યપુરાણનો સંદર્ભ આપીને વરૂણનું સ્વરૂપ અને એ સ્વરૂપની કલ્પના પણ અત્રે સુંદર રીતે કરી છે.

શ્રીમદ્ ભાગવતના અભ્યાસ દ્વારા લેખક વધુ એક સંદર્ભ આપે છે.

"વરુણ પ્રચેતા પાશ પતિ, અપપતિજ અચર ઈશ.
પાદ સંપાતિ તુજપતિ, ઘસત ચરણ નિજ શીશ."[૨૦]

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલનો મત ટાંકીને પ્રાચીન ભારતના જળ ઉત્સવો વિષયક માહિતી પૂરી પાડવામાં પણ લેખક સફળ રહ્યાં છે. કેરલવાસીઓના ઓણમ ઉત્સવમાં પણ જળવિહાર અને નૌકાદોડ એક આગવો તહેવાર બની રહે છે. ગુજરાતમાં ઉજવાતા મેઘ (વર્ષા)ના લોકઉત્સવોની સાંસ્કૃતિક પરંપરાઓ વિશે પણ અહીં વિગતે પરિચય મળે છે. જુદા જુદા પ્રદેશોમાં અલગ અલગ રૂઢિ અને પરંપરાઓથી આ ઉત્સવો ઉજવાતા આવ્યા છે. તેની પાછળ દરેક ક્ષેત્રની આગવી ઉજવણી હોય છે. કચ્છના હમીરસર તળાવના છલકાવા સાથે કચ્છી પ્રજા લાગણીભીની બનીને 'મેઘલાડુ' બનાવે છે અને ગાય છે,

'મી આયો, માઘો આયો
ધરતી તોજો, લાડો આયો

ધાન પાણી લેતો આયો'આમ દરેક પ્રજાની લોકસંસ્કૃતિનું આછેરું વર્ણન આપણને આ લેખોમાંથી મળે છે.

### વસંતમાં ઉજવાતા ઉત્સવો

વસંતઋતુ ઉત્સવોની ઋતુ છે. વસંતનું આગમન થતાં જ પૃથ્વી પરની દરેક વસ્તુ પ્રકાશિત થઈ ઉઠે છે. વસંત પંચમીને લોકો કામદેવના જન્મદિન તરીકે પણ જાણે છે. આપણા દેશમાં હજારો વર્ષ પહેલાં પણ કામ વિષયક જ્ઞાન હતું જ. આ વસંત ઉત્સવનો સૌ પ્રથમ ઉલ્લેખ વાત્સાયનના કામસૂત્રમાંથી મળે છે. આ કામદેવને વિવિધ શાસ્ત્રોમાં લક્ષ્મીનો પુત્ર, બ્રહ્માનો માનસ-પુત્ર તથા વિષ્ણુનો પુત્ર કહ્યો છે. ભગવદ્ગોમંડલમાં કામદેવના મદન, અનંગ, રતિપતિ, દર્પક, મકરકેતુ, શ્રીનંદન, પુષ્પશર વગેરે નામો આપેલા છે. પ્રાચીન કાળથી આપણે ત્યાં મહા સુદ પાંચમને વસંત-ઉત્સવ તરીકે ઉજવીએ છીએ. વાત્સાયન મદનઉત્સવને 'ઘટાનિબંધ' કહે છે. આ ઉત્સવના સંદર્ભે લેખકે કાલિદાસના ઋતુસંહારનો પણ સંદર્ભ આપેલો છે. રાજસ્થાનમાં આ દિવસે ગૌરીપૂજાનો ઉત્સવ ઉજવાય છે, પંજાબમાં વીર હકીકતરાયના બલિદાન દિનના રૂપમાં આ ઉત્સવ ઉજવાય છે. આમ સમગ્ર ભારતમાં આ વસંતોત્સવ જુદી જુદી રીતે ઉજવવામાં આવે છે. આપણા સાહિત્યોમાં પણ આ દિવસે વસંત, કામદેવ, રતિપૂજાનું મહત્ત્વ બતાવ્યું છે. આદિવાસીઓના લોકજીવનમાં આ ઉત્સવ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવે છે. આ દિવસે આદિવાસીઓ, ભીલો ગીતો ગાઈને નાચે છે. આ નૃત્ય ગીતો 'રોળા', 'આલેણિયા' કે 'લોલ' ના નામે જાણિતા છે.

વસંત પંચમીથી આરંભાતા વસંતોત્સવની પૂર્ણાહુતિ ફાગણ વદ પાંચમ-રંગપંચમીના દિવસે થાય છે. સંસ્કૃત સાહિત્યોમાં 'વસંતોત્સવ' કે 'કામ-ઉત્સવ' ના જે ઉલ્લેખો મળે છે તેનું સ્વરૂપ હોળી સાથે નજીકનું સામ્ય ધરાવે છે. " 'વ્રતરાજ' અનુસાર દુષ્ટોનો વિનાશ કરવા તથા સર્વ રોગોની શાંતિ અર્થે બ્રાહ્મણો જે હવન કરતા તેનું નામ જ હોળી."[૨૧] પ્રાચીન કાળથી આર્યો દ્વારા હોળીનો ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવને જુદા જુદા પ્રદેશોમાં હોલા, હોલાકા, કામદહન, હોલિકાના નામે પણ ઓળખવામાં આવે છે. વર્ષના ચાર મુખ્ય તહેવારોમાં હોળીનો સમાવેશ થયેલો છે અને તે શુદ્રોનો તહેવાર ગણાય છે. મોગલ બાદશાહો પણ આ ઉત્સવથી અલિપ્ત રહી શક્યા નથી. 'મુલ્ક – એ - જહાંગીર', 'તુજુક – એ - જહાંગીર' જેવા પુસ્તકોમાંથી મોગલ બાદશાહો દ્વારા ઉજવવામાં આવતી હોળીના વર્ણનો મળે છે. આ રીતે

હોળીનો ઉત્સવ નાત, જાત, ધર્મ, પ્રાદેશિક સિમાડાથી પર રહીને સમગ્ર ભારતમાં પરાપૂર્વથી ઉજવાતો રહ્યો છે. આ દિવસે જુદી જુદી લોકજાતિઓમાં મર્દાનગીનું પ્રદર્શન કરતી રમતો પણ રમાય છે.

### પ્રાદેશિક લોકિયા ઉત્સવો

પોરબંદરથી ૩૬ માઈલ દૂર માધવપુર નામનું એક ઐતિહાસિક નગર આવેલું છે. ચૈત્ર સુદ નોમથી લઈને તેરસ સુધી માધવપુર ઘેડનો મેળો યોજાય છે. આ મેળામાં શ્રીકૃષ્ણના રુક્મણી સાથેના લગ્નની વાર્ષિક ઉજવણી જ ઉત્સાહભેર ઉજવાય છે. આ મેળાની આગેવાની કડછા અટકવાળા મેર ભાઈઓની હોય છે. ઝવેરચંદ મેઘાણીએ સાચું જ કહ્યું છે કે 'માધવપુરનો મેળો એટલે અસલ સોરઠી મેળો.' આ મેળા સિવાય મહેસાણા જિલ્લાના વાલમ ગામમાં ચૈત્ર વદ નોમ અને દસમની રાતે 'હાથિયા ઠાઠુ' નો મેળો ભરાય છે. આ મેળો બળદ-દોડની હરિફાઈનો છે. આ મેળા સાથે ધાર્મિક માન્યતા પણ સંકળાયેલી છે તથા દરેક જ્ઞાતિને આ મેળો સ્પર્શે છે.

ગુજરાતના ખેડૂતો વૈશાખ સુદ ત્રીજના દિવસે અખાત્રીજના ઉત્સવની ઉજવણી કરે છે. ધરતી ખેડવા માટેનો આ પ્રથમ દિવસ હોવાથી ખેડૂતો આ દિવસે ધરતીમાતાનું પૂજન કરે છે. અખાત્રીજના દિવસે ગુજરાત, મારવાડમાં જોગ (વર્તારા) જોવામાં આવે છે. ઉત્તર ગુજરાતમાં અષાઢ મહિનાના પ્રથમ વરસાદ પછી ખેડૂતો હળોતરાનો ઉત્સવ ઉજવે છે. લોકો તેને હળજોત્રા, અળોતરા જેવા વિવિધ નામોથી પણ આ તહેવારને ઓળખે છે. આ ઉત્સવ સાથે

'આંધી, કાળી કાઠીનો મેહ વરસ્યો' તથા

'પરભુજી વનમાં ચારતા ધેનુ' જેવા લોકગીતો સંકળાયેલા છે. આ જ વિસ્તારમાં ભાદરવા સુદ આઠમ, નોમ અને દસમના દિવસે ભાદરવાની ઉજાણીનો વિશિષ્ટ ઉત્સવ ઉજવાય છે. ગામના પાદરદેવો પ્રત્યેની કૃતજ્ઞતા અને ભક્તિને આદર કરવા માટે સમગ્ર ગ્રામજનો આ ઉત્સવમાં હોંશભેર ભાગ લે છે. આ દિવસે પાદરદેવને દીવાબત્તી, ઝાંપાતોરણ, ધારાવાડીની પ્રથા કરવામાં આવતી તે આજે પણ જોવા મળે છે. વૈશાખ સુદ બીજથી ચોથ સુધી બહુચરાજી પાસેના રૂદાતલા ગામમાં ગણપતિનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. આજુબાજુના ગામોના અસંખ્ય

લોકો આ લોકોત્સવમાં ભાગ લેવા માટે ઉમટી પડે છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આસો સુદ નોમના દિવસે વરદાયિની કે વડેચીમાંનો પલ્લીનો ઉત્સવ ઉજવવામાં આવે છે. દરેક વર્ણના લોકો શ્રદ્ધાપૂર્વક આ ઉત્સવમાં ભાગ લે છે અને આ દિવસે રૂપાલ ગામમાં મેળો પણ ભરાય છે. આ પરંપરા મહાભારત જેટલી પ્રાચીન હોવાનું લોકો માને છે.

### શક્તિની ભક્તિના ઉત્સવો

ગુજરાતમાં શક્તિપૂજા ક્યારથી આવી એ અંગે વિદ્વાનોમાં જુદા જુદા મતો પ્રવર્તે છે. એક મત મુજબ શક લોકો શક્તિપૂજક હતા અને તે પોતાની સાથે ગુજરાતમાં શક્તિપૂજા લાવ્યા, પણ ગુજરાતમાં તો પ્રાચીનકાળથી શક્તિપૂજા ચાલી આવે છે. આસો સુદ એકમથી નોમ સુધી નવરાત્રીનો ઉત્સવ ઉજવાય છે. સમગ્ર ગુજરાતમાં આ નવ દિવસો દરમિયાન શક્તિની સ્થાપના કરી તેની પૂજા-આરાધના કરવામાં આવે છે અને રાત્રે રાસ-ગરબાની રમઝટ બોલે છે. આમ નવ નવ દિવસ સુધી ગુજરાતનું લોકજીવન શક્તિની ભક્તિમાં ખોવાઈ જાય છે. આ નવ દિવસ પુરા થાય કે તરત જ સમગ્ર ભારત દેશમાં આસો સુદ દસમના દિવસે વિજયાદશમીનો ઉત્સવ ઉજવાય છે. દશેરાના દિવસે રામે રાવણનો વધ કર્યો હતો ત્યારથી આ ઉત્સવ આપણે ત્યાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. દશેરા એ ક્ષત્રિયોનો મુખ્ય તહેવાર ગણાય છે. આ દિવસે તેઓ શસ્ત્રોની અને ખીજડાના વૃક્ષની પૂજા કરે છે. ગુજરાતમાં તો આ દિવસે ઘોડા દોડાવવાનો રિવાજ પણ પ્રખ્યાત છે. ઉત્તર પ્રદેશમાં લોકો રાવણનું મોટું પૂતળુ બનાવી બાળે છે, કેરળમાં સરસ્વતી પૂજા કરે છે, રાજસ્થાનમાં આ દિવસે શસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. આ રીતે સમગ્ર ભારતમાં દશેરાના ઉત્સવની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવે છે.

દશેરા બાદ આસો સુદ પૂનમના દિવસે શરદોત્સવ ઉજવાય છે. તે દિવસે રાતે દૂધ પૌંઆ ખાવાનો રિવાજ પ્રચલિત છે. આ ઉત્સવની સાથે ગોપૂજા અને ગોક્રીડનવિધિ પણ સંકળાયેલ  છે. પ્રાચીન સમયમાં આ દિવસે ઈન્દ્રને ખીર અર્પણ કરવામાં આવતી. ગામડાની સ્ત્રીઓ શરદપૂનમની રાતે રાસ-ગરબાની રમઝટ બોલાવે છે. આ ઉપરાંત ધનતેરસથી આરંભાતુ દિવાળીનું પર્વ લોકો પાંચ દિવસ સુધી ઉજવે છે. દિવાળીને સંસ્કૃતમાં 'દીપાવલી', પ્રાકૃત ભાષામાં 'દીવાલિઆ' કહે છે. કામસૂત્રમાં તેને 'યક્ષરાત્રી' કહી છે. દિવાળી એ આખા વર્ષનો છેલ્લો દિવસ

ગણાય છે. રાજા વિક્રમાદિત્યના શાસનકાળથી આ ઉત્સવ આપણે ત્યાં ઉજવાતો આવ્યો છે. દિપોત્સવીનો તહેવાર મહાલક્ષ્મી, સરસ્વતી અને શક્તિ એ ત્રણેય મહાશક્તિઓનું પર્વ છે. જૂના કાળે ગુજરાતમાં ગામની ભાગોળે ઝાંપા આગળ 'માર્ગપાલી' બાંધવાનો રિવાજ હતો તે આજે પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે. આ દિવસે ઘરે ઘરે દીવડા પ્રગટાવવામાં આવે છે અને હોમહવન કરવામાં આવે છે. આવા ઉત્સવોની પાછળ આપણા ઋષિમુનિઓની આરોગ્ય વિષયક દીર્ઘદ્રષ્ટિ અહીં જોવા મળે છે.

### જાતિગત ઉત્સવો

દિવાસો એ ગુજરાતના આદિવાસી દૂબળાઓનો માનીતો તહેવાર છે. સુરત જિલ્લાના દૂબળા આદિવાસીઓ આ દિવસે ઢીંગલાઢીંગલીના લગ્નનો ઉત્સવ ઉજવે છે. આ ઉત્સવમાં માત્ર કુંવારી કન્યાઓ જ ભાગ લે છે. આ ઢીંગલાઢીંગલીના ઉલ્લેખો 'કાદંબરી' અને 'કથાસરિત્સાગર' માં પણ જોવા મળે છે. આ ઉત્સવ પાછળ લોકજીવનની ભાવનાઓ વણાયેલી છે. આ લોકરમત દ્વારા કન્યાઓ કલાકારીગીરી શીખે છે તથા લગ્નની રીતરસમ અને સાસરે જવાનું જ્ઞાન પણ મેળવે છે. આવા ઉત્સવો કન્યા-કેળવણી માટેની તાલીમશાળા બની રહે છે.

સુરેન્દ્રનગર જિલ્લાના લીલાપુર ગામમાં નવરાત્રી દરમિયાન નવે નવ દિવસ માં જગદંબાનો ઉત્સવ ઉજવાય છે. આ ઉત્સવમાં લીલાપુરના લોકો શ્રદ્ધા અને ભક્તિભાવથી ભવાઈ રમે છે. સૌરાષ્ટ્રમાં ધંધાદારી ભવાઈ રમનારા કલાકારો ઘણાં છે પણ લીલાપુરના લોકઉત્સવમાં થતી ભવાઈ બિનધંધાદારી છે. આજથી સોએક વર્ષ પહેલા લીલાપુરના બ્રાહ્મણોએ આ ઉત્સવની શરૂઆત કરેલી, પરંતુ આજે માત્ર બ્રાહ્મણો જ નહી દરેક જ્ઞાતિના લોકો શ્રદ્ધા અને ઉમંગથી આ ઉત્સવમાં ભાગ લે છે.

### ગોર્યોત્સવ અને રક્ષાબંધન

અષાઢ સુદ અગિયારસથી પૂનમ સુધી કુંવારી કન્યાઓ સારો વર મેળવવા માટે ગોર્યમાનું વ્રત કરે છે. ભગવાન શંકરના પત્ની ગૌરીને લોકબોલીમાં લોકો ગોર્યમા કહે છે.

આ વ્રત દરીમયાન પાંચ દિવસ સુધી કન્યાઓ મીઠા વગરનું એકટાણું કરે અને પૂનમની રાત્રે જાગરણ કરે છે. જાગરણ દરમિયાન કન્યાઓ

"નવા નગરથી વાંદરો રે આવ્યો,

કઈ બહેનનું ઘર પૂછતો રે આવ્યો,

રમાબહેનનું ઘર પૂછતો રે આવ્યો."[૨૨]

જેવા રમતગીતો ગાય, નૃત્યપ્રધાન રમતો રમે તથા વિનોદગીતો ગાઈને બહેનપણીઓની ગમ્મતો કરે છે.

શ્રાવણ સુદ પૂનમના દિવસે ગંગાના નીર જેવા પવિત્ર ભાઈ-બહેનના અજોડ પ્રેમના પ્રતીક સમો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. લોકજીવનમાં આ પર્વ બળેવ, નાળિયેરી પૂનમ કે વીરપસલીના પર્વ તરીકે પ્રખ્યાત છે. આ દિવસે બ્રાહ્મણો પોતાની જનોઈ બદલે છે. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના ભાઈને જમણા હાથમાં રાખડી (સુતરનો દોરો) બાંધી તેનું ક્ષેમકલ્યાણ ઈચ્છે છે, તેના દીર્ઘાયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરે છે. અને રક્ષા બંધાવનાર ભાઈ પણ બહેનનું રક્ષણ કરવાની નૈતિક જવાબદારી લે છે. આમ આ પર્વનું મહત્ત્વ પુરાણ અને મહાભારત કાળથી લોકજીવનમાં જાણીતું રહ્યું છે.

### ઉપસંહાર

આપણા જીવનમાં ઉત્સવો એ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આપણા કેટલાક ઉત્સવો વેદકાલીન છે, કેટલાક પૌરાણિક છે તો કેટલાક શુદ્ધ જાનપદી લોકોત્સવ પણ છે. આપણા પૂર્વજોએ આ ઉત્સવોને ધર્મનો રંગ લગાડ્યો છે એટલે એમાં આપોઆપ સભ્યતા જળવાય છે. આ ઉત્સવો સતત નિરસ રહેતા જીવનક્રમને નાવિન્યરસથી ભરી દે છે. આપણા પ્રત્યેક તહેવારની એક વિશેષતા એ રહી છે કે તે લોકકલાકારોને પ્રોત્સાહન આપે છે. જેમકે દિવાળીના દિવસોમાં માટીના કોડિયા, ગણેશ, લક્ષ્મીજીની મૂર્તિઓ વેચાય છે. આજે આ ઉત્સવોમાં પહેલા જેવી પૂજાવિધિ અને આનંદ રહ્યો નથી. દિવસે દિવસે આ ઉત્સવો, પર્વોનું મહત્ત્વ ઘટતું જાય

છે ત્યારે જોરાવરસિંહે આવા ઉત્સવોને ગ્રંથાકાર રૂપે પ્રગટ કરવાનું કાર્ય કર્યું છે તે ખરેખર પ્રશંસનિય અને અદ્‌ભુત ગણી શકાય એવું છે.

### ૫. ૪ પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો

#### પ્રસ્તાવના

જોરાવરસિંહને રાજસ્થાનના પ્રવાસે જવાનું થયું. ત્યાં રાજપૂતોના પરાક્રમોની ગવાહી પૂરતાં અસંખ્ય શસ્ત્રોને ચિત્તોડના સંગ્રહસ્થાનમાં પોરો ખાતાં પડેલાં જોયા. આ ઉપરાંત ભૂજ, જૂનાગઢ, વડોદરા, રાજકોટ, જામનગરના સંગ્રહસ્થાનોમાં પડેલા અસંખ્ય શસ્ત્રાસ્ત્રો જોયા. એ હથિયારોને ગ્રામકારીગરોએ કળાકારીગીરીનો કસબ ઠાલવીને જે લાડ લડાવ્યા છે એ જોઈને લોકકળાનું પ્રેમી લેખકનું હૈયું હરખાઈ ગયું અને સંશોધનની એક નવી ક્ષિતિજ ખૂલી. ત્યારબાદ તેમણે પુરાણો અને પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેના પરિપાકરૂપે આપણને ઈ. સ. ૧૯૮૧ માં ‘પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો’ નામનો ગ્રંથ પ્રાપ્ત થયો. મૂખપૃષ્ઠ પરનું ચિત્ર ધણીને યુદ્ધમાં જવાની પ્રેરણા આપતી રાજસ્થાની રજપૂતાણીનું ચિત્ર આયુધોનું રક્ષણાત્મક અને આક્રમણાત્મક મહત્ત્વ અંકિત કરે છે. આ પુસ્તકને કુલ નવ વિભાગમાં પ્રસ્તુત કરેલ છે.

#### પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો

પોતાના રાજ્યનું નિર્માણ કરવા, ધર્મને બચાવવા, સંસ્કૃતિનું રક્ષણ કરવા અને ઈતિહાસની સમગ્ર યુગધારાને બદલી નાખવામાં પ્રાચીન સમયથી શસ્ત્રાસ્ત્રોનો ફાળો અમૂલ્ય રહ્યો છે. આવા શસ્ત્રો અને અસ્ત્રો માનવની સંસ્કૃતિ જેટલા જ પ્રાચીન છે. “પ્રાચીન ભારતીય શસ્ત્રોને બે વિભાગમાં વહેંચી શકાય. (૧) ઘા કરવા માટેના સંહારક શસ્ત્રો અને (૨) ઘા ખાળવા માટેના રક્ષણાત્મક શસ્ત્રો.”[23] રામાયણના બાલકાંડમાં જયા અને સુપ્રભાને શસ્ત્રોની જનની કહેવામાં આવી છે. ઉત્તર પાષાણયુગથી માંડીને વૈદક સમયના આયુધો તથા રામાયણ મહાભારત કાળના બ્રહ્માસ્ત્ર, પરમાસ્ત્ર, પિનાક, પૈતામહ અસ્ત્ર, રથમુશલ, પ્રક્ષેપાસ્ત્ર, પાશુપતાસ્ત્ર, પ્રસ્વાપ વગેરે શસ્ત્રાસ્ત્રોનું સચિત્ર વર્ણન કરેલ છે. આ ઉપરાંત વિષ્ણુપુરાણના સમયના ૫૦ શસ્ત્રો તથા

કૌટિલ્યકાલીન ભારતના ૩૨ પ્રકારના શસ્ત્રોનું વર્ણન પણ વિગતે કરેલ છે. ૩૬ પ્રકારના હથિયારોને ચારણ કવિઓએ છપ્પયમાં વણી લીધેલા છે. માનવીનું રક્ષણ અને આક્રમણ અંગેનું ચિંતનને સાકાર સ્વરૂપ આપેલ છે. આ આયુધો વાપરવામાં પશુઓ અને પ્રાણીઓનો ફાળો પણ નોંધનીય છે.

### તાતુકી તરવાર, ખડ્ગ અને કટારી

"વ્યાપારે ધન સાંપડે, ખેતી થકી અનાજ,

અભ્યાસે વિદ્યા મળે, ખાંડા બળથી રાજ."[૨૪]

પ્રાચીન કાળમાં યુદ્ધ માટેનું સૌથી વ્યાપક પ્રસિદ્ધિ પામેલ અને ઉપયોગી શસ્ત્ર એટલે તરવાર. તરવાર વેદકાળ જેટલી જ પ્રાચીન છે. વેદકાળમાં 'અસિ' અને 'કૃતિ' નામની તરવારો વપરાતી તેવા ઉલ્લેખો મળે છે. તથા મોંહે-જો-દડોનાં અવશેષોમાંથી પણ આયુધો મળી આવ્યા છે. પ્રાચીન સમયમાં આ તરવારો ત્રાંબા અને કાંસાની બનતી, પરંતુ લોખંડની શોધ થતાં લોખંડમાંથી બનવા લાગી. સંસ્કૃત સાહિત્યમાં તરવારના અસિ, ધર્મપાલ, ચંદ્રહાસ વગેરે જેવા સોળ નામો મળે છે. તેના ચાર રંગ અને આઠ અંગની તથા મનુષ્યની જેમ તરવારની પણ ચાર જાતિની જે માહિતી આપેલી છે તે અદ્ભુત છે. જુદા જુદા કારીગરો આ તરવારની શોભા વધારવા માટે દિલ્હીશાઈ, સિંધી, ગુજરાતી, શિરોહી, જોધપુરી કર્ણાટકી જેવી ચાલીસ પ્રકારની મૂઠો બનાવતા. તેનો સવિગતે પરિચય આ પુસ્તકમાંથી આપણને સાંપડે છે. આવી તરવારોનું રક્ષણ મ્યાન કરે છે. મ્યાનના પણ ઓગણીસ પ્રકારો છે. તરવાર બનાવવાની રીત, તરવાર નૃત્ય, યુદ્ધમાં વાપરવાની રીત વગેરે વિશે લેખકે તલસ્પર્શી માહિતી રજૂ કરેલ છે. ચિત્રાત્મક રજૂઆત અને માહિતીનો વ્યાપ ખરેખર દાદ માંગી લે છે.

સીધા પાનાવાળી તરવાર એટલે ખડ્ગ. અગ્નિપુરાણના બ્રહ્માના યજ્ઞનો પ્રસંગ લઈને લેખકે ખડ્ગની ઉત્પત્તિની કથા આપેલી છે. પચાસ આંગળનું ખડ્ગ સર્વશ્રેષ્ઠ ગણાય છે. અ પ્રકરણમાં તેના શુભાશુભ લક્ષણોની પણ વિગતે ચર્ચા કરવામાં આવી છે. હાથમાં ધારણ કરાતું, કેડે નહિ લટકાવી શકાતું શક્તિશાળી આયુધ ખાંડું તરવારનો જ એક પ્રકાર છે. તે દુર્ગા માતાનું અત્યંત પ્રિય શસ્ત્ર છે. આજે તો તેનો ઉપયોગ કરનાર શક્તિશાળી લોકો રહ્યા નથી તેથી

ખાંડું બિનઉપયોગી બની ગયું છે. ખાંડાંનું બીજુ સ્વરૂપ ઘોષના નામે ઓળખાય છે. તેની લંબાઈ ખાંડાં કરતાં વધારે હોય છે. આ ઉપરાંત કટારીની માહિતી અદ્‌ભુત છે. વેંતેક લાંબી, વાંકડી, બેધારવાળી જમૈયો એટલે કટારી. આવી કટારીઓ રાજસ્થાનની વખણાય છે. વીર અમરસિંહ, શેખાજી રાઠોડ અને વીર ચૌહાણની કટારીનીની શૌર્યગાથા પણ દુહાબદ્ધ રજુઆત પામી છે. તેની ખૂબીપૂર્વકની બિરદાવલીઓ અજોડ રીતે રજૂ કરી છે. જેમકે

'કંથા રણમેં જાયકે, મન ઢુંઢે દૂજો સાથ,

સાથી તારા ત્રણ છે, હૈયું, કટારી, હાથ'

એમ વિવિધ પ્રકારની કટારીની અદ્‌ભુત વાતો અહીં જોવા મળે છે.

### ધનુષ-બાણ

'ધનુર્વેદ સંહિતા' થી લઈને આદિવાસી તીરંદાજોના સમયની માહિતી આ વિભાગમાં અનેરી શબ્દગૂંથણીથી વર્ણવી છે. પ્રાચીન કાળમાં લગભગ બધા જ સભ્ય દેશોમાં આ વિદ્યાનો પ્રચાર પાણીના પૂરની ગતિએ થયો હતો. આ વિદ્યા પર શુક્રનીતિ, કામન્દકીય, નીતિસાર, ધનુર્વેદ વગેરે જેવા મોટા ગ્રંથો પણ લખાયા છે. વિદ્વાનોના અનુમાનોને આધારે ધનુર્વેદના જનક બ્રહ્મા, મહેશ કે વિશ્વામિત્રને ગણવામાં આવે છે. ધનુષ-વિદ્યાની શોધ ભારતમાં જ થઈ હોવાનું મનાય છે. તૈતરિય સંહિતા નામના ગ્રંથમાં ધનુષ બનાવનારને માટે 'ધન્વકૃત' શબ્દ વપરાતો. "વૈદિક સમયમાં શિવનું 'પિનાક' અને નારાયણનું 'સારંગ' નામનું ધનુષ ખૂબ જાણીતા હતા."[૨૫] આ ઉપરાંત લેખકે મહાભારતકાલીન, મૌર્યયુગ, આરબો, મોગલ અને મરાઠાકાળના ધનુષ વિશે માહિતી આપેલી છે, તથા બાણની અંદર જે પંદર જાતિઓ છે તેને પણ તેઓ ભૂલ્યા નથી. ધનુષની બનાવટ અને તેના શુભાશુભ લક્ષણોની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત શિલ્પ સ્થાપત્ય અને ઉખાણામાં પણ ધનુષને સ્થાન મળ્યું છે.

### ભમ્મરિયો ભાલો અને અણિયાળી સાંગ

ભાલો એ તો યુદ્ધનું અજોડ આયુધ છે. લાકડી ઉપર પોલાદ, લોઢું કે તાંબાનો અણીદાર ભાલો લગાડવામાં આવે છે. નાના ભાલાં સીંગને નામે ઓળખાતા. આવા

ભાલાંઓને કુંત, ભલ્લ, સલ્લ પણ કહેવાય છે. ભાલાં કુલ પાંચ ભાગ અને ત્રણ જાતિના હોય છે. ચારણ કવિઓ પાસેથી ભીમસિંહ તથા કેસરીસિંહના ભાલાંના વર્ણનો મળે છે, તેનો પણ આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. લેખકે ચિત્રાત્મક રજુઆતો દ્વારા ઘોડા કે ઊંટ પર સવારી કરી ભાલાથી લડતાં યોદ્ધાઓનું આબેહૂબ વર્ણન કરેલ છે. હિંમત, કળ, બળ અને નિશાનબાજીનું યુદ્ધ એટલે ભાલાંયુદ્ધ.

ભાલાં અને સાંગની સરખામણી દ્વારા, ચિત્રો દ્વારા સાંગની યથાર્થ સમજ આપી છે. ભાલાંની જેમ સાંગ પણ યુદ્ધમાં વપરાતું મહત્ત્વનું આયુધ છે. સાંગને પોલાદમાંથી બનાવવામાં આવે છે તથા તેની લંબાઈ સાતથી આઠ ફૂટ જેટલી હોય છે. ‘શારંગધર પદ્ધતિ’ ગ્રંથમાં સાંગની દસ ઉપજાતિઓની માહિતી આપવામાં આવી છે. રાણા પ્રતાપની સાંગ અને ‘હાલાજી તારા હાથ વખાણું કે પટી તારા પગડાં વખાણું.’ ની રુંવાડા ખડા કરી દેતી શૌર્યરસ ભરપૂર વાત પણ અત્રે રજુ કરવામાં આવી છે.

**તોપ તથા અન્ય શસ્ત્રાસ્ત્રો**

બોલચાલની ભાષામાં તોપોને તેની જાત પ્રમાણે હથનાલ, ગજનાલ, ધમાકા, નલી વગેરે નામોથી ઓળખવામાં આવે છે. આ તોપો માટે પિત્તળ, લોઢું અને સીસામિશ્રિત ગોળાઓ બનાવવામાં આવતા. અંતે લેખકે બહાદુરો માટે લખેલા શબ્દો ‘યુદ્ધમાં તોપો અને બંદુકો આવતાં શૂરવીરો બાપડા માથે હાથ મૂકીને રડી પડ્યા.’ કેટલી વેધકતા સૂચવે છે ? મહાયુદ્ધોમાં તોપોનો ભરપૂર ઉપયોગ થયેલાના ઘણા દાખલાઓ જોવા મળે છે. તોપના પ્રકાર, તોપચીઓની વાર્તા, વર્ણન, ઉખાણા આ બધી માહિતીને એક તોપયુગ તરીકે પ્રસિદ્ધ કરી શકાય. ‘વંશભાસ્કર’, ‘વિભાવિલાસ’ જેવા ગ્રંથોનો આધાર લઈને આ માહિતી આપવામાં આવી છે.

મહાભારત કાળના સુદર્શન ચક્ર, હળ-મુશળ અને અન્ય આયુધોની સચિત્ર માહિતી આ પુસ્તકમાંથી મળે છે. સુદર્શન ચક્રને દિવ્ય અસ્ત્ર ગણવામાં આવતું. તેનો સંબંધ શ્રીકૃષ્ણ સાથે જોડાયેલો છે છતા વેદોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. હિંદુઓ જેને ગદા કહે છે તેને

મુસલમાનો ગુરજ તરીકે ઓળખે છે. હળ અને મુશળ સાથે બળરામની કથા જોડાયેલી છે. તેની શોધ કેવી રીતે થઈ, તેની સાથે જોડાયેલ વાનરની કથા વગેરે માહિતી સુંદર રીતે આપી છે. 'અગ્નિપુરાણ' અનુસાર નાગપાશનો ઉપયોગ ન છૂટકે જ કરવામાં આવતો. તે 'પાશ' ને નામે પણ ઓળખાય છે. આવા હથિયાર વાપરતા પહેલા એની ખાસ તાલીમ લેવી પડે છે. શુક્રાચાર્ય રચિત 'શુક્નીતિસાર' માં બંદૂકના પ્રકાર, તેને વાપરવાની રીત તથા બંદૂકનો દારૂ બનાવવાની રીતો આપેલી છે. 'પૃથ્વીરાજ રાસો' માં પણ દારૂના ઉલ્લેખો મળે છે. આવા વિવિધ સંદર્ભો લઈને લેખકે જુદી જુદી પ્રકારની બંદૂકોની જે માહિતી આપી છે તે ખરેખર દાદ માંગી લે છે. આ ઉપરાંત ઈન્દ્રનું વજ, ભુખંડી, ત્રિશૂળ, કોદાળી, લાકડી, ગોફણ, બરછી જેવા હથિયારોનો પણ સચિત્ર અને વિસ્તૃત પરિચય આપેલો છે. આ ઉપરાંત સ્વરક્ષણ માટેના માટેના સાધનોમાં ઢાલ, બખ્તરની સચિત્ર રજુઆત દાદ માંગી લે છે. વાચકના મુખેથી વાહ વાહ શબ્દો સરી પડે છે.

**ઉપસંહાર**

'પ્રાચીન ભારતનાં શસ્ત્રાસ્ત્રો' પુસ્તક દ્વારા લેખકે માનવજીવનના એક અતિ મહત્ત્વના પાસાને ન્યાય આપવાનો યથાર્થ પ્રયત્ન કરેલ છે. આ પુસ્તકમાં શસ્ત્રાસ્ત્રોના સ્વરૂપ, પ્રકાર, ઉપયોગ આદિને લગતા અહીં આપેલા વર્ણન લુખી હકીકતોના પૂંજ રૂપે નહીં, પણ લોકકથા અને ઐતિહાસિક ઘટનાના સંદર્ભ સાથે આપેલાં છે. અમુક સ્થળે રીતરિવાજ, સામાજિક જીવનની પૃષ્ઠભૂમિ પણ નોંધી છે. આ પુસ્તકનું એક વિશેષ આકર્ષક અંગ તે પાને પાને મૂકેલાં વિવિધ રેખાંકનો-સવાસોથી પણ વધુ અને લોકકલા પર આધારિત હોવાથી નક્કર તથા રસપ્રદ છે. અંતમાં શ્રી જાદવનું આ ખેડાણ લોકાદર પામીને લોકોના હૈયામાં કોતરાઈ ગયું છે એવું મને લાગે છે.

## ૫. ૫ ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ

**પ્રસ્તાવના**

'ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ' એ કલાના સર્વોત્કૃષ્ટ શિખરે બિરાજતું અને કલાની યશકલગી સમું પુસ્તક શ્રી જોરાવરસિંહની અનોખી પ્રતિભાને ઉજાગર કરનારું બની રહ્યું છે. આ પુસ્તક ઈ. સ. ૧૯૯૨ માં ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રગટ થયેલું છે. આ ગ્રંથમાં લેખકે ગુજરાતની લોકસંસ્કૃતિ, વેશભૂષા, ઘરેણાં અને સૌંદર્યપ્રસાધનો, લોકોત્સવ, લોકવાદ્યો, લોકભરત, લોકચિત્રો જેવા ૧૧ પ્રકરણ અંતર્ગત વિશદ્ છણાવટ દ્વારા લોકકલા અને સંસ્કૃતિની 'ભાગીરથી' માં વાચકોને ડૂબાવી તરબોળ કર્યાં છે.

### ગુજરાતની લોકસંસ્કૃતિ

આપણી લોકસંસ્કૃતિ પ્રકૃતિપરાયણ હોઈ તેમાં નિર્દોષ આનંદપ્રિયતા, સત્યપરાયણતા અને નિસર્ગનો નિર્દોષ પ્રેમ સૂપેરે ખીલી અને મહોરી ઉઠે છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે, તેથી જ માનવજાત જેટલી જ જૂની તેની લોકસંસ્કૃતિ છે. લોકજીવનના પ્રાચીન અવશેષો હડપ્પા, લોથલ વગેરે અનેક સ્થળોએથી પ્રાપ્ત થયા છે. અસંખ્ય લોકજાતિઓ બહારથી અહીં આવી વસવાટ કરી સ્થિર થઈ છે. લોકજીવનના વિવિધ પાસાઓ જોઈએ તો રંગબેરંગી પોષાકો, વસ્ત્રાલંકારો ઉપરાંત લોકબોલીઓ, વિવિધ સંસ્કારો, ધાર્મિક માન્યતાઓ, રૂઢિઓ, ખાનપાન અને રીતરિવાજોની ભિન્નતા માલૂમ પડે છે. 'બાર ગાઉએ બોલી બદલે' અનુસાર સાંભળવી અને બોલવી ગમે તેવી ભાષાનો ઓપ અનેરો છે.

લોકજીવનનો મહામૂલો વારસો તેનો આતિથ્યવૈભવ, ઉજળો આવકારો, મધ ઝરતી મીઠી બોલી, પરોપકાર, ખાનદાની અને સૌંદર્યનો સંસ્કાર જ છે. રવિન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં કહીએ તો 'અનેકતાની વચ્ચે ઐક્ય અને વિવિધતામાં એકતા ઉજાગર કરે એ જ ખરો ગુજરાતી અને સાચો ભારતીય.'

## સૌંદર્યપ્રસાધનો અને લોકભરત

'જોબનિયું આજે આવ્યું ને કાલે જાશે, ઈ રે જોબનિયાને પાઘડીના આંટામાં રાખો,

એને ગૂંથેલ અંબોડે રાખો, એને ચૂડી ને ઝાંઝરમાં રાખો.'

જેવા લોકગીતનાં શબ્દો વેશભૂષા, ઘરેણાં અને અનેરા સૌંદર્યપ્રસાધનોની અનેરી યાદ અપાવે છે. ગુજરાતમાં વસવાટ કરતી અનેક જાતિઓમાં પુરૂષો અને સ્ત્રીઓના અલગ અલગ પહેરવેશ અને ઘરેણાં દ્રષ્ટિગોચર થાય છે. ગુજરાતના વિવિધ પંથકોમાં વિધવિધ ઘાટની પાઘડીઓ પ્રચલિત છે. 'તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું' લોકગીતે તો અનેકના હૈયા હિલોળે ચડાવ્યા છે. નોખનિરાળા ઘાટની પાઘડીઓ લોકવરણની ઓળખ સહજમાં આપી દે છે :

"વરણ વાણિયો વેપારી કે વસવાયાની જાતિ;

ચારણ, બ્રાહ્મણ, સાધુ જ્ઞાતિ પાઘડીએ પરખાતી."[૨૬]

ચોરણાં, કલાત્મક કેડિયા અને મોતીથી ભરેલા, ગૂંથેલા ફૂમકાવાળા પહેરવેશનો મોભો તો અનન્ય છે. લોકનારીઓનાં પહેરવેશનું તો પૂછવું જ શું ? આયરાણીઓ, ભરવાડણો, કચ્છી જતાણીઓ અને ચારણ સ્ત્રીઓનાં પહેરવેશ તો ભાતીગળ અને મન લલચાવનારાં છે. વરરાજા અને કન્યાનાં પોષાકો તો વૈવિધ્યસભર જોવા મળે છે. જુદી જુદી જાતિ અને જ્ઞાતિ અનુસાર વરકન્યાનાં પહેરવેશો લોકસંસ્કૃતિને ઉજાગર કરે છે. આ ઉપરાંત બાળકો માટેના રંગબેરંગી પોષાકો નિર્દોષ બાળકનું દ્રશ્ય તાજું કરાવી ભાવવિભોર બનાવે છે.

ઘરેણાંની ભાતીગળ સૃષ્ટિ અનોખી છે. પુરૂષોના, સ્ત્રીઓના, તેમાં પણ રબારણો અને આદિવાસી નારીઓના ઘરેણાં ભાતીગળ છાપુ ઉપસાવે છે. છૂંદણા, મેંદી, કેશગૂંફન, આંખ અને દાંતને રંગવાનું સૌંદર્ય અનોખી આભા ઉપસાવે છે. વ્યક્તિત્ત્વને ઉપસાવતાં અનેક પાસાઓમાં ખાસ કરીને વ્યક્તિનો પહેરવેશ, તેનાં આભૂષણો અને તેના સૌંદર્યપ્રસાધનો તેની આગવી છાપ ઉપસાવે છે.

લોકજીવનમાં અત્યંત લોકપ્રિય બનેલી 'લોકભરત' ની પ્રાચીન પરંપરા સાડા ચાર હજાર વર્ષ પુરાણી હડપ્પીય સંસ્કૃતિથી શરૂ થયેલ માલૂમ પડે છે. સૌરાષ્ટ્રમાં આવી સ્થિર થયેલી આર્યેતર જાતિઓ પોતાની સાથે આ કલા લાવી હતી એમ મનાય છે. રૂપાળા રંગોથી ઓપતું કમનીય ભરત એ મનોહર કલા છે. લોકભરતમાં કાઠીભરત, મોચીભરત, ભરવાડી અને ગોહિલવાડી ભરત, ગરાસિયાનું અને જતભરત વગેરે શ્રેણીઓ જાણીતી છે. ક્યારેક જૂના ભરતમાં સોના, રૂપા કે તાંબાના તાર વપરાયેલા જોવા મળે છે. તેમાં ખાપુ, સોનાળીયા, સતારા પણ વપરાય છે. કચ્છ પ્રદેશની અનેક જાતિઓમાંની એક જાતિ મોચીએ આરીભરતની મનોહર કળા વિકસાવી છે. આ કલા વિશ્વભરમાં પંકાયેલી છે. તેનો ઉપયોગ ચણિયા, કબજા, સાડીની કિનાર, ચાકળા, ચંદરવા અને તોરણમાં વધુ થાય છે. આ ઉપરાંત કચ્છનું બન્નીભરત શિરમોર સાબિત થયું છે. સૌરાષ્ટ્રનું આભલાભરત, કાઠી અને મોચીભરત, મહાજનિયાભરત અને કટાવકામ તેમ જ હીર અને ઊનનું ભરત વધુ પ્રસિદ્ધ થયેલું છે. નાકા અને કેન્વાસભરત આકર્ષક સાબિત થયું છે. વિવિધ જાતિઓનું વિશિષ્ટ લોકભરત ઉડીને આંખે વળગે તેવું હોય છે. નારીના પહેરવેશનું ભરત અનોખું અને મનોહર હોય છે.

લોકકલાના અમૂલ્ય વારસા સમા 'મોતીભરત' નો સાચો વિકાસ ૧૯ મી સદીના મધ્યભાગ પછી થયેલો છે. મોતીપરોવણાના શણગાર વિશેષ કાઠી કોમની સ્ત્રીઓ કરતી માલૂમ પડે છે. પરદેશી કલારસિકો કાઠિયાવાડ અને સૌરાષ્ટ્રનું મોતીકામ જોઈ ઝૂમી ઉઠે છે. આંખ ઠારે તેવાં મોતીકામના ભાતીગળ નમૂના કાઠી કોમનાં ખોરડે જોવા મળે છે. કાઠીઓમાં મોતી પરોવણાનો સંસ્કાર દીકરીના જન્મથી જ શરૂ કરી દેવાય છે. માતા દીકરીના કરિયાવર માટે મોતીની દોરીઓ, ઝમરખ દીવડો, બાજોટ, મંગળ કળશ વગેરેનો સમાવેશ થાય છે. 'વીજળીના ચમકારે મોતીડા પરોવો પાનબાઈ' ભજનના અમૂલખ શબ્દોમાં અમૂલખ મોતીની મનોહર સૂઝ નથી દેખાતી શું ? પરંતુ એ મોતી સાચા મોતી નીવડે તો જ જીવન સાફલ્યની કલા સાંપડે.

## લોકસંગીત, લોકવાદ્યો અને લોકનૃત્યો

હૃદયનાં સુષુપ્ત અને જાગૃત મનોભાવોને ભાવુક વાચા આપનાર વાણી તે જ સંગીત. માનવ હૈયામાં ઉભરાતાં આનંદ, ઉલ્લાસ કે શોકને સંવાદી સ્વરોમાં ઢાળે તે જ સંગીત.

લોકસંગીત આનંદની અવર્ણનીય અનુભૂતિ કરાવનાર સત્વ છે, જેમાં રાગ નહીં પણ રાહ હોય છે. લોકજીવનના ઘડતરમાં, ઢાળમાં અને હિલોળમાં લોકસંગીત એ સહિયારી મિલકત છે. તેનો ઢાળ માધુર્યસભર હોવાથી તે મૂક્તકંઠે ગવાતા રહે છે અને રહેશે. લોકસંસ્કૃતિની દ્રષ્ટિએ ગુજરાત ઘણો સમૃદ્ધ પ્રદેશ છે. આપણે ત્યાં લોકનૃત્યોમાં સદીઓથી અનેક વાદ્યો વપરાતા આવ્યા છે, છતાં ભરતમુનિએ આપેલું વાદ્યોનું વર્ગીકરણ આજે વિશ્વભરમાં સર્વસ્વીકૃત મનાયું છે. વાદ્યના તંતુ વાદ્યો, ઘન વાદ્યો અને સુષિર વાદ્યો એમ મુખ્ય ત્રણ પ્રકારો છે. તેમાં બીજા ઘણા વાદ્યોનો સમાવેશ થાય છે. 'પ્રવીણસાગર' ગ્રંથમાં જે છત્રીસ વાજિંત્રોની યાદી આપવામાં આવી છે તેનો ઉલ્લેખ પણ લેખકે અહીં કરેલ છે.

લોકનૃત્યો આપણી સંસ્કૃતિનો બહુમૂલ્ય પરિપાક છે. આપણા ભાતીગળ લોકનૃત્યો પ્રકૃતિના ખોળે જ જન્મ્યા છે. આનંદ અને ઊર્મિનો આવિર્ભાવ નૃત્ય રૂપે પ્રગટ્યો એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ નથી. ગુજરાતના લોકનૃત્યોમાં ભારે વિવિધતા જણાય છે. સૌરાષ્ટ્રનું ટિપ્પણી નૃત્ય, રાંદલનો ઘોડો ખૂંદવો, જાગનૃત્ય, રાસડા, દાંડીયા રાસ, અઠંગો અને ગરબી જાણીતા લોકનૃત્યોના પ્રકાર છે. નવરાત્રિમાં ગવાતા ગરબા અને ગરબી ધાર્મિકતાનાં પ્રતીક સાથે આસ્થાનું ઉજળુ પ્રતિબિંબ છે. પઢારોનું મંજીરાનૃત્ય, હીંચ અને હૂડા રાસ તેમ જ અશ્વનૃત્ય અને વણઝારાનું હોળી નૃત્ય, આદિવાસીઓનું લોકનૃત્ય આપણી હૃદયવીણાના તાર ઝણઝણાવી દેનાર છે. ગાયન, વાદન અને નર્તનની ત્રિભંગીનો સાક્ષાત આવિર્ભાવ બની ટપક્યું સંગીત, રણઝણી ઉઠ્યા હૃદય એકતારાના તાર એ વાદ્યો અને ઝૂમી ઉઠ્યા ચરણ એ બન્યા લોકનૃત્યો. જાણે સાક્ષાત નટરાજ પૂર્ણ રૂપધારી આવી ચઢ્યા. જોરાવરસિંહે લોકવાદ્યો પર 'ગુજરાતના લોકવાદ્યો' નામનું પુસ્તક લખ્યું છે, તેમાં આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરેલી છે.

## લોકઉત્સવો અને મેળાઓ

ઉત્સવ એટલે આનંદોર્મિનો ઉભરો. ગુજરાતની સાંસ્કૃતિક એકતાનાં મૂળ લોકઉત્સવોમાં ધરબાયેલા પડ્યા છે. "વ્રત, પર્વ અને તહેવાર એ લોકઉત્સવના ત્રણ વિભિન્ન સ્વરૂપો છે."[૨૭] આવા ઉત્સવો એકતાની ભાવના પ્રગટાવે છે, વ્યક્તિ અને કુટુંબ વચ્ચેની કડીને દ્રઢ બનાવે છે. ઋતુ અનુસાર ઉત્સવોની ઉજવણી થતી રહે છે. દા. ત. વસંતપંચમી, હોળી,

દિવાળી, નવરાત્રી, જન્માષ્ટમી વગેરે. ઉમંગ, ઉત્સાહ અને ઊર્મિનું ઉજ્જવળ રૂપ તે જ લોકઉત્સવો. લોકઉત્સવોની ઉજવણીનું અનુસંધિત અને અનુબંધિત રૂપ તે જ આપણા પાવન પર્વો. જેમાં રસની લ્હાણી ભરપેટે કરવાની હોય અને તેની ફળશ્રુતિ એ જ આપણી સાંસ્કૃતિક પરંપરાઓ. જે આપણી ગુજરાતની સમૃદ્ધિને વેગ આપનાર મહામૂલા મંત્રો છે.

'મેળ' શબ્દ પરથી મેળો શબ્દ પ્રયોજાયો હોય તેવું માલૂમ પડે છે. મળવું, મુલાકાત અને મિલન શબ્દો તેના જ પૂરક હોય તેવું લાગે છે. માનવજીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાનાં રંગો ભરવા લોકહૈયાં હિલોળે ચઢ્યાં અને પ્રાચીન ધાર્મિક સ્થળોએ કેટલાક તહેવારો, ઉત્સવો નિમિત્તે મેળા ભરાવા લાગ્યા. આવા મેળાઓમાં જોઈએ તો માધવપુર ઘેડનો, ભવનાથનો, તરણેતરનો વગેરે મેળાઓ પ્રખ્યાત છે. લોકસંસ્કૃતિનું સંગમ સ્થળ એટલે જ મેળો. જ્યાં સંસ્કાર વિનિમય થાય, ભક્તિ શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ. તેમજ લોકહૃદયની છૂપી ઊર્મિઓને ઉજાગર કરવાનું સ્થાન એટલે જ મેળો. જોરાવરસિંહે લોકઉત્સવો અને મેળાઓ વિશે 'ગુજરાતના લોકમેળા' અને 'ગુજરાતના લોકઉત્સવો' નામે સ્વતંત્ર પુસ્તકો બહાર પાડેલા છે. માટે આ મુદ્દાઓની ચર્ચા અહીં ટૂંકમાં જ કરી છે.

## ગુજરાતનો કલાભૈરવ અને ચિત્રપરંપરા

ગૌરવશાલીન ગુજરાત કલાભૈરવમાં પણ જરાય ઉતરતું નથી. કલા, ગીત, સંગીત, નૃત્ય કે લલિત કલામાંની કોઈપણ હોય તે લોકહૈયાને રસસભર બનાવી દેનારી છે. ગુજરાતમાં ધંધાદારી જાતિઓની કલા પણ ઔર ખીલેલી જોવા મળે છે. ઘરવપરાશની નાની મોટી ચીજોને કલાના કસબીઓને એવો રૂડો રૂપાળો ઓપ આપીને દીપાવી છે કે જોનારનું હૃદય ઠરી જાય. મધ્યકાળના ગુજરાતના ગૃહસ્થ જીવનમાં કલાનું વિશિષ્ટ વાતાવરણ પ્રસરેલું હતું. જૂના સમયમાં તાંબુ-પિત્તળ ઘડનારા કારીગરોનો આખો વર્ગ ઉભો થયો. જે કંસારાના નામે પ્રસિદ્ધ થયો. આ ઉદ્યોગમાં વાસણોના ઘડતરમાં કંસારાની કોઠાસૂઝ અને કલાદ્રષ્ટિ ઉપસી આવે છે.

અન્ય એક કલા કાષ્ઠ, શિલ્પ સ્થાપત્ય અને લાકડા પર કોતરણીની છે. મંદિરોના બાંધકામમાંની કોતરણી બેનમૂન રહી છે. મંદિરો, દેરાસરો, ઝરુખા અને જાળીઓની કોતરણી તેમજ ઘુમ્મટની કોતરણી ઉડીને આંખે વળગે તેવી છે. કાષ્ઠ કોતરણીમાં ઘરવપરાશનાં

પેટી-પટારા, ઘોડિયાં, ઢોલિયા અને હિંડોળા ખાટ વગેરેમાં ગુજરાતના કસબી કારીગરોએ અજોડ સિદ્ધિ હાંસલ કરી છે. લીંપણ નકશીનું ગામડાંનું કામ બેનમૂન છે. મનોહર લીંપણ નકશી પરંપરાગત કલાસંસ્કાર, હૈયા ઉકલત અને અંતરની અનેરી સૂઝનાં પરિચય કરાવે છે. લીંપણનો વ્યાપ મોટે ભાગે રબારી, મેર, બારોટ જેવી જાતિઓમાં વિશેષ જોવા મળે છે. જુદા જુદા કલાના કસબીઓ નાની મોટી ચીજવસ્તુઓનું સર્જન કરી વૈભવ વધારે છે. રંગબેરંગી રમકડાં બનાવવાનો ઉદ્યોગ પણ સારો વિકસ્યો છે. કુંભારો માટીના રમકડાં બનાવે છે, સુથારો અને સંઘાડીયા લાકડાના મનોહર રમકડા બનાવે છે.

લોકસંસ્કૃતિની અનેક આગવી પરંપરાઓમાં ભાતીગળ ચિત્રોની ભૂમિકા શ્રેષ્ઠ સ્થાન શોભાવતી રહી છે. સત્તરમાં અને અઢારમાં સૈકામાં સૌરાષ્ટ્રમાં એક નવીન ચિત્રશૈલીની લઢણ દેખાય છે. તેમાં રાજસ્થાની ચિત્રણની છાંટ દેખાય છે. આવી શૈલીને 'સલાટી' શૈલી કહે છે. કારણ કે મંદિરો બાંધનાર શિલ્પીઓએ જ આ ચિત્રોને કંડાર્યા છે. કેટલાક ભીંતચિત્રોની પરંપરા ખેડા જિલ્લાના વસો, કરોલી, કરમસદથી માંડીને સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી જોવા મળે છે. અંજારના મેકમર્ડોના બંગલાના ચિત્રો પણ ઉલલેખનીય છે. આજથી સોએક વર્ષ પૂર્વે ભીંતચિત્રોની કલા લોકજીવનમાં ખૂબ પ્રિય હતી. આજે લુપ્ત થલ ગયેલી 'પોથીચિત્રો' ની પરંપરા સોલંકી યુગથી શરૂ થઈ હોવાનું મનાય છે. તેમજ ગ્રંથચિત્રોનો ઉદ્‌ભવ યજ્ઞાદિ ધાર્મિક ક્રિયામાં થતાં રંગોળી કામમાંથી થયેલ હોવાનું મનાય છે. ગુજરાતની ગ્રંથચિત્ર પદ્ધતિ એ રેખા અને રંગ વડે દોરાંતા ચિત્રોની પરંપરા છે. આ પદ્રતિના ચિત્રો જૈન ભંડારોમાં આજપર્યંત સચવાઈ રહેલા છે. આ ઉપરાંત 'બાલગોપાલ સ્તુતિ', 'ગીતગોવિંદ', 'ભાગવત દશમ સ્કંધ' માં દોરાયેલ ચિત્રો આ શૈલી મુજબના છે.

સચિત્ર જન્મકુંડળીઓ પણ ચિત્રકલાનો સ્પર્શ પામીને સચિત્ર બની છે. રાજા મહારાજાઓ તથા શ્રેષ્ઠીઓની જન્મકુંડળી સચિત્ર રીતે તૈયાર કરવામાં આવતી. સૌરાષ્ટ્રમાં કાચ પર ચિત્રો કરવાની કલા પણ પછીથી વિકસેલી. 'દેશી કલમ અને બાદશાહી કલમ' માં તેનું વર્ગીકરણ થયેલું છે. આળેખની કળા અને પ્રતીકચિત્રો પણ આવી જ બહુમૂલ્ય કલાનો એક પ્રકાર છે. સામાજિક કે ધાર્મિક ઉત્સવ પ્રસંગે ગામડાની સ્ત્રીઓ સોળપ લીંપેલ માટીની ભીંતો પર ખડીથી

ચિતરામણ કરી પોતાની ઊર્મિઓને અભિવ્યક્ત કરે છે. પોરબંદર પંથકની મેર, કોળી, રજપૂત, આયર, રબારી  જાતિઓની સ્ત્રીઓમાં આ કલા સૂપેરે વિકસેલી જોઈ શકાય છે.

આ ઉપરાંત જોરાવરસિંહે પોતાના આ પુસ્તકમાં પશુપ્રાણીઓના સરંજામ, લોકજીવનમાં પૂજાતાં દેવદેવલાં તથા મનોરંજન કરાવનારી લોકજાતિઓ વિશે વિસ્તૃત માહિતી આપેલી છે, પરંતુ આ દરેક પાસાંઓ ઉપર તેમણે સ્વતંત્ર પુસ્તકો પણ લખેલા છે. તેથી આ માહિતીનું પુનરાવર્તન થતું હોવાથી આ બાબતો પર પ્રકાશ પાડેલ નથી.

**ઉપસંહાર**

આ પુસ્તકમાં લેખકે લોકજીવન સાથે સંકળાયેલા અને સંસ્કૃતિના જુદા જુદા પાસાંઓને એકી સાથે વણી લઈને તેનાંથી આપણને પરિચિત કરાવ્યાં છે. એમ કરવા જતાં એમને વિસ્તાર ટાળી નાખવો પડ્યો છે. દા. ત. લોકગીતોના ઢંગઢાળની વાત કરે છે ખરા, પણ એમાંથી જે શાસ્ત્રીય પાંખો વિકસી એની વિગતોમાં તેઓ ઉતરતા નથી. “સરકારશ્રીનું ધ્યાન પણ એ અંગે ખેંચાયું હશે અને તેથી જ માહિતી ખાતા દ્વારા એક કરતાં વધુ વખત તેની આવૃત્તિઓ અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ છે.”[૨૮] આમ છતાં જરૂર પડે અને અનિવાર્ય હોય ત્યાં વિવિધતા અને ઊંડાણને તેઓ સ્વીકારે પણ છે.

આ પુસ્તકની બીજી વિશેષતા એ છે કે લોકકલા અને સંસ્કૃતિ એ બે જુદા વિષયો એમણે આ ગ્રંથ માટે પસંદ કર્યા હોવા છતા અંતે તો ગ્રામજીવનની છબીને જ સમગ્રતયા ઉપસાવે છે. આ ઉપરાંત બીજી એક વિશેષતા એ પણ છે કે લેખક પોતે જે વાત કરે છે તેના આધાર માટે પાદટીપો આપતા નથી કે સંદર્ભ ગ્રંથો નોંધતા નથી, પણ ચિત્રો જે વખતોવખત આપે છે એ જ એમના ગ્રંથને પ્રામાણિક્તા બક્ષે છે. કાષ્ઠકલાવાળા ચબૂતરા કે પ્રાચીન વેલડાંનું ચિત્ર, પાનદાની, ભગવાનની સુખ-શૈયાનું ચિત્ર વગેરે જેવા ચિત્રો જ વિસ્તૃત વર્ણનો કે વિવેચનની આવશ્યકતાને ટાળે છે.

## ૫. ૬ ગુજરાતના લોકમેળા

### પ્રસ્તાવના

'ગુજરાતના લોકમેળા' નામનું પુસ્તક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા ઈ. સ. ૧૯૯૧ માં પ્રકાશિત થયેલું છે. લોકવિદ્યાના પ્રગટ અંગ તરીકે મેળાઓનું મહત્ત્વ ઘણું છે. તેનો સીધો સંબંધ ધાર્મિક પર્વો સાથે છે. 'મેળ' શબ્દ પરથી મેળો શબ્દ પ્રયોજાયો હોય તેવું માલૂમ પડે છે. તથા મળવું, મિલન, મુલાકાત જેવા શબ્દો મેળાના જ પૂરક હોય તેવું લાગે છે. કારણ કે મેળો એટલે હળવું-મળવું. "ગુજરાતમાં દર વર્ષે ૧૫૨૧ થી પણ વધારે મેળાઓ ભરાય છે. તેમાં ૧૨૯૩ હિંદુઓના, ૧૭૫ મુસ્લિમોના, ૨૧ જૈનોના, ૧૪ લોકમેળા૪ ૧૩ ધંધાદારી મેળા અને એક પારસીઓનો મેળો ભરાય છે."[૨૯] ગુજરાતમાં ઉજવાતા અસંખ્ય મેળાઓમાંથી લેખકે આ પુસ્તકમાં ૧૫ જેટલા મહત્ત્વના મેળાઓને વણી લીધા છે.

### તરણેતરનો મેળો

સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળ પ્રદેશમાં થાનથી ત્રણેક માઈલ દૂર ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરને લોકો તરણેતરના નામે ઓળખે છે. ત્યાં દર વર્ષે ભાદરવા સુદ ચોથથી છઠ્ઠ એમ ત્રણ દિવસ સુધી મેળો ભરાય છે. આ શિવસ્થાનકનો ઉલ્લેખ 'કુંડલ પુરાણ' અને 'યાન મહાત્મ્ય' માં મળે છે. એક લોકમાન્યતા મુજબ ઋષિ પાંચમના દિવસે આ કુંડમાં ગંગાજી પધારતા હોવાથી તેમાં સ્નાન કરવાનો મોટો મહિમા છે. આ મેળો માણવા માટે દૂરદૂરના ગામોથી રબારી, ભરવાડ, કણબી વગેરે જાતિના સ્ત્રી-પુરૂષો પોતાના પ્રાદેશિક વસ્ત્રાભૂષણો પહેરીને અહીં આવે છે. રાતે અહીં રાસ-મંડળીઓની હરિફાઈઓ પણ યોજવામાં આવે છે. આ મેળામાં પાંચાળની ભૂમિ પર ખીલેલા કુદરતી સૌંદર્યની ઝાંખી જોવા મળે છે.

### વૌઠાનો મેળો

અમદાવાદ જિલ્લાના ધોળકાથી આઠ માઈલ દૂર વૌઠા ગામ આવેલું છે. અહીં કારતક મહિનાની અગિયારથી પૂનમ સુધી પાંચ દિવસનો મેળો ભરાય છે. વૌઠા પાસે

સાબરમતી, હાથમતી, વાત્રક, મેશ્વો, માઝુમ, ખારી અને શેઢી એમ સાત નદીઓનો સંગમ થાય છે. એક લોકમાન્યતા છે કે અહીં સ્નાન કરવાથી આપણા પાપો ધોવાઈ જાય છે. આ મેળો ગુજરાતનો સૌથી મોટો મેળો ગણાય છે. તેમાં બે લાખથી પણ વધુ યાત્રાળુઓ ભાગ લે છે. આ મેળો એના 'ગધેડા બજાર' ને કારણે જાણીતો બન્યો છે. અહીં ઊંટ, ગધેડા અને બળદોનું મોટું બજાર ભરાય છે.

**શામળાજીનો મેળો**

ગુજરાત-રાજસ્થાન સરહદે અરવલ્લી પર્વતની હારમાળામાં મેશ્વો નદીનાં કાંઠે શામળાજીનું પૌરાણિક વૈષ્ણવ મંદિર આવેલું છે. આ તિર્થસ્થળને 'ગદાધરક્ષેત્ર' પણ કહેવામાં આવે છે. બ્રહ્માજીને આ સ્થળ ઉત્તમ લાગવાથી એમણે અહીં એક હજાર વર્ષ તપ કર્યું ત્યારે ભગવાન વિષ્ણુ શ્યામ તરીકે પ્રગટ થયા. કારતક સુદ અગિયારસથી ૨૦ દિવસ સુધી આ મેળો ચાલે છે. દૂર દૂર વસતા આદિવાસીઓ, વાણિયા, બ્રાહ્મણ, પટેલો તથા રાજસ્થાનથી પણ લોકો પગપાળા શામળાજીના મેળામાં ભાગ લેવા માટે આવે છે. જુવાનિયાઓ કોપરાની કાચલી અને ગોળના દડબાની આપ લે કરી પોતાના જીવનસાથીની પસંદગી આ મેળામાં કરે છે અને રાતે ભજનોની રમઝટ બોલે છે.

**માધવપુર (ઘેડ) નો મેળો**

પોરબંદરથી ૩૬ માઈલના અંતરે આ માધવપુર નામનું ગામ આવેલું છે. ભગવાન કૃષ્ણના માધવરાય નામ પરથી આ ગામનું નામ પડેલું છે. ચૈત્ર સુદ નોમથી પાંચ દિવસ સુધી આ મેળો ભરાય છે. એક દંતકથા મુજબ ભગવાન શ્રીકૃષ્ણએ રુક્મિણીનું હરણ કરી માધવપુરમાં લગ્ન કરેલ, ત્યારથી તેમના લગ્નની યાદમાં અહીં મેળો ભરાય છે. આ પાંચ દિવસ સુધી શ્રીકૃષ્ણ અને રુક્મિણીનો વિવાહોત્સવ ચાલે છે. જેમાં દોઢથી બે લાખ લોકો ભાગ લે છે. અડધા જાનૈયા અને અડધા કન્યાપક્ષવાળા બની લગ્નનો આનંદ માણે છે. ગણપતિ સ્થાપનાથી માંડીને લગ્નકંકોત્રી, વરઘોડો, વિવિધ રસમો, લગ્નગીતોની રેલમછેલ બોલાવી અંતે

માધવરાયના દર્શન કરી, પ્રસાદ લઈ પ્રભુને પરણાવ્યાના આનંદ સાથે શ્રદ્ધાળુઓ પોતાના વતન તરફ વિદાય થાય છે.

### ભવનાથનો મેળો

ગિરનારના કુદરતી સૌંદર્યની વચ્ચે જૂનાગઢ નગર વસેલું છે. આ નગર જિર્ણદુર્ગ, ગિરિનગર, ઉજ્યન્ત, પૂર્ણગિરિ એમ વિવિધ નામે ઓળખાય છે. જૂનાગઢના ભવનાથ મહાદેવના સાનિધ્યમાં મહા વદ અગિયારસથી પાંચ દિવસ સુધી મોટો ભરાય છે. ચૌદશની રાત્રીએ ભારતભરમાંથી તથા ગિરનારની ગુફાઓમાંથી એ વિવિધ અખાડાઓમાંથી હજારો નાગાબાવાઓ સરઘસ આકારે અહીં આવે છે. આ મેળાનું વિશેષ મહાત્મ્ય તો શિવરાત્રીએ મૃગીકુંડમાં સ્નાન કરી ભવનાથના દર્શન કરવાનું છે. મૃગીકુંડમાં સ્નાન કરવાનો પ્રથમ હક્ક નાગાબાવાઓનો જ ગણાય છે. મધ્ય શિવરાત્રીએ ભગવાન શિવ, નવનાથ, ચોર્યાસી સિદ્ધો, ભર્તૃહરિ, ગોપીચંદ, અશ્વત્થામા વગેરે અહીં સ્નાન કરવા આવે છે એમ 'સ્કંદ પુરાણ' માં કહેવામાં આવ્યું છે. આ મેળો માણવા માટે સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી અસંખ્ય શ્રદ્ધાળુઓ આવે છે. આ મેળામાં વિવિધ જાતિના મર્દાનગીભર્યા રાસ, રાસડા તથા લોકસાહિત્ય અને સંગીત તેમજ અંગકસરતના ખેલો પણ જોવા મળે છે.

### આદિવાસીઓના મેળા

દાહોદથી દસ કિલોમીટરના અંતરે આવેલા જેસવાડા ગામે ફાગણ સુદ પૂનમની હોળી પ્રગટે એ પછીની પાંચમે રંગપંચમી અને છઠ્ઠનો ગોળ ગધેડાનો મેળો ભરાય છે. પંચમહાલ વિસ્તારના આદિવાસીઓમાં આ મેળો ખૂબ જ જાણીતો છે. લોકો મેળાના મેદાનમાં ખાડો કરી ૨૫ થી ૩૦ ફૂટ ઊંચો થાંભલો રોપે છે. થાંભલાની ટોચની ખીંટીએ ગોળની પોટલી બાંધવામાં આવે છે. કુંવારી કન્યાઓ થાંભલા ફરતી નાચે છે અને જુવાનો થાંભલે ચડી ગોળ લેવા માટે જાય ત્યારે તેને આ કન્યાઓ નીચે પાડવાના પ્રયત્નો કરે છે. જો જુવાન ગોળ લેવામાં સફળ થાય તો ઉભેલી કન્યાઓમાંથી મનગમતી કન્યાને પરણે છે. આ રિવાજ જૂના કાળની સ્વયંવર પ્રથાની યાદને તાજી કરે છે. આદિવાસી સંસ્કૃતિની છડી પોકારતો આ મેળો આખો દિવસ ચાલે છે.

ખેડબ્રહ્માથી આડત્રીસ માઈલ દૂર ગુણભાંખરી ગામ આવેલું છે. તેની બાજુમાં સાકળ, વાકળ અને સાબરમતી નદીનો ત્રિવેણી સંગમ થાય છે. ત્યાં ચિત્રવિચિત્રેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. હોળી પછી ચૌદમાં દિવસે અહીં ચિત્રવિચિત્રેશ્વરનો મેળો ભરાય છે. આ મેળામાં પુરૂષો કેસરી સાફા, રંગીન ફાળિયા, વાદળી પહેરણ, હાથમાં તરવાર-કટારી કે ધારિયું, તીરકામઠું રાખે છે. તેમજ સ્ત્રીઓ લાંબી ઘેરનો ઘાઘરો, પોલકું અને ઓઢણી ઓઢી, હાંસડી, ચોગનિયા, કંદોરો જેવા ચાંદીના દાગીના પહેરી મેળો માણવા આવે છે. શિવજીના દર્શન કરી સામૂહિક નૃત્યો કરવામાં આવે છે.

## અન્ય મેળાઓ

અન્ય મેળાઓમાં જોઈએ તો સિદ્ધપુરમાં કારતક મહિનાની સિદ્ધપુરનો મેળો ભરાય છે. આ મેળાનો ઇતિહાસ આઠસો વર્ષ જૂનો છે. જુદી જુદી જ્ઞાતિના એક લાખ લોકો આ મેળામાં ભાગ લેવા માટે અહીં આવે છે. અહીં ગંગા અને યમુના નદી સરસ્વતી નદીને મળતી હોવાથી મધ્યરાત્રીએ સ્નાનનું પણ મહાત્મ્ય લોકજીવનમાં છે. ભાવનગરથી ચૌદ માઈલના અંતરે ગુંદી-કોળિયાકના દરિયા કિનારે ભાદરવી અમાસના દિવસે નકળંગનો મેળો ભરાય છે. આ મેળા સાથે મહાભારતકાળની પૌરાણિક કથા પણ સંકળાયેલી છે. કચ્છમાં ભૂજ લખપત રોડ ઉપર કક્કડભિટની ટેકરીએ ભાદરવા મહિનાના બીજા સોમવારે જખ મેળો ભરાય છે. આ મેળામાં ઘોડા, ઊંટ તથા બળદ દોડાવવાની હરીફાઈઓ થાય છે. મહેસાણાથી છ કિલોમીટરના અંતરે આવેલ પાલોદર ગામમાં કૃષિ સંસ્કૃતિ અને સંસ્કારને લગતો ચોસઠ જોગણીઓનો મેળો ભરાય છે. ફાગણ વદ અગિયારસ અને બારસે આ મેળો ભરાય છે. આ મેળામાં આખા વર્ષના વરતારા જોવામાં આવે છે. ખેડૂતો માટે આ મેળાનું વિશેષ મહત્ત્વ છે. આ ઉપરાંત આ પુસ્તકમાં રૂપાલનો પલ્લી મેળો, ભરૂચ જિલ્લાનો ભાડભૂતનો મેળો, જૈંજણી માતાનો મેળો અને ભડિગાદરા પીરના મેળા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે તે ખરેખર અદ્ભુત અને પ્રશંસનીય છે.

### ઉપસંહાર

જૂના સમયમાં આજની જેમ મનોરંજનના બહોળા સાધનો ન હતા. તેથી લોકોએ પોતાના એકધારા રોજીંદા જીવનથી થાકી કંટાળી તેમાંથી હાંશકારો મેળવવા આવા મેળાઓ પ્રયોજ્યા હશે. ઉપરાંત પર્વતીય પ્રદેશોના લોકોને જીવનજરૂરી ચીજોની ખરીદી કરવા માટે અઠવાડીક મેળાઓનું આયોજન શરૂ થયું. આ મેળાઓમાં ભાતીગળ સંસ્કૃતિની અનેરી છાંટ જોવા મળે છે. લોકસંસ્કૃતિનું સંગમ સ્થળ એટલે જ મેળો. આજે આ મેળાઓની સંખ્યા ઘટતી નથી પરંતુ દિનપ્રતિદિન વધતી જાય છે. લેખકે અહીં જે મેળાઓની વિગતો રજૂ કરી છે તે જોતા એમ લાગે છે કે તેમણે આ બધા જ મેળાઓ જાણ્યા અને માણ્યા હશે.

## ૫. ૭ ગુજરાતના લોકવાદ્યો

### પ્રસ્તાવના

'ગુજરાતના લોકવાદ્યો' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૯૭ માં પ્રકાશિત થયેલું છે. ભારતીય સંગીત અને વાદ્યનું પગેરું છેક વેદકાળ સુધી પહોંચે છે. વાદ્યોના આજે ઓળખાતા ચારેય પ્રકારોતંતુવાદ્યો, અનવદ્ય વાદ્યો, સુષિર વાદ્યો અને ઘન વાદ્યોનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે. વૈદિક સમયમાં સંગીતનો ઉપયોગ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં થતો. વાદ્ય એ ગીત-સંગીતનું ઘરેણું ગણાય છે. તેના ઉપયોગ વગર સંગીત અધૂરું મનાય છે. 'વસ્તુરત્નકોશ', 'પ્રવીણસાગર' જેવા જાણીતા ગ્રંથોમાંથી છત્રીસ પ્રકારના વાજિંત્રોની યાદી મળે છે. 'ભરતનાટ્યશાસ્ત્ર' માં વાદ્યોના નિર્માણ માટેની વિસ્તૃત ચર્ચા આપેલી છે. લોકવાદ્યોની બનાવટની સરળતા અને કલાપૂર્ણતા આપણું ધ્યાન ખેંચે છે. પ્રકૃતિએ આપેલા વાંસ, બરુની સોટી, માટી, મીણ, દઘી, તુંબડા, ઘોડાના પૂંછડાના વાળ, નાળિયેરની કાચલી વગેરે ઉપાદાનનો આશ્રય લઈને કારીગરો લોકવાદ્યોનું સર્જન કરે છે.

## *તંતુવાદ્યો*

*દોરી, તાંત અથવા તારથી વાગે તેવા વાદ્યોને તંતુવાદ્યો કહેવામાં આવે છે. આ પ્રકરણમાં લેખકે ચાર તંતુવાદ્યોનો વિગતે પરિચય કરાવ્યો છે, જે નીચે પ્રમાણે છે.*

***- એકતારો-દોતારો :-*** *એકતારો એ લોકસંગીતનું સૌથી પ્રાચીન વાદ્ય ગણાય છે. સમગ્ર ભારત દેશમાં આ વાદ્ય જોવા મળે છે. એકતારામાં સૌ પ્રથમ એક જ તાર હતો, તેથી તે એકતારો કહેવાયો. સમય જતા તેમાં બે તાર થયા, તેથી તેને દોતારો કહે છે. બે તારમાં પહેલો ષડ્જ અને બીજો પંચમ હોય છે. તેની રચના જોઈએ તો તુંબડા પર જાડા વાંસની એક દાંડી લગાડવામાં આવે છે. તેના આગળના ભાગે એક ખૂંટી હોય છે. એકતારાને ભજનિકો રામસાગરના નામે પણ ઓળખે છે.*

***- રાવણહથ્થો :-*** *ગજથી વાગતા વાજિંત્રોમાં માત્ર રાવણહથ્થાનો જ સમાવેશ થાય છે. "સંસ્કૃત ગ્રંથોમાં તેને 'રાવણહસ્તવીણા' કહેવામાં આવે છે. પોતાના આંતરડાના તાર બનાવી આ વીણા વગાડી એણે ભગવાન શિવને પ્રસન્ન કર્યા હતા."[30] આ અત્યંત સાદું લોકવાદ્ય છે. નીચેના ભાગમાં નાળિયેરની કાચલી પર ચામડું મઢી તેમાં નાનકડો દંડ રાખવામાં આવે છે. ચામડા ઉપર વાંસની પટ્ટીની ઘોડી રાખી તેના પર પાતળા તાર રાખી, તારની મેળવણી કરી ઘોડાના વાળના ગજથી તે વગાડવામાં આવે છે. ગુજરાત અને રાજસ્થાનમાં આ વાદ્ય વગાડનાર તૂરી, બારોટ, ભોપાજોગીઓ જોવા મળે છે.*

***- જંતર :-*** *જંતર એ સૌરાષ્ટ્ર-કચ્છના ચારણોમાં દૈવીવાદ્ય તરીકે જાણીતું છે. આમ જોઈએ તો જંતર એ રુદ્રવીણાનું અત્યંત પ્રાકૃત સ્વરૂપ છે. વીણાની જેમ જંતરમાં બે તુંબા હોય છે અને તેની વચ્ચે વાંસ હોય છે. આ વાંસ પર જાનવરના બાવીસ પડદા મીણથી ચીપકાવેલા હોય છે. ગળામાં પહેરીને ઊભા રહીને જંતર વગાડવામાં આવે છે.*

***- સુરંદો :-*** *ભારત ઉપરાંત સિંધ અને પાકિસ્તાનમાં પણ આ વાદ્ય લોકપ્રિય છે. સારંગીમાંથી આ વાદ્યની ઉત્પતિ થઈ હોવાનું મનાય છે. ગુજરાતમાંથી આ વાદ્ય નામશેષ થવા લાગ્યું છે. કચ્છી જતોમાં ક્યાંક ક્યાંક આ વાદ્ય જોવા મળે છે.*

***અનવદ્યવાદ્ય***

*ચામડું મઢેલા વાજિંત્રોને અનવદ્ય વાદ્ય કહે છે. આવા વાદ્યોનો પરિચય નીચે પ્રમાણે આપી શકાય.*

***- ઢોલ :-*** *અનવદ્ય વાદ્યમાં સૌ પ્રથમ નજરે તરે એવું વાદ્ય ઢોલ છે. સમગ્ર વિશ્વમાં આ વાદ્યનું અસ્તિત્વ જોવા મળે છે. પ્રાચીન સમયમાં ઢોલને આનક, કમલ, ક્ષુણ્ણક વગેરે નામોથી ઓળખવામાં આવતો. તેની ઉત્પત્તિની કથા પણ રસપ્રદ છે. લોકજીવનમાં લગ્ન, જન્મ, મેળા જેવા પ્રસંગોએ ઢોલ વગાડવામાં આવે છે. ઢોલના કંદોરી, ચાક, બીચસાર, દોરી, તાડી જેવા દસ અંગોની પણ માહિતી આપી છે. સાધારણ રીતે ઢોલનો કોઠો બિયાના લાકડાનો બનાવાય છે, છતાં લોખંડ કે પતરાના પણ ઢોલ બને છે. તેની લંબાઈ બેથી સાડા ત્રણ ફૂટ અને તેટલો જ વ્યાસ જોવા મળે છે. તેના પર વગાડાતા વિવિધ તાલોની માહિતીનો પણ લેખકે આપણને પરિચય કરાવ્યો છે.*

***- ચોઘડિયાં અને નગારું :-*** *જૂના જૈન દેરાસરો, રામજી મંદિર, વૈષ્ણવના મંદિરોમાં શરણાઈ સાથે ચોઘડિયાંની જોડી સાંભળવા મળે છે. ભોજક અને લંઘા જાતિના લોકો આ વાદ્ય વગાડવામાં કુશળ ગણાય છે. તે નોબત, ટકોરખાનું વગેરે નામોથી પણ ઓળખાય છે. ચોઘડિયાંમાં નાના અને મોટા બે નગારા હોય છે. નગારું જૂના કાળે દુદુંભિના નામે ઓળખાતું. નગારું એ શુદ્ધ લોકવાદ્ય હોવાથી સંગીતમાં તેનો ઉપયોગ થતો નથી. માટે તે સાવ વિસરાઈ ગયું છે. નગારું મંગળ પ્રસંગે, લડાઈના સમયે સૈનિકોમાં શૌર્ય પ્રગટાવવા તથા ધાર્મિક ઉત્સવોમાં વપરાતું.*

***- તબલા :-*** *તબલાને નરઘાં, દોકડ, જોડી પણ કહેવામાં આવે છે. જમણા હાથે વગાડીએ તેને 'માદા' અને ડાબા હાથે વગાડીએ તેને 'નર' ના નામે ઓળખવામાં આવે છે. તબલાંની પડી બકરાના ચામડાથી બનાવાય છે. તેના પર વસ્ત્રગાળ કોલસી અને ગુંદરની શાહી લગાડવામાં આવે છે. તથા તેની કોઠી સીસમ, આંબો, સાગ, લીમડો કે બિયાના લાકડામાંથી બનાવાય છે. ભજનોમાં આ વાદ્યનો સવિશેષ ઉપયોગ થાય છે.*

આ ઉપરાંત અનવદ્ય વાદ્યોમાં જોઈએ તો જૂના સમયે રાજાની સવારી વખતે આગળ ડંકાનિશાન વગાડવામાં આવતા. ત્રાંસા, ખંજરી, ડફ, ડમરું, ડાકલું, ડુગડુગી, પખવાજ, કૂંડી, માદળ જેવા વાદ્યોનો પણ લેખકે અહીં સચિત્ર પરિચય કરાવ્યો છે.

**સુષિર વાદ્ય**

હવાના દબાણથી વાગે તેને કે જે વાદ્યને ફૂંક મારીને વગાડવામાં આવે છે તેને સુષિર વાદ્ય કહેવામાં આવે છે. આપણા લોકસંગીતમાં તંતુ વાદ્યો કરતાં સુષિર વાદ્યો મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

- **વેણુ :-** વેણુનો ઉદ્‌ભવ નૈસર્ગિક ગણાય છે. વેણુ વગાડીને શ્રીકૃષ્ણએ વ્રજના લોકો અને પશુઓને મુગ્ધ કર્યાં હતા. વેણુમાંથી આવેલો પાવો ગોવાળિયાઓમાં અને જોડિયો પાવો ઊંટ ચરાવનાર કચ્છી સાવલાણી જતો પાસે સાંભળવા મળે છે. સિંધ અને પાકિસ્તાનમાં પણ આ વાદ્ય જાણીતું છે.

- **મોરલી અને શરણાઈ :-** વાંસની બે પોલી ભૂંગળીઓ અને તૂંબડામાંથી બનાવાતી મોરલી એ મદારી અને નાથબાવાનું લોકવાદ્ય ગણાય છે. મહુવરનો ઉલ્લેખ જૈન ગ્રંથોમાં 'પુંગી' ના નામે થયેલો જોવા મળે છે. ઢોલની સાથે શરણાઈ અનિવાર્ય પૂરક વાદ્ય ગણાય છે. શરણાઈનો અવાજ કર્કશ હોવાથી અને તેના સૂરો ઊંચા પડતા હોવાથી લોકગીતો ગાવાની સાથે એનો ઉપયોગ થતો નથી. રાસ-ગરબામાં આ શરણાઈ વપરાય છે.

- **શંખ અને ભૂંગળ :-** શંખ એ ભારતનું અત્યંત પ્રાચીન વાદ્ય છે. દેવપૂજનમાં શંખ અનિવાર્ય ગણાયો છે. જૂના સમયમાં લડાઈ વખતે શંખ અને ભેરી વગાડવામાં આવતા. આજે તો માત્ર મંદિરોમાં આરતી વખતે જ તેનો ઉપયોગ થાય છે. શ્રીકૃષ્ણનો 'પંચજન્ય' નામનો શંખ સુપ્રસિદ્ધ છે. ભૂંગળનું પ્રાચીન નામ નાળી, નાળિકા છે. તે રણશિંગાનું મૂળ સ્વરૂપ છે. જૂના કાળે રાજાની વિજયયાત્રામાં, ફૂલેકાં કે સરઘસમાં ભૂંગળ વપરાતી. આજે તો માત્ર ગુજરાતમાં ભવાઈ અને ભજનના કાર્યક્રમોમાં ભૂંગળનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ થાય છે. તે શિંગડામાંથી બનતી પરંતુ

આજે તાંબાપિત્તળમાંથી પણ બને છે. આ ઉપરાંત રણશિંગુ અને નાગફણી જેવા વાદ્યો આજે શિવમંદિરમાં જ જોવા મળે છે.

**ઘન વાદ્યો**

હથોડી અથવા દાંડીથી વાગતા વાદ્યોને ઘન વાદ્યો કહે છે. ઘન વાદ્યો એ લોકવાદ્યનો ચોથો વિભાગ છે. લોકસંગીતમાં તાલનું મહત્ત્વ વધુ હોવાથી મંજીરા, ઝાંઝ, કરતાલ, ઘંટ વગેરે ઘન વાદ્યો મહત્તવનું સ્થાન ભોગવે છે. આ વાદ્યોની વિસ્તૃત સમજ નીચે પ્રમાણે છે.

**- મંજીરા અને માણવાદન :-** ગુજરાતના લોકસંગીતમાં તાલબદ્ધતા લાવવા માટે મંજીરા વપરાય છે. પિત્તળ સાથે ટીન કે કાંસાના મિશ્રણમાંથી બનાવેલા મંજીરા અનેક પ્રકારે વગાડી શકાય છે. “વધુ અવાજ વાળા મંજીરાને ‘નર’ અને ઓછા અવાજવાળા મંજીરાને ‘માદા’ તરીકે ઓળખવામાં આવે છે.”[31] મંજીરા એ એવું ઘનવાદ્ય છે જેનો સ્વતંત્ર વાદ્ય તરીકે ઉપયોગ થઈ શકતો નથી. રાજકોટનું સર્વોદય રાસ મંડળ અને રાણાગઢના પઢારો મંજીરા સાથે મનોહર નૃત્યો કરે છે.

ધાતુનો સાંકડા મોંનો ગોળો માણના નામે ઓળખાય છે. માણની પૂર્વે જૂના સમયમાં માટીના ઘડાનો વાદ્ય તરીકે ઉપયોગ કરવામાં આવતો. ઋગ્વેદમાં એને માટે ‘ગર્ગર’ શબ્દ મળે છે. કર્ણાટક અને મલબાર તરફ ચાકિયારોમાં નૃત્ય, સંગીત અને વાર્તાઓની સાથે ‘મિળાવ’ નામની મોટી માણ વગાડવાનો રિવાજ ઘણો પ્રાચીન છે.

**- કાંસીજોડા અને ઝાંઝ :-** કાંસીજોડા માટે કાંસ્યતાલ, કંસાર, કાંસિકા, કંસાલા જેવા શબ્દો વિવિધ ગ્રંથોમાંથી મળે છે. મંજીરાથી થોડા મોટા આકારના કાંસામાં ઢાળેલા વાદ્ય કાંસીજોડાના નામે ઓળખાય છે. ગુજરાતમાં રાવળો ડાકની સાથે કાંસીજોડ વગાડે છે. કાંસાની બે ગોળાકાર થાળીઓ જેવા વાદ્યને ઝાંઝ કહે છે. દસથી સોળ ઇંચના વ્યાસવાળા ઝાંઝની વચમાં દબાવેલો ઊંડો ભાગ હોય છે. તેમાંથી દોરો પરોવીને બહારના ભાગે કપડામાંથી બનાવેલી મૂઠો બાંધેલી હોય છે. રાજસ્થાનમાં લગ્નપ્રસંગે આ વાદ્યનો ઉપયોગ થાય છે.

**- કરતાલ અને દાંડિયા :-** કરતાલ માટે જૂના ગ્રંથોમાં કાષ્ઠતાલ, હસ્તતાલ જેવા શબ્દો મળે છે. તે લાકડાના બારથી પંદર આંગળ લાંબા અને ત્રણ ચાર આંગળ પહોળા લાકડાના ટૂકડામાંથી બનાવવામાં આવે છે. એના ચારે ખૂણે પાડેલા લંબચોરસ ખાંચામાં કાંસાની ગોળ ચકરડીઓ લગાડવામાં આવે છે. રાસ અને ગરબામાં લાકડાના અને પિત્તળના દાંડિયા ઉપયોગમાં લેવાય છે. તે અર્ધવાદ્ય ગણાય છે. શ્રીકૃષ્ણના વખતમાં 'દંડરાસક' રમાતા એમાં પણ દાંડિયાને સ્થાન હતું.

**- ઝાલર, ઘડિયાલ અને ઘંટ :-** પિત્તળ અને ટીનના મિશ્રણમાંથી થાળી જેવા ગોળ આકારની ઝાલર બનાવવામાં આવે છે. તેનું સ્થાન દેવમંદિરો પૂરતું સીમિત રહેલું છે. તેને થાળી, તાંસળી કે જયઘંટાના નામે ઓળખવામાં આવે છે. ધાતુની ઝાલરથી થોડું મોટું રૂપ તે ઘડિયાળના નામે ઓળખાય છે. મધ્યકાળમાં તેનો ઉપયોગ સમય દર્શાવવા માટે કરવામાં આવતો. સામાન્ય રીતે ઘંટ કાંસુ, ટિન અને પિત્તળના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે. મંદિરો સાથે ઘંટ સંકળાયેલ છે. જૂના કાળે મંદિરો ઉપરાંત યુદ્ધ ભૂમિના હાથીના ગળે ઘંટ લટકાવવામાં આવતો. આ ઉપરાંત ઘંટડી, ટોકરી, ઘૂઘરમાળ, ઘૂઘરાઘ ચીપીયો જેવા ઘનવાદ્યોનો લેખકે અહીં સુપેરે પરિચય કરાવ્યો છે.

## આદિવાસી લોકવાદ્યો

ગુજરાતમાં સુરત જિલ્લામાં, ડાંગ, ધરમપુર વગેરે સ્થળોએ આદિવાસીઓની વસ્તી જોવા મળે છે. જંગલો અને ડુંગરાળ પ્રદેશો આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. તેમની પાસે પોતાની તળપદ સંસ્કૃતિ, પહેરવેશ, ઘરેણાં, લોકોત્સવ, લોકસંગીત, લોકવાદ્યો છે. અલગ અલગ પ્રદેશમાં વસતા આદિવાસીઓ પાસે વિવિધ પ્રકારના વાજિંત્રો છે. તેનો ઉપયોગ તે નૃત્ય, ઉત્સવ, મેળા, લગ્ન જેવા પ્રસંગોએ કરે છે. ઢોલ જેવા વાદ્યનો ઉપયોગ નૃત્ય ઉપરાંત દૂરના વિસ્તારમાં સંદેશો મોકલવા માટે કરે છે. તેઓ પોતાના આ વાદ્યો જાતે બનાવે છે અને આ વાદ્યો દૈવી ગણાતા હોવાથી એની પવિત્રતા જાળવવાનો આગ્રહ પણ રાખે છે. વાજિંત્રોની સાથે આદિવાસીઓની ઘણી બધી માન્યતાઓ પણ જોડાયેલી જોવા મળે છે. ભારતીય સંગીત શાસ્ત્રોમાં વાજિંત્રોને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે તેમ આદિવાસી વાદ્યોનું પણ વિભાગીકરણ કરી શકાય. તંતુ વાદ્યમાં અંબાડાની થાળી, મગલો, ઘાંગલો, ચોનકું, એકતારો, રાવણહથ્થો, પાવરી

વગેરે મુખ્ય છે. જ્યારે અનવદ્ય વાદ્યોમાં નગાર, ડુનક, તૂર, વહાવી, ઢાંકો, ઢોલ, માદોળને ગણાવી શકાય. ઘન વાદ્યોમાં કરગેસ, થાળી, દાંડિયા, ખપાટનો સમાવેશ થાય છે. જ્યારે સુષિર વાદ્યમાં તાડપુ, ડોબરું, નરહીલો, રોળી વગેરેને ગણી શકાય. લેખકે આ વાદ્યોનો વિગતવાર પરિચય આ પ્રકરણ અંતર્ગત કરેલો છે.

**ઉપસંહાર**

'ગુજરાતના લોકવાદ્યો' પુસ્તકમાં જોરાવરસિંહે વાદ્યના મુખ્ય ચાર પ્રકારો અંતર્ગત આવતા દરેક વાદ્યનો સુપેરે પરિચય કરાવ્યો છે. આ ઉપરાંત આદિવાસીઓમાં જે પ્રકારના વાદ્યોનો ઉપયોગ થાય છે તેની પણ ઝીણવટભરી અને તલસ્પર્શી માહિતી આપેલી છે. ચિત્રો દ્વારા દરેક વાદ્યોની જે સમજ આપવામાં આવી છે તે ખરેખર અદ્ભુત છે. વાદ્યની ઉત્પત્તિ, તેની સંકળાયેલ કથા, તેના વિવિધ નામો અને કયા પ્રદેશમાં તે વાદ્ય વગાડવામાં આવે છે તથા જે તે વાદ્યના કુશળ કારીગરોની માહિતી સંદર્ભગ્રંથોના ઉલ્લેખો દ્વારા આપી છે. લોકજીવનમાંથી આ વાદ્યો ધીમે ધીમે લુપ્ત થતા જાય છે ત્યારે લેખકે તેને સચિત્ર ગ્રંથાકારે પ્રગટ કર્યા છે. આ તેમનો લોકવાદ્યો તરફનો પ્રેમ બતાવે છે.

**૫. ૮ પ્રાચીન ભારતીય લોકરમતો**

**પ્રસ્તાવના**

'પ્રાચીન ભારતીય રમતો' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૮૩ માં પ્રકાશિત થયેલું છે. રમતો ઉપર અગાઉ છૂટાંછવાયાં ઘણા પુસ્તકો પ્રગટ થયાં છે, પણ આવું સંશોધનમૂલક અને સચિત્ર પુસ્તક આ રીતે તો સૌ પ્રથમવાર પ્રગટ થયું છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આજના યંત્રયુગના જમાનામાં આપણી પ્રાચીન રમતો દિવસે દિવસે ભુલાવા માંડી છે. આવી રમતોનું સ્થાન વિડીયો ગેમ, ટેલીવીઝન જેવા મનોરંજનના સાધનોએ લીધું છે. આ પુસ્તકમાં જોરાવરસિંહે ભારતની ૨૨ જેટલી પ્રાચીન રમતોની સચિત્ર માહિતી આપી છે. 'નૂતન ગુજરાતમાં' આ બધી રમતો ક્રમશઃ પ્રગટ થયેલી છે.

## *પ્રાચીન ભારતીય રમતો*

*"રમત શબ્દ સંસ્કૃત 'રમણ' માંથી આવ્યો છે. એનો અર્થ થાય છે રમવું અથવા રમનાર."[૩૨] માનવી પોતાની સ્વયંભૂ ઈચ્છાથી જે પ્રવૃત્તિ કરે તેને રમત કહેવાય. 'પદ્મચરિત' માં રમતના મુખ્ય ચાર પ્રકારો પાડવામાં આવ્યા છે.*

*૧. ચેષ્ટા – જે રમતોથી શરીરનાં અંગોઉપાંગોને ચલાવવાની જરૂર પડે તે રમત.*

*૨. ઉપકરણ – જે રમતોમાં સાજ-સરંજામ અને સામાનની જરૂર પડે તે રમત.*

*૩. વાકક્રિડત – જેમાં સુભાષિત કાવ્યક્રીડા ઈત્યાદિ આવે તે રમત.*

*૪. કલાવ્યત્યસન – જેમાં પાસા-જુગાર આવે તે રમત.*

*આમ જોઈએ તો રમતો પશુપ્રાણીના કુદરતી વર્તનમાંથી આવી છે એમ કહી શકાય. પક્ષીઓ એકબીજાને પકડવા દોડે છે, વાંદરાના બચ્ચા એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદે છે. આ જોઈને માનવ પણ એવી પ્રવૃત્તિ કરવા પ્રેરાયો. કાળક્રમે એ ચેષ્ટાઓ રમતના નામે ઓળખાઈ. આવી રમતોથી બાળકોનો શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ થાય છે. 'ઐતરેય બ્રાહ્મણ' માં વેદકાળમાં રમાતી જાતજાતની રમતોના ઉલ્લેખો જોવા મળે છે. પાલિ સાહિત્યમાં બાળકો માટેની દડાની રમત, ઘટિક, ચિગુલિક, મખ્ખિકા તથા કિશોરો માટેની અકખ, પંગચીરમ વગેરે જેવી રમતોના ઉલ્લેખો મળે છે. 'સ્કંદપુરાણ' માં દોરડાં ખેંચવાની રમત પ્રખ્યાત હતી. પાંચીકાની રમત માત્ર છોકરીઓ જ રમે છે. લોકજીવનમાં પતંગની રમત ખૂબ જ જાણીતી છે. આ સિવાય સંતાકૂકડી, સાતતાળી, આંબલી પીપળીની રમતો પણ ખૂબ જ જાણીતી છે. આ ઉપરાંત નૃપક્રીડા, નિલાયન ક્રીડા, આમલક મુષ્ટા ક્રીડા, ભ્રામણ ક્રીડા જેવી રમતોની વિવિધ સંદર્ભગ્રંથો સાથેની માહિતી અહીં રજૂ કરવામાં આવી છે, જે લેખકની વાંચનશક્તિના દર્શન કરાવે છે.*

## *દ્યુતક્રીડા, શતરંજ, ગંજીફો અને સાપ-સીડીની રમત*

*જુગારની રમત પ્રાચીન સમયથી લોકોનું મનોરંજન કરતી આવી છે. ચોસઠ કલાઓમાંની એક અત્યંત લોકપ્રિય કલા એટલે દ્યુતક્રીડા. આ રમત ઋષિમુનિઓ અને બ્રહ્મણોથી માંડી રાજવીઓ તથા વૈદો સુધી એકસરખી લોકપ્રિય હતી. દ્યુત-જુગઠાની રમતને ઋગ્વેદમાં 'અક્ષક્રીડા' તથા જુગારોના અડ્ડાને 'સભા' અને 'સંઘ' ના નામે ઓળખાવી છે. દ્યુતક્રીડા યોગ્ય ન હોવા છતાં પ્રાચીનકાળમાં તે મનોરંજનનું અતિરસદાયક સાધન ગણાતું. વૈદિકકાળમાં પ્રામાણિકતાથી જુગાર રમવા માટેના નીતિ-નિયમો નક્કી કરવામાં આવેલા હતા. જુગાર રમવાની પણ જુદી જુદી રીતો આવે છે. રામાયણ અને મહાભારત કાળમાં પણ દ્યુત રમવામાં આવતો, તેની વિગતો મળે છે. આ દ્યુત રમવા માટે સંયમની ખાસ જરૂર પડે છે. જો સંયમ ન હોય તો દુઃખી થવાય છે. 'હારેલો જુગારી બમણું રમે' એ રીતે ક્યારેય જુગાર ન રમાય અને પોતાની પ્રિય વસ્તુને જુગારમાં હોડમાં ન મુકવી જોઈએ.*

*પ્રાચીન ભારતની ચતુરંગની રમત એ આજની શતરંજ. શતરંજની શોધ ભારતમાં જ થઈ છે એવું 'મૂહસિમેહર' માં અમીર ખુશરો જણાવે છે. શતરંજની રમત કોણે શોધી તે અંગે વિદ્વાનોમાં ઘણાં મતભેદો છે. અમુક વિદ્વાનો એમ માને છે કે રાજા રાવણે આ રમતની શોધ કરી હતી, તો અમુક વિદ્વાનો એમ માને છે કે સિંહરામ નામના રાજાના શેષ નામના અમાત્યે કરી હતી. મોંહે-જો-દડોના અવશેષોમાંથી શતરંજના મ્હોરાં, પાસા અને દડા મળ્યા છે. ઈલોરાના ગુફાચિત્રોમાં શિવપાર્વતીને ચતુરંગની રમત રમતા બતાવ્યા છે. ચતુરંગ પર સંસ્કૃત ભાષામાં લખાયેલા ચાર ગ્રંથો પણ મળે છે. શતરંજની રમત દુનિયાના બુદ્ધિશાળીઓમાં અત્યંત લોકપ્રિય બની ગઈ છે. અત્યારે તો એની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ પણ યોજાય છે.*

*"ગંજીફો એ ફારસી શબ્દ છે. ભારતીય 'દશાવતાર' ની રમતનું નામ મુસ્લિમોના આગમન પછી ગંજીફો થઈ ગયું છે."[33] ગંજીફાનો પહેલો ઉલ્લેખ 'બાબરનામા' માંથી મળે છે. તથા 'આઈને અકબરી' માં પણ ગંજીફાનો ઉલ્લેખ છે. તે સમયે ૧૪૪ પાનાનો ગંજીફો હતો અને તેના ૯૬ પાના બનાવી અકબરે તેમાં સુધારો કર્યો. ભારતીય પાના હાથે બનાવવામાં આવતા અને તેના પર રંગબેરંગી ચિત્રો દોરાતા. આ પાના કાગળના જ નહીં પણ સોનારૂપાના,*

છીપના, ગેંડાની ચામડીના, હાથીદાંતના કે કાપડના પણ બનતા. ચંગકાંચન અને દશાવતાર ગંજીફાના આ બે પ્રકારો મુખ્ય હતા. ગંજીફામાં રાજવીઓ યુદ્ધપરંપરા, શસ્ત્રાસ્ત્રો, સૈનિકોના પહેરવેશના એમ જુદા જુદા ચિત્રો દોરાવતા. એના પરથી એ વખતના રાજવીઓ, રાજકિય, સામાજિક તથા સાંસ્કૃતિક માહિતી સુપેરે મળે છે. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આવો ગંજીફો બનાવરાવ્યો હતો.

આજની સાપ સીડીની રમત પ્રાચીન ભારતની 'જ્ઞાનચૌપાટ' રમત પરથી ઉતરી આવી છે. આ રમત મહારાષ્ટ્રના જ્ઞાનેશ્વર નામના સન્યાસીએ પ્રચલિત કરી હતી. આ રમતમાં ૭૨ ખાનાં હોય છે. આ ખાનાઓને જુદા જુદા નામ આપેલા હોય, જેમાં સાપ અને નિસરણીની જાળ બિછાવેલી હોય છે. એને વટાવીને વૈકુંઠ કે બ્રહ્મલોકમાં પહોંચાય છે. સાપ સીડીની રમતના આ માધ્યમ દ્વારા આપણા જન્મ-મરણના બધા સિદ્ધાંતોનું મૂળ મળી આવે છે. આ રમત કઈ રીતે રમાય છે તેની રીત આપવાનું પણ લેખક ચૂક્યા નથી.

## મર્દાનગીયુક્ત રમતો

સાહસિક યુવાનો ફાગણ સુદ પૂનમે પ્રગટાવેલી હોળીમાંથી નાળિયેર કાઢવાની રમત તથા હોળીને કૂદવાની રમત રમે છે. આ રીતે વિવિધ પ્રકારની શરતો રાખીને રમતો રમે છે. સૌરાષ્ટ્રની મેર જાતિમાં હોળી પ્રસંગે જુવાનોના બે પક્ષો પડી જાય અને સામસામે યુદ્ધ કરે છે. એ વખતે તેમના શસ્ત્રોમાં માટીની ભાંગેલી કોઠીઓના પોડા, ઢેખાળા અને પથ્થરો હોય છે. ઢેફા અને પથ્થરોના વરસાદથી કોઈના હાથપગ ભાંગે તો કોઈના માથા ફૂટે છે. આ રમતમાં ગમે તેટલું વાગે તો પણ વેરઝેર બાંધવામાં આવતું નથી. અમુક ગામોમાં જુવાનોના બે પક્ષો પડી જાય છે. એક પક્ષ ગામના ઝાંપામાં રહે છે અને બીજો પક્ષ ગામથી અડધો માઈલ દૂર ઉભો રહે છે. ઝાંપામાં ઉભેલો પક્ષ બીજા પક્ષને ઝાંપામાં દાખલ ન થવા દેવાની કામગીરી બજાવે છે, જ્યારે બહાર ઉભેલો પક્ષ ગામમાં દાખલ થવાની કામગીરી બજાવે છે. હોળી પ્રસંગે ભરવાડોમાં આંબલી રોપવાની રમત રમાય છે.

મલ્લવિદ્યા એ પ્રાચીન ભારતીય વિદ્યાઓમાંની એક વિદ્યા છે. આ મલ્લયુદ્ધો એ વેદકાળ જેટલા પ્રાચીન છે. વેદકાળમાં મુક્કાબાજીની પ્રથા જાણીતી હતી. જાતક

ગ્રંથમાં મલ્લકુસ્તીના વિશદ્ વર્ણનો મળે છે. પ્રાચીન સમયના મલ્લયુદ્ધોમાં સ્ત્રીઓ પણ ભાગ લેતી. રામની પાસે પણ સુનંદા મલ્લોની ટુકડી હતી અને રામ તેમની સાથે યુદ્ધ કરતા. ભીમ અને જયમલ્લનું મલ્લયુદ્ધ તો ખૂબ જ પ્રખ્યાત છે. મલ્લકુસ્તીની શરૂઆત એકબીજાના હાથ પકડીને કરવામાં આવતી, પછી પહાડની ટૂકો સામસામી ટકરાતી હોય તેમ મલ્લો સામસામી ટક્કરો લેતા. મુક્કા વડે એકબીજાના ખભા પર પ્રહાર કરવામાં આવતો. આ યુદ્ધથી ધરતી પણ ધ્રુજી જતી હતી. આ વીરોચિત રમત ગણાય છે.

ગામડામાં બાળકો અને જુવાનો હોળી પ્રસંગે શરતો બકે છે. આ શરતો રમતપ્રધાન જ હોય છે. ધંધુકાના ચોકડી ગામના બાપલ ગઢવી ફૂંક મારીને પાણીની બતક ફોડવાની, રૂપિયાના સિક્કાને હાથામં રાખી લંબગોળ કરવાની વગેરે જેવી મર્દાનગીયુક્ત શરતો રાખતા અને જીતી બતાવતા. આવી શરતપ્રધાન રમતો લોકોનું મનોરંજન પૂરું પાડે છે, એટલું જ નહીં પણ માનવીની હિંમત, મર્દાનગી અને અંગબળની અદ્ભુત કરામતોનું દર્શન કરાવે છે. પ્રાચીન ભારતમાં શિકાર પણ એક રમત હતી. વાઘ, સિંહ તથા ચિત્તાઓને બોડમાં સૂતેલા હોય ત્યારે તેમની બોડમાં ભાલાઓની અણી ઘોંચી તેમને સચેત કરી તેની સાથે સામી છાતીએ લડનારા ઘણા પુરુષો હતા. ગોવાળિયાઓ પાણીમાં ડૂબકી મારી મગરના પેટ નીચે પેસી તેને ચીરી નાખે અને પોતાના ઢોરને મગરના પંજામાંથી છોડાવે છે. તો વળી કેટલાક ધનુષબાણ લઈ આકાશમાં ઊડતી સમડી અને ગીધને મારે છે.

### કુંવારી કન્યાઓની રમતો

"દરિયાકાંઠે જાજે રે ઢીંગલી,

દરિયાને દાદો કહેજે રે ઢીંગલી."[૩૪]

ઢીંગલાઢીંગલીની રમત એ ગુજરાતની કોડભરી કુંવારી કન્યાઓની અત્યંત પ્રાચીન રમત છે. આ રમતમાં ઢીંગલા ને ઢીંગલીનું સગપણ કરવાથી માંડીને એની જાન જોડી લગ્ન કરાવે છે. આ રમતના ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાંથી મળે છે. મય દાનવની દીકરી પ્રભા લાકડાની પુતળીથી રમતી હતી એવો ઉલ્લેખ મળે છે. આદિવાસીઓમાં દિવાસોના દિવસે કન્યાઓ ધામધૂમથી ઢીંગલા-ઢીંગલીના લગ્ન કરે છે. તેમાં ઢીંગલો સફેદ

કાપડમાંથી બને છે, જ્યારે ઢીંગલી રાતારતુંબલ કાપડમાંથી બનાવવામાં આવે છે. તેમની ઊંચાઈ આશરે એકાદ ફૂટ જેટલી હોય છે. આ રમત દ્વારા કન્યાઓ રમકડાં બનાવતા, લગ્નના વ્યવહાર તથા લગ્નગીતો શીખે છે. કુંવારી કન્યાઓની આબરું બચાવવા માટે વીર દેદો લાઠીના ચોકમાં મરાણો હતો, તેથી ગામડાની કુંવારી કન્યાઓ અષાઢ મહિનામાં દેદાને કૂટીને અંજલિ આપે છે. ગામના પાદરમાં ધૂળ કે છાણનો દેદો બનાવી કન્યાઓ તેની સાથે એક કન્યાના રમતમાં લગ્ન કરે છે. દેદો યુદ્ધે ચડે છે, ઘવાય છે અને પછી એનું પૂતળું વિખી નાંખી દેદાને કૂટવા માંડે છે. મરસિયાં, છાજિયા જેવા ગીતો દેદાની આસપાસ વણાયાં છે. દેદા સાથે ઘણી બધી દંતકથાઓ જોવા મળે છે, તેનો પણ લેખકે અહીં પરિચય કરાવ્યો છે.

ગીતપ્રધાન અને નૃત્યપ્રધાન રમતો ખાસ કરીને પાંચથી બાર વર્ષની કન્યાઓ વધુ રમે છે. જેમાં ટપ માખી મારું, ફૂલફૂલ ઘોડો, દલ્લો કુ કુ કુ, હાથે કાંકણી, લીંખ રે લીંખ, ડોશી ડોશી ક્યાં ચાલ્યા ?, અડકણ-દડકણ, ચકી ચોખા ખાંડે રે વગેરે રમતોનો સમાવેશ થાય છે. આવી રમતોમાંથી કન્યાઓનું પરિશ્રમપ્રધાન જીવન ઘડાય છે. તહેવાર અને વ્રત પ્રસંગે પણ લોકજીવનમાં રમતો રમવામાં આવતી. કન્યાઓ મોળાકત, ગોર્યમાના વ્રત કરીને જાગરણ કરે છે. તે વખતે ટીટોડા, હીંચ જેવા લોકનૃત્યોની સાથે નૃત્યપ્રધાન રમતો રમવામાં આવે છે. લોકજીવનમાં આવી રમતોનું આયોજન કન્યાઓને જુદી જુદી તાલીમો આપવા માટે થયું છે.

**જળવિહાર અને નૌકાદોડ**

વિવિધ પ્રકારના મનોરંજન અને રમતોમાં સમુદ્રક્રીડા અને જળવિહારની રમતો આદિવાસીઓથી માંડીને સુસંસ્કૃત નાગરીક સુધી પ્રચલિત હતી. ખાસ કરીને વસંતઋતુમાં આ રમતોનું આયોજન કરવામાં આવતું. જળક્રીડા સમુદ્ર, નદી, ઝરણા, ધરા કે વાવોમાં જ નહી હોજમાં પણ કરવામાં આવતી. શ્રીકૃષ્ણએ જળક્રીડાને લોકપ્રિય બનાવી છે, તથા જળવિહારની સાથે સંગીતનો પણ તેમણે સમાવેશ કર્યો છે. જળક્રીડામાં કલાનો સમન્વય થયેલો જોવા મળે છે. પ્રાચીન યુગમાં ધારાગૃહો જળક્રીડાનું અવિભાજ્ય અંગ ગણાતું. આવા ધારાગૃહોની રચના વાસ્તુશાસ્ત્રની રીતે કરવામાં આવતી. આ જળની રમતો ક્યારેક જીવલેણ પણ સાબિત થાય છે, તેવા પણ ઉલ્લેખો મળે છે. પ્રાચીન સમયમાં ચૈત્ર મહિનામાં કાશીમાં 'બુઢવા મંગલ' નો મેળો ગંગા

નદીના જળપ્રવાહ પર સેંકડો નાવોમાં ઉજવાતો. કેરળમાં 'ઓણમ' ના ઉત્સવપ્રસંગે નદીઓમાં સર્પ નૌકાદોડની હરીફાઈઓ થાય છે. આમ પ્રાચીન કાળથી જીવનદાતા જળની સાથે રમતો જોડાયેલી છે. આજે એના અવશેષો પાણીમાં ડૂબકીદાવ, પાટુડીદાવ જેવી ગામડાંની જળ રમતોમાં જોવા મળે છે.

### બાળકોની લોકરમતો

કન્યાઓની જેમ કુમારોની ગીતમઢી રમતો પણ લોકજીવનમાં જોવા મળે છે. કુમારોની રમતો કુતૂહલવૃત્તિને જાગૃત કરે છે અને તેમના બુદ્ધિચાતુર્યને ખીલવે એવી હોય છે. છાનગપતિયું, ઈત્તે ઈત્તે પાણી, મામાનું ઘર કેટલે?, પાગલો પા, ચાંદોપોળી ઘીમાં ઝબોળી, ઢીંકો મારું પાટું મારું, સંતાકુકડી, ચારકૂંચી, મોઈદાંડિયો, ભમરડો, ઓળકામટીદા, આમળીપીપળી, સાત તાળી, ઊભી ખો જેવી રમતો બાળકો દ્વારા રમવામાં આવે છે. ગામડાઓના લોકસમાજના બાળકોની જેમ કુદરતના ખોળે વસતા આદિવાસી બાળકો પણ જાતજાતની રમતો રમીને આનંદ માણે છે. 'ગુજરાતના દૂબળાઓ' માં આણપણ, કઈડિયો કુંભાર, ઓ રે વાઘરણ, પાણીમાં ઇંડુ, એન ઘેન દીવા ઘેન, મામાનું ઘર કેટલે? જેવી રમતોનો ઉલ્લેખ કરેલો છે.

જ્ઞાન સાથે ગમ્મત આપતી ઉખાણાંની રમત ગામડામાં અને નગરોમાં આજે જોવા મળે છે. નાના નાના બાળકો ટોળું વળીને એક જગ્યાએ બેસે છે. એક બાળક ઉખાણું પૂછે છે. બીજો એનો જવાબ આપે છે. પછી જવાબ આપનાર ઉખાણું પૂછે છે. આમ કલાકો સુધી આ ઉખાણાંની રમત ચાલ્યા કરે છે. મનોરંજક ઉખાણાં દ્વારા બુદ્ધિની કસોટી થાય છે, સાથેસાથે કાવ્યાત્મક ઉખાણાં યાદ રાખવાને કારણે બાળકોની યાદશક્તિમાં પણ વધારો થાય છે. આ ઉખાણાં ગુજરાતના પંથકેપંથકમાં જાણીતા છે. કચ્છી બોલીમાં તે 'પિરોલી' ના નામે ઓળખાય છે. આજે શહેરોમાં મનોરંજનના સાધનો અને માધ્યમોનો વ્યાપ થતા શહેરી બાળકો આવી રમતોથી અળગાં થતાં જાય છે. ગ્રામબાળકોએ હજુ આ લોકરમતોના વારસાને જાળવી રાખ્યો છે અને તેના દ્વારા તે સાચું શિક્ષણ પ્રાપ્ત કરે છે.

આ ઉપરાંત અન્ય રમતોમાં જોઈએ તો પશુપ્રાણીઓ સાથે જોડાયેલી ભારતીય રમતોનું પગેરું છેક વેદકાળમાંથી મળે છે. તે સમયે ઘોડાદોડનું આયોજન કરવામાં

આવતું. વેદોમાં આ રમતને 'આજિ' એવું નામ આપવામાં આવ્યું છે. ધનતેરસના દિવસે ગાયોની દોડની હરિફાઈઓ કરવામાં આવતી. બળદદોડ, સાંતીદોડ, ગાડાદોડ તથા મેળા પ્રસંગે ઊંટદોડની રમતો યોજવામાં આવે છે. આ ઉપરાંત ગેડીદડાની રમત પણ લોકજીવનમાં જોવા મળે છે. પ્રાચીન સમયથી આ રમત આપણે ત્યાં રમાતી આવી છે. આજની હોકીની રમત એ જ ગેડીદડાની રમત છે.

**ઉપસંહાર**

જોરાવરસિંહે આ ગ્રંથમાં વેદકાળથી માંડીને રામાયણ, મહાભારત અને આજના લોકજીવનમાં પ્રચલિત લોકરમતોને શક્ય તેટલે અંશે સમાવી લેવાનો પ્રયત્ન કર્યો છે. તેમનાં આ પુસ્તકમાં રહેલા ચિત્રો પુસ્તકની શોભામાં અનેરો વધારો કરે છે. આવી રમતો રમવાથી બાળકોની શારીરિક, માનસિક, બૌદ્ધિક શક્તિનો વિકાસ થાય છે, તથા સમાજના જે કંઈ રીતરિવાજો છે તેનાંથી પણ માહિતગાર થાય છે. આજના યંત્રયુગના સમયમાં મનોરંજનના અસંખ્ય સાધનોનો પ્રચાર અને પ્રસાર વધતાં ધીમે ધીમે આ લોકરમતો ભૂલાવા માંડી છે. આ લોકરમતો નામશેષ થઈ જાય તે પહેલા લેખકે તેને ગ્રંથાકારરૂપે પ્રગટ કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રશંસનીય અને દાદ માંગી લે તેવું છે.

## ૫. ૯ કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ

**પ્રસ્તાવના**

જ્યારે બીજા કોઈ હુન્નર કે ઉદ્યોગધંધા હતા નહીં ત્યારે લોકોનું જીવન કૃષિ સાથે સંકળાયેલું હતું. માનવીને કૃષિની ઉન્નત ભૂમિકાએ પહોંચાડવામાં પશુઓ અને સ્ત્રીઓનું યોગદાન મહત્ત્વનું છે. ખેડૂતોના ઘરમાં રહેલા ખેતીના ઓજારો એ જ તેમનું રાચરચીલું. ખેડૂતો પશુઓનું પોતાના જીવની જેમ જતન કરે છે અને વારતહેવારે તેમને શણગારે છે. ખેડૂતનો બળદ મૃત્યુ પામ્યો હોય ત્યારે ખેડૂતને ડૂસકે ડૂસકે રડતો તમે જોયો છે? કે પછી ખેડૂત પોતાના પશુને વેચી દે પછી તમે ખેડૂતના નિ:સાસા સાંભળ્યા છે? આ બધુ આપણને વિચારોના મહેરામણમાં

ડૂબાડી દે છે. જોરાવરસિંહે આ બધુ જ જોયું, જાણ્યું અને માણ્યું છે એટલે જ તેઓ કૃષિસંસ્કારને લગતું આવું સુંદર પુસ્તક આપણને આપી શક્યા છે. 'કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ' નામનું પુસ્તક ઈ. સ. ૨૦૦૧ માં પ્રકાશિત થયેલું છે.

## કૃષિસંસ્કૃતિના છડીદાર પશુઓ અને તેના શણગારો

કૃષ્ણ શબ્દ જ 'કૃષ' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. કૃષ્ણ એટલે 'ગોપાલ' અને 'ગોપાલ' એટલે ગાયોને પાળનાર. પ્રાગૈતિહાસિક કાળના માનવ સંસ્કૃતિના વિકાસના પ્રાથમિક તબક્કાથી જ શરૂ કરીને આજ દિવસ સુધી માનવી અને પશુઓ વચ્ચે અવિભાજ્ય સંબંધ રહેલો છે. માનવી પ્રાચીન સમયથી ગાયો, ભેંસો, ઊંટ, ઘોડા, બળદો, કૂતરા જેવા પશુઓને પાળતો આવ્યો છે. આપણી ભાષાને પશુઓ પાસેથી અતિ સમૃદ્ધ કહી શકાય તેવી શબ્દોની સોગાત પ્રાપ્ત થયેલી છે. પશુઓના નામ ઉપરથી ગોધાભાઈ, હાથીભાઈ, વાઘાભાઈ જેવા મનુષ્યના નામો અને ખારાઘોડા, હાથીજણ, ભેંસાણ વગેરે જેવા ગામોના નામો અસ્તિત્વમાં આવ્યાં છે. પશુઓ માણસની અત્યંત નીકટ હોવાથી માણસે ઘોડાને રોજો, ગાયોને કાબરી જેવા ઉપનામો કે હુલામણાના નામો પણ આપ્યા છે.

આવા પશુઓ મનુષ્યને અનેક રીતે ઉપયોગી સાબિત થયા છે. દૂધ, દહીં, ખેતી, મુસાફરી, માલસામાનની હેરફેર, સંદેશાની આપ-લે, ખાતર, ઊન એમ વિવિધ કામોમાં આ પશુઓએ પોતાની ઉપયોગીતા સાબિત કરી આપી છે. છેક વેદકાળથી પશુઓ સાથે લોકઉત્સવો સંકળાયેલા છે. જેમકે હાથીનો મંગલોત્સવ, મહાભારત સમયનો ગોક્રીડન ઉત્સવ, વૃષભોત્સવ ઉજવવામાં આવતા. આ દિવસોમાં શણગારવામાં આવતા અને તેની પૂજા કરવામાં આવતી. એ જ રીતે અખાત્રીજને દિવસે કણમાંથી મણ અનાજ આપનારી ધરતીની પૂજા કરતા.

લોકજીવનમાં ગૌપૂજાનો આદર્શ ખૂબ જ મહિમાવંત છે. ગાયને ધરતી માતા જેટલી જ પૂજ્ય ગણવામાં આવે છે. આ ગાયોનું પાલન પાંચ હજાર વર્ષ પહેલાનું છે. પૌરાણિક કથા મુજબ સમુદ્રમંથન કરતી વખતે તેમાંથી નીકળેલા ચૌદ રત્નોમાંનું એક રત્ન એટલે ગાય. આ પ્રકરણ અંતર્ગત લેખકે વિશ્વમાં રહેલી ગાયોની જાતો, ગોપાલન કરતી જાતિઓ તથા લોકસાહિત્યમાં મળતી છત્રીસ જાતોનો પરિચય કરાવ્યો છે.

પશુઓને વિવિધ પ્રકારે શણગારવાની પ્રથા છેક વેદકાળથી ચાલી આવે છે. પશુઓની માંદગી મટાડવા માટે માનવી જુદા જદા દેવોને પ્રાર્થના કરતો, તેમની બાધાઓ પણ રાખતો. ઋગ્વેદમાં જણાવ્યું છે તે મુજબ પશુઓના રક્ષણ માટે રક્ષક દેવોના રૂપે 'પૂષા' ની પ્રતિષ્ઠા થઈ હતી.

'લોકસંસ્કૃતિમાં પશુઓ' નામના પુસ્તકમાં પશુઓ વિશે વિસ્તૃતમાં સમજાવેલ હોવાથી અહીં ટૂંકમાં સમજ આપેલી છે.

### કૃષિ ઓજારો

માનવજાત જેમ જેમ વિકસતી ગઈ તેમ તેમ જંગલોમાંથી વૃક્ષો કાપીને ખેતરો બનાવ્યા હશે. ખેતરોમાં શ્રમને હળવો કરવા માટે શરૂઆતમાં ચીલાચાલું ઓજારો બનાવ્યા હશે. સમય જતા તેમાં ફેરફાર કરીને વિકાસ સાધ્યો હશે એમ માનવામાં આવે છે. હળ અને મુશળ આ બન્ને હથિયારો મહાભારત જેટલા પ્રાચીન છે. તેના શોધક બલરામ ગણાય છે. હળને 'લાંગુલ' ના નામથી પણ ઓળખવામાં આવે છે. સિંધુ ખીણની સંસ્કૃતિમાં સામાન્ય ખોદકામ માટે એક બાજુ કુહાડી અને બીજી બાજુ કોદાળી જેવા જે હથિયારો વપરાતા હતા, તેની આકૃતિ હળને મળતી આવે છે. હળ અને મુશળની શોધની કથા મહાભારત અને પુરાણોમાંથી મળે છે. હળ શોધાયા પહેલા ખેડૂતો કોદાળીથી ખેતી કરતા, પરંતુ હળ આવ્યા પછી ધરતી કણમાંથી મણ અનાજ આપવા લાગી. છોતરાંવાળાં અનાજ અને કઠોળના છોતરાં દૂર કરવા માટે મુશળ વપરાય છે. આ મુશળ એટલે આજનું આપણું ધાન ખાંડવા માટેનું સાંબેલું. આ બે આયુધો એવા છે કે જેનો યુદ્ધમાં લડવા માટે અને ધરતીને ખેડવા માટે પણ ઉપયોગ થતો. આમ બેવડા ઉપયોગના કારણે હળ મુશળ અત્યંત ઉપકારક બની રહ્યાં.

ખેતીવાડી અને માલસામાનની હેરફેર માટે હજારો વર્ષ પહેલા શોધાયેલું ગાડું અજોડ છે. એક સર્વેક્ષણ મુજબ ભારતમાં ૧ કરોડ ૩૦ લાખ જેટલા ગાડાં આજે પણ જોવા મળે છે. બળદગાડાંનો સૌપ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાંથી મળે છે. “વેદકાળમાં 'અનસ' નામનું બળદગાડું વ્યાપાર માટે જાણીતું હતું.”[૩૫] એ વખતે બળદની જગ્યાએ ગાયોને પણ જોડવામાં

આવતી. આવા ગાડાંઓ પ્રદેશે પ્રદેશે અલગ અલગ પ્રકારના જોવા મળે છે. જેમકે ઝાલાવાડમાં 'લાંગડા' અને 'રેઢવા', ગોહિલવાડમાં 'દમડી', હાલાર અને સોરઠમાં 'ચવિટિયા' કે 'રવૈયા' ગાડાં વપરાય છે. આ ગાડાંનો ઉપયોગ ખેતીકામ ઉપરાંત લગ્નપ્રસંગમાં પણ થતો. જાનમાં જાય ત્યારે ત્યાં ગાડાંદોડની હરિફાઈ યોજાતી. હરખુડા માનવીઓએ આવા ગાડાંઓને લોકસાહિત્યમાં પણ સ્થાન આપ્યું છે. આ સિવાય અન્ય કૃષિ ઓજારોમાં જોઈએ તો કરબડું, રાપડી, કૉંસ, ખંપાળી, ખાંપયો વગેરેનો સમાવેશ કરી શકાય.

## વલોણું, ઘંટી અને સૂપડું

વલોણું એ ગોપસંસ્કૃતિનું પ્રતીક છે. કૃષિ પછીનો બીજો મહત્ત્વનો વ્યવસાય પશુપાલનનો હતો. સાડા ચાર હજાર વર્ષ પૂર્વે યાદવો પોતાની ગોપસંસ્કૃતિ સાથે વલોણું લાવેલા. સામાન્ય રીતે સીસમ, સાગ કે બાવળના લાકડામાંથી વલોણું તૈયાર કરાય છે. તેના નીચેના ભાગે લાકડાની ચાર ખૂણાવાળી કૂદડી હોય છે. કૂદડીમાં બેસાડેલા લોઢાના ચાર સળિયા સાથે વલોણાનો દાંડો જોડીને તેને લોખંડની કૂંડલીથી જડી દેવામાં આવે છે. છાશ બનાવવા માટે અને ઘી કે માખણ બનાવવા માટે આ વલોણાનો ઉપયોગ થતો. વલોણાને લોકજીવનમાં રિદ્ધિસિદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. તેથી જ નારીઓએ તેને જુદી જુદી કલા અને લોકગીતોમાં સ્થાન આપ્યું છે.

"સોનલા ગોળી ગોરસભરી, ને નેતરે વળી નાર!

નિત નિત ગોરસ ઘૂમતી, જો પૂજ્યા હોય મોરાર!"[૩૬]

ચક્રની શોધે માનવીને ગાડું, ચાકડો તથા ઘમ્મર ઘંટી આપી. બે દાયકા પૂર્વે વહેલી સવારે એકએક ઘર ઘંટીના નાદથી ગૂંજી ઉઠતું. ડૉ. હસમુખ સાંકળિયાની નોંધ મુજબ ઈ. સ. ૧૦૦ પૂર્વે ઘંટીના અસ્તિત્ત્વનો નહિ જેવો પુરાવો મળે છે. ઈ. સ. ની શરૂઆતમાં અનાજને વાટવાના પાટા વપરાતા. ઈ. સ. ૮૦૦ ની આસપાસ એશિયા માઈનોરમાં લોહયુગના આરંભ પછી ઘંટીની શોધ થઈ હોવી જોઈએ. જૂના કાળમાં સલાટી લોકો ઘંટી વેચવાનો વ્યવસાય કરતા. જો ઘંટીથી દળવામાં આવે તો શરીરના અંગોને ઉત્તમ પ્રકારની કસરતો મળી રહે છે. નારીઓ માટે

આ ઘંટીઓ ક્યારેક અભિશાપરૂપ પણ બનતી. ધ્રાંગધ્રા અને પોરબંદરની ઘંટીઓ સૌથી વધારે પ્રચલિત છે.

સૂપડાને લોકજીવનમાં સમૃદ્ધિ અને શુભ શુકનનું પ્રતીક મનાયું છે. સૂપડું એ અનાજ સાફ કરવા માટેનું સાધન છે, પણ ધાર્મિક વિધિવિધાનોમાં એને સ્થાન મળતાં લોકજીવન અને લોકબોલી સાથે એનો નવો સંદર્ભ જોડાયો. સૂપડું સામાન્ય રીતે વાંસ, ઘાસ અને લાકડામાંથી બને છે અને તે અનાજને સોવા, ઝાટકવા, વાવલવા, પાહટો કરવા માટે વપરાય છે. આ ઉપરાંત સીમંત, લગ્ન, પીઠી, જનોઈ વગેરેમાં પણ તેનો ઉપયોગ થાય છે. આ સૂપડાં સાથે ઘણી બધી લોકમાન્યતાઓ પણ સંકળાયેલી જોવા મળે છે.

આજના યુગમાં વલોણું, ઘંટી તેમજ સૂપડું બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. થોડા વર્ષો પછી કૃષિસંસ્કૃતિ સાથે જોડાયેલા આ સાધનો સંગ્રહસ્થાનમાં જ જોવા મળશે, એ સમય હવે વધારે દૂર નથી.

## માટીકળાનાં પ્રતીક મજૂસ, કોઠી-કોઠલા અને મેરૈયું

મજૂસ અને કોઠી-કોઠલા ગુજરાતની લગભગ તમામ જાતિઓમાં ઘરેઘરે જોવા મળે છે. મજૂસનું મૂળ નામ 'મંજૂષા' છે, પણ બોલી ભેદે તે મજૂડા, મજૂડુંના નામે પણ ઓળખાય છે. ગામડાની અભણ નારીઓએ પોતાની કોઠાસૂઝથી તેની શોધ કરી છે. દૂધ, દહીં વગેરે ચીજો મૂકવા માટે નારીઓએ ધૂળમાંથી મજૂડાં બનાવ્યા. તથા ઘરમાં અનાજ સંગ્રહ કરવા માટે કોઠી-કોઠલા પણ બનાવ્યા. આ ચીજો ખેડૂતોની જરૂરિયાતની વસ્તુ મનાય છે. સારી માટી અને ઘોડાની લાદમાંથી મજૂસ અને કોઠી-કોઠલા બનાવવામાં આવે છે. તેમાં વાંસની ખપાટુંનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેના પર નારીઓ વાટાનકશી, આળેખચિત્રો પણ બનાવે છે. આજે તો ગામડાઓમાં ઇંટો અને પથ્થરના ઘરો બનવા લાગ્યા છે ત્યારે મજૂડા અને કોઠી-કોઠલાનું સ્થાન લોખંડ અને લાકડાના કબાટો લેવા માંડ્યા છે.

દિવાળીની પૂર્વ સંધ્યાએ ગામના ખેડૂતો કુંભારના ઘરેથી મેરાયાં લાવી, તેની નીચે કપાસની સાંઠી ખોસી તેમાં કપડાની તેલવાળી વાટ મૂકવામાં આવતી. અંધારું થાય

ત્યારે મેરાયું પ્રગટાવી ઘરમાં રહેલા ઢોરને બતાવવામાં આવતું. એની પાછળની લોકમાન્યતા એવી છે કે એનાંથી ઢોરમાં રોગચાળો નથી આવતો. આ મેરૈયાની પરંપરાની કથા પણ અહીં રજૂ કરવામાં આવી છે. આ પરંપરાનો સીધો સંબંધ શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલો છે. આજે ખેડૂતોના આંગણેથી બળદો ગયા અને ટ્રેક્ટરો આવ્યા તેથી આ પ્રથા સાવ નામશેષ થઈ ગઈ છે.

### ઉપસંહાર

'કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ' આ પુસ્તકમાં લેખકે કૃષિ સાથે સંકળાયેલ પશુઓ, તેમના શણગારો અને લોકદેવો, કૃષિ ઓજારો, ઘંટી, મેરૈયું વગેરેની કુલ ૧૨ પ્રકરણ અંતર્ગત વિશદ્ ચર્ચા કરેલી છે. આ માહિતી સચિત્ર હોવાથી શિષ્ટ કે શહેરી વાચક ભાવકને સમજવામાં સરળતા રહે છે. "પથ્થરયુગનો શિકારી માનવી જમીન પર સ્થિર થઈ કૃક્ષિ સાથે સંયોજાયો, પશુપ્રાણીને પાળતો થયો, આર્થિક રીતે સ્થિર થયો ત્યારે એના જીવનમાં કયા કયા પદાર્થોને કેવું સ્થાન હતું તેની ગંભીર નોંધો લેખકે લીધી છે."[39] કૃષિ સંસ્કૃતિને લગતી નાનામાં નાની વાતને પણ લેખક ભૂલ્યા નથી. ભૌતિક સંપતિની ભરમાળમાં કૃષિસંસ્કૃતિ અને સંસ્કાર ઝડપથી લોપાવા માંડ્યા છે. બળદ અને ગાડાં ગયા તથા ટ્રેક્ટરો આવ્યા. ઘોડા ગયા ને મોટરો તથા બાઈકો આવ્યા. એ બધાની સાથે પશુના શણગારો ને સંસ્કારો પણ ગયા. ગોડાઉનો થતાં અનાજ સંઘરવાના કોઠી-કોઠલાય ગયાં. જૂના સાંતી, હળ, મૂશળ અને કૃષિ ઓજારો બનાવનારાનો યુગ આથમી ગયો. આવતી કાલે કૃષિ સંસ્કૃતિ ને સંસ્કારને જાણવા માટે પુસ્તકો સિવાય લોકજીવન પાસે કશુંય નહીં બચ્યું હોય.

## ૫. ૧૦ કારાણીકુંજ

### પ્રસ્તાવના

આ ગ્રંથના લેખક કવિશ્રી દુલેરાય કારાણીનો પ્રદેશ એટલે કચ્છ. જ્યાં કાળા ડુંગર પર ધોળુંડા ધણ (સફેદ ગાયોના ધણ) ચરે છે એવી ધરા કચ્છ. રાજસ્થાન અને કાઠિયાવાડની જેમ કચ્છમાં પણ આગવી લોકસંસ્કૃતિનું સર્જન થયું છે. એ કચ્છી નર-નારીઓનું

ખમીર, ખુમારી, ત્યાગ, ટેક, બલિદાન અને રખાવટની આ ગ્રંથમાં સુવર્ણાક્ષરે લખાયેલ નોંધ છે. કચ્છનું ભર્યુંભાદર્યું લોકજીવન અને લોકજીવનની કલાપ્રિયતા અદ્‌ભુત પ્રકારની છે. જગતના ઈતિહાસમાં કે લોકજીવનમાં આ ઘટનાઓનો જોટો બીજે ક્યાંય જડે તેમ નથી. આવા ડોલરિયા દેશની લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને ઈતિહાસ કચ્છનું પ્રતિનિધિરૂપ કહી શકાય એવું સાહિત્ય આ ગ્રંથમાં પ્રગટ થયું છે.

"ધન્ય ધરણી કચ્છ" સંત, શૂરા અને દાતારનો દેશ કચ્છ, વંકા ડુંગરા ને રેતાળ પ્રદેશ કચ્છ ભારત માતાને ખોળલે ખેલંતી ધન્ય ધરા કચ્છનું વર્ણન હૃદયમાં કોતરાઈ જાય છે. કુદરતે મોકળે મને કચ્છ પ્રદેશને પ્રાકૃતિક સૌંદર્ય અને સમૃદ્ધિ આપેલા છે.

"વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીય વરછ,

વંકા કુંવર તડે થીંએ, જ પીએં પાણી કચ્છ." આ દોહરો ડોલરિયા કચ્છ દેશનું આબેહૂબ વર્ણન કરે છે.

કચ્છના પૂરાતન કાળમાં ડોકિયું કરીએ તો રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર અને પાંડવબંધૂઓના પૂનિત પગલાથી કચ્છ ધરા પાવન બની છે. સાધુ, સંતો, પીર, ફકીર, ઓલિયા, ભક્તો, કવિઓ, શૂરા, દાતારો અને નારાયણ સરોવર, કોટેશ્વર જેવા તીર્થધામની આ ભૂમિ છે. કુલ ૧૧ વિભાગમાં પ્રગટ થયેલ કચ્છ પ્રદેશનું ખમીરવંતુ લોકજીવન અને ભાતીગળ લોકસંસ્કૃતિનું વિશિષ્ટ શબ્દચિત્ર ઉપસાવવાનો પ્રયાસ આ ગ્રંથમાં થયેલ છે.

**કચ્છની પ્રાચીન કથાઓ**

'લાખો ફુલાણી અને વિક્રિયો પૂનાણી' કથામાં ખરા દાતારની સાદગીપૂર્ણ જીવનશૈલીનું વર્ણન છે. પીલુનું દાન કરનાર ખરા દાનવી વિક્રિયો પૂનાણીની લાજ ઈશ્વરે રાખી. ખરા દાનવી તો ખાંડાની ધાર પર ચાલી જાણે એ પ્રતિત થાય છે. 'કરાયલ સમો અને કપૂરી સંધાર' કથા દ્વારા કચ્છના સ્ત્રી પુરૂષના કળ, બળ અને ખૂમારી અને વટના દર્શન થાય છે. પરમાર્થ કાજે લૂંટ કરતા બાપ કરાયલનો વારસો ખમીરવંતા પુત્ર વીંઝારે રાખી બતાવ્યો.

'જખદેવતા' માં ઋષિ ભક્તોની ભાળ લેવા રૂમશામથી નીકળેલા ૭૨ જખદેવો કચ્છના જખૌ બંદરે ઉતર્યા. સાંઉ નામનો જખ તેમનો સરદાર હતો. જામ પુંઅરાના રાજકાજમાં તેમણે માથું માર્યું અને બન્ને પક્ષે નુકસાન થયું. પદ્ધરગઢનો નાશ થયો. 'જામ લાખા ફુલાણીનો પબૂપસર' માં પબૂપસર નામનો પાણીપંથો ઘોડો દેખીતા કંઈ કારણ વગર પોતાનો એક પગ ઉંચો ને ઉંચો અદ્ધર ઝીલી રાખતો. તેનો ઈલાજ રાજ સોલંકીએ કરી આપ્યો, બદલામાં જામ લાખા ફુલાણીની બહેનના રાજ સોલંકી નામના અંધ રાજકુમાર સાથે ધામધૂમથી લગ્ન કરી દીધા. કેટલો બધો અદ્‌ભુત અશ્વપ્રેમ! 'સૂવર્ણપુરસો' માં પુરૂષ જેવું નાના કદનું સોનાનું પૂતળું બન્યાની કથા આલેખી છે. આ સૂવર્ણપુરસોના ચમત્કારો અને આ સૂવર્ણપુરસાનું જતન ભૂજ પાસે આવેલ સુખપર ગામથી થોડે દૂર ઝૂડક અને ઝૂડકી નામના કુદરતી પાતાળ કુંડમાં થયું એની વિગતો રસપ્રદ રીતે રજૂ કરેલ છે.

**કચ્છ કથામૃત**

દ્રશ્યને તાદ્દશ ખડું કરવાની શબ્દશૈલીથી અદ્‌ભુત કલાપ્રેમ 'વ્રજવાણીનો ઢોલી' માં કંડારેલ છે. તો મિલકત અને સંસ્કૃતિના જતન ખાતર ત્રાગું કરનાર ચારણ જાતિના સમર્પણની વાત 'માતા દેવલબાઈ' ની કથામાં દુહા મઢી તળપદી બોલીમાં સચોટ રજૂઆત કરી છે. 'રમુજનો રાજા ગોવિંદ જોશી' માં ધાર્મિક સ્થળોએ ગરીબ અમીરના ભેદભાવનું વેધક વર્ણન કર્યું છે. વળી જેવાની સાથે તેવા અને લાતનું ભૂત વાતથી ન માને એવી રમુજો હૈયાકારક છે. સંઘડ ગામના આહિર જુવાનના બાહુબળ અને તક જોઈને દાવ અજમાવવાની ચપળતાનું નિરાડંબર વર્ણન 'હરભમ ભૂત' ની કથામાં કરેલ છે. વીજળી નામની આગબોટની જળ સમાધિથી કચ્છ સૌરાષ્ટ્રના ગામોમાં કાળો કેર વર્તાયાની વાત અને શુભાશુભ બનાવના આગોતરા એંધાણીની વાત હૃદયદ્રાવક છે. એક અભણ સ્ત્રી જેઠીબાઈ પોતાની કોઠાસૂઝ, આત્મબળ, વ્યવસાય, સાહસ, પરમાર્થથી મૂઠી ઊંચેરી બની ધર્મપરિવર્તન – ન્યાય અન્યાયને વૈજ્ઞાનિક ઢબે મૂલવી કેવા સત્કાર્યો કરે છે તેનું આબેહૂબ વર્ણન 'વીર ક્ષત્રિયાણી જેઠીબાઈ' ની કથામાં કરવામાં આવેલ છે.

**કચ્છી લોકવિનોદ, કહેવતો અને પિરોલી**

કચ્છી બોલીના તળપદા શબ્દો દ્વારા કરાયેલ લોકવિનોદમાં વાચકને કાયર પતિનું વર્તન, અજ્ઞાનતા, શ્લેષ યુક્તિઓ, હાજર જવાબીપણું એવા લોકવ્યવહાર સમજાય છે. 'ખથો ન તો છડે' માં સફેદ રીંછને ધાબળો માની લેવાથી થતો વિનોદ બતાવ્યો છે. 'હલ અસાંજે મારીએ' માં માળિયાના મિંયાણા ઈશ્વરથી પણ ડરતા નથી એવો વિનોદ છે. 'હથેં મિંજા હલ્યો વ્યો!' કવિની ચતુરાઈ અને હાજર જવાબીપણાનું આદર્શ દ્રષ્ટાંત છે.

કહેવતો થોડામાં ઘણું કહી જાય છે, રમૂજ પણ પેદા થાય છે. જેમકે 'પતો નાંય મા જો ને રુએ તો નાનીકે' , 'બાડી અંખે બ ચંધર', 'કચ્છ જો મીં પણ મઢો', 'અકલજો ઓથમીર', 'મડાઇભાજી ખણી આયો કોથમીર' શબ્દપ્રાસની સાથે બોલવામાં એક પ્રકારનો ઉમંગ આવે ને સાથે સાથે હાસ્ય પણ આવે છે. આ કહેવતોમાં જીવનવ્યવહારના દરેક ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. 'ભલભલા કુંવારા ને બોડે કે બ ખપેં' , 'મીંયા છણ્યા પણ ટંગડી ઉંચે' મિથ્યાભિમાનને લગતી રમુજી કહેવતો છે.

બહુ જ સામાન્ય લાગતી બાબતો ઉખાણા રૂપે રજુ કરી છે. જેમકે 'ભરે મેડાવે બકરો બોલે', 'ડીંજો ભરેઓ, રાત જો ઠલો' એવા કોયડાઓ માણસને વિચાર કરતાં કરી મૂકે છે. પ્રાકૃતિક તત્ત્વો, વર્તન બાબતોને ઉખાણામાં વણી લીધેલ છે.

### ***કચ્છનું લોકસાહિત્ય અને લોકગીતો***

કાવ્ય પંક્તિ જેવા ૪૧ સુભાષિતોમાં કચ્છ ધરાના માણસોની અમીરાત, પ્રિયાને મન પિયુની છબી, પ્રેમની પરખ, ત્યાગ, દાન અને જીવનોપયોગી શીખામણનો સમાવેશ કરેલો છે. જેમકે 'હોથલ હાલો કચ્છડે', 'જિત માડુ સવા લાખ.' આમ કચ્છના લાખેણા માડુ જેવી માનવ વિરાસતની વાત કહી છે. પેટ વિશે 'ભરે ભરે થકાં, પણ ઠલો જો ઠલો' ભરી ભરીને થાક્યો પણ ખાલે ને ખાલી. કેવું સનાતન સત્ય રજુ કર્યું છે! ઘાની ભીષણતા બે જણ જાણે, કાં મારનાર ને કાં ઝીલનાર, 'કેં કે વિખ ખારાય ને કેં કેં વાય ભરાય, જિયણ વલો મિણીકે, પણ લજતી મારાય.' જીવવું સૌને વહાલું છે પણ લાજ (આબરૂ) મારે છે. જીવનની વાસ્તવિકતાનું કેવું વરવું સત્ય રજૂ થયું છે!

કચ્છી બોલીમાં ગવાતા લોકગીતો એક વિશિષ્ટ પ્રકારની ઉચ્ચારની લઢણથી ગવાય છે. કોઈ વ્યક્તિ કે રિવાજને અનુસંધાને આ ગીતો રચાયા છે અને સુંદર હલક સાથે ગવાય છે. 'છપ્પનિયા દુષ્કાળના લોકગીત' માં કચ્છના મહારાઓ શ્રી રાખેંગારજીએ દરિયાપારથી પુષ્કળ અનાજ મંગાવી કચ્છના ગામેગામના લોકોને દુષ્કાળ ઉતરાવ્યાના પ્રસંગનું વર્ણન છે. 'જંગીનો પોકાર' માં જમાદાર ફતેહ મહમ્મદે જંગીની જનતામાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાવી દીધું હતું ત્યારે જંગીના લોકોના જંગી તરફના પ્રેમનું વર્ણન કરેલ છે. 'વ્રજવાણીનો ઢોલી' માં ૧૪૦ આહિરાણીઓએ ઢોલી પાછળ આપેલ બલિદાનની વાતને વીંટાળી છે. તેમાં કેવી અદ્‌ભુત શબ્દગૂંથણી છે. 'ઢોલી! તેં તો મૃત્યુના અમરત પીધાં, દેહના દાન બલિદાન તે લીધાં.' કૂવા પર પાણી ભરવા કેમ જાઉં? પવનનું બહાનું બતાવી કચ્છની પનિહારી લાડ કરે છે. 'કચ્છની રાજકુમારી કેસાંબાનો રાસડો' માં કેસાંબાને દગાથી ફસાવી નવાબની બેગમ બનાવ્યાની વાત રજૂ થઈ છે. 'જાંગલાનો રાસડો' માં કચ્છનું પતન લોકબોલીમાં લોકગીત દ્વારા રજુ કરાયું છે. 'ગરબાના ગીતો' મહદ્‌અંશે શબ્દ જોડકણાં છે. એમાં ભાઈ - ભાભી પર નાની બહેનનાં હેત અને લાડી-વાલમાનો મીઠો સંવાદ રજુ કરેલ છે.

***કચ્છના સંતો***

"તોરલે ત્રણ નર તારિયા, સાસતિયો ને સધીર,

જેસલ જગનો ચોરટો, પળમાં કીધો પીર."[૩૮]

કચ્છ ધરાનો ખૂંખાર ડાકુ જેસલ જાડેજો કાઠિયાવાડની સંત ભક્ત નારી તોરલના સંગથી મહાન ભક્ત સંત બન્યો. જીવન સમાપ્ત થતાં બન્ને સાથે અંજારની ધરતીમાં ધરબાઈ ગયા.

નખત્રાણા તાલુકાના ખોંભડી ગામમાં જન્મેલા મેકણ યોગનિષ્ઠ મહાપુરૂષ હતા. દાદા મેકણ કચ્છના રણમાં મુસાફરી કરતા, આકરા તાપને કારણે જીવ ગુમાવતા મુસાફરોને અન્ન, પાણીની સેવા કરતા. દાદા મેકણ ધ્રંગ ગામના પોતાના અખાડામાંથી ખભે ભોજનની ઝોળી ઉપાડે, લાલિયા ગધેડાની પીઠ પર છાલકામાં ઠંડા પાણીના માટલા રાખે, મોતિયો નામનો કૂતરો સાથે હોય અને રણમાં ભૂલા પડેલા, થાકેલા, ભૂખ્યા તરસ્યા મુસાફરો શોધી તેમને ભોજન પાણી

આપી જીવ બચાવી સાચા રસ્તે ચડાવતા. આવા પરમાર્થી સંત દાદા મેકણે પોતાના પટ્ટ શિષ્ય અરજણ રાજાને ખભે પોતાની કાવડ મુકીને અખાડાની જવાબદારી સોંપી અન્ય દસ સંતો સાથે જીનામનો પૂકાર કરી સમાધિ લીધી. દાદા મેકણ એટલે કચ્છના કબીર, કચ્છના મહાન જ્યોતિર્ધર.

સંત સ્વભાવના દર્શન કંથકોટના સંત દાદા કંથડનાથના કંથા એટલે ગોદડીના પ્રસંગ પરથી થાય છે. સંત રીજે તો રાજ આપે અને ખીજે તો ગઢ પાડે, એવો ઘાટ કારાણીએ સહન રીતે વર્ણવ્યો છે.

"ધીંગો ધોરમનાથ, ધીણોધર ધાબે વીઠો,

સામીડેં જો સાથ, કામલ કાછે મેં ડિઠો."[૩૯]

ગુરુ મત્સ્યેન્દ્રનાથના બે શિષ્યોમાના બીજા ધુરંધરનાથ જે ધુંધળીમલ્લ અને ધોરમનાથના નામે પ્રખ્યાત છે. તેમણે કચ્છના માંડવી બંદર પાસે રિયાણ પટ્ટણીમાં ધૂણી નાંખી, ત્યાં ભિક્ષા મળતી બંધ થઈ એટલે ગુસ્સે થઈ 'પટન સબ ડટન' શાપ આપ્યો. પછી પાપનું પ્રાયશ્ચિત કરવાં ધીણોધર ડુંગર પર તપસ્યા કરી, ત્યાં ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી નામે ચાર પ્રચંડ દેગો મૂકી. કહેવાય છે કે આ દેગોમાં રાંધેલ અનાજ કદી ખૂટતું નથી. અષાઢ સુદ બીજને દિવસે ત્યાં દર વર્ષે મેળો ભરાય છે.

રાપરના દરિયા પીરના સ્થાનમાં દલીત સંત ત્રિકમ સાહેબની સમાધિ છે. ભક્તિમાં નાતજાતના ભેદ મિટાવી સાચા સંતના દર્શન ત્રિકમજીમાં થાય છે. ચારણ ગાંડો થામા મારામાં મોહાંધ બનવા કરતાં ભગવાનમાં મોહાંધ બની ગયો હોત તો સ્વર્ગનો હક્કદાર થઈ ગયો હોત! ચારણિયાણીના આવા કટાક્ષથી સંસારીમાંથી સાધુ બનેલ ભક્ત પૂનરાજનું જીવન વૃતાંત સાત્વિક ભાષામાં રજૂ કરેલ છે. વાડા-સંઘાડા-સંપ્રદાયોથી પર એકતાના સાધક એટલે મૂંડિયા બાવા. જેમણે સાંઈબાબાની કૃપાથી અંજારમાં આશ્રમ સ્થાપી અન્નક્ષેત્રો શરૂ કર્યાં. મૂંડિયા બાવા સંત, ભક્ત અને મોટા કવિ હતા.

હિંદુસ્તાન પર ચડાઈ કરવા આવેલ ગોરી સુલતાન શાહબુદ્દીનનો એક સૈનિક અલીઅકબર સૈનિક મટીને હૃદય પરિવર્તન થતાં સાંઈ બની ભારતમાં દેશાટન કરી

લોકસેવા કરનાર સંત બન્યો. હજની જાત્રા કર્યા પછી હાજીપીર તરીકે પ્રખ્યાત થયા. ગાયોના ધણની સખાવતે ચઢતાં કામ આવી જતા કચ્છના રણની કાંધીના નરા ગામ પાસેના સોઘ્રાણા તળાવની પાળે તેમને દફન કરવામાં આવ્યાં. જ્યાં સાદગીનો સંદેશો આપતી હાજીપીરની દરગાહ છે. જે સમગ્ર કચ્છ કાઠિયાવાડના લોકોમાં આસ્થાનું કેન્દ્ર છે.

## કચ્છના જ્યોતિર્ધરો અને કવિઓ

માનવજીવને સંસ્કૃતિના દરેક તબક્કે કચ્છ ધરામાં પાકેલ અણમોલ મોતી સમા સમાજસુધારકો, કેળવણી ક્ષેત્રે અમૂલ્ય પ્રદાનકર્તાઓ, વાણિજ્ય વેપારના સાહસિકો, દરિયાપાર કચ્છની નામના વધારનાર સાહસિક સોદાગરો, યુદ્ધ ભૂમિમાં અમાપ શૌર્ય દાખવનાર વીરો, સંતો, મહંતો, ગરીબના બેલી, વહાલી વતન ભૂમિ માટે બલિદાન આપનાર શહિદો, કવિઓ, વૈદકના નિષ્ણાંત અને દરિયાના અજોડ નાવિકોના જીવન વૃતાંત વગેરેની લોકકલ્યાણની ભાવનાને બિરદાવી છે. લોકકલ્યાણ માટે આત્મસમર્પણ અને શૂરવીરતા, ભક્તિ વગેરેનું હ્રદયને સ્પર્શી જાય અને અનેરી દિવ્ય અનુભૂતિ કરાવી જાય એવી શૈલીમાં વર્ણન કરેલ છે. જેમકે જગડુ દાતાર, જમાદાર ફતેહ મહંમદ, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, કાનો માલમ વગેરેએ પોતાનો અમૂલ્ય ફાળો કચ્છની ધરાતીને આપેલો છે.

કચ્છના કવિઓની કાવ્યરચનાની ખૂબી, ઝીણવટભરી દ્રષ્ટિ, કાવ્યોના લય, ઢાળ, શબ્દગૂંથણીની એક વિશિષ્ટ છાપ ઉપસી આવે છે. પછી એ કવિની પ્રાકૃતિક રચના હોય કે ભક્તિની, શૂરવીરની બિરદાવલી હોય કે હાજર જવાબીપણું, વિનોદ હોય કે કટાક્ષ, સમસ્યા હોય કે ઉકેલ કવિઓએ એવી તો હ્રદયંગમ શબ્દગૂંથણી કરી છે કે વાચક કાવ્યમય બની જાય. છંદ, દોહરા, સ્તૂતિ, પ્રાર્થના, ભજનોની રચનાઓ અદ્‌ભુત છે અને એના રચયિતા સમાજના કોઈ એક વર્ગના નહીં પણ સમગ્ર જાતિઓમાંથી ખૂદ મહારાવ લખપતજી પણ કવિ હતા. તો રતનબાઈ ખોજા જ્ઞાતિના નારીરત્ન કવયિત્રી હતા. આ ઉપરાંત કવિ નિરંજનજી, કવિ કેશવ, કટાક્ષ કવિ રણમલ ગઢવી, શાયર ચમન વગેરે કવિઓએ કચ્છી બોલીને ઉજાગર કરી કચ્છી સાહિત્યને નવલું નજરાણું ધર્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી જ.

## કાવ્યકુંજ

'કચ્છજા કલાધર' નું બિરુદ જેને આપવામાં આવ્યું છે એવા કચ્છના કલાપી કે મેઘાણી એવા દુલેરાય કારણીએ કચ્છી ભાષામાં તેની ગરિમાને છાજે એવા શબ્દપ્રયોગથી કાવ્યોની ગૂંથણી કરી છે. તેમના કાવ્યોમાં હૃદયનો રણકો સાંભળવા મળે છે નહીં કે બુદ્ધિનો. મર્દાનગી, પ્રાકૃતિક વર્ણન, શૌર્યરસ, હાસ્યરસ, સંવાદ કાવ્ય અજોડ છે. 'કચ્છી હાસ્યરસ' વાતનું વતેસર શ્લેષથી કેવું ભયંકર રૂપ ધારણ કરે છે એનું કાવ્યમય વર્ણન કરેલ છે. અફીણિયાની અવદશા, મૂરખનો મેળો અને કંજૂસ કરાર જેવા હાસ્યરસથી છલકાતા કાવ્યો કચ્છી કાવ્યોનું ઘરેણું છે.

'કચ્છી બાવનીઓ' ગાંધીજી, દયાનંદ સરસ્વતીમાં સ્વાતંત્ર્યની ઝંખના અને સમાજસુધારાની લગનીનું આરોહ, અવરોહ લયનું છંદબદ્ધ વર્ણન વાચકને જુગુપ્સા ઉપજાવે એવું છે. 'કચ્છી કલ્યાણ બાવની' અને 'સોનલ બાવની' માં પ્રાકૃતિક, આધ્યાત્મિક શક્તિનું વર્ણન કરેલ છે. "બાલસાહિત્ય" માં 'કચ્છ જા લાલ' અને 'ઢીંગલો' મોંઘવારીનું આગમન સૂચક કાવ્ય છે. બાળકોને ગમે એવી શીખ આપતી વાર્તા પોપટની અને ખેતીના સૂત્રધાર બળદોનું વર્ણન આબેહુબ દ્રશ્યો ખડા કરવાની કવિની-લેખકની કળા દાદ માંગી લે છે.

**ઉપસંહાર**

રાજસ્થાન અને કાઠિયાવાડની જેમ કચ્છમાં પણ આગવી લોકસંસ્કૃતિનું સર્જન થયું છે. એ કચ્છી નરનારીઓનું ખમીર, ખુમારી, ટેક,ત્યાગ અને રખાવટની ભાવના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલ છે. આવા ડોલરિયા દેશને પોતાની માતૃભૂમિને સંશોધનનું ક્ષેત્ર બનાવીને બેઠેલા શ્રી દુલેરાય કારાણીએ લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને ઈતિહાસના અગોચર ખૂણા ફેંદી-ફંફોસીને, લોકસાગરના તળિયે ડૂબકીઓ મારીને શંખ, છીપલાં ને મોતીઓની મૂઠ્ઠીઓ ભરી લાવ્યા છે. જેમાંથી 33 જેટલા સમૃદ્ધ પ્રકાશનોનું સર્જન થયું છે. આ પ્રકાશનોના લગભગ સાડા આઠ હજાર પાનાંમાંથી તારવીને કચ્છનું પ્રતિનિધિરૂપ કહી શકાય તેવું સાહિત્ય શ્રી જોરાવરસિંહે આ ગ્રંથમાં પ્રગટ કર્યું છે. આ ગ્રંથ વધુ લોકભોગ્ય બને તથા શિષ્ટ સમાજમાં પણ લોકસાહિત્ય પ્રત્યે અભિરૂચિ જાગ્રત થાય તે દ્રષ્ટિને ખ્યાલમાં રાખીને સંપાદકે તેને સચિત્ર બનાવવાનો પ્રયત્ન કર્યો છે તે ખરેખર પ્રશંસનીય છે.

### ૫. ૧૧ લગ્નમાંગલ્ય

**પ્રસ્તાવના**

લગ્નગાળો આરંભાયો ન આરંભાયો ત્યાં તો પાંચ-પંદર સ્નેહીઓએ આવીને લગ્ન માટે દીકરાદીકરીઓની ભલામણ કરી ત્યારે સંપાદકોને વિચાર આવ્યો કે જુવાન દીકરાદીકરીઓના વડીલોને પરસ્પર પરિચય કેળવવા પ્રેરે એવી કોઈ નક્કર ભરોસાપાત્રર કડી ઊભી કરી હોય તો કેમ? એ વિચારે આકાર લીધો અને એમાંથી 'લગ્નમાંગલ્ય' ગ્રંથની અસ્મિતા પ્રગટી. 'જિનમંગલ' ના ઉપક્રમે સામાજિક સેવાપ્રવૃતિના એક ભાગરૂપે શ્રી જોરાવરસિંહે અને રજનીકાન્ત શાહે આ પુસ્તકનું પ્રકાશન કર્યું છે. લગ્નોત્સુક યુવકયુવતીઓની માહિતી આપતી ડિરેક્ટરી ઉપરાંત પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં વિવાહ પદ્ધતિ, દામ્પત્યભાવનાને સ્નેહના અમીછાંટણાથી પરિપ્લાવિત કરે તેવા લેખો, લગ્નના પ્રતીકો, રિવાજો જે આજના સમયમાં ઝડપથી ભુલાતા જાય છે, તેને સાચવી લેવા માટે પ્રથમ વિભાગમાં શ્રી જોરાવરસિંહ, રજનીકાન્ત શાહ, સ્વ. ધૂમકેતુ, ફાધર વાલેસ, આચાર્ય વિષ્ણુદેવ વગેરેના લેખોને સમાવવામાં આવ્યા છે.

**લોકદેવ શ્રી ગણેશ**

આ લેખના લેખક શ્રી જોરાવરસિંહ છે. ભારતીય લોકજીવનમાં દુંદાળાદેવ શ્રી ગણપતિનું આગવું સ્થાન અને માન છે. લોકજીવનમાં ગણપતિ પૂજા વ્યવસ્થિત રીતે ક્યારે શરૂ થઈ તેનો કોઈ ચોક્કસ સમય નથી, પરંતુ ઈસુની પાંચમી સદીની આસપાસ ગણેશ પૂજાની શરૂઆત થઈ હશે એમ માનવામાં આવે છે. રામાયણ, બ્રાહ્મણ ગ્રંથો કે બુદ્ધના સમયમાં ગણેશનો ઉલ્લેખ નથી. ઈલોરાની ગુફામાં વિવિધ દેવીદેવતાઓની મૂર્તિ સાથે ગણપતિ દેખાય છે, તેથી એમ કહી શકાય કે ગુપ્તકાળ દરમિયાન ગણેશ પૂજા પ્રચલિત થઈ હશે. વરાહમીહિરે 'બૃહત્સંહિતા' માં ગણેશ પૂજાનો ઉલ્લેખ કર્યો છે. દરેક વર્ણના લોકો ગણેશની પૂજા કરે છે અને લગ્નપ્રસંગે તો સૌ પ્રથમ ગણેશનું સ્થાપન કરવામાં આવે છે. ગણપતિના પૂજનમાં આપણને માતૃભક્તિના દર્શન થાય છે. જુદા જુદા દેવોમાં પણ ગણેશજી મોખરાનું સ્થાન ધરાવે છે. હિંદુ ધર્મમાં પિતા પુત્રની સાથે પૂજા

થતી હોય તેવા દેવ શ્રી ગણપતિ જ છે. આવા ગણેશજી અત્યંત જ્ઞાની, સોળ વિદ્યા અને ચોસઠ કળામાં નિપુણ મનાય છે. તેથી તેને બુદ્ધિના અધિષ્ઠાતા દેવ કહેવામાં આવે છે.

ગણપતિ વગરના ભારતીય અને ગુજરાતના લોકજીવનની કલ્પના પણ થઈ શકતી નથી. દરેક ઘરની બારસાખ ઉપર સિંદૂર ચોપડેલી ગણેશની કાષ્ટ પ્રતિમા જોવા મળે છે. આ ઉપરાંત ભાતીગળ લોકભરત, લોકગીતોમાં ગણેશજીને વણી લેવામાં આવ્યા છે. ગણપતિના સ્વતંત્ર મંદિરો પ્રમાણમાં ઘણાં ઓછા છે, પરંતુ દરેક દેવના મંદિરમાં ગણેશની મૂર્તિ તો અવશ્ય હોય જ છે. ધોળકા પાસે ગણપતિનું સ્વતંત્ર મંદિર છે જે ઉલ્લેખનીય છે.

**લગ્નસંસ્કાર**

આ લેખમાં સ્મૃતિ-ધર્મશાસ્ત્રમાં જે આઠ પ્રકારના વિવાહ જણાવ્યા છે, તેની નોંધ કરવામાં આવી છે. 'બ્રાહ્મ ' વિવાહ એ સૌથી ઉત્તમ પ્રકારના વિવાહ ગણાય છે, જ્યારે 'પૈશાચ' એ સૌથી અધમ પ્રકારના વિવાહ ગણાય છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં, સ્મૃતિ ગ્રંથોમાં જે સોળ સંસ્કારો વર્ણવવામાં આવ્યા છે તેમાં લગ્ન કે વિવાહને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. આપણે સમાજ અને રાષ્ટ્રનું હિત સાધવું હોય તો લગ્નસંસ્કાર વ્યવસ્થિત રીતે ઘડવા જોઈએ. કારણ કે બાળ કેળવણીકાર મેડમ મોન્ટેસરીએ બાળશિક્ષણને પાયાનું ચણતર કહ્યું છે. આ શિક્ષણની શરૂઆત માતાના ગર્ભાધાનથી પણ પહેલા શરૂ થાય છે. જેમકે અભિમન્યુને માતાના ગર્ભમાં હતો ત્યારે છ કોઠાનું જ્ઞાન મળ્યું. સાતમાં કોઠાનું જ્ઞાન ન મળ્યું તેથી તે સાતમે કોઠે હાર્યો અને મર્યો. આ રીતે માતા પિતા બાળકના પ્રથમ ગુરૂ બની રહી છે. વર અને વધુના લગ્ન અગ્નિની સાક્ષીએ કરવામાં આવે છે. પ્રાચીન યુગમાં રિવાજ હતો કે વરવધુના લગ્ન થાય ત્યારે જે અગ્નિ પ્રગટ કરવામાં આવે તેમાં વર અને વધુ જે આહુતિઓ આપે તેને 'વિવાહ હોમ' કહેવાતો. આ લગ્નસંસ્કારમાં જેને ગુરૂકુળમાં રહીને વિદ્યાભ્યાસ કર્યો હોય અને જેને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો છે તેણે ઘરમાં અગ્નિને વસાવવાનો છે. એ અગ્નિને સાચવી રાખનારી ગૃહિણી પત્ની છે. જેમ વાસ મહત્ત્વનો છે તેમ ગૃહિણી માટે વસ્ત્ર પણ મહત્ત્વના છે. જ્યારે કન્યાના વાગ્દાન કરવામાં આવે છે ત્યારે વરપક્ષ તરફથી કન્યાને વસ્ત્ર મોકલાવવામાં આવે છે અને કન્યાને લગ્ન સમયે પાનેતર આપવામાં આવે છે. આ વસ્ત્ર અને વાસ તેના ઢાંકણા છે.

પ્રાણીઓની અંદર જુગલ જોડીમાં કામમિથુન ભાવ જાગે તે સહજ અને કુદરતી છે. એ કામથી પ્રાણીઓનું સર્જન થાય, વૃદ્ધિ થાય છે. તે જ કામ માનવ યુગલને પણ જાગે છે, પરંતુ જો તે ભોગવિલાસમાં પરિણમે તો તે વિકાર ગણાય છે. તે કામમાં સમર્પણની ભાવના હોય, સેવા અને બલિદાનની વૃત્તિ હોય તો તે શુદ્ધ પ્રેમ ગણાય છે. "'પારસ્કાર ગૃહ્યસૂત્ર' માં જણાવ્યું છે કે પતિ અને પત્ની લગ્ન થયા પછી એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળે તો તે પછી જન્મેલ બાળક ઋષિ બને છે."[૪૦] આ ભાવના પ્રાચીન કાળમાં જોવા મળતી.

***આર્ય લગ્ન પ્રથા***

આ લેખમાં વીસરાઈ ગયેલી વેદકાળની આર્ય લગ્ન પ્રથાની માહિતી આપવામાં આવી છે. આજના સમયમાં જે લગ્ન પ્રથા જોવા મળે છે, તેવી જ લગ્ન પ્રથા વેદકાળમાં પણ જોવા મળતી હતી. ઋગ્વેદ અને અથર્વવેદમાંથી એ સમયના રિવાજોની પણ માહિતી સાંપડે છે. તે સમયે લગ્નવિધિ પૂરી થયા બાદ કન્યાનો વરઘોડો વરના ઘરે જતો. લગ્ન પ્રસંગે કન્યાની બહેનો અને અન્ય સ્ત્રીઓ આનંદીત બની નૃત્ય કરતી એનું વર્ણન અથર્વવેદમાંથી મળે છે. આ ઉપરાંત દીકરીને સાસરે વળાવતી વખતે અમુક શિખામણો પણ આપવામાં આવતી. કન્યાના સારા ખરાબ લક્ષણો પણ ચકાસવામાં આવતા. વર જેમ બુદ્ધિશાળી અને રોગમુક્ત હોય તેવી જ રીતે કન્યા પણ તેવી જ હોવી જોઈએ, આ માટે થઈને કન્યાની જુદી જુદી રીતે પરીક્ષા લેવામાં આવતી. વેદકાળમાં અશ્મારોહણની વિધિ પણ કરવામાં આવતી. તેમાં કન્યાની માતા કે ભાઈ કન્યાને પથ્થર પર પગ મુકાવતા. લગ્નની મુખ્ય વિધિ અગ્નિ પ્રદક્ષિણાની હતી. ખાસ પ્રગટાવેલા અગ્નિની આસપાસ વરકન્યાને પ્રદક્ષિણા કરાવવામાં આવતી ત્યારે વર અને કન્યાનો જમણો હાથ અગ્નિ તરફ રાખવામાં આવતો અને કન્યા અગ્નિદેવને સુખ શાંત માટેની પ્રાર્થના કરે છે. અંતે જ્યારે કન્યાને વિદાય કરવામાં આવતી ત્યારે વેદોના મંત્રોચ્ચાર કરવા પડતા. પરણીને ઘરે આવે ત્યારે કન્યાને બળદનું ચામડું લઈ પૂર્વ તરફ એનું મોં આવે એ રીતે પાથરી તેના પર બેસાડી રાતના તારા દેખાય ત્યાં સુધી બેસાડી રાખવામાં આવતી. તે સમયે કન્યાએ મૌન રહેવાનું અને યજ્ઞ કરવામાં આવતો. આ વેદકાલીન લગ્ન પ્રથામાંથી ઘણી બધી વિધિઓ આજના સમયમાં જોવા મળે છે અને થોડી ઘણી વિધિઓ સમયના પ્રવાહમાં લૂપ્ત થતી ગઈ છે.

## માણેકથંભ

લગ્નપ્રસંગે જે વિવિધ વિધિઓ કરવામાં આવે છે તેમાંની એક વિધિ માણેકસ્તંભ રોપવાની છે. માણેકસ્તંભ મૂળ તો પ્રસંગ નિર્વિઘ્ને ઉકેલાય એવા ઉદ્દેશથી પ્રજાપતિ બ્રહ્માના સ્વરૂપે સ્થાપવામાં આવે છે. આ માણેકસ્તંભ રોપવાની પ્રથા ક્યારથી શરૂ થઈ હશે તે અસ્પષ્ટ છે. વેદો, રામાયણ, મહાભારત, ગૃહ્યસૂત્ર, ધર્મસૂત્ર વગેરેમાં ક્યાંય માણેકસ્તંભની વિધિ અસ્તિત્વમાં હોવાનો નિર્દેશ મળતો નથી. "પ્રાચીન સમયમાં શુભ કાર્ય વખતે 'યુપ' એટલે સ્તંભ-થાંભલી રોપવાનો રિવાજ હતો."[૬૧] આ 'યુપ' માંથી માણેકસ્તંભની પ્રથા ઉતરી આવી હોય એમ જણાય છે. પ્રાચીન સમયમાં ભારત દેશમાં સ્તંભ પૂજા કરવામાં આવતી, જે પાછળથી શિવલીંગમાં ભળી ગઈ.

માણેકસ્તંભના ઉપયોગમાં પ્રાદેશિક ભિન્નતા જોવા મળે છે. જેમકે બનાસકાંઠાના રજપૂતો માણેકસ્તંભની વિધિને 'મણકો બેહાડવો' એમ કહે છે. સૌરાષ્ટ્રના ભરવાડો 'થાંભલી રોપવી' એમ કહે છે. માંડવો બાંધતા પહેલા માણેકસ્તંભનું પૂજન કરાય છે. આ માણેકસ્તંભ શમીના કાષ્ટમાંથી બનાવાય છે, અમુક જગ્યાએ ખેરના કાષ્ટમાંથી પણ બનાવવામાં આવે છે. માણેક જેવો ઉજ્જવળ સ્તંભ વૈભવ પ્રાપ્તિનો સૂચક છે. પ્રાચીન સમયમાં માંડવો બાંધતા પહેલા આ વિધિ થતી અને હાલના સમયમાં મંડપ બંધાઈ ગયા બાદ માણેકસ્તંભ રોપાય છે.

ભરવાડ જાતિનો માણેકસ્તંભ એકપણ સાંધા વગરનો છ થી આઠ ફૂટ ઊંચો અને એકાદ ફૂટ પહોળો હોય છે. તેના ઉપર સુથાર જુદી જુદી કારીગરી કરે છે. આવો જ માણેકસ્તંભ હિમાલયની તળેટીમાં વસતા બૈગા આદિવાસી અને મધ્યપ્રદેશની મુરિયા આદિવાસી જાતિઓમાં જોવા મળે છે. બીજી જ્ઞાતિઓમાં લગ્ન બાદ માણેકસ્તંભને નદી કે તળાવમાં પધરાવી દેવામાં આવે છે, જ્યારે ભરવાડો નદી, તળાવ કે મહાદેવના મંદિર આગળ રોપી દે છે. આજના યાંત્રિક યુગમાં માણેકસ્તંભનું મહત્ત્વ ધીમે ધીમે વિસરાતું જાય છે. નજીકના ભવિષ્યમાં આ એક ભારતીય સંસ્કૃતિનું માત્ર સંભારણું જ બની રહેશે.

## રામણદીવડો અને થાપા

સંસ્કૃતિનું પ્રથમ પરોઢ ઊગ્યું તે સમયથી દીવડો ભારતીય સંસ્કૃતિનું ઉજમાળું પ્રતીક બન્યો છે. મોંહે-જો-દડોના અવશેષોમાંથી પણ દીવડાઓના અવશેષો પ્રાપ્ત થયા છે. પ્રાચીન કાળમાં દેવમંદિરોને દીવાઓથી શોભાવવામાં આવતા. આવા દીવડાઓ પ્રારંભમાં લાકડું, પથ્થર, નાળિયેરના કાચલા અને માટીના કોડિયામાંથી બનતા, ત્યારબાદ મોગલ કાળમાં ધાતુના મનોહર દીવડાઓ અસ્તિત્વમાં આવ્યા. દીવડાઓ અંગે પ્રાચીન ભારતમાં 'દીવડાસ્ત્ર', 'આચારભૂષણ' જેવા શાસ્ત્રો રચાયા છે. રામણદીવડાને વિવિધ પ્રદેશોમાં 'લામણદીવો', 'ઓળામણ દીવો' વગેરે નામે ઓળખવામાં આવે છે. રામણદીવો એટલે આપત્તિને બાળી નાંખી સુખરૂપ પ્રકાશ આપનાર દીવો.

ગિલેટવાળા ચકચકિત પાતળા પતરાંમાંથી આડી ઉભી પટ્ટીઓ જડીને સમચોરસ આકારે રામણદીવો બનાવવામાં આવે છે. લગ્નપ્રસંગે રામણદીવડો વરરાજાની પાછળ રાખવામાં આવે છે. મંગલ પ્રસંગોમાં આ દીવો શુભ ગણાય છે. વરઘોડામાં ચાલી રહેલી બધી સ્ત્રીઓમાંથી વરની માતાનું વૈશિષ્ટ્ય બતાવવા માટે આ દીવો તેના હાથમાં આપવામાં આવે છે. કન્યા પોતાની સાસરીમાં રામણદીવડો લઈને આવે છે. આ દીવડો વરકન્યાને વર્ષો સુધી લગ્નના મધુર સંસ્મરણો તાજા કરાવે છે. આવા રામણદીવડાને આપણા લોકગીતોમાં પણ વિશેષ સ્થાન મળ્યું છે :

"વાળી વાળી દાદા પૂછે વાત,
    આજ માંડવ કેમ અણહોરો રે;
દીવડો હતો વિમુબાને હાથ,
    મેલીને ચાલ્યાં સાસરે રે."[૪૨]

લગ્નની વિધિ પૂરી થયા બાદ વરકન્યા કુટુંબીજનોના ઘરે કંકુના થાપા મારે છે. આ રિવાજ પ્રાચીન કાળથી આજ સુધી ચાલતો આવ્યો છે. આ વિધિનો ઉલ્લેખ શાસ્ત્રોમાં

જોવા મળતો નથી. થાપા એ મંગલ ચિહ્ન ગણાય છે. તેના દ્વારા કન્યા પોતાના કુટુંબીજનોને યાદ અપાવે છે કે મને ભૂલી ન જતા. આ પ્રકરણમાં લગ્નગીતોને પણ આવરી લેવામાં આવ્યા છે.

નવવધુ સાથે જ્યારે વરનું પ્રથમ મિલન થાય એ સમયને લગતી સલાહો પણ આ પુસ્તકમાં આપવામાં આવી છે તે ખરેખર અદ્ભુત છે. લગ્ન એ કોઈ સામાન્ય બાબત નથી, પરંતુ લગ્ન એ વરવધુની આખી જીંદગીનો સોદો છે. તેથી તે મામલામાં વિવેકથી વિચારીને પગલું ભરવું જોઈએ. આ પુસ્તકમાં રામ-સીતાની, શંકર-પાર્વતીની, સત્યવાન-સાવિત્રીની એમ ત્રણ અમરદામ્પત્યની કથાઓ છે. આ ત્રણેયમાં નારી મહાન છે. લગ્નજીવનની ઉન્નતિ માટે પતિ-પત્ની વચ્ચે શાશ્વત પ્રેમની જરૂર છે. આ ઉપરાંત સહઅસ્તિત્વની ભાવના હોવી અત્યંત આવશ્યક છે. જો આ ભાવના ન હોય તો લગ્નજીવન છિન્ન ભિન્ન થઈ જાય છે. આ વિશેના સોનેરી સૂચનો આપવાનું પણ સંપાદકો ભૂલ્યા નથી. આજના સમયમાં એક લગ્ન પૂરા કરવામાં પણ ઘણો ખર્ચ થઈ જતો હોય છે ત્યારે તેના બદલે જો સમૂહલગ્ન પ્રથા અપનાવવામાં આવે તો એક જ લગ્નના ખર્ચમાં ઘણા બધા યુવકયુવતીઓના વિવાહ સંપન્ન થઈ જાય. આમ આ પ્રથા દરેક સમાજે અપનાવવા જેવી છે.

આ પુસ્તકના બીજા વિભાગમાં ૧૯૮૩ ના વર્ષના અવિવાહીત કુમારો અને કન્યાઓનું સર્વેક્ષણ આપવામાં આવ્યું છે. આ સર્વેક્ષણ વય અનુસાર ગ્રેજ્યુએટ અને અન્ડર ગ્રેજ્યુએટ છોકરાછોકરીઓનું અને અમદાવાદ, દહેગામ, મુંબઈ તથા અન્ય ગામોના જૈન પરિવારોનું છે. આ ઉપરાંત જૈન સમાજની ડિરેક્ટરી પણ આપવામાં આવી છે. જેમાં વતન, હાલનું સરનામું, દીકરાદીકરીઓના બાયોડેટા આપેલા છે.

**ઉપસંહાર**

'લગ્નમાંગલ્ય' નામના પૂસ્તકમાં જે માહિતીઓ આપવામાં આવી છે તે ખરેખર જાણવાજોગ છે. આજના યાંત્રિક યુગમાં તથા શહેરી જીવનમાં એટલી બધી ધાંધલધમાલ, દોડધામ વધી ગઈ છે કે લગ્નપ્રસંગે માણેકસ્તંભ, રામણદીવડો, થાપા વગેરે શા માટે કરવામાં આવે છે? તેની પણ લોકોને ખબર હોતી નથી. આ પુસ્તક વાંચવાથી આપણને આ બધી માહિતીનો ખ્યાલ આવે છે. આ પુસ્તક એના ચિત્રોને કારણે પણ અતિ આકર્ષક બન્યું છે. બીજા

વિભાગમાં જૈન પરિવારોની ડિરેક્ટરી આપવામાં આવી છે, જે તેમના દીકરાદીકરીઓ માટે ખૂબ જ ઉપકારક સાબિત થાય તેમ છે. આ ડિરેક્ટરી જોયા પછી એમ લાગે છે કે દરેક જ્ઞાતિના લોકોએ આવી ડિરેક્ટરી બનાવવી જોઈએ.

## ૫. ૧૨ લોકસાહિત્યની વિરાસત

### પ્રસ્તાવના

દુનિયામાં વસતી દરેક પ્રજા પાસે પોતાનું પરંપરાગત કંઠસ્થ સાહિત્ય હોય છે. એવા કંઠસ્થ સાહિત્યને આપણે 'લોકસાહિત્ય' કહીએ છીએ. લોકસાહિત્ય ગામડાના અભણ કોઠાસૂઝવાળા લોકો દ્વારા રચાયેલું છે. અભણ પણ આગવી કોઠાસૂઝ ધરાવતી આ ગ્રામપ્રજા પાસે કંઠસ્થ લોકસાહિત્યની નિજી સાંસ્કૃતિક વિરાસત છે, તેનો આ પુસ્તકમાં પરિચય આપવામાં આવ્યો છે.

'લોકસાહિત્યની વિરાસત' પુસ્તક ઈ. સ. ૨૦૦૯ માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થયેલું છે. આ પુસ્તક બે ખંડમાં વિભાજિત થયેલું છે. પ્રથમ ખંડ લોકસાહિત્યનો છે, તેમાં ૨૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને બીજો ખંડ ચારણી તેમજ પ્રાચીન સાહિત્યનો છે, તેમાં ૬ લેખોનો સમાવેશ થયેલો છે.

### લોકસાહિત્યના મૂલ્યવાન વારસામાં લોકવાણીની વિરાસત

લોકોની પોતપોતાની ભાષામાં બોલીનો વળોટ હોય એવું પરંપરાગત કંઠસ્થ રૂપનાં સાહિત્યને આજે લોકસાહિત્ય કહે છે. લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. જેની વ્યાપકતા માનવ જન્મથી માંડીને મૃત્યુ સુધીની છે. લોકસાહિત્યમાં 'લોક' અને 'સાહિત્ય' એમ બે શબ્દો રહેલા છે. પ્રકૃતિના ખોળે વસતી તમામ જાતિને 'લોક' માં ગણાવાઈ અને આ બધી કોમોમાં કંઠસ્થ પરંપરાથી સચવાયેલું સાહિત્ય તે લોકસાહિત્ય. લોકસમૂહોનું સહિયારું સર્જન, તેમજ 'લોકો' દ્વારા, લોકો માટે જીવંત લોકબોલીમાં રચાયેલું કંઠસ્થ સાહિત્ય. આવી તેની

વ્યાખ્યાઓ અપાઈ છે. લોકસાહિત્યના ગદ્ય અને પદ્ય એમ મુખ્ય બે પ્રકારો છે. લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય સમચાંતરે ચાલ્યા છે. લોકસાહિત્યના સંગ્રહ અને સંપાદનનું કાર્ય કવિ શ્રી દલપતરામથી શરૂ થયું, પછીથી લોકસાહિત્યનાં ભેખધારી સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીએ તેને ગૌરવપૂર્ણ વાચા આપી. શ્રી મનુભાઈ જોધાણી, શ્રી જોરાવરસિંહ, દુલેરાય કારાણી, દેવજી બારોટ વગેરે અગણિત સંશોધકોએ તેનાં પર સંશોધન અને સંપાદન કાર્ય કર્યું છે.

લોકવાણીના તળપદા શબ્દોની નિજી ઓળખ છે. તળપદા શબ્દોનો અર્થ ગહન હોય છે. શબ્દો નિર્જીવ હોવા છતાં તે બેવડી ભૂમિકા ભજવે છે. 'હાડકા વિનાની જીભ કેટલાંયનાં હાડકા ભંગાવી નાખે છે.' કેવું અદ્‌ભુત! યુનેસ્કોએ સૂત્ર આપ્યું છે કે 'લેંગ્વેજીઝ મેટર' એટલે કે ભાષાનું મહત્ત્વ છે. કહેવતો અને શબ્દો ભાષાનું ઘરેણું છે. આવી કેટલીક લોકવાણી નિહાળીએ તો, ડાયરો, કાંટિયાવરણ, ઘરઘરણું, શિરામણ, ગામોટ, ઘીસ, ગણિકા, ગાજરિયું, ઘડિયું વગેરે જેવા શબ્દો આપણું નવલું નજરાણું છે. આવા ઘણાં બધા શબ્દોનો લેખકે અહીં પરિચય કરાવ્યો છે.

કવિ, સર્જક, સાહિત્યકાર કે ઉત્તમ વક્તાને શબ્દો શોધવા પડતાં નથી. શબ્દો સામેથી ઉડતાં, પાંખો ફફડાવતાં તેની કલમ પર આવી બેસી જાય છે. કોઈપણ ભાષાનાં શબ્દ કે કહેવતમાં પ્રજાનાં માનસનું પ્રતિબિંબ પડતું હોય છે. શબ્દને હાથપગ નથી છતાં લોકસમાજનો શાણો માનવી શબ્દ દ્વારા લાગણીની માવજત કરી જાણે છે. કોઠાસૂઝવાળી સંસ્કારી પ્રજા મોતીના દાણા જેવા વીણેલાં, સ્વચ્છ શબ્દોને બોલીમાં સરસ રીતે પ્રયોજી જાણે છે. કેટલાંક શબ્દોને બોલીમાં માંગલિક રીતે પ્રગટાવવામાં આવે છે. દા.ત. લોકો 'દીવો ઓલવાયો' ને બદલે 'રામ થઈ ગયો' શબ્દ પ્રયોજે છે, આંગણામાં સૂકાયેલાં તુલસી માટે 'વન ગયાં' શબ્દ બોલે છે. શબ્દો એ સુખની ચાવી છે, સમૃદ્ધિનો સ્ત્રોત છે, શાંતનો સંદેશ છે પણ ફૂલની ફોરમને માણવા માટે પણ રૂડું હૈયું જોઈએ ને?

ગામડામાંથી આજે લોકસંસ્કૃતિની ભાતીગળ વિરાસત સમા ઉપસ્કરણો વિસરાતા જાય છે. 'માંચી' અને 'સાંગામાંચી' મોટા ભાગે ઘરની વડીલ સ્ત્રી આ સાંગામાંચી પર બેસે છે. તે પાટી ભરેલી ખુરશી ઘાટની હોય છે. લુપ્ત થતાં જતાં માનવમૂલયો સાંસ્કૃતિક

વિરાસતનો વારસો વિસરાતો જાય છે. કાંબી-કડલાં, ઢોલિયા-ગાલમશૂરિયા, બાજોટ ને વેલડાનાં સ્થાને આજે તો રહ્યાં માત્ર ઘોંઘાટિયા વાહનો, ટી. વી. ની સ્વીચ ઓન કરો અને જૂઓ ચેનલોમાં અશ્લીલ, દ્વિઅર્થી શબ્દોની ભરમાળ આપણા દિમાગને ભરમાવે નહીં તો બીજું શું?

**લોકસાહિત્યનું ગેય સ્વરૂપ**

અગર દુનિયામાં હાસ્યની હસ્તિ ન હોત તો? કલ્પના કરવી મુશ્કેલ છે નિરસ ભાવજગતની. જોડકણાં અને ઉખાણાને મળતો એક પ્રકાર પાંચકડાનો છે. ભવાઈરસિકોના મતે જૂના કાળે ગામડામાં ભવાઈ અને રામલીલા ભજવાતી, અને તેમાં વિદૂષકો હાસ્યરસથી છલકાતાં પાંચકડા વિશિષ્ટ અભિનય અને લહેકા સાથે રજૂ કરી લોકોને મનોરંજન પીરસતાં. પાંચ ચરણનું હાસ્યપ્રધાન જોડકું એટલે પાંચકડું. હળવી શૈલીમાં ગંભીર વાતો વણી લઈ લોકસમાજનું સાચું દર્શન તેમાં પ્રતિબિંબિત થાય છે. જુદા જુદા ગામની વિશિષ્ટતા દર્શાવતું એક પાંચકડું જોઈએ તો...

> "વિરમગામમાં ઉંચી હવેલી, ઉપર ધોળી ધજા,
> ખાવા પીવા કાંઈ નો મળે, સૂઈ રહેવાની મજા
> હરિ તારા પાંચ પાંચકડા"[43]

પાંચકડાંની જેમ જ લોકજાતિઓની વિવિધ બોલીઓમાંથી પાણીદાર મોતી જેવા જોડકણાં મળી આવે છે. જેમાંથી બાળકોનું બુદ્ધિચાતુર્ય ખીલે, મોટેરાઓને મનોરંજન મળે અને લોકસમાજનું ઘડતર થાય છે. જોડકણાં તેનાં પ્રાસાનુપ્રાસને કારણે સાંભળતા જ કંઠસ્થ થઈ જાય છે. 'પંચ પરમેશ્વર', 'પાંચ પાંડવો', 'પંચતારલા', 'પંચદેવ', 'પંચમસ્વર' એ પાંચકડાનો સજીવ ઉપહાર બની માનવમનને મંત્રમુગ્ધ બનાવે છે. પરંતુ આજે માનવી આ બધાને ભૂલતો જાય છે.

ખાંયણાં એટલે ધાન ખાંડતાં ખાંડતાં ખાંડણિયા ઉપર બેસીને ગવાતાં ત્રણ ત્રણ નાજુક પંક્તિઓના જોડકણાં. ખાંયણાંનો ઢાળ કરુણાથી ભરેલો છે, જેના પ્રધાન સૂરો ઊંડા

વિલાપના છે. સૂરત જિલ્લાની બહેનો આ જોડકણામાં મરમ અને મીઠાશ ઉમેરતી. સૂરતી ખાંયણાં જાપાનનાં ‘હાઈકુ’ જેવા મર્મસ્પર્શી છે.

“સરોવરની પાળે મા ને દીકરી મળિયા,

ધ્રુસકે ધ્રુસકે રડિયા

કે સરોવર છલી વળ્યા”[૪૪] ત્રણ પંક્તિના આ ટચૂકડાં ખાંયણાં માનવમનને સૂપેરે વાચા આપે છે.

ગરવા ગુજરાતના પ્રત્યેક અવસરો ઉત્સવ બનીને ઉજવાતા રહ્યાં છે. અષાઢ સુદ અગિયારસથી પૂનમ સુધી કુંવારી કન્યાઓ ગૌરી વ્રત કે મોળાકત કરે છે. આ ઉલ્લાસના પર્વે સરખી સહિયરો સાથે મળી ગરબા, રાસડા, ટીટોડા જેવા લોકનૃત્યોની રમઝટ બોલાવે છે. આ ગીતોમાં ભારોભાર વિનોદ ભરેલા જોવા મળે છે.

આપણા વિદ્વાનોએ લગ્નને સંસારનું મહાકાવ્ય માની આવકાર્યું છે. લગ્ન એ લોકજીવનનો લહાવો છે. લગ્ન લખાય ત્યારે ઘરને શણગારવામં આવે, પાપડ-સુંવાળી વણાય છે. ઢોલ ઢબૂકે છે અને રૂડા મંગલ લગ્નગીતો ગવાય છે. લગ્ન એટલે જ પવિત્ર બંધન, તો તેના ગીતો વિશેષ મધુર કેમ ન હોય? જેમ જનોઈ વિનાનો બ્રાહ્મણ ન હોય તેમ ગીતો વિનાનો લગ્નપ્રસંગ અધૂરો લાગે. લોકસાહિત્યના નવ રસોમાં હાસ્યરસનું સ્થાન મહત્ત્વનું છે. ઓઠા, પાંચકડાં, ફટાણા, ઉખાણાં વગેરેમાં હાસ્યરસ જોવા મળે છે. જૂના સમયમાં શાળાઓ કે યુનિવર્સિટીઓ નહોતી ત્યારે કંઠસ્થ લોકસાહિત્ય દ્વારા જ લોકોને જ્ઞાન, માહિતી અને મનોરંજન મળી રહેતા. વિનોદી વાતો લોકોને સહજ રીતે ગળે ઉતરતી, તેથી જ કહેવાયું છે કે ‘હસે તેનું ઘર વસે.’ લગ્નપ્રસંગે ગવાતા વિનોદી ગીતો એ ફટાણાં. જેમાં કેટલેક અંશે બિભત્સ શબ્દો વપરાતાં, પરંતુ તેનો હેતુ સ્વચ્છ રહેતો. ફટાણા દ્વારા વર, કન્યા, અણવર, વેવાઈ, જમાઈઓ, સાળી, તેમજ ગોરબાપાની પણ મીઠી મજાક કરવામાં આવતી. ઓખાહરણ જેવા પ્રાચીન ધર્મગ્રંથમાં પણ આવી મીઠી મશ્કરી છે.

‘આવ્યો આવ્યો નગર ધૂતારો,

દ્વારકાનો ચોર, લાખેણી લાડી લઈ ગયો.’

શહેરી સંસ્કૃતિના વાયરા વાયા અને ગામડાની કેટલીક પૂરાણી રૂઢિઓ લૂપ્ત થતી ગઈ. જો કે હવે ફેશનપરસ્ત પ્રજા શહેરોમાં લગ્નગીતો ગવરાવતા કલાકારોના ગૃપ તેડાવી લગ્નગીતો અને ફટાણાં રજૂ કરે છે. ફટાણાં સાંભળવા એ એક લહાવો ગણાય છે. શહેરોની આ લોકપ્રિયતા જોતા આપણો વિનોદ વારસો વિલીન નહીં થાય તેવી શ્રદ્ધા પ્રગટતી રહે છે.

દેવના દીધેલ વ્હાલસોયા બાળકને પારણામાં ઝુલાવવો એ જનનીના જીવનનો અમૂલ્ય લ્હાવો છે. માના વાત્સલ્યનું મધુરૂ ગાન એટલે હાલરડું. લોકનારીઓએ પોતાની ઊર્મિલહેરોને હાલરડાં દ્વારા વ્યક્ત કરી છે. માતૃત્વની કલ્પના માત્ર મંગળ હોય છે તો મોંઘેરા માતૃત્ત્વના સર્જનની સાથોસાથ કુદરતે માતાના કંઠમાં હાલરડાની સૃષ્ટિ મૂકી દીધી હશે ને? હાલરડાં અંગ્રેજીમાં 'ક્રેડલ' કે 'સોંગ્ઝ', મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં 'લોરિયાં' અને દક્ષિણ ભારતમાં 'પાલના' ને નામે પ્રસિદ્ધ છે. જેમકે,

'હાલા રે હાલા ભાઈને હાલા,
ભાઈ તો મારો અટાદાર
મોજડી પહેરે પટાદાર'

જેવા હાલરડાંમાં માતાનો ઉમંગ જોવા મળે છે. વાત્સલ્યનું મધુર ગાણું એ જ હાલરડું. જેમાં માતા બાળકને હેત અને મમતાનું મર્મસ્પર્શી સ્પંદન પમાડે છે. બાળકના કલ્યાણ માટેની મંગલભાવના જ સદા માતાનાં હૈયે રમતી રહે છે.

### લોકસાહિત્યમાં લોકોપદેશ

લોકસમાજના માનવીની કોઠાસૂઝથી જન્મેલી કહેવતોને ભાષાનું ઘરેણું કહેવામાં આવે છે. મીઠા વિનાનું ભલજન મોળુ લાગે તેમ કહેવત વિનાની ભાષા ફિક્કી લાગે છે. પરિપક્વ વિચારનો પીરપાક તે કહેવત. રસપ્રદ કહેવતોમાં થોડામાં ઘણું કહી જવાની વાત હોય છે. દા. ત. 'ટકાની તોલડી તેર વાના માગે' એટલે કે રોટલો કરવો હોય તો તાવડી સાથે ચૂલો, લાકડા, છાણા, લોટ, મીઠું વગેરે અનેક ચીજોની જરૂર પડે. આમ કહેવતો લોકસમાજની

રીતભાતો, આચાર-વિચાર, ધર્મ, શ્રદ્ધા, વહેમો અને નીતિરીતિ પર પ્રકાશ પાડે છે. તેથી જ 'કહેવું' શબ્દ પરથી 'કહેવત' શબ્દ ઉતરી આવ્યો હશે.

નૈતિક મૂલ્યો, સામાજિક રૂઢિઓને કંડારતી, માનવજીવનને સંસ્કારનારી, કૌટુંબિક મૂલ્યોમાં સંપ અને શાંતિનો સંદેશો આપતી લોકકથાઓ એ જ લોકવાર્તાઓ. જે લોકસમાજમાં જન્મી છે, મુખપાટીએ જીવી છે અને માનવ સંસ્કૃતિના પાંગરતા પરોઢ જેટલી પ્રાચીન પણ છે. બાળકો કુતૂહલવશ, તરૂણો રસિકતાને લઈને અને પ્રૌઢો ફૂરસદનો સમય આનંદથી પસાર કરવાં આ લોકવાર્તાઓ સાંભળે છે. વિશ્વના સમસ્ત કથાસાહિત્યનો જન્મ લોકકથામાંથી જ થયો છે. લોકકથાના મૂળ અને કૂળની કથા અતિ વિસ્તૃત છે. તેના મૂળ બ્રાહ્મણ ગ્રંથોમાં, વેદકાલિન સાહિત્યમાં, ઉપનિષદોમાં, પાલિ, માગધિ જેવી પ્રાકૃત ધારામા, જાતકકથાઓમાં હોવાના સાંપડે છે. તેનો વ્યાપ અને વિસ્તાર અમાપ અને અગાધ છે. ગદ્યપદ્યના ભેદો ભૂલી, જન્મથી મરણપર્યંત અને ખોળિયાથી લઈને ખાંપણ સુધી નિર્બંધ રીતે વિસ્તર્યા છે. લોકકથાના વાહકોમં ઋષિમુનિઓથી શરૂ કરીને વેપારીઓ અને ગામડાનાં દાદા-દાદીઓ બન્યા માલૂમ પડે છે. ડૉ. હસુ યાજ્ઞિકે પરીકથા, નીતિકથા, પ્રેમકથાથી માંડી કહેવતકથા સુધી ત્રેવીસ પ્રકારો વર્ણવ્યા છે. કહેવતો કે લોકકથામાં જોવા જઈએ તો મનોરંજનની સાથે સાથે ઉપદેશ પણ રહેલો હોય છે. જે લોકોને જીવન જીવવાનો સાચો માર્ગ બતાવે છે.

### ચારણી અને પ્રાચીન સાહિત્ય

આપણા રાજા મહારાજાઓ સાહિત્ય, સંગીત અને કલાપ્રેમી જ માત્ર હતાં તેમ નહીં, વિદ્વાન, પ્રભાવી અને અમૂલ્ય જ્ઞાનના ભંડાર સમા દુર્લભ ગ્રંથોના રચયિતા પણ હતા. તેથી જ તો કલા રાજાઓની શ્રેષ્ઠ કલગી ગણાતી. કવિ કલાપીના રસઝરતા પ્રણયકાવ્યો, સયાજીરાવની સંગીતપ્રીતિ અને ગોંડલના ભગવતસિંહજીનું 'ભગવદ્ગોમંડલ' ગુજરાતી સાહિત્ય ગગનમાં તેજસ્વી તારલા છે. રાજકોટના રાજકુમાર શ્રી મહેરામણજીએ આપેલો રસસાગર સમો ગ્રંથ 'પ્રવીણસાગર' સાહિત્ય જગતની પાઘનું એક યશસ્વી છોગું છે. આ ગ્રંથની ૮૪ લહેરો ૮૮૪ પાના પર પથરાઈ લહેરી રહી છે. ૨૨૬ વર્ષ પછી પણ સાહિત્યપ્રેમીઓની પ્રીતિ આ ગ્રંથ પરથી ઓછી નથી થઈ. આ ગ્રંથમાં માત્ર શૃંગારિક રચના જ નથી, પણ તેની સાથે સાથે જ્ઞાન, વિજ્ઞાન અને માહિતીનો અલભ્ય ખજાનો છે. તેની ચિત્રમય કાવ્યરચનાઓ આ ગ્રંથનું એક આકર્ષક અંગ

બની જાય છે. આ ગ્રંથમાં નવ રસના પ્રકાર, વર્ણન, ઉત્પત્તિથી માંડીને જ્યોતિષવિદ્યા, રાજનીતિ, ખગોળ ભૂગોળનું જ્ઞાન તેમજ સામાજિક અને ધાર્મિક વિધિનું ગૂઢ જ્ઞાન છે.

પ્રણય અને શૃંગારના અદ્‌ભુત ભાવોનું વર્ણન આપણા પ્રત્યેક પ્રાચીન ગ્રંથોમાંથી સાંપડે છે. સંવત ૧૭૦૭ માં રચાયેલા 'બિહારી સતસઈ' ની ગણના આજે પણ શૃંગારરસના સર્વશ્રેષ્ઠ ગ્રંથમાં કરવામાં આવે છે. કવિશ્રીએ આ ગ્રંથમાં ગાગરમાં સાગર સમા મૌક્તિકો વણી લીધા છે. તુલસીદાસ, સૂરદાસ અને જયદેવ પછી શ્રેષ્ઠ કવિઓમાં બિહારીદાસની ગણના થાય છે. સંવત ૧૬૬૦ માં ગ્વાલિયર પાસેના બસુવા ગોવિંદપુરમાં જન્મેલા બિહારીદાસનું બચપણ બુંદેલખંડમાં અને તરૂણાવસ્થા મથુરામાં વીતી હતી. યુવાનીમાં તેઓ જયપુર આવી એક માર્મિક દુહા દ્વારા માર્ગ ભૂલેલા મહારાજાને સાચા માર્ગે ચડાવ્યા અને સાહિત્ય જગતમાં સોળે કળાએ ખીલી ઉઠ્યા. એ મહારાજાએ બિહારીદાસને રાજકવિ તરીકેની નિમણૂંક કરી. કવિ રોજ એક દુહાની રચના કરતાં અને આમ માત્ર ૭૧૯ દુહાની રચના કરી કવિ સાહિત્યગગનમાં સિતારો બની ચમક્યા.

ચારણી અને પ્રાચીન સાહિત્યમાં ઋતુઓના ભરપૂર વર્ણનો મળે છે. આ ઋતુ સૌંદર્યનું દર્શન કરવા માટે હૈયુ અને હેતભર્યાં નયન જોઈએ. આપણાં પ્રકૃતિગીતોની સરવણી વેદકાળથી વહેતી રહી છે. પ્રકૃતિના વધામણાનાં ગીતો હૈયેથી ન ફૂટે તો એ કાળજું શું કામનું? રાધાકૃષ્ણના વિરહની બારમાસીમાં અષાઢ માસનું વર્ષાવર્ણન અદ્‌ભુત છે.

"દન ગણંતા જેઠે ગયો, કાળી ઘટા ઘન કાઢ,

એણી પેરે કાના આવજો, આયો માસ અષાઢ"[૪૫]

લોકસાહિત્યમાં ઋતુએ ઋતુનાં રંગો ઝીલાય છે. વર્ષા અને વસંતમાં માનવહૈયાની ઊર્મિઓ વિશેષ મ્હોરી ઉઠે છે. ભક્ત કવિ દુલા ભાયા કાગનું નામ કોણે ન સાંભળ્યું હોય? ભાવનગર જિલ્લાના મજાદર ગામે તેમનો જન્મ. એ દાઢીયાળા દેવીપુત્રીની જીભે મા સરસ્વતી અખંડ બિરાજતા. લોકઢાળના, ગામઠી બોલીનાં તેમના ગીતો, દુહા અને ભજનો આજે પણ એટલા જ લોકપ્રિય છે. તેઓ કુંવારી કલ્પનાના કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કાવ્ય તરીકે તેમના પ્રસિદ્ધ વર્ષાગીત 'સાગરના જાયા' ને ૨૨ રતલ ચાંદીની ગાયનું

સ્મૃતિચિહ્નરૂપે પારિતોષિક મળેલું. ઋતુગીતોના શ્રેષ્ઠ વર્ણનોમાં ‘વર્ષાઋતુ’ નું આગમન, નભોમંડળ, મેઘરાજા, વાદળાંઓ, મોરલાઓ, બપૈયા અને વિયોગી હૈયાની અવનવી કલ્પનાઓનું મેઘધનુષ રચી તેમણે કમાલ કરી બતાવી છે.

શબ્દના ઉપાસક કવિઓ અને સાહિત્યકારો જૂના કાળે પણ હતા. ભુજમાં રાજવી લખપતજીએ કવિઓ બનાવવાની પાઠશાળા સૌ પ્રથમ સ્થાપી હતી. શબ્દસૃષ્ટિના કવિઓ અવનવી કલ્પનાઓ દ્વારા માત્ર રાજાઓનું મનોરંજન જ નહીં, વિવિધ જ્ઞાનગોષ્ઠિ અને માહિતી તથા જ્ઞાનની ગંગોત્રિ પણ વહેવડાવતા. ડાયરામાં ભાટ, ચારણ, કવિઓ ભેગા મળી કસૂંબલ રંગ જમાવતાં. કવિઓ વચ્ચે ભેદ, અભેદ, વ્યાકરણ, મીમાંસા અને તર્કની એરણ પર ઘડાતાં પ્રશ્નોની ચર્ચા થતી રહેતી. રાધાકૃષ્ણની રસમસ્તીને કવિઓએ આવા લોકસાહિત્યમાં અને ચારણી સાહિત્યમાં કલાપૂર્ણ રીતે રજૂ કરી છે.

આપણા પ્રાચીન અને ચારણી સાહિત્યનો જોટો જડવો ઘણો મુશ્કેલ છે. તેમાં દરેક ઋતુના વર્ણનોનું અદ્‌ભુત રીતે મિશ્રણ કરવામાં આવેલું છે. આજે પણ આ સાહિત્ય લોકોના હૃદયમાં એટલું જ માન અને પાન ધરાવે છે. તેનું મૂલ્ય જરા પણ ઘટ્યું નથી, એ જ એની વિશિષ્ટતા બતાવે છે. આ સાહિત્યએ આપણા લોકસાહિત્યને અતિ સમૃદ્ધ બનાવ્યું છે.

**ઉપસંહાર**

પ્રસ્તુત ગ્રંથમાં લેખકે લોકસાહિત્યના ગદ્ય અને પદ્ય એમ બન્ને પ્રકારનો પરિચય કરાવ્યો છે. લોકવાર્તા, લોકગીત, લગ્નગીતો, કહેવતો પર પ્રકાશ પાડ્યો છે. રામલીલા, ભવાઈના પ્રસંગે ગવાતાં પાંચકડાં, ખાંયણાં, લોકજીવનમાંથી ભુલાઈ ગયેલા હાલરડાં, વિનોદગીતો, ફટાણાં વગેરેનો સવિસ્તર પરિચય આપેલો છે. આ ઉપરાંત ચારણી અને પ્રાચીન સાહિત્ય તથા તેના રચયિતાનો પણ વિગતે પરિચય કરાવેલો છે.

દાટ વાળેલ શહેરીકરણે પ્રાચીન સંસ્કૃતિનો છેદ ઉડાડી દીધો છે. પશ્ચિમી સંસ્કૃતિએ પ્રાચીનતાને તદ્દન વિસારી દીધી છે. ગામડામાંથી ગાડાં ગયાં, કોસ અને ચિચોડા ગયાં, રહ્યા માત્ર ધૂળિયા હૈયા, દૂબળાં મનડાં અને ઘસાયેલાં મૂલ્યો. જો સમયસર નહીં ચેતીએ તો

આપણી આ મૂલ્યવાન વિરાસત તદ્દન વિસરાઈ જશે એમાં કોઈ શંકા નથી. આજે માનવી ગ્રહો અને ઉપગ્રહો છોડી શક્યો છે, પરંતુ પૂર્વગ્રહો નહીં.

## ૫. ૧૩ ગુજરાતની લોકસંસ્કૃતિ

### પ્રસ્તાવના

જોરાવરસિંહનું 'ગુજરાતની લોકસંસ્કૃતિ' નામનું પુસ્તક ઈ. સ. ૧૯૭૬ માં પ્રકાશિત થયું. ગુજરાતને 'ગુજરાત' નામાભિધાન અને તેમાં પ્રયોજાતી ભાષા બોલીને 'ગુજરાતી' નામકરણ ગુર્જરો પાસેથી મળ્યું છે, પણ ભાષા સાંકળીની પરંપરા, માનવસંસ્કાર અને પ્રાંતની સંસ્કૃતિ તો મૂળમાં તળપદ પરંપરાના સ્વરૂપલઢણની જ છે. હાલનું ગુજરાત એટલે કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત – જ્યાંના તળપદ લોકો ગુજરાતી ભાષા-બોલી બોલે છે અને લખે છે તે પ્રદેશ, ઉત્તરમાં કચ્છ, મેવાડ, મારવાડ અને રાજસ્થાનની સરહદ, દક્ષિણે થાણા જિલ્લાની ખીંટી, પૂર્વમાં માળવા, ખાનદેશ અને પશ્ચિમમાં અરબી સમુદ્રનો કાંઠો. સંસ્કાર સંપન્ન માનવ કે પ્રજાસમૂહ કલા, વિદ્યા અને વિવિધ પ્રકારનાં રચનાત્મક અધિષ્ઠાન કરી એક આગવી સંસ્કૃતિનું સર્જન કરે છે. આ જે તે પ્રાંત દેશની સંસ્કૃતિ માનવીય સંસ્કાર સંસ્કૃતિનું સર્જન કોઠાસૂઝી જ્ઞાનના નિષ્કર્ષનો આંક બતાવે છે, એટલે કોઈપણ પ્રજાની સંસ્કૃતિ જેટલી ઉન્નત અને વિશાળ સ્વરૂપની તેટલું તે પ્રજાનું જીવનદર્શન પણ ઊંચું.

### શિષ્ટ સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિ

જોરાવરસિંહ જાદવે 'ગુજરાતની લોકસંસ્કૃતિ' નામના આ પુસ્તકમાં ગુજરાત રાજ્યની તળપદી લોકસંસ્કૃતિ અને વનવાસીઓની પરંપરીત સંસ્કૃતિ-સંસ્કારનો દ્રશ્યાત્મક અને વર્ણાત્મક સ્વરૂપે માહિતીસભર ચિતાર આપ્યો છે. દેશજ પરંપરાએ સંસ્કાર સંપન્નતાએ 'લોક' અને 'શિષ્ટ' એવા સંસ્કૃતિના બે ભેદો આજે વર્ણિત થયેલા જોઈ શકીએ છીએ. જેમાં શિષ્ટ-ઉજળિયાત સમાજની શાસ્ત્રીય પરાવલંબનવાળી સંસ્કૃતિ તે 'શિષ્ટ સંસ્કૃતિ' અને તળપદ દેશજ અને વનવાસી પ્રજાસમૂહોની પરંપરીત તળપદી રૂઢી પરંપરાએ ઊતરી આવેલી

તે 'લોકસંસ્કૃતિ'. શિષ્ટ સંસ્કૃતિમાં વ્યક્તિગત સ્વરૂપે શાસ્ત્રીય રીતનું પ્રદાન છે, તો લોકસંસ્કૃતિમાં સાંઘિક સ્વરૂપનું તળપદ દેશજ પરંપરાનું પ્રદાન મુખ્ય છે, જેમાં વ્યક્તિગત અનુભૂતિ કરતાં સામૂહિક મંડનદર્શનને વિશેષ સ્થાન છે, તેથી લોકસંસ્કૃતિ – ઉન્મેષ તળપદી લોક પરંપરામાં અને જનજીવનમાં પરિમાર્જિત છે.

આજે જેને આપણે 'ગુજરાત' કહીએ છીએ તે કચ્છ અને સૌરાષ્ટ્રના સંઘાતથી સંકુલિત થયેલો પ્રદેશ છે. પ્રાગ્ઐતિહાસિક કાળની ગહ્વર ગુફાના મંડાણકાળથી અહીં માનવવસાહતો વિકસી હતી. તે પછી નદીકાંઠાની સંસ્કૃતિ પ્લાવિત થઈ અને ઐતિહાસિક કાળમાં દેશી-પરદેશી પ્રજાના સમૂહો અહીં ઊતરતા રહ્યા અને કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્થિર થઈ ગયા. આમ મૂળ ભારતીય દેશી અને આવેતુ પરદેશી પ્રજાજૂથોના આકલનથી ગુજરાતની 'લોકસંસ્કૃતિ' વિવિધ રીતે વર્ધિત થઈ છે, એટલે ગુજરાતની લોકસંસ્કૃતિની એકતામાં અનેકતા તો છે જ પણ એ અનેકતા એક સળંગસૂત્રે બંધાયેલી સળંગરૂપે એકતામાં ગ્રથિત થયેલી આજે જોઈ શકીએ છીએ.

માનવીની મુખ્ય ત્રણ પ્રાથમિક જરૂરિયાતો - ભોજન, રહેઠાણ અને આચ્છાદન. આ ત્રણેયની પૂરેપૂરી ઉપલબ્ધિ થયા પછી માનવે ઉત્તરોત્તર આ જરૂરિયાતને જે રીતે સંસ્કારી-સંમાર્જી તેની પૂરી માહિતી લેખકે આ પુસ્તકમાં બહુ વિગતે આપી છે. જેમાં ખાનપાનના લોકસંસ્કારમાં વઘાર્યા અને ઢૂંગાર્યાં, બાફીને બાફણાં, ચોળીને ચૂરમાં, વાડીને વેડમી, ઓરીને ઓરમું, ઘસીને ઘસિયો એમ બત્રીસભાતનાં ભોજન અને તેત્રીસ શાક સાથે રાયતાં અને આથણાં, પાપડ અને વડીની ખટરસની ભોજન વાનીઓની લોકસંસ્કૃતિમાં બહોતાળ છે, તેની સરસ માંડણી કરી છે.

સંસ્કારપૂત માનવી બુદ્ધિના બળે ઝાડ, ગુફાના રહેઠાણ છાંડીને ભૂંગા ભેણી, કૂબા કૂબલી, ફર્જા અને પડાળિયાના આવાસથી ઊતરીને ઘર ખોરડા માથે માઢ મેડીના રહેણાકી થાનોમાં રહેતો થઈ ગયો અને સળંગ વણસીવ્યા ચોફાળ ફાળિયાના આડસોડિયા વીંટ્યા પોશાકથી માંડીને રંગબેરંગી આકારપ્રકારનાં ટાંકા મારેલાં, ટેભા ભરેલાં, ઓટેલાં અને સીવેલાં

લૂગડાંની પરંપરા સુધી પહોંચ્યો આ બધાય તબક્કાની પૂરેપૂરી નોંધ આ પુસ્તકમાં લેખક અભ્યાસપૂર્ણ રીતે વર્ણવે છે.

### સૌંદર્યપ્રસાધનો

ભોજન, રહેઠાણ અને વસ્ત્રાદિક પછી બાહ્ય સૌંદર્ય પ્રસાધનમાં વેશવળોટ, અલંકારો અને શોભનમંડનની સજાને બહુ જ વિગતે વર્ણવી છે. જેમાં નરનારીનાં અલંકરણો જે સોના, ચાંદી, તાંબા, પિત્તળમાંથી સોની મહાજને ઘડ્યા તે ઘાટવળોટ અને પહેરણ બંધનની નોંધમાં જેમ કે વિંધ પાડીને પહેરાતાં આવેધ્ય, સોના-ચાંદીના ઘરેણાં સાથે દોરી ગંઠીને બાંધવાના બંધનીય, ગાળાવાળાં, હાથે, પગે અને આંગળીએ પહેરવાના ક્ષેપ્ય અને ઉપરથી આરોપણ કરીને પહેરવાનાં આરોપ્ય ઘરેણાં એમ બધા જ પ્રકાર-ઘાટના ઘરેણાંની વિગતે માહિતી આપી છે.

લોકપરંપરા અને વનવાસી પ્રજાસમૂહનાં નરનારીનાં હાથ પગ અને ડોક કપાળનાં મંડન માંડ્યાં છૂંદણાં, નારીના હાથનો શણગાર મેંદી, આંખઅંજન કાજળરેખના શણગાર અને પ્રતીકો, માંગલિક દર્શન અને મંત્રતંત્રની મેલીવિદ્યાને વાળે નિવારે તેવા મેશના ટૂંબાટુચકા વગેરેમાં રીતરૂઢિ અને શરીર શોભાવણ અલંકરણોની દ્રશ્યાત્મક સ્વરૂપે અને ભરી ભરી વાણીએ પ્રશંસા થઈ છે.

### લોકનૃત્ય અને ભવાઈ

આંતરિક ઊર્મિ અને ભાવના હિલોળાનું બાહ્યદર્શન ગીત, નર્તન અને દ્રશ્યાત્મક કલાકારીના નિરૂપણથી થાય છે, તે રીતે ગ્રામપ્રજા અને વનવાસીઓનો અંગનિંડોળ અને અંતરનો તરવરાટ તેમનાં લોકનૃત્યોમાં જોઈ શકાય છે. આમ લોકનૃત્યો એ ગ્રામપ્રજાનું મનોરંજન છે. "તેમનાં લોકનૃત્યો કોઈ માટેનાં નહીં પણ સ્વમસ્તીનાં, નિજાનંદ માટેનાં છે."[૪૬] જેમાં ગરબો, રાસ, ગરબી, જાગનૃત, રાંદલનો ઘોડો, દાંડિયા, ગોફ, ચાબખી, તરવારનૃત્ય, હુડા વગેરે લોકપરંપરાના નૃત્યો છે, તો વનવાસીઓનાં નૃત્યોમાં ઘેરૈયા, ધમાલ, શિકાર તેમ જ ડાંગીઓનું ઠાકર્યા, ભાયા, આગવા, કાકડા, માંડવા, નૃત્યો વગેરે નૃત્યો નરનારીનાં શરીરને જોમ અને ત્વરિત ગતિનો વેગ લોલ આપે છે.

લોકસંસ્કૃતિમાં ભવાઈના વેશો દ્વારા આનંદ, હાસપરિહાસ ઉપરાંત દ્રશ્યશ્રાવ્ય લઢણના તંતુએ સામાજિક-બદીઓનું દર્શન કરાવાય છે, તો લોકનાટ્ય-ભવાઈ વેશમાં નાટ્યાત્મક સ્વરૂપે 'જસમા ઓડણ', 'મણિબા' વગેરેના ખેલોમાં લોકનાટ્ય સ્વરૂપની ઝાંખીનું દર્શન થાય છે.

### શિલ્પકામ, ભરતકામ અને ઘર શણગાર

તળપદ ચિતારાનું ચંદરવાનું ચિત્રકામ, નારીઓ દ્વારા આલેખેલ ઘરશોભાવણ માંડણાં, છાપાં, મંડન વગેરે કળાનો કસબ છાવરે છે. ડાંગશિયા, વણકર વગેરે વિવિધ પોતાનાં કાપડ વણે છે. તળપદા રંગરેજ કાપડ રંગે, છાપે છે. જોગી રાવળ મોરડા, ફૂમતાં ગાંઠગ્રંથન વણે ગંઠે છે, તો તળપદ સુથાર, લુવારનું તદ્દેશીય તક્ષણકામ જેમાં પાળિયા, ખતરું, મોગરા દેવ, સતીની ખાંભી, ખૂંટાનું લોકશિલ્પ કંડારાય છે. કુંભારે બનાવેલ રમકડાં, ઘાટઘાટના ઠામવાસણ વગેરેની વિવિધતા વર્ણવી લોકપરંપરા અને લોકસંસ્કૃતિમાં તળપદ કળાકારીગરીનું સહજ આચરણ અને તળપદ માનવમનની ઊર્મિના સઘાટા આકલનની વિવિધ દ્રશ્યાત્મક સંસ્કૃતિના કલા-કસબને કલમની ટશરે લેખકે મૂર્તિમંત રીતે અહીં રજૂ કરી છે.

કળાકારીગરીમાં માનવની સીધીસાદી ભાવનાની અનુભૂતિનો નીચોડ દ્રશ્યમાન થાય છે. તેવી શોભનકળામાં ગોહિલવાડની ગાર-લીંપણ પરનાં શોભનચિત્રો, ધર્મ પરંપરાનાં પ્રતીકચિત્રો, વ્રત, જાતરા અને ગોત્રજનાં શોભન મંડનો, વનવાસીઓનાં પીઠોરાનાં ચિત્રો, ઉપરાંત ગાર-લીંપણમાં કંડારાતી ઓકળીઓ, પંખા, કચ્છી રબારીના લીંપણશિલ્પ જેવી માટીલીંપણની પરંપરિત શોભન રીતિનો સચિત્ર ચિતાર બહુ જ દ્રશ્યાત્મક સ્વરૂપે તેમણે આપ્યો છે. વળી કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ જિલ્લાના લોકભરતની ઓળખ, જાત પ્રાંતવાર વિગતે રજૂ કરી છે. તેમ જ કાઠી અને મહાજનનું મોતીપરોણું, તેની ભાતો, પશુના, ઘરના શણગારો વગેરેની અભ્યાસનીય સૂઝને કારણે તેનું માહિતીસભર લખાણ અહીં વિગતે રજૂ થયું છે.

### *લોકદેવો અને લોકઉત્સવો*

*લોકદેવી-દેવલાંની પૂજા-અર્ચનાની આસ્થાના નિરૂપણમાં ગણેશથી માંડીને ચરમાળિયા નાગદેવ, વાછરો સોલંકી, જળપીર, ખેતરપાળ, મગરદેવ, ડુંગરોદેવ, ઘોડદેવ મામો વગેરે જેવા ગ્રામદેવતા અને શિકોતર, શીતળા, હડકમોઈ, જળદેવકી, મરકી વગેરે માતામાવડીની મૂર્તઅમૂર્ત સ્વરૂપપૂજાને આસ્થાભરી રીતે રજૂ કરી છે.*

*લોકસંસ્કૃતિમાં ઉત્સવ અને મેળા જેવાં આનંદ પર્વોનું ઘણું મહત્ત્વ છે. આવાં પર્વો-મેળામાં લોકો સાજસરંજામ, શણગાર, મંડન, ગીત, ગાન અને વિવિધ પ્રકારનાં લોકવાદ્યો સાથે આનંદથી નાચે ગાય છે. જેમાં હોળી, જન્માષ્ટમી, રામનવમી, નવરાત્રી વગેરે લોકોત્સવોમાં લોકો દ્વારા સાચી લોકસંસ્કૃતિની પરંપરાનું દર્શન થાય છે. દેવ માહાત્મ્યમાં ધર્મનો રંગ રાગ, ત્યાગ, બલિદાન સાથે શ્રદ્ધાનંદની હેલી ઊભરાઈ ઊઠે છે. આમ આનંદ, ધર્મ અને ઉત્સાહ લોકોનાં જીવનને જીવંત રાખે છે.*

### *ઉપસંહાર*

*લેખકની સૂઝસમજ સૌંદર્યલક્ષી છે. તેઓ માત્ર લોકસંસ્કૃતિના લેખક જ નહિ પણ પારખુ અને આસ્વાદક હોવાથી આ પુસ્તકમાં લખાણ સાથે છબીઓ અને ચિત્રો મૂકીને તો તેમણે લોકસંસ્કૃતિનું દર્શન હૂબહૂ સ્વરૂપે કરાવ્યું છે. ગુજરાતના ખ્યાતનામ છબીકારોએ આ પુસ્તકમાં ગુજરાત રાજ્યની લોકસંસ્કૃતિનાં વિવિધ પાસાંને વ્યક્ત કરતી રંગીન છબીઓ મૂકીને આ ગ્રંથને બેનમૂન બનાવી દીધો છે. જોરાવરસિંહ તળપદી લોકસંસ્કૃતિના ચાહક અને તળપદી ભોમકાના જ સંતાન હોવાથી લોકસંસ્કૃતિ અને તેના એકએક પાસાની તેમને પરખ છે. આ સંસ્કૃતિના એકએક પાસાને તેમણે જાણ્યું અને માણ્યું છે તેથી તેમના લખાણમાં સદ્રશ્ય, ચિત્રાત્મકતા, કથા પરંપરાનાં દ્રષ્ટાંતો, ગીત પંક્તિઓ, શ્રદ્ધાની અંજલિ, વહેમની રૂઢિમઢી વાત અને માહિતીસભરતા વાક્યેવાક્યે ઊતરે છે. શબ્દરૂપે લખાયેલ અને ચિત્રરૂપે શણગારાયેલ આ પુસ્તકમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિનું મધુર દર્શન થાય છે.*

# **<u>સંદર્ભસૂચિ</u>**

| **ક્રમ** | **પુસ્તકનું નામ** | **લેખક / સંપાદક** | **આવૃતિ** | **પ્રકાશક** | **પાના નંબર** |
|---|---|---|---|---|---|
| ૧ | લોકજીવનનાં મોતી | જોરાવરસિંહ જાદવ | બી.આ. ૨૦૦૯ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૪ |
| ૨ | એજન | | | | ૫ |
| ૩ | એજન | | | | ૧૨૧ |
| ૪ | એજન | | | | ૨૬૬ |
| ૫ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. રવિશંકર રાવળ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૨૯૫ |
| ૬ | લોકસંસ્કૃતિમાં પશુઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ | લક્ષ્મી પુસ્તક ભંડાર અમદાવાદ | ૯ |
| ૭ | એજન | | | | ૯૦ |
| ૮ | એજન | | | | ૧૦૦ |
| ૯ | એજન | | | | ૧૬૩ |
| ૧૦ | એજન | | | | ૧૬૮ |
| ૧૧ | એજન | | | | ૧૯૩ |
| ૧૨ | એજન | | | | ૧૯૮ |
| ૧૩ | એજન | | | | ૨૨૪ |
| ૧૪ | એજન | | | | ૨૭૨ |
| ૧૫ | એજન | | | | ૨૮૪ |
| ૧૬ | એજન | | | | ૩૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | એજન | | | | ૩૧૪ |
| ૧૮ | એજન | | | | ૩૨૫ |
| ૧૯ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. જયમલ્લ પરમાર સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૩૫૫ |
| ૨૦ | ગુજરાતના લોકઉત્સવો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૧૦ | જોરાવરસિંહ જાદવ | ૨ |
| ૨૧ | એજન | | | | ૫૦ |
| ૨૨ | એજન | | | | ૯૧ |
| ૨૩ | પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૧ | જોરાવરસિંહ જાદવ | ૨ |
| ૨૪ | એજન | | | | ૨૪ |
| ૨૫ | એજન | | | | ૭૬ |
| ૨૬ | ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ | જોરાવરસિંહ જાદવ | બી. આ. ૧૯૯૬ | માહિતી કમિશ્નર ગુજરાત સરકાર – ગાંધીનગર | ૧૨ |
| ૨૭ | એજન | | | | ૩૭ |
| ૨૮ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૩૪૩ |
| ૨૯ | ગુજરાતના લોકમેળા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર | ૩ |
| ૩૦ | ગુજરાતના લોકવાદ્યો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૭ | માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | ૬ |
| ૩૧ | એજન | | | | ૨૧ |
| ૩૨ | પ્રાચીન ભારતીય | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૩ | જોરાવરસિંહ જાદવ | ૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | લોકરમતો | | | | |
| ૩૩ | એજન | | | | ૧૫ |
| ૩૪ | એજન | | | | ૪૧ |
| ૩૫ | કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ.  ૨૦૦૧ | જોરાવરસિંહ જાદવ | ૫૧ |
| ૩૬ | એજન | | | | ૩૦ |
| ૩૭ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટ સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૩૬૪ |
| ૩૮ | કારાણીકુંજ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૨ | તુલસીદાસભાઈ શેઠ, ભુજ | ૧૦૯ |
| ૩૯ | એજન | | | | ૧૨૮ |
| ૪૦ | લગ્નમાંગલ્ય | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૩ | જોરાવરસિંહ અને રજનીકાન્ત શાહ | ૭ |
| ૪૧ | એજન | | | | ૧૧ |
| ૪૨ | એજન | | | | ૧૭ |
| ૪૩ | લોકસાહિત્યની વિરાસત | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૯ | જોરાવરસિંહ જાદવ | ૪૪ |
| ૪૪ | એજન | | | | ૫૧ |
| ૪૫ | એજન | | | | ૧૭૮ |
| ૪૬ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | લે. પ્રો. ખોડીદાસ પરમાર સંપા. ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ | ૩૪૬ |

# પ્રકરણ – ૬

# તારણો અને ઉપસંહાર

## પ્રકરણ – ૬ તારણો અને ઉપસંહાર

### તારણો

શ્રી જોરાવરસિંહ જાદવની કૃતિઓની વિગતોને આધારે તારવેલા કેટલાંક રસપ્રદ તારણો ગુજરાતી લોકસાહિત્યમાં ઉપયોગી બની રહેશે. જે નીચે પ્રમાણે છે.

જોરાવરસિંહના સમગ્ર સાહિત્યમાં લોકસમાજના રીતરિવાજો, રૂઢિઓ, સમાજના ઉત્સવો અને તત્કાલીન સમાજ જીવનની છાપ જોવા મળે છે. લોકકથા ક્ષેત્રે જોઈએ તો જોરાવરસિંહે દરેક ક્ષેત્ર, પ્રદેશ અને જ્ઞાતિની લોકકથા આપી છે. આપણી લોકસંસ્કૃતિમાં રહેલા દરેક પશુ વિશે તેમણે સંપૂર્ણ માહિતી પોતાના પુસ્તકમાં સમાવેલ છે. આ કાર્ય ખરેખર દાદ માંગી લે તેવું છે. આ દરેક માહિતી આપતી વખતે વેદો, ઉપનિષદ, રામાયણ, મહાભારત, પુરાણો વગેરેનો સંદર્ભ આપેલ છે. જે તેમની ઊંડી સૂઝ અને વિશાળ વાંચનની ટેવ દર્શાવે છે.

જોરાવરસિંહની શૈલી રોચક, લોકભોગ્ય અને વર્તમાન સમય સાથે વૈજ્ઞાનિક અનુબંધ ધરાવે છે. આ ઉપરાંત તેમણે કોઈ એક રસને પ્રાધાન્ય નથી આપ્યું, પરંતુ સાહિત્યના નવે નવ રસને પોતાની કૃતિઓમાં અદ્‌ભુત રીતે વણી લીધા છે. જીવન ક્ષેત્રના દરેક પાસાનું વર્ણન તેમણે વિગતે કર્યું છે. જે બીજા સાહિત્યકારોમાં જોવા મળતું નથી.

જોરાવરસિંહનું સૌથી મહત્ત્વનું કાર્ય તો “લોકકલા ફાઉન્ડેશન” ની સ્થાપના છે. અગાઉના સર્જકોએ કલાકાર-કસબીને શોધીને માત્ર પોતાના સાહિત્ય કે કૃતિમાં જ સ્થાન આપ્યું હતું, જ્યારે જોરાવરસિંહે તો ગામડાની ધૂળમાં પડેલા રતન સમા કલાકારોને શોધીને એક એવા તખ્તા પર લઈ આવ્યા કે જેનાથી કલાકારોની કલા લોકો સમક્ષ રજૂ થઈ શકે. એટલું જ નહીં પણ દલસુખ રાવળ, ગુલાબ્બો, સીમા કાલબેલીયા, સીદ્દીકભાઈ જત, રત્નાજી મારવાડી, ઉષાબેન દવે જેવા કલાકારોની કલા આંતરરારાષ્ટ્રીય ફલક પર રજૂ કરી. જોરાવરસિંહનું ઋણ આવા કલાકારો પર આજીવન રહેશે. એટલું જ નહીં પણ તેમણે ગુજરાતના લોકસાહિત્યને પોતાની કલમ દ્વારા ધબકતું રાખ્યું છે. શ્રી જાદવ બહુશ્રૃત સંશોધક અને સંપાદક છે. તે આ સમગ્ર સંશોધનો દ્વારા ઝવેરચંદ મેઘાણી અને જયમલ્લ પરમારની શ્રેણીમાં પોતાનું નામ મૂકી આપે છે.

## ઉપસંહાર

સૌરાષ્ટ્રનાં ભાલપ્રદેશમાં નિશાનબાજ તરીકેની નામના ધરાવનાર આકરું ગામના દાનુભાઈ જાદવ અને લોકસંસ્કૃતિ, લોકકથા તથા લોકસાહિત્યનો વારસો ભેટમાં આપનાર માતા ગંગાબાના પુત્ર જોરાવરસિંહનો જન્મ ૧૦ જાન્યુઆરી ૧૯૪૦ માં થયો હતો. નાનપણમાં ભીખલો ઉપનામથી જાણીતા જોરાવરસિંહના મિત્રો પણ બહાદુર અને પરાક્રમી હતા. પિતાની અપેક્ષા હતી કે દીકરો (જોરાવરસિંહ) IAS બને, પરંતુ સિનેમા અને સાહિત્યમાં રસ ધરાવનાર જોરાવરસિંહના મનમાં સાંસ્કૃતિક વાતાવરણ જ રહેતું.

મોહનલાલ મહેતા, દિનાનાથ મહેતા, વિનુબેન પટેલ જેવા આદર્શ શિક્ષકો દ્વારા તેમનાં પ્રાથમિક શિક્ષણનું સિંચન થયું હતું. ચીમનભાઈ પટેલ (માજી મુખ્યમંત્રી, ગુજરાત) અને કનુભાઈ પટેલ જેવા આદર્શ શિક્ષકોએ તેમને શિક્ષણ આપેલ. રસીકલાલ પરીખ, ડૉ. હરીપ્રસાદ શાસ્ત્રી, પ્રિયબાળાબહેન જેવા અધ્યાપકોએ તેમને ઉચ્ચ શિક્ષણ આપેલ.

સજ્જનબા સાથેનાં તેમનાં લગ્ન સમયે લીંબડીનાં રાજકવિ શંકરદાન ગઢવીએ લગ્ન સમયે શુભેચ્છા સાથે એક દુહો લખીને મોકલ્યો. વિધિની કરુણતાએ એક અકસ્માતમાં સજ્જનબાને છીનવી લીધા અને જોરાવરસિંહે હેમકુંવરબા સાથે બીજા લગ્ન કર્યા. પાંચ સંતાનોના પિતા તરીકે જોરાવરસિંહે બાળકોમાં ઉત્તમ સંસ્કારોનું સિંચન કર્યું છે.

માટીની મહેકે અને ગામમાં આવતાં લોકસાહિત્યકાર, લોકસંગીતકાર અને લોકકલાકારો પાસેથી જોરાવરસિંહની સાહિત્ય પ્રત્યેની પ્રેરણા જન્મી. સાહિત્યનાં રસિક તરીકે તેમણે વ્યવસાયમાં ઝંપલાવ્યું. પંચશીલ હાઈસ્કૂલ, સરસપુરમાં શિક્ષક તરીકે શરૂઆત કર્યા પછી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં મુલાકાતી વ્યાખ્યાતા તરીકે સાહિત્યની સેવા કરી. આ ઉપરાંત તેમણે "સહકાર" સાપ્તાહિકમાં પ્રકાશન અધિકારી તરીકે ત્રીસ વર્ષ સુધી સેવા આપી છે.

ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી અને હરકાંત શુક્લ જેવા વિદ્વાનોની સાહિત્યિક રચનાઓથી પ્રેરિત થઈ તેમને સાહિત્ય સર્જનનું કાર્ય શરૂ કર્યું. ગામમાંથી

લોકસાહિત્યની વાતો સાંભળી તેનાં વિવેચન દ્વારા લેખક તરીકે કાર્ય શરૂ કર્યું. "બુદ્ધિપ્રકાશ" માં પ્રથમ લેખ પ્રગટ થયાં પછી તેમનાં આત્મવિશ્વાસમાં વધારો થયો. ૧૯ વર્ષની વયે "ઓલ ઈન્ડિયા કોન્ફરન્સ" માં પ્રતિનિધિ તરીકે પસંદગી પામેલ જોરાવરસિંહ જાદવની ભલામણ શ્રી રવિશંકર રાવલે આકાશવાણીમાં કરી હતી. આકાશવાણીના જનજાગે કાર્યક્રમમાં "લીલુડા માથાનું બલિદાન" નામની લોકકથાની રજુઆતથી તેમણે મણીશંકર પંડ્યાનું ધ્યાન આકર્ષિત કર્યું. જેમના સહયોગથી "મરદ કસુંબલ રંગ ચડે" પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું. સંદેશ અને ગુજરાત સમાચારમાં પોતાની કટાર દ્વારા તેમણે સાહિત્ય જગતમાં વિશેષ નામના મેળવી છે. ૯ પારિતોષિક, ૨૪ ઍવોર્ડ અને ૨૭ માન સન્માનો દ્વારા તેઓને બિરદાવવામાં આવ્યા છે. પ્રાથમિક શાળાથી લઈને અનુસ્નાતક કક્ષા સુધીનાં અભ્યાસક્રમોમાં તેમના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉમાશંકર જોષી, રઘુવીર ચૌધરી, ઈશ્વરભાઈ પેટલીકર, કે. કા. શાસ્ત્રી જેવા સાહિત્યકારો તેમના સાહિત્યિક મિત્રો રહ્યાં છે, તો ચિનુભાઈ મોદી, મોહનભાઈ મેઘાણી અને શંકરસિંહ વાઘેલા તેમના મિત્રો રહ્યા છે.

સંસ્કૃતિને જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય લોકસાહિત્યકાર કરે છે. માનવીને વાણી પ્રાપ્ત થઈ ત્યારથી આજ દિન સુધી લોકસાહિત્યે માનવસમાજનું ઘડતર કર્યું છે. અજ્ઞાત રચયિતાઓ દ્વારા રચાતું આ સાહિત્ય જન-જનનાં કંઠે હોય છે. જે પેઢી દર પેઢી હસ્તાંતરણ પામે છે. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સાહિત્યકારોએ લોકસાહિત્યને જનસમાજનો અભિવ્યક્ત થતો લોકવારસો ગણાવ્યો છે.

એક-એક શબ્દ દ્વારા સંસ્કૃતિ, મૂલ્ય, પરંપરા, લાગણી, સંવેદના, કલ્પના અને જનજીવન શબ્દરૂપે રજુ કરવાનું માધ્યમ એ લોકસાહિત્ય છે.

અવૈયક્તિક, અનામી, લૌચિક, જનબોલી, કંઠસ્થ અને પ્રસંગ તથા ઊર્મિઓ સભર સાહિત્ય કે લોકસાહિત્યનાં લક્ષણ છે.

ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક ભૌગોલિક અને નૈતિક શિક્ષણનું ઘડતર કરનાર આ સાહિત્ય માનવજીવનની સંસ્કૃતિની અભિવ્યક્તિ છે. કથ્ય અને ગેય સ્વરૂપનાં આ સાહિત્ય દ્વારા ઐતિહાસિક અને કાલ્પનિક બાબતોની જનસમુદાય સમક્ષ રજુઆત કરવામાં આવે

છે. જોરાવરસિંહ જાદવે આ બન્ને પ્રકારનાં ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપેલ છે. ૨૫૦ જેટલી લેખિત કથાઓ દ્વારા તેમણે સાહિત્યની સેવા કરી છે. "મરદ કસુંબલ રંગ ચડે", "મરદાઈ માથા સાટે" દ્વારા તેમણે શૌર્ય કથાના માધ્યમથી સાહિત્ય જગતને અનોખી ભેટ આપી છે. "રાણી અનારદે", ""કનક ચાવડો , "ડોશીનો દીકરો બાયડી લાવ્યો", "ઢાંકી માલણ", "મોટુ કોણ?", "નવા નાકે દીવાળી", "સજે ધરતી શણગાર", "ટહુકે સાજણ સાંભરે", "લોકસાહિત્યની પ્રેમકથાઓ", "ભાલપ્રદેશની લોકકથાઓ" વગેરે દ્વારા તેમણે સાહિત્ય જગતને ઉત્તમ ભેટ આપી છે.

પાત્રનિરૂપણકલામાં જીવંતતા અને નિપુણતા મુકવામાં માહીર એવા જોરાવરસિંહનાં સાહિત્યનાં પાત્ર ટીકરના લઘુ મુખી(મરદ કસુંબલ રંગ ચડે), લખધીરજી(મરદાઈ માથા સાટે), જમનાશંકર જોષી(સાડા ત્રણ દિ'ની પનોતી), રૂપસિંહ(રાણી અનારદે), નવઘણ(ડોશીનો દીકરો બાયડી લાવ્યો), ઢોલો(ટહુકે સાજણ સાંભરે) ગુજરાતી સાહિત્યના અમરત્વ પામેલા પાત્રોમાનાં પાત્ર છે. પાત્રનિરૂપણની આગવી સૂઝ અને કલા દ્વારા તેમણે સાહિત્યનાં પાત્રોને જીવંત રૂપ આપેલ છે. સાહિત્યનું વાંચન કરનાર શ્રોતાની નજર સમક્ષ એ પાત્ર જીવંત રૂપે તરતું જણાય છે. પોતાની રસનિરૂપણકલા દ્વારા તેમણે પોતાના સાહિત્યને રસોની વૈવિધ્યતાથી સમૃદ્ધ બનાવ્યું છે. સાહિત્યમાં વિવિધ રસોના નિરૂપણની સાથે સાથે રસપરિવર્તન તેમની વિશેષ આવડત છે. કથાવસ્તુમાં ગતિશીલતાની સાથે સાથે તેમણે રસોનું પણ સુંદર નિરૂપણ કર્યું છે. પ્રાકૃતિક તત્ત્વોની સાથે સામાજિક બાબતોને જોડીને તેમણે ઉત્તમ સાહિત્યિક રચનાઓ રચી છે. પ્રકૃતિનાં તત્ત્વોને માનવજીવન સાથે જોડી માનવી અને પ્રકૃતિ વચ્ચેનો વિશેષ સંબંધ દર્શાવ્યો છે. માનવસ્વભાવનાં મૂળભૂત ગુણોને પણ તેમને આવરી લીધા છે. "વહુના વળામણા" વાર્તામાં નમ્રતાનાં ગુણનો પરિચય આપ્યો છે. કર્મ માનવજીવનને ગતિશીલ બનાવે છે. તેવા ન્યાયની વાત પણ પોતાના સાહિત્યમાં રજૂ કરેલ છે. પોતાના સાહિત્યમાં નીતિની રજુઆત દ્વારા તેમણે નૈતિક મૂલ્યોનું પણ સેવન કર્યું છે. હરણીનાં શિકારનાં પ્રસંગ દ્વારા ધર્મ અને કર્મને જોડીને તેમણે પ્રાચીન સમયની જીવનશૈલી અને અમાનવીય વ્યવહારોની રજુઆત કરેલ છે. કુમારીદેવીના પાત્ર દ્વારા તેમણે પ્રેમકથાને રસપ્રદ બનાવી છે.

લોકસાહિત્યના રચયિતા જન-જન સુધી પહોંચી શકે તેવી ભાષા દ્વારા સાહિત્યની રચના કરે ત્યારે જ ખરા અર્થમાં લોકસાહિત્યનો હેતુ સિદ્ધ થાય. જોરાવરસિંહનાં

સાહિત્યમાં આ બાબત ઉડીને આંખે વળગે એવી છે. સાહિત્યનાં રસિકોની સાથે સાથે સામાન્ય જન પણ સમજી શકે અને અનુભવી શકે તેવી સરળ ભાષાશૈલી દ્વારા તેમણે સાહિત્યનું સર્જન કર્યું છે. પોતાના સાહિત્યમાં વિદ્વતા દર્શાવવાને બદલે સાહિત્યનાં મર્મથી વાચક પરિચિત થાય તે બાબત પર વિશેષ ભાર મુક્યો છે.

આમ છતાં, સાહિત્યનાં રચનાનાં મૂળભૂત સિદ્ધાંતોના વાડામાં રહીને તેમણે સાહિત્ય સર્જન કર્યું છે. વાચક સાહિત્યનાં વાંચનને પોતાની નજર સમક્ષ રજુ થતાં નાટકની માફક અનુભવી શકે તેવી દ્રષ્ટાત્મક શૈલી દ્વારા તેમણે ગામઠી અને તળપદી ભાષામાં સાહિત્યિક નિરૂપણ કર્યું છે. રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવામાં આવતા અને જીવંત હોય તેવા શબ્દો દ્વારા તેમણે પોતાના કથાવસ્તુને આગળ ધપાવ્યું છે. આડંબર વગરની અને છતાં વિદ્વતાવાળી રજુઆત એ તેમનાં સાહિત્યની ભાષાશૈલીની આગવી વિશેષતા છે. પ્રાચીનતા અને આધુનિકતાના સમન્વય તેમજ કહેવતો અને રૂઢીપ્રયોગોના સમૃદ્ધ ઉપયોગ દ્વારા તેમણે સાહિત્યને ઉચ્ચ કોટીનાં સાહિત્ય તરીકે રજૂ કર્યું છે.

લોકસાહિત્યનું લોકવિદ્યાનાં માધ્યમ દ્વારા લોકમાનસ સુધી પહોંચાડવાનું કાર્ય તેમણે કર્યું છે. ખૂબ જ વ્યાપક એવા લોકવિદ્યાના ક્ષેત્રને કલાથી જુદુ પાડવામાં આવે છે. જીવનનિર્વાહની પ્રવૃતિ તરીકે પ્રચલિત લોકવિદ્યાને સમયાંતરે પરિવર્તિત થવું પડ્યું છે. કંઠસ્થ પરંપરાઓથી શરૂ થયેલી આ વિદ્યાએ શ્રાવ્ય અને દ્રશ્ય-શ્રાવ્યનાં યુગોના પ્રવાસ પછી આજે કંઠપરંપરાનું રૂપ ધારણ કર્યું છે.

વૈશ્વિક ફલક પર "FOLK - LORE" તરીકે પ્રચલિત લોકવિદ્યાનો પાયો ભારતીય સંસ્કૃતિમાં ખૂબ જ પ્રાચીન છે. ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં લોકવિદ્યા મુખપરંપરાઓ દ્વારા ચાલી આવે છે. જીવનનાં દરેક ક્ષેત્ર સાથે સંબંધિત લોકવિદ્યાનું કાર્યક્ષેત્ર ખૂબ પ્રાચીન છે. તત્ત્વજ્ઞાન, સમાજ, નૃવંશશાસ્ત્ર અને મનોજગત સાથે સંકળાયેલ આ વિદ્યા વિશાળ, વ્યાપક અને વૈવિધ્યસભર છે. મૌખિક, ભૌતિક, લૌકિક જેવા વિવિધ વિભાગોમાં વિભાજીત આ સાહિત્યે માનવ સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ બનાવ્યો છે. બાળપણથી જ માતા ગંગાબા દ્વારા લોકવિદ્યાનું રસપાન કરનાર જોરાવરસિંહના સાહિત્યમાં લોકવિદ્યાની લચક જોવા

મળે છે. બાળપણનાં અનુભવો, સ્મૃતિઓ અને વારસાએ તેમનાં સાહિત્યને વિશેષ સમૃદ્ધ બનાવ્યું છે. ભારતીય સંસ્કૃતિની ચૌદ વિદ્યાઓમાંની વિદ્યાઓની તેમણે પોતાનાં સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ કરી છે. ભીમબેટકા દ્વારા તેમણે આદિકાળનાં ગુફાચિત્રોની પોતાની કલમ દ્વારા અનુભૂતિ કરાવી છે. જળવિહાર અને જલક્રિડામાં તેમણે શ્રીકૃષ્ણનાં પાત્ર દ્વારા જળરમતોનો પરિચય આપ્યો છે. કેરળની આગવી વિશિષ્ટતા "ઓણમ" દ્વારા નૌકા હરિફાઈઓનો વાચકને કલમ દ્વારા આનંદ કરાવવાનું કાર્ય તેમણે કર્યું છે.

સાહિત્યમાં નામ તરીકે જ રહેલ "કઠપૂતળીની કલા" ને તેમણે પોતાની કલમનાં માધ્યમ દ્વારા વાચકના નયન સમક્ષ જીવંત ખેલરૂપે આસ્વાદ કરાવ્યો છે. મદારી તરીકે મનોરંજન કરીને જીવનનિર્વાહ કરનાર કાંગસિયાઓનાં જીવનને પણ તેમણે પોતાનાં સાહિત્યમાં વણી લીધું છે. સાહિત્યમાં જ ઉલ્લેખિત હોય અને આજના સમાજથી અપરિચિત એવા મલ્લયુદ્ધને વિવિધતાભર્યા લેખો દ્વારા તેમણે રજૂ કર્યા છે. પશુઓ અને પ્રાણીઓ સાથેની રમતો અને તેનો પરિચય તેમણે પોતાનાં સાહિત્ય દ્વારા રજૂ કર્યો છે. મરઘા અને તેતરોની લડાઈ તેમજ શસ્ત્રો અને અસ્ત્રોની સમજ દ્વારા તેમણે પ્રાચીન શસ્ત્રોની સમજ આપી છે. લોકકલાને લોકો સુધી પહોંચાડવાનું કાર્ય કરનાર વાદી, મદારી, નટ, ભવાયા અને ભાંડ જેવા કલાકારોનાં અસ્તિત્વનો ખ્યાલ તેમણે સમાજ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કર્યો છે. ચારણી સાહિત્યનાં કસુંબલ રસને તેમણે સામાન્ય જનનાં હોઠ સુધી પહોંચાડવાનું માધ્યમ બનીને લોકોને સાહિત્યનું રસપાન કરાવ્યું છે.

ગુજરાતી સાહિત્યનાં એવા સાહિત્યકારો કે જેમણે આ સાહિત્યને જીવંત રાખવા પોતાનાં જીવનનું બલિદાન આપ્યું છે એવા સાહિત્યકારોની સાહિત્યિક રચનાઓ અંગે તેમણે પરિચય આપ્યો છે. આ પરિચયની સાથે સાથે તેમની સાહિત્યિક રચનાઓને પણ લોકસમુદાય સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે.

વેદો અને ઉપનિષદોમાં સભ્યતાના સ્થાન તરીકે અમરત્ત્વ પામેલ લોકસંસ્કૃતિ માનવસમાજનું પાયાનું ઘટક ગણાય છે. લોકસંસ્કૃતિને લોકસમુદાય સુધી પહોંચાડવા માટે સાહિત્યકારોએ પોતાનાં સાહિત્યમાં સંસ્કૃતિના ઘટકોનું નિરૂપણ કરેલ છે. લોકસંસ્કૃતિ એ આધ્યાત્મિકતા અને ઋષિઓ સાથે સંકળાયેલી છે. પ્રારંભમાં પદ્ય સ્વરૂપે વિકસેલ આ સંસ્કૃતિ

આજે વિવિધ સ્વરૂપો દ્વારા સમાજમાં વહી રહી છે. નદીઓને કિનારે કૂબાઓથી શરૂ થયેલી અને આધુનિક સંસ્કૃતિમાં નગરો સુધી પહોંચેલી આ સંસ્કૃતિની વિકાસયાત્રા ખૂબ જ લાંબી અને વૈવિધ્યસભર છે. પરિવર્તન, હસ્તાંતરણ અને અન્ય સંસ્કૃતિઓ સાથેના સંક્રમણથી તેનો વિકાસ થયો છે. લોકકસંસ્કૃતિનાં ઘટક તરીકે પશુઓથી લઈને વૃક્ષો સુધી દરેકનું આગવું મહત્ત્વ છે. ભારતીય લોકજીવન અને સંસ્કૃતિમાં ગાયને પૂજનીય ગણવામાં આવી છે. લોકસાહિત્ય એ લોકસંસ્કૃતિનો એક ભાગ છે. જેમાં લોકપરંપરાઓને સાહિત્યનાં માધ્યમ દ્વારા રજૂ કરવામાં આવે છે. જોરાવરસિંહે પોતાનાં સાહિત્યમાં લોકજીવનને વર્ણ્યું છે. કથ્ય અને ગેય એમ બન્ને સ્વરૂપમાં તેમણે સાહિત્યિક રચનાઓ કરી છે. સમાજ, ધર્મ, ધર્મનાં પ્રતીકો, દેવો વગેરેને તેમણે પોતાના સાહિત્યમાં જોડ્યા છે. સાથે-સાથે ઐતિહાસિક વિરાસતો અને પાળીયાઓને પણ પોતાનાં સાહિત્યમાં સમાવેલ છે. સાહિત્યની અભિવ્યક્તિ કરતાં લોકમેળાઓ અને વ્રત દ્વારા તેમણે લોકસંસ્કૃતિને અભિવ્યક્ત કરી છે. સાહિત્યની સમજૂતિ એટલે ઉત્સવ અને આવા ઉત્સવોથી સંસ્કૃતિને વિવિધ રંગોમાં રંગવાનું કાર્ય તેઓએ કર્યું છે. ઉત્સવો દ્વારા લોકસંસ્કૃતિને આવનારી પેઢીઓ સુધી પહોંચાડવાનું કાર્ય તેમણે કર્યું છે.

લાગણીને અભિનય અને વાચા દ્વારા વ્યક્ત કરતા નૃત્યનાં માધ્યમ દ્વારા ભાવની અભિવ્યક્તિ કરતા સાહિત્યની રચના તેમણે કરી છે. ગરબા-ગરબી કે રાસ દ્વારા સાંસ્કૃતિક વિરાસતનું ગૂંથન કર્યું છે. ધર્મ અને કર્મનાં પાસાઓને એકબીજા સાથે જોડી તેમણે પોતાનાં સાહિત્યમાં વહાવ્યાં છે.

અભિનયની કલા દ્વારા કથાઓની અભિવ્યક્તિ કરવાનો માર્ગ અપનાવીને પ્રાચીન સંસ્કૃતિને અર્વાચીન સમાજ સમક્ષ રજૂ કરવાનું કાર્ય તેમણે કર્યું છે. ભવાઈ, રામલીલા કે પછી કૃષ્ણલીલાના માધ્યમથી સાંસ્કૃતિક વારસાને અમરત્વ આપ્યું છે. સંગીતની ગંગોત્રી સમાન સામવેદનાં સ્વરૂપને તેમણે લોકસંગીતનાં માધ્યમ દ્વારા શાબ્દિક સ્વરૂપે રજૂ કર્યાં છે. સંગીતનાં સાદને લોક સુધી પહોંચાડવા માટે માધ્યમરૂપી લોકવિદ્યાનો પરિચય તેમણે આપ્યો છે. સૂકાયેલા વાંસનો ટૂકડો પોતાનાં મધુર સ્વર દ્વારા જીવમાત્રને અવાચક કરી શકે એવી ક્ષમતાઓ ધરાવતા લોકવિદ્યાની સમજ તેમણે પોતાનાં સાહિત્યમાં આપી છે.

લોકમાનસમાં રહેલી કલ્પનાઓને મૂર્તરૂપ આપતી ચિત્રકલાની સંસ્કૃતિમય રજુઆત તેમણે પોતાનાં સાહિત્યમાં કરી છે. ભાષા વગર ભાવને અભિવ્યક્ત કરતી ચિત્રકલાનાં વિવિધ પાસાઓને પોતાના સાહિત્ય દ્વારા તેમણે લોકો સમક્ષ રજૂ કર્યાં છે. રંગ અને પીંછી દ્વારા માત્ર ચિત્રનું જ સર્જન થતું નથી, પરંતુ ચિત્રકારનાં મનમાં રહેલા ભાવોની પણ અભિવ્યક્તિ થાય છે. તેવી પ્રતિતિ તેમનાં સાહિત્યનાં વાંચન દ્વારા થાય છે.

ટાંકણું અને હથોડી દ્વારા શિલ્પકામ કરનાર શિલ્પીઓ દ્વારા તૈયાર થયેલ શિલ્પ અને સ્થાપત્ય સાંસ્કૃતિક વિરાસતની મૂર્ત પ્રતિમાઓ સ્વરૂપે માનવસમુદાય સમક્ષ હાજર છે. આવી પ્રતિમાઓની ઐતિહાસિકતા અને મહત્ત્વને સમજાવતી રજુઆત તેમનાં સાહિત્યમાં જોવા મળે છે. “ઝરુખા” ના ઉલ્લેખ દ્વારા તેમણે સાંસ્કૃતિક તત્ત્વોનું નિરૂપણ સાહિત્ય સાથે કર્યું છે. પાટણનાં પટોળાને સંસ્કૃતિ સાથે સાંકળીને તેમણે પોતાના સાહિત્ય દ્વારા લોકો સમક્ષ રજૂ કર્યું છે. ભરત-ગૂંથણ, આરી-ભરત, જડતરકામ કે મીનાકારીગરીનાં પ્રસંગોનાં વહન દ્વારા તેમણે સંસ્કૃતિ અને સાહિત્યનો સમન્વય કર્યો છે. માતા અને બાળકનાં વ્હાલને જોડતા હાલરડાં દ્વારા તેમણે સંબંધોને શાબ્દિકરૂપે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

સર્જક હયાત હોઈ આ સંશોધન નિમિત્તે અનેકવાર તેમને મળવાનું થતાં તેમના વ્યક્તિત્વ વિશે પણ ઘણું બધું જાણવા મળ્યું. તેમનો મિલનસાર સ્વભાવ, નાનામાં નાના માણસ સાથે પણ સૌમ્યતાપૂર્વકનો વ્યવહાર તથા તેના વ્યક્તિત્વનો સ્વિકાર, હરહંમેશ મદદરૂપ થવાની ભાવના વગેરે સદ્ગુણો તેમની પાસેથી શીખવા જેવા છે. પોતાના કૌટુંબિક જીવનમાં તમામ જવાબદારીઓ ખૂબ જ સાહજિક રીતે નિભાવતાની સાથે સાથે સમાજસેવા, ગુજરાતી લોકસાહિત્યની સેવા અને રાષ્ટ્રની સેવા પણ ઉત્તમ રીતે કરે છે તે ખરેખર પ્રશંસનીય છે.

જોરાવરસિંહે લોકસાહિત્ય, લોકવિદ્યા અને લોકસંસ્કૃતિ એમ ત્રણેય ક્ષેત્રમાં પોતાની કલમ ચલાવી છે. આ ઉપરાંત “ખોડીદાસ પરમાર : ચિત્રકાર”, “પ્રાણલાલ પટેલ : તસવીરકાર”, “શ્રી રતિકુમાર વ્યાસ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા”, “શ્રી માધવ ચૌધરી ષષ્ટિપૂર્તિ ગ્રંથ”, “કચ્છી કલાસંસ્કૃતિના વૈતાલિક : રામસિંહજી રાઠોડ”ના જીવનપરિચયો, “કવિ શ્રી દુલેરાય કારાણી અમૃત મહોત્સવ ગ્રંથ”, “રતિકુમાર વ્યાસ સન્માન સ્મરણિકા”, “નાગકથા વિશેષાંક :

અંજલિ માસિક ભા. ૧-૨", "પ્રદક્ષિણા", "શ્રી મનસુખ સ્વામી ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ" જેવા અભિનંદન ગ્રંથો તથા "દ. ગો. પટેલ સહકારી તાલીમકેન્દ્ર ઉદ્‌ઘાટન સ્મૃતિગ્રંથ", "ગુજરાતી સહકારી પ્રવૃત્તિના ૭૫ વર્ષ", "રૂપેણ : અનિયતકાલીન માસિક લોકસાહિત્ય શબ્દકોશ વિશેષાંક", "વર્ષા વિશેષાંક : અભિષેક માસિક", "પ્રણયકથા વિશેષાંક : સ્ત્રીજીવન માસિક" નું પણ સર્જન કર્યું છે.

અંતમાં જોરાવરસિંહ વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે કચ્છના ખરેલ ગઢ કે દરબારગઢોના પથ્થરોને પાળિયાને તેમણે વાચા આપી. મૂંગા થઈ ગયેલાં લોકવાદ્યોને ફૂંક મારીને બોલતાં કર્યાં. ભૂંગળ, નોબત કે ઢોલ વગાડનારને પડમાં પાછા બેઠાં કર્યાં. 'દુહો દસમો વેદ' બધા કહે પણ તેમની લેખનીએ એને વર્ગીકૃત કરીને આમ અને ખાસ માણસ સુધી પહોંચતો કર્યો. ગુજરાતના અહોભાગ્ય કે જોરાવરસિંહે મુઠ્ઠીમાંથી સરી જતા લોકવૈભવને, લોકવિદ્યાના વારસાને જતન કરીને જાળવ્યો અને જગતચોકમાં મૂકી આપ્યો.

# પરિશિષ્ટ – ૧ સંદર્ભગ્રંથો

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક / સંપાદક | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૧ | અવધિ કા લોકસાહિત્ય | શ્રી સરોજની રોહતગી | પ્ર. આ. |
| ૨ | આપણા કસબીઓ – ૨ | જોરાવરસિંહ જાદવ | ત્રી.આ. ૨૦૦૪ |
| ૩ | આપણા લોકકલાકારો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ |
| ૪ | કનક ચાવડો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૭ |
| ૫ | કસંબલ લોકકથામાળ - ૫ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૭ |
| ૬ | કારાણીકુંજ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૨ |
| ૭ | કૃષિસંસ્કાર અને સંસ્કૃતિ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૧ |
| ૮ | ગુજરાતના લોકઉત્સવો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૧૦ |
| ૯ | ગુજરાતના લોકગીતો | શ્રી ખોડીદાસ પરમાર | પ્ર. આ. ૧૯૮૧ |
| ૧૦ | ગુજરાતના લોકમેળા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ |
| ૧૧ | ગુજરાતના લોકવાદ્યો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૭ |
| ૧૨ | ગુજરાતની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૪ |
| ૧૩ | ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિ | જોરાવરસિંહ જાદવ | બી. આ. ૧૯૯૬ |
| ૧૪ | ગુજરાતની લોકસંસ્કૃતિ | ડૉ. હસુતાબેન સેદાણી | પ્ર. આ. ૨૦૦૧ |
| ૧૫ | ગુજરાતનો લોકકલા વૈભવ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૨ |
| ૧૬ | ગુજરાતી લોકકથા | શ્રી હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૧૯૯૭ |
| ૧૭ | ગુજરાતી વિશ્વકોશ ખંડ - ૧૯ | ડૉ. ધીરુભાઈ ઠાકર | પ્ર. આ. ૨૦૦૪ |
| ૧૮ | ગુજરાતી સાહિત્યકોશ – ૩ | શ્રી માધવ રામાનુજ | પ્ર. આ. ૧૯૯૬ |
| ૧૯ | ગુજરાતી સાહિત્યના સ્વરૂપો | શ્રી મંજુલાલ મજમુદાર | પ્ર. આ. ૧૯૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | ચંપાની કળીઓમાં કસ્તુરી | ડૉ. અમૃત પટેલ | પ્ર. આ. ૧૯૯૨ |
| ૨૧ | જીવનનું કાવ્ય | શ્રી ભોળાભાઈ પટેલ | ૧૯૮૨ |
| ૨૨ | ટહૂકે સાજણ સાંભરે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૨ |
| ૨૩ | દિવ્ય મંદિર મારા દેવના રે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૨ |
| ૨૪ | નવા નાકે દિવાળી | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૧ |
| ૨૫ | પ્રાચીન ભારતના શસ્ત્રાસ્ત્રો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૧ |
| ૨૬ | પ્રાચીન ભારતીય લોકરમતો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૩ |
| ૨૭ | પ્રાચીન ભારતીય વિદ્યા અને કલા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૬ |
| ૨૮ | બૃહદ્ ગુજરાતી કોશ ભાગ – ૨ | શ્રી કે. કા. શાસ્ત્રી | ૧૯૮૧ |
| ૨૯ | ભગવદ્ગોમંડલ ભાગ – ૭ | શ્રી ભગવતસિંહજી | ૧૯૪૮ |
| ૩૦ | ભારતીય લોકસાહિત્ય | ડૉ. શ્યામ પરમાર | પ્ર. આ. |
| ૩૧ | ભારતીય સંસ્કૃતિના સર્જકો | શ્રી દિનકર જોષી | પ્ર. આ. ૨૦૦૪ |
| ૩૨ | ભારતીય સંસ્કૃતિની ઝલક | શ્રી થોમસ પરમાર | ૧૯૮૨ |
| ૩૩ | ભાલપ્રદેશની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ |
| ૩૪ | ભાલપ્રદેશની લોકકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૯ |
| ૩૫ | મનોરંજન કરાવનારી લોકજાતિઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૧ |
| ૩૬ | મરદ કસુંબલ રંગ ચડે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૬૮ |
| ૩૭ | મરદાઈ માથા સાટે | જોરાવરસિંહ જાદવ | ત્રી. આ. ૧૯૯૧ |
| ૩૮ | માલવી લોકગીત એક વિવેચનાત્મક અધ્યયન | ડૉ. ચિંતામણી ઉપાધ્યાય | પ્ર. આ. |
| ૩૯ | રઢીયાળી રાત | શ્રી ઝવેરચંદ મેઘાણી | બૃહદ આ. ૧૯૯૭ |
| ૪૦ | રાજપૂત કથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ |
| ૪૧ | રાણી અનારદે | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૭ |

| | | | |
|---|---|---|---|
| ૪૨ | લગ્નમાંગલ્ય | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૩ |
| ૪૩ | લોકકથાના મૂળ અને કૂળ | શ્રી હરિવલ્લભ ભાયાણી | પ્ર. આ. ૧૯૯૦ |
| ૪૪ | લોકકલાના વૈતાલિકો | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૩ |
| ૪૫ | લોકગીત : તત્ત્વ અને તંત્ર | ડૉ. બળવંત જાની | પ્ર. આ. ૨૦૦૨ |
| ૪૬ | લોકગૂર્જરી અંક - ૧૪ | ડૉ. બળવંત જાની | પ્ર. આ. ૧૯૯૯ |
| ૪૭ | લોકગૂર્જરી અંક – ૧૫ | ડૉ. બળવંત જાની, રાજુલ દવે | પ્ર. આ. ૨૦૦૦ |
| ૪૮ | લોકગૂર્જરી અંક - ૧૭ | ડૉ. બળવંત જાની | માર્ચ ૨૦૦૪ |
| ૪૯ | લોકગૂર્જરી અંક - ૧૮ | ડૉ. બળવંત જાની | ૨૦૦૫ - ૦૬ |
| ૫૦ | લોકજીવન : કલા અને કસબ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૪ |
| ૫૧ | લોકજીવનનાં મોતી | જોરાવરસિંહ જાદવ | બી. આ. ૨૦૦૯ |
| ૫૨ | લોકવાડ્મય | શ્રી કનુભાઈ જાની | પ્ર. આ. ૧૯૯૨ |
| ૫૩ | લોકવાડ્મયઃ સ્વરૂપ સંદર્ભ | ડૉ. રાજેશ મકવાણા | પ્ર. આ. ૨૦૦૭ |
| ૫૪ | લોકવિદ્યા – પરિચય | શ્રી હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૫ |
| ૫૫ | લોકવિદ્યાવિજ્ઞાન | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૧ |
| ૫૬ | લોકસંસ્કૃતિમાં પશુઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૯ |
| ૫૭ | લોકસાહિત્ય | શ્રી રામચંદ્ર બોડા | પ્ર. આ. |
| ૫૮ | લોકસાહિત્ય | ડૉ. બળવંત જાની, ડૉ. અંબાદાન રોહડીયા, ડૉ. હિમાંશુ ભટ્ટ | પ્ર. આ. ૨૦૦૬ |
| ૫૯ | લોકસાહિત્ય અને સંસ્કૃતિ | શ્રી જયમલ્લ પરમાર | પ્ર. આ. ૧૯૭૭ |
| ૬૦ | લોકસાહિત્ય કી ભૂમિકા | ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય | પ્ર. આ. ૧૯૫૭ |
| ૬૧ | લોકસાહિત્યની અશ્વકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૪ |
| ૬૨ | લોકસાહિત્યની કહેવતકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૬ |
| ૬૩ | લોકસાહિત્યની ચતુરાઈકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૬ |

| | | | |
|---|---|---|---|
| ૬૪ | લોકસાહિત્યની નાગકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૩ |
| ૬૫ | લોકસાહિત્યની પ્રેમકથાઓ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૯૦ |
| ૬૬ | લોકસાહિત્યની વિરાસત | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૨૦૦૯ |
| ૬૭ | લોકસાહિત્યનું સમાલોચન | શ્રી ઝવેરચંદ મેઘાણી | બી.આ. ૧૯૬૮ |
| ૬૮ | લોકસાહિત્ય ઘરતીનું ઘાવણ ખંડ – ૧ | | પ્ર. આ. |
| ૬૯ | લોકસાહિત્ય માળામણકો – ૩ | | પ્ર. આ. |
| ૭૦ | લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૦૨ |
| ૭૧ | લોકસાહિત્ય વિમર્શ | શ્રી જયમલ્લ પરમાર | બી.આ. ૧૯૯૫ |
| ૭૨ | લોકસાહિત્ય વિજ્ઞાન | ડૉ. સત્યેન્દ્ર | બી. આ.૧૯૭૧ |
| ૭૩ | શૈલી અને સ્વરૂપ | શ્રી ઉમાશંકર જોષી | પ્ર. આ. ૧૯૭૨ |
| ૭૪ | શ્રી જોરાવરસિંહજી જાદવ અધ્યયનગ્રંથ | ડૉ. હસુ યાજ્ઞિક | પ્ર. આ. ૨૦૧૦ |
| ૭૫ | સમાજશાસ્ત્ર પાઠ્યપુસ્તક ઘોરણ – ૧૧ | ડૉ.ગૌરાંગ જાની, ડૉ. હેમિક્ષા રાવ, નયનાબહેન શાહ, ડૉ. સારિકા દવે | પ્ર. આ. ૨૦૦૪ |
| ૭૬ | સંતસુધા ભાગ ૧ | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૯ |
| ૭૭ | સાજણ આયા હે સખિ... | જોરાવરસિંહ જાદવ | બી. આ.૧૯૮૬ |
| ૭૮ | સાડા ત્રણ દિ'ની પનોતી | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૭૩ |
| ૭૯ | સાર્થ ગુજરાતી જોડણી કોશ | | ૧૯૪૯ |
| ૮૦ | સિંધુ રાગ સોહામણા | જોરાવરસિંહ જાદવ | પ્ર. આ. ૧૯૮૦ |
| ૮૧ | હરિરસ | શ્રી અચળદાન બોક્ષા | બી. આ. ૨૦૦૨ |

# પરિશિષ્ટ – ૨   મુલાકાત

| ક્રમ | નામ | તારીખ |
|---|---|---|
| ૧ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૪/૦૫/૨૦૧૦ |
| ૨ | નરેન્દ્રસિંહ જાદવ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૪/૦૫/૨૦૧૦ |
| ૩ | ડૉ. હસુ યાજ્ઞિક સાથે રૂબરૂ મુલાકાત | તા. ૨૬/૦૭/૨૦૧૦ |
| ૪ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૨૬/૦૭/૨૦૧૦ |
| ૫ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૪/૧૨/૨૦૧૦ |
| ૬ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૨/૨/૨૦૧૧ |
| ૭ | શંકરસિંહ વાઘેલા સાથે રૂબરૂ મુલાકાત | તા. ૧૨/૨/૨૦૧૧ |
| ૮ | જોરાવરસિંહ સાથે રૂબરૂ મુલાકાત | તા. ૨૮/૫/૨૦૧૧ |